વાચનાચાર્યશ્રી જિનમંડન ગણિવર વિરચિત

# શ્રી શ્રાદ્ધગુણવિવરણ

## (સટીક ભાવાનુવાદ)





: સંપાદક :
પૂ. મુનિશ્રી ધર્મતિલક વિજય મ.



: પ્રકાશક :
શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન - અમદાવાદ.

# શ્રી શ્રાદ્ધગુણવિવરણ

( સટીકભાવાનુવાદ )

• કર્તા •

વાચનાચાર્ય શ્રીજિનમંડનગણિવર

• અનુવાદ કર્તા •

પૂ. મુનિશ્રી ચતુરવિજયજી મ.સા.

• નિમિત્ત •

વાત્સલ્યવારિધિ વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવેશ
શ્રીમદ્‌વિજય નરચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના
૫૨ વર્ષીય નિર્મળ સંયમજીવનની અનુમોદના

• સંપાદક •

પૂ. મુનિ શ્રીધર્મતિલકવિજયજી મ.સા.

• પ્રકાશક •

શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન, અમદાવાદ

C/O. ૫૦૨, નાલંદા એન્ક્લેવ, સુદામા રીસોર્ટ સામે,
પ્રીતમનગરનો પહેલો ઢાળ, એલિસબ્રીજ, અમદાવાદ.

સૂરિમંત્ર પંચપ્રસ્થાન સમારાધક ગ્રંથશ્રેણિ ક્રમાંક નં. - ૧૩

| | | |
|---|---|---|
| પુસ્તક | : | શ્રી શ્રાદ્ધગુણવિવરણ, સટીકભાવાનુવાદ |
| નિમિત્ત | : | સૂરિરામચન્દ્રના સુવિનીતવિનેયરત્ન સચ્ચારિત્રપાત્ર વર્ધમાનતપોનિધિ સ્વ. પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી કાંતિવિજયજી ગણિવરના વિનેયરત્ન પટ્ટધરરત્ન વાત્સલ્યવારિધિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય નરચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના ૫૨ વર્ષીય નિર્મળ સંયમજીવનની અનુમોદના |
| આશિર્વાદ | : | સૂરિમંત્ર પંચપ્રસ્થાન સમારાધક પ્રસિદ્ધ પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્યદેવેશશ્રીમદ્ વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજા |
| પ્રથમાવૃત્તિ | : | અનુવાદકશ્રીના સંપાદન દ્વારા જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા વિ.સં. ૧૯૭૨માં અનુવાદ પ્રકાશિત થયેલ. |
| દ્વિતીયાવૃત્તિ | : | પૂજ્યઆચાર્યભગવંતશ્રી કલ્યાણસૂરીશ્વરજી મ.સા.ના સંયોજન દ્વારા આચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી જૈન લાયબ્રેરી-અમદાવાદ દ્વારા વિ.સં. ૨૦૦૭માં અનુવાદ પ્રકાશિત થયેલ. |
| તૃતીયાવૃત્તિ | : | પૂજ્યઆચાર્યભગવંતશ્રી કીર્તિચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના સંપાદન દ્વારા શ્રીલક્ષ્મણસૂરિસ્મૃતિ ગ્રંથમાળા નં.-૧૨ નામે શ્રીઆત્મકમલલબ્ધિસૂરિ-જ્ઞાનમંદિર દાદર મુંબઈ દ્વારા વિ.સં. ૨૦૩૬માં અનુવાદ બહાર પડેલ. |
| ચતુર્થાવૃત્તિ | : | પૂજ્યપાદ આચાર્ય નરચન્દ્રસૂરીશ્વરજી મ.સાહેબના ૫૨ વર્ષીય નિર્મળ સંયમજીવનની અનુમોદનાર્થે શ્રીસ્મૃતિમંદિર પ્રકાશન દ્વારા વિ.સં. ૨૦૬૫ સટીક સાનુવાદ પ્રથમવાર જ પ્રકાશિત થઈ રહેલ છે. |
| મૂલ્ય | : | રૂા.૧૦૦/-(આ પુસ્તક વેચાણ માટે નથી. જ્ઞાનખાતામાંથી પ્રકાશિત થયેલ હોવાથી પૂ. સાધુ / સાધ્વીજી મ.સા. તથા જ્ઞાનભંડારોને સાદર ભેટ. ગૃહસ્થોએ છાપેલી કિંમત જ્ઞાનખાતે જમા કરાવીને માલિકી કરવી ,વાંચન માટે યોગ્ય નકરો ભરવો.) |

• પ્રાપ્તિસ્થાન •

(૧) શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન અમદાવાદ
૫૦૨, નાલંદા એન્કલેવ, સુદામા રીસોર્ટ સામે,
પ્રીતમનગરનો પહેલો ઢાળ, એલિસબ્રીજ,
અમદાવાદ. ફોન - ૦૭૯-૨૬૫૮૧૫૨૧

(૨) અમૃતભાઈ કે. શેઠ
કડિયાવાસ, રાધનપુર - ૩૮૫૩૪૦
જી. પાટણ

(૩) દીપકભાઈ જી. દોશી
કાપડના વેપારી, દેપાળાવાડ સામે,
વઢવાણ શહેર-૩૬૩૦૩૦ (સૌરાષ્ટ્ર)
મો.૯૯૦૯૨૨૫૮૯૫

(૪) મયૂરભાઈ દવે
જૈન જ્ઞાન ભંડાર,મહારાષ્ટ્ર ભુવન,
પાલિતાણા-૩૬૪૨૭૦ (સૌરાષ્ટ્ર)

(૫) ભરતભાઈ જે. વોરા ભાભરવાળા,
વિજયરામચન્દ્રસૂરિ જૈન આરાધનાભવન, સુભાષ ચોક, ગોપીપુરા - સુરત

પોસ્ટથી મંગાવનારે અમદાવાદ-વઢવાણથી મંગાવવું

મુદ્રક : વર્ધમાન પુસ્તક પ્રકાશન, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪ મો. ૯૨૨૭૫૨૭૨૪૪

# સુકૃતના સહભાગી

પરમારાધ્યપાદ પરમગુરુદેવ - પરમોપાસ્ય
શ્રી આત્મ-કમલ-વીર -દાન-પ્રેમસૂરીશ્વર-
પટ્ટધરરત્ન, ગુણરત્નરત્નાકર, જૈનશાસના જ્યોતિર્ધર
તપાગચ્છાધિપતિ પરમગુરુદેવ
આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટપ્રદ્યોતક સિંહગર્જનાનાસ્વામી
આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટવિભૂષક પ્રશમરસપયોનિધિ,
આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટાલંકાર, પ્રભાવક પ્રવચનકાર
આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટધરરત્ન, સૂરિમંત્ર પંચપ્રસ્થાન સમારાધક, પ્રસિદ્ધ પ્રવચનકાર
આચાર્યદેવ શ્રીમદ્ વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજાના
સદુપદેશ શ્રીઆદીશ્વરભગવાન જૈન દેરાસર પેઢી - દમણ જૈન
સંઘના જ્ઞાનખાતામાંથી આ ગ્રંથપ્રકાશનનો લાભ
લેવામાં આવ્યો છે.
જેની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

લિ.
શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન
અમદાવાદ.

# અરે ! આત્માને માટે ધર્મ કરો

રે જીવ ! તું સંસારમાં ઘણું રઝળ્યો, બહુ હેરાન થયો કારણ કે પોતાને ભૂલીને પારકી વસ્તુ માટે મહેનત કરી. હું આત્મા છું એ વાત તારા લક્ષમાં ન આવી.

ભવે ભવે તેં અવળી મહેનત કરી, તેથી સંસારમાં દુઃખી જ થતો આવ્યો છે. હવે આ ભવમાં તું આર્ય મનુષ્ય થયો છે, જૈન ઘરમાં આવ્યો છે, દેવગુરુનો આશરો મળ્યો છે. ધર્મ કાંઈક ગમ્યો છે પણ ખરો. આટલે આવ્યા પછી પણ,પૈસા અને મોજ વિલાસની ઈચ્છા જોરદાર રહેશે તો, ધર્મ કરવા નહિ દે.

સંસારના બધાં કામો જેવા વહાલા લાગે છે તેના કરતાં ધર્મ વિશેષ વહાલો લાગવો જોઇએ.

શ્રી જિનધર્મ જ હિતકારી છે. ચારગતિમાં અનંત કાળથી ભમતા જીવને ભવો ભવ હજારો ચીજો મળી છે, પણ ધર્મ મળ્યો નથી ... અને ...મળ્યો હોયતો બરાબર સાચવ્યો નથી, એથીજ ભવમાં ભટકવું પડે છે. સુખ દુઃખની વિટંબણા અનુભવવી પડે છે.

જે ભોગનું સુખ તને બહુ ગમે છે એને માટે તું પાપ કર્યા કરે છે. પાપ કરીને હરખાય છે તે સંસારનાં સુખનાં સાધનો તારાં નથી, એના ઉપરનો મોહ છોડ અથવા ઓછો કર, તેમાં તારું હિત છે.

સંસારના સુખમાં કંઇ જ સાર નથી, માટે શ્રી જૈન ધર્મનો આધાર બરાબર લઇને આત્માના કલ્યાણ માટે જિનપૂજા, ગુરુભક્તિ, ધર્મશ્રવણ, વ્રતનિયમ, સામાયિક, પૌષધ આદિ કરો. જેથી પરંપરાએ સુખી થવાય.

આ. વિ. માનતુંગસૂરિ. મ. સા.

# પ્રસ્તાવના

પ્રત્યેક મનુષ્યે પોતાના જીવનનો ઉદ્દેશ સમજી ઉત્તમઅધિકારી થવું જોઈએ. તેવો અધિકાર પ્રાપ્ત કર્યા સિવાય આ વિશાળ સંસારસાગરમાં પોતપોતાની શક્તિ–અનુસાર પ્રયત્ન કરીને પ્રત્યેકને જીવનનૌકા માટે જે માર્ગ કાઢવો પડે છે, તે કાઢી શકાતો નથી. આપણી પાછળ અનંતકાળ વીતેલો હોય છે અને આપણે જીવનદશામાં જેમજેમ આગળ વધતા જઈએ છીએ, તેમતેમ આપણી સમક્ષ વિશાળ અને અભેદ્ય ભવિષ્યકાળ પણ આગળ વધતો જ હોય છે, એવી રીતે આપણી કર્મોએ નીમેલી મર્યાદા હોય, ત્યાંસુધી એ જીવનયાત્રા ચાલતી રહે છે, અને અંતે કાળ આપણને આ સંસારના મહાન્ રણાંગણમાંથી ઉપાડી જાય છે, પણ તે સમયે આપણે મહાન્ સમરાંગણમાં કેટલા વિજયી થયા છીએ કે પરાજિત થયા છીએ, એ વાતનો નિર્ણય આપણને અધિકાર જ કરાવે છે.

એ ઉત્તમઅધિકાર સંપાદન કરવાનું સાધન ગુણો છે. પ્રત્યેક મનુષ્યમાં કર્માનુસાર બીજરૂપે કિંવા વિશેષ સ્પષ્ટપણે એ ગુણોની પ્રેરણા રહેલી હોય છે. તે ગુણોનો જ્યારે વિકાસ થાય છે, ત્યારે મનુષ્યજીવનની ભવ્યતા પ્રકાશી નીકળે છે. કર્મપુદ્ગલના અનાદિસંબંધથી વિચિત્ર- વેશોને ધારણ કરી આત્મા આ સંસારની ચતુર્વિધગતિમાં ભ્રમણ કર્યા કરે છે, તેમાં જ્યારે સુકર્મયોગે તેને મનુષ્યગતિ પ્રાપ્ત થાય છે, ત્યારે તે ગુણો મેળવવાનો પૂર્ણ અધિકારી થઈ શકે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રમય આત્માનું વાસ્તવિક સ્વરૂપ જોવાને અને જાણવાને માટે જે ગુણોની આવશ્યકતા છે, તે ગુણો મનુષ્યગતિમાં સારી રીતે મેળવી શકાય છે. ભગવાન્ શ્રીતીર્થંકરોએ પણ સૂત્રવાણીમાં એ જ પ્રરૂપણા કરેલી છે. તેઓ ઉપદેશે છે કે, "આ જીવ વસ્તુસ્વરૂપે શુદ્ધ છે પણ તેની શુદ્ધદશા કર્મને લીધે દબાઈ જાય છે–આચ્છાદન પામી જાય છે, તેથી તે સ્વભાવદશા ભૂલી જઈને વિભાવદશામાં આવી પડે છે, તેથી તેણે પોતાની પરમવીર્યસ્ફુરણા કરી પોતાનો શુદ્ધ સ્વભાવ પ્રગટ કરવો જોઈએ." ભગવાન્ શ્રીદેવાધિદેવના આ ઉપદેશ ઉપરથી સિદ્ધ થાય છે કે, પ્રત્યેક મનુષ્ય આત્માએ વીર્યસ્ફુરણા કરવી જોઈએ, એ વીર્યસ્ફુરણા આત્મીય ગુણોને લઈને જ પ્રગટી કરી શકાય છે અને તેથી ખરેખરી માનસિક ઉન્નતિ મેળવી શકાય છે.

આ સંસારના નિત્ય વ્યવહારમાં રહીને ધર્મનો અધિકાર અથવા ધર્મની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે તેવા ઉચ્ચ ગુણોની પૂર્ણ આવશ્યકતા છે. મનુષ્યને આ સંસારમાં અનેક પ્રકારની પ્રકૃતિઓના સંસર્ગમાં આવવું પડે છે તેથી પોતાને અવશ્ય કર્તવ્ય જે જે વ્યવહાર હોય પ્રકૃતિનો તેમાં જે જે યોગ થાય તેનો પોતાના વ્યવહારિક કાર્ય જેટલો જ સંબંધ રાખી પોતાના મુખ્ય

નિશ્ચયમાં વિક્ષેપ થવા દેવો નહિ. આપણા શુભ નિશ્ચયને વિરોધી એવા વિચારથી તણાઈ જવા કરતાં, આપણાં શુભ વિચારમાં અન્ય જનો દોરાય તેમ કરવાનો યત્ન રાખવો, મૈત્રી આદિ ઉત્તમભાવનાઓથી દોરાઈ સર્વ પ્રાણીમાત્ર તરફ વાત્સલ્ય પ્રેમ પ્રસારવો અને સર્વોપયોગી ગૃહવાસમાં રહીને પણ અનાસક્તિ રાખી, સમભાવે વર્ત્તી મનુષ્યજીવનને ઉન્નત કરતાં જવું, એ ઉત્તમશિક્ષણોના પાઠ ગુણ મેળવવાથી જ પ્રાપ્ત કરી શકાય છે. આહાર, વિહાર, વિચાર, વાંચન, સંગત, વ્યવહાર આદિ સર્વ પ્રવૃત્તિમાં જો ઉત્તમગુણોનો પ્રકાશ પાડવામાં આવશે, તો પછી તમોને આ વિષમય સંસાર પણ અમૃતમય લાગશે, કોઈ સ્થાને દુરાગ્રહ કે અનાદરની બુદ્ધિ ઉત્પન્ન થશે નહીં, કોઈ પ્રિય પદાર્થને અભાવે કલેશ થશે નહીં, પરજીવનમાં પણ સ્વજીવન એટલે સુધી ભળી ગયેલું લાગશે કે અન્યના હર્ષશોકથી તમને હર્ષશોક થયા વિના રહેશે નહીં અને શક્તિ–અનુસાર સર્વને સહાય કરવાની પણ ઇચ્છા થશે. ઉન્નત વિચારો અને ભવ્ય ભાવનાઓ શુદ્ધ થયેલા તમારા અંત:કરણરૂપી દર્પણમાં વધારે સ્પષ્ટ રીતે પ્રતિબિંબ પામશે. અકસ્માત્ તમને તમારી ઉમદા આશાઓ અને ઇચ્છાઓ પૂર્ણ થતી જણાશે, જૈન-આગમના તત્ત્વોનું જ્ઞાન અને તેના ખુલાસા સ્વત: પ્રાપ્ત થઈ આવશે, તમારી દૃષ્ટિ જ કોઈ દિવ્ય પ્રકારે ખુલી જશે, શંકા, આકાંક્ષા, જડતા, પ્રમાદ, આલસ્ય, વિષયભોગેચ્છા, મિથ્યાત્વ, અસ્થિરતા, તથા ચંચળતા વગેરે દોષો તમારાથી દૂર રહેશે, અને ભવ્ય જીવનનું સ્વરૂપ પ્રાપ્ત કરી તમે ધર્મના પૂર્ણ અધિકારી થઈ શકશો.

આવી રીતે ધર્મની સંપૂર્ણ યોગ્યતા ગુણોથી જ મેળવી શકાય છે, એ વાત સર્વ પ્રકારે સિદ્ધ થાય છે. હવે તે ગુણોનું સ્વરૂપ કેવું છે ? અને તે ગુણો મનુષ્યને તેના જીવનમાં કેટલા લાભકર્તા છે ? તે વિષેનું સવિસ્તર અને દૃષ્ટાંત સહિત વિવેચનનું જ્ઞાન પ્રત્યેક શ્રાવકે સંપાદન કરવું જોઈએ. અને તે જ્ઞાનને પોતાના નિર્મળ ચારિત્રમાં ઉતારવું જોઈએ. તેમ કરવાથી ગૃહસ્થાવાસમાં રહેલા ધર્માધિકારી શ્રાવકમાં સાંસારિક ઉન્નતિની, અનુભવસિદ્ધ ધર્મકાર્યની, નીતિના નિર્મલ બોધની અને છેવટે આત્મજ્ઞાનની ભાવનાઓ સ્ફુરિત થાય છે, તેમજ પોતાના ઉચ્ચ આશયોનું અને મહાપ્રભાવિક સમકિતનું મહાબળ પણ પ્રગટ થાય છે.

આ શ્રાદ્ધગુણવિવરણ ગ્રંથ ઉપર્યુક્ત સર્વ માહાત્મ્યથી ભરપૂર છે અને ગૃહસ્થ-શ્રાવકને ધર્મનો અધિકાર પ્રાપ્ત કરવામાં જે ગુણોની આવશ્યક્તા છે, તેને યથાર્થ રીતે બતાવનારો છે અને ધર્મના અધિકારી કોણ ? એ પ્રશ્નનો યથાર્થ નિર્ણય કરાવનારો છે. જેઓએ શ્રાવકપણાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા નિશ્ચય કર્યો હોય, એટલે કે જેને આપણે શુદ્ધ શ્રાવક કહીએ છીએ, તેઓ આવા ગ્રંથના પ્રથમપદે અધિકારી છે અને ખાસ કરીને તેવાઓને જ ઉદ્દેશીને આપણાં મહોપકારી મહાત્માઓએ આવા ગ્રંથો લખેલા છે એટલું જ સર્વમાન્ય નહિ પણ સર્વોપયોગી થઈ શકે તેમ પણ છે. આવા ગ્રંથો વાંચી, વિચારી ગૃહસ્થાવાસીઓ

પોતાના યથાર્થ સ્વરૂપને સમજી શકે છે અને પરિણામે ધર્મના પૂર્ણ અધિકારી વર્ગમાં દાખલ થઈ શકે છે.

ગૃહસ્થવર્ગના ઉભય લોકના શ્રેયને સાધનારા આ ગ્રંથની અંદર તેના કર્તા પરમર્ષિ શ્રી જિનમંડનગણિએ ગૃહસ્થધર્મનું પ્રતિપાદન કરવા માટે શ્રાવકના પાંત્રીશ ગુણોનું યથાર્થ વર્ણન કરી બતાવ્યું છે અને પ્રસંગોપાત મનન કરવા યોગ્ય દૃષ્ટાંતો આપી ગૃહસ્થ જીવનનું પરમસાધ્ય જે ગુણો છે, તેનું છટાદાર બ્યાન આપેલું છે. ગૃહસ્થધર્મ મુનિધર્મથી સરળ અને સુસાધ્ય છે, તેથી તેની આદ્ય ઉપયોગિતા સિદ્ધ કરવા માટે ગ્રંથકારે તે ઉપર અનેક પ્રકારે ઉલ્લેખ કરેલો છે.

ગ્રંથના આરંભમાં શ્રાવકશબ્દના અર્થનું ગૌરવ ભરેલું પ્રતિપાદન કરવામાં કર્તાએ પોતાના પાંડિત્યનો પ્રભાવ સારી રીતે બતાવી આપ્યો છે અને શ્રાવકના સત્ય લક્ષણો શાસ્ત્રીય પ્રમાણોથી ઉત્તમપ્રકારે સિદ્ધ કરી બતાવ્યા છે. તે પ્રસંગે શ્રાવકધર્મનું સ્વરૂપ, ધર્મોપદેશ આપવાની યોગ્યતા અને તેના પ્રકારો હૃદયગ્રાહી દૃષ્ટાંતોથી એવા ઉત્તમપ્રકારે દર્શાવ્યા છે કે, જે વાંચવાથી સામાન્ય વાચકોને પણ તે સરળતાથી ગ્રાહ્ય થઈ તેમ છે.

ધર્મના સામાન્ય અને વિશેષ—એવા બે પ્રકાર છે. સમ્યક્ વર્તન એ સામાન્ય ધર્મ અને બારવ્રતાદિરૂપ—એ વિશેષ ધર્મ ગણાય છે. તેમાં સામાન્ય ધર્મ હોય તો જ વિશેષ ધર્મ સુશોભિત થાય છે. આ લેખમાં કર્તાએ સામાન્ય ધર્મનું સ્વરૂપ દર્શાવ્યું છે. અને તેની અંદર ગૃહસ્થ શ્રાવકના ગુણોનું પ્રતિપાદન કરેલું છે. પ્રથમગૃહસ્થ શબ્દનો અર્થ 'गृहैर्दारैः सह तिष्ठति इति गृहस्थः' એટલે સ્ત્રી સાથે ઘર માંડીને રહે ગૃહસ્થ કહેવાય છે. તે ગૃહવ્યવહારની સ્થાપના વૈભવને લઈને બને છે અને તે વૈભવ ન્યાયથી મેળવવો જોઈએ માટે ગૃહસ્થનું પ્રથમલક્ષણ 'न्यायसंपन्नविभवः' એમ બતાવવામાં આવ્યું છે. શુદ્ધ વ્યવહારથી (ન્યાય-પ્રમાણિકપણાથી) ઉપાર્જન કરેલી સંપત્તિ ગૃહસ્થ અને તેના પરિવારને સુખકારી થાય છે અને તેથી ગૃહવાસના સુખો નિ:શંકપણે ભોગવાય છે. અન્યાયોપાર્જિત સંપત્તિ શંકા અને ભયનું સ્થાનરૂપ બની આ લોક તથા પરલોકમાં અનર્થનું કારણ થઈ પડે છે. આ વિષે ગ્રંથકર્તાએ સ્પષ્ટ વિવેચન કરી અને ચરિતાનુયોગના પ્રાચીન દૃષ્ટાંતરૂપ કથાનકો આપી એ આદ્ય ગુણનો દિવ્ય પ્રભાવ સારી રીતે દર્શાવ્યો છે. જેની અંદર ગૃહસ્થના જીવનને ઉજ્જ્વળ અને યશસ્વી બનાવનારા દાનધર્મ વિષે પણ સારો ઇશારો કરવામાં આવ્યો છે. આ પ્રસંગે અન્યાયોપાર્જિત દ્રવ્યના પરિણામને દર્શાવનારું રંકશ્રેષ્ઠીનું દૃષ્ટાંત ઘણું સુબોધક આપવામાં આવ્યું છે અને તેને અંગે વ્યવહારશુદ્ધિનું સ્વરૂપ, ન્યાયનિષ્ઠવૃત્તિનું માહાત્મ્ય, દેવદ્રવ્યાદિકના ભક્ષણથી થતી હાનિ, શુદ્ધ ઋજુવ્યવહારના પ્રકાર, લક્ષ્મીના યોગથી બુદ્ધિની વિચિત્રતા, તે સંબંધે ધનશ્રેષ્ઠીનું દૃષ્ટાંત આપી ગ્રંથકારે પ્રથમગુણ વિષે ઘણું રસિક વિવેચન કરેલું છે.

ગૃહસ્થ ન્યાયોપાર્જિત વૈભવવાળો હોય, પરંતુ જો તેનામાં શિષ્ટાચારનો ગુણ ન હોય તો તે યોગ્ય કહેવાય નહિ. તેથી તે પછી "શિષ્ટાચારની પ્રશંસા કરવા રૂપ" બીજા ગુણનું વર્ણન આપવામાં આવ્યું છે. આ ઉપયોગી ગુણના વર્ણનમાં સદાચારના લક્ષણો આપવામાં આવ્યા છે કે, જેની અંદર શ્રાવક ગૃહસ્થે લોકાપવાદનો ભય રાખવો, ગરીબ–નિરાશ્રિત લોકોનો (અનુકંપાસ્વરૂપે) ન્યાત, જાત કે ધર્મનો ભેદ રાખ્યા વિના ઉદ્ધાર કરવો, બીજાએ કરેલા ઉપકારની કદર કરવી, દાક્ષિણ્યતા રાખવી, કોઈની નિંદા કરવી નહિ, સત્પુરુષોની પ્રશંસા કરવી, વિપત્તિમાં ધૈર્ય રાખવું, સંપત્તિમાં નમ્ર થવું, પ્રસંગે થોડું બોલવું, કોઈ સાથે વિરોધ કરવો નહિં, અંગીકાર કરેલું કાર્ય પૂરું કરવું, નકામો ખર્ચ કરવો નહિં, હંમેશા યોગ્ય સ્થાને ક્રિયા કરવી, સારા કામ કરવાનો આગ્રહ રાખવો, પ્રમાદ છોડી દેવો, લોકાચારને અનુસરવું, અને જમાના પ્રમાણે ચાલવું, આ પ્રમાણે શિષ્ટાચારના લક્ષણો બતાવી તે ઉપર કૌશાંબી નગરીના ધર્મપાળ અને વસુપાળ શ્રેષ્ઠીનું અસરકારક દૃષ્ટાંત આપી એ બીજા ગુણના વર્ણનની સમાપ્તિ કરવામાં આવી છે.

ગૃહસ્થ શિષ્ટાચાર પાળનારો હોય પણ જો તે વિવાહસંબંધમાં અવિચારી બની જાય તો તેની કુલ વ્યવસ્થાનો ભંગ થઈ જાય, તેથી તે પછી "સમાન કુલ તથા શીલવાળા અન્ય ગોત્રીય સાથે વિવાહ સંબંધ જોડવાનો" ત્રીજો ગુણ આપવામાં આવ્યો છે. આ ગુણના વિવેચનમાં ધર્મ્ય અને અધર્મ્ય મળી આઠ પ્રકારના વિવાહનું વર્ણન આપી તે પ્રસંગે કુલીન કન્યાના લક્ષણો તથા વિવાહને યોગ્ય વયનું સ્વરૂપ પ્રતિપાદન કરી શ્રાવક ગૃહસ્થાવાસના ઉચ્ચ બંધારણ સંબંધે સારો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સ્ત્રી અને પુરુષની સમાનતાને લઈને ધર્મ, શોભા, કીર્તિ અને આ લોકના સર્વ સુખો પ્રાપ્ત થાય છે અને વિષમતાને લઈને કલહ કલેશ પ્રમુખ દોષો ઉત્પન્ન થાય છે. આ વિષે ગ્રંથકારે સુભદ્રાનું દૃષ્ટાંત આપી તે દોષનો આછો ચિતાર આપેલો છે. આ પ્રસંગે શ્રાવક કુલની ઉત્તમસ્થિતિ કેવા પુત્રોથી રહે છે, તે વાત દર્શાવવા માટે સુજાત, અતિજાત, કુજાત અને કુલાંગાર એ ચાર પ્રકારના પુત્રોના લક્ષણો આપ્યા છે. જે ઉપરથી શ્રાવક સંસારમાં સ્ત્રીપુત્રાદિક પરિવારની વ્યવસ્થા કેવી રાખવી જોઈએ, એ વાત સૂચવી તે સાથે યથાર્થ ગૃહિણી શ્રાવિકાનું સ્વરૂપ પણ કહી બતાવ્યું છે. ઉત્તમગૃહિણી સંસારને શોભાવે છે અને અધમ અંગના ગૃહરાજ્યને છિન્ન ભિન્ન કરી નાંખે છે. તે વિષય ચર્ચી સાવિત્રી નામની એક હલકી સ્ત્રીનું સુબોધક દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. આ પ્રમાણે શ્રાવક સંસારના શિક્ષણરૂપે આ ત્રીજો ગુણ વર્ણવી એ વિષયને સમાપ્ત કરવામાં આવ્યો છે.

કદી શ્રાવક ગૃહસ્થ સુજ્ઞ સ્ત્રીના યોગથી યુક્ત થયો હોય, પરંતુ જો તે પાપથી ડરતો ન હોય તો તે યોગ્ય ગણાતો નથી, તેથી તે પછી "પાપભીરુ" નામના ચોથા ગુણનું વિવેચન કરવામાં આવ્યું છે. આ ગુણના વિવેચનમાં જો પુરુષ પાપભીરુ ન હોય તો તેને અનર્થના

કારણ રૂપ અનેક દુર્વ્યસનો લાગુ પડે છે. એ વાત ગ્રંથકારે આ ગુણને અંગે દર્શાવી છે. તે પછી પાપભીરુ ગૃહસ્થને કેવા લાભો થાય છે, તે વિષે કુશસ્થળ નગરના વિમળ તથા સહદેવ નામના બે શ્રેષ્ઠિકુમારોનું દૃષ્ટાંત આપી એ ચોથા ગુણને સમાપ્ત કરવામાં આવ્યો છે.

કદી ગૃહસ્થ પાપભીરુ હોય પણ જો પ્રસિદ્ધ દેશાચારથી ઊલટી રીતે વર્તતો હોય તો તે ગૃહસ્થ ધર્મને યોગ્ય ગણાતો નથી, તેથી "પ્રસિદ્ધ દેશાચાર" નામના પાંચમા ગુણનું વર્ણન કરવામાં આવ્યું છે. જૈન ગૃહસ્થે લોકવિરુદ્ધ કે ધર્મવિરુદ્ધ આચારનો ત્યાગ કરવો જોઈએ. અન્યથા તે પુરુષ લોકમાન્ય, યશસ્વી અને સિદ્ધકાર્ય થઈ શકતો નથી. આ પ્રસંગે ગ્રંથકારે ગૃહસ્થને શિક્ષણ લેવા યોગ્ય કેટલાક લોક વિરુદ્ધ કાર્યો ગણાવી તેમાંથી દૂર રહેવા સારો ઉપદેશ આપેલો છે.

કદિ પ્રસિદ્ધ લોકાચાર પ્રમાણે વર્તતો હોય પણ જો તે ગૃહસ્થને પરનિંદા કરવાની કુટેવ હોય તો તે ઉપર કહેલો ગુણ નિષ્ફળ થઈ જાય છે, તેથી તે પછી "કોઈનો અવર્ણવાદ ન બોલવા રૂપ" છઠ્ઠા ગુણનો પ્રસંગ સંક્ષેપમાં વર્ણવી બતાવ્યો છે. નીચગોત્રકર્મ બાંધનારા એવાને આ ગુણનો વિશેષ બોધ થવા માટે ગ્રંથકારે એક વૃદ્ધ બ્રાહ્મણીનું અસરકારક દૃષ્ટાંત આપેલું છે.

પ્રસિદ્ધ લોકાચાર પ્રમાણે વર્તે અને પરનિંદા પરિહરે, છતાં પણ જો નઠારા ઘરમાં અને નઠારા પડોશમાં રહેનાર ગૃહસ્થ હોય તો તેને અનેક પ્રકારની હાનિ થાય છે, તે બતાવાને "ગૃહસ્થે કેવા ઘરમાં અને કેવા પડોશમાં રહેવું જોઈએ" તે વિષે સાતમા ગુણનું વિવેચન કરવામાં આવ્યું છે. અને તે વિષે ગિરનાર પર્વત પાસે આવેલા કુબેરપુરની અંબિકા નામની વિપ્રપત્નીનો દાખલો આપી નઠારા પડોશથી કેવી હાનિ થાય છે, એ સિદ્ધ કરી બતાવ્યું છે. આ જ પ્રસંગને પુષ્ટ કરવા માટે તે પછી આઠમા ગુણ તરીકે "સત્સંગ રાખવાનો" ઉપદેશ આપેલો છે અને તેને માટે વીરપુર નગરના પ્રભાકર નામના એક વિપ્રકુમારનું હૃદયગ્રાહી દૃષ્ટાંત આપી ગ્રંથકર્ત્તાએ સદુપદેશનો ઘણો મધુર સ્વાદ ચખાડ્યો છે.

ઉપર કહેલા બધા ગુણો પ્રાપ્ત થયાં હોય છતાં પણ જો ગૃહસ્થ માતાપિતાનો પરમભક્ત ન હોય તો તે ધર્મનો અધિકારી બનતો નથી, તેથી "માતા પિતાની ભક્તિ-સેવા કરવારૂપ" નવમો ગુણ વર્ણવી બતાવ્યો છે. આ પ્રસંગ ગ્રંથકારે સત્પુત્રના લક્ષણોનું સારું વિવેચન કરી બતાવ્યું છે અને તે ઉપર કેટલાક મનોરંજક દાખલાઓ આપી એ ગુણની ઉપયોગિતા સિદ્ધ કરી બતાવી છે. ઉપર્યુક્ત સર્વ ગુણો પ્રાપ્ત થયા છતાં પણ ગૃહસ્થે પોતાના જીવનમાં સાવચેત રહેવાનું છે. કોઈ પણ સ્થળ ઉપદ્રવવાળું જોવામાં આવે તો તત્કાળ તેનો ત્યાગ કરવો જોઈએ. તે ત્યાગને જ દશમા ગુણ તરીકે ગણી ગ્રંથકારે "ગૃહસ્થે કેવા દેશમાં અને કેવા સ્થળમાં રહેવું જોઈએ." એ વિષે સારું વિવેચન કરેલું છે. નઠારા સ્થળમાં વાસ કરવાથી કેવી હાનિ થાય છે, તે વિષે પદ્મપુર નગરના નિર્વિચાર રાજાનું અસરકારક દૃષ્ટાંત આપી આ ગુણની ખરી ઉપયોગિતા સિદ્ધ કરી બતાવી છે.

સારા યોગ્ય સ્થળમાં વાસ કરનાર ગૃહસ્થ પણ કોઈવાર નિંદિત કાર્યમાં પ્રવૃત્ત થઈ જાય છે, તેથી તે પછી "નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ ન કરવારૂપ" અગિયારમાં ગુણનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે અયોગ્ય કાર્યનો આરંભ, પ્રજા વર્ગ સાથે વિરોધ, બલવાનની સાથે સ્પર્ધા અને સ્ત્રી જાતિનો વિશ્વાસ—એ ચારજે મૃત્યુના દ્વાર કહેવાય છે, તે વિષે વિવેચન કરી અને ઉજ્જયિણી નગરીના રોગ નામના બ્રાહ્મણનું દૃષ્ટાંત—કથા આપી ગ્રંથકારે આ સર્વોપયોગી મહાન્ ગુણનો ઉત્તમમહિમા વર્ણવી બતાવ્યો છે. તે પછી સ્વજન, સ્વદેશ, સ્વજાતિ અને રાજ્યને અહિતકારી કર્તવ્યને અંગીકાર ન કરવાનો બોધ આપ્યો છે અને તેથી કેવી હાનિ થાય છે, તે વિષે અનેક પ્રમાણો આપી સારી રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

ઉપર કહેલા બધા ગુણો પ્રાપ્ત કર્યા હોય તે છતાં જો પોતાના ઘરવ્યવહારની સ્થિતિનો વિચાર કર્યા વગર ઉડાઉપણે ખર્ચ રાખે તો તેની વ્યવહાર નૌકા ચાલી શકતી નથી, તેથી તે પછી જ "આવકના પ્રમાણમાં ખર્ચ કરવાનો" બારમો ગુણ વર્ણવી બતાવવામાં આવ્યો છે. ગૃહસ્થે ઉપાર્જન કરેલા દ્રવ્યમાંથી કેવી રીતે વ્યય કરવો અને ઉપયોગ કરવો, તે વિષે આ પ્રસંગે ઘણું વિવેચન કરી એક કૃપણ શ્રેષ્ઠીનું અસરકારક દૃષ્ટાંત આપેલું છે અને વૈભવને અનુસાર ખરચ કરનાર ગૃહસ્થ પ્રતિષ્ઠા, યશ, પુણ્ય, સુખ અને સંપત્તિ સારી રીતે મેળવી પોતાના ગૃહસ્થાવાસને સારી રીતે દીપાવે છે, એમ પ્રતિપાદન કર્યું છે.

ગૃહસ્થ આયોચિત વ્યય કરનાર હોય પણ જો તે ગૃહસ્થને છાજે તેવો વેષ પહેરે નહીં તો તે ગૃહસ્થ પોતાની પ્રતિષ્ઠાને યથાર્થ જાળવી શકતો નથી, તેથી તે પછી ગ્રંથકારે "વૈભવને અનુસારે વેષ રાખવાનો" તેરમો ગુણ વર્ણવી બતાવ્યો છે. આ ગુણને અંગે માંગલ્યના સ્વરૂપનું વિવેચન કરી તે વિષે કર્ણદેવનું મનોહર દૃષ્ટાંત આપ્યું છે જે મનન કરવા જેવું છે.

માંગલ્યવેષથી બાહ્ય સ્વરૂપ વડે સુશોભિત દેખાતો ગૃહસ્થ બુદ્ધિના આંતર સ્વરૂપથી રહિત હોય તો તે ઉત્તમગણાતો નથી, તેથી "બુદ્ધિના આઠ ગુણો મેળવવા રૂપ" ચૌદમા ગુણનું વર્ણન કરી બતાવ્યું છે અને તે ઉપર નારદ અને પર્વત નામના બે વિદ્યાર્થીઓનું સુબોધક ઉદાહરણ આપેલું છે.

બાહ્ય અને આંતરસ્વરૂપથી યુક્ત થયેલો ગૃહસ્થ જો સતત ધર્મશ્રવણ કરતો ન હોય, તો તે વૃથા જીવનવાળો ગણાય છે, તેથી તે ગુણની પછી "ધર્મ શ્રવણ કરવારૂપ" પંદરમા ગુણનું વર્ણન કરી તે સંબંધે નંદમણિકાર શ્રેષ્ઠી અને સુદર્શન શ્રેષ્ઠીના દૃષ્ટાંતો આપવામાં આવ્યા છે. જે ઉપરથી વાચક અને શ્રોતા—ઉભયના હૃદય ઉપર ધર્મશ્રવણના મહિમાનું સ્વરૂપ પ્રગટ થઈ આવે છે.

બાહ્ય અને આંતરસ્વરૂપની શુદ્ધિવાળો ગૃહસ્થ શ્રાવક શાસ્ત્ર શ્રવણ કરતો હોય પણ જો તે ધર્મના સાધનરૂપે અને ચિંતામણિરૂપે ગણાતા આ મનુષ્ય શરીર તરફ ઉપેક્ષા રાખી આહાર વિહારના નિયમો પાળી શકતો ન હોય તો તે અવિચારી પુરુષ ગણાય છે, તેથી તેને માટે સંપાદન કરવા યોગ્ય "અજીર્ણમાં ભોજનનો ત્યાગ અને સકાલે સાત્મ્ય ભોજન કરવારૂપ" સોળમા તથા સત્તરમા ગુણનું વિવેચન કરવામાં આવ્યું છે અને તે વિષે ધર્મના શાસ્ત્રીય નિયમો દર્શાવવામાં આવ્યા છે.

સર્વગુણસપંન્ન ગૃહસ્થે ગૃહવાસમાં રહીને ધર્મ, અર્થ અને કામ સાધવા જોઈએ અને પોતાને ઘેર આવેલા યોગ્ય અતિથિનો સત્કાર કરવો જોઈએ. આ વાત સિદ્ધ કરવા માટે "ત્રિવર્ગનું સાધન કરવારૂપ" અઢારમા અને "અતિથિની ભક્તિ કરવારૂપ" ઓગણીશમા ગુણનું ગ્રંથકારે સપ્રમાણ વિવેચન કરેલું છે. ત્રિવર્ગનું વિવેચન અને અતિથિનું સ્વરૂપ એવા ઉત્તમપ્રકારથી વર્ણવેલું છે કે, જે પ્રત્યેક વાચકને મનન પૂર્વક વાંચવા જેવું છે. ગૃહસ્થના ઘરમાં પોષ્યવર્ગમાં કોણ કોણ આવેલ છે અને તે તે પ્રત્યે કેવી રીતે વર્તવાનું છે, તે વિષે ગ્રંથકારે સંક્ષેપમાં ઘણું સારું સમજાવ્યું છે. અને અતિથિસત્કાર વિષે પ્રતિષ્ઠાનપુરના વિખ્યાત નરપતિ શાલિવાહનનો સુબોધક પ્રબંધ આપેલો છે.

વૈભવસંપન્ન થયેલા ગૃહસ્થને ઘેર અનેક યોગ્ય અતિથિઓ આવે છે, તેમ નિરાશ્રિતો આશ્રય લેવાને પણ આવે છે, તેમ જ તેની સલાહ લેવાને ઘણાં યોગ્ય પુરુષો આવે છે, તેથી મોટાઈના અભિમાનને લઈ તેનામાં મિથ્યાગ્રહ રાખવાનો સ્વભાવ પડી જાય છે અને તેને લઈને નિર્ગુણમાં પક્ષપાત કરવાની પ્રવૃત્તિ થઈ આવે છે, તેથી ગ્રંથકારે તે પછી "મિથ્યાભિનિવેશ ત્યાગ કરવારૂપ" અને "ગુણમાં પક્ષપાત કરવારૂપ" વીશમા અને એકવીશમા ગુણનું સ્વરૂપ દર્શાવ્યું છે. જે ઉપરથી ગૃહસ્થધર્મની યોગ્યતાનું યથાર્થ સ્વરૂપ જાણી શકાય છે.

સાંસારિક પ્રવૃત્તિમાં અનેક જાતના કાર્યો થઈ આવે છે, અને તેથી કોઈકવાર આકસ્મિક ઉપાધિઓ પણ ઉત્પન્ન થાય છે, તેથી યોગ્ય ગૃહસ્થે નિષિદ્ધ દેશ અને કાળની ચર્યામાં ઉતરવું ન જોઈએ અને પોતાનામાં કેટલી શક્તિ છે, તેનો વિચાર કરવો જોઈએ. જો દેશ, કાળ અને શક્તિનો વિચાર કરવામાં ન આવે તો પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયા વિના રહેતો નથી, તેથી તે વિષે "અદેશ અને અકાળચર્યાનો ત્યાગ કરવારૂપ" અને "સ્વ તથા પરના બળાબળને જાણવારૂપ" બાવીશ અને ત્રેવીશમા ગુણનું બ્યાન આપવામાં આવ્યું છે, તેમાં બળાબળ જાણવા ઉપર લક્ષણાવતી નગરીના રાજા લક્ષ્મણસેનના મંત્રી કુમારદેવનું દૃષ્ટાંત આપી ગ્રંથકારે એ ગુણની મહત્તા સારી રીતે પ્રતિપાદન કરી છે.

પ્રત્યેક ગૃહસ્થે વ્રત અને જ્ઞાનથી વૃદ્ધ એવા પુરુષોની સેવા પૂજા કરવી જોઈએ અને પોતાને આશ્રયે રહેલા પોષ્ય વર્ગનું પોષણ કરવું જોઈએ. તે સિવાય ગૃહસ્થધર્મની ઉપયોગિતા

સિદ્ધ થતી નથી. તેને માટે "વ્રતધારી અને જ્ઞાનવૃદ્ધોની પૂજા કરવા રૂપ અને પોષ્ય વર્ગનું પોષણ કરવા રૂપ" ચોવીશ તથા પચ્ચીશમા ગુણોની આવશ્યકતા દર્શાવી છે અને તે પ્રસંગે વ્રતી, વૃદ્ધ અને પોષ્યજનોના સ્વરૂપનું સ્પષ્ટીકરણ સારી રીતે કરી બતાવ્યું છે

વિવિધ કર્મોના વિલાસવાળા સંસારીજીવનમાં ગૃહસ્થને ક્ષણે ક્ષણે આગામી અનર્થોની શંકા રાખવાની છે અને કાર્યાકાર્યના વિશેષ જ્ઞાનને મેળવવાનું છ, તેથી તેને માટે "લાંબે કાળે થનાર અનર્થાદિકનો વિચાર કરવા રૂપ અને વિશેષ જાણવા રૂપ" છવ્વીશ અને સત્યાવીશમા ગુણોનું સ્વરૂપ દર્શાવેલું છે. એ ગુણોના માહાત્મ્યને પ્રગટ કરવા ધનશ્રેષ્ઠી અને સુબુદ્ધિમંત્રીનું રસિક દૃષ્ટાંત આપવામાં આવેલું છે.

પ્રત્યેક ગૃહસ્થે બીજાએ કરેલા ઉપકારની કદર કરવી જોઈએ, તેમ ન કરવાથી તે લોકોમાં કૃતઘ્ન ગણાય છે, તેથી તેની તરફ લોકો માનદૃષ્ટિથી જોતાં નથી. જે ગૃહસ્થ કૃતજ્ઞ હોય છે, તે લોકપ્રિય થાય છે અને લોકપ્રીતિ મેળવવામાં જ ગૃહસ્થ જીવનની ઉચ્ચતા ગણાય છે, તેથી ગ્રંથકારે "કૃતજ્ઞ, અને લોકવલ્લભ થવા રૂપ" અઠ્યાવીશમા અને ઓગણત્રીશમા ગુણો સારા વિવેચન સાથે દર્શાવ્યા છે. કૃતજ્ઞતાના ગુણ ઉપર વસંતપુરના જિતારિ રાજાનું અને લોકવલ્લભપણાના ગુણ ઉપર અભયકુમાર મંત્રીનું રસિક દૃષ્ટાંત આપી, ગ્રંથકારે એ ઉભય ગુણોનું ગૌરવ યથાર્થ પ્રતિપાદન કરેલું છે.

ગૃહસ્થ કૃતજ્ઞ અને લોકપ્રિય થયો હોય છતાં પણ જો તેનામાં લજ્જા કે દયા ન હોય તો તે ન્યૂનતાવાળો ગણાય છે. તેથી ઉત્તમગૃહસ્થે લજ્જા અને દયા ધારણ કરવી જોઈએ. તેથી ગ્રંથકારે તે પછી "સલજ્જ અને સદયરૂપે" ત્રીશ અને એકત્રીશમા ગુણોનું યથાર્થ દિગ્દર્શન કરાવ્યું છે અને તેની પુષ્ટિને માટે અણહિલપુરપાટણના મહારાજા કુમારપાળના મંત્રી આંબડ દેવ અને મહારાજા વિક્રમાદિત્યના સુબોધક દૃષ્ટાંતો આપવામાં આવ્યા છે. અહીં સુધી ગૃહસ્થના વર્તન સંબંધી ગુણો દર્શાવ્યા પછી ગ્રંથકાર તેના આંતરગુણોનું વર્ણન કહી બતાવે છે કે જે ગુણો ગૃહસ્થ શ્રાવકની માનસિક ઉચ્ચતાને દર્શાવનારા છે. ઉત્તમસ્વભાવના પ્રભાવને દર્શાવનાર ગૃહસ્થ પ્રથમ તો સૌમ્ય-મનોહર આકૃતિવાળો હોવો જોઈએ, દર્શનીય, અને પ્રસન્નમૂર્તિ ગૃહસ્થના દેખાવ ઉપરથી તેના આંતરગુણો જણાઈ આવે છે. ભયજનક આકૃતિવાળો પુરુષ દુર્ગુણી હોઈ લોકોને ઉદ્વેગનું કારણ બને છે, તેથી ગ્રંથકારે "સૌમ્ય" નામે બત્રીશમો ગુણ દર્શાવી રાજા વીરધવળનું આકર્ષક દૃષ્ટાંત આપ્યું છે

જે સૌમ્ય હોય તે પરોપકારી હોવો જોઈએ. તેમ વળી પરોપકારના ગુણ વગરની સૌમ્યતા નકામી ગણાય છે, તેથી તે ગુણની પછી જ તેત્રીશમા ગુણ તરીકે પરોપકારને ગણેલો છે. ગ્રંથકારે આ સ્થળે પરોપકારના માહાત્મ્યને દર્શાવનારું સારું વિવેચન કરેલું છે ઝો ગુણને આકર્ષક બનાવવા માટે વિક્રમ અને ભરતરાજાના સુબોધક દૃષ્ટાંતો આપવામાં આવેલા છે. જે વાંચવા ઉપરથી પરોપકારનો અદ્ભુત પ્રભાવ વાચકોના જાણવામાં આવી

શકે છે. ઉપર કહેલા સર્વ ગુણોથી યુક્ત થયેલા ગૃહસ્થને સાંસારિક પ્રવૃત્તિઓ વિષમય એવા વિષય જાળમાં ખેંચી ન જાય તેથી છેવટે "અંતરંગ શત્રુ જેવા કામક્રોધાદિનો ત્યાગ કરવારૂપ" ચોત્રીશમો ગુણ દર્શાવ્યો છે. તે પ્રસંગે એ આંતરશત્રુઓનું યથાર્થ સ્વરૂપ બતાવી ગ્રંથકારે ગૃહસ્થને અધ્યાત્મમાર્ગ તરફ વાળવાની સૂચના કરી છે. અને તેની પછી છેવટે "ઇંદ્રિયોને વશ કરવા રૂપ" પાંત્રીશમા ગુણનું સર્વોત્તમદિગ્દર્શન કરાવ્યું છે. આ મહાન્ અંતિમગુણોનો અતુલ પ્રભાવ દર્શાવવામાં ગ્રંથકારે પોતાનું ખરેખરું પાંડિત્ય પ્રગટ કરી બતાવ્યું છે અને છેવટે આ માર્ગાનુસારી પાંત્રીશ ગુણો કે જેઓનું સેવન કરવાથી અભ્યુદય આપનારા ઐશ્વર્યને પ્રાપ્ત કરી ભવ્ય પુરુષો સમ્યક્ત્વ સહિત નિર્મલ બારવ્રતરૂપ શ્રાવકધર્મને પ્રાપ્ત કરી મોક્ષપદના અધિકારી થઈ શકે છે.

એકંદર આ ગ્રંથ ગૃહસ્થ શ્રાવક જીવનના માર્ગદર્શક તરીકે બહુ ઉપયોગી છે. આ ગ્રંથની મહત્તા અને ઉપયોગિતાના સંબંધમાં જેટલું ધારીએ તેટલું કહી શકાય તેમ છે. ગ્રંથની શૈલી બહુ જ ઉત્તમછે, તેની સાથે પ્રસંગે પ્રસંગે આવેલા વિવિધ સુભાષિતો કંઠસ્થ કરવા યોગ્ય અને મનન કરવા યોગ્ય છે.

આ ગ્રંથના કર્તા શ્રીજિનમંડનગણી વિક્રમસંવત્ પંદરમા સૈકામાં વિદ્યમાન હતા. તેઓ શ્રી તપાગચ્છરૂપી કમળને વિકાસ કરનાર શ્રી પૂ.આ.જગચ્ચંદ્રસૂરિમહારાજાના પરિવારમાં થયેલા હતા, તેઓ જૈનધર્મમાં પ્રખ્યાત થયેલા શ્રી સોમસુંદરસૂરિમહારાજાના શિષ્ય હતા, મહાત્મા સોમસુંદરસૂરિમહારાજા ભારતવર્ષમાં એક સારા વિદ્વાન્ અને લેખક ગણાતા હતા. તેઓએ પયન્ના પર તથા પ્રત્યાખ્યાન ભાષ્ય ઉપર ટીકા રચેલી છે. તેમ જ યોગશાસ્ત્ર, ઉપદેશમાળા, ષડાવશ્યક તથા નવતત્વ પ્રમુખ ગ્રંથો પર સુબોધક ટબા રચેલા છે. ગ્રંથકારે આ આ ગ્રંથની પ્રશસ્તિમાં પોતાની ગુરુપરંપરા ક્રમવાર આપી છે.

છેવટે જૈન ગૃહસ્થધર્મના પ્રભાવને પ્રગટ કરનાર અને માર્ગાનુસારીપણાના માહાત્મ્યને દર્શાવનાર આ શ્રાદ્ધગુણવિવરણનો ગ્રંથ સર્વ સાધર્મિક બંધુઓના વાંચવામાં આવે અને તેથી કરીને તેમનામાં ગૃહસ્થાવાસની ઉચ્ચતાની, કર્તવ્યનિષ્ઠ ધર્મકાર્યની, સદાચાર તથા સદ્વર્તનના નિર્મળ બોધની અને પરંપરાએ અધ્યાત્મજ્ઞાનની ભાવનાઓ સ્ફુરિત થઈ આવે તેમજ ગૃહવાસના ઉચ્ચ આશયોનું અને ખરેખર જૈનત્ત્વનું મહાબલ પ્રગટ થઈ એવા હેતુથી આ મહાન ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

આ શ્રાદ્ધગુણવિવરણ મૂળ ગ્રંથ પણ મુનિરાજ શ્રીહંસવિજયજી મહારાજના ઉપદેશાનુસાર આર્થિક સહાય મળવાથી પ્રવર્તક મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજે તેની બીજી પ્રતો એકઠી કરી, મેળવી, શોધી છેવટે પ્રૂફ વગેરે તપાસી આપવામાં જે કૃપા દર્શાવી કે અમો પ્રસિદ્ધ કરી શક્યા છીએ.

આ ગ્રંથના ભાષાંતરની યોજના ઉત્તમપ્રકારે કરવામાં આવી છે. મૂળ કર્તાનો આશય સમજી શકાય તેમ જૈનશૈલીને અનુસરી અર્થનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બનતી રીતે સરલતા અને સુગમતા રાખવામાં આવી છે.અમો આશા રાખીએ છીએ કે, પ્રત્યેક જૈન ગૃહસ્થને ઉપયોગી એવો આ ગ્રંથ દરેક જૈન કુટુંબમાં આદરણીય થયા વિના રહેશે નહીં. જો એમ થશે તો કર્તાનો, અનુવાદકનો અને પ્રકાશકનો શ્રમ સર્વ પ્રકારે સફળ થયેલો ગણાશે.

શહેર ભાવનગરમાં સં. ૧૯૬૪ ની સાલમાં આપણી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું છઠ્ઠું અધિવેશન કરવામાં આવ્યું તે વખતે આ મહાન્ પરિષદ્‌નો તમામ ખર્ચ આ શહેરના અગ્રગણ્ય ગૃહસ્થ વોરા હઠીસંગભાઈ ઝવેરચંદે આપેલો હતો, અને ભારતવર્ષના શ્રીસંઘના યથાશક્તિ ભક્તિ કરી હતી. તે માંગલિક કાર્યની ખુશાલીમાં આ સભાને રૂા. ૧૦૦૦) એક હજારની રકમ જ્ઞાનનો ઉદ્ધાર કરવા નિમિત્તે ગ્રંથમાળા (સીરીઝ) માટે ભેટ આપવાની ઇચ્છા જણાવેલી તે મુજબ સભાએ ધારાની રૂઈએ આ ગ્રંથ તેમની સીરીઝના પ્રથમપુષ્પ તરીકે છપાવી પ્રસિદ્ધ કર્યો છે. આવી રીતે આવા ઉપયોગી ગ્રંથોને પ્રસિદ્ધ કરી જ્ઞાનોદ્ધાર કરવાના ઉચ્ચ કાર્યો કરવાને માટે પોતાનો ઉદાર હાથ લંબાવી મનુષ્ય જન્મને સાર્થક કરનાર ઉક્ત આર્થિક સહાય આપનાર ગૃહસ્થને ધન્યવાદ આપવામાં આવે છે, અને તેઓનું અનુકરણ કરવાનું શુભ પગલું ભરવા અન્ય બંધુઓને સૂચના કરવામાં આવે છે.

સદરહુ ગ્રંથની શુદ્ધિને માટે યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવ્યો છે છતાં દૃષ્ટિદોષથી કે પ્રેસદોષથી કોઈ પણ સ્થળે સ્ખલના જણાય તો ક્ષમા યાચીએ છીએ.

આત્માનંદ ભવન.
વીર સંવત્ ૨૪૪૨, આત્મસંવત્ ૨૦. — શેઠ હરજીવનદાસ દીપચંદ.
વિક્રમસંવત્ ૧૯૭૨. — સેક્રેટરીઓ.
શ્રીમાન્મહાવીર પ્રભુનો જન્મકલ્યાણકદિવસ

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ,

•••

# પાયાની વાત

('શ્રાદ્ધગુણવિવરણ'ની ભૂમિકા)

<u>ઉપદેશનો આદર્શ :-</u>

એ હકીકતમાં તો દુનિયાના તમામતત્ત્વચિંતકો એકમત છે કે દુન્યવી ચીજોનો ગમે તેટલો ભોગવટો કરવામાં આવે તો પણ તેમાંથી સાચું સુખ કદી પણ મળવાનું જ નથી. સાચા આનંદનો રસ્તો એક અને માત્ર એક જ હોઈ શકે અને તે એ જ કે, 'ઇચ્છાઓ પર પૂર્ણવિરામ.' જ્યારે આ મોહનીયના ઉધામા બંધ થશે તે ઘડીએ આપણો આતમરામ અવર્ણનીય આનંદના સાગરમાં ગરકાવ થઈ ગયેલો હશે એ નિ:શંક વાત છે.

સમગ્ર વિશ્વને તેવા આનંદની ભેટ ધરવા જ શ્રીતીર્થંકરો શાસનની સ્થાપના કરે છે. પ્રભુ જ્યારે શાસનની સ્થાપના કરે છે ત્યારે જે ઉપદેશધારા વહાવે છે તેની ઝાંખી લલિતવિસ્તરામાં નમુત્થુણં અંતર્ગત ધમ્મદેસયાણં પદના વિવેચન વખતે, મનીષિમૂર્ધન્ય, સૂરિપુરંદર, પ્રજ્ઞાપરાજિતબૃહસ્પતિ, જેમની નસેનસમાં પ્રભુશાસનની અપ્રતિમવફાદારી વહી રહી છે તેવા પૂજ્ય આ.ભ.શ્રીહરિભદ્રસૂરીશ્વરજીમહારાજાએ અદ્‌ભુત રીતે કરાવી છે. શબ્દો આ પ્રમાણે છે :-

प्रदीप्तगृहोदरकल्पोऽयं भवः । निवासः शरीरादिदुःखानाम् । न युक्त इह विदुषः प्रमादः । यतः अतिदुर्लभेयं मानुषावस्था । प्रधानं परलोकसाधनम् । परिणामकटवो विषयाः । विप्रयोगान्तानि सत्सङ्गमानि । पातभयातुरमविज्ञातपातमायुः । तदेवं व्यवस्थिते विध्यापनेऽस्य यतितव्यम् । एतच्च सिद्धान्तवासनासारो धर्ममेघो यदि परं विध्यापयति ।....

આ જ વાતનો પડઘો કલિકાલસર્વજ્ઞ ભગવંતે શ્રીત્રિષષ્ઠિશલાકાપુરુષચરિતમાં આદિનાથદાદાની કૈવલ્યપ્રાપ્તિ પછીની પ્રથમધર્મદેશનામાં પાડ્યો છે. શ્લોકો આ રહ્યા. (પર્વ-૧ સર્ગ-૩)

आधिव्याधिजरामृत्युज्वालाशतसमाकुलः । प्रदीप्तागारकल्पोऽयं, संसारः सर्वदेहिनाम् ॥५५६॥

न युज्यते तद्विदुषः, प्रमादोऽत्र मनागपि । कः प्रमाद्यति बालोऽपि, निशोल्लङ्घ्ये मरुस्थले ॥५५७॥

संसाराब्धाविहाऽनेकयोन्यावर्ताकुले जनैः । दुर्लभं मानुषं जन्म, महारत्नमिवोत्तमम् ॥५५८॥

परलोकसाधनेन, मानुष्यमपि देहिनाम् । पादपो दोहदेनेव, सफलीभवति ध्रुवम् ॥५५९॥

आपातमात्रमधुराः, परिणामेऽतिदारुणाः । शठवाच इवात्यन्तं, विषयाः विश्ववञ्चकाः ॥५६०॥

पदार्थानामशेषाणां, संसारोदरवर्तिनाम् । संयोगा विप्रयोगान्ताः, पतनान्ता इवोच्छ्रयाः ॥५६१॥

आयुर्धनं यौवनं च, स्पदर्धयेव परस्परम् । सत्त्वरं गत्वराण्येव, संसारेऽस्मिन् शरीरिणाम् ॥५६२॥

આપણા મહાપુરુષોની પૂર્વપુરુષોને અનુસરવાની અનુપમરીતિનું જ્વલંત ઉદાહરણ બની શકે તેવું સામ્ય આમાં કેવું સ્પષ્ટ દેખાઈ આવે છે ! પૂજ્યહરિભદ્રાચાર્યનો એક એક મુદ્દો અને પૂજ્ય હેમચન્દ્રાચાર્યનો એક એક શ્લોક કેવી સમાનતા ધરાવે છે !

આ છે, તીર્થંકરોના પગલે ચાલીને જગતને સાચો રાહ ચિંધવાની ધુરા જેમના વૃષભસ્કંધો પર મૂકવામાં આવી છે એવા ધર્મોપદેશકો માટેનો આદર્શ ! ધર્મોપદેશની જવાબદારી નિભાવનારા પ્રત્યેક વ્યક્તિને આ વાતો કંઠસ્થ-હૃદયસ્થ અને આત્મસ્થ હોવી જરૂરી જ નહિ પણ અનિવાર્ય છે.

દિશા સ્પષ્ટ હોવી જોઈએ :-

આપના હાથમાં જે ગ્રન્થ છે તે ઉપદેશાત્મક ગ્રન્થ છે. ઉપદેશકો આ ગ્રન્થને આધાર બનાવીને ઉપદેશ આપવાના છે અને વાચકો કાંઈક ઉપદેશ પામવાની અભિલાષાથી ગ્રન્થ વાંચવાના છે. એ માટે જ ઉપરના મુદ્દાની છણાવટ જરૂરી લાગી છે. ગ્રન્થમાં શ્રાદ્ધધર્મ માટેની લાયકાત શું હોઈ શકે તેની ચર્ચા કરવામાં આવી છે. શ્રી કલિકાલસર્વજ્ઞભગવંતે બનાવેલા અને શ્રી કુમારપાલ રાજર્ષિએ જીવનમાં તાણાવાણામાં વણેલા શ્રીયોગશાસ્ત્રના પ્રથમપ્રકાશની અંતિમ દશ ગાથાઓના વિવરણરૂપે જ આ ગ્રંથ રચાયો છે. હવે આ ગ્રંથને ક્યા સંદર્ભે ઉપદેશવો ? તેના ઉપદેશ વખતે દિશા કઈ હોવી જોઈએ ? કોણ આના માટે અધિકારી છે ? તે બધી વાતોને સમજ્યા વિચાર્યા વિના જો આનો ઉપદેશ અપાય કે સંભળાય કે વંચાય તો કદાચ બહુ મોટું પાતક થઈ જાય. કારણ કે, પ્રસ્તુત ગ્રંથમાં જ શરૂઆતમાં ગ્રન્થકારશ્રી ઉપદેશક અને શ્રોતાની યોગ્યતા અંગે વિસ્તારથી ચર્ચા કરે છે. શ્રીકલિકાલસર્વજ્ઞભગવંતના સંદર્ભો દ્વારા જ આપણે આ વાતને વિચારીશું.

(૧) શ્રાવકધર્મનું વર્ણન ક્યારે ?

યોગશાસ્ત્રની જે ગાથાઓના વિવરણરૂપે આ ગ્રંથ છે તેનું રચનાસ્વરૂપ આવું છે. પ્રથમપ્રકાશની શરૂઆતના શ્લોકો મંગલાચરણ, સંબંધ અને યોગમહિમાને વર્ણવે છે. ત્યારબાદ તેનું સ્વરૂપ વર્ણવાય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર–ચારિત્રના બે પ્રકાર છે, દેશથી અને સર્વથી. હવે સર્વચારિત્રનું વિસ્તારથી વર્ણન શ્લોક ૧૮ થી ૪૬ સુધી આવે છે. ત્યારપછી આવો એક શ્લોક છે.

सर्वात्मना यतीन्द्राणामेतच्चारित्रमीरितम् । यतिधर्मानुरक्तानां, देशतः स्यादगारिणाम् ॥४६॥

અને હવે, જે શ્લોકોના વિવરણરૂપે આ ગ્રંથ રચાયો છે તે દશ શ્લોકો આવે છે.

(૨) ત્રિષષ્ટિમાં શ્રીમુનિસુવ્રતસ્વામિભગવાનની દેશના દ્વારા માર્ગાનુસારીના પાંત્રીશ ગુણોને વર્ણવવાનું ચરિત્રકારશ્રીને અભિપ્રેત છે. તેની રજૂઆત આ રીતે છે : શરૂઆતમાં ધર્મની ઉપાદેયતા વર્ણવી, સાધુધર્મનું વર્ણન કર્યું છે. તે પછી તેના માટે કેવો જીવ લાયક ગણાય તેનું વર્ણન કર્યું છે. તે પછી શ્રાવકધર્મનું વર્ણન કર્યું છે. શ્લોક આ રીતે છે : (પર્વ-૬ સર્ગ-૭)

क्षारोदादिव संसारादसारात् सारमुत्तमम् । उपाददीत सद्रत्नमिव धर्मं महामतिः ॥१७४॥

संयमः सूनृतं शौचं, ब्रह्माकिञ्चनता तपः । क्षान्तिर्मार्दवमृजुता, मुक्तिश्च दशधा स तु ॥१७५॥

निरीहो निजदेहेऽपि, स्वस्मिन्नपि हि निर्ममः । समाशयो नमस्कुर्वत्यपकुर्वति चानिशम् ॥१७६॥

नितान्तमीश्वरः सोढुमुपसर्गपरीषहान् । मैत्र्यादिभिर्भावनाभिर्नित्यं भावितमानसः ॥१७७॥

क्षमावान् विनयी दान्तः, श्रद्धालुर्गुरुशासने । जात्यादिगुणसंपन्नो, यतिधर्माय कल्पते ॥१७८॥

सम्यक्त्वमूलानि पञ्चाणुव्रतानि गुणास्त्रयः । शिक्षापदानि चत्वारि, धर्मोऽयं गृहमेधिनाम् ॥१७९॥

અને તે પછી, આપણા પ્રસ્તુત ગ્રંથમાં વિવેચિત થયેલા દશ શ્લોકો (ન્યાય સંપન્નવિભવઃ......વગેરે) આવે છે. છેલ્લો શ્લોક આવો છે :

संसारेऽस्मिन्मनुष्येण, चैतन्यफलमिच्छता । सेव्यः श्रावकधर्मोऽपि, यतिधर्माक्षमेण तु ॥१९०॥

(૩) એકવીશમા શ્રીનમિનાથપ્રભુની દેશના શ્રાવકની અહોરાત્રની ચર્ચા વર્ણવે છે. તે આ રીતે : (પર્વ-૭ સર્ગ-૧૧)

असारः खलु संसारः, चलदूर्मिचलं धनम् । विद्युद्विलाससदृशं, शरीरमपि नश्वरम् ॥६६॥

अनास्थां सर्वथा तेषु, तद्विधाय विचक्षणः । यतेत यतिधर्माय, मुमुक्षुर्मोक्षवर्त्मने ॥६७॥

अशक्तस्तद्विधाने चेत्तदाकाङ्क्षी तथापि हि । सम्यक्छ्रावकधर्मायोत्तिष्ठेत द्वादशात्मने ॥६८॥

(૪) બાવીશમાં શ્રીનેમિનાથપ્રભુની દેશનામાં દારૂ, માંસ વગેરે મહાવિગઈની ભયાનકતા વર્ણવાઈ છે. પણ તેમાં ય શરૂઆત આ રીતે થાય છે : (પર્વ-૮ સર્ગ-૯)

विद्युद्विलासचपलाः, श्रियः सर्वशरीरिणाम् । संयोगा विप्रयोगान्ताः, स्वप्नप्राप्तार्थसन्निभाः ॥२९९॥

गत्वरं यौवनमपि, मेघच्छायासहोदरम् । अम्बुबुद्बुदकल्पानि, वपूंष्यपि वपुष्मताम् ॥३००॥

तस्मादसारे संसारे, सारमत्र न किञ्चन । सारं तु दर्शनज्ञानचारित्रपरिपालनम् ॥३०१॥

तत्त्वानां श्रद्दधानत्वं, सम्यग्दर्शनमुच्यते । यथावस्थिततत्त्वानां, बोधो ज्ञानं प्रकीर्तितम् ॥३०२॥

सावद्ययोगविरतिश्चारित्रं मुक्तिकारणम् । सर्वात्मना यतीन्द्राणां, देशतः स्यादगारिणाम् ॥३०३॥

देशचारित्रविरतो, विरतानामुपासकः । भवस्वरूपं जानानः, श्रावको जीवितावधि ॥३०४॥

मद्यं मांसं नवनीतं, मधूदुम्बरपञ्चकम् । अनन्तकायमज्ञातफलं रात्रौ च भोजनम् ॥३०५॥

आमगोरससंपृक्तद्विदलं पुष्पितौदनम् । दध्यहर्द्वितयातीतं, कुथितान्नं च वर्जयेत् ॥३०६॥

(૫) આપણા આસન્નોપકારી પ્રભુવીરે દેશનામાં પાંચ મહાવ્રતો વર્ણવ્યા બાદ છેલ્લા શબ્દો આ પ્રમાણે ઉચ્ચર્યા છે : (પર્વ-૧૦ સર્ગ-૫)

एतान्प्राणातिपातादीन्, सूक्ष्मांस्त्यक्तुं न चेत्क्षमाः । त्यजेयुर्बादरांस्तर्हि, सूक्ष्मत्यागेऽनुरागिणः ॥४७॥

આ પાંચે પાંચ સંદર્ભોમાં અધોરેખાંકિત કરેલા પદોને આપ ધ્યાનથી જોશો એટલે એ વાત સ્પષ્ટ થશે કે શ્રાવકધર્મનું વર્ણન ક્યારે અને કેવી રીતે કરવાનું છે. આ વાત તો દીવા જેવી ચોક્ખી થઈ જાય છે કે શ્રાવકધર્મ માટેની પ્રાથમિક શરત એ છે કે તે શ્રાવક સર્વવિરતિ માટે તલસતો-તડપતો હોવો જોઈએ. શ્રાવકધર્મ કોના માટે છે ? यतिधर्माक्षमेण तु—સાધુપણા માટેની 'અશક્તિ' હશે તો શ્રાવકપણું શક્ય છે. પણ સાધુપણાની 'આસક્તિ' નહીં હોય તો શ્રાવકપણું ય શક્ય નથી—આ વાત હૃદયસ્થ કરીને પ્રસ્તુતગ્રન્થનું વાંચન કરવામાં આવે તો જ પરમાર્થ પામી શકાશે.

કહેવાનો ઇરાદો :-

આ બધી વાતો રજૂ કરવા પાછળનો એક જ આશય છે કે શ્રાવકધર્મનું નિરૂપણ, અને એમાં ય ખાસ કરીને માર્ગાનુસારી કક્ષાના ગુણોનું નિરૂપણ કરતા ગ્રંથો જેવા કે ધર્મબિંદુ, યોગશાસ્ત્ર, શ્રાદ્ધગુણવિવરણ, શ્રાદ્ધવિધિ વગેરેનું જ્યારે જ્યારે વાંચન કે વ્યાખ્યાન કરવા કે સાંભળવાનો અવસર હોય ત્યારે જો આ માર્મિક વિષયવિભાગ નજર સમક્ષ તરવરતો ન હોય તો આમાની ઘણી વાતો જે અનુવાદપરક હોય તેને વિધિપરક માની લેવાની ગંભીર ભૂલ થઈ જતી હોય છે. જે ગ્રંથકારો સમસ્ત સંસારને દાવાનળ સમ ઓળખાવતા હોય, તેમને આપણો સંસાર સુધારવામાં શી રીતે રસ હોઈ શકે ? ટૂંકમાં, આ ગ્રંથ 'સંસારમાં રહ્યા હો તો પણ તમારે કઈ રીતે રહેવું જોઈએ' તેના વિવેચન માટે નથી પણ 'ન છૂટકે સંસારમાં રહેવું પડ્યું હોય તો કેવી રીતે રહેવાથી વહેલી તકે તેમાંથી છૂટી શકાય' તેના વિવેચન માટેનો છે. આટલી પાયાની વાત ને આટલો સૂક્ષ્મ ફરક જો સમજાઈ જાય, અને એ સમજ છેવટ સુધી જળવાઈ રહે તો જ ગ્રંથનું વાંચન-શ્રવણ સફળ થઈ શકે.

ગ્રંથકાર વિશેની વાતો, પૂર્વસંપાદકશ્રીએ સંસ્કૃત પ્રસ્તાવનામાં કરી છે અને ગ્રંથગત વિષયની જાણકારી અનુક્રમણિકાથી મળી રહેશે. ગ્રંથગત વિષયની સંકલના—અર્થાત્ આના પછી આ ગુણ કેમ આવ્યો તેની વિગતે ચર્ચા અનુવાદકશ્રીની જૂની ગુજરાતી પ્રસ્તાવનામાં છે જ. અને તે સિવાયની વિશેષ જરૂરી વિગતો અને વાતો આ ગ્રન્થરત્નને સાનુવાદ પુનઃ સંપાદિત કરનાર મુનિશ્રી ધર્મતિલકવિજયજી મ. પોતાની પ્રસ્તાવનામાં સમાવશે જ, માટે અહીં આટલી પાયાની વાત કરીને અટકું છું.

પ્રાન્તે, મોક્ષને કેન્દ્રસ્થાને ગોઠવી, તેના સાધનરૂપ સાધુધર્મને હૃદયના તાણેવાણે વણી આપણે સૌ આરાધનામાં ઉજમાળ બનીએ અને યથાશીઘ્ર પરમાનંદપદના ભોક્તા બનીયે એ જ એકની એક સદાની શુભાભિલાષા.

*- આચાર્ય વિજય યોગતિલકસૂરિ*

## निमित्तमात्रोऽहम् ॥

॥ नमामि वीरं गिरिसारधीरम् ॥

જૈનશાસનમાં ગુણપૂજાની મહત્તા બતાવી છે વ્યક્તિપૂજાની નહિ, વ્યક્તિ પણ ગુણ વિનાની હોય તો તેની જૈનશાસનમાં કોઈ કિંમત નથી, માટે જ જ્યારે સહજમલનો હ્રાસ થાય છે... ત્યારે જ આત્મા ગુણાભિમુખ બને છે. અને ક્રમશ: આગળ વધતો વધતો માર્ગાભિમુખ માર્ગપતિત અને માર્ગાનુસારિપણાને પામતો પામતો અપુનર્બંધકભાવ ગ્રંથિભેદ કરી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે, ત્યારબાદ દેશવિરતિ સર્વવિરતિને પામી શ્રેણીમાં ચડતો ચડતો ઘાતીકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન-કેવલદર્શનને પ્રાપ્ત કરે છે.

ધર્મરત્નની પ્રાપ્તિ આત્માને એમને એમજ થતી નથી અનંતી-અનંતી પુણ્યરાશીના ઉદય કાળે થાય છે. પ્રાપ્ત થયેલ ધર્મરત્ન પણ ત્યારે જ સફળ બને છે કે જ્યારે આત્મામાં પાયાના ગુણોનો વિકાસ થયો હોય. આ ગ્રંથમાં બતાવેલ ભૂમિશુદ્ધિરૂપ ૩૫ ગુણો ત્યારબાદ ધર્મની યોગ્યતા માટે પાયાસ્વરૂપ ૨૧ ગુણોની પ્રાપ્તિ આવે ત્યારે આત્મા દ્રવ્યશ્રાવકધર્મને પામવા માટે લાયક બને છે. અને ત્યારબાદ ભાવશ્રાવક ધર્મ પામવા માટે શ્રાવકના ક્રિયાગત ૬ લક્ષણો અને ભાવગત ૧૭ લક્ષણો આવે ત્યારે સાધુધર્મ પામવા માટે લાયક બને છે. આ બધા ગુણોનું વર્ણન શ્રીધર્મરત્ન પ્રકરણમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે. આમ ગુણ વગરની જૈનશાસનની પ્રાપ્તિ એ વાસ્તવિક પ્રાપ્તિ નથી.

કલિકાલસર્વજ્ઞ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગશાસ્ત્રના પ્રથમપ્રકાશના અન્તે આવા ૩૫ ગુણોવાળો આત્મા ગૃહસ્થધર્મ પામવા માટે લાયક બને છે તેમ જણાવી ૩૫ ગુણોના નામવાળા ૧૦ શ્લોકો બતાવ્યા છે આજ વાત ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાં શ્રીમુનિસુવ્રતસ્વામી પ્રભુની દેશનામાં બતાવેલ છે.

આ ગુણો ઉપર કલિકાલ સર્વજ્ઞ પ્રભુએ સ્વોપજ્ઞવૃત્તિની રચના પણ કરી છે. તે જ આધારને પામીને પૂ.ઉપા.શ્રી જિનમંડન ગણિવરે આ ૩૫ ગુણો ઉપર વિસ્તૃત વૃત્તિ કથા આદિ સહિતની રચના કરવા દ્વારા ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. આજ ગ્રંથનો પ્રાથમિક પરિચય પ્રથમાવૃત્તિની પ્રસ્તાવનામાં આપેલ હોવાથી પિષ્ટપેષણ ન કરતા તે વાંચી જવાથી ખ્યાલ આવશે તો વિદ્વદ્વર્ય આચાર્ય મહારાજશ્રી વિજય યોગતલિકસૂરિજી મ.ની "પાયાની વાત" વાળી પ્રસ્તાવના વાંચીને વિચારીને પછી જ જો આ ગ્રંથ વાંચવામાં આવે તો ગ્રંથના હાર્દને પામવામાં ખૂબ જ સાનુકુળના રહે તેવું છે કારણ કે આ ગ્રંથમાં કેટલીકવાતો અનુવાદપરક છે તો કેટલીકવાતો વિધિપરક છે તેનો ભેદ સમજી જે રીતે આત્મહિત થાય તે રીતે જ પ્રયત્ન કરવો જોઈએ.

આ ગ્રંથમાં આ ૩૫ ગુણોને ચાર વિભાગમાં વહેંચી દેવામાં આવે તો તેને યાદ રાખવા પણ સહેલા પડે અને તેને કઈ રીતે જીવનમાં ઉતારવા તે પણ ખ્યાલ આવે તે માટે તેનો વિષયવિભાગ આ રીતે સામાન્યથી થઈ શકે.

## ચાર વિભાગ પ્રમાણે માર્ગાનુસારી ના ૩૫ ગુણોનો કોઠો

| ૧૧ કર્તવ્ય | ૮ દોષત્યાગ | ૮ ગુણગ્રહણ | ૮ સાધના |
|---|---|---|---|
| ૧. ન્યાય સંપન્નતા | ૬. અવર્ણવાદ ત્યાગ | ૪. પાપભીરુતા | ૨. શિષ્ટાચાર પ્રશંસા |
| ૩. ઉચિતવિવાહ | ૧૦. ઉપદ્રવવાળાસ્થાનનો ત્યાગ | ૨૧. ગુણપક્ષપાત | ૫. પ્રસિદ્ધ દેશાચારપાલન |
| ૭. ઉચિતઘર | ૧૧. નિંદ્યપ્રવૃત્તિત્યાગ | ૨૩. બલાબલવિચારણા | ૮. સત્સંગ |
| ૯.માત-પિતાનીપૂજા | ૧૮. ત્રિવર્ગ અબાધા | ૨૬. દીર્ઘદૃષ્ટિ | ૧૪. બુદ્ધિના આઠ ગુણ |
| ૧૨. ઉચિતવ્યય | ૨૦. મિથ્યાભિનિવેશ ત્યાગ | ૨૭. વિશેષજ્ઞતા | ૧૫. નિત્યધર્મશ્રવણ |
| ૧૩. ઉચિતવેશ | ૨૨. અદેશકાળચર્યા ત્યાગ | ૨૯. લોકવલ્લભ | ૨૮. કૃતજ્ઞતા |
| ૧૬. અજીર્ણે ભોજનત્યાગ | ૩૪. આંતર શત્રુજય | ૩૦. સલજ્જ | ૩૧. સદય |
| ૧૭. કાળે સાત્મ્યભોજન | ૩૫. ઇન્દ્રિયગુલામી ત્યાગ | ૩૨. સૌમ્યતા | ૩૩. પરોપકાર |
| ૧૯. અતિથિ-દીનની ભક્તિ | | | |
| ૨૪. વ્રતધારી-જ્ઞાનવૃદ્ધોની પૂજા | કોષ્ટકમાં ગુણની આગળ જે નંબરો આપેલા છે તે ગુણ નંબર છે. | | |
| ૨૫. પોષ્યપોષણ | | | |

આ ગ્રંથના સંપાદન સમયે આધાર તરીકે આપેલા શ્લોકોના આધારો ગોતવાની ખૂબ જ મેહનત કરી અને જેટલા આધારો પ્રાપ્ત થયા તે તે આધારો તે-તે શ્લોકોની સાથે નંબર પૂર્વક આપવા પ્રયત્ન કર્યો છે જેના આધાર સ્થાનો મળી શક્યા નથી તે શ્લોકોના નંબરો આપ્યા નથી આધારોની માહિતી પાછળ પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

આ ગ્રંથમાં આપવામાં આવેલ કથાઓ અમુક અમુક ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે તેમાં ક્યાંક નામાન્તર હોય ક્યાંય વિષયાન્તર હોય તેવું પણ છે. તે કથાઓ અકારાદિ ક્રમે અને સામાન્યથી ક્યા વિષય ઉપર અને કઈ સ્થિતિમાં છે તે જણાવવા પ્રયત્ન કર્યો છે.

*આ ગ્રંથમાં માર્ગાનુસારીના ૩૫ ગુણો પ્રાચીન ભવવિરહપદાંકિત યાકિનીમહત્તરા સુનુ પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મ. સાહેબે સંબોધપ્રકરણમાં બતાવ્યા છે. તે શ્લોકો છાયા-અનુવાદ સાથે સંબોધપ્રકરણમાંથી પરિશિષ્ટ - ૧ માં મૂકેલ છે.*

*આ ગ્રંથમાં આપેલ મૂળ શ્લોકોને અકારાદિ પરિશિષ્ટ -૨ માં બતાવેલ છે. આધાર તરીકે આપેલ ગ્રંથોની અકારાદી પરિશિષ્ટ-૩માં બતાવેલ છે. ગ્રંથકારે આપેલ શ્લોકોના આધારો શોધિને તે આધારોના નામો પરિશિષ્ટ-૪માં બતાવેલ છે. ગ્રંથગત વિશેષ નામો પરિશિષ્ટ-૫ માં બતાવેલ છે.* અન્ય અન્ય કર્તાઓએ પણ બીજા ઘણા ગ્રંથોમાં આ ગુણો આ રીતે કે અન્ય રીતે દર્શાવી ધર્મરત્નની પ્રાપ્તિ આવા ગુણો વિના નિરર્થક છે તેમ જણાવ્યું છે.

શ્રીવીરવિભુની ૫૦મી પાટે શ્રીસોમસુંદરસૂરિમ.સા. થયા. તેઓશ્રીના ઘણા શિષ્યો પૈકી આ ગ્રંથકર્તા પૂ.ઉપા.શ્રી જિનમંડનગણિવર વિદ્વાન્ શિષ્ય હતા. તેઓશ્રીને વિ.સં. ૧૪૬૬માં આચાર્યશ્રીએ તારંગામાં ઉપાધ્યાયપદ આપ્યું (જૈન પરં. ઇતિ ભા. ૩-પે-૪૪૫) તેઓશ્રીએ વિ.સં. ૧૪૨૯માં કુમારપાળ પ્રબંધ વિ.સં. ૧૪૯૯માં શ્રાદ્ધગુણવિવરણ અને ધર્મપરીક્ષા વગેરે ગ્રંથો બનાવ્યા હતા. પં. જિનહર્ષગણિ. તેઓશ્રીના ખાસ વિદ્યાશિષ્ય હતા.

આ પાંત્રીસ ગુણો ઉપર ઘણા પ્રવચનકાર મહાત્માઓના પ્રવચનના પુસ્તકો પણ પ્રકાશિત થયા છે. સૌપ્રથમ આ ૩૫ ગુણો ઉપર વડોદરા રાજ્યના નામદાર મહારાજા સાહેબ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડની ઇચ્છાનુસાર પૂજ્યપંન્યાસજી મહારાજથી દાનવિજયજી ગણિ (સકલાગમરહસ્યવેદી પૂ.આ.શ્રીદાનસૂરિમ.સા.) એ ટૂંકમાં વિવરણ વિ.સં. ૧૯૭૨માં કરેલ જે "જૈનધર્મના વ્યાખ્યાનો" નામના ભા.૧ પુસ્તકમાં ગુણ ૧થી ૭ સુધી અને ભા.૨માં ૮થી ૩૫ ગુણોનું સંક્ષિપ્ત વિવરણ પ્રકાશિત થયેલ.

આ શ્રાદ્ધગુણવિવરણ ગ્રંથ વિ.સં. ૨૦૬૨માં પૂજ્યપાદ આ.ભ.વિજયનરચન્દ્ર-સૂરીશ્વરજી મ.સા. પાસે વાંચતો હતો ત્યારે એક વિચાર સ્ફૂર્યો કે આ મૂળગ્રંથ અને ભાષાંતર બન્ને અલગ અલગ છે તો તે બન્નેનો સંયોગ કરી ટીકાનો અનુવાદ-ભાવાનુવાદ સહ પ્રકાશિત થાય તો ? અનુવાદ સાથે મૂળ ગ્રંથ હોય તો અનુવાદ વિશ્વસનીય બને અને પ્રવચનકાર મહાત્માઓને પણ સાનુકળ પડે.

આ વાત મેં મારા પરમ કલ્યાણમિત્ર પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી હેમપ્રભવિજયજી ગણિવરશ્રીને જણાવતા તેઓશ્રીએ મારાવડીલગુરુબંધુ અધ્યાત્મયોગી નમસ્કાર-મહામંત્રારાધનાનિષ્ઠ સ્વ. પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર સાહેબના પરમકૃપાપાત્ર અને પોતાના વડીલ ગુરુ બંધુ સૌજન્યમૂર્તિ અજોડ સમતાધારક પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રીવજ્રસેનવિજયજી ગણિવરશ્રીને વાત જણાવતા તેઓશ્રીએ મારા ઉપર મહાન ઉપકાર કરીને પોતાની નાદુરસ્ત તબીયતમાં અને શાસનના અનેકવિધકાર્યોની વ્યસ્તતામાં પણ પોતાના સહવર્તી મહાત્માઓ તથા સાધ્વીજી ભગવંતો પાસે વાક્યરચનામાં સામાન્ય ફેરફાર આદિ સાથે પ્રૂફ શુદ્ધિ વગેરે કરાવી આપેલ. તે ઉપકાર તેઓશ્રીનો ભૂલાય તેવો નથી. વિદૂષીરત્ના સાધ્વીજીશ્રી ચંદનબાલાશ્રીજી મ. નાદુરસ્ત તબીયતમાં ફાઇનલ પ્રૂફ જોઈ જે પણ યોગ્ય સુધારા- વધારા કરી આપેલ તે બદલ તેમની શ્રુતભક્તિની ભૂરિભૂરિ અનુમોદના.

મારા ભવોદધિતારક પરમારાધ્યપાદ પરમતારક ગુરુદેવ સ્વ. પૂજ્યપાદ આચાર્ય-ભગવંત શ્રીમદ્વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા મારા જ્ઞાનદાતા ગુરુદેવ વાત્સલ્યવારિધિ પૂજ્યપાદ આચાર્યદેવેશશ્રીમદ્વિજયનરચન્દ્રસૂરીશ્વરજી મ.સા. તથા મારી દીક્ષાદાતા ગુરુદેવ પ્રસિદ્ધ પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજયશ્રેયાંસપ્રભસૂરીશ્વરજીમ.સા.ની કૃપાબળે અને પ્રાચીન સાહિત્યોદ્ધારક પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્વિજય મુનિચંદ્રસૂરીશ્વરજીમ.સા. તથા મારા પરમકલ્યાણમિત્ર પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી હેમપ્રભવિજયજી ગણિવરશ્રીના માર્ગદર્શનથી આ સંપાદન કાર્ય થયું છે. જોકે આમા હું તો નિમિત્તમાત્ર જ છું ખરેખરા યશના ભાગીદાર તો મારા પરમકલ્યાણમિત્ર પંન્યાસજી મ.સા. છે. પ્રાન્તે આવા અનુપમ અદ્ભુત ગ્રંથના સંપાદન બદલ ભવવિરહપદની પ્રાપ્તિ થાય એ જ શુભાભિલાષા.

વિ. સં. ૨૦૬૫, વૈ.સુદ-૧૧<br>
શ્રીપાર્શ્વનાથ પ્રભુની છત્ર છાયા (વણા)<br>
૨૫૬૫મો શ્રીમહાવીરસ્વામી શાસન સ્થાપનાદિન

સુવિશાલગચ્છાધિપતિ પરમતારક ગુરુદેવ<br>
આચાર્ય દેવેશ શ્રીમદ્વિજયરામચન્દ્રસૂરીશ્વરજી<br>
મહારાજાનો વિનેય મુનિધર્મતિલકવિજય

॥ નમો નમઃ શ્રીગુરૂરામચન્દ્રસૂરયે ॥

## "भवदीयं भवद्भ्यः समर्पयामि"

સૂરિપ્રેમનાપ્રથમપટ્ટાલંકાર સુવિશાલગચ્છાધિપતિ વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના વિનેયરત્ન કલિકાલના ધન્નાઅણગાર સચ્ચારિત્રપાત્ર સ્વ. પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી કાંતિવિજયજી ગણિવરના સુવિનીત પટ્ટધરરત્ન વાત્સલ્યવારિધિ વર્ધમાનતપોનિધિ આશ્રિતગણહિતચિંતક પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય નરચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

આપના પુણ્યપસાયે જ્ઞાનયોગમાં યત્કિંચિત્ પ્રગતિ સાધી શક્યો છું. તેના જ ફળસ્વરૂપે આજે આ સંપાદિત શ્રીશ્રાદ્ધગુણવિવરણ સટીક સાનુવાદ આપના ૫૨ વર્ષીય નિર્મળ સંયમજીવનની અનુમોદનાર્થે

આપનું આપના કરકમલમાં સમર્પિત કરતાં ધન્યતા અનુભવું છે. એજ આપનો

ધર્મતિલક

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રાથમિક ભૂમિકા | ૧ |
| ૨. | શ્રાવક શબ્દનો શબ્દાર્થ | ૩ |
| ૩. | ધર્મોપદેશ સમયની ત્રણ યોગ્યતા | ૬ |
| ૪. | યોગ્યતા વિના ધર્મલાભદાયી ન થવાના કારણો | ૭ |
| ૫. | શ્રોતાના વાસિત-અવાસિત ઘટ દ્વારા યોગ્યતાના પ્રકારો | ૧૦ |
| ૬. | માર્ગાનુસારીના પાંત્રીશ ગુણોના નામ | ૧૩ |
| ૭. | **પહેલો ગુણ :- ન્યાયસંપન્નવૈભવનું વર્ણન** | ૧૬ |
| ૮. | નંદિષેણ રાજકુમારની કથા | ૧૭ |
| ૯. | રંક શેઠની કથા | ૨૪ |
| ૧૦. | વ્યવહાર શુદ્ધિની મુખ્યતાનું વર્ણન | ૨૭ |
| ૧૧. | વંચક શેઠની કથા | ૩૦ |
| ૧૨. | દેવદ્રવ્ય સંબંધી ધન ઉપર બુદ્ધિ ન બગાડવી | ૩૩ |
| ૧૩. | રામરાજ્યમાં કુતરાની કથા | ૩૪ |
| ૧૪. | શુદ્ધવ્યવહારના ચારપ્રકારો | ૩૬ |
| ૧૫. | ચોરના પ્રકાર-ભેદોનું વર્ણન | ૩૭ |
| ૧૬. | કેવા પ્રકારનો વ્યાપાર કરાય અને કેવા પ્રકારનો ન કરાય તેનું વર્ણન | ૪૦ |
| ૧૭. | વિદ્યા-લક્ષ્મી-કીર્તિ-બુદ્ધિ કોને કોને અનુસરે છે ? | ૪૧ |
| ૧૮. | ધનશેઠની કથા | ૪૪ |
| ૧૯. | **બીજો ગુણ :- શિષ્ટાચાર પ્રશંસકનું વર્ણન** | ૪૭ |
| ૨૦. | સર્વત્ર નિંદાનો ત્યાગ અવશ્ય કરવો | ૪૮ |
| ૨૧. | ઉત્તમ પુરુષનું લક્ષણ | ૫૦ |
| ૨૨. | લોકાચાર આદિ ત્રણનું પાલન | ૫૪ |
| ૨૩. | એક ચિત્તીયા ધર્મપાલ વસુપાલની કથા | ૫૬ |
| ૨૪. | શિષ્ટાચાર પ્રશંસાથી બોધિબીજની પ્રાપ્તિ થાય તેનું વર્ણન | ૫૯ |

૨૫. ગુણાનુરાગી-ગુણદ્વેષી બે મુનિની કથા ૬૦
૨૬. **ત્રીજો ગુણ :- ઉચિતવિવાહનું વર્ણન** ૬૧
૨૭. આઠ પ્રકારના લગ્નનું સ્વરૂપ ૬૨
૨૮. વરરાજાના ગુણ/દોષોનું વર્ણન ૬૩
૨૯. કન્યાના ગુણ/દોષોનું વર્ણન ૬૫
૩૦. સુભદ્રાસતીની કથા ૬૭
૩૧. જાવડશાની કથા ૬૯
૩૨. વૃક્ષોની ઉપમા દ્વારા ચારપ્રકારના પુત્રોનું સ્વરૂપ ૭૧
૩૩. ઉત્તમસ્ત્રી એ કલ્પવૃક્ષ સમાન છે તેનું વર્ણન ૭૨
૩૪. અધમસ્ત્રીથી ઘરનાશ ઉપર શિવ-સાવિત્રીની કથા ૭૬
૩૫. સ્ત્રી રક્ષણના ઉપાયો ૭૮
૩૬. **ચોથો ગુણ :- પાપભીરુતાનું વર્ણન** ૮૦
૩૭. પાપભીરુતા ઉપર વિમલની કથા ૮૧
૩૮. **પાંચમો ગુણ :- પ્રસિદ્ધ દેશાચાર પાલનનું વર્ણન** ૮૫
૩૯. દેશવિરુદ્ધ અને લોકવિરુદ્ધ કાર્યોનું વર્ણન ૮૫
૪૦. લોકાચાર વિરુદ્ધ વર્તનાર મનુષ્યની દશા ૮૭
૪૧. **છઠ્ઠો ગુણ :- નિંદાત્યાગનું વર્ણન** ૮૯
૪૨. સુંદરશેઠ વૃદ્ધબ્રાહ્મણીની કથા ૯૦
૪૩. બીજાની નિંદા કરવાથી કેવા ફળ પ્રાપ્ત થાય તેનું વર્ણન ૯૨
૪૪. મહાસતીસીતાજીનો પૂર્વભવ ૯૩
૪૫. **સાતમો ગુણ :- ઉચિત ગુણનું વર્ણન** ૯૫
૪૬. ઘર ક્યાં અને કેવું બનાવવું જોઈએ તેનું વર્ણન ૯૫
૪૭. ઘર ઉપર ક્યા વૃક્ષો આદિની છાયા અશુભ છે ? તેનું વર્ણન ૯૬
૪૮. ઘર બનાવવામાં કયા લાકડા-પાષાણ આદિ ન વપરાય તેનું વર્ણન ૯૮
૪૯. દુષ્ટ પાડોશી ઉપર અંબિકા સતીનું કથાનક ૧૦૨
૫૦. **આઠમો ગુણ :- સત્સંગનું વર્ણન** ૧૦૫
૫૧. સત્સંગ-કુસંગનું વર્ણન ૧૦૫
૫૨. બે પોપટની કથા ૧૦૬
૫૩. સત્સંગ-કુસંગ ઉપર પ્રભાકરની કથા ૧૦૭

| | |
|---|---|
| ૫૪. **નવમોગુણ :- માતા-પિતાની પૂજાનું વર્ણન** | ૧૧૭ |
| ૫૫. જૈનેતર શાસ્ત્રદ્વારા માતાના ઉપકારની મહત્તા | ૧૧૭ |
| ૫૬. જૈનાગમ દ્વારા માતા-પિતાના ઉપકારની મહત્તા | ૧૧૯ |
| ૫૭. માતા-પિતાના ઉપકાર ઉપર પ્રભુવીરનું દૃષ્ટાંત | ૧૨૦ |
| ૫૮. માતાના ઉપકાર ઉપર આર્યરક્ષિતસૂરિનું દૃષ્ટાંત | ૧૨૧ |
| ૫૯. ગુરુ-માતા-પિતા-ભાઈ કેટલા પ્રકારના | ૧૨૨ |
| ૬૦. **દશમોગુણ :- ઉપદ્રવવાળા સ્થાનત્યાગનું વર્ણન** | ૧૨૪ |
| ૬૧. કેવા પ્રકારના દેશમાં વસવું જોઈએ ? તેનું વર્ણન | ૧૨૪ |
| ૬૨. નિર્વિચાર રાજાની કથા | ૧૨૫ |
| ૬૩. કેવા પ્રકારના દેશનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ ? | ૧૨૭ |
| ૬૪. **અગ્યારમો ગુણ :- નિંદ્ય પ્રવૃત્તિનો ત્યાગનું વર્ણન** | ૧૨૮ |
| ૬૫. મૃત્યુના ચાર દ્વારોનું વર્ણન | ૧૨૯ |
| ૬૬. કઈ કઈ વસ્તુઓ કોઈપણ જન્મમાં પ્રાપ્ત ન થાઓ ? | ૧૩૨ |
| ૬૭. આરોગ્યદ્વિજની કથા | ૧૩૩ |
| ૬૮. ધનથી-સ્ત્રીથી પણ આત્માનું રક્ષણ કરવું જોઈએ | ૧૩૭ |
| ૬૯. કયુ કાર્ય કેટલા ટાઈમે કરેલું કેવું ફળ આપે ? | ૧૩૯ |
| ૭૦. **બારમો ગુણ :- ઉચિત વ્યયનું વર્ણન** | ૧૪૧ |
| ૭૧. આય-વ્યય કોને કહેવાય ? અને કેવી રીતે કરવો જોઈએ ? | ૧૪૧ |
| ૭૨. ધનના ચાર ભાગીદાર કયા કયા ? | ૧૪૩ |
| ૭૩. કોટાકોટી સુવર્ણના માલિક એવા કૃપણ (કંજુસ) શેઠની કથા | ૧૪૩ |
| ૭૪. આય મુજબ વ્યય ન કરનાર કેવા ફળ પામે ? | ૧૪૭ |
| ૭૫. તેજપાલના ઘરમંદિરમાં પુણ્યકાર્યનો ખર્ચ કેટલો હતો ? | ૧૪૮ |
| ૭૬. **તેરમો ગુણ :- ઉચિતવેષનું વર્ણન** | ૧૪૯ |
| ૭૭. વૈભવાનુસાર વેષ ન રાખવામાં કેવા કેવા નુકશાન થાય ? | ૧૪૯ |
| ૭૮. કર્ણદેવરાજાના પૂજાસમયના વસ્ત્રો / અલંકારોનું વર્ણન | ૧૫૦ |
| ૭૯. **ચૌદમો ગુણ :- ઉચિત પ્રજ્ઞાનું વર્ણન** | ૧૫૧ |
| ૮૦. બુદ્ધિના આઠ ગુણનું વર્ણન | ૧૫૧ |
| ૮૧. ઉચિતપ્રજ્ઞામાં નારદ-પર્વત-વસુરાજાની કથા | ૧૫૩ |
| ૮૨. **પંદરમો ગુણ :- નિત્ય ધર્મશ્રવણમાં તત્પરનું વર્ણન** | ૧૫૬ |
| ૮૩. ધર્મશ્રવણના અભાવ નુકશાન ઉપર નંદમણિકારની કથા | ૧૫૬ |

| | |
|---|---|
| ૮૪. તત્ત્વશ્રવણના લાભો | ૧૫૮ |
| ૮૫. ધર્મશ્રવણ ઉપર સુદર્શન શેઠની કથા | ૧૫૯ |
| **૮૬. સોળમો ગુણ :- અજીર્ણે ભોજન ત્યાગનું વર્ણન** | ૧૬૪ |
| ૮૭. અજીર્ણના લક્ષણો | ૧૬૪ |
| ૮૮. ક્યારે ભોજન કરવું અને ક્યારે ભોજન ન કરવું તેનું વર્ણન | ૧૬૫ |
| **૮૯. સત્તરમો ગુણ :- સમયે સાત્મ્ય ભોજનનું વર્ણન** | ૧૬૬ |
| ૯૦. ક્યારે કરેલું ભોજન અમૃતમય કે ઝેરમય થાય ? | ૧૬૬ |
| ૯૧. ક્યારે ભોજન કરવું જોઈએ | ૧૬૭ |
| ૯૨. રાત્રિભોજન કરવાથી કયા કયા દોષો લાગે ? | ૧૬૮ |
| ૯૩. ધર્માત્માએ ક્યારે ભોજન કરવું અને ક્યારે ન કરવું જોઈએ ? | ૧૬૯ |
| **૯૪. અઢારમો ગુણ :- ત્રિવર્ગ સાધનાનું વર્ણન** | ૧૭૩ |
| **૯૫. ઓગણીસમો ગુણ :- અતિથિ-સાધુ-દીનની સેવા** | ૧૭૬ |
| ૯૬. અતિથિ-સાધુ-અભ્યાગત કોને કોને કહેવાય ? તેનું વર્ણન | ૧૭૬ |
| ૯૭. શ્રાવકે કેવા ક્ષેત્રમાં વસવું જોઈએ ? | ૧૭૭ |
| ૯૮. સુપાત્રને કેવા ભાવથી દાન કરવું જોઈએ ? | ૧૭૮ |
| ૯૯. અલ્પ પણ અતિથિદાનના લાભ ઉપર સુધન શેઠની કથા | ૧૭૯ |
| ૧૦૦. નવપ્રકારના ઔચિત્યનું વર્ણન | ૧૮૩ |
| ૧૦૧. પિતા સંબંધી ઔચિત્યનું વર્ણન | ૧૮૩ |
| ૧૦૨. માતા સંબંધી ઔચિત્યનું વર્ણન | ૧૮૫ |
| ૧૦૩. ભાઈ સંબંધી ઔચિત્યનું વર્ણન | ૧૮૫ |
| ૧૦૪. પત્ની સંબંધી ઔચિત્યનું વર્ણન | ૧૮૬ |
| ૧૦૫. પુત્ર સંબંધી ઔચિત્ય વર્ણન | ૧૮૭ |
| ૧૦૬. સ્વજન સંબંધી ઔચિત્યનું વર્ણન | ૧૮૯ |
| ૧૦૭. ધર્માચાર્ય (ગુરુજન) સંબંધી ઔચિત્યનું વર્ણન | ૧૯૦ |
| ૧૦૮. નગરજન સંબંધી ઔચિત્યનું વર્ણન | ૧૯૧ |
| ૧૦૯. જૈનેતર સંબંધી ઔચિત્યનું વર્ણન | ૧૯૪ |
| ૧૧૦. ઉચિત આચરણના ફળનું વર્ણન | ૧૯૫ |
| ૧૧૧. વીરપ્રભુનું ગૃહસ્થાવસ્થામાં માત-પિતા સંબંધી ઔચિત્યનું પાલન | ૧૯૬ |
| ૧૧૨. દાનધર્મ ઉપર શાલિવાહન રાજા અને ભિલ્લની કથા | ૧૯૭ |

૧૧૩. **વીસમો ગુણ :- મિથ્યાભિનિવેશ ત્યાગનું વર્ણન** ૧૯૯
૧૧૪. દુરાગ્રહી અને કદાગ્રહી પુરુષનું વર્ણન ૧૯૯
૧૧૫. **એકવીસમો ગુણ :- ગુણપક્ષપાતનું વર્ણન** ૨૦૧
૧૧૬. ગુણપક્ષપાત ઉપર રામચન્દ્ર-લક્ષ્મણજીની કથા ૨૦૧
૧૧૭. **બાવીસમો ગુણ :- અદેશ-અને અકાલ ચર્યાત્યાગનું વર્ણન** ૨૦૪
૧૧૮. અદેશ કયા કયા ? તેનું વર્ણન ૨૦૪
૧૧૯. કુમિત્ર ઘુવડની સોબત ઉપર હંસની કથા ૨૦૫
૧૨૦. **ત્રેવીસમો ગુણ :- બલાબલની વિચારણાનું વર્ણન** ૨૦૭
૧૨૧. બુદ્ધિબળ ઉપર કુમારદેવ મંત્રીની કથા ૨૦૮
૧૨૨. **ચોવીશમો ગુણ :- જ્ઞાનવૃદ્ધ-ચારિત્રપાત્રની સેવાનું વર્ણન** ૨૧૨
૧૨૩. જ્ઞાનવૃદ્ધનું વર્ણન ૨૧૨
૧૨૪. સાધુ સેવાથી ઉત્તમ ફળ પ્રાપ્ત કરનાર કપર્દિશેઠની કથા ૨૧૩
૧૨૫. **પચ્ચીસમો ગુણ :- પોષ્ય પોષણનું વર્ણન** ૨૧૫
૧૨૬. અત્યંત લોભવશ પોષ્યનું પોષણ ન કરવામાં થતાં નુકશાનનું વર્ણન ૨૧૫
૧૨૭. અત્યંત લોભી સાગર શેઠની કથા ૨૧૬
૧૨૮. **છવ્વીસમો ગુણ :- દીર્ઘદર્શીનું વર્ણન** ૨૨૦
૧૨૯. દીર્ઘદર્શીતા ઉપર ધનશેઠની કથા ૨૨૦
૧૩૦. **સત્યાવીસમો ગુણ :- વિશેષજ્ઞતાનું વર્ણન** ૨૨૪
૧૩૧. ખાડીના ગંદા પાણીને સુગંધી કરનાર સુબુદ્ધિમંત્રીની કથા ૨૨૫
૧૩૨. આત્માના ગમનાગમનને જાણવાના છ લક્ષણો ૨૨૭
૧૩૩. વિશેષજ્ઞતા ઉપર સાગરદત્ત શેઠની કથા ૨૨૮
૧૩૪. **અઠ્યાવીસમો ગુણ :- કૃતજ્ઞતાનું વર્ણન** ૨૩૪
૧૩૫. કૃતજ્ઞતા ઉપર જિતારી રાજાની કથા ૨૩૫
૧૩૬. કૃતજ્ઞ પુરુષ ધર્મવિરુદ્ધ પ્રવૃત્તિનો ત્યાગ કરે ૨૩૮
૧૩૭. **ઓગણત્રીસમો ગુણ :- લોકવલ્લભનું વર્ણન** ૨૪૦
૧૩૮. લોકવલ્લભ ન હોય તે સ્વ-પર ધર્મનાશક બને ૨૪૦
૧૩૯. આલોક-પરલોક-ઉભયલોક વિરુદ્ધ કાર્યોનું વર્ણન ૨૪૧
૧૪૦. લોકવલ્લભતા ઉપર અભયકુમાર મંત્રીની કથા ૨૪૨
૧૪૧. **ત્રીસમો ગુણ :- સલજ્જનું વર્ણન** ૨૫૦
૧૪૨. સર્વગુણજનની લજ્જાનું વર્ણન ૨૫૦

| | |
|---|---|
| ૧૪૩. લજ્જા ઉપર આંબડદેવની કથા | ૨૫૧ |
| ૧૪૪. **એકત્રીસમો ગુણ :- સદયનું વર્ણન** | ૨૫૪ |
| ૧૪૫. દયા-અહિંસા આદિનું વર્ણન | ૨૫૫ |
| ૧૪૬. દયા ઉપર વિક્રમાદિત્ય રાજાની કથા | ૨૫૫ |
| ૧૪૭. **બત્રીશમો ગુણ :- સૌમ્યનું વર્ણન** | ૨૬૦ |
| ૧૪૮. ચોર પ્રત્યે સૌમ્યતા ઉપર વીરધવલ રાજાની કથા | ૨૬૧ |
| ૧૪૯. ક્રૂરતા ઉપર લક્ષ્મણસેન રાજાની કથા | ૨૬૨ |
| ૧૫૦. **તેત્રીશમો ગુણ :- પરોપકારિતાનું વર્ણન** | ૨૬૬ |
| ૧૫૧. અપકારી-પરોપકારી પુરુષનું વર્ણન | ૨૬૬ |
| ૧૫૨. ઉપકારના બે ભેદોનું વર્ણન | ૨૬૮ |
| ૧૫૩. પરોપકાર ઉપર વિક્રમાદિત્ય રાજાની કથા | ૨૬૯ |
| ૧૫૪. પરોપકાર ઉપર વિક્રમરાજાની કથા | ૨૭૦ |
| ૧૫૫. અચેતન પદાર્થો પણ ઉપકાર કરે છે તો સચેતનની તો શું વાત કરવી ? | ૨૭૧ |
| ૧૫૬. દ્રવ્યોપકાર ઉપર ભરતરાજાની (રામશેખરદેવ) કથા | ૨૭૨ |
| ૧૫૭. ભરતરાજાના પૂર્વભવની વૈરાગ્યોત્પાદક કથા | ૨૭૭ |
| ૧૫૮. **ચોત્રીશમો ગુણ :- અંતરંગ શત્રુનું વર્ણન** | ૨૮૯ |
| ૧૫૯. બાહ્ય - અંતરંગ શત્રુનું વર્ણન | ૨૯૦ |
| ૧૬૦. લોભી મનુષ્યની વિવિધ ચેષ્ટાઓનું વર્ણન | ૨૯૨ |
| ૧૬૧. આઠમદનું વર્ણન | ૨૯૭ |
| ૧૬૨. **પાંત્રીશમો ગુણ :- જિતેન્દ્રિયત્વનું વર્ણન** | ૩૦૨ |
| ૧૬૩. વશીકૃત-અવશીકૃત ઇન્દ્રિયોનું વર્ણન | ૩૦૨ |
| ૧૬૪. પ્રશસ્તિ | ૩૦૭ |
| ૧૬૫. પરિશિષ્ટ-૧ | ૩૦૯ |
| ૧૬૬. પરિશિષ્ટ-૨ | ૩૧૨ |
| ૧૬૭. પરિશિષ્ટ-૩ | ૩૧૬ |
| ૧૬૮. પરિશિષ્ટ-૪ | ૩૧૭ |
| ૧૬૯. પરિશિષ્ટ-૫ | ૩૧૯ |

# ગ્રંથગત કથાઓની અનુક્રમણિકા



| અનુ. | ગુણ નં. | કથાનું નામ | ભાષા | ગદ્ય પદ્ય | પેજ | વિષય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૯ | અભયકુમાર મન્ત્રિની કથા | સં/પ્રા. | ચમ્પુ. | ૨૪૨ | શ્રેણિકને ચેલણા-કુલટાની શંકા, એક દંડિયો મહેલ, અન્તે અભયકુમારની દીક્ષા |
| ૨ | ૭ | અંબિકાની કથા | સં. | ગદ્ય | ૧૦૨ | ખરાબ પાડોશીની સંગતના ફળ ઉપર |
| ૩ | ૩૦ | આંબડ દેવની કથા | સં. | ગદ્ય. | ૨૫૧ | લજ્જાળુ હાર્યો છતાં પુનઃ યુદ્ધ જીત્યો |
| ૪ | ૧૧ | આરોગ્યદ્વિજની કથા | સં. | ચમ્પુ. | ૧૩૩ | ધર્મ ઉપર અડગ શ્રદ્ધા/આવેલ રોગને સમભાવે સહન |
| ૫ | ૯ | આર્યરક્ષિતસૂરિની કથા | સં. | ગદ્ય | ૧૨૧ | માતાની ભક્તિ ઉપર |
| ૬ | ૧૨ | કદર્યશેઠની કથા | સં. | ગદ્ય | ૧૪૩ | મહાકૃપણ, અલ્પદાનનું મહાફળ, જન્મેલ બાલકનું બોલવું |
| ૭ | ૨૪ | કપર્દિશ્રેષ્ઠની કથા | સં. | ગદ્ય | ૨૧૩ | ગુરુસેવાથી અનન્યલાભની પ્રાપ્તિ |
| ૮ | ૧ | કુતરાની કથા | સં. | પદ્ય | ૩૪ | ભૂલથી દેવદ્રવ્ય ખવાય તો શું પરિણામ આવે ? |
| ૯ | ૨૩ | કુમારદેવની કથા | સં. | ગદ્ય | ૨૦૮ | બુદ્ધિ દ્વારા યુદ્ધ અટકાવી રાજાને રવાના કાર્યો |
| ૧૦ | ૨ | ગુણાનુરાગી-ગુણદ્વેષી બે મુનિની કથા | ગુ. | X | ૬૦ | ગુણાનુરાગ-ગુણદ્વેષ લાભ-નુકશાન કર્તા |
| ૧૧ | ૨ | એકચિત્તીયા મિત્રોની કથા | સં. | પદ્ય | ૫૬ | પૂર્વભવના સંસ્કારોના લીધે બોધિ-અબોધિ |
| ૧૨ | ૩ | જાવડશાની કથા | સં. | ચમ્પુ. | ૬૯ | પિતાની જિર્ણોદ્ધારની ઇચ્છા પૂર્ણ કરી. |
| ૧૩ | ૨૮ | જિતારિનૃપ કથા | સં/પ્રા. | ચમ્પુ. | ૨૩૭ | ક્ષીરામલક દાતા ભીલનો મહાન ઉપકાર માન્યો. |
| ૧૪ | ૧ | ધનશ્રેષ્ઠીની કથા | સં. | ગદ્ય | ૪૪ | રૂપિયા ૯૯ લાખથી વધતા નથી અંતે કેવલી બની મોક્ષે |
| ૧૫ | ૨૬ | ધનશ્રેષ્ઠીની કથા | સં. | ગદ્ય | ૨૨૦ | દીર્ઘદર્શિતાને લીધે પરિવારને ઉન્માર્ગે જતા બચાવ્યો |
| ૧૬ | ૧૪ | નંદ મણિકારની કથા | સં. | ગદ્ય | ૧૫૮ | ધર્મશ્રવણ વિના પ્રાપ્ત ધર્મ હારી જવાથી દેડકા સ્વરૂપે બનેલા |
| ૧૭ | ૧ | નંદિષેણ રાજકુમારની કથા | સં. | ગદ્ય | ૧૭ | પૂર્વભવ-વર્તમાન દીક્ષાગ્રહણ વેશ્યા વશ ઇત્યાદિ |
| ૧૮ | ૧૩ | નારદ-પર્વત વસુરાજાની કથા | સં. | ચમ્પુ. | ૧૫૫ | જ્યાં કોઈ ન જુવે ત્યાં બકરો મારવો અંતે સ્વર્ગે/નરકે. |
| ૧૯ | ૧૦ | નિર્વિચારક રાજાની કથા | સં. | ગદ્ય | ૧૨૫ | પાપભીરુને ડગલે પગલે સિદ્ધિઓ મળે છે |
| ૨૦ | ૪ | પાપભીરુ વિમલની કથા | સં. | ગદ્ય | ૮૧ | પિતાની શિખામણ-સારા-ખોટાની સોબત ઉપર |
| ૨૧ | ૮ | પ્રભાકરની કથા | સં. | ચમ્પુ. | ૧૦૮ | અંધેરીનગરને ગંડુરાજા જેવી આ વાર્તા છે. |
| ૨૨ | ૯ | પ્રભુવીરની કથા | સં. | ગદ્ય | ૧૨૦ | દેવાનંદાના સ્તનમાંથી દૂધ ઝરવું. દીક્ષા ૧૧ અંગ પઠન મોક્ષ |
| ૨૩ | ૮ | બે પોપટની કથા | સં. | પદ્ય | ૧૨૫ | એક જ માતાના સંતાનમાં પણ કેટલો ફરક. |
| ૨૪ | ૩૩ | ભરત રાજાની કથા | સં. | પદ્ય | ૨૮૦ | રામશેખરદેવ દ્વારા ગુટિકગ્રહણ-પરોપકારિતા. |
| ૨૫ | ૧ | રંક શેઠની કથા | સં. | ગદ્ય | ૨૪ | અતિલોભ કાર્પટિકની વસ્તુ લેવી. વલ્લભીભંગ. |
| ૨૬ | ૨૧ | રામ-લક્ષ્મણની કથા | સં. | ગદ્ય | ૨૦૧ | શુદ્ધ સમ્યક્ત્વી વજ્રકર્ણને સહાય કરી. |
| ૨૭ | ૩૨ | લક્ષ્મણસેન રાજાની કથા | સં. | ચમ્પુ. | ૨૬૨ | નીચગામી રાજાને શિખામણ-મરણાન્તપરીક્ષામાં પાસ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૮ | ૧ | વંચક શેઠની કથા | સં. | ગદ્ય | ૩૦ | ધંધામાં ખોટું કરવું પુત્ર વધુના વચનથી સાચુ અંતે હેલા |
| ૨૯ | ૩૧ | વિક્રમાદિત્યની કથા | સં. | ચમ્પુ. | ૨૫૫ | દેવો દ્વારા રાજાની દયાળુતાની પરીક્ષા |
| ૩૦ | ૩૩ | વિક્રમરાજાની કથા | સં/પ્રા. | ચમ્પુ. | ૨૭૭ | બુદ્ધિશાળી ભિક્ષુને મોટું દાન આપ્યું. |
| ૩૧ | ૩૩ | વિક્રમરાજાની કથા | સં. | ચમ્પુ. | ૨૭૮ | પરોપકારી રાજાએ ચિત્રવેલી/કામધેનુ ગાય પણ આપી દીધી |
| ૩૨ | ૩૨ | વીરધવલરાજાની કથા | સં. | ગદ્ય | ૨૬૧ | અપરાધી ઉપર પણ કરુણા, પગની વિંટીનું દાન |
| ૩૩ | ૬ | વૃદ્ધબ્રાહ્મણીની કથા | સં. | ગદ્ય | ૯૦ | બીજાની નિંદાથી ભયંકર રીતે દુઃખી બની |
| ૩૪ | ૧૯ | શાલિવાહન રાજા-ભિલ્લની કથા | સં. | ગદ્ય | ૧૯૭ | જંગલમાં ભીલ્લે સાથવાનુંદાન બદલાયમાં ૯ કરોડનો માલિક |
| ૩૫ | ૩ | શિવસાવિત્રી કથા | સં. | ગદ્ય | ૭૬ | કલહકારી પત્નીથી ભવ બગડે છે વ્યંતરોપણ પરાભવ પામે છે. |
| ૩૬ | ૨૫ | સાગર શેઠની કથા | સં. | ગદ્ય | ૨૧૬ | લોભાન્ધ શેઠ અંતે દરિયામાં ગરકાવ થયો. |
| ૩૭ | ૨૭ | સાગરદત્ત મંત્રીની કથા | સં. | ગદ્ય | ૨૨૮ | જાતિસ્મરણથી સ્ત્રીવિરક્ત અંતે પત્ની દ્વારા રાગી કરાયો. |
| ૩૮ | ૬ | સીતાજીના પૂર્વભવની કથા | સં. | ગદ્ય | ૯૩ | ખોટું આળ આપવાથી સ્વયંને ભોગવવું પડે છે. |
| ૩૯ | ૧૫ | સુદર્શન શેઠની કથા | સં. | પદ્ય | ૧૬૧ | ધર્મશ્રવણનો રાગ, અર્જુનમાળીનો ઉપદ્રવ અંતે મોક્ષે |
| ૪૦ | ૧૯ | સુધન શેઠની કથા | સં. | ગદ્ય | ૧૭૯ | મહાત્માને આપેલું દાન, પથ્થર રત્નો બની ગયો. |
| ૪૧ | ૨૭ | સુબુદ્ધિ મંત્રીની કથા | સં. | ગદ્ય | ૨૨૫ | ગટરના ગંદા પાણી દ્વારા રાજાને પ્રતિબોધ |
| ૪૨ | ૩ | સુભદ્રા સતીની કથા | સં. | પદ્ય | ૬૭ | શીલ ઉપર ખોટું કલંક આવ્યું છતાં શીલબળે શુદ્ધ બની |
| ૪૩ | ૨૨ | હંસ-ઘુવડની કથા | સં. | ગદ્ય | ૨૦૫ | અયોગ્ય સાથે કરેલ મૈત્રી મરણ આપે. |

— આટલા ગુણો ઉપર કથા છે
૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩ = ૨૮

— આટલા સાત ગુણો ઉપર કથાઓ નથી,
૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૩૪, ૩૫,

— કથાઓ ગદ્યમાં-૨૫, પદ્યમાં-૬, ચમ્પુ.માં ૧૦ (ગદ્ય-પદ્યમીશ્રિત) છે.

नमामि वीरं गिरिसारधीरम् ।
श्रीमद्विजयरामचन्द्रसूरीश्वरपादपद्मेभ्यो नमः ।

परमर्षिः श्रीजिनमण्डनगणिविरचितम्

# श्रीश्राद्धगुणविवरणम्

**प्रणम्य श्रीमहावीरं, केवलज्ञानभास्करम् ।**
**वच्मि कञ्चन सुश्राद्ध,-धर्मं शर्मैककारणम् ॥१॥**

**શબ્દાર્થ–કેવલજ્ઞાને કરી સૂર્ય સમાન શ્રીમહાવીરસ્વામી ભગવાનને નમસ્કાર કરીને સુખના એક (અદ્વિતીય) કારણરૂપ શુદ્ધ શ્રાવકધર્મનું કાંઈક (સંક્ષિપ્તરૂપમાં) વર્ણન કરું છું. ૧**

**ભાવાર્થ**–શ્રમણભગવાન શ્રીમહાવીરસ્વામીએ મોક્ષના સાધનભૂત બે પ્રકારનો ધર્મ કહ્યો છે તેમાં એક સાધુધર્મ અને બીજો ગૃહસ્થધર્મ. તેમાંથી આ ગ્રંથકારશ્રી જિનમંડનગણી સાધુધર્મ માટે ન કહેતાં પ્રથમ પાયારૂપ ગૃહસ્થધર્મ હોવાથી તથા ગૃહસ્થ-ધર્મ સાધુધર્મથી સરલ અને સુસાધ્ય હોવાથી પ્રથમ તે ધર્મનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરે છે. પ્રતિજ્ઞા કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે હું સંક્ષેપમાં શ્રાવકોના ગુણોનું વર્ણન કરું છું. આમ કહેવાનું કારણ ઉપાસકદશાંગસૂત્ર–શ્રાવકપ્રજ્ઞપ્તિ–શ્રાવકધર્મવિધિપ્રકરણ–શ્રાવકદિનકૃત્ય-ધર્મબિન્દુ ધર્મરત્નપ્રકરણ–યોગશાસ્ત્ર–વગેરે બીજા અનેક ગ્રંથોમાં શ્રાવકોના ગુણોનું વર્ણન અતિવિસ્તાર પૂર્વક આપેલું છે. પરંતુ આકાલના મનુષ્યોને તેવા ગ્રંથો જોવાનું સામર્થ્ય અલ્પ હોવાથી તેમજ જ્ઞાનની ન્યૂનતા હોવાથી અલ્પ સમયમાં ઇચ્છિત બોધ પ્રાપ્ત થાય તેવા હેતુથી ગ્રંથકારશ્રી આ શ્રાદ્ધગુણવિવરણ ગ્રંથ સંક્ષેપમાં બનાવી રહ્યા છે.

મંગલાચરણમાં શ્રીવીરભગવાનને નમસ્કાર કરવાનું કારણ શાસનના નાયક છે માટે તથા એ ભગવાને બતાવેલા શ્રાવકના ગુણોનું આ ગ્રંથમાં વર્ણન છે, કારણ કે ભગવાન શ્રીઆદિનાથના સમયના શ્રાવકોમાં સરલતાનો ગુણ હતો. તેમજ બાવીસ

તીર્થંકર ભગવંતના સમયના શ્રાવકોમાં વિદ્વત્તા સાથે સરલતાના ગુણો હતા તેથી તેમને મુખ્યતાએ રાખીને આ ગ્રંથ રચવામાં આવ્યો નથી પણ ભગવાન શ્રીમહાવીરસ્વામીના સમયના શ્રાવકોના ગુણો કેવા હોવા જોઈએ, તે અત્રે દર્શાવ્યું છે. તેથી શ્રીવીર-ભગવાનને નમસ્કાર કર્યાનું સમજાય છે.

વ્યંગાર્થનો વિચાર કરતાં એમ પણ લાગે છે કે હાલના સુશ્રાવકોને પણ બાવીસ તીર્થંકર જેમના શ્રાવકોની ભગવંત પ્રાજ્ઞ અને ઋજુ થવાની ગ્રંથકારે ખાસ સૂચના કરી છે. આ શાસ્ત્રમાં વર્ણવેલા ગુણો પ્રાપ્ત કરી શ્રાવકોએ ઋજુ તથા પ્રાજ્ઞ થવું જોઈએ, પ્રાયે ઋજુપણું જન્મથી અને જ્ઞાનથી થઈ શકે છે અને પ્રાજ્ઞપણું સત્સંગથી સત્શાસ્ત્રના અધ્યયનથી શ્રવણ મનન નિદિધ્યાસનથી (અનુભવ કરવાથી) થાય છે. તો બીજાં અનેક કાર્યોથી વિરામ પામી જેનાથી મુનિમાર્ગ ન સધાતો હોય તેવા સુશ્રાવકોએ નિત્યકર્મ સાથે પોતાનામાં પ્રાજ્ઞપણું આવે તે માટેના અહોરાત્રિમાં અમુક કાલ નિયમિત કરી ઉપર દર્શાવેલા સાધનમાંથી જે સાધન મળી આવે તેનો ઉપયોગ કરી પોતાનામાં પ્રાજ્ઞપણું મેળવવા સતત પ્રયાસ કરવો ઉચિત છે. જ્યાં સુધી તેમ નહીં થાય ત્યાં સુધી કુળ પરંપરાથી પ્રાપ્ત થયેલું શ્રાવકપણું તે વાસ્તવિક શ્રાવકપણું ગણાશે નહીં, એટલું જ નહિં એ દેખાદેખીની ક્રિયાથી કષાયની મંદતા થઈ શ્રાવકપણાને યોગ્ય નિઃસ્પૃહતાથી થતો પરમાનંદ મળશે નહીં. મોક્ષમાં કેવો આનંદ હશે તેનો જેમને અનુભવ કરવો હોય તેમને શ્રાવકપણાને યોગ્ય સમતાથી પ્રાપ્ત થતા આનંદનો અનુભવ કરવો જોઈએ. એવો ગ્રંથકારશ્રીનો આશય હોય એમ સંભવે છે.

**जयश्रीसिद्धिदः साध्यो, गुरूक्तशुद्धमन्त्रवत् ।**
**सान्वर्थः सात्त्विकैर्धर्मो, विवेकिश्रावकोत्तमैः ॥२॥**

**શબ્દાર્થ—સાત્ત્વિક અને વિવેકી ઉત્તમ શ્રાવકોએ જયશ્રીની સિદ્ધિને આપનારો અને સાન્વર્થ (નામ પ્રમાણે ગુણ યુક્ત) એવો ધર્મ ગુરુકથિત શુદ્ધ મંત્રની જેમ સાધવા યોગ્ય છે. ૨**

**ભાવાર્થ**—આ સંસારમાં ધન-ધાન્યાદિક ઇચ્છિતવસ્તુઓ અને દિવ્યશક્તિઓ પ્રાપ્ત કરવા માટે મનુષ્યો સદ્ગુરુની સેવા કરે છે અને જ્યારે ગુરુ મહારાજ આવી સેવાથી પ્રસન્ન થાય છે, ત્યારે શિષ્યને તેની યોગ્યતાનુસાર તેની આશા પૂર્ણ કરવા માટે મંત્ર આપે છે, આવો મંત્ર પ્રાપ્ત કરી શિષ્ય તેનું આરાધન કરે છે અને પોતે ધારેલો લાભ મેળવે છે, તે જ પ્રમાણે ગ્રંથકારશ્રી કહે છે કે હે ભવ્ય પ્રાણીઓ ! જો તમારે મોક્ષ-સુખ મેળવવું હોય તો તમે ગુરુ મહારાજે બતાવેલા મંત્રની જેમ ધર્મનું આરાધન કરો, કે જેથી અવિનાશી એવું આત્મિક સુખ પ્રાપ્ત થાય.

સાત્ત્વિક કહેવાનું કારણ એ છે કે, મંત્ર સાધતાં જેમ ઉપસર્ગો થાય છે તેમ

ધર્મસાધનમાં પણ અનેક ઉપસર્ગો આવે છે, એવા વખતે નિઃસત્ત્વ પ્રાણી ગભરાઈને ધર્મથી ભ્રષ્ટ થાય છે. આને માટે શ્રાવકોમાં શ્રેષ્ઠ એવા આનંદ અને કામદેવાદિ સુશ્રાવકોના દૃષ્ટાન્તો પ્રસિદ્ધ છે, આ મહાશયોને ધર્મથી ભ્રષ્ટ કરવા માટે દેવોએ અનેક ઉપસર્ગો કર્યા છતાં તેઓએ ધર્મનો ત્યાગ કર્યો નહીં તો તેઓ સદ્ગતિના ભાજન થયા. તેમ જો તમો પણ દૃઢ ચિત્તથી ધર્મનું આરાધન કરશો તો તાત્કાલિક સદ્ગતિ અને પરંપરાથી મોક્ષસુખને મેળવી શકશો.

કદાચ કોઈ એમ કહે કે સાત્ત્વિકપણું લાવેલું આવતું નથી. તો તે વાત યોગ્ય નથી, કારણ કે આત્મામાં અનંત ગુણો છે, તે બધા તિરોભાવને પામેલા છે, એટલે તે આવરણથી અવરાયેલા છે, પુરુષાર્થ કરવાથી આવરણના ક્ષયોપશમ કે ક્ષય પ્રમાણે તે ગુણો પ્રગટ થાય છે. તેથી જ્યારે ઉપસર્ગ આવે ત્યારે વિચાર કરવો કે સાત્ત્વિક-માણસો ધર્મ સાધી શકે છે, મારામાં પણ તેવો ગુણ છે તો પ્રાણાન્તે પણ હું ધર્મને છોડીશ નહીં, અને આવા વખતે પૂર્વે થઈ ગયેલા મહર્ષિઓ અને સુશ્રાવકોએ કેવી દૃઢતાથી ધર્મ આરાધ્યો છે તે વિચારી પોતે નિઃસત્ત્વ થઈ ધર્મ નહીં છોડતાં સાત્ત્વિકપણાને અવલંબી રહેવું એવો ગ્રંથકારશ્રીનો આશય જણાય છે.

વિવેકવિના ધર્મ થઈ શકતો જ નથી, સદસદ્‌વિવેકની પ્રાપ્તિ થયા વિના આત્મજ્ઞાનનો સંભવ નથી, આત્મજ્ઞાન સિવાય સમ્યક્ત્વ નથી અને જો ચતુર્થ ગુણસ્થાન પ્રાપ્ત ન થયું હોય તો પછી શ્રાવકનું પંચમ ગુણસ્થાન તેની તો વાત જ શી કરવી ? તેથી ભવ્ય પ્રાણીઓએ સદસદ્વિવેક પ્રાપ્ત કરવા માટે સત્શાસ્ત્રો અને સદ્ગુરુનું સેવન કરવું અને જડ-ચૈતન્યનું સ્વરૂપ બરાબર સમજી પોતાનું કર્તવ્ય શું છે તે વિચારવું,આમ વિચાર કરતાં ગુરુમહારાજે બતાવેલા ધર્મનું આરાધન કરવાનું પોતાની મેળે સમજાશે અને તેથી જયશ્રીની સિદ્ધિને આપનારો ધર્મ શુદ્ધમંત્રની જેમ આરાધવા યોગ્ય છે, એમ અનુભવમાં આવશે.

તેમાં ગ્રંથકારશ્રી પ્રથમ શ્રાવકશબ્દનો અર્થ કહે છે–

**परलोअहियं सम्मं, जो जिणवयणं सुणेइ उवउत्तो ।**
**अइतिव्वकम्मविगमा, सुक्कोसो सावगो एत्थ ॥३॥ यद्वा–**

**श्रद्धालुतां श्राति शृणोति शासनं, धनं वपेदाशु वृणोति दर्शनम् ।**
**कृन्तत्यपुण्यानि करोति संयमं, तं श्रावकं प्राहुरमी विचक्षणाः ॥४॥**

**શબ્દાર્થ–જે ઉપયોગ પૂર્વક પરલોકમાં હિતકારી એવાં શ્રીજિનેશ્વર ભગવાનનાં વચનો સમ્યક્ પ્રકારે સાંભળે અને અતિતીવ્રકર્મોથી (કષાયથી) મૂકાયેલો હોય તે શ્રાવકનો અહિં અધિકાર સમજવો. (૩) અથવા**

**જે શ્રદ્ધાળુપણાને દઢ કરે, શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું શ્રવણ કરે, શુભક્ષેત્રમાં દ્રવ્યને શીઘ્ર વાવે જિનદર્શનને (સમ્યક્ત્વને) વરે, (આદરે) પાપોનો નાશ કરે અને સંયમ કરે (મન ઈંદ્રિયોને વશ કરે), તેને વિચક્ષણ પુરુષો શ્રાવક કહે છે. ૪**

**ભાવાર્થ**—આ ગ્રંથમાં કેવા પ્રકારના શ્રાવકનું વર્ણન છે તે ગ્રંથકારશ્રી કહે છે.

ચાર પ્રકારના શ્રાવકો શાસ્ત્રોમાં વર્ણવ્યા છે તે પૈકી અહીં નીચેના ગુણોવાળા એટલે કે ભાવ શ્રાવકોનો મુખ્યતાએ અધિકાર છે, કારણ કે કુલક્રમાગત જેમને શ્રાવકપણું પ્રાપ્ત થયું છે, તેઓ જ્યાં સુધી વ્રતાદિક ન લે ત્યાં સુધી નામ શ્રાવક કહી શકાય, અથવા કોઈ મનુષ્યનું નામ શ્રાવક હોય તેને પણ શ્રાવક કહેવાય અને તે પણ નામ-શ્રાવકમાં ગણાય, અહીંયા તેનું વર્ણન નથી. તેમજ ચિત્રામણ કે મૂર્તિમાં શ્રાવકપણું સ્થાપ્યું હોય તેનો પણ અહીંયા અધિકાર નથી, તેવી જ રીતે હવે પછી શ્રાવકપણું થનાર હોય તેનો પણ અહીં અધિકાર જણાતો નથી. અર્થાપત્તિથી ભાવશ્રાવકનો અધિકાર હોવાનું ભાસે છે.

પ્રથમ વિશેષણ **ઉપયોગપૂર્વક સાંભળનાર** એવું છે. ખરેખર આ વિશેષણ પ્રમાણે મોટા ગ્રંથોના ગ્રંથો ન સાંભળતા થોડું પણ ઉપયોગ પૂર્વક સાંભળે અને તેનું મનન કરી. હેયોપાદેયનો વિચાર કરી જો શ્રાવકો વર્તે તો તેઓ અલ્પ સમયમાં તત્ત્વપ્રાપ્તિપૂર્વક પરમશાંતતા મેળવી ભવભ્રમણથી છુટી શકે છે. સાંપ્રતકાળમાં વાંચવા, સાંભળવાનું ઘણું થાય છે, પણ તે ઉપયોગપૂર્વક ન હોવાથી, જોઈએ તેવું કાર્યકારી થતું નથી. તેથી, ઉપયોગપૂર્વક શ્રવણ કરવાનો ગુણ શ્રાવકોએ અવશ્ય પ્રાપ્ત કરવો જોઈએ.

બીજું વિશેષણ **અતિતીવ્રકર્મોથી મૂકાયેલો** હોય. આ વિશેષણથી અનંતાનુબંધી-કષાય અને અપ્રત્યાખ્યાની કષાયોનો નાશ કરનાર શ્રાવક હોય એમ સૂચવે છે, અથવા તીવ્રકર્મોથી મૂકાયેલો એટલે જે કર્મો (વ્યવસાયાદિ) કરતાં રૌદ્ર પરિણામ ન થાય. તેવાં કાર્યો કરનાર શ્રાવક હોવો જોઈએ તે પ્રાયઃ ભાવશ્રાવકમાં હોય એમ સંભવે છે.

**શ્રદ્ધાને દઢ કરે** એટલે દઢ સમ્યક્ત્વવાન્ હોય અથવા જૈનદર્શનની અનેક પ્રકારે પરીક્ષા કરી તેના ઉપર વિશેષ શ્રદ્ધાલુ થાય. આવી શ્રદ્ધા, શાસ્ત્રો શ્રવણ કરવાથી થાય છે, તેથી ઉપયોગપૂર્વક શ્રીજિનેશ્વર ભગવાનની વાણીનું નિરંતર શ્રવણ કરે. આવી રીતે ભગવાનની વાણી નિરંતર શ્રવણ કરવાથી સંસારનું અસારપણું અને લક્ષ્મીની ચંચલતા જાણી **પૂર્વ પુણ્યથી પોતાને પ્રાપ્ત થયેલા ધનને શુભ ક્ષેત્રોમાં નામાદિકની અપેક્ષા રાખ્યા વિના લાભાલાભ જોઈ વાપરે**, જ્યારે આવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે એમ જાણવું.

જ્યારે સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ થાય તો પછી સ્વયમેવ પાપોનો નાશ થઈ જાય

છે અને ઇન્દ્રિયો તથા મન સહજપ્રયાસથી વશ થાય છે, તેથી **સંયમ કરનારો** શ્રાવક હોય એમ વિશેષણ આપેલું છે તેથી વિચક્ષણ પુરુષો આવા ગુણવાળાને શ્રાવક કહે છે. મતલબ કે—શાસ્ત્રકારે **શ્રાવક** શબ્દની નિરુક્તની રીતિથી સિદ્ધિ કરતાં એક એક અક્ષરથી કેવા પ્રકારનો અર્થ ઘટી શકે તે દેખાડી શ્રાવક શબ્દને સાર્થક કરી બતાવ્યો છે. જે પ્રકારે શાસ્ત્રકારે અર્થ દ્વારા શ્રાવક શબ્દ સાર્થક કરી બતાવ્યો છે તે જ પ્રકારે **શ્રાવક** શબ્દના ધારક મનુષ્યે પ્રવૃત્તિ દ્વારા શ્રાવક શબ્દને સાર્થક કરવા પ્રયત્ન કરવો જોઈએ.

निरुक्तं पदभञ्जनम् આ પ્રમાણે પદને તોડીને એક એક અક્ષરનો અર્થ કરવો તેને નિરુક્ત કહે છે અને આ પ્રક્રિયા પ્રાયઃ ઘણા શાસ્ત્રોમાં જોવામાં આવે છે. શ્રી આવશ્યક-સૂત્રની નિર્યુક્તિમાં ચૌદપૂર્વધર શ્રીમદ્ ભદ્રબાહુસ્વામીએ मिच्छा मि दुक्कडंના અર્થમાં એક એક અક્ષરનું જુદુ જુદુ વર્ણન કરેલ છે. મનુસ્મૃતિમાં मांस શબ્દનો પણ અર્થ એ જ ઢબથી કરવામાં આવેલ છે. તેજ રીતથી શ્રાવક શબ્દનો અર્થ અત્રે શાસ્ત્રકારે બે પ્રકારે કરી બતાવ્યો છે.

**श्रद्धालुतां श्राति** શ્રદ્ધાને પકાવે તેને **श्रा** કહીએ.

**धनं वपेत्**—સાત ક્ષેત્રોમાં પોતાનું ન્યાયોપાર્જિત ધન વાવે (ખર્ચે) તેને **व** કહીએ.

અને **कृन्तत्यपुण्यानि** એટલે અપુણ્ય (પાપ)ને છેદન કરે તેને **क** કહીએ.

**श्रा-व-क** ત્રણે અક્ષરોના વર્ણન કરેલ અર્થવિશિષ્ટ જે વ્યક્તિ હોય તેને **श्रावक** કહેવામાં આવે છે તાત્પર્ય કે શ્રદ્ધાપૂર્વક સાત ક્ષેત્રોમાં પોતાનું ન્યાયથી પેદા કરેલ દ્રવ્ય ખર્ચી પાપનો નાશ કરે તેને વિચક્ષણપુરુષો શ્રાવક કહે છે. અથવા

**शृणोति शासनम्** હિતકારી ભગવદ્ વચનને સાંભળે તેને **श्रा** કહીએ.

**वृणोति दर्शनम्** દર્શન (સમ્યક્ત્વ)ને વરે અંગીકાર કરે તેને **व** કહીએ.

અને **करोति संयमम्** સંયમવ્રત અંગીકાર કરે તેને **क** કહીએ.

તાત્પર્ય ભગવદ્ વચન સાંભળી સમ્યક્ત્વ પ્રાપ્ત કરી યથાયોગ્ય સંયમ, વ્રત, નિયમાદિ આચરે તેને વિચક્ષણપુરુષો શ્રાવક કહે છે.

**શ્રાવકનું બીજું લક્ષણ—**

**श्रवन्ति यस्य पापानि, पूर्वबद्धान्यनेकशः ।**
**आवृत्तश्च व्रतैर्नित्यं, श्रावकः सोऽभिधीयते ॥५॥**

**શબ્દાર્થ—જેનાં પૂર્વે અનેક પ્રકારે બાંધેલાં પાપો ખરી જાય છે—જતાં રહે છે અને જે હંમેશાં વ્રતોથી યુક્ત હોય છે તે શ્રાવક કહેવાય છે. ૫**

ભાવાર્થ–કર્મોનો ક્ષય બે પ્રકારે થાય છે, એક બાંધેલા કર્મ ભોગવી લેવાથી, એટલે કે કર્મો પોતાનું નિર્ણીત ફળ આપી ખરી જાય અને બીજું પ્રત્યાખ્યાન તીવ્ર-તપસ્યા, જ્ઞાન, ધ્યાન, વિચારણા વગેરેથી કર્મો નિર્જરે છે. શ્રાવક પૂર્વે બાંધેલા પાપો ઉપર જણાવેલા બે પ્રકારથી આત્મપ્રદેશથી દૂર કરે છે, તેમજ નવાં પાપો ન બંધાય તેને માટે નિરંતર પોતાને યોગ્ય વ્રતોથી યુક્ત હોય છે. તેથી આવા ગુણવાળાને શ્રાવક કહેવાય છે.

**આ શ્રાવકધર્મ કેવો છે તે કહે છે—**

**अयं च धर्मः सुदेवत्वमानुषत्वयतिधर्मप्राप्त्यादिक्रमेण मोक्षसुखदायकत्वेन सुरतरूपमानो योग्येभ्य एव दातव्यः । यतः–**

**શબ્દાર્થ–આ ધર્મ દેવપણું, મનુષ્યપણું અને યતિ ધર્મની પ્રાપ્તિ વગેરેના ક્રમે કરીને મોક્ષના સુખને આપનારો હોવાથી કલ્પવૃક્ષની ઉપમાને યોગ્ય છે. આ ધર્મ યોગ્યપુરુષને જ આપવો જોઈએ. કહ્યું છે કે,**

**जं सिवहेऊ सावय-धम्मोवि, कमेण सेविओ विहिणा ।**
**तम्हा जुग्गजियाणं, दायव्वो धम्मरसियाणं ॥**

**વિધિએ કરીને સેવેલો શ્રાવક ધર્મ પણ ક્રમે કરી મોક્ષનો હેતુ થાય છે તેથી તે શ્રાવક-ધર્મ ધર્મમાં રસિક એવા યોગ્ય પુરુષોને આપવો જોઈએ.**

ભાવાર્થ–શ્રાવકધર્મ પણ યોગ્યતા વિના કોઈને આપવો નહીં એવો ગ્રંથકારશ્રીનો આશય છે. અપાત્રમાં શુદ્ધ વસ્તુ નાંખવાથી વિપર્યયને પામે છે, તો પછી ધર્મરત્ન જેવી અમૂલ્ય વસ્તુ યોગ્યાયોગ્ય વિચાર કર્યા સિવાય દરેકને આપવી યોગ્ય નથી. (આ ઉપરથી શ્રાવકધર્મથી શ્રેષ્ઠ એવો મુનિધર્મ તો યોગ્યાયોગ્યનો વિચાર કરી ખરેખરા પાત્રને જ આપવો યોગ્ય છે એમ સિદ્ધ થાય છે.)

**अत्र च धर्मोपदेशनावसरे त्रयं योग्यं मृग्यते ।**

ધર્મોપદેશ આપવાના અવસરે ત્રણ યોગ્ય શોધવાં જોઈએ, તે કહે છે.

**जुग्गजियाणं विहिणा, जुग्गेहि गुरूहिं देसिओ सम्मं ।**
**जुग्गो धम्मो वि तहा, सयलरिद्धिपसाहगो भणिओ ॥६॥**

**શબ્દાર્થ–યોગ્ય જીવોને, યોગ્ય ગુરુઓએ, વિધિપૂર્વક, સારી રીતે ઉપદેશેલો યોગ્ય ધર્મ, સર્વપ્રકારની સિદ્ધિઓને આપનારો કહેલો છે. ૬**

ભાવાર્થ–યોગ્ય જીવો એટલે મુમુક્ષુ અને આ ગ્રંથમાં આગળ કહેવામાં આવશે તેવા લક્ષણવાળા જીવો સમજવા. ક્યારેક શાસ્ત્રોક્ત લક્ષણવાળા જીવો મળે, પરંતુ

ધર્મોપદેષ્ટા ગુરુ ક્રિયાહીન, શિથિલાચારી, પરિગ્રહધારી, વિષયી, અસત્યવાદી વગેરે દુર્ગુણોયુક્ત હોય, તો તેવા પાસેથી પ્રાપ્ત થયેલો શ્રાવકધર્મ પ્રાયે યથાર્થ ફલને આપનાર થતો નથી, તેથી ગુરુઓ પણ શાસ્ત્રોક્ત ગુણોએ યુક્ત હોય તે જ શ્રાવકધર્મ આપવાને યોગ્ય છે.

યોગ્યધર્મ કહ્યો છે તે ધર્મગ્રહણ કરનારની અપેક્ષાથી છે એટલે કે જીવોમાં ધર્મ પાલન કરવાની જેવી યોગ્યતા હોય તેને તેવા પ્રકારનો ધર્મ બતાવવો જોઈએ, જેથી કરેલી પ્રતિજ્ઞાનું પાલન સુખેથી કરી શકે. પાત્રાપાત્રનો વિચાર કર્યા સિવાય ઉપયોગી પણ કઠિન નિયમો આપવામાં આવે તો તેથી નિયમો લેનારનું મન પાછળથી વિહ્વલ થાય અને લીધેલા નિયમોનો ભંગ કરી દોષપાત્ર થાય અને વખતે શ્રદ્ધા ભ્રષ્ટ થઈ ધર્મથી પરાઙ્મુખ થાય, તેથી યોગ્ય ગુરુઓએ, યોગ્ય જીવોને, યોગ્યધર્મ, યોગ્યતા પ્રમાણે આપવો જોઈએ.

**योग्यादन्यत्र विशेषगुणाप्राप्तेः । उक्तं च–**

અયોગ્ય પુરુષને આપેલો ધર્મ વિશેષ ગુણોની પ્રાપ્તિ કરાવનાર થતો નથી. કહ્યું છે કે–

**चूताङ्कुरकवलनतः कोकिलकः, स्वनति चारु न तु काकः ।**
**योग्यस्य जायते खलु, हेतोरपि नेतरस्य गुणः ॥**

**જેમ આંબાના મહોરના ભક્ષણથી કોયલ પક્ષી સુંદર શબ્દ કરે છે પરંતુ કાગડો કરતો નથી, તેમ જે યોગ્ય હોય તેને હેતુથી ગુણ થાય છે, પણ બીજા અયોગ્યને થતો નથી.**

**ભાવાર્થ**–આંબાનો મહોર કોયલ પણ ખાય છે, અને કાગડો પણ ખાય છે. આ મહોરથી કોયલનો સ્વર સુધરે છે અને સુંદર પંચમ સ્વરથી તે આખા વનને ગજાવી શ્રવણ કરનારને આનંદ આપે છે. આજ મહોરો કાગડો ભક્ષણ કરે છે પણ તેનો દુઃસ્વર તેવોને તેવો જ રહે છે અને તે જ્યારે શબ્દ કરે છે ત્યારે શ્રવણ કરનારને કંટાળો આપે છે. મહોરમાં સ્વર સુધારવાની શક્તિ જગ જાહેર છે છતાં તે અપાત્રમાં પડવાથી નિષ્ફલ થાય છે, તે જ પ્રમાણે ધર્મમાં ઐહિક અને પારલૌકિક સુખ આપવાની શક્તિ છે તથાપિ અપાત્રમાં સ્થપાયેલો તે ધર્મ નિષ્ફળ જાય છે, તેથી પાત્રાપાત્રનો વિચાર કરવો એ ખાસ જરૂરનું છે. યોગ્યાયોગ્યને માટે ગ્રંથકાર સ્વયમેવ બીજાં દૃષ્ટાંતો બતાવશે જેથી અહીં આટલું કહ્યું છે.

**योग्यायोग्यता चानेकधा । यथा**

**યોગ્યતા-અયોગ્યતા અનેક પ્રકારની છે તે આ પ્રમાણે–**

**आम्रे निम्बे सुतीर्थे कचवरनिचये, शुक्तिमध्येऽहिवक्त्रे,**
**औषध्यादौ विषद्रौ गुरुसरसि गिरौ, पाण्डुभूकृष्णभूम्योः ।**

**इक्षुक्षेत्रे कषाय-द्रुम-वनगहने, मेघमुक्तं यथाम्भ-**

**स्तद्वत्पात्रेषु दानं गुरुवदनभवं, वाक्यमायाति पाकम् ॥७॥**

**શબ્દાર્થ–જેમ વરસાદનુંપાણી આંબામાં, લીંબડામાં, સારાતીર્થમાં, કચરામાં, છીપમાં, સર્પના મુખમાં, ઔષધી વગેરેમાં, ઝેરી વૃક્ષમાં, મોટા સરોવરમાં, પર્વતમાં, પીળી તથા કાળી જમીનમાં, શેલડીના ક્ષેત્રમાં, કષાય વૃક્ષોના ગહન વનમાં પડવાથી જુદી જુદી રીતે પરિપાકને પામે છે તેમ ગુરુના મુખમાંથી નીકળેલું વાક્ય જેવા પાત્રમાં તેનું દાન થયું હોય તે અનુસારે પાકને પામે છે. ૭**

**ભાવાર્થ**–વરસાદનું પાણી એક જ સ્વભાવનું છે છતાં જુદા જુદા પાત્રોમાં પડવાથી તેનું પરિણામ કેવા પ્રકારનું થાય છે તે ગ્રંથકારશ્રીએ બતાવ્યું છે. જેમકે આમ્ર-વૃક્ષમાં પડવાથી મિષ્ટ આમ્રરસ ઉત્પન્ન કરે છે. લીંબડાના વૃક્ષમાં પડવાથી કટુરસ પેદા થાય છે. ઉત્તમ તીર્થમાં પડવાથી પવિત્રતાને પામે છે. કચરામાં પડવાથી નિંદનીય થાય છે. છીપમાં પડવાથી ઉત્તમ મૌક્તિક થાય છે. સર્પના મુખમાં પડવાથી પ્રાણઘાતક ઝેર બની જાય છે. ઔષધિમાં પડવાથી ઔષધિ રૂપ થઈ અનેક પ્રાણીઓને ફાયદા પહોંચાડે છે. ઝેરી વૃક્ષમાં પડવાથી પ્રાણનાશક ઝેર થાય છે, સરોવરમાં પડવાથી અનેક પ્રાણીઓને ઉપયોગી સ્વચ્છ જલ થાય છે. પર્વત ઉપર પડવાથી વિનાશ પામે છે, પીળી તથા કાળી જમીનમાં પડવાથી ધાન્યાદિકની વૃદ્ધિ કરે છે. શેલડીના ક્ષેત્રમાં પડવાથી શેલડીના અતિ મધુર રસને આપનારું થાય છે. કષાયવૃક્ષોના ગહનવનોમાં પડવાથી કષાયરસ ઉત્પાદક થાય છે. તેવી જ રીતે સદ્ગુરુ મહારાજનાં વચનામૃતો એક જ સ્વભાવ પરિણત હોય છે તથાપિ પાત્રતાની યોગ્ય-અયોગ્યતાને કારણે ભિન્ન ભિન્ન આશયપણે પરિણમે છે, તેથી જેને જે યોગ્ય હોય તેને તેવો ઉપદેશ આપવો એવો ગ્રંથકારશ્રીનો ઉદ્દેશ છે.

સાંપ્રતકાલમાં ઉપદેશ દેવાનો ક્રમ પ્રાયે બદલાયેલો લાગે છે. શ્રોતાઓનો વિચાર કર્યા વિના વાંચનાર મહાશયો પોતાના મનને ઠીક લાગે તેવા ગ્રંથો સભામાં વાંચે છે. શ્રાવકધર્મની પણ જેને બરાબર ખબર ન હોય તેવાઓની સમક્ષ આચારાંગાદિ અતિ કઠિન ગ્રંથો વાંચવામાં આવે છે આથી શ્રોતા-વક્તાના કાળનો જોઈએ તેવો ઉપયોગ થતો નથી, તેથી દેશ-કાળ અને શ્રોતાઓનો વિચાર કરી ઉપદેશ આપવામાં આવે તો વિશેષ લાભનું કારણ બને.

હવે બીજી રીતે [શ્રોતાના પ્રકાર] બતાવે છે–

**यद्वा–**

**गिरिसिर १ पणाल २ मरुथल ३, कसिणावनि ४ जलहिसुत्ति ५ ।**

**मणिखाणी ६ धम्मोवएसवासे फलजणणे जीवदिट्ठंता ॥८॥**

**શબ્દાર્થ—અથવા જેમ પર્વતનું શિખર, પરણાળ=પાઈપ, મરુસ્થલ, કાળી જમીન, સમુદ્રની છીપ અને મણિઓની ખાણ એના સંબંધમાં આવેલા પાણીનું જુદુ જુદું પરિણામ થાય છે તેમ ધર્મોપદેશની વાસનાનું ફળ ઉત્પન્ન થવામાં જીવોની યોગ્યતા ઉપર આધાર રહે છે. ૮.**

**ભાવાર્થ**—વ્યાખ્યાન શ્રવણ કરનાર શ્રોતાઓ પૈકી કેટલાક બેદરકાર અને કાર્યાંતરથી=બીજા કાર્યમાં વ્યગ્ર ચિત્તવાળા હોઈ બરોબર વ્યાખ્યાન શ્રવણ કરી વિચાર કરતા નથી. રૂઢી સાચવવા સારું વ્યાખ્યાન શ્રવણ કરનાર અથવા માનની કે પ્રભાવનાની ઇચ્છાથી ઉપાશ્રયે જઈ સમય પસાર કરનાર શ્રોતાઓ પર્વતના શિખર જેવા છે. જેમ પર્વતના શિખર ઉપર પડેલું જળ પર્વતના શિખરને કાંઈપણ લાભકારી થતું નથી તેમ પૂર્વોક્ત લક્ષણવાળા શ્રોતાઓને ઉપદેશ રૂપી જળ લાભકારી થતું નથી. ૧

બીજા જીવો પાઈપ જેવા છે, પાઈપ જેમ જળને ઝીલીને પોતાની પાસે ન રાખતાં જમીન વાસણ અગર ટાંકામાં નાંખે છે પરંતુ પાઈપને જલની અસર થતી નથી, તેવી જ રીતે ગુરુ મહારાજથી ઉપદેશ શ્રવણ કરી તે ઉપદેશ બીજાઓને સંભળાવી પોતાનું પંડિતપણું જાહેર કરે છે, પરંતુ પોતાના આત્માનું કોઈ પણ પ્રકારે હિત સાધી શકતા નથી, તેથી આવા પ્રકારના જીવો પણ ગુરુ મહારાજના વચનામૃતનું પાન કરવાને યોગ્ય થઈ શકતા નથી, તેથી આવા જીવોને ઉપદેશ આપવા પ્રયત્ન કરવો નહીં. ૨

હવે જીવોને મરુસ્થલ સાથે સરખાવવામાં આવે છે. જેમ મરુસ્થળ પાણીને ગ્રહણ કરી લે છે તેથી તેમાં તૃણાદિક તથા નિરસ ધાન્યાદિકનો પાક થાય છે, તેમ કેટલાક જીવો ગુરુમહારાજનો ઉપદેશ ગ્રહણ કરી શકે છે, પરંતુ તેવા પ્રકારની યોગ્યતાના અભાવે યથાર્થપણે ધર્મની આરાધના કરી શકતા નથી તથાપિ આવા જીવો ધર્મોપદેશને યોગ્ય સમજવા. ૩

કાળી જમીનની સાથે જીવોની સરખામણી કરતાં જેમ કાળી જમીનમાં પડેલું પાણી એ જમીનમાં રહેલા વૃક્ષાદિકને પુષ્ટ કરે છે, તેમ ગુરુ મહારાજનો આપેલો ઉપદેશ જે જીવ ગ્રહણ કરી પોતાનામાં સંગ્રહી બીજા જીવોને તે જ ઉપદેશ આપી લાભ કરે છે, જેમ કાળી જમીનમાં શેલડી, દ્રાક્ષ, શાલી, ગોધૂમ વગેરે સરસ વસ્તુઓ ઉત્પન્ન થાય છે તેમ આવા જીવોમાં સ્વલ્પ ઉપદેશ પણ વ્રતાદિક ઉત્પન્ન કરવાનો હેતુ થઈ ત્રણ અથવા છેવટે સાત-આઠ ભવે જરૂર મોક્ષ આપનાર થાય છે. તેથી આવા જીવો ખરેખર ઉપદેશને યોગ્ય છે. ૪

સમુદ્રની છીપ સાથે સરખાવ્યા છે. છીપમાં જળ પડવાથી પરિણામ પામી જેમ ઉત્તમ મૌક્તિક રૂપે થઈ જળ અમૂલ્ય કિંમતને પામે છે તેમ જે જીવો ગુરુ મહારાજનો ઉપદેશ શ્રવણ કરી, તે પ્રમાણે પોતે વર્તી, પોતાના દૃષ્ટાંતથી બીજા યોગ્ય જીવોને પણ

સન્માર્ગે દોરે છે તે જીવો ઉત્તમ પ્રકારના ગણાય છે. **ચિલાતીપુત્રે** માત્ર ઉપશમ, વિવેક, અને સંવર એ પદત્રયીનો ઉપદેશ શ્રવણ કરી પોતાનું હિત સાધ્યું, તેમજ **સોમવસુ** બ્રાહ્મણ પણ મીઠું ખાવું, સુખે સુવું, અને લોકપ્રિય બનવું, આ ત્રણ પદ શ્રવણ કરી તેનું ખરું રહસ્ય ત્રિલોચન મંત્રી પાસે શ્રવણ કરી તે પ્રમાણે કોણ વર્તે છે વગેરેની તપાસ કરી પોતે તેમ વર્તી સુખી થયો. તેમ સ્વલ્પ ઉપદેશ પણ યોગ્ય પાત્રમાં પડવાથી છીપમાં પડેલા જળબિંદુની માફક મહામૂલ્યવાન થાય છે. **૫**

મણિની ખાણમાં પડેલા થોડા પાણીથી જેમ મહામૂલ્યવાન્, તેજસ્વી ચિન્તામણિ-રત્નાદિક ઉત્પન્ન થાય છે, તેમ કોઈક જીવને થોડાં પણ મહાવાક્યોથી ઘણો લાભ થાય છે. જેમ ભગવાન શ્રી**મહાવીરસ્વામીનો** સ્વલ્પોપદેશ શ્રી**ગૌતમાદિ ગણધર** મહારાજોને સંસારથી તારવાને અર્થે થયો, તેમ થોડા પણ ઉપદેશથી મણિ જેવા જીવોને અત્યંત લાભ થવાથી તે જ ભવમાં તેઓ મોક્ષ પામે છે. આવા જીવો ઉત્તમોત્તમ જાણવા.

**शुभाशुभद्रव्यसुभाविता घटा वाम्या अवाम्याश्च । तथा केचित् घटा अवासिताः तथैव सद्धर्मवासस्य योग्यतां श्रयन्ति जीवाः केचित् सुयोगतः ॥ यदागमः—**

**જેવી રીતે સારાં દ્રવ્યોથી તથા ખરાબ દ્રવ્યોથી વાસિત કરેલા ઘડાઓ ત્યાગવા યોગ્ય અને અત્યાગવા યોગ્ય થાય છે તથા કેટલાક ઘડાઓ અવાસિત હોય છે તેવી જ રીતે કેટલાક જીવો સારા યોગથી સદ્ધર્મવાસની યોગ્યતાને પામે છે.**

યોગ્યતા અનેક પ્રકારની છે તેને માટે આગમમાં આ પ્રમાણે કહ્યું છે—

**"घडा दुविहा नवा जुन्ना य, जुण्णा दुविहा भाविया अभाविया य, भाविया दुविहा पसत्थभाविया अप्पसत्थभाविया य, पसत्था एगुरुतुरुक्काईहिं अपसत्था पलंडुलसुणमाईहिं, पसत्थभाविआ वम्मा अवम्मा य, एवं अप्पसत्थावि जे अप्पसत्था अवम्मा जे य पसत्था वम्मा न ते सुंदरा इयरे सुंदरा, अभाविआ न केणइ भाविआ णवगा आवागाओउत्तारिता मत्तगा, एवं धम्माभिलासिणो नवगा जे मिच्छद्दिट्ठी तप्पढमयागाहिजंति । जुण्णावि जे अभाविया ते सुंदरा, कुप्पवयणपासत्थेहिं भाविया एवमेव भावकुडा संविग्गेहिं जे अप्पसत्था वम्मा जे अ पसत्था य संविग्गा य अवम्मा एए लट्ठा ।**

**ઘડા બે પ્રકારના છે. નવા અને જુના. જુના બે પ્રકારના છે વાસિત અને અવાસિત. વાસિત બે પ્રકારના પ્રશસ્ત વાસિત અને અપ્રશસ્ત વાસિત, પ્રશસ્ત વાસિત તે અગર-શિલારસ વગેરે દ્રવ્યોથી વાસિત અને અપ્રશસ્ત વાસિત તે કાંદા (ડુંગળી) લસણ વગેરેથી વાસિત હોય તે, તેમાં પ્રશસ્ત વાસિતના બે ભેદ છે. એક ત્યાગ કરવા યોગ્ય અને બીજા અત્યાગ કરવા યોગ્ય. એવી જ રીતે અપ્રશસ્તના પણ બે પ્રકાર છે. ત્યાજ્ય અને અત્યાજ્ય.**

**તેમાં જે અપ્રશસ્ત છતાં અત્યાજ્ય થાય તથા પ્રશસ્તમાં ત્યાજ્ય થાય તે બે સારા નથી. બાકીના જે ભેદો કહ્યા છે (પ્રશસ્ત વાસિત અત્યાજ્ય થાય અને અપ્રશસ્ત ત્યાજ્ય થાય તે પણ સારા છે). તેમજ (પ્રાચીન પણ) સારા કે ખરાબ દ્રવ્યોથી જે વાસિત થયા નથી તેને અવાસિત કહે છે.**

**નિભાડામાંથી તત્કાળ કાઢેલા ઘડા તે નવીન કહેવાય છે. એવી રીતે ધર્માભિલાષી જીવોને પણ જાણવા, જે નવા મિથ્યાદષ્ટિઓ છે તેને પ્રથમ બોધ આપવો. જૂના પણ (મિથ્યાદષ્ટિ) જે અવાસિત છે તે સુંદર છે.**

**(ઉપર જે વાસિત કહ્યા છે તે વાસિત શાથી થાય છે તે કહે છે.)**

**કુદર્શનથી અને પાસાત્થાદિકના પરિચયથી વાસિત થાય. એવી જ રીતે ભાવ-ઘડાઓ (જીવો) સમજવા, જે સંવિગ્ન ગુણોથી વાસિત છે તે પ્રશસ્ત છે, જે અપ્રશસ્ત છે તે વામ્ય છે અને જે પ્રશસ્ત અને સંવિગ્ન (ગુણવાળા) છે તે મનોજ્ઞ છે.**

ભાવાર્થ—જીવોને યોગ્યાયોગ્ય જાણવાને માટે ઘડા સાથે સરખાવ્યા છે અને તેને માટે પાંચ પ્રકારના ઘડા કહ્યા છે. તેમાં પ્રથમ નવા અને જૂના બે પ્રકારના ઘડા કહ્યા છે. તેમ બે પ્રકારના જીવો જાણવા. જૂના ઘડાના બે પ્રકાર કહ્યા છે, વાસનાવાળા અને વાસના વગરના. વાસનાવાળા બે પ્રકારના છે એક સુગંધી દ્રવ્યથી વાસિત થયેલા અને બીજા દુર્ગંધીદ્રવ્યથી વાસિત થયેલા. દુર્ગંધીદ્રવ્યથી વાસિત થયેલા ઘટની માફક મિથ્યાશાસ્ત્રોથી જેમનાં હૃદય વાસિત થયેલાં છે અને જેઓ તે વાસનાને સદ્ગુરુનો ઉપદેશ મળતાં પણ છોડતા નથી તે વામ્ય છે એટલે તે જીવો ધર્મને યોગ્ય નથી અને જેઓ મિથ્યાદર્શનાદિકથી વાસિત છે છતાં પણ ન્યાયબુદ્ધિવાળા સરલહૃદયના કદાગ્રહથી રહિત જીવો હોય તે સદ્ગુરુના ઉપદેશથી સદસદ્વિવેકથી પૂર્વે ગ્રહણ કરેલા મિથ્યાદર્શનને છોડી સત્યને ગ્રહણ કરે, તેવા જીવો અવામ્ય છે એટલે કે ધર્મોપદેશને યોગ્ય છે.

પ્રશસ્ત વાસિતના બે ભેદ છે. વામ્ય અને અવામ્ય. જે જીવોને પ્રથમ સમ્યગ્-દર્શનાદિની પ્રાપ્તિ થયેલી છે અને જે જીવો કુગુર્વાદિકનો યોગ થતાં સમ્યગ્દર્શનને વમી જાય તેવા છે તે જીવો વામ્ય જાણવા, અને તેવા જીવો ઉપદેશ યોગ્ય હોતા નથી અને જે જીવોને પ્રથમથી સમ્યગ્દર્શન ચારિત્રાદિકની પ્રાપ્તિ થયેલી છે અને પાછળથી કુગુર્વાદિકનો સંસર્ગ થયાં છતાં પણ સમ્યગ્દર્શનાદિકનો ત્યાગ કરતા નથી તેવા જીવો ધર્મોપદેશને યોગ્ય ગણાય છે તે અવામ્ય જાણવા.

જે જીવો જૂના છતાં અવાસિત છે એટલે કોઈ પણ ધર્મની વાસનાને પામ્યા નથી તે જીવો પણ ધર્મના ઉપદેશને યોગ્ય છે. આ પ્રમાણે જૂના ઘડાના દૃષ્ટાંતથી ધર્મોપદેશને માટે જીવોની યોગ્યતા કહી. હવે નવીન ઘટ સાથે જીવોની સરખામણી કરતાં

યોગ્યાયોગ્યનો વિચાર જણાવે છે.

જેમ કુંભારના નિભાડામાંથી તત્કાલ કાઢેલા ઘડાને જે પ્રકારની વાસના આપીએ તે પ્રકારની વાસના ગ્રહણ કરે છે, તેમ બાલ્યાવસ્થાવાળા જે કોઈ જીવો જેને કોઈ પ્રકારના ધર્મનો સંસ્કાર થયો નથી તેવા જીવોને ધર્મોપદેશ યોગ્યતા પ્રમાણે અને ન્યાય પુરસ્સર આપવાથી શીઘ્ર કાર્યકારી થાય છે, તેથી આવા જીવો ધર્મને ખરેખરા પાત્ર છે. અત્રે ગ્રંથકારશ્રીએ યોગ્યાયોગ્ય બતાવવા આટલો બધો પરિશ્રમ લીધો છે તેનું કારણ સ્પષ્ટ છે કે આયુષ્ય અલ્પ છે, વિઘ્નો ઘણાં છે, મહર્ષિઓએ પોતાનું અને અનેક ભવ્ય જીવોનું હિત કરવાનું છે તેથી અપાત્ર જીવો સાથે ધર્મોપદેશની ચર્ચા કરવાનું ઉચિત નથી, એમ ધારી ઉપદેશ આપતાં પહેલાં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવનો વિચાર કરી, પાત્ર-જીવોને જ ઉપદેશ આપવા પ્રયાસ કરવો જેથી ઉભયનું શ્રેય થાય.

**अथ योग्यैरपि विशेषधर्मार्थिभिः पूर्वं सामान्यगृहस्थधर्मविधौ यतितव्यम् ।**

**શબ્દાર્થ—યોગ્યાયોગ્યનું સ્વરૂપ પ્રતિપાદન કર્યા પછી વિશેષ ધર્મના અર્થી એવા યોગ્ય પુરુષોએ પણ પ્રથમ સામાન્ય ગૃહસ્થ ધર્મની વિધિમાં (નિશ્ચિત કરેલું પૂર્વાપરભાવ રૂપ વિધાન તે વિધિ) પ્રયત્ન કરવો જોઈએ. કહ્યું છે કે—**

**यतः—न हि भित्तौ धवलनादिरचनां विना चित्रं शोभते, स्थिरीभवति वा, वस्त्रे पाशमृते रङ्गयोग्यता, क्षेत्रे वा खेटनसमारादिदानं विना बीजवापः । एवं सामान्यधर्मपूर्वक एव विशेषधर्मो, द्वादशव्रतादिरूपः शोभाभासुरः । अतः श्रीहेमसूरिपादैः श्रीयोगशास्त्राद्य-प्रकाशप्रान्ते न्यायसम्पन्नविभवेत्यादिकः कुलक्रमागतमनिन्द्यविभवत्रिभागाद्यपेक्षया न्यायतोऽनुष्ठानलक्षणः श्रीकुमारपालभूपालाय परमार्हतविचारचतुर्मुखराजर्षिपर-नारीसहोदररुदतीवित्तपराङ्मुखराजपितामहादिमहाबिरुदप्राप्तप्रतिष्ठागरिष्ठाय समग्र-राजन्यादिसभ्यसमक्षमुपदिष्टः । तथा हि—**[યોગશાસ્ત્ર પ્રકાશ-૧ શ્લોક ૪૭ થી ૫૬]

**ભીંતને ધોળવા પ્રમુખ વ્યવસ્થા કર્યા સિવાય (ભીંત ઉપર ચિત્રેલું) ચિત્ર શોભતું નથી. વસ્ત્રને પાસ આપ્યા સિવાય તેના ઉપર રંગ સ્થિર થતો નથી. ખેતરને ખેડ્યા સિવાય તથા સમારાદિ દીધા સિવાય બીજ વવાતાં નથી. એવી જ રીતે સામાન્યધર્મ પૂર્વક જ બારવ્રતાદિરૂપ વિશેષધર્મ શોભાથી પ્રકાશિત થાય છે. તે કારણથી પૂ.આ.ભ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા યોગશાસ્ત્રના પ્રથમ પ્રકાશના અંતે न्यायसंपन्नविभवः ઇત્યાદિક કુલ-ક્રમથી આવેલ અનિંદ્ય વિભવની ★ત્રિભાગાદિ અપેક્ષાએ ન્યાયથી આચરણ કરવા રૂપ જેનું લક્ષણ છે એવા સામાન્યધર્મવાળા, પરમાર્હત્, વિચારચતુર્મુખ, રાજર્ષિ,**

---

★ નિર્વંશનું દ્રવ્ય ગ્રહણ નહિં કરનાર ૧. વ્યવસાય ૨. નિધાન ૩. વ્યાજે ધીરવા વિચાર કરવામાં બ્રહ્મા સમાન.

પરનારી સહોદર, રૂદતીવિત્ત- પરાઙ્મુખ, રાજપિતામહ વગેરે બિરૂદો જેને મળેલાં છે એવા શ્રીકુમારપાલ ભૂપાલ આદિને સમગ્ર રાજાઓની સભા સમક્ષ ઉપદેશ કર્યો તે જ અહીં પ્રતિપાદન કરે છે—

न्यायसम्पन्नविभवः[1], शिष्टाचारप्रशंसकः[2] ।
कुलशीलसमैः सार्द्धं, कृतोद्वाहाऽन्यगोत्रजैः[3] ॥१॥
पापभीरुः[4] प्रसिद्धं च, देशाचारं समाचरन्[5] ।
अवर्णवादी न क्वापि, राजादिषु विशेषतः[6] ॥२॥
अनतिव्यक्तगुप्ते च, स्थाने सुप्रातिवेश्मिके ।
अनेकनिर्गमद्वार,-विवर्जितनिकेतनः[7] ॥३॥
कृतसङ्गः सदाचारैः[8], मातापित्रोश्च पूजकः[9] ।
त्यजन्नुपप्लुतं स्थान[10]मप्रवृत्तश्च गर्हिते[11] ॥४॥
व्ययमायोचितं कुर्वन्[12], वेषं वित्तानुसारतः[13] ।
अष्टभिर्धीगुणैर्युक्तः[14], शृण्वानो धर्ममन्वहम्[15] ॥५॥
अजीर्णे भोजनत्यागी[16], काले भोक्ता च सात्म्यतः[17] ।
अन्योन्याप्रतिबन्धेन, त्रिवर्गमपि साधयन्[18] ॥६॥
यथावदतिथौ साधौ, दीने च प्रतिपत्तिकृत्[19] ।
सदानभिनिविष्टश्च[20], पक्षपाती गुणेषु[21] च ॥७॥
अदेशाकालयोश्चर्यां, त्यजन्[22] जानन् बलाबलम्[23] ।
वृत्तस्थज्ञानवृद्धानां, पूजकः[24] पोष्यपोषकः[25] ॥८॥
दीर्घदर्शी[26] विशेषज्ञः[27], कृतज्ञो[28] लोकवल्लभः[29] ।
सलज्जः[30] सदयः[31] सौम्यः[32], परोपकृतिकर्मठः[33] ॥९॥
अन्तरङ्गारिषड्वर्ग,-परिहारपरायणः[34] ।
वशीकृतेन्द्रियग्रामो[35], गृहिधर्माय कल्पते ॥१०॥ दशभिः कुलकम् ॥

—(ત્રિષષ્ઠિ પર્વ-૯ સર્ગ-૭ શ્લોક ૧૮૦થી ૧૮૯)

૧. ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરનાર.

૨. શિષ્ટ પુરુષોના આચારની પ્રશંસા કરનાર.

૩. કુલ અને શીલથી સદૃશ અન્ય ગોત્રીયોની સાથે લગ્ન કરનાર.

૪. પાપથી ભય રાખનાર.

૫. પ્રસિદ્ધ દેશાચારને આચરનાર.

૬. કોઈના પણ સંબંધમાં અવર્ણવાદ નહિ બોલનાર, તેમાં વિશેષે કરી રાજાદિકનો અવર્ણવાદ નહીં બોલનાર.

૭. જે સ્થાન અતિપ્રગટ ન હોય તેમ જ અતિગુપ્ત ન હોય, તેમજ સારા પાડોશીઓથી યુક્ત હોય અને જે ઘરમાંથી નીકળવાનાં દ્વાર ઘણાં ન હોય તેવા સ્થાનમાં વાસ કરનાર

૮. શ્રેષ્ઠ આચારવાળાની સાથે સંસર્ગ કરનાર.

૯. માતા-પિતાની પૂજા કરનાર.

૧૦. ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ કરનાર

૧૧. નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ નહીં કરનાર.

૧૨. આવકના પ્રમાણમાં ખર્ચ કરનાર.

૧૩. સંપત્તિને અનુસાર વેષ ધારણ કરનાર.

૧૪. બુદ્ધિના આઠ ગુણોએ યુક્ત.

૧૫. નિરંતર ધર્મને શ્રવણ કરનાર.

૧૬. અજીર્ણદોષ હોય ત્યાં સુધી ભોજનનો ત્યાગ કરનાર.

૧૭. દરરોજ સમય પ્રમાણે પથ્યાપથ્યનો વિચાર કરી ભોજન કરનાર.

૧૮. પરસ્પરના વિરોધ વગર ત્રણ વર્ગનું (ધર્મ, અર્થ અને કામનું) સાધન કરનાર.

૧૯. અતિથિ, સાધુ અને દીન પુરુષોનો યોગ્યતા પ્રમાણે સત્કાર કરનાર.

૨૦. નિરંતર દુરાગ્રહ નહીં રાખનાર.

૨૧. ગુણોની અંદર (ગુણી જનોની અંદર) પક્ષપાત રાખનાર.

૨૨. દેશ તથા કાળ વિરુદ્ધ આચરણનો ત્યાગ કરનાર.

૨૩. પોતાના બલાબલને જાણનાર.

૨૪. વ્રતધારી તથા જ્ઞાન-વૃદ્ધોની પૂજા કરનાર.

૨૫. પોષણ કરવા યોગ્ય જનોનું પોષણ કરનાર.

૨૬. આગળ-પાછળનો વિચાર કરનાર.

૨૭. વિશેષ જાણનાર.

૨૮. કરેલા ઉપકારને જાણનાર.

૨૯. લોકની પ્રીતિ મેળનાર

૩૦. શરમ રાખનાર.

૩૧. દયાળુ.

૩૨. શાંત પ્રકૃતિવાળો.

૩૩. પરોપકાર કરવામાં શૂરો.

૩૪. અંતરંગ ભાવના—છ શત્રુઓનો ત્યાગ કરવામાં તત્પર.

૩૫. ઈંદ્રિયોના સમૂહને વશ કરનાર

ઉપર કહેલા પાંત્રીશ ગુણોવાળો જે હોય તે ગૃહસ્થ ધર્મ માટે યોગ્ય છે.

[ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ-૬ સર્ગ-૭માં શ્રીમુનિસુવ્રતસ્વામી પ્રભુની દેશના આ ૩૫ ગુણો ઉપર છે.]

● ● ●

(૧)

# પ્રથમ ગુણ—ન્યાયસંપન્નવિભવ

इह स्वामिद्रोहमित्रद्रोहविश्वस्तवञ्चनाचौर्यादिगर्ह्यार्थोपार्जनपरिहारेणार्थोपार्जनोपायभूतः स्वस्ववर्णानुरूपः सदाचारो न्यायस्तेन सम्पन्न उपागतो विभवः सम्पद्यस्य सः, तथा शुद्धव्यवहारोपार्जितो हि विभव इहलोकसुखायाशङ्कनीयतया स्वशरीरेण तत्फल-परिभोगान्मित्रस्वजनादौ सँविभागकरणाच्च । यदाह—

શબ્દાર્થ—અહીં સ્વામીદ્રોહ, મિત્રદ્રોહ, વિશ્વાસઘાત, ચોરી વગેરે નિંદવા યોગ્ય માર્ગે દ્રવ્ય ઉપાર્જન કરવાનું છોડીને, પોતપોતાના વર્ણને અનુકૂળ આવે તેવી રીતે દ્રવ્ય ઉપાર્જન કરવામાં ઉપાયરૂપ જે સદાચાર તે ન્યાય કહેવાય છે. તે ન્યાયે કરીને પ્રાપ્ત કરી છે સંપત્તિ જેણે તેને ન્યાયસંપન્નવિભવ કહેવાય છે. આ પ્રમાણે શુદ્ધ વ્યવહારથી ઉપાર્જન કરેલી સંપત્તિ નિઃશંકપણે સ્વયં તેના ફલને ભોગવવાથી અને પોતાના મિત્ર અને સ્વજનાદિકમાં સમ્યક્પ્રકારે વહેંચવાથી આ લોકના સુખને માટે થાય છે, જે કારણથી કહ્યું છે કે—

सर्वत्र शुचयो धीराः, स्वकर्मबलगर्विताः ।
कुकर्मनिहितात्मानः, पापाः सर्वत्रः शङ्कितः ॥ [યોગશાસ્ત્ર પૃ. ૫૦]

પોતાના કર્મના બલ વડે અભિમાની થયેલા ધીર પુરુષો દરેક ઠેકાણે પ્રકાશિત થાય છે અને કુકર્મની અંદર આત્માને સ્થાપન કરનારા પાપી પુરુષો દરેક ઠેકાણે ભયભીત રહે છે.

ન્યાયોપાર્જિત ધનના અધિકારમાં સ્પષ્ટતા માટે અન્યાયોપાર્જિત ધનવાળાની સ્થિતિ દર્શાવે છે.

इहान्यायप्रवृत्तौ पुरुषस्य द्विविधाभिशङ्कनीयता, भोक्तुर्भोग्यविभवस्य च । तत्र भोक्तुः परद्रव्यद्रोहकार्यमित्येवं दोषसम्भावनालक्षणा । भोग्यस्य पुनः परद्रव्यमिदमित्थमनेन भुज्यते, इत्येवंरूपा । तत्प्रतिषेधादनभिशङ्कनीयता, तया । अत्रायं भावः-न्यायोपार्जितवित्तव्ययं कुर्वाणो न केनापि कदाचित्किञ्चिदभिशङ्क्यते । एवं चाव्याकुलचेतसः प्रशस्तपरिणतेरिहलोकेऽपि महान् सुखलाभः सर्वत्र यशःप्रशंसाप्राप्तिश्च । परलोकहिताय च सत्पात्रादिषु विनियोगेन पुण्यानुबन्धिपुण्यप्राप्तिहेतुत्वात् दीनानाथादिषु कृपया वितरणाच्च । इह न्यायार्जितवित्तसत्पात्रादिविनियोगाभ्यां

**चतुर्भङ्गी यथा–"न्यायागतविभवसत्पात्रविनियोगः १" अयं चाक्षेपेण पुण्यानुबन्धिपुण्यहेतुत्वात्, सुदेवत्वभोगमभिमनुष्यत्वसम्यक्त्वादिप्राप्त्यासन्नसिद्धिफलो धनसार्थवाहशालिभद्रादिवत् । यदाह–**

શબ્દાર્થ–અહીં પુરુષને અન્યાયથી પ્રવૃત્તિ કરવામાં બે પ્રકારે અવિશ્વાસપણું પ્રાપ્ત થાય છે, એક ભોક્તાનું અને બીજું ભોગ્ય વૈભવનું. તેમાં ભોગવનારને આ (પુરુષ) પરદ્રોહથી પ્રાપ્ત પરદ્રવ્ય ભોગવે છે એવા દોષના લક્ષણવાળી આશંકા થાય, તથા ભોગ્યવસ્તુમાં આ પરદ્રવ્ય છે તેને આ ભોગવે છે એવી શંકા થાય, માટે અન્યાય પ્રવૃત્તિનો નિષેધ કરવાથી (ન્યાય પ્રવૃત્તિમાં) તે બન્ને પ્રકારની શંકા હોતી નથી તેથી ન્યાયોપાર્જિત ધનમાં અભિશંકનીયતા (અવિશ્વાસપણું) નથી.

અહીં અભિપ્રાય એવો છે કે ન્યાયોપાર્જિત દ્રવ્યનો વ્યય કરનાર ઉપર કોઈ પણ પુરુષ ક્યારેય લેશ માત્ર પણ શંકા કરતો નથી. તેથી કરીને તે ન્યાયથી પ્રવૃત્તિ કરનાર અવ્યાકુલ ચિત્ત અને સારી પરિણતિવાળાને આ લોકમાં પણ મહાન સુખનો લાભ થાય છે અને દરેક ઠેકાણે યશ અને શ્લાઘાની પ્રાપ્તિ થાય છે. સત્પાત્રોમાં દ્રવ્યનો ઉપયોગ થવાથી તથા પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિનો હેતુ થવાથી અને દયા વડે દીન, અનાથ પ્રાણીઓને દ્રવ્યાદિ આપવાથી તે પરલોકના હિતને માટે પણ થાય છે.

અહીં ન્યાયોપાર્જિત ધન તથા તેનો સત્પાત્રમાં વિનિયોગ કરવાથી ચતુર્ભંગી થાય છે. જેમકે ન્યાયથી પ્રાપ્ત થયેલો વૈભવ અને સત્પાત્રમાં વિનિયોગ ૧. (આ ન્યાયસંપન્ન વૈભવનો પ્રથમ ભાંગો) પુણ્યાનુબંધી પુણ્યનો હેતુભૂત હોવાથી ઉત્તમ દેવપણું, ભોગભૂમિમાં–યુગલિકક્ષેત્રમાં મનુષ્યપણું, સમ્યક્ત્વ વગેરેની અવિલંબે પ્રાપ્તિ તથા આસન્નસિદ્ધિ ફળ આપનારું થાય છે. જેમ ધના સાર્થવાહ (ઋષભદેવ) તથા સંગમ (શાલિભદ્ર) વગેરેને થયું. જેથી કહ્યું છે કે–

परितुलियकप्पपायव–चिंतामणि–कामधेणुमाहप्पं ।
दाणाओ सम्मत्तं, पत्तं धणसत्थवाहेणं ॥

यद्वा नन्दिषेणादिवत्–

દાનથી ધનાસાર્થવાહે કલ્પવૃક્ષ, ચિંતામણિ અને કામધેનુના મહિમાની તુલના કરનાર સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યું હતું. અથવા નંદિષેણ આદિની જેમ

## नन्दिषेणराजकुमारकथा

**क्वापि संनिवेशे कोऽपि ब्राह्मणो धनौघैर्धनदस्पर्द्धी यज्ञप्रारम्भे ब्राह्मणलक्षभोज्यं प्रारब्धवान् । तत्र साहाय्यार्थं कमपि जैनं दानरुचिं निःस्वब्राह्मणं**

लक्षभोज्यसमाप्तावुद्धरितं धनाज्यादि तुभ्यं दास्यामीति प्रतिज्ञाय स्थापितवान् । क्रमेण लक्षभोज्यसम्पूर्त्तौ शेषं तन्दुलादिकं न्यायागतं प्रासुकं मत्वा निःस्व-द्विजेनाचिन्ति, यदुतैतत्क्वापि सत्पात्राय दीयते तदा बहुफलं जायते । यतः—

## નંદિષેણ રાજકુમારનું દૃષ્ટાંત

અથવા નંદિષેણ વગેરેની જેમ કોઈક ગામમાં દ્રવ્યના સમૂહ વડે કુબેરની સાથે સ્પર્ધા કરનાર કોઈ બ્રાહ્મણે યજ્ઞના પ્રારંભમાં એક લાખ બ્રાહ્મણને જમાડવાનો પ્રારંભ કર્યો. તેની અંદર દાનની રુચિવાળા કોઈ જૈન બ્રાહ્મણને લાખ બ્રાહ્મણોનું ભોજન પૂર્ણ થયે અવશેષ વધેલું તંદુલ અને ઘી પ્રમુખ હું તને આપીશ, એવી પ્રતિજ્ઞા કરી તેને સહાય કરવા માટે રાખ્યો. અનુક્રમે લાખ બ્રાહ્મણોનું ભોજન પૂર્ણ થતાં અવશેષ રહેલું તંદુલ વગેરેને નિર્દોષ અને ન્યાયથી પ્રાપ્ત થયેલું માની તે નિર્ધન જૈન બ્રાહ્મણે વિચાર કર્યો કે જો આ (અન્નાદિક) કોઈપણ સત્પાત્રને આપવામાં આવે તો ઘણું ફળ થાય. કહ્યું છે કે—

**नायागयाणं कप्पणिज्जाणं अन्नपाणाइदव्वाणं पराए भत्तीए आयाणुग्गह-बुद्धीए संजयाणं दाणं अतिहिसंविभागो मुक्खफलो ।**

**"ન્યાયથી પ્રાપ્ત થયેલાં અને કલ્પનીય એવાં અન્નપાનાદિક દ્રવ્યોનું પરમ ભક્તિથી અને મારા આત્માને ઉપકાર થશે એવી બુદ્ધિથી સાધુઓને જે દાન આપવું, તેને મોક્ષફળ આપનાર અતિથિસંવિભાગ કહે છે."**

**तदनु तेन दयाब्रह्मचर्यादिगुणवन्तः कियन्तः साधर्मिकाः भोजनाय निमन्त्रिताः, तद्भोजनावसरे च कश्चिन्महाव्रती मासक्षपणपारणे समागात् । तेन द्विजेन सत्कारश्रद्धापूर्वकं तदन्नपानादि तस्मै दत्तं, एतेभ्योऽप्ययं यती विशेषपात्र-मिति निश्चित्य । उक्तं च—**

**શબ્દાર્થ—તે પછી તે બ્રાહ્મણે દયા તથા બ્રહ્મચર્ય પ્રમુખ ગુણવાળા કેટલાક સાધર્મિકોને ભોજન માટે નિમંત્રિત કર્યા. તે સાધર્મિકોના ભોજન અવસરે એક મહિનાના ઉપવાસના પારણા વાળા કોઈ મહાવ્રતધારી મહાત્મા પધાર્યા, સાધર્મિકોથી આ મહાત્મા ઉત્તમપાત્ર છે. એવો નિશ્ચય કરી તે બ્રાહ્મણે બહુમાન અને શ્રદ્ધાપૂર્વક તે મહાત્માને આહારપાણી વગેરે આપ્યાં, કહ્યું છે કે—**

**मिथ्यादृष्टिसहस्त्रेषु वरमेको ह्यणुव्रती,**
**अणुव्रतिसहस्त्रेषु वरमेको महाव्रती ।**
**महाव्रतिसहस्त्रेषु वरमेको हि तात्त्विकः,**
**तात्त्विकेन समं पात्रं न भूतं न भविष्यति ॥**

હજારો મિથ્યાદષ્ટિઓથી એક અણુવ્રતધારી (શ્રાવક) શ્રેષ્ઠ છે. હજારો અણુવ્રતધારીઓથી એક મહાવ્રતધારી સાધુ શ્રેષ્ઠ છે. હજારો મહાવ્રતધારીઓથી એક તત્ત્વવેત્તા શ્રેષ્ઠ છે. તત્ત્વવેત્તાની સમાન ઉત્તમ પાત્ર થયું નથી અને થવાનું નથી.

कालेनायुः परिसमाप्तौ स पात्रदानदाता तद्दानमहिम्ना प्रथमकल्पे सुरः समजनि। ततश्च्युत्वा राजगृहे श्रेणिकसुतो नन्दिषेणनामा जातः । यौवने पञ्चशतराजकन्यापाणिग्रहणं कारितः दोगुन्दुकुदेव इव मनोरमविषयसुखोदधिमग्न आस्ते । इतश्च स लक्षभोज्यकारी विप्रः पापानुबन्धिपुण्यपोषकस्तादृग्निर्विवेकदानाद्बहुभवेषु किञ्चिद्रोगादिसुखानि भुक्त्वा क्वाप्यरण्ये हस्ती जातः । पूर्वयूथेशविनाशितानेकहस्तिसुतया करिण्या यूथेशं वञ्चयित्वा तापसाश्रमे जनितो मुक्तश्च । तत्र तापसुकमारैः सह वृक्षसेचनात्तापसैः कृतसेचनकनामाऽभूत् । अन्यदा पितरं यूथेशं हत्वा हस्तिनीयूथं गृहीतवान् । मातुश्च प्रपञ्चं ज्ञातपूर्वी तापसाश्रमं बभञ्ज । तापसैः खिन्नैः श्रेणिकस्य स गजो दर्शितः । स चैवंभूतः । यथा—

तुङ्गः सप्तकरान् दीर्घो, नवहस्तांस्त्रीन् विस्तृतः ।
दशहस्तपरिणाहो, विंशत्या भूषितो नखैः ॥
आरोपितधनुर्वंशः, प्रोच्चैः कुम्भो लघुर्गले ।
मधुपिङ्गलनेत्रश्च, चञ्चच्चन्द्रोज्ज्वलद्युतिः ॥
चत्वारिंशत्समधिकचतुःशतसुलक्षणः ।
स द्विपो भद्रजातीयः, सप्ताङ्गं सुप्रतिष्ठितः ॥

श्रेणिकेनापि कथञ्चिद् धृत्वा पट्टहस्ती कृतः । राजयोग्याहाराच्छादनादिभिः परिचर्यमाणः सुखी जातः । अथान्यदा तापसैरस्मदाश्रमभञ्जनफलमेतदिति स्मारितमर्मा स्तम्भमुन्मूल्य निर्गतः । पुनस्तापसाश्रमो भग्नः पृष्ठौ श्रेणिकः सपरिकरो गतः । हस्ती दुर्दमः । केनापि वशीकर्तुमशक्यः । नृपादेशेन नन्दिषेणकुमारेण हक्कितः सन् तं कुमारं दृष्ट्वा ममैष क्वापि सम्बन्धीत्युहापोहवशाज्जातजातिस्मृतिः शान्त एव तस्थौ । ततः कुमारेणानीयालानस्तम्भे निबद्धः, श्रेणिकादीनां विस्मयश्च जातः ।

अत्रान्तरे वैभारगिरौ श्रीवीरजिनः समवसृतः । श्रेणिकाभयनन्दिषेणादयो वन्दनार्थं प्राप्ताः । धर्मदेशनान्ते स्वामिपार्श्वे पृच्छा हस्त्युपशमादिविषया । कथितश्च जिनेन पूर्वभवलक्षभोज्यसाधुदानादिव्यतिकरः । पुनरागामिभवप्रश्ने जिनः प्राह-राजन् ! न्यायागतवित्तसुपात्रविनियोगेन नन्दिषेणकुमारोऽनेकान् देवमनुजादिमहाभोगान् भुक्त्वा संयमं प्राप्य देवभूयं प्राप्तः, क्रमेण सिद्धिसुखमवाप्स्यतीति । गजजीवस्तु तादृग्द्रव्यपात्रापात्राविवेचकतया दानादिना भोगान् प्राप्तवान्, परं प्रेत्य प्रथमनरकगामीति श्रुत्वा प्रबुद्धः,

**श्राद्धधर्मं प्रपन्नः । क्रमेण दीक्षां गृह्णन् देवतया तवाद्यापि भोगकर्म बह्वस्तीति वचोभिर्निषिद्धोऽपि प्रव्रज्यां जग्राह । प्राक्तननिकाचितभोगकर्मोदयप्रेरितो वेश्यागृहे १२ [ द्वादश ] वर्षाणि तस्थौ । प्रतिदिनं दश दश प्रबोधकृत्, इत्यादि नन्दिषेणकथाऽन्यतो ज्ञेया ।**

કાળે કરી આયુષ્યની સમાપ્તિ થતાં સુપાત્રમાં દાન આપનાર તે જૈનબ્રાહ્મણ તે સુપાત્રદાનના પ્રભાવથી પ્રથમ દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને રાજગૃહનગરમાં શ્રીશ્રેણિકરાજાનો નંદિષેણ નામે પુત્ર થયો, તેણે યૌવન વયમાં પાંચસો રાજકન્યાઓની સાથે પાણિગ્રહણ કર્યું અને તે નંદિષેણ દોગુંદક દેવની જેમ મનોહર વિષય સુખરૂપ સમુદ્રમાં મગ્ન થયો.

આ તરફ તે લાખ બ્રાહ્મણોને ભોજન કરાવનાર બ્રાહ્મણ પાપાનુબંધીપુણ્યને પુષ્ટ કરનાર તેવા પ્રકારના વિવેક રહિત દાનથી ઘણા ભવોની અંદર કાંઈક ભોગાદિક સુખોને ભોગવી કોઈક જંગલમાં હાથીપણે ઉત્પન્ન થયો. પૂર્વે યૂથપતિએ નાશ કર્યો છે હાથીપુત્રો જેના, એવી કોઈ હાથણીએ યૂથપતિને ઠગીને કોઈ તાપસોના આશ્રમમાં એક કલભને= બચ્ચાને જન્મ આપ્યો, અને તેને ત્યાં જ મૂક્યો. તે ગજકલભ (હાથીનું બચ્ચું) તાપસ કુમારોની સાથે વૃક્ષોને પાણી સિંચતો હોવાથી તાપસોએ તેનું "સેચનક" એવું-નામ પાડ્યું. તે સેચનક કોઈક અવસરે પોતાના યૂથપતિ પિતાને મારી પોતે યૂથપતિ થયો, અને હાથણીઓના ટોળાને ગ્રહણ કરી લીધું, તે હાથી પોતાની માતાના પ્રપંચને પ્રથમથી જ જાણતો હતો, તેથી તેણે તાપસોના આશ્રમને ભાંગી નાંખ્યો. ખેદ પામેલા તાપસોએ શ્રેણિકરાજાને તે હાથી બતાવ્યો.

તે હાથી આ પ્રમાણે હતો—સાત હાથ ઊંચો, નવ હાથ લાંબો, ત્રણ હાથ પહોળો, દશ હાથ વિસ્તારમાં અને વીશ નખોએ સુશોભિત હતો. ચડાવેલા ધનુષ્ય જેવા તેના ઊંચા કુંભસ્થલ હતા, કંઠમાં લઘુ, મધુ સમાન પિંગલ નેત્રો, ચળકતા ચંદ્ર જેવી ઉજ્જ્વલ કાંતિ આવા ચારસો ને ચાલીસ સારાં લક્ષણોથી યુક્ત તે ભદ્ર જાતિનો હાથી, સાતે અંગોમાં સુશોભિત હતો. શ્રેણિકરાજાએ તેને અતિ પ્રયત્ન પૂર્વક પકડીને પોતાનો પટ્ટહસ્તિ કર્યો. રાજયોગ્ય આહાર તથા વસ્ત્ર ઓઢાડવા વગેરેથી તેની સેવા થવાથી તે સુખી થયો.

કોઈક અવસરે તાપસોએ "જો ! આ અમારા આશ્રમને ભાંગવાનું ફલ છે." એમ તે હાથીને કહ્યું અને માર્મિક વાત યાદ કરાવી તેથી આલાન સ્તંભને ઉખેડીને ત્યાંથી ભાગ્યો અને બીજી વાર તાપસોના આશ્રમનો નાશ કર્યો. પરિવાર સહિત શ્રેણિક-રાજા તેની પાછળ ગયો પરંતુ તે દુઃખે કરી વશ થાય તેવો હાથી કોઈનાથી પણ વશ કરી શકાયો નહીં. પછી રાજાની આજ્ઞાથી નંદિષેણકુમારે તે હાથીને હંકાર્યો. નંદિષેણકુમારને જોઈ આ કોઈક મારો સંબંધી છે, એમ વિચાર કરવાથી તેને જાતિસ્મરણ-

જ્ઞાન ઉત્પન્ન થયું, એટલે તે શાંત થઈને ઊભો રહ્યો. પછી નંદિષેણકુમારે તેને લાવીને આલાનસ્તંભે બાંધ્યો, તેથી શ્રેણિકરાજા વગેરેને આશ્ચર્ય થયું.

આ અરસામાં ભગવાન શ્રી મહાવીરસ્વામી વૈભારગિરિ ઉપર પધાર્યા, તે વૃત્તાંત સાંભળી શ્રેણિકરાજા, અભયકુમાર અને નંદિષેણ વગેરે તેમને વંદન કરવા માટે ગયા. ધર્મદેશનાના અંતે રાજાએ પ્રભુને હસ્તિ-ઉપશાંતાદિ બાબતે પ્રશ્ન કર્યો. પ્રભુએ પૂર્વ-ભવમાં લાખ બ્રાહ્મણોને ભોજન કરાવનાર તથા સાધુને દાન આપનાર બ્રાહ્મણોનો વૃત્તાંત કહી સંભળાવ્યો.

બીજી વખત તેમના આગામિક ભવના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન શ્રીમહાવીરસ્વામી બોલ્યા કે—"હે રાજન્ ! આ નંદિષેણકુમાર ન્યાયથી મેળવેલા દ્રવ્યનો સુપાત્રમાં વ્યય કરવાથી અનેક દેવ-મનુષ્ય વગેરેના મહાભોગોને ભોગવી, ચારિત્રને ગ્રહણ કરી દેવપણાને મેળવી અનુક્રમે મોક્ષ સુખને પામશે અને હાથીનો જીવ તો તેવા પ્રકારના દ્રવ્ય અને પાત્રાપાત્રનો વિચાર કર્યા સિવાય કરેલા દાન પ્રમુખથી ભોગોને પામ્યો પરંતુ પરલોકમાં પહેલી નરકમાં જશે."

આ સાંભળી નંદિષેણ કુમાર પ્રતિબોધ પામ્યો અને શ્રાવક ધર્મને અંગીકાર કર્યો. અનુક્રમે દીક્ષા ગ્રહણ કરતી વખતે "હજુ પણ તારે ભોગાવલી કર્મ ઘણું બાકી છે" એવા વચનોથી શાસનદેવે નિષેધ કર્યા છતાં પણ તેણે દીક્ષા ગ્રહણ કરી. ત્યારબાદ પૂર્વના નિકાચિતભોગકર્મના ઉદયથી પ્રેરાયેલા નંદિષેણ દીક્ષાનો ત્યાગ કરી બાર વર્ષ વેશ્યાના ઘરમાં રહ્યા, અને ત્યાં નિરંતર દશ દશ મનુષ્યને પ્રતિબોધ પમાડતા, ઈત્યાદિ નંદિષેણની કથા બીજા ગ્રંથથી જાણવી.

**इत्थं गृही दानविधौ विधिज्ञो, न्यायार्जितार्थः शुभपात्रपोषी ।**
**अवाप्य भोगान् सुभगान् क्रमेण, सिद्धिश्रियः संश्रयते सुखानि ॥९॥**

**"न्यायागतद्रव्ययत्तत्पात्रपोषरूपो द्वितीयः" यत्र तत्र भवेषु भोगमात्र-फलोऽपि प्रान्ते विरसफल एव, लक्षभोज्यकृद् ब्राह्मणवत् । यदाह—**

**શબ્દાર્થ—આ પ્રમાણે દાનવિધિમાં કુશળ અને ન્યાયથી દ્રવ્યને ઉપાર્જન કરનાર તથા સત્પાત્રનું પોષણ કરનાર ગૃહસ્થ સુંદર ભોગોને પ્રાપ્ત કરી અનુક્રમે મોક્ષલક્ષ્મીના સુખને પામે છે. ૯.**

**ન્યાયથી પ્રાપ્ત થયેલ દ્રવ્યથી જેવા તેવા પાત્રને પોષણ કરવારૂપ બીજો ભાંગો જાણવો, આ ભાંગો જ્યાં ત્યાં સંસારમાં માત્ર ભોગનું ફળ આપનારો થાય છે, પણ છેવટે લાખ બ્રાહ્મણોને ભોજન કરાવનાર બ્રાહ્મણની જેમ કટુ ફળ આપનારો જ છે, જે કારણથી કહ્યું છે કે—**

"दानेन भोगानाप्नोति यत्र तत्रोपपद्यते"

દાન વડે જ્યાં ત્યાં સંસારમાં ભમતાં ભોગો પ્રાપ્ત થાય છે પણ મોક્ષ સુખ મળતું નથી.

"अन्यायागतविभवसत्पात्रपरिपोषरूपः तृतीयः" सुक्षेत्रोप्तसामान्यबीजफल-प्ररोहादिवदायतौ सुखप्रसवानुबन्धितया राज्ञां व्यापारिणां बह्वारम्भोपार्जितद्रव्याणां चानुज्ञातः । यतः—

અન્યાયથી પ્રાપ્ત થયેલા દ્રવ્યથી સત્પાત્રને પોષણ કરવારૂપ ત્રીજો ભાંગો જાણવો. સારા ક્ષેત્રમાં વાવેલા સામાન્ય બીજના ફળરૂપ અંકુરની જેમ તે દ્રવ્યનું ભવિષ્યકાળમાં સુખની ઉત્પત્તિમાં સહચારીપણું હોવાને લીધે ઘણા આરંભથી દ્રવ્ય ઉપાર્જન કરનાર રાજાઓ તથા વેપારીઓના સંબંધમાં આ ત્રીજો ભાંગો જણાવ્યો છે. અર્થાત્ રાજાઓ અને વેપારીઓ મહારંભથી દ્રવ્યને મેળવે છે અને ઉત્તરકાળમાં તે દ્રવ્ય તેમને સુખ આપનારું થાય છે, તેમ અન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યનો સત્પાત્રમાં વિનિયોગ થવાથી પરિણામે સુખ આપનારું થાય છે. કહ્યું છે કે—

खलोऽपि गवि दुग्धं स्याद्दुग्धमप्युरगे विषम् ।
पात्रापात्रविशेषेण, तत्पात्रे दानमुत्तमम् ॥

ઘાસ પણ ગાયને વિષે (ગાયને ખવડાવવાથી) દૂધ ઉત્પન્ન કરે છે પણ દૂધ સર્પને વિષે (સર્પને પાવાથી) ઝેરને ઉત્પન્ન કરે છે. પાત્રાપાત્રના વિશેષથી આવું ફળ થાય છે તેથી પાત્રને દાન આપવું ઉત્તમ છે.

सा साई तंपि जलं, पत्तविसेसेण अंतरं गुरुअं ।
अहिमुहपडियं गरलं, सिप्पउडे मुत्तियं जाइ ॥

તેવી જ રીતે તે સ્વાતિ નક્ષત્ર અને તે જળ, પાત્ર વિશેષથી મોટું અંતર ધરાવે છે. સર્પના મુખમાં પડેલું જલ ઝેર થાય છે અને છીપમાં પડેલું મોતી થાય છે.

अन्यथा महारम्भानुचितवृत्तिमेलितं द्रव्यं सुक्षेत्रवापादि विना दुर्गतिफलमेव मम्मणादिवद् । यतः—

શબ્દાર્થ—મહાઆરંભરૂપ અનુચિત વૃત્તિથી મેળવેલું દ્રવ્ય સારા ક્ષેત્રમાં વાપર્યા વિના મમ્મણ શેઠ વગેરેની જેમ દુર્ગતિના ફળને જ આપનારું થાય છે. કહ્યું છે કે—

ववसायफलं विहवो, विवहस्स फलं सुपत्तविणिओगो ।
तदभावे ववसाओ, विहवोवि य दुग्गइनिमित्तं ॥

વ્યાપાર કરવાનું ફળ વૈભવ અને વૈભવનું ફળ સત્પાત્રમાં વિનિયોગ કરવો તે છે, પરંતુ તેના અભાવે વ્યાપાર અને વૈભવ પણ દુર્ગતિના કારણ થાય છે.

"अन्यायार्जितार्थकुपात्रपोषादिरूपश्चतुर्थः" इह साधुजनगर्हितत्वात्परत्र

कुगतिनिबन्धनत्वाच्च त्याज्य एव विवेकिनाम् । यतः—

શબ્દાર્થ—અન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યથી કુપાત્રના પોષણ વગેરે કરવારૂપ ચોથો ભાંગો જાણવો. આ ચતુર્થ ભંગ આ લોકમાં સત્પુરુષોને નિંદનીય હોવાથી અને પરલોકમાં દુર્ગતિનું કારણ હોવાથી વિવેકી પુરુષોએ ત્યાગ કરવા યોગ્ય છે. કહ્યું છે કે—

अन्यायोपात्तवित्तस्य, दानमत्यन्तदोषकृत् ।
धेनुं निहत्य तन्मांसैर्ध्वांक्षाणामिव तर्पणम् ॥

[વિષ્ણુપુરાણ સ્કન્ધ-૭ અ.-૧૭ શ્લોક-૩૬]

અન્યાયથી ગ્રહણ કરેલા દ્રવ્યનું દાન (કુપાત્રને) કરવું તે અત્યંત દોષ ઉત્પન્ન કરે છે જેમ કોઈ માણસ ગાયને મારીને તેના માંસથી કાગડાઓને તૃપ્તિ કરાવે તેના જેવું છે. વળી અન્ય દર્શનમાં પણ કહ્યું છે—

अन्यायोपार्जितैर्वित्तैर्यत् श्राद्धं क्रियते जनैः ।
तृप्यन्ते तेन चाण्डाला, बुक्कसा दासयोनयः ॥

[વિષ્ણુપુરાણ સ્કન્ધ-૭ અ.-૧૭ શ્લોક-૩૭]

અન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યોથી જે લોકો શ્રાદ્ધ કરે છે તેનાથી ચંડાલ, વર્ણશંકર તથા દાસની યોનિમાં ઉત્પન્ન થયેલાઓ તૃપ્ત થાય છે. (પણ પિતૃ તૃપ્ત થતા નથી.)

दत्तः स्वल्पोऽपि भद्राय, स्यादर्थो न्यायसङ्गतः ।
अन्यायात्तः पुनर्दत्तः, पुष्कलोऽपि फलोज्झितः ॥४१॥ [વિવેકવિલાસ ઉ. ૨]

अन्यायवृत्त्यार्जितं वित्तं लोकद्वयेऽप्यहितायैव । यतः—इह हि लोकविरुद्ध-कारिणो वधबन्धादयो दोषाः, परत्र नरकपतनादयश्च । यद्यपि कस्यचित्पा-पानुबन्धिपुण्यकर्मफलादिहलौकिकी विपन्न दृश्यते, तथाऽप्यायत्यामवश्यम्भा-विन्येव । यदाह—( मम्मणादि ) वर्णशङ्करा इत्यर्थः ।

શબ્દાર્થ—ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય, થોડું પણ આપેલું, કલ્યાણને માટે થાય છે અને અન્યાયથી આવેલું દ્રવ્ય પુષ્કળ આપ્યું હોય, તો પણ ફળ રહિત (અલ્પફળ આપનાર) થાય છે. ૧૦.

અન્યાયની વૃત્તિથી ઉપાર્જન (કમાયેલું) કરેલું દ્રવ્ય આલોક અને પરલોકમાં અહિતના અર્થે જ થાય છે, કેમકે આલોકમાં લોકવિરુદ્ધ આચરણ કરવાવાળા પુરુષને વધ બંધનાદિ દોષો પ્રાપ્ત થાય છે, અને પરલોકમાં નરકમાં પડવું વગેરે દોષો થાય છે. કદાપિ કોઈ માણસને પાપાનુબંધી પુણ્યકર્મના ફળને કારણે આલોકમાં વિપત્તિ દેખાતી નથી, તથાપિ પરિણામે તે અવશ્ય થવાની જ છે. જે કારણથી કહ્યું છે કે—

पापेनैवार्थरागान्धः, फलमाप्नोति यत्क्वचित् ।
बडिशामिषवत्तत्तमविनाश्य न जीर्यति ॥

અર્થના રાગે કરી અંધ થયેલો મનુષ્ય પાપવડે કદી કોઈ વખત ફળને પામે, તો પણ કાંટાના માંસની જેમ તે માંસ, માછલીનો નાશ કર્યા વિના રહેતું નથી, તેમ અન્યાયથી મેળવેલું ધન શરૂઆતમાં કાંઈક ફળ આપે છે, પરંતુ પરિણામે તે ધન ગ્રહણ કરનારનો નાશ કરે. કહ્યું છે કે–

"अन्यायोपात्तवित्तेन, यो हितं हि समीहते ।
भक्षणात्कालकूटस्य, सोऽभिवाञ्छति जीवितुम्" ॥

"જે પુરુષ અન્યાયથી ગ્રહણ કરેલા દ્રવ્યથી પોતાના હિતને ઇચ્છે છે તે પુરુષ કાળકૂટ ઝેરના ભક્ષણથી જીવવાની ઇચ્છા રાખે છે. "

**तथा इहान्यायार्जितार्थोपजीविनो गृहस्थादेः प्रायोऽन्यायकलहाहङ्कारपाप-बुद्धिप्रवृत्तिरेव, रङ्कश्रेष्ठ्यादिवत् । यथा–**

શબ્દાર્થ–તેવી રીતે આલોકમાં અન્યાયથી પેદા કરેલા દ્રવ્ય વડે પોતાનો નિર્વાહ કરનાર ગૃહસ્થ વગેરેની રંકશ્રેષ્ઠી વગેરેની જેમ પ્રાયે કરી અન્યાય, ક્લેશ, અહંકાર અને પાપબુદ્ધિમાં જ પ્રવૃત્તિ થાય છે.

## रङ्कश्रेष्ठिकथा

**मरुस्थल्यां पल्लीग्रामे काकूपातकौ भ्रातरौ । तयोः कनीयान् धनी। ज्यायांस्तु निःस्वत्वेन तद्गृहे भृत्यवृत्त्या निर्वहते । एकदा वर्षारात्रौ दिवस-कर्मपरिश्रान्तः काकूयाको रात्रौ प्रसुप्तः । पातकेनाभिदधे, भ्रातः! स्वकेदाराः पयःपूरैः स्फुटितसेतवः, तव तु निश्चिन्तता इत्युपालब्धः । स तदा त्यक्तस्त्रस्तरः स्वं दरिद्रिणं परगृहकर्मकारिणं निन्दन् कुद्दालं लात्वा यावत्तत्र याति तावत्कर्मकरान् स्फुटितसेतुबन्धरचनापरान् दृष्ट्वा, के यूयमिति पृष्टाः । भवद्भ्रातुः कामुकाः इति तैरुक्ते क्वापि मदीयास्ते सन्ति ? इति पृष्टे वलभीपुर्यां सन्तीति ते प्राहुः । अथ कालक्रमेण प्रस्तावं प्राप्य वलभ्यां गतः सकुटुम्बः। तत्र गोपुरासन्नवास्याभीराणां सन्निधौ निवसन् अत्यन्तकृशतया तै रङ्क इति दत्ताभिधानस्तार्णमुटजं कृत्वा तेषामवष्टम्भेनाट्टं मण्डयित्वा तस्थौ ।**

**एकदा कश्चित् कार्पटिकः कल्पप्रमाणेन रैवतशैलादलाबुना सिद्धरसामादाय मार्गे काकूतुम्बडीति सिद्धरसादशरीरिणीं वाणीं निशम्य जातभीर्वलभीपरिसरे तस्य सच्छद्मनो वणिजः सद्मनि तदलाबुस्तत्रोपनिधीचक्रे । स स्वयं सोमनाथयात्रार्थं**

गतः । कस्मिन्नपि पर्वणि पाकविशेषाय चुल्लीनियोजितायां तापिकायामलाबुरन्ध्राद् गलितरसबिन्दुना हिरण्यमयीं निभाल्य स वणिक् तं सिद्धरसं निर्णीय तदलाबुसहितं गृहसारमन्यत्र स्थापयित्वा स्वगृहं प्रज्वालितवान् । अपरस्मिन् गोपुरे गृहं कृत्वा स्थितः । तत्र निवसता प्राज्याज्यक्रयकारिण्याः स्वयं घृतं तोलयंस्तदक्षीणतादर्शनाद् घृतपात्राधः कृष्णचित्रककुण्डलिकां निश्चित्य केनापि छद्मना तां गृहीतवान् । एवं कपटकूटतुलामानव्यवहारादिभिः पापानुबन्धिपुण्यबलेन व्यवसायपरस्य रङ्कश्रेष्ठिनो मिलितं बहु द्रव्यम् ।

एकदा कश्चित्सुवर्णसिद्धिकर्त्ता मिलितः । सोऽपि कपटवृत्त्या वञ्चितो गृहीता सुवर्णसिद्धिः । एवं त्रिविधसिद्ध्याऽनेककोटिधनेश्वरो जातः, परमन्यायार्जितविभवपरिशीलनेन पूर्वं निर्धनस्य पश्चाद्धनसंपत्त्युत्सेकतया च क्वापि तीर्थे सत्पात्रेऽनुकम्पास्थाने वा स्वश्रियो न्यासो दूरे तिष्ठतु, प्रत्युतसकललोकोच्चाटननवनवकरवर्द्धनाहङ्कारपोषान्यधनिस्पर्द्धामत्सरादिभिस्तां रमां कालरात्रिरूपां लोकायादर्शयत् ।

अथान्यदा स्वसुतारत्नखचितकङ्कतिकायां राज्ञा स्वपुत्रीकृते मार्गितायां पश्चात्प्रसभमपहृतायां तद्विरोधात्स्वयं म्लेच्छमण्डले गत्वा कनककोटीर्दत्त्वा मुद्गलान् समानयत् । तैर्देशभङ्गे कृते रङ्केन राज्ञः सूर्यमण्डलागच्छत्तुरगरक्षकान् करवितरणैर्विभिद्य कूटप्रपञ्चः कारितः । पुरा हि राजा सूर्यवरप्राप्तं दिव्यतुरङ्गमारोहति । तदनु सङ्केतितपुरुषैः पञ्चशब्दवादनं क्रियते । तुरगो व्योम्नि याति । तमारूढो नृपो वैरिणो हन्ति । सङ्ग्रामसमाप्तौ तुरगः सूर्यमण्डलं प्रविशति । तदा च रङ्कभेदितपञ्चशब्दवादकै राज्ञस्तुरगारोह-णात् पूर्वमेवं पञ्चशब्दनादः कृतः । तुरगः समुड्डीय गतः । शिलादित्यनृपः किं कर्तव्यतामूढस्तैर्निजघ्ने । तदनु सुखेन वलभीभङ्गः सूत्रितः । उक्तं च—

## રંકશ્રેષ્ઠિકથા

**શબ્દાર્થ**—મરુસ્થળમાં પલ્લી (પાલી) નામે ગામની અંદર કાકૂ અને પાતક નામે બે ભાઈઓ હતા. તે બેમાં નાનો ભાઈ ધનવાન્ હતો, અને મોટો ભાઈ નિર્ધન હોવાથી તે નાનાભાઈના ઘરમાં રહી નિર્વાહ કરતો હતો. એક વખતે વર્ષાઋતુમાં દિવસના કાર્યથી થાકેલો કાકૂ રાત્રે સૂતો હતો, તે વખતે પાતકે કહ્યું કે—હે ભાઈ ! પાણીના સમૂહથી આપણા ક્યારાઓની પાળો તૂટી ગઈ છે અને તું નિશ્ચિતપણે સૂતો છે, એમ ઠપકો આપ્યો. તે વખતે તે કાકૂ પથારીનો ત્યાગ કરી દરિદ્રી અને બીજાના ઘરનું કાર્ય કરનાર એવા પોતાના આત્માને નિંદતો કોદાળાને ગ્રહણ કરી જેટલામાં ત્યાં જાય છે,

તેટલામાં તૂટેલી પાળોને બાંધવાની રચના કરવામાં તત્પર નોકરોને જોઈ તેણે પૂછ્યું કે– "તમે કોણ છો ?" તેઓએ ઉત્તરમાં જણાવ્યું કે અમે તારા ભાઈના નોકરો છીએ. કોઈ ઠેકાણે મારા નોકરો છે ? એમ કાકૂએ પ્રશ્ન કરે છતે તે બોલ્યા કે વલ્લભીપુરમાં તારા નોકરો છે. એ વાત થયા બાદ કેટલાક કાળ પછી કુટુંબ સહિત વલ્લભીપુરમાં ગયો. ત્યાં દરવાજાની પાસે રહેનાર ભરવાડોની નજીકમાં વસતા અત્યંત દુર્બળપણાને લઈ ભરવાડોએ તેનું રંક એવું નામ પાડ્યું. તે રંક વણિક્ તે આભીરોના અવલંબનથી ઘાસનું ઝુંપડું કરી ત્યાં દુકાન માંડીને રહ્યો.

એક વખતે કોઈ યાત્રાળુ કાર્પટિક કલ્પની રીત (રસ સાધવાના વિધાન) પૂર્વક ગિરનાર પર્વતથી સિદ્ધરસની તૂંબડીને સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી રસ્તામાં જતાં કાકૂ તૂંબડી એવી તે સિદ્ધરસમાંથી શરીર વિનાની (અદશ્ય) વાણીનું શ્રવણ કરી ભય પામ્યો. તેથી વલ્લભીનગરીની સમીપમાં તે તૂંબડીને તે કપટી વાણીયાના ઘરમાં અનામત મૂકી અને તે યાત્રાળુ કાર્પટિક સોમનાથની યાત્રા કરવા ગયો. કોઈ પર્વના દિવસે ચૂલા ઉપર મૂકેલી તાવડીમાં તૂંબડીના છિદ્રમાંથી પડેલા રસના બિંદુ વડે સુવર્ણરૂપ થયેલી તાવડી જોઈ તે વણિકે આ સિદ્ધરસ છે એમ નિશ્ચય કરી તે તુંબડી સહિત ઘરની સાર વસ્તુને બીજે ઠેકાણે સ્થાપન કરી પોતાના ઘરને બાળી નાખ્યું, અને બીજે દરવાજે ઘર કરીને રહ્યો, ત્યાં રહેનાર અને પ્રચુર ઘીને ખરીદ કરનાર તે શ્રેષ્ઠી કોઈએ વેચવા લાવેલા ઘીનું પોતે માપ કરતાં તે ઘીને અખૂટ દેખી ઘીના ભાજન નીચે કાળા ચિત્રકની ઇંઢોણી છે, એમ નિશ્ચય કરી તે ઇંઢોણીને કોઈ પણ કપટથી ગ્રહણ કરી લીધી. એવી રીતે કપટથી ખોટાં ત્રાજવાં અને માપના વેપાર વગેરેથી પાપાનુબંધિપુણ્યના બળે વેપારમાં તત્પર રંક શ્રેષ્ઠિને ઘણું ધન મળ્યું.

એક વખતે કોઈ સુવર્ણસિદ્ધિ કરનાર પુરુષ તે રંકશ્રેષ્ઠિને મળ્યો. તેને પણ કપટવૃત્તિથી ઠગી લીધો અને તેની સુવર્ણસિદ્ધિ ગ્રહણ કરી લીધી. એવી રીતે ત્રણ પ્રકારની સિદ્ધિથી તે કાકૂ અનેક કોટિ ધનનો સ્વામી થયો, પરંતુ અન્યાયથી પ્રાપ્ત થયેલા વૈભવના સેવનથી પૂર્વે નિર્ધન હતો તેથી અને પછી ધનની સંપત્તિ થઈ તેથી આસક્તિને લીધે કોઈ પણ તીર્થમાં, સત્પાત્રમાં અને અનુકંપાના સ્થાનમાં પોતાની લક્ષ્મીનો ત્યાગ તો દૂર રહ્યો પણ ઉલટો સંપૂર્ણ લોકોને ઉચ્ચાટન કરવા, નવા નવા કરોનું વધારવું, અહંકારનું પોષણ અને બીજા શ્રીમંતોની સ્પર્ધા તથા અદેખાઈ વગેરેથી સર્વ ભૂતોના સંહારરૂપ કાલરાત્રિ જેવી પોતાની લક્ષ્મી તે કાકૂ લોકોને દેખાડતો હતો.

તે પછી કોઈ વખતે પોતાની પુત્રીની રત્નથી જડેલી કાંસકી રાજાએ પોતાની પુત્રી માટે માંગી, પરંતુ તેણે આપી નહિં, તેથી બળાત્કારથી હરણ કરી લીધી. તે વિરોધથી પોતે મ્લેચ્છના દેશમાં જઈ કોટિ સુવર્ણ આપી મુગલોને લાવ્યો. તે મુગલોએ

દેશનો નાશ કર્યે છતે તે રંક વણિકે રાજાના સૂર્યમંડળથી આવતા અશ્વના રક્ષકોને લાંચ આપી ફોડ્યા અને ખોટો પ્રપંચ કરાવ્યો. પૂર્વે તે રાજા સૂર્યના વરદાનથી પ્રાપ્ત થયેલા દિવ્ય ઘોડા ઉપર ચડતો તે પછી સંકેત કરેલા પુરુષો પાંચ શબ્દના વાજીંત્રો વગાડતા, પછી ઘોડો આકાશમાં જતો અને તેના ઉપર આરૂઢ થયેલો રાજા શત્રુઓને મારતો, અને સંગ્રામ પૂર્ણ થતાં ઘોડો સૂર્યમંડળમાં પ્રવેશ કરતો, પણ આ વખતે રંક શ્રેષ્ઠીએ ફોડેલા પાંચ શબ્દ વાજીંત્ર વગાડનારાઓએ રાજાને ઘોડા ઉપર ચડતાં પહેલાં જ પંચશબ્દ વાજીંત્રનો નાદ કર્યો એટલે ઘોડો ઉડીને ચાલ્યો ગયો.

તે વખતે હવે શું કરવું એવા વિચારથી મૂઢ થયેલા શિલાદિત્ય રાજાને તે મુગલોએ મારી નાંખ્યો. તે પછી સુખે કરી વલ્લભીપુરીનો ભંગ કરાવ્યો. કહ્યું છે કે–

**पण सयरी वाससयं, (वासाइं) तिन्नि सयाइं अइक्कऊभेणं ।**
**विक्कमकालाओ तओ, वलभीभंगो समुप्पन्नो ॥**

**मुद्‌गला अपि रणे पातयित्वा मारिताः ॥**

**વિક્રમ રાજાના સમયથી ત્રણસો પંચોતેર ૩૭૫ (મહાવીરસ્વામીથી ૮૪૫) વર્ષ પસાર થયે વલ્લભીનો ભંગ થયો.**

(વલ્લભીના ભંગ સંબંધી કેટલાએક મતમતાંતરો છે તે અન્ય ગ્રંથોથી અને પ્રાચીન લેખોથી જાણી લેવા. આ શિલાદિત્ય રાજા પ્રથમ શિલાદિત્ય હોવાનો સંભવ છે. કારણ આ ગાથામાં જે સંવત્ બતાવ્યો છે તે મલ્લવાદીના સમયને પ્રાયે મળતો આવે છે.) તે રંક શ્રેષ્ઠિએ મુગલોને પણ રણમાં પાડીને મારી નાંખ્યા ઇત્યાદિ.

**રંકશ્રેષ્ઠીની કથા સમાપ્ત.**

**एवमन्यायवित्तविलसितं ज्ञात्वा न्यायार्थार्जनपरैर्भाव्यम् । तथा व्यवहारा-परिहारायातवित्तोपजीविनां पिण्डप्रकृतिधर्मकर्मादयोऽपि शुद्धा एव । यदागमः–**

**શબ્દાર્થ–એવી રીતે અન્યાયવિત્તના વિલાસને જાણી, ન્યાયથી અર્થ ઉપાર્જન કરવામાં તત્પર થવું, વળી વ્યવહાર પૂર્વક પ્રાપ્ત થયેલ વિત્તથી આજીવિકા કરનારનો ખોરાક, પ્રકૃતિ (સ્વભાવ), ધર્મ અને કર્મ વગેરે પણ શુદ્ધ જ હોય છે. જે કારણથી આગમમાં કહ્યું છે–**

**ववहारसुद्धी धम्मस्स, मूलं सव्वन्नू भासए ।**
**ववहारेण तु सुद्धेणं, अत्थसुद्धी जओ भवे ॥**
**सुद्धेणं चेव अत्थेणं, आहारा होइ सुद्धेण ।**
**आहारेण तु सुद्धेणं, देहसुद्धी जओ भवे ॥**

व्याख्या–शुद्धेनैव चार्थेनाहारोऽशनादिः शुद्धो निर्दोषः, तेन पुनः शुद्धेन देहशुद्धिः, बाह्यमलसद्भावे जिनाज्ञावर्त्तित्वेन कर्ममलापगमात् ।

सुद्धेणं चेव देहेणं, धम्मजुग्गो य जायई ।
जं जं कुणइ किच्चं तु, तं तं से सफलं भवे ॥

शुद्धेनैव च देहेन धर्मयोग्यो जायते गृहस्थः । यथा हि प्रक्षालिताङ्गः सदलङ्काराही भवति तथाऽयमपीत्थं शुद्धदेहो धर्मरत्नालङ्कारयोग्यः । ततश्च यद्यत्करोति कृत्यं देवार्चादानानुष्ठानादिकं तत्तत्तस्य सफलं स्वर्गमोक्षफलदमेव भवेत् । अथ व्यतिरेकमाह–

"સર્વજ્ઞ ભગવાન ધર્મનું મૂળ વ્યવહારની શુદ્ધિ કહે છે અને શુદ્ધ વ્યવહાર વડે અર્થની શુદ્ધિ થાય છે. અર્થશુદ્ધિથી આહાર શુદ્ધ થાય છે અને શુદ્ધ આહારથી દેહની શુદ્ધિ થાય છે.

શુદ્ધ અર્થ વડે જ આહાર એટલે અશન પાન ખાદિમ સ્વાદિમ વગેરે શુદ્ધ (દોષ રહિત) થાય છે, અને તે શુદ્ધ આહાર વડે દેહની શુદ્ધિ થાય છે. કારણ કે બાહ્ય મલ (મલિન શરીરાદિ) હોય તો પણ જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે વર્તન કરવાથી કર્મરૂપી મેલ દૂર થવાથી દેહની શુદ્ધિ ગણાય છે.

શુદ્ધ દેહ વડે જ ધર્મને યોગ્ય થવાય છે, અને જે જે કાર્ય કરાય તે તેનું કાર્ય સફળ થાય છે. ગૃહસ્થ શુદ્ધ દેહ વડે જ ધર્મને યોગ્ય થાય છે. જેમકે અંગોને પ્રક્ષાલન કરનાર શ્રેષ્ઠ અલંકારને યોગ્ય થાય છે, તેમ આ શુદ્ધ દેહવાળો જીવ ધર્મરૂપી અલંકારને યોગ્ય થાય છે, અને પછી દેવપૂજા તથા દાનાદિ અનુષ્ઠાન વગેરે જે જે કાર્ય જીવ કરે છે, તે તે તેને સફળ એટલે સ્વર્ગ અને મોક્ષ ફળને જ આપનારું થાય છે.

**ભાવાર્થ**–અહીં શ્રીજિનેશ્વર ભગવાને ધર્મનું મૂળ વ્યવહારશુદ્ધિ છે એમ જણાવ્યું છે, તેથી વ્યાપાર કરતાં, ઓછું આપવું, વધારે લેવું, માપવાનાં કાટલાં પ્રમાણથી વધારે કે ઓછાં રાખવાં, ત્રાજવામાં ધડો વગેરે રાખવો, સારો માલ દેખાડી ખરાબ આપવો, સારો પદાર્થ નબળા પદાર્થની સાથે મેળવી સારા માલના પૈસા લેવા, દેવદ્રવ્ય વગેરેની ઉચાપત કરવી, લાંચ લેવી, વિશ્વાસઘાત કરવો વગેરે અન્યાયોથી ધન ઉપાર્જન કરવું ગૃહસ્થોને યોગ્ય નથી, કારણ કે શુદ્ધ વ્યવહારથી ઉપાર્જન કરેલું ધન તે જ અર્થશુદ્ધિ છે, અને તથાપ્રકારનું જો શુદ્ધધન (દ્રવ્ય) હોય તો જ તેનાથી ખરીદેલો આહાર શુદ્ધસાત્ત્વિકગુણ ઉત્પન્ન કરનારો થઈ શકે છે.

કહેવત છે કે **'જેવો આહાર તેવો ઓડકાર'** એટલે જો ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરેલું હોય અને તેનો આહાર વગેરેમાં જો ઉપયોગ થાય તો તે વ્યવહારની શુદ્ધિથી

અર્થની પ્રાપ્તિ થઈ ગણાય છે, અને તે દ્રવ્યનો સત્પાત્ર, દીન, અનાથ વગેરે ધર્મકાર્યમાં વ્યય કરવામાં આવ્યો હોય તો તે અત્યંત આનંદ આપનારો થાય છે. સાથે ધર્મની પણ પુષ્ટિકર્તા થાય છે, અને તે દ્રવ્ય જેના ઉપભોગમાં આવ્યું હોય તેના વિચારો પણ વ્યવહાર શુદ્ધિમાં પ્રવર્તન કરાવનારા થાય છે, તેમજ અનીતિ વગેરેને વધારનાર વિચારોનો લય=નાશ થાય છે, તેથી વ્યવહાર શુદ્ધિથી દ્રવ્ય મેળવવા પ્રયાસ કરવો જેથી તે ઉત્તરોત્તર ઉત્તમ ફળને આપનારું થાય. આવો શુદ્ધ આહાર કરવાથી શરીરના પરમાણુઓ પણ નિર્મળ થાય છે, જેથી શરીર અને દ્રવ્યમનના પરમાણુઓ શુદ્ધ થવાથી શ્રીજિનેશ્વર ભગવાનની આજ્ઞાનુસાર વર્તવાથી કર્મમળ નાશ થાય છે, તેથી આત્મા ઉત્તરોત્તર ઉચ્ચ દશાને પામી પોતાના સ્વરૂપને પ્રગટ કરવા પ્રયત્નવાળો થાય છે, અને યોગ્ય સમયે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અનુકૂળતા પ્રમાણે પ્રથમ દેશવિરતિપણાને અંગીકાર કરી, પછી સર્વવિરતિપણાનું આરાધન કરી અષ્ટમાદિ ગુણસ્થાનો પ્રાપ્ત કરી, ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન, કેવળદર્શનને પ્રગટ કરી અંતે મોક્ષપદને પામે છે. હવે ઉપર કહેલી વાતને વ્યતિરેકથી દર્શાવે છે—

**"अन्नहा अफलं होइ, जं जं किच्चं तु सो करे ।**
**ववहारसुद्धिरहिओ य, धम्मं खिंसावए जओ ॥१०॥"**

**શબ્દાર્થ—"અન્યથા વ્યવહારશુદ્ધિ રહિત પુરુષ જે જે કાર્ય કરે છે, તે તે કાર્ય ફળ વગરનું થાય છે, અને તે ધર્મની લઘુતા કરનાર થાય છે." તથા વિવેક રહિત લોકો તેની નિંદા કરે છે. ૧૦.**

લઘુતાથી જે થાય તે કહે છે—

**"धम्मखिंसं कुणंताणं, अप्पणो अपरस्स य ।**
**अबोही परमा होइ, इइ सुत्ते विभासियं ॥११॥"**

**શબ્દાર્થ—"ધર્મની અવહેલના કરવાવાળા પોતાના આત્માનો અને બીજાના બોધિ-બીજ (સમ્યક્ત્વ)નો નાશ કરે છે, એમ સૂત્રમાં કહેલું છે." ૧૧.**

**लोकेऽपि यादृग्विध आहारस्तादृगेव पिण्डप्रकृतिबन्धः । यथा तुरङ्गमा बाल्ये महिष्याः पीतपयस्काः पयसि पतन्ति, गवां पीतदुग्धाः पानीयाद्दूरत एव तिष्ठन्ति । तथा मनुष्योऽपि बाल्याद्यवस्थाभुक्ताहारानुसारिप्रकृतिर्जायते । अतो न्यायार्जितार्थ एव धर्मवृद्धिहेतुः । तथाऽन्यायोपार्जितं वर्षादिप्रान्ते राजचौराग्निजलादिभिरपह्रिय-माणत्वान्न चिरस्थायि, नाऽपि स्वदेहभोगपुण्यव्ययादिहेतुरपि । उक्तं च—**

**શબ્દાર્થ—લોકમાં કહેવાય છે કે જેનો જેવો આહાર હોય છે તેનો તેવો શરીરનો**

બાંધો અને સ્વભાવ થાય છે, જેમ બાલ્યાવસ્થામાં ભેંસોનું દૂધ પીનારા ઘોડાઓ પાણીમાં પડે છે, અને ગાયોનું દૂધ પીનારા પાણીથી દૂર જ ઊભા રહે છે, તેવી જ રીતે મનુષ્ય પણ બાલ્યાવસ્થામાં ભોજન કરેલા આહારને અનુસરતી પ્રકૃતિ (સ્વભાવ) વાળો થાય છે. તે કારણથી ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય છે, તે જ ધર્મની વૃદ્ધિનું કારણ થાય છે. અન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય આખરે રાજા, ચોર, અગ્નિ, પાણી વગેરેથી હરાઈ જનારું હોવાથી તે ઘણો કાળ સ્થિર રહેતું નથી, અને તે પોતાના શરીરના ઉપભોગ અને પુણ્ય કાર્યમાં વ્યય વગેરેનું કારણભૂત થતું નથી. કહ્યું છે કે–

"अन्यायोपार्जितं वित्तं, दशवर्षाणि तिष्ठति ।
प्राप्ते त्वेकादशे वर्षे, समूलं च विनश्यति ॥"

[ઉપદેશતરંગિણી પૃષ્ઠ-૯]

અન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય દશ વર્ષ સુધી રહે છે, અને અગ્યારમું વર્ષ પ્રાપ્ત થયે મૂળ સહિત (સર્વથા) તે નાશ પામે છે. જેને માટે વંચકશ્રેષ્ઠિનું દૃષ્ટાંત છે–

## वञ्चकश्रेष्ठिज्ञातम्

क्वापि संनिवेशे हेलाकः श्रेष्ठी, हली भार्या, भलाकः सुतः । श्रेष्ठी मधुरालापकूटतुलामाननवपुराणादिमीलनरसभेदचौरापहृतादानादिपापव्यवहारप्रकारैर्मुग्धग्रामलोकवञ्चनवृत्त्या धनार्जकः । स हि परवञ्चनया परमार्थतः स्वात्मवञ्चक एव यतः–

कौटिल्यपटवः पापा, मायया बकवृत्तयः ।
भुवनं वञ्चयमाना, वञ्चयन्ते स्वमेव हि ॥

[योगशास्त्र प्र-४ श्लोक-१६ उपदेशप्रासाद भा-१ व्या० ८२]

मिलितमपि द्रव्यं वर्षप्रान्तेऽन्यायायातत्वाच्चौराग्निराजादिभिरपह्रियते, गृहे न किमपि मिलत्येकत्र । क्रमेण सुतो यौवने ग्रामान्तरवासिसुश्रावकश्रेष्ठिसुतां परिणायितः । वधूर्गृहे समायाता । श्राविका ज्ञातधर्मा । श्रेष्ठिनोऽट्टं गृहासन्नम् । श्रेष्ठी ग्रहणदानाद्यवसरे पूर्वसङ्केतितपञ्चपोकरत्रिपोकरमानकसम्बन्धेन सुतस्यापि पञ्चपोकररूपापरनाम्नाह्वानं करोति । क्रमेण लोकैर्ज्ञातवृत्तान्तैर्वञ्चकश्रेष्ठीति नामान्तरं दत्तं श्रेष्ठिनः ।

एकदा वध्वा भर्त्ता पृष्टः । कस्मात्तातो युष्मानपरनाम्नाऽऽकारयति ? । तेन सर्वोऽपि व्यवसायव्यतिकरोऽकथि । वध्वा धर्मार्थिन्या श्रेष्ठी विज्ञप्तः । एवं पापव्यवहारादिनार्जितं वित्तं न धर्मकर्मणे, नापि भोगाय, गृहेऽपि न तिष्ठति । ततो न्यायार्थार्जनं श्रेयः ।

श्रेष्ठिनोक्तं कथं निर्वाहः ? न्यायेन व्यवहरतो लोकः कोऽपि न विश्वसिति। वध्वोक्तं स्वल्पमपि व्यवहारशुद्धं बहु बहु मिलति तिष्ठति च । सुक्षेत्रोप्तबीजवद्बहुफलं, निःशङ्कतया भोगादिप्राप्तेर्मनसः सुखसमाधिलाभश्च । यदि न प्रत्ययो भवता तदा षण्मासीं यावत् कूटवृत्तिपरिहारेण न्यायवृत्त्या व्यवसायं कुरुध्वम् ।

ततो वधूवचसा श्रेष्ठी तथा चक्रे । षण्मास्यां पञ्चसेरमितं स्वर्णमर्जितम् । सत्यवादित्वसत्यकारितत्वादिना ग्राहकाः सर्वेऽपि तस्यैवाट्टे गृह्णन्ति, ददति च लोके कीर्त्तिः, सर्वेषां विश्वासश्च । स्वर्णमानीय वध्वाः समर्पितम् । वधूः प्राह-परीक्षां कुरुत ।

ततः पञ्चसेरी कारिता । चर्मवेष्टितां स्वनामाङ्कां च कारयित्वा त्रिदिनीं राजपथे मुमोच । केनापि न दृष्टा । ततो लात्वा क्वापि महाजलाशये क्षिप्ता, मत्स्येन गलिता । मत्स्योऽपि कस्यचिज्जालिकस्य जाले पपात । पाटनानन्तरं निर्गता पञ्चसेरी । नाम्नोपलक्ष्य श्रेष्ठिनोऽट्टे मात्स्यिकेनानीता, किञ्चिद्दत्वा गृहीता । वधूवचसि प्रत्ययो जज्ञे । ततः शुद्धव्यवहारपरेण बहुवित्तान्युपार्जयन् सप्तक्षेत्र्यामनेकधा व्ययं कुर्वन् प्रौढिं परां प्राप । तदनु सर्वोऽपि लोकः शुक्ल-द्रव्यमेतस्येति कृत्वा व्यवसायाद्यर्थं कलान्तरादिना गृह्णाति । प्रवहणपूरणेऽपि तस्यैव द्रव्यं विघ्ननिवृत्त्यर्थं क्षिप्यते । कालेन तन्नाम्नाऽपि सर्वत्र वृद्धिरिति कृत्वाऽद्यापि प्रवहण-चालनावसरे "हेलउ हेलउ" इति लोकाः कथयन्ति ॥

## વંચકશેઠની કથા

કોઈ ગામમાં **હેલાક** નામે શ્રેષ્ઠિ હતો અને તેને **હલી** નામે પત્ની અને **હેલાક** નામે પુત્ર હતો. તે હેલાક શ્રેષ્ઠી મીઠા વચનોથી ખોટાં ત્રાજવાથી, ખોટા માપથી, નવી અને જુની વસ્તુ મેળવી, રસનો ભેદ કરવાથી અને ચોરે લાવેલી વસ્તુનું ગ્રહણ કરવું વગેરે પાપના વ્યાપારથી ભોળા અને ગામડીયાઓને ઠગવાના ધંધાથી ધન ઉપાર્જન કરતો હતો. ખરી રીતે તે શેઠીઓ બીજાને ઠગવાથી પોતાના આત્માને જ ઠગનારો હતો. કહ્યું છે કે—

**કપટ કરવામાં નિપુણ અને માયાએ કરી બગલા જેવી વૃત્તિવાળા પાપી પુરુષો જગતને ઠગવા જતાં પોતાના આત્માને ઠગે છે.**

મળેલું દ્રવ્ય પણ અન્યાયથી પ્રાપ્ત થયેલ હોવાથી વર્ષના અંતે ચોર, અગ્નિ, રાજા વગેરેથી હરાઈ જાય છે અને ઘરમાં કાંઈ પણ રહેતું નથી.

અનુક્રમે યૌવનને પામેલા પુત્રને બીજા ગામમાં વસનાર ઉત્તમ શ્રાવક શેઠની પુત્રી સાથે પરણાવ્યો. વહુ ઘરમાં આવી, તે ધર્મની જાણકાર શ્રાવિકા હતી. શેઠની દુકાન ઘરની સમીપમાં હતી. આ શેઠ ગ્રહણ કરવાના અને આપવા વગેરેના અવસરે પૂર્વના સંકેત કરેલા 'પંચપોકર' 'ત્રિપોકર' માપાના સંબંધથી પુત્રને પણ પંચપોકર ત્રિપોકર રૂપ

બીજા નામથી આમંત્રણ કરે છે. અનુક્રમે તે વૃત્તાંત લોકોના જાણવામાં આવ્યાથી લોકોએ તે શેઠનું **'વંચકશ્રેષ્ઠી'** એવું બીજું નામ પાડ્યું.

એક વખત શેઠના પુત્રની વહુએ પોતાના સ્વામીને પૂછ્યું કે, 'શા કારણથી પિતા તમને બીજા નામથી બોલાવે છે ?' તે શેઠના પુત્રે પોતાની ભાર્યાને વ્યાપાર સંબંધી સર્વ વૃત્તાંત કહ્યો. તે ધર્મિષ્ઠ વહુએ શેઠને વિનંતી કરીને કહ્યું કે 'આવી રીતે પાપના વ્યાપાર વગેરેથી ઉપાર્જન કરેલું દ્રવ્ય ધર્મકાર્ય માટે અને ભોગ માટે થતું નથી અને ઘરમાં પણ રહેતું નથી, તે કારણથી ન્યાયથી અર્થને ઉપાર્જન કરવો જ કલ્યાણકારી છે.'

શેઠે કહ્યું, 'ન્યાયથી વ્યાપાર કરતાં કેવી રીતે નિર્વાહ થાય અને કોઈ પણ લોક વિશ્વાસ ન રાખે.' પછી વહુએ કહ્યું કે, 'વ્યવહારથી શુદ્ધ હોય તો થોડું પણ દ્રવ્ય ઘણું થાય છે અને ઘરમાં ટકી રહે છે, તથા સારા ક્ષેત્રમાં વાવેલા બીજની જેમ ઘણાં ફળવાળું થાય છે અને નિઃશંકપણાએ ભોગ વગેરેની પ્રાપ્તિથી મનને સુખ અને સમાધિનો લાભ થાય છે. જો તમને વિશ્વાસ ન હોય તો છ મહીના સુધી તુચ્છ વ્યાપારનો ત્યાગ કરી ન્યાયવૃત્તિથી વ્યાપાર કરો.'

પછી શ્રેષ્ઠીએ વહુના વચનથી તેવી રીતે કર્યું. છ મહીનામાં તેણે પાંચશેર પ્રમાણ સુવર્ણ ઉપાર્જન કર્યું. તે શ્રેષ્ઠીના સત્યવાદીપણાથી અને સત્યકારીપણા વગેરેથી સર્વે ગ્રાહકો તેની દુકાને આપ લે કરવા લાગ્યા, લોકોમાં તેની કીર્તિ પ્રસરી અને લોકોમાં વિશ્વાસ થયો. તે શેઠે સુવર્ણ લાવીને વહુને આપ્યું. વહુએ કહ્યું પરીક્ષા કરો.

પછી તે સુવર્ણની પાંચશેરી કરાવી તેને ચામડાથી મઢી અને પોતાના નામથી અંકિત કરાવી ત્રણ દિવસ સુધી રાજમાર્ગમાં મૂકી, પણ કોઈએ દેખી નહિં, કે લીધી નહિં પછી તેને લાવી કોઈ મોટા જળાશયમાં નાખી તેને કોઈ મત્સ્ય ગળી ગયો, તે મત્સ્ય કોઈ એક માછીમારની જાળમાં પકડાયો. માછીમારે તેને ફાડ્યો કે તરત જ તેના ઉદરમાંથી પાંચશેરી નીકળી, તે નામથી અંકિત હોવાના લીધે તેને ઓળખી. ત્યારપછી તે માછીમાર તે પાંચશેરી શેઠની દુકાને લાવ્યો, શેઠે કાંઈક આપીને તે ગ્રહણ કરી, અને શ્રેષ્ઠીને વહુના વચન ઉપર વિશ્વાસ થયો. પછી શુદ્ધ વ્યવહારમાં તત્પર તે શ્રેષ્ઠીએ ઘણું ધન ઉપાર્જન કર્યું, અને સાત ક્ષેત્રમાં અનેક પ્રકારે વ્યય કરતાં ઉત્કૃષ્ટ મોટાઈને પામ્યો. તે પછી સંપૂર્ણ લોકો આ શેઠનું ઉજ્જવળ દ્રવ્ય છે એવો વિચાર કરી વ્યાપારાદિને અર્થે વ્યાજ આપવા વગેરેથી ગ્રહણ કરવા લાગ્યા. વહાણ ભરવામાં પણ વિઘ્નની નિવૃત્તિને અર્થે તેના જ દ્રવ્યને નાખવા લાગ્યા. કાળે કરી તેના નામથી સર્વત્ર વૃદ્ધિ થાય છે એવો વિચાર કરી વહાણ ચલાવતી વખતે લોકો હજુ સુધી **'હેલઉ હેલઉ'** એમ બોલે છે.

**एवं शुद्धव्यवहार इहापि प्रतिष्ठाहेतुः । तस्मान्न्याय एव परमार्थतोऽर्थो-पार्जनोपायोपनिषत् । उक्तं च–**

શબ્દાર્થ—એવી રીતે શુદ્ધ વ્યવહાર આ લોકમાં પણ પ્રતિષ્ઠાનો હેતુ થાય છે તેથી ન્યાય જ પરમાર્થથી અર્થોપાર્જનના ઉપાયમાં રહસ્ય છે. કહ્યું છે કે—[વિવેકવિલાસ ઉ.-૨ શ્લો.-૪]

सुधीरर्थार्जने यत्नं, कुर्यान्न्यायपरायणः ।
न्याय एवानपायोऽयमुपायः संपदां यतः ॥

तथा—

वरं विभववन्ध्यता सुजनभावभाजां नृणा-
मसाधुचरितार्जिता न पुनरूर्जिताः संपदः ।
कृशत्वमपि शोभते सहजमायतौ सुन्दरं,
विपाकविरसा न तु श्वयथुसंभवा स्थूलता ॥
विहाराहारव्याहारव्यवहारास्तपस्विनाम् ।
गृहिणां तु व्यवहार, एव शुद्धो विलोक्यते ॥

ન્યાયમાં તત્પર થઈ સારી બુદ્ધિવાળા પુરુષે અર્થ ઉપાર્જન કરવામાં પ્રયત્ન કરવો. ન્યાય જ સંપત્તિનો વિઘ્ન રહિત ઉપાય અને સ્થાન છે.

સજ્જનપણાને ભજવાવાળા પુરુષોને વૈભવથી રહિતપણું વધારે સારું છે, પરંતુ વધારે ખરાબ આચરણથી ઉપાર્જન કરેલી અને વૃદ્ધિ પામેલી સંપત્તિ સારી નથી, પરિણામે સુંદર એવું સ્વભાવથી કૃશપણું હોય તો તે શોભે છે. પરંતુ પરિણામે ફળમાં વિરસ અને સોજામાં થયેલું સ્થૂલપણું હોય તો તે શોભતું નથી.

તપસ્વી લોકોનો વિહાર, આહાર (ખોરાક), વચન અને વ્યવહાર શુદ્ધ જોવાય છે, અને ગૃહસ્થોનો તો વ્યવહાર જ શુદ્ધ જોવાય છે.

**तथाऽन्यायोपलक्षणाद्देवद्रव्यज्ञानद्रव्यपाषण्डिपार्श्वस्थादिधनेन व्यवसायकरणं, व्याजेन ग्रहणाद्यपि महादोषकृत् यदाह—**

શબ્દાર્થ—તેમજ અન્યાય, ઉપલક્ષણથી દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, પાખંડી અને પાસત્થા વગેરેના દ્રવ્યથી વેપાર કરવો અને તે દ્રવ્યનું વ્યાજથી ગ્રહણ કરવું વગેરે પણ મહાદોષ કરનાર છે. જે કારણથી કહ્યું છે કે—[विवेकविलास उल्लास-२]

''अन्यायिदेवपाखंडि, तद्धनानां धनेन यः ।
वृद्धिमिच्छति मुग्धोऽसौ, विषमत्ति जिजीविषुः ॥७२॥''

“જે પુરુષ અન્યાયના, દેવના, પાખંડીઓના આ ત્રણેના દ્રવ્યથી વેપાર કરનારની પાસેથી પૈસા લઈ તે દ્રવ્ય વડે પોતાના દ્રવ્યની વૃદ્ધિ ઇચ્છે છે તે ભોળો પુરુષ ઝેરનું ભક્ષણ કરી જીવવાની ઈચ્છા કરે છે. ”

लौकिकेऽपि–

देव-द्रव्येण या वृद्धि,-र्गुरुद्रव्येण यद्धनम् ।
तद्धनं कुलनाशाय, मृतोऽपि नरकं व्रजेत् ॥१॥

[योगवासीष्ठ अ० १६ श्लो० २९]

प्रभास्वे मा मतिं कुर्यात्प्राणैः कण्ठगतैरपि ।
अग्निदग्धाः प्ररोहन्ति, प्रभादग्धो न रोहति ॥२॥

प्रभास्वं ब्रह्महत्या च, दरिद्रस्य च यद्धनम् ।
गुरुपत्नी गुरुद्रव्यं, स्वर्गस्थमपि पातयेत् ॥३॥ [द्रव्यसप्ततिका वृत्तौ]

લૌકિકશાસ્ત્રમાં પણ કહ્યું છે કે–

"દેવના દ્રવ્યથી જે વૃદ્ધિ થાય અને ગુરુના દ્રવ્યથી જે ધન પ્રાપ્ત થાય તે દ્રવ્ય કુળના નાશ માટે થાય છે અને મૃત્યુ થયા પછી નરકે જાય છે.

પ્રાણો કંઠ સુધી આવ્યા હોય તો પણ દેવદ્રવ્યમાં બુદ્ધિ કરવી નહીં. અગ્નિથી દાઝેલા ઉગે છે પણ દેવદ્રવ્યથી દાઝેલો ઉગતો (ઉદય પામતો) નથી.

દેવદ્રવ્ય, બ્રહ્મહત્યા, દરિદ્રીનું ધન, ગુરુની પત્ની અને ગુરુદ્રવ્ય એ સર્વે સ્વર્ગમાં રહેલાને પણ નીચે પાડે છે."

**अत्र लौकिकी कथा । पुरा श्रीरामराज्ये श्व कथा**

एकदा कुक्कुरः कश्चिन्निविष्टो राजवर्त्मनि ।
केनचिद् ब्रह्मपुत्रेण, कर्करेण हतः श्रुतौ ॥१॥

श्वा निर्यल्लोहितो न्यायस्थानं गत्वा निविष्टवान् ।
भूपेनाहूय पृष्टोऽवग्, निरागाः किमहं हतः ॥२॥

तद् घातकं ब्रह्मपुत्रं, तत्रानाय्य नृपोऽब्रवीत् ।
असौ त्वद्घातको ब्रूहि, कोऽस्य दण्डो विधीयते ॥३॥

श्वाऽवोचदत्र रुद्रस्य, माठापत्ये नियोज्यताम् ।
क एष दण्डो राज्ञेति, पृष्टः श्वानः पुनर्जगौ ॥४॥

प्रागहं सप्तजन्मभ्यः, पूजयित्वा सदा शिवम् ।
देवस्वभीत्या प्रक्षाल्य, पाणी भोजनमाचरम् ॥५॥

स्त्यानाज्यमन्यदा लिङ्गपूरणे लोकढौकितम् ।
विक्रीणनस्य काठिन्यान्नखान्तः प्राविशन्मम ॥६॥

विलीनमुष्णभुक्तेनाजानता तन्मयाहृतम् ।
तेन दुष्कर्मणा सप्तकृत्वो जातोऽस्मि मण्डलः ॥७॥

सप्तमेऽस्मिन् भवे राजन् ! जाता जातिस्मृतिर्मम ।
अधुना त्वत्प्रभावेणोत्पन्ना वाग् मानुषी मम ॥८॥

एवमज्ञानतो भुक्तं, देवस्वं दुःखकारणम् ।
रक्षणीयमतस्तद्धि, विवेकज्ञैः स्वशक्तितः ॥९॥

न विषं विषमित्याहुर्देवस्वं विषमुच्यते ।
विषमेकाकिनं हन्ति, देवस्वं पुत्रपौत्रकम् ॥१०॥ (इति) स्मृतौ ॥

અહીં લૌકિક કથા કહે છે કે—પૂર્વે શ્રી રામના રાજ્યમાં એક વખત રાજમાર્ગમાં કોઈ કુતરો બેઠો હતો, તેને કોઈ બ્રાહ્મણના પુત્રે કાન ઉપર પથ્થર માર્યો. રુધિર નીકળતો કુતરો ન્યાયના સ્થાનમાં જઈ બેઠો.

રાજાએ (રામે) તેને બોલાવીને પૂછ્યું એટલે તે કુતરો બોલ્યો કે 'નિરપરાધી એવા મને તે બ્રહ્મપુત્રે શા માટે માર્યો ?' પછી તેને મારનાર બ્રાહ્મણપુત્રને ન્યાયસ્થાનમાં બોલાવી રાજાએ તેને કહ્યું, 'તને મારનાર આ બ્રહ્મપુત્ર છે ?' 'બોલ, એને શું દંડ કરીએ ?'

કુતરાએ કહ્યું કે 'આ નગરના શંકરના મઠના અધિપતિ તરીકે નિયોજિત કરો.'

રાજાએ પૂછ્યું, 'આ તે દંડ કેવો કહેવાય ?'

ત્યારે કુતરાએ કહ્યું, 'હું આ ભવથી પૂર્વે સાતમાં ભવમાં પહેલાં નિરંતર શંકરની પૂજા કરતો હતો, દેવદ્રવ્યના ભયથી મારા બન્ને હાથ ધોઈ ભોજન કરતો હતો. એક વખતે શંકરના લિંગમાં ભરવા માટે લોકોએ ભેટ કરેલું કઠિન ઘી વેચતાં તે કઠણ હોવાથી મારા નખની અંદર ભરાઈ ગયું, તે ઉષ્ણ ભોજનથી ગળી ગયું અને અજાણતા મારાથી તેનું ભક્ષણ કરાયું. તે દુષ્ટ કર્મથી હું સાત વખત કુતરો થયો છું ! હે રાજન્ ! આ સાતમા ભવમાં મને જાતિસ્મૃતિ જ્ઞાન થયું છે, અને હમણાં તમારા પ્રભાવથી મને મનુષ્ય સંબંધી વાણી ઉત્પન્ન થઈ છે.' આ રીતે અજ્ઞાનથી ભક્ષણ કરેલું દેવદ્રવ્ય પણ દુઃખનું કારણ થાય છે. આ કારણથી વિવેકી પુરુષોએ તે દ્રવ્યનું પોતાની શક્તિ અનુસાર રક્ષણ કરવું. પંડિત પુરુષો ઝેરને ઝેર કહેતા નથી, પરંતુ દેવદ્રવ્યને ઝેર કહે છે. "વિષ ભક્ષણ કરનાર એકને જ હણે છે, અને દેવદ્રવ્ય પુત્ર તથા પુત્રના પુત્રોને પણ હણે છે," એમ સ્મૃતિકાર કહે છે.

**नन्वेवं व्यवहारप्रतिषेधे गृहस्थस्य वित्तप्राप्तिरेव न भविष्यति, तत्कथं निर्वाहव्यवच्छेदे धर्महेतुश्चित्तसमाधिलाभः स्यात् ? इत्याशङ्क्याह—न्याय एव ह्यर्थाप्त्युपनिषत्परा, न्याय एव च परमार्थतोऽर्थोपार्जनोपायरहस्यम् । यदाह—**

निपानमिव मण्डूकाः, सरःपूरमिवाण्डजाः ।
शुभकर्मणामायान्ति, विवशाः सर्वसम्पदः॥ [पञ्चतन्त्र पृ० १७ श्लोक १७]

**શબ્દાર્થ—અહીં કોઈ એમ શંકા કરે કે 'જો એવી રીતે વ્યવહારનો નિષેધ કરશો તો**

ગૃહસ્થને દ્રવ્યની પ્રાપ્તિ જ નહીં થાય, અને પછી આજીવિકાનો વ્યવચ્છેદ થતાં ધર્મના હેતુભૂત ચિત્ત સમાધિનો લાભ કેવી રીતે થશે ? એવી આશંકાનો ઉત્તર કહે છે, "ન્યાય એ જ અર્થની પ્રાપ્તિમાં ઉત્કૃષ્ટ રહસ્ય છે, અને ન્યાય એ જ પરમાર્થથી દ્રવ્ય ઉપાર્જન કરવાના ઉપાયનું તાત્પર્ય છે.

જેમ કે દેડકાઓ જળાશયમાં આવે છે, અને પક્ષીઓ સરોવરના પૂરમાં આવે છે તેમ શુભકર્મને વશ થયેલી સર્વ પ્રકારની સંપત્તિઓ સારા કર્મવાળા પુરુષોની પાસે આવે છે." તેવી જ રીતે કહ્યું છે કે–

"नोदन्वानर्थितामेति, न चाम्भोभिर्न पूर्यते ।
आत्मा तु पात्रतां नेयः, पात्रमायान्ति सम्पदः" ॥

"જેમ સમુદ્ર યાચકપણાને પ્રાપ્ત થતો નથી અને પાણીથી ભરાય છે તેમ આત્માને પાત્રપણાને પમાડવો તેથી પાત્રમાં સંપત્તિઓ પોતાની મેળે આવે છે."

**शुद्धव्यवहारश्चतुर्धा । यदुक्तम्–**

उजुववहारो चउहा, जहत्थभणणं १ अवंचिगा किरिया २।
हुंतावायपगासए ३, मित्तीभावो य सब्भावा ४॥

**ऋजुरकुटिलः शुद्धो व्यवहाराख्यगुणश्चतुर्धा । यथा यथार्थभणनमविसंवादिवचनं धर्मक्रयविक्रयसाक्षिव्यवहारादौ । अयं भावः–**

परवंचणबुद्धीए, धम्ममधम्मं च जाणिऊण सया ।
न भणंति भावसड्डा, भणंति सच्चं च महुरं च ॥
कयविक्कयसट्टीसुवि, ऊणब्भहियं कहंति न हु अग्घं ।
सक्खित्तेवि निउत्ता, न अन्नहा वाइणो हुंति ॥
रायसभाइगयावि हु, जणं न दूसंति अलियभणिएहिं ।
धम्मोवहासजणगं, वयणं वज्जंति धम्मरया ॥

**कमलश्रेष्ठ्यादिवत् ।**

શબ્દાર્થ–તે શુદ્ધ ઋજુ વ્યવહાર ચાર પ્રકારનો છે તે કહે છે. યથાર્થ કહેવું. ૧. અવંચન ક્રિયા ૨. ભવિષ્યના અપાયને (અનર્થને) પ્રકાશ કરવો. ૩ અને મૈત્રીભાવનો સદ્ભાવ ૪. ઋજુ એટલે સરળ, શુદ્ધ એટલે દોષ રહિત એવો વ્યવહાર નામનો ગુણ ચાર પ્રકારનો છે, તે બતાવે છે. યથાર્થ કહેવું એટલે ધર્મમાં, લેવડ દેવડમાં અને સાક્ષી કે બીજા વ્યવહાર વગેરેમાં વિરોધ રહિત વચનનું બોલવું.

અહીં આ તાત્પર્ય છે, નિરંતર ધર્મ અને અધર્મને જાણી ભાવશ્રાવકો બીજાને ઠગવાની બુદ્ધિથી બોલતા નથી, અને તેઓ સાચું અને મધુર બોલે છે. ખરીદ કરવાના અને

આપવાના સાટામાં પણ ઓછી વધારે કિંમત કહેતા નથી અને સાક્ષીમાં નિયુક્ત કર્યા હોય તો પણ અસત્ય વચન બોલતા નથી. રાજાની સભા વગેરેમાં જઈ કોઈ પણ મનુષ્યને અસત્યવચનથી દૂષિત કરતા નથી, અને ધર્મમાં આસક્ત એવા ભાવ શ્રાવકો ધર્મના ઉપહાસજનક વચનનો કમળ શ્રેષ્ઠી વગેરેની જેમ ત્યાગ કરે છે. આ ઋજુવ્યવહારનો પ્રથમ ભેદ થયો.

**तथा "अवञ्चिका क्रिया" परव्यसनाहेतुका मनोवाक्कायव्यापाररूपा चेष्टा । यदुक्तम्–**

तप्पडिरूवगविहिणा, तुलापलाईहिं ऊणमब्भहियं ।
लिंतो दिंतोपि परं, न वंचए सुद्धम्मत्थी ॥

**अवञ्चकोपलक्षणात् स्तेनाहृततत्प्रयोगादेरपि वर्जनं अष्टादशप्रसिद्धिपरित्याग-पूर्वकम् । ताश्चेमाः**-[श्राद्धदिनकृत्यवृत्तौ] [उपा०प्रासा० व्या० ८२]

**चौर १ श्चौरापको २ मन्त्री, ३ भेदज्ञः ४ काणकक्रयी ५ ।**
**अन्नदः ६ स्थानद ७ श्चैव, चौरः सप्तविधः स्मृतः ॥**

**तत्र काणकक्रयी बहुमूल्यमपि अल्पमूल्येन चौराहृतं काणकं हीनं कृत्वा क्रीणाति ।**

શબ્દાર્થ—અવંચન ક્રિયા એટલે પરના દુ:ખમાં અકારણભૂત એવી મન વચન અને કાયાના વ્યાપાર રૂપ ક્રિયા તેને અવંચન ક્રિયા કહે છે. સદશ વિધિથી, ત્રાજવાં અને પાલા વગેરેથી ઓછું આપી અને વધારે લઈ શુદ્ધધર્મનો અર્થી બીજાને ઠગે નહીં. અવંચન ક્રિયા ઉપલક્ષણથી અઢાર પ્રકારની પ્રસિદ્ધિના ત્યાગપૂર્વક, ચોરોનું લાવેલું અને તેના (ચોર સંબંધી) પ્રયોગ વગેરેનો ત્યાગ કરવો તે આ પ્રમાણે છે, ૧. ચોર, ૨. ચોરી કરાવનાર ૩. ચોરનો સલાહકાર ૪. ચોરના ભેદનો જાણ. ૫. ચોરીના માલને ખરીદનાર, ૬. ચોરને ખોરાક આપનાર અને ૭. ચોરને સ્થાન આપનાર એ સાત પ્રકારના ચોર કહેવાય છે. તેમાં કાણકક્રયી એટલે ચોરનું લાવેલું ઘણી કિંમતનું પણ કાણક એટલે આ ખરાબ છે એમ કહી થોડી કિંમતથી ખરીદ કરી લે તેને કાણકક્રયી કહે છે.

હવે અઢાર પ્રસિદ્ધિઓનું વર્ણન કરે છે—

**भलनं १ कुशलं २ तर्जा, ३ राजभोगो ४ ऽवलोकनम् ५ ।**
**अमार्गदर्शनं ६ शय्या, ७ पदभङ्ग ८ स्तथैव च ॥**
**विश्रामः ९ पादपतन,-१० मासनं ११ गोपनं १२ तथा ।**
**खण्डस्य खादनं १३ चैव, तथाऽन्यन्महाराजिकम् १४ ॥**

पद्या १५ ग्न्यु १६ दक १७ रज्जूनां, १८ प्रदानं ज्ञानपूर्वकम् ।
एताः प्रसिद्धयो ज्ञेया, अष्टादश मनीषिभिः ॥ [सम्बोधप्रकरणे]

तत्र "भलनं" ते भेतव्यं भवता तद्विषयेऽहमेव भविष्यामीत्यादिवाक्यैश्चौर्य-विषयं प्रोत्साहनम् १। "कुशलं"मिलितानां सुखदुःखादितद्वार्त्ताप्रश्नः २ । "तर्जा" हस्तादिना चौर्यं प्रति प्रेषणादिसंज्ञाकरणम् ३। "राजभोगो" राजभोगद्रव्यापह्नवः ४। "अवलोकनं" हरतां चौराणामपेक्षाबुद्ध्या दर्शनम् ५। "अमार्गदर्शनं" चौरमाग-प्रच्छकानां मार्गान्तरकथनेन तदज्ञापनम् ६। "शय्या" शयनीयार्पणादि ७। "पदभङ्गः" पश्चाच्चतुष्पदप्रतारादिद्वारेण ८। "विश्रामः" स्वगृह एव वासकाद्यनुज्ञा ९। "पाद-पतनं" प्रणामादिगौरवम् १०। "आसनं" विष्टरदानम् ११। "गोपनं" चौरापह्नवः १२। "खण्डखादनं" खण्डमण्डकादिभक्तदानम् १३। "महाराजिकं" लोकप्रसिद्धम् १४। "पद्याग्न्युदकरज्जूनां प्रदानं" इति प्रक्षालनाभ्यङ्गाभ्यां दूरमार्गागमनजनितश्रमाप-नोदित्वेन पादेभ्यो हितं पद्यमुष्णजलतैलादि तस्य १५। पाकाद्यर्थं चाग्नेः १६। पानाद्यर्थं शीतोदकस्य समर्पणम् १७। चौरापहृतचतुष्पदादिबन्धनार्थं रज्जूनां च प्रदानं १८। ज्ञानपूर्वकं चेति सर्वत्र योज्यम्, अज्ञानपूर्वकस्यानपराधत्वात् ।

શબ્દાર્થ—૧. ભલન ૨. કુશળ ૩. તર્જા ૪. રાજભોગ ૫. અવલોકન ૬. અમાર્ગ-દર્શન ૭. શય્યા ૮. પદભંગ ૯. વિશ્રામ ૧૦. પાદપતન ૧૧. આસન ૧૨. ગોપન ૧૨. ખંડનું ખાદન ૧૩. મહારાજિક ૧૪. પદ્મ ૧૫. અગ્નિ ૧૬. ઉદક ૧૭. રજ્જુ ૧૮. વગેરેનું જાણપૂર્વક આપવું. અજ્ઞાનતાથી આ કરે તો દોષિત નથી આ અઢાર પ્રસિદ્ધિઓ બુદ્ધિમાન પુરુષોએ જાણવી. એ અઢાર પ્રસિદ્ધિઓનો અનુક્રમે સંક્ષેપમાં અર્થ બતાવે છે.

ભાવાર્થ :—

१. **भलन** =તેમાં (તે કાર્યમાં) તમારે ડરવું નહિ, તે વિષયમાં હું જ ખાત્રીદાર થાઉં છું, ઈત્યાદિક વાક્યોથી ચોરી કરવાના વિષયમાં ઉત્સાહ વધારવો.
२. **कुशल** =ચોર જ્યારે મળે ત્યારે સુખ-દુઃખાદિની વાતો પુછવી.
३. **तर्जा** =ચોરને હાથ વગેરેથી ચોરી કરવા માટે જવાનો ઈશારો કરવો.
४. **राजभोग** =જેમાં રાજાનો ભાગ હોય તેવું રાજભોગ દ્રવ્ય ઓળવવું.
५. **अवलोकन** =ચોરી કરતાં ચોરને (માલ લેવાની) ઈચ્છાપૂર્વક દેખવું.
६. **अमार्गदर्शन** =ચોરનો માર્ગ પૂછનારને બીજો રસ્તો બતાવવાથી તે ચોરોને છુપાવવા.
७. **शय्या** =ચોરને સુવાની વસ્તુ વગેરે આપવું.
८. **पदभङ्ग** =(ચોરના આવ્યા કે ગયા) પછી ચાર પગવાળા જનાવરોને તે રસ્તે ફેરવવાથી પગલા ભાંગવા.

૯. **विश्राम** =ચોરને પોતાના ઘરમાં જ રહેવા વગેરેની રજા આપવી.
૧૦. **पादपतन** =ચોરને નમસ્કાર વગેરે બહુમાન કરવું.
૧૧. **आसन** =ચોરને ગાદી તકીયા વગેરે આપવા.
૧૨. **गोपन** =ચોરને સંતાડવો.
૧૩. **खण्डखादन** =ચોરને ખાંડ-રોટલી વગેરેનું ભોજન આપવું.
૧૪. **महाराजिक** =ચોરને ઉપયોગી લોકમાં પ્રસિદ્ધ એવું ચૂર્ણ આપવું.
૧૫. **पद्य** =ચોરને પદ્ય-અગ્નિ-પાણી દોરડું વગેરે આપવું, એટલે કે ચોરને પગ ધોવા અને શરીરે ચોળવા માટે દૂરમાર્ગથી આવવાથી ઉત્પન્ન થયેલા શ્રમ-થાકને દૂર કરવાના ઉદ્દેશથી ગરમપાણી-તેલ વગેરે પગને હિતકારી = પદ્યનું આપવું.
૧૬. **अग्नि** =રસોઈ કરવા માટે ચોરને અગ્નિ આપવો.
૧૭. **उदक** =ચોરને પીવા વગેરે માટે શીતલ પાણી આપવું.
૧૮. **रज्जु** =ચોરી કરીને લાવેલા ચતુષ્પદવાળા જનાવરોને બાંધવા માટે દોરડું આપવું.

**"हुंतावायपगासण" इति अशुद्धव्यवहारभाविनोऽपाया अनर्था राजदण्डनरकपातादयस्तेषां प्रकाशनं-प्रकटनम् । भद्र ! मा कृथाः पापानि चौर्यादीनीहामुत्र चानर्थकारीणीति परेभ्यः प्रतिपादनमेवंप्रकारेण । तथा हि—**

**શબ્દાર્થ—'हुंतावायपगासणत्ति' એ પદનો અર્થ કરે છે. અશુદ્ધ વ્યવહારથી ઉત્પન્ન થયેલા રાજદંડ અને નરકમાં પડવારૂપ જે ભાવિ અપાયો (અનર્થ) તેનું પ્રકાશવું એટલે પ્રગટ કરવું તે આવી રીતે—હે ભદ્ર ! આલોક અને પરલોકમાં અનર્થને કરવાવાળાં ચોરી વગેરે પાપોને કરીશ નહીં, એમ બીજાઓને જણાવવું. અહીંયાં તેજ પ્રતિપાદન કરે છે.—**

**अन्नाएण विढत्तं, दव्वमसुद्ध असुद्धदव्वेणं ।**
**आहारोवि असुद्धो, तेण असुद्धं सरीरंपि ॥१२॥**

**देहेण असुद्धेणं, जं जं किज्जइ कयावि सुहकिच्चं ।**
**तं तं न होइ सहलं, बीयंपिव ऊसरनिहित्तं ॥१३॥**

**શબ્દાર્થ—અન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય અશુદ્ધ ગણાય છે અને અશુદ્ધ દ્રવ્યથી (અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ) આહાર પણ અશુદ્ધ થાય છે અને તે આહારથી (ખોરાકથી) પોષાયેલું શરીર પણ અશુદ્ધ થાય છે. તે અશુદ્ધ શરીરથી જે જે શુભ કાર્ય ક્યારેય પણ કરવામાં આવે, તે તે કાર્ય ઉખરભૂમિમાં નાખેલાં બીજની જેમ નિષ્ફળ થાય છે. ૧૪, ૧૫. આ ઋજુ વ્યવહારનો ત્રીજો ભેદ થયો. તેવી જ રીતે 'मित्तीभावो य सब्भावत्ति' એ ઋજુવ્યવહારના ચોથા ભેદને વર્ણવે છે.**

तथा "मित्तीभावो य सब्भावा" इति मित्रस्य भावः कर्म वा मैत्री, तस्या भावो भवनं निष्कपटतया, सुमित्रवन्निष्कपटमैत्रीं करोतीत्यर्थः न तु कपटमैत्रीं दर्शयन् जनं वञ्चयति । एवं हि गोमुखव्याघ्रवृत्त्या व्यवहरन् सर्वेषामविश्वासस्थानं पापभाक् च भवेदिति ज्ञात्वा चतुर्द्धा ऋजुव्यवहारः स्याद्विवेकी । अयं च व्यवसायव्यवहारः—

શબ્દાર્થ–મિત્રનો ભાવ અથવા તો મિત્રનું કર્મ તેને મૈત્રી કહે છે. નિષ્કપટપણે તે મૈત્રીભાવનું થવું, એટલે ઉત્તમ મિત્રની જેમ કપટ રહિતપણે મૈત્રી કરે, પણ ગોમુખ વ્યાઘ્રવૃત્તિથી (મુખે ગાય જેવી અને વર્તનમાં વાઘ જેવી વૃત્તિથી) વ્યાપાર કરતો સર્વ લોકમાં અવિશ્વાસનું પાત્ર અને પાપનો ભાગીદાર, થાય તેવી રીતે કપટ મિત્રતા દેખાડી લોકોને ઠગે નહીં. એવું જાણી વિવેકી પુરુષ ચાર પ્રકારે ઋજુવ્યવહાર કરનાર થાય. આ (આગળ કહેવાશે તે) વ્યાપારનો વ્યવહાર આ પ્રમાણે છે :—

क्रयाणकेष्वदृष्टेषु, न सत्यङ्कारमर्पयेत् ।
दद्याच्चेद्बहुभिः सार्द्धमिच्छेल्लक्ष्मीं वणिग् यदि ॥१४॥

कुर्यात्तत्रार्थसम्बन्धमिच्छेद्यत्र न सौहृदम् ।
यदृच्छा न तिष्ठेच्च, प्रतिष्ठाभङ्गभीरुकः ॥१५॥

व्यापारिभिश्च विप्रैश्च, सायुधैश्च वणिग्वरः ।
श्रियमिच्छन्न कुर्वीत, व्यवहारं कदाचन ॥१६॥

नटे पण्याङ्गनायां च, द्यूतकारे विटे तथा ।
दद्यादुद्धारके नैव, धनरक्षापरायणः ॥१७॥

धर्मबाधाकरं यच्च, यच्च स्यादयशस्करम् ।
भूरिलाभमपि ग्राह्यं, पण्यं पुण्यार्थिभिर्न तत् ॥१८॥

धनं यच्चार्ज्यते किञ्चित्कूटमानतुलादिभिः ।
नश्येत्तन्नैव दृश्यते, तप्तपात्रेऽम्बुबिन्दुवत् ॥१९॥

भाव्यं प्रतिभुवा नैव, दाक्षिण्येन न साक्षिणा ।
कोशपानादिकं चैव, न कर्त्तव्यं यतस्ततः ॥२०॥

यो द्यूतधातुवादादिसम्बन्धाद्धनमीहते ।
स मषीकूर्चकैर्धाम, धवलीकर्त्तुमिच्छति ॥२१॥

શબ્દાર્થ—જો વેપારીને લક્ષ્મીની ઇચ્છા હોય તો કરીયાણાને જોયા વગર બાનું આપે નહીં=સોદો નક્કી ન કરે અને જો બાનું આપે તો ઘણાઓની સમક્ષ આપે. ૧૬. જ્યાં મિત્રપણાની ઇચ્છા ન હોય, ત્યાં અર્થનો સંબંધ કરે. પોતાની પ્રતિષ્ઠાના ભંગનો ભય રાખનાર પોતાની મરજી પ્રમાણે (મિત્ર જ્યાં વેપાર કરતો હોય ત્યાં) ઊભો પણ ન રહે. ૧૭. લક્ષ્મીને ઇચ્છનાર ઉત્તમ વેપારીએ કદીપણ બ્રાહ્મણ વેપારીઓ અને શસ્ત્રધારી લોકોની સાથે વેપાર કરવો નહીં. ૧૮. દ્રવ્યની રક્ષા કરવામાં તત્પર એવા વેપારીએ નટ, વેશ્યા, જુગારી અને ધૂર્ત પુરુષને ઉધારે આપવું નહીં. ૧૯. જે પોતાના ધર્મને બાધા કરનારું હોય, અને જે બદનામી કરનારું હોય તેવું કરીયાણું ઘણો લાભ આપનારું હોય તો પણ પુણ્યના અર્થી પુરુષોએ ગ્રહણ કરવું નહીં. ૨૦. જે કાંઈ દ્રવ્ય ખોટાં માપ અને ત્રાજવાથી ઉપાર્જન કરાય છે તે દ્રવ્ય પ્રથમ જોવામાં આવે છે, પણ ઉષ્ણ પાત્રમાં પડેલા જળબિંદુની જેમ પાછળથી જોવામાં આવતું નથી. ૨૧. દાક્ષિણ્યતાથી કોઈના જામીન કે સાક્ષી થવું નહીં અને જ્યાં ત્યાં સોગન (સમ) વગેરે ખાવા નહીં. ૨૨. જે પુરુષ જુગારથી અને કીમીયાદિકના પ્રયોગથી દ્રવ્યની ઇચ્છા રાખે છે, તે પુરુષ મેશના કૂચડાથી પોતાનું ઘર ધોળું કરવાની ઇચ્છા કરે છે. ૨૩.

**इह प्रायो लोभाकुलिततया बह्वारम्भश्रावकानुचितद्विपदचतुष्पदलोह-गुलीतिलादिकुवस्तुव्यवसाययन्त्रकर्म्मादिकुव्यापारधर्मकर्मव्ययसङ्क्षेपादिप्रकारैः क्रियमाणैर्न धनवृद्धिर्जायते, शुभकर्मोपचितधर्मानुसारित्वात्तस्याः । [ उक्तं च ]**

શબ્દાર્થ—આ લોકમાં પ્રાયે કરી લોભની આકુળતાથી ઘણા આરંભોવાળો, અને શ્રાવકોને અનુચિત એવો બે પગવાળાં પ્રાણીઓનો તેમજ લોઢું, ગળી, તલ, વગેરે ખરાબ પદાર્થનો વેપાર, તથા યંત્રકર્માદિક હલકો વેપાર કરવાથી અને ધર્મકાર્યના ખર્ચમાં સંક્ષેપ વગેરે કરવાથી ધનની વૃદ્ધિ થતી નથી, કારણ કે દ્રવ્યની વૃદ્ધિ તો શુભકર્મોથી પુષ્ટ થયેલા ધર્મને અનુસારે રહેલી છે. કહ્યું છે કે—

यत्नानुसारिणी विद्या, लक्ष्मीः पुण्यानुसारिणि ।
दानानुसारिणी कीर्तिः, बुद्धिः कर्मानुसारिणी ॥

વિદ્યા ઉદ્યમને અનુસારે પ્રાપ્ત થાય છે, લક્ષ્મી (પૂર્વ) પુણ્યને અનુસારે મળે છે, કીર્તિ દાનને અનુસારે પ્રસરે છે અને બુદ્ધિ કર્મોને અનુસાર થાય છે.

ભાવાર્થ—"यत्नानुसारिणी विद्या"—વિદ્યા યત્નસાધ્ય છે છતાં કેટલાક પુરુષો કર્મનો દોષ કાઢી અભ્યાસ કરવામાં પ્રમાદી થાય છે. પરંતુ પ્રમાદ નહીં કરતાં આત્મામાં તિરોભાવે રહેલાં મતિ અને શ્રુતજ્ઞાનનો રોધ કરનાર મતિ અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મને આત્મપ્રદેશથી દૂર કરવા પ્રયત્ન કરવો.

જ્યારે પ્રયત્ન કર્યા સિવાય જ્ઞાન (વિદ્યા) પ્રગટ થવાનું નથી, ત્યારે તેનો નાશ

કરવા માટે શો પ્રયત્ન કરવો જોઈએ કે જેથી વિદ્યા (જ્ઞાન) પ્રાપ્ત થાય ? આ પ્રમાણે કોઈ આશંકા કરે તેના પ્રત્યુત્તરમાં જણાવવાનું કે, પુસ્તક સંરક્ષણ, જીર્ણ પુસ્તકોદ્ધાર, પુસ્તકના નવીન ભંડાર, જ્ઞાનપંચમ્યાદિનું આરાધન, તપસ્યા, જ્ઞાનાભ્યાસીને સહાય, લોકોપયોગી નવીન પુસ્તકોની રચના અને જ્ઞાન તથા જ્ઞાનીનો વિનય બહુમાન કરવારૂપ પ્રયત્નથી મતિ અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કે ક્ષયોપશમ થાય છે. માટે ઉપરોક્ત સર્વ કાર્ય અંતઃકરણની ખરી લાગણી પૂર્વક કરવાથી અને સતત વિદ્યાભ્યાસ ચાલુ રાખવાથી વિદ્યા પ્રાપ્ત થવામાં વિલંબ થતો નથી, વિદ્યા તો શું પણ मासतुष મુનિ કે જેનાથી मा रुष मा तुष ને બદલે मास् तुष् બોલાતું હતું તો પણ તેમણે ગુરુ મહારાજની આજ્ઞા પ્રમાણે વિદ્યાભ્યાસનો પ્રયત્ન ચાલુ રાખ્યો તો તે કેવલજ્ઞાન મેળવવા ભાગ્યશાળી થયા હતા. તેમજ અનેક રાજકાર્યનો વ્યવસાય છતાં મહારાજા કુમારપાલે એકાવનથી સીત્તેર વર્ષની પુખ્ત ઉંમરે શાસ્ત્રાભ્યાસ કરી વીતરાગસ્તવ, યોગશાસ્ત્ર અને શબ્દશાસ્ત્ર વ્યાકરણ વગેરે કંઠસ્થ કર્યાં હતાં, એટલું જ નહીં પણ તેઓશ્રી સાહિત્યશાસ્ત્રમાં પણ નિપુણ હતાં, તેની સાબિતી તેમના બનાવેલા **સર્વજિનસાધારણસ્તોત્ર**ના કાવ્યો ઉપરથી થાય છે.

વળી સતત વિદ્યાભ્યાસ કરતાં કલિકાલ સર્વજ્ઞ પૂ.આ.ભ. શ્રીમદ્ હેમચંદ્ર-સૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ. આચાર્ય શ્રીમદ્ રામચંદ્રસૂરિ મ.સા.નું એક નેત્ર નાશ પામ્યું હતું, તો પણ પ્રયત્ન જારી રાખી સાહિત્ય અને ધર્મશાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન મેળવી તેમણે સો (૧૦૦) પ્રબંધ રચ્યા હતા. તેમજ ઉપા. શ્રી યશોવિજયજી મ.સા. તથા ઉપા. શ્રી વિનયવિજયજી મ.સા.એ વિદ્યાભ્યાસ માટે કરેલો પ્રયાસ જગ જાહેર છે અને તેઓશ્રી પોતાને અને જગતને ઉપકાર થાય તેવા સંખ્યાબંધ ગ્રંથો રચવાને શક્તિમાન થયા હતા. આ સિવાયનાં સેંકડો ઉદાહરણથી સિદ્ધ થાય છે કે પ્રયત્નથી જ્ઞાનાવરણીય કર્મ તૂટે છે, અને વિદ્યા પ્રાપ્ત થાય છે. તેથી 'હું અશક્ત છું, વૃદ્ધ છું, મને શાસ્ત્ર સમજાતાં નથી' ઇત્યાદિ બહાનાં કાઢી પ્રમાદનું સેવન ન કરતાં સતત વિદ્યાભ્યાસ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

**"लक्ष्मीः पुण्यानुसारिणी"**—લક્ષ્મી પૂર્વકૃત શુભ કર્મને અનુસારે પ્રાપ્ત થાય છે. આ સ્થળે પ્રયત્નની મુખ્યતા નથી, કારણ પ્રાતઃકાળથી સાયંકાળ પર્યંત પ્રયત્ન કરનાર મજૂર વગેરેને સ્વલ્પ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે, અને સ્વલ્પ પ્રયત્ન કરનાર શેઠ વગેરેને ઘણા દ્રવ્યની પ્રાપ્તિ થતી જગ જાહેર છે. માટે કોઈ એમ સમજતો હોય કે હું પુષ્કળ પ્રયત્ન કરવાથી પ્રચુર દ્રવ્ય મેળવી શકીશ, તો તે વિચાર ભૂલ ભરેલો છે. ત્યારે ગૃહસ્થોએ પોતાના નસીબ ઉપર આધાર રાખી શું બેસી રહેવું ? એવો કોઈ પ્રશ્ન કરે તો તેના ઉત્તરમાં કહેવાનું કે આ ગ્રંથમાં તેમજ બીજા ગ્રંથોમાં શ્રાવકોએ પોતાના આત્મહિતને ન બગાડતાં વ્યવસાયાદિક કેવી રીતે પ્રામાણિકપણે કરવા, તથા ક્યા ક્યા

ધંધા શ્રાવકોને કરવા ઉચિત છે, તે તથા પ્રાપ્ત થયેલા દ્રવ્યમાંથી ધર્મકાર્યમાં અને સાંસારિક કાર્યમાં કેટલું દ્રવ્ય ખર્ચવું તેના નિયમો બતાવ્યા છે અને તે પ્રમાણે વર્તનાર શ્રાવકો ચોક્કસ સુખી હોય જ એવી વિદ્વદ્વર્ગની માન્યતા છે. તો શાસ્ત્રોક્ત રીતિએ પ્રયત્ન કરતાં જે દ્રવ્ય મળે તેનાથી સંતોષ માનવો યોગ્ય છે. આ ગ્રંથમાં આગળ આપેલા **ધનશ્રેષ્ઠિ**ના દૃષ્ટાંતથી આ વાત સિદ્ધ થાય છે, તેથી लक्ष्मीः पुण्यानुसारिणी એ યથાર્થ જ છે.

"**दानानुसारिणी कीर्तिः**"–કીર્તિ દાનને અનુસારે થાય છે. આ સંબંધમાં જાણવું જોઈએ કે કેટલાક ગૃહસ્થો પોતાને ત્યાં કોઈના ધર્માદાના પૈસા જમા હોય, અથવા પોતે ધર્માદા નિમિત્તે કાઢ્યા હોય તે ન વાપરતાં પોતાને ત્યાં જે જમા રાખ્યા હોય તે પૈસાથી કોઈ દાનાદિ કાર્ય કરી પોતાની કીર્તિ થાય તેવું ઇચ્છે છે તે યોગ્ય નથી, આવા દાનાદિક અવસરે પણ ન્યાયનું અવલંબન કરી યથાતથ્ય જણાવવું યોગ્ય છે. કારણ કે કપટથી દાન આપતાં જયારે કપટ ખુલ્લું થાય છે ત્યારે દાન કરનારની કીર્તિને બદલે અપકીર્તિ થાય છે. પોતાના પૈસાનું દાન કરવાને અવસરે કીર્તિની ઇચ્છા રાખ્યા વિના શુદ્ધપાત્રમાં શુદ્ધદ્રવ્ય અને શુદ્ધભાવથી દાન કરવું યોગ્ય છે. આ પ્રમાણે કરેલા દાનથી યોગ્ય કીર્તિ ફેલાયા વગર રહેશે નહીં.

"**बुद्धिः कर्मानुसारिणी**"–કર્મને અનુસારે કાર્ય કરવાની બુદ્ધિ થાય છે. જેમ કોઈ માણસને અમુક વસ્તુથી લાભ થવાનો હોય તો તેને તે વસ્તુનો વેપાર કરવાની ઇચ્છા થાય, અને તેમાં પ્રવૃત્તિ કરતાં તે વસ્તુ તેને મળી આવતાં દ્રવ્યનો લાભ થાય. આ ઠેકાણે અમુક વસ્તુનો વેપાર કરવા રૂપ જે બુદ્ધિ થઈ તે પૂર્વકૃત કર્મને અનુસારે થઈ, તેમજ "**तादृशी जायते बुद्धिर्यादृशी भवितव्यता**" જેવું કાર્ય થવાનું હોય તેવી પ્રવૃત્તિ કરવાની અભિલાષા થાય છે. આ સંબંધમાં વાલ્મિકી રામાયણમાં કહ્યું છે કે :–

**न निर्मिता कैर्न च दृष्टपूर्वा, न श्रूयते हेममयी कुरङ्गी ।**
**तथापि जाता रघुनन्दनस्य, विनाशकाले विपरीतबुद्धिः ॥**

[ઉપદેશમાળા ભાષાંતર પેજ ૬૪]

તાત્પર્ય એ છે કે–"સુવર્ણમય હરણ કોઈએ બનાવેલ નથી, પૂર્વે કોઈએ જોયું પણ નથી અને કોઈના સાંભળવામાં પણ આવતું નથી, તો પણ વિનાશકાળે રામચંદ્રજીની બુદ્ધિ વિપરીત થઈ" તો આ પ્રમાણે બુદ્ધિ, ભાવી કાર્યને અનુસારે થાય છે. તે ઉપરથી ફલિતાર્થ એ નીકળે છે કે શુભાશુભ કાર્યમાં વિદ્વાનોએ સમપરિણામ રાખવો અને દરેક પ્રયત્ને જેનાથી કર્મબંધ થાય એવાં તીવ્ર કષાયજનક કાર્યો કરતાં અટકવું, પુનઃ પુનઃ વિચાર કરવો અને મને નિંદિત કાર્ય કરવાની મતિ કેમ થાય છે, એમ વિચારી દુર્મતિનો બનતા પ્રયત્ને ત્યાગ કરવો.

## अत्र धनश्रेष्ठिज्ञातम्

काञ्चनपुरे सुन्दरश्रेष्ठिभूः धनश्रेष्ठी । ९९ लक्षधनस्वामी । ५५ लक्षाः पूर्वजक्रमागताः ४४ लक्षास्तत्पित्राऽर्जिताः । पितरि स्वर्गते तेन श्रेष्ठिना कोटिं कर्तुमिच्छता गृहधर्मादिव्यये लक्षमेक न्यूनं कृतं, तथाऽपि वर्षान्ते लेखके विलोकिते केषाञ्चित्क्रयाणकाणां समर्घ्यभवनादिना तावदेव धनं नाधिकमभूत् । ततो देशान्तरेषु १५ कर्मादानप्रकारैर्व्यवसायं वितन्वता समधिककोटिरर्प्यर्जिता । पश्चादागच्छतो मार्गे भिल्लैः सर्वं लुण्टितम् । किञ्चिदाभरणादिसारं गुप्तीकृतं तल्लात्वा गृहे समायातः । पुनर्लेखके तावदेव ।

ततो महालोभाकुलमनाः पल्ल्यादिप्रत्यन्तग्रामेषु चौरानीतवस्तुसमर्घ्यादान-चौरप्रदानाविरुद्धाराज्यातिक्रमादिभिः सपादकोटिमुपार्जितवान् । क्वापि ग्रामे वह्निना सर्वं ज्वलितम् । गृहागतः स्वनिन्दापरो मित्रेण जिनदत्तेन बोधितः । हे सुहृद् ! मा कुव्यवसायेन द्रव्यहानिं धर्महानिं च कुरु । गृहादिव्ययमपि तावन्तमेव कुरु । ततस्तथा कृत्वा व्यवहरति ।

एकदा कोटीध्वजवतां लक्षेश्वरैरभ्युत्थानादिप्रतिपत्तिं क्रियमाणां दृष्ट्वा "साहणवाहण-पाहण" इति भूरिद्रव्यार्जनप्रकारत्रयं श्रुत्वा पूर्वं तुरगव्यवसायो मण्डितः । पश्चान्मित्रादिभिर्वार्यमाणोऽपि पोते चटितः । बहुकोटिमितं द्रव्यमर्जितम् । पश्चादागच्छन् भग्नपोतो लब्धफलकश्चोदधिमुत्तीर्य गृहमागतः । लेखके पुनः ९९ लक्षा एव । कोटिमूल्यस्य रत्नस्य जङ्घायां गुप्तीकृतस्य वपुस्तापादिनाऽल्पमूल्य-भवनात् । ततः श्रान्तः पुण्यपरः समधिकगृहधर्मादिव्ययपरोऽभवत् । तथाकरणे च गृहवस्तूनां महर्घ्यतया कतिभिर्दिनैः कोटिरपि मिलिता । ततोऽनेकप्रासादजीर्णोद्धार-जिनप्रतिमाप्रतिष्ठादिप्रौढपुण्योद्यतस्य कोटिः समधिकैव जायते, न तु न्यूना, "सर्वत्र वृद्धिः सृजतां सुधर्मम्" इत्युक्तेः क्रमेण सुपुत्रनिर्व्यूढगृहभारश्चारित्री जातः । दुस्तपस्तपोभिः क्षीणकर्मा केवली जातः, शिवं प्राप्तः ॥

## લક્ષ્મીના વિષયમાં ધનશેઠની કથા :

કાંચનપુરમાં સુંદરશ્રેષ્ઠીનો **ધનશ્રેષ્ઠી** નામે પુત્ર નવ્વાણું લાખ દ્રવ્યનો સ્વામી હતો. પંચાવન લાખ પૂર્વજોના ક્રમથી આવેલા હતા અને ચુમ્માલીશ લાખ પોતાના પિતાએ ઉપાર્જન કરેલા હતા. જ્યારે પોતાના પિતા પરલોક ગયા ત્યારે તે ધનશ્રેષ્ઠીએ ક્રોડ દ્રવ્ય મેળવવાની ઇચ્છાથી ગૃહકાર્ય અને ધર્મકાર્ય વગેરેના ખર્ચમાં એક લાખ દ્રવ્યનો ઘટાડો કર્યો,

તો પણ વર્ષના અંતે હિસાબ (સરવૈયું) તપાસતાં કેટલાંક કરીયાણાના ભાવ ઉતરી જવાથી તેટલું જ (નવ્વાણુંલાખ) દ્રવ્ય રહ્યું. ખર્ચ ઘટાડવાથી પણ અધિક દ્રવ્ય થયું નહીં. પછી બીજા દેશોમાં જઈ પંદર પ્રકારના કર્મદાનોથી વેપાર કરતાં તેણે એક ક્રોડથી અધિક દ્રવ્ય ઉપાર્જન કર્યું. દેશાંતરથી પાછા ફરતાં રસ્તામાં ભીલોએ તેનું સઘળું દ્રવ્ય લુંટી લીધું અને કાંઈક ગુપ્ત રાખેલાં આભૂષણ વગેરે સારવસ્તુને લઈ તે ધનશ્રેષ્ઠી પોતાના ઘેર આવ્યો અને બીજી વાર હિસાબ (સરવૈયું) તપાસતાં પણ પૂર્વે હતું તેટલું જ (નવ્વાણું લાખ) દ્રવ્ય રહ્યું.

પછી ઘણા લોભથી આકુળ વ્યાકુળ મનવાળા તે ધનશ્રેષ્ઠીએ પલ્લી અને તેની આજુબાજુના ગામોમાં જઈ, ચોરોએ ચોરી કરીને લાવેલી વસ્તુઓ સસ્તા ભાવથી લેવી, ચોરોને મદદ આપવી અને રાજકાયદાનું ઉલ્લંઘન કરવું વગેરે પ્રકારોથી સવાક્રોડ દ્રવ્ય ઉપાર્જન કર્યું. પરંતુ કોઈ ગામમાં અગ્નિથી તે સઘળું બળી જવાથી પોતાના આત્માની નિંદામાં તત્પર થયેલો તે ધનશ્રેષ્ઠી ઘેર આવ્યો, જિનદત્ત નામના તેના મિત્રે તેને પ્રતિબોધ કર્યો કે "હે મિત્ર ! ખરાબ વેપારથી દ્રવ્ય અને ધર્મની હાનિ તું ન કર, અને ઘર વગેરેનો ખર્ચ પણ પૂર્વે જેટલો કરતો હતો તેટલો જ કર." પછી તે ધનશ્રેષ્ઠી પૂર્વની જેમ ખર્ચ વગેરે કરી વેપાર કરવા લાગ્યો.

એક વખત તેણે લાખ દ્રવ્યના સ્વામીઓથી કરાતી કોટીધ્વજ વાળા ગૃહસ્થોની અભ્યુત્થાનાદિ ભક્તિને જોઈ, साहण, वाहण, पाहण १ સાધન (મંત્રાદિ,) ૨ વાહન (ઘોડા પ્રમુખ) અને ૩ ખાણ એ ત્રણ પ્રકારથી ઘણું દ્રવ્ય ઉપાર્જન થાય છે, એમ શ્રવણ કરી પ્રથમ ઘોડાનો વેપાર કરવા લાગ્યો. પછી મિત્ર વગેરેએ તે ધનશ્રેષ્ઠીને વાર્યો તો પણ તે વહાણે ચઢ્યો, ત્યાં તેણે ઘણા ક્રોડો દ્રવ્ય મેળવ્યું. પછી એક ક્રોડની કિંમતનું રત્ન પોતાની જંઘામાં ઘાલી પાછા આવતાં તેનું વહાણ ભાંગી ગયું, અને તેના હાથમાં એક પાટીયું આવ્યું. તે પાટીયાથી સમુદ્ર ઉતરી ઘેર આવ્યો, અને ફરી હિસાબ જોતાં પણ નવ્વાણું લાખ જ રહ્યા. કારણ કે જંઘાની અંદર છુપાવેલા ક્રોડ મૂલ્યના રત્નને શરીરની ગરમી વગેરે લાગવાથી રત્નનું તેજ મંદ થઈ ગયું, તેથી તેની એક લાખ દ્રવ્ય જેટલી કિંમત ઓછી થઈ ગઈ. પછી તે શ્રમિત થયેલો ધનશ્રેષ્ઠી પુણ્ય ઉપર આધાર રાખી ઘર કામ તથા ધર્મકાર્ય વગેરેમાં અધિક ખર્ચ કરવાને તત્પર થયો. એમ કરતાં ઘરમાં રહેલી વસ્તુઓના ભાવમાં વધારો થવાથી કેટલાક દિવસે તેને કોટી દ્રવ્ય પણ પ્રાપ્ત થયું. તે પછી અનેક મંદિરોના જીર્ણોદ્ધાર અને નવીન જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા વગેરે મોટાં પુણ્યકાર્ય કરવામાં પ્રયત્નવાન થયેલા તે ધનશ્રેષ્ઠીને એક કોટીથી અધિક દ્રવ્ય થવા લાગ્યું, પરંતુ તેમાંથી કાંઈ પણ ઓછું થયું નહીં. કારણ કે **"ઉત્તમ ધર્મકાર્ય કરનારાઓની સર્વ ઠેકાણે વૃદ્ધિ થાય છે."** એવી ઉક્તિ છે. અનુક્રમે ધનશ્રેષ્ઠી પોતાના

સુપુત્રને ઘરનો ભાર સોંપી પોતે દીક્ષા ગ્રહણ લઈ અતિ તીવ્ર તપશ્ચર્યાથી ઘાતિકર્મોનો નાશ કરી કેવળજ્ઞાની થયો, અને મોક્ષપદને પામ્યો.

**एवमतिक्लेशापरिहारेण शुद्धव्यवहारमेवानुशीलयतः प्रायोऽर्थवृद्धिः। विभवत्वं च गार्हस्थ्ये प्रधानं कारणमित्यादौ न्यायसम्पन्नविभव इत्युक्तम् ।**

**શબ્દાર્થ—એવી જ રીતે અત્યંત ક્લેશ વગેરેનો ત્યાગ કરી શુદ્ધ વ્યવહારના આચરણ કરનારને જ પ્રાયે કરી દ્રવ્યવૃદ્ધિ અને વૈભવની પ્રાપ્તિ થાય છે. ગૃહસ્થપણામાં 'ન્યાય-સંપન્ન વિભવ'ની મુખ્યતા છે, તેથી સૌપ્રથમ તે ગુણનું વર્ણન કરવામાં આવ્યું છે.**

હવે ગ્રંથકારશ્રી પ્રથમગુણનો ઉપસંહાર કરતાં ઉપદેશ દ્વારા ધર્મ યોગ્ય પુરુષને ઓળખાવે છે.

**इत्थं न्यायोपगतविभवः पुण्यकार्याण्यनेका-,**
**न्यातन्वानो विशदविधिना प्राप्तकीर्तिप्रतिष्ठः ।**
**लोके श्लाघापदमधिगतः शुद्धगार्हस्थधर्मे,**
**योग्यः प्रोक्तो मुनिभिरुदयत् सद्विवेकिप्रवेकः ॥२२॥**

**શબ્દાર્થ—આ પ્રમાણે ન્યાયથી પ્રાપ્ત થયેલ વિભવવાળો, ઉત્તમ વિધિથી અનેક પુણ્યકાર્યો કરનાર, કીર્તિ તથા પ્રતિષ્ઠા પામેલો, લોકમાં પ્રશંસા પાત્ર થયેલો અને સદ્‌વિવેકની શ્રેષ્ઠતાને પ્રગટ કરનાર પુરુષ મુનિઓએ શુદ્ધ ગૃહસ્થ ધર્મને યોગ્ય કહ્યો છે. ન્યાય સંપન્નવિભવ યુક્ત હોય તે ધર્મને યોગ્ય થાય, ઈત્યાદિ વિસ્તારપૂર્વક માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ પૈકી પ્રથમ ગુણનું વર્ણન કર્યું. ૨૨**

**इति न्यायसम्पन्नविभवनामा प्रथमो गुणः ॥**

• • •

(૨)

# બીજો ગુણ—શિષ્ટાચાર પ્રશંસક

હવે ક્રમ પ્રાપ્ત શિષ્ટ પુરુષના આચારની પ્રશંસા કરવા રૂપ બીજા ગુણનું વર્ણન કરે છે.

તથા "शिष्टाचारप्रशंसकः" शिष्यन्ते स्म शिष्टा वृत्तस्थज्ञानवृद्धसेवोपलब्धविशुद्धशिक्षाः पुरुषविशेषास्तेषामाचारश्चरित्रं सदाचरणरूपं तस्य प्रशंसाकृत्, तदुपबृंहणोत्साहवर्द्धनबहुजनसमक्षतदुत्कीर्त्तनसाहाय्यादिप्रदानादिप्रकारैः श्लाघाविधायकः । एवं हि क्रियमाणे पुण्यमार्गवृद्धिः गुणज्ञजनमानता, गुणवित्प्रवृत्तिदर्शनम्, उत्तमपथानुयानम् सर्वदा सर्वेषां महोत्साहोत्सर्पणमित्यादि । अथ कोऽयं सदाचारस्तत्राह—

શબ્દાર્થ—શિક્ષાને પ્રાપ્ત થયેલા અર્થાત્ વ્રતમાં રહેલા અને જ્ઞાનથી વૃદ્ધ એવા સત્પુરુષોની સેવાથી પ્રાપ્ત કરી છે નિર્મળ શિક્ષા જેમણે તે શિષ્ટ પુરુષો કહેવાય છે, અને તેવા ઉત્તમ પુરુષોનો આચાર—શ્રેષ્ઠ આચરણ રૂપ વર્તન—તેની પ્રશંસા કરનાર અર્થાત્ તેમની ઉપબૃંહણા કરવી, ઉત્સાહ વધારવો, ઘણા લોકોની આગળ તેમના ગુણો ગાવા અને સહાય આપવા વગેરે કાર્યોથી શ્લાઘા કરનાર હોય તેને શિષ્ટાચાર પ્રશંસક કહે છે. આ પ્રમાણે કરવાથી ખરેખર પુણ્ય માર્ગની વૃદ્ધિ થાય છે, ગુણી પુરુષોમાં માન્યતા થાય છે, ગુણવાન પુરુષોની પ્રવૃત્તિ દૃષ્ટિગોચર થાય છે, ઉત્તમ માર્ગને અનુસરાય છે અને નિરંતર સર્વ લોકોનો ઉત્સાહ ઘણો વૃદ્ધિ પામે છે, ઈત્યાદિ

વળી આ સદાચાર કેવો છે તે કહે છે—

**"लोकापवादभीरुत्वं, दीनाभ्युद्धरणादरः ।**
**कृतज्ञता सुदाक्षिण्यं, सदाचारः प्रकीर्त्तितः" ॥२३॥**

શબ્દાર્થ—"લોકોના અપવાદથી ભય રાખવો, દીન પુરુષોનો ઉદ્ધાર કરવામાં આદર કરવો, બીજાએ પોતાની ઉપર કરેલા ઉપકારને યાદ રાખવો અને દાક્ષિણ્યતા (શરમ) રાખવી, આ ચારને સદાચાર કહેલો છે. ૨૩."

ભાવાર્થ—लोकापवादभीरुत्वं—જે કાર્ય કરવાથી લોકોમાં નિંદા થાય તેવું કાર્ય કરતાં ભય રાખવો તે, અહીં તાત્પર્ય એ છે કે પ્રાયે ધનાદિકના લોભથી અથવા ઇંદ્રિયોના વિષયને

આધીન થઈ કોઈ અસત્ પ્રવૃત્તિ કરવા ઇચ્છે તેને લોકાપવાદનો ભય છે, અને ધર્મિષ્ઠ હોય તે જ એવા ભયની દરકાર-ચિંતા રાખે છે. તેથી તેમની અધર્મમાં પ્રવૃત્તિ થતી નથી. માટે શ્રાવકપણામાં 'લોકાપવાદ ભીરુત્વ' ગુણની ખાસ આવશ્યકતા છે.

''**दीनाभ्युद्धरणादरः**''—દીન પુરુષોનો ઉદ્ધાર કરવામાં આદરવાળો એટલે કે, પોતાના સ્વધર્મી—જાતિ બંધુ કે દેશ બંધુ કોઈ પણ પ્રાણી આપત્તિમાં આવી પડ્યો હોય તો તેની ઉપેક્ષા નહીં કરતાં ધર્મથી અવિરુદ્ધપણે યથાશક્તિ તેને સહાય આપવામાં અથવા તો તેનો બનતા પ્રયાસે ઉદ્ધાર કરવામાં આદરયુક્ત થવું જોઈએ.

''**कृतज्ञता**''—કરેલા ગુણને જાણવો તે—આ સામાન્ય ગુણ દરેક વ્યક્તિને લાગુ પડે છે. દુનિયામાં પણ કરેલા ગુણને ભૂલી જનાર અધમ ગણાય છે. તેથી દરેક પ્રકારે પોતાની શક્તિ અનુસારે ઉપકારીના ઉપકારનો બદલો વાળવા ચૂકવું નહીં. હવે જો કોઈ એક પુરુષમાં ઉપકારીના ઉપકારનો બદલો વાળવાની કોઈ પણ રીતે શક્તિ ન હોય તો પણ તેણે તેનો બદલો વાળવા હંમેશાં ઇચ્છા રાખવી જોઈએ કે જેથી કૃતંઘ્નતા પ્રાપ્ત થાય નહીં, તેમજ ઉપકારીનો બદલો આપવાને શક્તિમાન પુરુષે એવો પણ વિચાર ન કરવો જોઈએ કે મારા ઉપર ઉપકાર કરનાર કાંઈ પણ આપત્તિમાં આવી પડે તો હું તેમને આપત્તિમાંથી મુક્ત કરી ઋણમુક્ત થાઉં. એવો વિચાર કરવો તે માથું કાપી પાઘડી બંધાવવા જેવું છે, તેથી વિચારશીલ પુરુષ આ પ્રમાણે વિચાર કરે નહીં. પરંતુ ઉપકારીના ઉપકારનું નિરંતર સ્મરણ કર્યા કરે અને ચિંતવે કે, મારા ઉપર જેવી આપત્તિ આવી પડી હતી તેવી આપત્તિ મારા ઉપકારી પુરુષ પર ન આવો.

''**सुदाक्षिण्य**''—સુદાક્ષિણ્યતાવાળો એટલે કેટલાક સારા માણસો, મહાજન, જ્ઞાતિજન તથા ગ્રામ કે દેશના માનનીય પુરુષો અમુક સુકૃત કાર્ય કરવા ભલામણ કરે, અને તે કરવામાં પોતાને મહેનત પડતી હોય, દ્રવ્યનો વ્યય થતો હોય, અગર બીજું કંઈ કષ્ટ સહન કરવું પડતું હોય તો પણ તે કાર્ય શરમથી કરી આપે. કદાચ ઉપરોક્ત પુરુષો અકાર્ય કરવાની ભલામણ કરે તો તે કરવું કે નહીં ? એવી કોઈ આશંકા કરે તેને કહેવાનું કે પ્રથમ તો ઉત્તમ પુરુષો તેવા અકાર્યની ભલામણ કરે જ નહીં. કદાચ તેવા સંયોગોને લઈ અકાર્ય કરવાનું કહેવામાં આવે તે તેવા કાર્યમાં દાક્ષિણ્યતા રાખવી યોગ્ય નથી. અર્થાત્ વિનયપૂર્વક તે કાર્ય ન કરાય તેમ કદી ન કરવું.

આ ગુણવાળો પુરુષ દુનિયાને પ્રિય થાય છે તેથી આ ગુણની શ્રાવકપણામાં આવશ્યકતા છે. ઉપર જણાવેલા ચાર ગુણોને સદાચાર કહેલો છે. ૧.

વળી કહ્યું છે કે :— [ધર્મબિન્દુવૃત્તિ]

**''सर्वत्र निन्दा सन्त्यागो, वर्णवादस्तु साधुषु ।**
**आपद्यदैन्यमत्यन्तं, तद्वत्सम्पदि नम्रता ॥**

**"સર્વ ઠેકાણે નિંદાનો સર્વથા ત્યાગ. સત્પુરુષોની પ્રશંસા, અત્યંત કષ્ટમાં અદીનપણું અને તેવી જ રીતે સંપત્તિમાં નમ્રતા રાખવી. ૨."**

**ભાવાર્થ–"सर्वत्र निन्दा सन्त्यागो"**–કોઈ પણ માણસે કોઈ પણ વ્યક્તિની નિંદા કરવી નહીં. પરંતુ વિપરીત આચરણ કરનારને જોઈ તેના ઉપર કરુણા લાવી તે પોતે બનતા ઉપાયે વિપરીત કાર્ય કરતાં અટકાવે, અને સન્માર્ગે ચાલવા પ્રેરણા કરે, અને જો તેમ કરતાં અસત્ પ્રવૃત્તિનો તે ત્યાગ ન કરે તો તેના ઉપર ઉદાસીનતા ધારણ કરે, પણ તેના ઉપર દ્વેષ ધારણ કરી નિંદા ન કરે, નિંદા કરવાથી નિંદા કરનાર પુરુષના આત્માને કોઈ પણ પ્રકારનો લાભ થતો નથી. પરંતુ જે પુરુષની નિંદા કરવામાં પ્રવર્તમાન થયો હોય તેના અવગુણમાં ચિત્તની રમણતા થવાને લીધે આત્મામાં તે અવગુણોનું પ્રતિબિંબ પડવાથી પોતાનો આત્મા મલીનતાને પામે છે.

જેમ શ્રીજિનેશ્વરોના કે મહર્ષિઓના ગુણોત્કીર્તન કરવાથી ગુણોત્કીર્તન કરનારનો આત્મા નિર્મળતાને પ્રાપ્ત કરે છે, તેમ તે ન્યાય આ ઠેકાણે લાગુ કરી કોઈ પણ વ્યક્તિની નિંદા કરી આત્માને કલુષિત કરવો નહીં. તેમાં રાજા, મંત્રી, દેવ, ગુરુ, સંઘ અને સત્પુરુષોની નિંદાનો ત્યાગ તો અવશ્ય કરવો જોઈએ. નહીં તો [1]**રોહિણી**ની જેમ નરક અને તિર્યંચનાં અતિ તીવ્ર દુઃખોનો અનુભવ કરવો પડશે. એમ જાણી નિંદાથી અટકવું એ જ ઉચિત છે. દેવ-ગુરુ-ધર્મની નિંદા કરવાથી દર્શનમોહનીય કર્મ ગાઢ બંધાય છે. અને [2]**ગોશાળા** આદિની જેમ અનંત સંસારી બને છે.

**"वर्णवादस्तु साधुषु"**–સત્પુરુષની પ્રશંસા કરવી. તેમની શાંતતા, ગંભીરતા, શૌર્યતા, નમ્રતા, સહનશીલતા, વિષયવિમુખતા, વચનમાધુર્યતા, નિરભિમાનતા, ગુણજ્ઞતા, નિપુણતા, સરળતા, સૌમ્યતા, દાક્ષિણ્યતા, અદીનતા, સર્વજનવલ્લભતા, પ્રામાણિકતા, નિઃસંગતા, નિડરતા, નિર્લોભતા, પરોપકારિતા, દીર્ઘદર્શિતા, ધર્મચુસ્તતા, સંસારવિમુખતા તથા ઔદાર્ય, ધૈર્ય, સૌજન્ય, ઔચિત્ય, વિનય, વિવેક, અનુભવ, સદાચાર અને પાપભીરુત્વ વગેરે અનેક ગુણોનું નિરંતર સ્મરણ કરવું, અને તેમને પ્રસિદ્ધિમાં લાવવા માટે શક્તિ અનુસાર યોગ્ય પ્રયાસ કરવો. કેમકે મહાત્માઓના આવા ઉત્તમ ગુણો ધાર્મિક તેમજ નૈતિક પતનના પ્રસંગે ખરેખર એક પુષ્ટ આલંબન રૂપ થઈ પડે છે.

વળી તેમની પ્રેમપૂર્વક કરેલી પ્રશંસા ઉત્તરોત્તર ગુણપ્રાપ્તિ, પુણ્યવૃદ્ધિ, નરેંદ્રપણું સ્વર્ગ તથા યાવત્ અપવર્ગ=મોક્ષના ફળને પણ આપનારી થાય છે. માટે સંતપુરુષોના ગુણો દૃષ્ટિગોચર કરી તેમની પ્રશંસા કરવામાં ઉદાસીનતા ધારણ કરવી નહીં. કારણ કે આગળ કહેવામાં આવનાર સાધુ પુરુષોના ગુણોની પ્રશંસા કરનાર તથા ઉદાસીનતા રાખનાર બે

---

૧. આ કથા ભુવનભાનુકેવલી ચરિત્રમાં આવે છે. ૨. આ કથા ત્રિષષ્ઠ. પર્વ-૧૦ માં છે.

ચોરોના ઉદાહરણની જેમ શુભાશુભ ફળની પ્રાપ્તિ થાય છે. તેથી વિશેષ ધર્માભિલાષી પુરુષોએ ઉદાસીનતાનો ત્યાગ કરી તેમના ગુણોની પ્રશંસા અવશ્ય કરવી જોઈએ.

**"आपद्यदैन्यमत्यन्तम्"**–ગમે તેવી આપત્તિ આવે તો પણ અતિશય દીનપણું ધારણ કરવું નહીં. પણ એવા વખતે પોતાની શક્તિનો વિચાર કરી મનન કરવું કે, પૂર્વ-ભવ સંબંધી કોઈ નિકાચિત કર્મ ઉદયમાં આવ્યું લાગે છે, તો તેને સમભાવથી વેદવું–ભોગવવું એજ આ આપત્તિના વિનાશનો ઉપાય છે. માટે મારે દીન થવાની કે યાચના કરવાની કોઈ પણ પ્રકારે જરૂર નથી. આ કર્મ પોતાનું ફળ આપી નષ્ટ થતાં આત્મા પોતાની મેળે કર્મજનિત આપત્તિથી મુક્ત થશે એટલે મારા પોતાના આત્મામાં રહેલાં અનંત સુખો પ્રગટ થવાથી સર્વદુઃખોનો નાશ થશે, એવો વિચાર કરી સમભાવમાં રહેવાની પ્રવૃત્તિ કરે. પરંતુ સર્વથા દીનતા કરે નહીં. કારણ કે દીનતા કરવાથી પોતાની નિર્બળતા જાહેરમાં લાવવા સિવાય બીજી કાંઈ પણ કાર્યસિદ્ધિ થતી નથી.

**"तद्वत्सम्पदि नम्रता"**–તેવી જ રીતે સંપત્તિમાં નમ્રતા રાખવી. કદાય પુણ્યોદયથી સંપત્તિ પ્રાપ્ત થાય તો પણ અહંકાર ધારણ ન કરતાં હંમેશાં નમ્રતા રાખે. એવા ભાગ્યોદયના વખતે વિચાર કરે કે મારા પૂર્વ પુણ્યનો ઉદય થવાથી આ સંપત્તિ, સ્વજન, અને સંતતિ વગેરે અનુકૂળ પદાર્થો મને પ્રાપ્ત થયાં છે, તો આવા અનુકૂળ અવસરે મારે સમપરિણામે રહી અસ્થિર સંપત્તિથી મદાંધ ન થતાં નમ્રતા ધારણ કરવી જ યોગ્ય છે. તેમજ આ સંપત્તિને સ્થિર કરવાનો ખરેખરો પ્રતિકાર તો એ છે કે પોતાની લક્ષ્મીનો જૈનાગમ તથા જૈનમંદિરનો જિર્ણોદ્ધાર, સાધુ-સાધ્વીજીની ભક્તિ, શ્રાવક-શ્રાવિકાની ભક્તિ દીનોદ્ધાર, સત્પાત્ર, અને જ્ઞાનદાન આદિકમાં વિનિયોગ કરવો તે જ છે. કારણ કે પુણ્યને અનુસારે પ્રાપ્ત થનારી લક્ષ્મીનો વ્યય સત્કાર્યમાં કરવાથી પુણ્યની વૃદ્ધિ થાય છે, અને પુણ્યની વૃદ્ધિ થવાથી લક્ષ્મી સ્થિર થાય છે. નહિ તો ચક્રવર્તી અને ઇંદ્રાદિકની ઋદ્ધિ પણ સ્થિર રહી નથી તો આ મનુષ્ય સંબંધી અસ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થવાથી **રંક શ્રેષ્ઠી**ની જેમ અહંકાર કરવો એ સર્વથા અનુચિત છે.

કહ્યું છે કે :–**"नमन्ति सफला वृक्षाः"** "જ્યારે વૃક્ષો ફળે છે ત્યારે તે નમ્ર થાય છે." તેવી રીતે જેમ જેમ સંપત્તિ પ્રાપ્ત થતી જાય તેમ તેમ વિશેષ નમ્રતા રાખવામાં જ શોભા રહેલી છે. પરલોકમાં પણ ધનમદથી ધનનાશ, માનહાનિ, દરિદ્રતા વગેરે પ્રાપ્ત થાય છે. માટે ધનનો અહંકાર પરલોકમાં પણ હિતકારક નથી, તેથી નમ્રતા એ જ સંપત્તિનું ભૂષણ છે. એ ગુણ ઉત્તમ પુરુષને અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય છે. વળી કહ્યું છે કે–

**"प्रस्तावे मितभाषित्वमविसंवादनं तथा ।**
**प्रतिपन्नक्रिया चेति, कुलधर्मानुपालनम् ॥**

**"પ્રસંગ આવે જરૂર પૂરતું બોલવું, તથા વિરોધ ન કરવો, ક્રિયા અંગીકાર કરવી અને પોતાના કુળધર્મનું પાલન કરવું. ૩"**

ભાવાર્થ–"**प्रस्तावे मितभाषित्वम्**"–પ્રસંગ આવે જરૂર પૂરતું જ બોલવું જોઈએ. કેમકે સંબંધવાળાં કે અસંબંધવાળા પણ વાક્યો વધારે પડતા બોલવાથી ઘણી વખત સાંભળનારા કંટાળી જાય છે, તેથી ધારેલી અસર થતી નથી. કદાચ કોઈ એમ કહે કે તો પછી શાસ્ત્ર સંબંધી ભાષણ=વ્યાખ્યાન પણ વિશેષ કરવાં સારાં કેમ ગણાશે ? તેને માટે કહેવું જોઈએ કે જિનેશ્વરની વાણીમય અગાધ શાસ્ત્રોમાંથી જેટલું ન બોલાય તેટલું ઓછું છે માટે પ્રયોજન પૂરતું હિતકારી અને અસરકારક બોલવું જોઈએ. બોલતાં પહેલાં અંતરંગ વિચારો થવાથી મનમાં સંકલ્પ વિકલ્પની જાળ ઉત્પન્ન થાય છે. પછી આત્મા ભાષાવર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરી મુખદ્વારા પ્રગટ કરે છે, એટલે અપ્રાસંગિક કે પ્રાસંગિક પણ વિશેષ બોલવાથી ઘણી બધી ખટપટમાં આત્માને ઉતરવું પડે છે. તેથી પ્રસંગે પણ મિતભાષિપણું રાખવું યોગ્ય છે.

"**अविसंवादनं तथा**"–કોઈ પણ સાથે વિરોધ કરવો નહિ કેમકે વિરોધ કરવાથી વૈર પરંપરા વધે છે, અને આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાન થવાથી મનુષ્ય જન્મનું ફળ જે સ્વર્ગ કે મોક્ષરૂપ થવું જોઈએ તેને બદલે તે વિસંવાદ ઉપરોક્ત દુર્ધ્યાન કરાવી આત્માને નરક કે તિર્યંચરૂપ દુર્ગતિમાં ખેંચી જવા સમર્થ થાય છે. તેથી વિચારશીલ પુરુષે વિરોધ કરતા પહેલાં વિચાર કરવો. તેમાં પણ વ્રતધારી શ્રાવકોએ અને વિશેષે કરી સાધુ મહાત્માઓએ તો સર્વથા વિસંવાદનો ત્યાગ જ કરવો જોઈએ. કારણ સાધુઓ હંમેશાં આવશ્યકસૂત્રમાં "**मित्ती मे सव्वभूएसु**" આ મહાવાક્યનું સ્મરણ કરે છે. તો તેમણે તો કોઈની પણ સાથે વિરોધ રાખવો એ વ્યાજબી નથી.

"**प्रतिपन्नक्रिया चेति**"–અંગીકાર કરેલું કાર્ય કરવામાં વિઘ્ન આવે તો પણ તેથી ડરી ન જતાં તે કાર્ય પૂરું કરવાનો જ પ્રયત્ન કરવો. કાર્ય કરવાનું સ્વીકારતા પહેલાં કાર્યનાં ગુણ દોષ, પોતાની શક્તિ, સહાયક અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવનો વિચાર કરી કાર્ય કરવાનો આરંભ કરવો. બનતા સુધી પોતાની જાત મહેનતથી થઈ શકે તેવું કાર્ય હાથ ધરવું જેથી તે પરિપૂર્ણ થવામાં વાંધો આવે નહીં. પરંતુ બીજાઓ ઉપર આધાર રાખી કાર્ય હાથ ધરવું નહીં. આ ઉપરથી એમ નહીં સમજવું કે કોઈ પણ કાર્ય હાથ ધરવું એ એક આપત્તિ છે

કહ્યું છે કે :– [ભર્તૃહરી નીતિશતક શ્લોક ૭૨]

**"प्रारभ्यते न खलु, विघ्नभयेन नीचैः, प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।**
**विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः, प्रारभ्य चोत्तमजनाः न परित्यजन्ति ॥**

**"વિઘ્ન આવશે એમ ધારી નીચ પુરુષો શુભ કાર્યનો પ્રારંભ કરતા નથી, વિઘ્નથી હણાયેલા મધ્યમ પુરુષો કાર્યનો પ્રારંભ કરીને અટકી જાય છે અને ઉત્તમ પુરુષો તો**

**વારંવાર વિઘ્નથી હણાવા છતાં પણ પ્રારંભ કરેલા કાર્યનો ત્યાગ કરતા નથી.'' આ ઉપરથી દરેક સત્પુરુષોએ સત્કાર્ય કરવામાં વીર્ય-શક્તિ ફોરવી તેને સંપૂર્ણ કરવું જોઈએ.**

**''कुलधर्मानुपालनं''**—કુળધર્મનું પાલન કરવું—શ્રાવકના કુળમાં જન્મ પ્રાપ્ત થવા છતાં કુસંગતિથી પોતાના શુદ્ધ આચારનો ત્યાગ કરી મ્લેચ્છાદિક લોકોના વેષ તથા દુરાચારોનું ગ્રહણ કરવામાં શ્રેષ્ઠતા માનવી તે શ્રાવકને કોઈ પણ રીતે શોભતી નથી. ભાગ્યોદયથી પ્રાપ્ત થયેલા જૈનધર્મ અને તેના આચારો સુશ્રાવકે પ્રાણાંતે પણ છોડવા જોઈએ નહીં. (અહિં અસત્ કુલાચારની ઉપેક્ષા કરી શ્રાવકના કુળનો સંબંધ હોવાથી શ્રાવકના કુલાચારનું ગ્રહણ કરેલું છે.)

વળી કહ્યું છે કે :-

**''असद्व्ययपरित्यागः, स्थाने चैव क्रिया सदा ।**
**प्रधानकार्ये निर्बन्धः, प्रमादस्य विवर्जनम्'' ॥**

**''ફળ વિનાના ખર્ચનો ત્યાગ કરવો, ઉચિત સ્થાનમાં જ હમેશાં ક્રિયા કરવી. શ્રેષ્ઠ કાર્યમાં આગ્રહ રાખવો અને પ્રમાદનો ત્યાગ કરવો.''**

**ભાવાર્થ—''असद्व्ययपरित्यागः''** નિષ્ફળ ખર્ચનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે તેમ થવાથી દ્રવ્યનો નાશ થઈ પાપની વૃદ્ધિ થાય છે, તેથી આ લોકમાં દરિદ્રતા તથા અપકીર્તિ અને પરલોકમાં દુર્ગતિ વગેરેના અતિતીવ્ર દુઃખ સહન કરવાં પડે છે. વળી અસત્ કાર્યમાં ધનનો વ્યય થવાથી મનુષ્યભવને યોગ્ય ખરેખરું પુણ્યકાર્ય જે દ્રવ્યથી કરવાનું છે તે રહી જાય છે, જેથી પરિણામે પશ્ચાત્તાપ કરવો પડે છે, માટે અસત્ કાર્યમાં ધનનો વ્યય કરતાં પહેલાં ખાસ શુભાશુભ ફળનો વિચાર કરી ભવિષ્ય કાળમાં આપત્તિ વગેરે સહન ન કરવી પડે તેવી રીતે પ્રવૃત્તિ કરે. તેમજ માત્ર ખાલી નામનાની ઈચ્છાથી લગ્નાદિ પ્રસંગોમાં પણ બીજા ધનાઢ્યોની સાથે સ્પર્ધામાં ઉતરવા પ્રયત્ન નહીં કરતાં સમયોચિત અને શક્તિ અનુસાર વ્યય કરવો યોગ્ય છે.

**''स्थाने चैव क्रिया सदा''**—દરેક ક્રિયા હંમેશાં યોગ્ય સ્થાનમાં જ કરવી જોઈએ, અનુચિત સ્થાનમાં ક્રિયા કરવાથી કાર્યની જેવી જોઈએ તેવી સફળતા મળતી નથી. જેમ સિદ્ધગિરિ આદિ પવિત્ર ક્ષેત્રમાં પ્રભુભક્તિ, બ્રહ્મચર્ય, સામાયિક, પ્રતિક્રમણ, તપ, જપ, ધ્યાન અને મુનિદાન વગેરે, જેવું સ્થિર ચિત્તથી થઈ શકે છે તેવું પોતાના ગામમાં કે ઘરમાં પ્રાયે થઈ શકતું નથી, વળી સાધુની સમીપમાં કે ઉપાશ્રયમાં જેવી ધર્મક્રિયા થઈ શકે છે, તેવી ગૃહાદિક અન્ય સ્થાનમાં થઈ શકતી નથી. માટે વિચારશીલ પુરુષે યોગ્ય સ્થાને યોગ્ય ક્રિયા કરવી જોઈએ. સારી પણ ક્રિયા અયોગ્યસ્થાનમાં કરવામાં આવે તો લાભદાયી થતી નથી.

"**प्रधानकार्ये निर्बन्धः**" શ્રેષ્ઠ કાર્ય કરવામાં આગ્રહ રાખવો જોઈએ, કારણ કે આ ચરાચર જગતમાં પ્રાણી માત્રને અનેક કાર્ય કરવાનાં છે છતાં તેનો ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચાર વિભાગમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં પણ અર્થ અને કામની પ્રાપ્તિ જો કે ધર્મ કરવાથી થાય છે તો પણ વિવેક વિના તેનું (અર્થ અને કામનું) સેવન કરનાર દુર્ગતિનું ભાજન થાય છે. તેથી તેના સંબંધમાં આવેલાં સર્વ કાર્ય અવશ્ય કરણીય ન હોવાથી તે પ્રધાન કાર્ય નથી, માટે ગ્રંથકર્તાએ તેને ગૌણતામાં રાખી અનંતરત્નત્રયી, (જ્ઞાન-દર્શન-ચારિત્ર) અનંતવીર્ય, અક્ષયસ્થિતિ અને અનંતસુખ આપનાર મોક્ષરૂપ પુરુષાર્થને પ્રધાન કાર્ય ગણેલું છે, અને તે (મોક્ષ) ધર્મરૂપ પુરુષાર્થ સિદ્ધ થવાથી પ્રાપ્ત થાય છે. તેથી ધર્મ એ જ પ્રધાન કાર્ય છે. કહ્યું છે કે—

**"त्रिवर्गसंसाधनमन्तरेण, पशोरिवायुर्विफलं नरस्य ।**
**तत्रापि धर्मं प्रवरं वदन्ति, न तं विना यद्भवतोऽर्थकामौ"** ॥

**"ધર્મ અર્થ અને કામરૂપ ત્રિવર્ગની સાધના વિના મનુષ્યનું આયુષ્ય (જીવન) પશુની જેમ નિષ્ફળ છે, તેમાં પણ પંડિત પુરુષો ધર્મને પ્રધાન કહે છે, કારણ કે તેના વિના અર્થ અને કામની પ્રાપ્તિ થતી નથી."** માટે વિવેકી પુરુષે ધર્મરૂપ પ્રધાન કાર્યને બાધ ન આવે તેવી રીતે પ્રવૃત્તિ કરવી જોઈએ.

"**प्रमादस्य विवर्जनम्**"—પ્રમાદનો ત્યાગ કરવો. કારણ કે પ્રાણીમાત્રનો કટ્ટર શત્રુ પ્રમાદ જ છે, અને જે શત્રુ હોય તેનો અવશ્ય ત્યાગ કરવો એ સૃષ્ટિનો એક સ્વાભાવિક નિયમ છે. તો પ્રમાદશત્રુનો ત્યાગ કરવાને બદલે તેની સેવા કરવી એ નિયમથી કેટલું વિરુદ્ધ છે ? કદાચ કોઈ રાજા હુકમ કરે છે કે મારી તમામ પ્રજાએ હંમેશાં એક કલાક મારી સેવા કરવી રાજાના આ હુકમને લોક જુલમી હુકમ ગણશે અને તેને (હુકમને) રાજા પાસે પાછો ખેંચવા વિદ્વાન્, ધનવાન્, અને સમસ્ત પ્રજા વર્ગ બનતો પ્રયાસ કરવા ચૂકશે નહીં. તો જ્યારે પ્રમાદરૂપી રાજા તેઓને ભ્રમમાં નાંખી દિન-પ્રતિદિન ઘણા કલાકો સેવા કરાવે છે, ત્યારે તેની સેવામાંથી મુક્ત થવા માટે બનતો પ્રયાસ કેમ ન કરવો જોઈએ ? જે પ્રમાદરાજાની આજ્ઞા ત્રણે લોકના પ્રાણીઓ મસ્તકે ચડાવે છે તે પ્રમાદના મુખ્ય પાંચ ભેદ છે, અને ગૌણતાએ દરેક પ્રાણીઓના વિચિત્ર સ્વભાવોને લીધે અનેક ભેદો થાય છે. પરંતુ તે સર્વનો ત્યાગ કરવા યોગ્ય છે. આ પ્રમાદ ક્યારે અને કેવા રૂપમાં આવશે તે નક્કી નથી. માટે સાધુ અગર શ્રાવકોએ પ્રમાદ શત્રુથી સાવધાન રહી, હમેશાં આત્મસાધનામાં જાગૃતિ રાખી તેને લેશમાત્ર પણ સ્થાન આપવું નહીં. કારણ કે સંસારની વૃદ્ધિ કરનાર અને ચૌદ પૂર્વધરોને પણ છેક નિગોદ સુધી પહોંચાડનાર તેજ છે, કહ્યું છે કે :- [યોગશાસ્ત્ર]

**"मज्जं विसयकसाया, निद्दा विगहा य पंचमी भणिया ।**
**एए पंच पमाया, जीवं पाडंति संसारे"** ॥

**"આઠ મદ, પાંચ ઈંદ્રિયોના ત્રેવીશ વિષય, સોળ કષાય, પાંચ પ્રકારની નિદ્રા અને ચાર વિકથા એ પાંચ પ્રમાદ જીવને સંસારમાં પાડે છે."**

આ ગાથાનું મનન કરતાં એમ લાગે છે કે કોઈ ભવ્ય પ્રાણી સંસારના કાર્યમાંથી સમય મેળવી ધર્મ કરવાને તત્પર થાય છે, તેટલામાં ઉપરોક્ત પ્રમાદ આડા આવી તેને તેમ કરતાં અટકાવે છે, તો તેનાથી પાછા નહીં હઠતાં આત્મવીર્યને ફોરવીને, પ્રમાદનો પરાજય કરી, ધર્મ કરવામાં તત્પર થવું અને જે કાર્ય આજે કરવાનું હોય તેને આવતી કાલ ઉપર મુલત્વી રાખવું જોઈએ નહીં.

કહ્યું છે કે :-

**"कल करना सो आज कर, आज करना सो अब ।**
**अवसर बिता जात है, फिर करेगा कब ॥"**

આ કવિતાનો વિચાર કરી જે શુભકાર્ય કરવાનું હોય તે શીઘ્ર કરવું જોઈએ. કેમકે :–"**श्रेयांसि बहुविघ्नानि**"શુભ કાર્યમાં ઘણાં વિઘ્નો આવે છે, માટે શુભ કાર્ય કરવામાં વિલંબ કરવો નહીં. વળી કહ્યું છે કે :–"**धर्मस्य त्वरिता गतिः**"-

ધર્મની ગતિ શીઘ્ર હોય છે. તેથી ધર્મકરણી કરવામાં ક્ષણ માત્ર પણ પ્રમાદ કરવો-જોઈએ નહીં. ભગવાન દેવાધિદેવ શ્રીમહાવીરસ્વામી પ્રભુએ પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી કે જેઓ પ્રાયે અપ્રમત્તપણે વર્તતા હતા, તો પણ તેઓશ્રીને ઉદ્દેશી ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરમાવ્યું છે કે : "**समयं गोयम मा पमायए**"–હે ગૌતમ ! સમય માત્ર પણ તું પ્રમાદ કરીશ નહીં. આ મહાવાક્ય ઉપરથી પ્રમાદનું બળ કેવું પ્રબળ છે તે સ્પષ્ટ જણાઈ આવે છે. માટે હું સુશ્રાવક છું અથવા સર્વોત્તમ સાધુ છું એવો નકામો અહંકાર નહીં કરતાં પ્રમાદ ત્યાગ કરવામાં સતત પ્રયાસ કરવો, નહીં તો કંડરીક અને મંગુઆચાર્ય વગેરેની જેમ દુર્ગતિના દુઃખ સહન કરવાનો પ્રસંગ આવશે.

વળી કહ્યું છે કે :- [યોગશાસ્ત્ર]

**"लोकाचारानुवृत्तिश्च, सर्वत्रौचित्यपालनं ।**
**प्रवृत्ति र्गर्हिते नेति, प्राणैः कण्ठगतैरपि" ॥**

**"લોકાચારનું અનુકરણ કરવું, સર્વ ઠેકાણે ઔચિત્યનું પાલન કરવું અને કંઠે પ્રાણ આવે તો પણ નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી."**

**ભાવાર્થ–"लोकाचारानुवृत्तिश्च"**–લોક એટલે મહાજન તેમનો જે આચાર તે લોકાચાર તેને અનુસરી વર્તન કરવું. ૪૯

કહ્યું છે કે :–"**महाजनो येन गतः स पन्थाः**"–મહાપુરુષો જે માર્ગે ચાલ્યા હોય તેને માર્ગ કહેવાય છે, અને તે માર્ગ અન્ય પુરુષોને અનુકરણીય છે. માટે દ્રવ્ય, ક્ષેત્ર,

કાળ અને ભાવનો વિચાર કરી લોકાચારનું પાલન કરવા પ્રયત્ન કરવો. આજે કેટલાક લોકો દેશાચાર તથા કુળાચારને લોકાચાર ગણી તે આચાર લોકવિરુદ્ધ કે શાસ્ત્રવિરુદ્ધ હોય તો પણ તેનો ત્યાગ કરવાની આનાકાની કરે છે, તે યોગ્ય નથી. જેનાથી ઉભય લોકના હિતની હાની થતી હોય, અને જિનાજ્ઞાનો ભંગ થતો હોય તેવો આચાર લોકાચાર થઈ શકે નહીં. તેથી એવા મન કલ્પિત લોકાચારનું અનુકરણ કરવું તે સર્વથા અનુચિત છે. શુદ્ધલોકાચારનું પાલન પ્રાણીમાત્રને ધર્મપ્રાપ્તિ અને આત્મહિતનું કારણ થાય છે. માટે બનતા પ્રયાસે વિવેકી પુરુષે શુદ્ધ લોકાચારનું ઉલ્લંઘન ન થાય તેવી પ્રવૃત્તિ કરવી.

"**सर्वत्रौचित्यपालनम्**"–સર્વ ઠેકાણે ઔચિત્યનું પાલન કરવું, કેમકે કદાચ સાંસારિક કાર્યમાં સમયાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવામાં ન આવે તો લોકમાં માનહાનિ, મદાંધતા અને વિવેકશૂન્યતા પ્રગટ થાય, અને ધર્મની પણ અપભ્રાજના થવાનો પ્રસંગ આવે, તેથી વિવેકપૂર્વક પ્રવૃત્તિ કરવી.

કહ્યું છે કે : "**विवेको दशमो निधिः**" આ વાક્યાનુસાર વૃદ્ધ, જ્ઞાની, અભ્યાગત જ્યેષ્ઠ તથા કનિષ્ઠ બંધુ અને સત્પુરુષોનું ઔચિત્ય સાચવવું તથા કોઈ પણ વ્યક્તિને અપ્રિય લાગે તેવી પ્રવૃત્તિ ક્યારે પણ નહીં કરવા વિવેકી પુરુષોએ ખાસ ધ્યાન રાખવું જોઈએ.

"**प्रवृत्तिर्गर्हिते नेति**"–કંઠે પ્રાણ આવે તો પણ નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ કરવી જોઈએ નહીં. કેમકે જે કરવાથી આત્મગુણની હાનિ, જિનાજ્ઞાનોભંગ, લોકાપવાદ અને રાજ- વિરુદ્ધતા થાય તેવાં દુર્વ્યસનનું સેવન અને પ્રમાદ તથા કષાયાદિક નિંદિત કાર્યોનો પ્રયત્ન પૂર્વક ત્યાગ કરવો, કારણકે નિંદિત કાર્ય **સત્યકી** વિદ્યાધરની જેમ આ લોક તથા પરલોકના અહિતને માટે થાય છે.

ઉપરોક્ત સર્વ પ્રકારનો સદાચાર આચરવા કરવા લાયક છે. માટે વિશેષ ધર્માભિલાષી પુરુષે સદાચાર ગ્રહણ કરવા ચૂક્વું જોઈએ નહીં.

કહ્યું છે કે :- **एवं वा**

**विपद्युच्चैः स्थेयं पदमनुविधेयं च महतां,**
**प्रिया न्याय्या वृत्तिर्मलिनमसुभङ्गेऽप्यसुकरम् ।**
**असन्तो नाभ्यर्थ्याः सुहृदपि न याच्यः कृशधनः,**
**सतां केनोद्दिष्टं विषममसिधारा व्रतमिदम् ॥**

**આપત્તિ વખતે ઉચ્ચ સ્થિતિમાં રહેવું, મહાપુરુષોના પગલે ચાલવું, ન્યાયવૃત્તિને પ્રિય કરવી, કદાચ પ્રાણનો નાશ થાય તો પણ ખરાબ કાર્ય ન કરવું, દુર્જનની પ્રાર્થના ન કરવી અને પોતે નિર્ધન હોય છતાં પણ ધનવાન ખરાબ મિત્રની પાસે યાચના કરવી નહીં. એવું અતિ વિષમ, અને ખડ્ગની ધારા જેવું આ વ્રત સત્પુરુષોને કોણ બતાવ્યું હશે ?"**

इयं च शिष्टाचारप्रशंसा धर्मबीजाधानतया प्रेत्यधर्मप्राप्तिहेतुतया परमपदहेतुर्भवति, चौरोदाहरणेन । तथा–

શબ્દાર્થ : આ શિષ્ટાચાર પ્રશંસા ધર્મરૂપી બીજનો આધાર અને પરલોકમાં ધર્મપ્રાપ્તિનું કારણ હોવાથી મોક્ષરૂપ કાર્યનું કારણ થાય છે. તેને ચોરના દૃષ્ટાંતથી બતાવે છે–

## एकचित्तमित्रयोः कथा

कोशाम्ब्यां पुरि राजाऽस्ति, जितारिर्नामविश्रुतः । जिनधर्मरसोल्लासः, सद्भूतगुणसन्निधिः ॥१॥
श्रेष्ठिनौ धनयक्षाह्वौ, तत्राभूतां महर्द्धिकौ । धनस्य धर्मपालोऽभून्नन्दन कुलनन्दनः ॥२॥
यक्षस्य वसुपालश्च, वसुवृद्धिविधायकः । क्रमेण यौवनं प्राप्तौ, तौ द्वावपि मनोहरम् ॥३॥
जन्मान्तरीयसंस्कारादाबालत्वात्तयोरभूत् । क्षीरनीरवदत्यन्तं, मैत्री विस्मयकारिणी ॥४॥
रोचते च यदेकस्य, तदन्यस्यापि रोचते । ततो लोके गतौ ख्यातिमेकचित्ताविमाविति ॥५॥
ततः कुलोचितं कर्म, कुर्वतोर्यान्ति वासराः । अन्यदा श्रीमहावीरस्तत्रागाद्विश्ववत्सलः ॥६॥

देवैः समवसरणं कृतम् । कौशाम्बीशोऽपि वन्दनार्थं समायातः सपौरजनः । तावपि श्रेष्ठिनोः सुनू कुतूहलपरायणौ वन्दनार्थं गतौ । प्रारब्धा धर्मदेशना श्रीजिनेन ।

ततस्तयोर्वणिक्सूनोरेकस्य तज्जिनोदितम् । श्रद्धानमार्गमायाति, भाव्यते च स मानसे ॥७॥
स्फाराक्षो मस्तकं धुन्वन्, कर्णपर्णपुटार्पितम् । रोमाञ्चितः पिबत्युच्चैर्जिनवाक्यं यथाऽमृतम् ॥८॥
तदन्यस्य तदाभाति, वालुकाकवलोपमम् । अन्योन्यस्य च तौ भावं, लक्षयामासतुस्तराम् ॥९॥
[1]व्याख्याभुवः समुत्थाय, जग्मतुर्भवनं निजम् । तत्रैको व्याजहारैवं, भ्रातस्त्वं भावितः किल ॥१०॥
जैनवाचा न चाहं भोस्तदत्र किमु कारणम् ? । एकचित्ततया ख्यातावावां लोके इयच्चिरम् ॥११॥
इदानीमत्र सञ्जातं, विभिन्नं चित्तमावयोः । तदत्र कारणं किं स्यादन्यो वक्ति स्म विस्मितः ॥१२॥
सत्यमेवं ममाप्यत्र, विकल्पः संप्रवर्तते । केवलं केवली नूनं, निश्चयं नौ करिष्यति ॥१३॥
स एव प्रश्नितोऽत्रार्थे, तद्यातास्वस्तदन्तिके । एवं तौ निश्चयं कृत्वा प्रातर्यातौ तदन्तिकम् ॥१४॥
पप्रच्छतुस्तमाराध्य, विनयेन स्वसंशयम् । सोऽप्युवाच पुरैकेन, श्लाधितो युवयोर्मुनिः ॥१५॥
तथा हि–
आस्तां युवां क्वचिद्ग्रामे, द्रङ्गिकस्य तनूद्भवौ । कालक्रमेण तारुण्यं, लावण्यपदमागतौ ॥१६॥
सञ्जाततद्विकारौ च, जातौ भूतेरभावतः । तथा मनोरथाः किञ्चिन्न पूर्यन्ते कथञ्चन ॥१७॥
अनार्यकार्यमारब्धौ, कर्त्तुं चौर्यं ततोऽन्यदा । ग्रामान्तरे हृता गावो, गत्वा रात्रावतित्वरौ ॥१८॥
दण्डपाशिकलोकेन, भवन्तौ त्रासितौ ततः । प्रारब्धौ नष्टुमेकोऽथ, साधुः शैलगुहागतः ॥१९॥

---

१. સમવસરણમાંથી.

ध्यानमौनक्रियालग्नो, युवाभ्यां समदृश्यत । ततश्च धर्मपालस्य, जीवेनेदं व्यचिन्त्यत ॥२०॥
अहो ! सुलब्धं जन्मास्य, प्रशस्याचारसद्मनः । यदित्थं निर्भयः शान्तस्त्यक्तसङ्गोऽवतिष्ठते ॥२१॥
वयं पुनरधन्यानामधन्या धनकाङ्क्षया । विदधाना विरुद्धानि, पराभवपदं गताः ॥२२॥
धिक्कारोपहतात्मानो, यास्यामः कां गतिं मृताः । ही जाता दुःस्वभावेन, लोकद्वयविराधकाः ॥२३॥
तदेवं निर्मलं साधोर्वृत्तं वारितकल्मषम् । विपरीतमतोऽस्माकमस्मात्कल्याणकं कुतः ? ॥२४॥
अन्यः पुनरुदासीनः, समभूत्तं मुनिं प्रति । गुणरागादवापैको, बोधिबीजं न चापरः ॥२५॥
ततस्तनुकषायत्वाद्भवन्तौ दानतत्परौ । नरजन्मोचितं कर्म, बद्धवन्तावनिन्दितम् ॥२६॥
मृत्वा युवां समुत्पन्नावेतावत्र वणिक्सुतौ । जातावनिन्दिताचारौ, वणिग्धर्मपरायणौ ॥२७॥
एकस्येह तदेतस्य, जातं बीजस्य तत्फलम् । सद्बोधरूपमन्यस्य, निर्बीजत्वेन नाभवत् ॥२८॥

**एवं पूर्वभवादि श्रुत्वा जातिस्मरणं प्राप्तः सञ्जातप्रत्ययश्च भावतो जिनोद्दिष्टधर्मपरः सिद्धिं यास्यति । अपरस्य च बोधिबीजभूतशिष्टाचारमाध्यस्थ्यादपि संसार एव ।**

## પૂર્વભવમાં ચોર એવા ધન તથા યક્ષશ્રેષ્ઠીપુત્રોની વાર્તા

કોશાંબીપુરીમાં સદ્‌ભૂત ગુણોના ઉત્તમ ભંડાર રૂપ અને જૈન ધર્મના આસ્વાદથી ઉલ્લાસ પામેલો **જિતારિ** નામે પ્રખ્યાત રાજા હતો, અને તેજ નગરીમાં મોટી ઋદ્ધિવાળા **ધન** અને **યક્ષ** નામના બે શેઠીયા રહેતા હતા. તેમાં ધન શ્રેષ્ઠીને પોતાના કુળને આનંદ આપનાર **ધર્મપાલ** નામે પુત્ર હતો, અને યક્ષ શ્રેષ્ઠીને દ્રવ્યની વૃદ્ધિ કરનાર **વસુપાલ** નામે પુત્ર હતો. અનુક્રમે તે બન્ને મનોહર યૌવન વયને પામ્યા અને પૂર્વ જન્મના સંસ્કારને લીધે બાલ્યાવસ્થાથી જ તે બન્નેને ક્ષીર—નીર જેમ અત્યંત આશ્ચર્યકારક મિત્રતા થઈ. તે બે મિત્રોમાંથી એકને જે ગમે તે બીજાને પણ ગમતું હતું. તેથી લોકમાં આ બન્ને એક ચિત્તવાળા છે એવી પ્રસિદ્ધિને પામ્યા. તે પછી પોતાના કુળને ઉચિત કાર્ય કરતાં તે બન્નેના દિવસો પસાર થતા હતા.

તેવામાં એક વખતે તે નગરીના ઉદ્યાનમાં જગતવત્સલ ભગવાન શ્રીમહાવીરસ્વામીનું આગમન થયું, અને દેવોએ સમવસરણની રચના કરી. પ્રભુના આગમનને સાંભળીને નગરજનોની સાથે કોશાંબીનો રાજા જિતારિ શ્રીવીરપ્રભુને વંદન કરવા ગયો. કુતૂહલમાં તત્પર તે બે શેઠીયાના પુત્રો પણ ભગવાન શ્રીમહાવીરસ્વામીને વંદન કરવા ગયા. તે વખતે શ્રીજિનેશ્વરદેવે ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. પછી તે બે વણિક પુત્રોમાંથી એકને શ્રીજિનેશ્વરદેવની વાણી શ્રદ્ધા રૂપ થાય છે, અને તેના મનમાં રૂચે છે, તેથી વિશાળ નેત્રવાળો, મસ્તક ધુણાવતો અને રોમાંચિત શરીરવાળો તે વણિક્‌પુત્ર કર્ણરૂપ પત્રના પાત્રમાં અર્પણ કરાયેલા શ્રીજિનેશ્વરના વચનને અમૃતની જેમ પાન કરે છે.

બીજાને તો તે શ્રીજિનવચન રેતીના કોળીયા સદૃશ વિરુદ્ધ લાગતું હતું. આથી તે બંને મિત્રો એક બીજાના આશય સારી રીતે સમજી ગયા હતા.

પછી તે બન્ને મિત્રો સમવસરણમાંથી ઉઠી પોતાને ઘેર ગયા. ત્યાં બેમાંથી એક બોલ્યો કે "હે ભાઈ ! તું જિનવાણીથી ખરેખર ભાવિત થયો છે અને હું ભાવિત ન થયો તેનું શું કારણ હશે ? વળી લોકમાં આટલા કાળ સુધી આપણે બે એક ચિત્તવાળા પ્રસિદ્ધ થયા છીએ પણ હમણા આ બાબતમાં આપણા બન્નેનું ચિત્ત ભિન્ન-જુદા વિચારવાળું થયું છે. તેનું શું કારણ હશે !"

આ વાત સાંભળી ચકિત થયેલા બીજા મિત્રે કહ્યું કે "હે ભાઈ ! તારું કહેવું સત્ય છે મને પણ આ બાબતમાં સંકલ્પ વિકલ્પ થયા કરે છે. પરંતુ આ વિષયમાં આપણા બન્નેનો નિર્ણય ફક્ત પ્રશ્ન કરવાથી તે પ્રભુ જ કરશે." તે કારણથી 'આવતી કાલે તેમની પાસે જઈશું.' એવી રીતે નિશ્ચય કરી તે બન્ને મિત્રો પ્રભાત થતાં શ્રીમહાવીરસ્વામી પ્રભુ પાસે ગયા. ત્યાં વિનયપૂર્વક તેમનું આરાધન કરી તેમણે પોતાનો સંદેહ પૂછ્યો. તેથી ભગવાન શ્રીમહાવીરસ્વામીએ ઉત્તર આપ્યો કે "પૂર્વે તમારા બેમાંથી એક જણે મુનિની પ્રશંસા કરી હતી. તે વૃત્તાંત આ પ્રમાણે છે–

કોઈ ગામમાં તમે બન્ને કોઈ ગરીબ મનુષ્યના પુત્ર હતા. અનુક્રમે સુંદરતાના સ્થાનરૂપ યૌવન વય પ્રાપ્ત થવાથી તમો તે વયના વિકારને પામ્યા. પરંતુ સંપત્તિના અભાવથી લેશ માત્ર તમારા મનોરથ કોઈ રીતે પૂર્ણ થતા નહોતા, તેથી તમે ચોરીરૂપ અનાર્ય કાર્ય કરવાનો આરંભ કર્યો. પછી એક વાર રાત્રે બીજા ગામની અંદર જઈ અતિ-શીઘ્રતાથી તમે ગાયોનું હરણ કર્યું. તેથી તમને દંડપાશિક પુરુષોએ ત્રાસ પમાડ્યો, એટલે તમે નાસવાની તૈયારી કરી. પછી ત્યાંથી નાસતાં પર્વતની ગુફામાં રહેલા અને ધ્યાન તથા મૌનની ક્રિયામાં તત્પર એવા એક મુનિ તમારા જોવામાં આવ્યા.

તે અવસરે ધર્મપાલના જીવે આ પ્રમાણે વિચાર કર્યો કે, 'અહો ! શ્રેષ્ઠ આચારના મંદિરરૂપ આ મુનિનો જન્મ સુલબ્ધ છે, જે આવી રીતે નિર્ભય, શાંત અને સંગ રહિત આ ગુફામાં રહે છે. વળી અમે તો અધન્યમાં પણ અધન્ય છીએ, કારણ કે ધનની ઇચ્છાથી વિરુદ્ધ કાર્ય કરનારા અમે પરાભવને પામ્યા છીએ. અરે ! ધિક્કારથી આત્માનો નાશ કરનારા અમે મૃત્યુ પામ્યા પછી કઈ ગતિમાં જવાના ? અને દુઃખી હાલતને લીધે અમે ઉભય લોક વિરુદ્ધ કાર્ય કરનારા થયા છીએ. જેવી રીતે આ મુનિનું આચરણ પાપરહિત અને નિર્મળ છે. તેવી જ રીતે અમારું આચરણ આ મહાત્માથી વિપરીત છે, તો આવા વિરુદ્ધ આચરણથી અમારું કલ્યાણ શી રીતે થશે ?

આ પ્રમાણે ધર્મપાલે સાધુની પ્રશંસા કરી અને બીજો વસુપાલ તે મુનિ તરફ ઉદાસીન વૃત્તિવાળો થયો. તે બેમાંથી એક ગુણના રાગથી બોધિબીજ પામ્યો, અને

બીજાને તે પ્રાપ્ત થયું નહીં. પછી કષાયની મંદતાને લીધે દાન દેવામાં તત્પર થયેલા તમે બન્ને મિત્રોએ મનુષ્ય ભવને યોગ્ય શ્રેષ્ઠ કર્મ ઉપાર્જન કર્યું. અનુક્રમે ત્યાંથી કાળ કરી શ્રેષ્ઠ આચારવાળા અને વણિક્ ધર્મમાં પરાયણ તમે બન્ને આ કૌશાંબી નગરીમાં વણિકના પુત્રપણે ઉત્પન્ન થયા છો. ઉપરોક્ત કારણથી આ ભવમાં એકલા આ ધર્મપાલને શ્રેષ્ઠ બોધ રૂપ બોધિબીજનું ફળ પ્રાપ્ત થયું છે, અને બીજાને બોધિબીજના અભાવથી બોધ રૂપ ફળ પ્રાપ્ત થયું નથી."

આ રીતે પૂર્વભવનું વૃત્તાંત સાંભળી ધર્મપાલ જાતિસ્મરણ પામ્યો, દઢ નિશ્ચય થવાથી ભાવપૂર્વક શ્રીપરમાત્માએ કહેલા ધર્મમાં તત્પર થયેલો ધર્મપાળ મોક્ષમાં જશે અને બીજો વસુપાલ તો બોધિબીજના હેતુભૂત શિષ્ટાચારમાં ઉદાસીનતાને લીધે સંસારમાં જ પરિભ્રમણ કરશે.

**इति परिभाव्य सम्यक् शिष्टाचारगुणादिप्रशंसावता भाव्यं सुश्रावकेनेति । यतः—**

**શબ્દાર્થ—ઉપરોક્ત ફળાફળનો સારી રીતે વિચાર કરી સુશ્રાવકે શિષ્ટાચાર અને તેમના ગુણાદિની પ્રશંસા કરનાર થવું જોઈએ. કહ્યું છે કે :**

**अकुर्वन्नपि सत्पुण्यं, शिष्टाचारप्रशंसया ।**
**दम्भसंरम्भमुक्तात्मा, प्राणी प्राप्नोति तत्फलम् ॥**

**પુણ્યકાર્યને નહીં કરનાર પણ કપટ અને કોપથી મુક્ત થયેલો પ્રાણી શિષ્ટાચાર-પ્રશંસાથી બોધિબીજના ફળને પ્રાપ્ત કરે છે.**

**ભાવાર્થ**—કોઈ પુરુષ અંતરાય કર્મના ઉદયથી પુણ્ય કાર્ય ન કરી શકતો હોય તો પણ તેને શિષ્ટાચારની પ્રશંસા કરવી યોગ્ય છે. કારણ કે તે પ્રશંસાના બળથી શિષ્ટાચારમાં પ્રવૃત્તિ કરવાની પ્રબળ ઇચ્છા થાય છે, અને તેથી બોધિબીજની પ્રાપ્તિ થાય છે. બોધિબીજની પ્રાપ્તિ થતાં અનુક્રમે અનંતાનુબંધી કષાય અને દર્શન મોહનીય કર્મનો ક્ષય થવાથી, તત્ત્વબોધરૂપ શુદ્ધ સમ્યક્ત્વ આત્મામાં પ્રગટ થાય છે, અને અનુક્રમે અવશેષ-બાકી રહેલા કષાયની મંદતા થતી જાય છે, તેથી જિનકથિત ધર્મનું વિશેષ આરાધન અને ઉત્તરોત્તર આત્મશુદ્ધિ થવાથી દેશવિરતિ અને સર્વવિરતિ પ્રાપ્ત થાય છે, અને તેનાથી સ્વર્ગ અને મોક્ષના સુખની પ્રાપ્તિ થાય છે. તેથી કોઈ પણ પ્રકારે શિષ્ટાચારની પ્રશંસા કરવા ચૂકવું જોઈએ નહીં. વળી કહ્યું છે કે :-

**बिभ्राणोऽपि गुणश्रेणि-रन्येषु गुणमत्सरीः ।**
**निमज्जत्येव संसारे, मुग्धो दुःखाकुलाशयः ॥**

**ગુણની શ્રેણિને ધારણ કરતો હોય તો પણ બીજાના ગુણની અંદર અદેખાઈ રાખનાર દુઃખથી આકુળ હૃદયવાળો તે મુગ્ધ પુરુષ સંસારમાં જ નિમગ્ન થાય છે.**

**ભાવાર્થ**–ગુણની શ્રેણિને ધારણ કરનાર હોય તો પણ ઈર્ષ્યાને લીધે બીજા ગુણી પુરુષના ગુણનો ઉત્કર્ષ સહન ન થઈ શકવાથી ગુણની અંદર મત્સર ધારણ કરી તે મુગ્ધ-જન સંસારમાં પરિભ્રમણ કરે છે. કારણ કે પોતામાં રહેલા ગુણનો ગર્વ અને બીજાના ગુણમાં ઈર્ષ્યા થવાથી આત્મગુણની વૃદ્ધિને બદલે હાનિ થતાં આત્મા મલિન થાય છે, તેથી ભવભ્રમણ કરવું પડે છે. તે આ બે મુનિના દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે.

## ગુણાનુરાગીગુણદ્વેષી બે મુનિની કથા

એક ઉપાશ્રયમાં નીચે ઉપર ઉતરેલા બે મુનિઓમાંથી એક તપસ્વી અને બીજા હંમેશાં ભોજન કરનાર હતા. એક વખતે તપસ્વી મુનિ કોઈ ગૃહસ્થને ઘેર ભિક્ષાર્થે ગયા, ત્યાં ભિક્ષા આપનાર બાઈ પાસે નિત્ય ભોજન કરનાર મુનિની નિંદા અને પોતાના ગુણની શ્લાઘા કરી ચાલ્યા ગયા. પછી બીજા મુનિ તે જ ગૃહસ્થને ત્યાં ભિક્ષાર્થે આવ્યા. તેમને તે બાઈએ પૂછ્યું કે 'ઉપાશ્રયમાં બીજા મુનિ આવ્યા છે ?' તેમણે કહ્યું કે, 'હા, એક મહાન્ તપસ્વી અને ગુણવાન્ મુનિ પધાર્યા છે. તેમના ગુણ આગળ મારામાં તો લેશ માત્ર પણ ગુણ નથી.

ઈત્યાદિ તેમના ગુણની પ્રશંસા અને આત્મનિંદા કરી તેથી તે બાઈ શંકાશીલ થઈ. કોઈ વખતે કેવળજ્ઞાનીનો જોગ મળતાં તે બાઈએ પ્રશ્ન કર્યો કે, તે બે મુનિમાંથી ક્યાં મુનિનો આત્મા ઉચ્ચદશામાં વર્તે છે ?' કેવળજ્ઞાનીએ ઉત્તર આપ્યો કે, 'નિત્ય-ભોજન કરનાર મુનિનો આત્મા ઉચ્ચદશાને પ્રાપ્ત થયેલો છે, તેથી તે અલ્પ સમયમાં મોક્ષ સુખ મેળવશે.' આ ઉદાહરણનો વિવેકી પુરુષે વિચાર કરી ગુણ કે ગુણી ઉપર મત્સર ધારણ કરી આત્માને મલીન કરવો નહીં. (ચડ્યા પડ્યાની સજ્ઝાય કર્તા. પૂ. ઉપા. શ્રીયશોવિજયમ.સા. તથા ઉપદેશપદમાં આ કથા બતાવેલ છે.)

ગ્રંથકાર આ બીજા ગુણનો ઉપસંહાર કરતાં શિષ્ટાચારની પ્રશંસા કરવાનો ઉપદેશ દ્વારા આગ્રહ કરે છે.

**अतो विवेकज्ञजनेन शिष्टा-चारप्रशंसाप्रवणेन भाव्यम् ।**
**विशुद्धधर्मोज्वलकीर्तिलाभाऽ-भिलाषिणाऽत्रोचित्तवृत्तियुक्त्या ॥२४॥**

**શબ્દાર્થ–ઉપરોક્ત હેતુથી શુદ્ધ ધર્મ અને નિર્મળ કીર્તિની અભિલાષા રાખનાર વિવેકી પુરુષે ઉચિતવર્તનપૂર્વક શિષ્ટાચારની પ્રશંસા કરવામાં આસક્ત થવું. આ પ્રમાણે શ્રાવકના પાંત્રીશ ગુણ પૈકી બીજા ગુણનું વર્ણન પૂર્ણ કર્યું. ૨૭.**

**इति द्वितीयो गुणः ॥**

●●●

## ૩

# ત્રીજો ગુણ—ઉચિતવિવાહ

હવે સમાન કુળ તથા શીલવાળા પણ અન્યગોત્રીય સાથે વિવાહ કરવારૂપ ત્રીજાગુણનું વિવરણ કરે છે.

**तथा कुलं पितृपितामहादिपूर्वपुरुषवंशः, शीलं मद्यमांसनिशाभोजनानन्तकायादिभोगपरिहाररूपः समाचारः, यद्वा समानदेवगुरुक्रियाकलापासेवनादिरूपस्ताभ्यां समास्तुल्याः कुलशीलसमा इत्यर्थः । कुलशीलोपलक्षणाद्विभववेषभाषादिग्रहणम् । तथा हि—विभवादिवैषम्ये सति कन्या महतः स्वपितुरैश्वर्यादल्पविभवं भर्तारमवगणयति । वरोऽपि प्रचुरस्वपितृविभववशोत्पन्नाहङ्कारः कन्यापितुर्विभवविकलत्वेन दुर्बलपृष्ठोपष्टम्भां कन्यामवजानातीत्यादि । गोत्रं नाम तथाविधैकपुरुषप्रभवो वंशस्तत्र जाता गोत्रजास्तेभ्योऽन्ये ये तैः सार्द्धं कृतोद्वाहो विहितविवाहः ।**

**શબ્દાર્થ—"कुलशीलसमैः सार्द्धं कृतोद्वाहोऽन्यगोत्रजैः" પિતા અને પિતામહ (દાદા) વગેરે પૂર્વપુરુષના વંશને કુળ કહે છે અને મદિરા, માંસ, રાત્રિભોજન અને અનંતકાયાદિકના ઉપયોગનો ત્યાગ કરવા રૂપ આચાર, અથવા તો સમાન દેવ, ગુરુ અને ક્રિયા કલાપ (ધર્માનુષ્ઠાન)ના આસેવનરૂપ આચારને શીલ કહે છે. તેવું કુળ તથા શીલ જેમનું એકસરખું હોય તેઓ સમાન કુળ-શીલવાળા કહેવાય છે. કુળ અને શીલ કહેવાવડે ઉપલક્ષણથી સંપત્તિ, વેષ અને ભાષાદિકનું પણ ગ્રહણ કરવું. તે જ અહીં દર્શાવે છે.**

**જો સંપત્તિ વગેરેમાં વિષમતા હોય તો કન્યા પોતાના પિતાના મહાન્ વૈભવથી અલ્પ વૈભવવાળા પોતાના સ્વામીની અવગણના કરે છે, અને પોતાના પિતાના પ્રચુર વૈભવને આધીન થઈ અહંકારને પ્રાપ્ત થયેલો વર પણ કન્યાના પિતાની નિર્ધનતાને લીધે પિતૃપક્ષના દુર્બળ ટેકાવાળી કન્યાની અવગણના કરે છે. અમુક એક પુરુષથી ચાલી આવેલી વંશ પરંપરા તે ગોત્ર, અને તેમાં ઉત્પન્ન થયેલા તે ગોત્રી કહેવાય છે. તેમનાથી જે અન્ય ગોત્રવાળા હોય તેમની સાથે વિવાહ કરવો યોગ્ય છે.**

अत्र नीतिः-द्वादशवर्षा स्त्री षोडशवर्षः पुमान्, तौ विवाहयोग्यौ ।

विवाहपूर्वो व्यवहारः कुटुम्बोत्पादनपरिपालनारूपश्चतुरो वर्णान् कुलीनान् करोति । अग्निदेवादिसाक्षिकं पाणिग्रहणं विवाहः, स च लोकेऽष्टधा । तत्रालङ्कृत्य कन्यादानं ब्राह्म्यो विवाहः १। विभवविनियोगेन कन्यादानं प्राजापत्यः २। गोमिथुनदानपूर्वकमार्षः ३। यत्र यज्ञार्थमृत्विजः कन्याप्रदानमेव दक्षिणा स दैवः ४। एते चत्वारो धर्म्याः । मातुः पितुर्बन्धूनां वाऽप्रामाण्यात्परस्परानुरागेण मिथः समवायाद् गान्धर्वः ५। पणबन्धेन कन्याप्रदानमासुरः ६। प्रसह्य कन्याग्रहणाद्राक्षसः ७। सुप्तप्रमत्तकन्याग्रहणात्पैशाचः ८। एते चत्वारोऽधर्म्याः । यदि वधूवरयोः परस्परं रुचिरस्ति तदाऽधर्म्या अपि धर्म्याः । शुद्धकलत्रादिलाभफलो विवाहः । यतः–

શબ્દાર્થ–બાર વર્ષની કન્યા અને સોળ વર્ષનો પુરુષ તે બન્ને વિવાહ યોગ્ય ગણાય છે. તેવા વિવાહ પૂર્વક કરેલો સંતતિ ઉત્પન્ન કરવા અને પાલન કરવા રૂપ વ્યવહાર ચાર પ્રકારના વર્ણોને કુલીન બનાવે છે. અગ્નિ અને દેવાદિકની સાક્ષી પૂર્વક પાણિગ્રહણ કરવું તે વિવાહ કહેવાય છે, અને તે વિવાહ લોકમાં આઠ પ્રકારનો કહેલો છે. તેમાં

૧. કન્યાને શણગારીને આપવી તે બ્રાહ્મ વિવાહ.

૨. વૈભવ આપીને કન્યા આપવી તે પ્રાજાપત્ય વિવાહ.

૩. બે ગાયોના દાનપૂર્વક કન્યા આપવી તે આર્ષ વિવાહ .

૪. જ્યાં યજ્ઞને અર્થે ઋત્વિજને કન્યાદાનની જ દક્ષિણા આપવી તે દૈવ વિવાહ કહેવાય છે.

આ ચારે વિવાહ ધર્મવિવાહ કહેવાય છે.

૫. માતા પિતા અથવા બંધુવર્ગને પ્રમાણ નહીં હોવાથી પરસ્પરના અત્યંત રાગથી એક બીજાની સાથે જોડાઈ જવું તે ગાંધર્વ વિવાહ.

૬. મૂલ્ય લઈને કન્યા આપવી તે આસુર વિવાહ.

૭. નહિં ઇચ્છતી કન્યાને બળાત્કારથી ગ્રહણ કરવી તે રાક્ષસ વિવાહ

૮. સુતેલી અથવા પ્રમાદ વશ થયેલી કન્યાનું ગ્રહણ કરવું તે પૈશાચ વિવાહ કહેવાય છે.

આ ચારે અધર્મ વિવાહ કહેવાય છે.

જો વર અને કન્યાને પરસ્પર પ્રેમ હોય તો તે અધર્મ વિવાહ પણ ધર્મ વિવાહ થાય છે. પવિત્ર પત્ની વગેરેની પ્રાપ્તિના ફળવાળો વિવાહ કહેવાય છે.

[લૌકિક શાસ્ત્રમાં] કહ્યું છે કે–

कन्यां सतीमुत्तमवंशजातां, लब्ध्वाऽधिकां याति न कः प्रतिष्ठाम् ।
क्षीरोदकन्यां गिरिराजपुत्रीं, गोपस्तथोग्रश्च यथाऽधिगम्य ॥

जिह्वा रसवती यस्य, भार्या रूपवती सती ।
लक्ष्मीस्त्यागवती यस्य, सफलं तस्य जीवितम् ॥

**अशुद्धभार्यादियोगे नरक एव, सततकलहादिकरणैरयशोदुःख-प्राप्तेः । परत्र दुर्गतिकारणं च, दुष्टाभिसन्धिजनितकर्मबन्धापत्तेः ।**

**શબ્દાર્થ–શ્રીકૃષ્ણમહારાજે સમુદ્રની પુત્રી લક્ષ્મી અને શંકરે હિમાલયની પુત્રી પાર્વતીને પ્રાપ્ત કરી જેમ અધિક પ્રતિષ્ઠા મેળવી હતી, તેમ સતી અને ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી કન્યાને મેળવી ક્યો પુરુષ અધિક પ્રતિષ્ઠા નથી પામતો.**

જેની જીવ્હા રસવાળી છે, ભાર્યા સતી અને રૂપાળી છે, અને લક્ષ્મી ત્યાગવાળી અર્થાત્ દાનમાં વપરાય છે, તે પુરુષનું જીવિતવ્ય સફળ છે.

આ લોકમાં હંમેશાં ક્લેશાદિકના કારણને લીધે અપયશ તથા દુઃખની પ્રાપ્તિ અને દુષ્ટ વિચારોથી ઉત્પન્ન થયેલ કર્મનો બંધ પ્રાપ્ત થવાથી પરલોકમાં દુર્ગતિનું કારણ થાય છે. તેવી અપવિત્ર પત્નીનો સંયોગ છે તે જ નરક છે.

यतः [ ઉપદેશતરંગિણીમાં ] જે કારણથી કહ્યું છે કે–

"कुग्राम[1]वासः कुनरेन्द्र[2]सेवा, कुभोजनं[3] क्रोधमुखी[4] च भार्या ।
कन्याबहुत्वं[5] च दरिद्रता[6] च, षड् जीवलोके नरका भवन्ति" ॥

કુગ્રામમાં વાસ, કુનરેંદ્ર સેવા, કુભોજન, ક્રોધ યુક્ત મુખવાળી ભાર્યા, ઘણી કન્યાઓ અને દરિદ્રતા એ છ મૃત્યુલોકમાં નરક કહેવાય છે.

**शुद्धतादिपरिज्ञानं वरवधूगुणलक्षणादिविलोकनैः । तत्र–**

**कुलं च शीलं च सनाथता च, विद्या च वित्तं च वपुर्वयश्च ।**
**वरे गुणाः सप्त विलोकनीयास्ततः परं भाग्यवती च कन्या ॥२५॥**

**શબ્દાર્થ–વર કે કન્યાની પવિત્રતાનું સૂક્ષ્મ જ્ઞાન તો વર અને કન્યાના ગુણ તથા લક્ષણાદિકને જોવાથી થાય છે. તેમાં પ્રથમ કુળ, આચાર, સનાથપણું, વિદ્યા, દ્રવ્ય, શરીર અને ઉંમર એ સાત ગુણો વરની અંદર જોવા યોગ્ય છે. તે ઉપરાંત તો કન્યા ભાગ્યવતી હોવી જોઈએ. ૨૫.**

लक्षणान्येवम्–[ अर्थतो विवेकविलासे ]

वक्षो वक्त्रं ललाटं च, विस्तीर्णं शस्यते त्रयम् । गम्भीरं त्रितयं शस्यं, नाभिः सत्त्वं स्वरस्तथा ॥१॥
कण्ठः पृष्ठं च लिङ्गं च, जङ्घयोर्युगलं तथा । चत्वारि यस्य ह्रस्वानि, पूजामाप्नोति सोऽन्वहम् ॥२॥
साङ्गुलीपर्वभिः केशैर्नखैर्दन्तैस्त्वचाऽपि च । सूक्ष्मकैः पञ्चभिर्मर्त्या, भवन्ति सुखजीविनः ॥३॥
स्तनयोर्नेत्रयोर्मध्यं, दोर्द्वयं नासिकाहनू । पञ्च दीर्घाणि यस्य स्युः, स धन्यः पुरुषोत्तमः ॥४॥

नासा ग्रीवा नखाः कक्षा, हृदयं वदनं तथा । षड्भिरत्युन्नतैर्मर्त्याः, सदैवोन्नतिभाजिनः ॥५॥
नेत्रान्तरसनातालुनखरा अधरोऽपि च । पाणिपादतले चापि, सप्त रक्तानि सिद्धये ॥६॥
गतेः प्रशस्यते वर्णस्ततः स्नेहोऽमुतः स्वरः । अतस्तेज इतः सत्त्वमिदं द्वात्रिंशतोऽधिकम् ॥७॥
सात्त्विकः सुकृती दानी, राजसो विषयी भ्रमी । तामसः पातकी लोभी, सात्त्विकोऽमीषु सत्तमः ॥८॥
मूर्खनिर्द्धनदूरस्थशूरमोक्षाभिलाषिणाम् । त्रिगुणाधिकवर्षाणां, चापि देया न कन्यका ॥९॥
अत्यद्भुतधनाढ्यानामतिशीतादिदोषिणाम्[१] । विकलाङ्गसरोगाणां, चापि देया न कन्यका ॥१०॥
बधिरक्लीबमूकानां, खञ्जान्धजडचेतसाम् । सहसा घातकर्तृणां, चापि देया न कन्यका ॥११॥
कुलजातिविहीनानां, पितृमातृवियोगिनाम् । गेहिनीपुत्रयुक्तानां, चापि देया न कन्यका ॥१२॥
बहुवैरापवादानां, सदैवोत्पन्नभक्षिणाम् । आलस्यहतचित्तानां, चापि देया न कन्यका ॥१३॥
गोत्रिणां द्यूतचौर्यादिव्यसनोपहतात्मनाम् । वैदेशिकानामपि च, न देया कन्यका बुधैः ॥१४॥ इति वरः ॥

વરનાં લક્ષણો [ અર્થથી વિવેકવિલાસમાં ] આ પ્રમાણે છે.

શબ્દાર્થ—છાતી, મુખ અને કપાળ એ ત્રણ વિશાળ હોય, અને નાભિ, સત્વ અને સ્વર એ ત્રણ ગંભીર હોય તો તે શ્રેષ્ઠ છે. ॥૧॥ કંઠ, પીઠ, પુરુષચિહ્ન અને જંઘાયુગલ એ ચાર જે પુરુષનાં લઘુ હોય તે નિરંતર પૂજનિક થાય છે. ॥૨॥ અંગુલી સહિત અંગુલી પર્વ, કેશ, નખ, દાંત અને ત્વચા એ પાંચ જેનાં સૂક્ષ્મ હોય તે મનુષ્ય સુખ ભોગવે છે. ॥૩॥ બે સ્તન અને બે નેત્રનો મધ્યભાગ, બે ભુજાઓ, નાસિકા અને જડબુ એ પાંચ જેનાં દીર્ઘ હોય તે પુરુષ શ્લાઘ્ય અને પુરુષોત્તમ ગણાય છે. ॥૪॥ નાસિકા, કંઠ, નખ, કક્ષા, હૃદય અને મુખ એ છ જેનાં ઊંચાં હોય તે હમેશાં ઉદય પામે છે. ॥૫॥ નેત્રના ખૂણા, જિહ્વા, તાળવું, નખ, ઓષ્ઠ અને હાથ તથા પગનાં તળીયાં એ સાત જેનાં રક્ત હોય તો તે સિદ્ધિને માટે થાય છે. ॥૬॥ ગતિથી વર્ણ, વર્ણથી સ્નેહ, સ્નેહથી સ્વર, સ્વરથી કાંતિ અને કાંતિથી સત્ત્વ એમ ઉત્તરોત્તર એક બીજાથી શ્રેષ્ઠ છે. ઉપરોક્ત બત્રીશલક્ષણમાંથી સત્ત્વ સર્વોત્તમ છે. ॥૭॥ સત્ત્વગુણી પુરુષ પુણ્યશાળી અને દાની હોય છે, રજોગુણી પુરુષ વિષયાસક્ત અને ભ્રાંતિ યુક્ત હોય છે, અને તમોગુણી પુરુષ પાપી અને લોભી હોય છે. આ ત્રણમાંથી સત્ત્વગુણી ઉત્તમ છે. ॥૮॥ મૂર્ખ, નિર્ધન, દૂર રહેનાર, શૂરવીર, મોક્ષકામી, કન્યાથી ત્રણગણી અધિક ઉંમરવાળાને તથા અનાથ અને શીલહીન પુરુષને કન્યા આપવી નહીં. ॥૯॥ અતિ-આશ્ચર્યજનક ધનવાળા, આળસુ કે શીતાદિક દોષવાળા, અપંગ અને રોગી પુરુષોને પણ કન્યા આપવી નહીં. ॥૧૦॥ બધિર, નપુંસક, મુંગા, લંગડા, અંધ, શૂન્ય-હૃદયવાળા અને એકદમ પ્રહાર કરનાર પુરુષને પણ કન્યા આપવી નહીં. ॥૧૧॥ અધમ-કુળ અને અધમ જાતિવાળા, માતાપિતાના વિયોગવાળા અને પત્ની તથા પુત્ર યુક્ત પુરુષને

१. "शीतातिरोषिणाम् ।"

પણ કન્યા આપવી નહીં. ॥૧૨॥ ઘણા વૈર અને અપવાદવાળા, હમેશાં પેદા કરે તેટલું ખાઈ જનાર અને પ્રમાદથી હણાયેલા મનવાળા પુરુષને પણ કન્યા આપવી નહીં. એક ગોત્રવાળા, જુગાર અને ચોરી વગેરેના વ્યસનથી આત્માનો નાશ કરનાર અને પરદેશીને પણ પંડિત પુરુષે કન્યા આપવી નહીં. ઉપર જણાવ્યા પ્રમાણે વરના ગુણ-દોષ જાણવા.

હવે કન્યાનાં ગુણ-દોષનું વર્ણન આ પ્રમાણે છે–

पीनोरुः पीनगण्डा लघुसमदशना पद्मनेत्रान्तरक्ता,
बिम्बोष्ठी तुङ्गनाशा गजपतिगमना दक्षिणावर्तनाभिः ।
स्निग्धाङ्गी वृत्तवक्त्रा पृथुमृदुजघना सुस्वरा चारुकेशी,
भर्ता तस्याः क्षितीशो भवति च सुभगा पुत्रमाता च नारी ॥१॥

[ધર્મકલ્પદ્રુમ પૃ. ૫૨ શ્લોક-૮૨]

પુષ્ટજંઘા, ભરાવદાર ગાલ, લઘુ અને સરખા દાંત, લાલ ખૂણાવાળા કમલ સમાન નેત્ર, બિંબફળ સમાન ઓષ્ઠ, ઉન્નત નાસિકા, ગજેંદ્રની જેમ ગતિ, દક્ષિણાવર્તનાભિ, સ્નિગ્ધ શરીર, વૃત્તાકાર મુખ, વિશાળ અને કોમળ જઘન (કેડની નીચેનો ભાગ) મધુર સ્વર અને સુંદર કેશ વાળી કન્યાનો સ્વામી રાજા થાય છે, અને સૌભાગ્યવતી એવી તે સ્ત્રી પુત્રવતી થાય છે. આ પ્રમાણે કન્યાનાં લક્ષણ જાણવાં. હવે લક્ષણોનું વર્ણન કરે છે–

स्त्रीणां षोडशलक्षणानि–[ધર્મકલ્પદ્રુમ]

या सद्धर्मरता विवेककलिता, शान्ता सती सार्जवा,
सोत्साहा प्रियभाषिणी सुनिपुणा, सल्लक्षणा सद्गुणा ।
सद्वृत्ता गृहनीतिविस्मितमुखी, दानोन्मुखी सन्मतिः,
सन्तुष्टा विनयान्विताऽतिसुभगा, श्रीरेव सा स्त्रीः ननु ॥२॥

જે સ્ત્રી સદ્ધર્મમાં રક્ત, વિવેકથી યુક્ત, શાન્ત, સતી, સરળતા, ઉત્સાહવાળી, પ્રિયબોલનારી, સુનિપુણ (ચતુર), સારા લક્ષણવાળી, સારાગુણવાળી, સારા ચરિત્રવાળી, ઘર કાર્યમાં નિપુણ, વિસ્મિત મુખવાળી, દાન આપવાના સ્વભાવવાળી, સારી બુદ્ધિવાળી, સંતોષી, વિનયથી યુક્ત, સારા સૌભાગ્યવાળી સ્ત્રી ખરેખર લક્ષ્મી જ છે.

હવે કુલક્ષણોનું વર્ણન કરે છે.

स्त्रीणां षोडशाऽलक्षणानि–[ધર્મકલ્પદ્રુમ]

शुष्काङ्गी कूपगण्डा प्रविरलदशना श्यामताल्वोष्ठजिह्वा,
पिङ्गाक्षी वक्रनासा खरपरुषरवा वामना चातिदीर्घा ।
श्यामाङ्गी सन्नतभ्रूः कुचयुगविषमा रोमजङ्घातिकेशी,
सा नारी वर्जनीया धनसुतरहिता षोडशाऽलक्षणाढ्या ॥३॥

જે સ્ત્રીનું અંગ શુષ્ક હોય, કૂપની માફક ઊંડા ગાલ હોય, છૂટા છૂટા દાંત હોય, તાળવું, ઓષ્ઠ અને જીહ્વા શ્યામ હોય, નેત્ર પીળાં હોય, ગધેડા જેવા કર્કશ અવાજવાળી ઠીંગણી હોય અથવા અતિ ઉંચી હોય, શરીર કાળું હોય, ભ્રકુટી નમેલી હોય, સ્તનનું યુગલ વિષમ હોય, રોમયુક્ત જંઘા હોય અને ઘણા કેશ હોય, તેવી સોળ કુલક્ષણવાળી સ્ત્રી ધન અને પુત્ર રહિત હોય છે. તેથી તે ત્યાગ કરવા યોગ્ય છે. આ સ્ત્રીઓનાં સોળ કુલક્ષણ સમજવાં.

वाचाला कलहप्रिया कुटिलधीः क्रोधान्विता निर्दया,
मूर्खा मर्मविभाषिणी च कृपणा मायायुता दम्भयुक् ।
भर्तृद्वेषकरी कलङ्ककलिता स्वात्मम्भरिः सर्वदा,
दुरूपा गुरुदेवभक्तिविकला भार्या भवेत्पापतः ॥४॥ [ધર્મકલ્પદ્રુમ]

બહુબોલકણી, ઝઘડાખોર, કુટિલ બુદ્ધિવાળી, ક્રોધી, નિર્દય, મૂર્ખી, મર્મવચન બોલનારી, કૃપણ, માયાવી, દંભી, પતિ ઉપર દ્વેષ કરનારી, કલંકી, પેટભરી, ખરાબ રૂપવાળી, ગુરુ-દેવની ભક્તિથી રહિત, આવી પત્ની પાપના ઉદયથી મળે છે.

बन्धुलक्षणलावण्यकुलजात्याद्यलङ्कृताम् ।
कन्यकां वृणुयाद्रूपवतीमव्यङ्गविग्रहाम् ॥५॥
अष्टमाद्वर्षतो यावद्वर्षमेकादशं भवत् ।
तावत्कुमारिका लोके न्याय्यमुद्वाहमर्हति ॥६॥ [ધર્મકલ્પદ્રુમ]

જે કન્યા બંધુ (સ્વજન,) સારાં લક્ષણ, લાવણ્ય, ઉત્તમ કુળ અને જાતિ વગેરેથી ભૂષિત, રૂપવતી અને શરીરના સંપૂર્ણ અવયવવાળી હોય તેવી કન્યાની સાથે લગ્ન કરવું જોઈએ. આઠમા વર્ષથી લઈને જ્યાં સુધી અગીયારમું વર્ષ સંપૂર્ણ થાય ત્યાં સુધી લોકમાં કુમારિકા ગણાય છે. ત્યારબાદ તે ન્યાયપૂર્વક વિવાહને યોગ્ય થાય છે. ॥૬॥

इत्यादिपरीक्षापूर्वं समानाचारकुलशालिवधूवरयोगे धर्मशोभायश ऐहिक-सुखादिप्राप्तेः । अन्यथा परस्परमसमानतायां कलहकलङ्कादिप्राप्तेः, सुभद्रावत् । तथा हि–

શબ્દાર્થ–ઈત્યાદિ પરીક્ષાપૂર્વક સમાન આચાર અને કુળથી શોભિત એવો વર-કન્યાનો યોગ થયે છતે ધર્મ, શોભા, કીર્તિ અને આ લોક સંબંધી સુખ વગેરેની પ્રાપ્તિ થાય છે, નહિ તો પરસ્પરની અસમાનતાને લઈને સુભદ્રાની જેમ કલહ-કલંકાદિ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે

## सुभद्रा-कथा

वसन्तपुरे जितशत्रुर्नृपः । जिनदत्तश्रेष्ठी श्राद्धः, सम्यग्विज्ञातजीवाजीवादितत्त्वः, शङ्काकाङ्क्षाविचिकित्सामिथ्यादृक्प्रशंसासंस्तवरूपातिचाररहितश्रीसम्यक्त्वालङ्कृतः, कालेन सुभद्रा तनयाऽजनि । सुश्राविका रूपलावण्यसौभाग्यामृतसिन्धुः । वरणार्थमनेके वराः समायान्ति । परं श्रेष्ठी श्राद्धं विना न दित्सति तां परेभ्यः । यतः—

विवेकिना धर्मयशोभिवृद्ध्यै, समं कुलाचारमिहावलोक्य ।
वराय शुद्धाय सुता प्रदेया, नेया तथाऽन्यापि सुखोदयाय ॥

अन्यदा तत्र चम्पाया वाणिज्यार्थं बुद्धदासाख्यो वणिग् बौद्ध-श्राद्धोऽगात् ।

स सुभद्रामिहाद्राक्षीत्तद्रूपेण च मोहितः । कपटश्रावकीभूय, नित्यं धर्मं तथाऽशृणोत् ॥१॥
क्रमाद्विज्ञाततत्त्वः सन्, स भावश्रावकोऽभवत् । जिनदत्तोऽपि विज्ञाय, तद्भावं दत्तवान् सुताम् ॥२॥
करग्रहमहो जज्ञे, कालाच्च कियतोऽपि सः । तामादाय ययौ चम्पां, साऽकरोद्धर्ममार्हतम् ॥३॥
श्वश्रूर्ननान्दा बुद्धानां, भक्ता निन्दति तामथ । चक्रे भिन्नं गृहं तेन, तत्र साध्व्यश्च साधवः ॥४॥
प्रायोग्यार्थमुपायान्ति, स्वस्त्रादीनां च मत्सरः । आहुस्ताः साधुरक्तेयं, भर्ता प्रत्येति तन्न तु ॥५॥
अन्यदा कोऽपि तत्रागाद्बलरूपगुणान्वितः । जिनकल्पी विचरितुं, चारित्रमिव मूर्तिमत् ॥६॥
वातोद्धूतं तृणं तस्य, कथञ्चित्प्राविशग् दृशि । स तु निष्प्रतिकर्मत्वात्, तदप्यपनिनाय न ॥७॥
विनश्यन्मा दृगेतस्य, कुर्वती प्रतिलाभनम् । सुभद्रा चापि दक्षत्वाज्जिह्वया तदपानयत् ॥८॥
साधुभाले च सङ्क्रान्तस्तद्भालतिलकस्तदा । ज्ञातस्तया न स मुनौ, निवृत्ते श्वश्रुकादिभिः ॥९॥
तद्भर्त्तुर्दर्शितः पश्य, प्रियातिलकसङ्क्रमम् । स दध्यौ परमार्हत्या, किमेतदपि सम्भवेत् ॥१०॥
बलिनो विषया यद्वा, मन्दस्नेहोऽभवत्ततः । सुभद्रया च विज्ञातो, वृत्तान्तः कथमप्यसौ ॥११॥
तामपभ्राजनां हर्त्तुं, कायोत्सर्गेण सा निशि । तस्थौ शासनदेव्यै साऽप्यागात्तच्छीलसंविदा ॥१२॥
सोचे किं ते प्रियं कुर्वे ?, सुभद्रोवाच तां प्रति । हृत्वाऽपवादं कुर्वीथाः, शासनस्य प्रभावनाम् ॥१३॥
देव्यूचेऽहं प्रगे कृत्वा, नगर्या द्वारबन्धनम् । व्याकुलेष्वथ पौरेषु, वक्ष्यामि व्योमनि स्थिता ॥१४॥
त्रिधाऽपि शुद्धशीला स्त्री, चालनीनिहितोदका । त्रिराच्छोटयता द्वाराण्युद्घटन्ते तथा क्षणात् ॥१५॥
पौरीभिर्वीक्षितेऽन्याभिश्चालन्यामस्थितेऽम्भसि । कुर्वीर्थास्त्वमिदं यातापवादो भावि ते यशः ॥१६॥
ततस्तथैव सा कृत्वा, त्रिद्वारोद्घाटनं पुरः । निवृत्तान्या सती काऽपि, तुर्यमुद्घाटयिष्यति ॥१७॥
ततोऽभूत्तत्र जैनस्य, शासनस्य प्रभावना । तच्छ्वशुरं च राजा च, प्रबुद्धमखिलं पुरम् ॥१८॥

## સુભદ્રાની કથા

વસંતપુરમાં જિતશત્રુ નામે રાજા હતો, અને તે જ નગરમાં સમ્યક્ પ્રકારે જીવાજીવાદિક નવતત્ત્વનો જાણ અને શંકા, આકાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદષ્ટિની પ્રશંસા તથા મિથ્યાદષ્ટિનો પરિચય કરવા રૂપ પાંચઅતિચાર રહિત એવા સમ્યક્ત્વરૂપ ભૂષણથી ભૂષિત થયેલો **જિનદત્ત** નામે શ્રેષ્ઠી રહેતો હતો. તે શ્રાવક હતો. તેને અનુક્રમે **સુભદ્રા** નામે પુત્રી ઉત્પન્ન થઈ. તે રૂપ લાવણ્ય અને સૌભાગ્ય રૂપી અમૃતનો જાણે સમુદ્ર જ હોય નહીં તેવી ઉત્તમ સુશ્રાવિકા હતી. તેને વરવા માટે અનેક વરોનું આગમન થતું હતું. પરંતુ જિનદત્તશ્રેષ્ઠી શ્રાવક સિવાય બીજાને તે કન્યા આપવા ઈચ્છતો ન હતો. કહ્યું છે કે–

વિવેકી પુરુષે ધર્મ અને કીર્તિના ફેલાવા માટે આ લોકમાં સમાન કુળ અને આચારનું અવલોકન કરી પવિત્ર વરને પોતાની પુત્રી આપવી જોઈએ, અને તેવી જ રીતે સુખની વૃદ્ધિ માટે પુત્રાર્થે કન્યા લાવવી જોઈએ.

એક વખત ચંપા નગરીથી બૌદ્ધ ધર્મની શ્રદ્ધાવાળો **બુદ્ધદાસ** નામે વણિક્ વેપાર અર્થે વસંતપુરમાં આવ્યો. ત્યાં સુભદ્રાને જોઈ તેના રૂપથી મોહિત થયેલો કપટવૃત્તિથી શ્રાવક થઈ હમેશાં એવી રીતે ધર્મનું શ્રવણ કરવા લાગ્યો કે જેથી અનુક્રમે તત્ત્વોનો જાણ થઈ તે ભાવશ્રાવક થયો. તેના અધ્યવસાયને સમજી જિનદત્ત શ્રેષ્ઠીએ પોતાની પુત્રી તેને આપી, અને પાણિગ્રહણ મહોત્સવ કર્યો.

કેટલોક કાળ વ્યતીત થયા પછી તે બુદ્ધદાસ વ્યવહારી સુભદ્રાને લઈ ચંપા-નગરીમાં આવ્યો. ત્યાં પણ સુભદ્રા જૈનધર્મ પાળવા લાગી. સુભદ્રાની સાસુ અને નણંદ બૌદ્ધની ભક્તા હતી, તેથી હંમેશા સુભદ્રાની નિંદા કરતી. આથી બુદ્ધદાસે પૃથક્ ઘર કર્યું. ત્યાં સાધુ સાધ્વીઓ ભિક્ષાર્થે આવતા હતા તે જોઈ તેની સાસુ વગેરેને તેના પર દ્વેષ થવા લાગ્યો, તેથી તે કહેવા લાગી કે આ સુભદ્રા સાધુમાં આસક્ત છે. પરંતુ આ વાત તેના સ્વામીને વિશ્વાસ કરવા લાયક લાગી નહીં.

એક વખત બલ, રૂપ અને ગુણયુક્ત અને જાણે મૂર્તિમાન્ ચારિત્ર જ ન હોય? એવા કોઈ જિનકલ્પી સાધુ તેને ઘેર આહાર લેવાને અર્થે પધાર્યા. તે વખતે પવનથી પ્રેરાયેલું તણખલું કોઈ પ્રકારે તે સાધુના નેત્રમાં પ્રવેશ કરી ગયું. તે મુનિ પોતાના શરીરનો ઉપચાર કરવામાં વિમુખ હોવાથી તેમણે તે તણખલાને નેત્રમાંથી દૂર કર્યું નહીં. પણ આહાર આપતી વખતે સુભદ્રાએ આ મુનિનું નેત્ર વિનાશ ન પામે એમ ધારી તેણે ચાતુર્યથી તે મુનિ મહાશયના નેત્રમાંથી જીવ્હાએ કરી તે તણખલું લઈ લીધું. તે અવસરે સુભદ્રાના લલાટનું તિલક મુનિના લલાટમાં સંક્રમણ થયું, તે સુભદ્રાની જાણમાં આવ્યું નહીં.

જ્યારે જિનકલ્પી મુનિ ત્યાંથી ચાલી નીકળ્યા ત્યારે તેની સાસુ પ્રમુખે તેના પતિને બતાવ્યું કે જો ! તારી સ્ત્રીનું તિલક મુનિના લલાટમાં સંક્રમણ થયું છે. તે જોઈ બુદ્ધદાસ વિચાર કરવા લાગ્યો કે આ પરમ શ્રાવિકાની આવી વિપરીત વાત કેમ સંભવે? અથવા વિષયો બલવાન્ છે, એમ વિચારી તે સુભદ્રા તરફ મંદ સ્નેહવાળો થયો. સુભદ્રાએ આ વૃત્તાંત કોઈ પણ પ્રકારે જાણી લીધો. પછી સુભદ્રા તે અસત્ય અપવાદ દૂર કરવાને માટે રાત્રિમાં શાસનદેવીના સાનિધ્ય માટે કાયોત્સર્ગ કરી ઊભી રહી. તેના શીલના પ્રભાવથી શાસનદેવી પણ સુભદ્રા પાસે આવી, અને કહ્યું કે, 'હે ભદ્રે ! હું તારું શું પ્રિય કરું?

આ વચન સાંભળી સુભદ્રા બોલી કે, હે દેવી ! મારા અપવાદને દૂર કરી તમે જૈનશાસનની પ્રભાવના કરો. દેવીએ જવાબ આપ્યો કે, હું પ્રભાતે ચંપાનગરીના દરવાજાઓ બંધ કરી નગરીના લોકો જ્યારે આકુળ વ્યાકુલ થશે ત્યારે આકાશમાં રહીને આ પ્રમાણે બોલીશ કે.

'જે સ્ત્રી મન, વચન અને કાયાથી નિર્મળ શીલવાળી હોય તે ચાલનીમાં જળ લઈ તે જળથી દરવાજાનાં બારણાને ત્રણ વાર છાંટે એટલે દરવાજા ઉઘડી જશે.' અને જ્યારે નગરની બીજી સ્ત્રીઓથી ચાલણીમાં જળ ન રહે ત્યારે તેમની સમક્ષ તું તેમ કરી બતાવજે, એટલે તારો અપવાદ દૂર થશે અને કીર્તિ ફેલાશે. પછી સુભદ્રાએ દેવીના આદેશ પ્રમાણે નગરીના ત્રણ દ્વાર ઉઘાડી ચોથું દ્વાર કોઈ પણ અન્ય સતી હશે તે ઉઘાડશે, એમ ધારી ત્યાંથી પાછી ફરી. આમ થવાથી ચંપાનગરીમાં જૈનશાસનની પ્રભાવના થઈ, અને સુભદ્રાનો શ્વસુરવર્ગ, રાજા અને સંપૂર્ણ નગર પ્રતિબોધ પામ્યું

**एवंविधाः कियत्यो भवन्ति, तस्मात्परीक्षापूर्वं विवाहविधौ यतितव्यम् । तत्फलं च वधूरक्षणोपायमाचरतः सुजातातिजातसुतसन्ततिः ।१ तया च गृहिणः पितृऋणमोक्षः, सकलकार्येषु साहाय्यिता, सततं चित्तस्वास्थ्यविश्रामौ, निखिलार्थव्यवहारविश्वासः, अवसरे गृहभाराधिरोपणेन स्वात्मनः पुण्यकार्येषु स्वेच्छा प्रवृत्तिः, मनश्चिन्तितमनोरथ-पूरणादिना महिमौन्नत्यं, श्रीउदयनमन्त्रिणः श्रीबाहड-आम्रदेवादिभिरिवेहलोकफलं सन्ततिः । परलोकायेति तादृक् स्वपितुः श्रेयोऽभिवृद्ध्या पारत्रिकाभ्युदयोऽपि भवति ।**

### जावडकथा

**यथा मधुमत्यां श्रेष्ठिभावडस्य श्रेष्ठिजावडिना । उक्तं च–**

**भावडः पर्वणि प्रायः, पुण्डरीकाचलेऽगमत् ।**
**स्नात्राद्यभावात्साश्रुं तं, वीक्ष्यापृच्छत्सुतोऽन्यदा ॥१॥**
**कथिते तेन सद्भावे, प्रतिज्ञां जावडिर्व्यधात् ।**
**मया शैलमयं बिम्बं, स्थाप्यमत्र गिराविति ॥२॥**

ततो जावडिना काश्मीरदेशे नवफुल्लपत्तने गत्वा [९] नवलक्षसुवर्णैः श्रीऋषभपुण्डरीकचक्रेश्वरीमूर्तित्रयीं समानीय दशलक्षसुवर्णैः संवत् १०८ वर्षे विक्रमतः श्रीशत्रुञ्जये स्थापितं शैलबिम्बमिति ॥

नीचकुलाङ्गारसुतसन्तत्योभयलोकेऽपि दुःखदौर्गत्यादिप्राप्तिरेव, कोणिकादिना श्रेणिकादीनामिव । यथा–

श्रियाम्भोधिं विधिं वाचा, देव्या व्यालोक्य विश्रुतम् ।
दुष्पुत्रदुःखान्नार्केन्दू, तापमङ्कं च मुञ्चतः ॥

શબ્દાર્થ–આવા પ્રકારની કેટલીક ઉત્તમ સ્ત્રીઓ હોય છે, તેથી પરીક્ષા પૂર્વક તેવી ઉત્તમકન્યાઓ સાથે લગ્ન કરવામાં પ્રયત્ન કરવો જોઈએ. તેમ કરવાથી વધૂના રક્ષણનો ઉપાય કરનાર પુરુષને સુજાત અને અતિજાત જેવી પુત્ર સંતતિ રૂપ ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે અને તે સંતતિથી ગૃહસ્થો પિતાના[1] ઋણથી મુક્ત થાય છે, તેમને સર્વ કાર્યમાં સહાય મળે છે, હંમેશાં મનને સ્વસ્થતા અને વિશ્રાંતિ મળે છે, સંપૂર્ણ આર્થિક વેપારમાં વિશ્વાસ પ્રાપ્ત થાય છે, વખત આવે ઘરભારનું આરોપણ કરવાથી ઈચ્છા મુજબ પોતાની પુણ્ય કાર્યમાં પ્રવૃત્તિ થાય છે, અને ચિત્તમાં ચિંતવેલા મનોરથો પૂર્ણ કરવા વગેરેથી મહિમા અને ઉન્નતિ થાય છે.

શ્રી ઉદયનમંત્રીને વાગ્ભટ્ટ અને આમ્રદેવ વગેરેથી જેમ આલોકનું ફળ થયું હતું, તેમ સંતતિ પરલોકના ઉદય માટે પણ થાય છે. મધુમતી (મહુવા)ના રહીશ ભાવડ શ્રેષ્ઠીની તેના પુત્ર જાવડ શ્રેષ્ઠીએ કલ્યાણની વૃદ્ધિ કરી હતી. તેવા પ્રકારના પોતાના ઉત્તમ પિતાના કલ્યાણની વૃદ્ધિ કરવાથી પરલોકમાં પણ ઉદય થાય છે.

## જાવડશેઠનીકથા

કહ્યું છે કે ભાવડશેઠ એકવાર પર્વ દિવસે સિદ્ધાચલ ઉપર ગયા હતા. ત્યાં સ્નાત્ર કરવા યોગ્ય જિનપ્રતિમાના અભાવને લીધે સ્નાત્રાદિક થયું નહીં તેથી તે અશ્રુયુક્ત થયા, તેને અશ્રુયુક્ત જોઈ એક વખત તેના પુત્ર જાવડે તેનું કારણ પૂછ્યું એટલે ભાવડશેઠે અશ્રુપાત થવાનું સાચું કારણ કહ્યું. તે સાંભળી જાવડશેઠે પ્રતિજ્ઞા કરી કે મારે આ પર્વત ઉપર પાષાણમય જિનપ્રતિમા સ્થાપના કરવી. પછી જાવડશેઠે કાશ્મીરદેશના નવફુલ્લ-પત્તનમાં જઈને નવલાખ સોનામહોરથી શ્રી ઋષભદેવ, પુંડરીકસ્વામી અને ચક્રેશ્વરી દેવીની એમ ત્રણ મૂર્તિઓ લાવી દશલાખ સોનામહોરનો ખરચ કરી વિક્રમ સંવત્ ૧૦૮માં શત્રુંજય ઉપર પાષાણમય ત્રણ બિંબોનું સ્થાપન કર્યું.

નીચ અને કુલાંગાર (કુળને વિષે અંગારા સમાન) રૂપ સંતતિથી=કોણિકાદિક

૧. [लौकिकमान्यतेयम्] આ લૌકિક માન્યતા છે.

પુત્રોથી શ્રેણિક વગેરેને જેમ બનેલું છે, તેમ આલોકમાં દુઃખ અને પરલોકમાં દુર્ગતિ વગેરેની જ પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કે–

લક્ષ્મી દેવીથી સમુદ્રને અને સરસ્વતીથી બ્રહ્માને પ્રસિદ્ધ થયેલા જોઈ, સૂર્ય અને ચંદ્ર પોતાના દુષ્ટ પુત્રોના દુઃખથી અનુક્રમે તાપ અને કલંકને છોડતા નથી.

अथवा–

कामं श्यामवपुस्तथा मलिनयत्यावासवस्त्रादिकं,
लोकं रोदयते भनक्ति जनतागोष्ठीं क्षणेनापि यः ।
मार्गेऽप्यङ्गुलिलग्न एव जनकस्याभ्येति न श्रेयसे,
हा स्वाहाप्रिय ! धूममङ्गजममुं सूत्वा न किं व्रीडितः ? ॥

અથવા હે અગ્નિના આ ધૂમ રૂપી પુત્ર કે જે કાળા શરીરનો છે, આવાસ અને વસ્ત્ર વગેરેને મલિન કરે છે, લોકોને રુદન કરાવે છે, ક્ષણવારમાં જનસમૂહની ગોષ્ઠીઓ નાશ કરે છે, અને માર્ગમાં પણ (પિતાની) અંગુળીએ વળગેલો છતાં પિતાના કલ્યાણને માટે થતો નથી, તેવા પુત્રને પામી તને કેમ લજ્જા આવતી નથી ?

लोके वृक्षोपमा सुतानाम् । यथा–

લોકમાં પુત્રને વૃક્ષોની ઉપમા આપેલી છે. કહ્યું છે કે–

सहकारं हि सुजातं, कुष्माण्डं बीजपुरमतिजातम् ।
वटतरुफलं कुजातं, भवति कुलाङ्गारमिक्षुफलम् ॥

સુજાત–મનોજ્ઞ પુત્ર આમ્રવૃક્ષ સમાન છે, અતિ જાત-ઉત્તમ પુત્ર કોળા તથા બીજોરા સમાન છે, કુજાત પુત્ર વડના ફળ સમાન છે, અને કુળમાં અંગારારૂપ પુત્ર શેલડીના ફળ સમાન છે.

श्रीमदागमोऽप्येवम्-

चउविहा पुत्ता पन्नत्ता । तं जहा-अइजाए १ समाणजाए २ नीए ३ कुलंगारे ४ ॥

શ્રી જિનાગમ પણ એ જ પ્રમાણે કહે છે.

પુત્રો ચાર પ્રકારના કહેલા છે તે આ પ્રમાણે છે.

(૧) અતિજાત–પિતાથી ચઢીયાતા, (૨) સમાનજાત-પિતા સરખા,

(૩) નીચ-પિતાથી ઉતરતા, અને (૪) કુલાંગાર-પોતાના કુળનો નાશ કરનાર.

ભાવાર્થ–"सुजातः"–આ ઠેકાણે શાસ્ત્રકારે ચાર પ્રકારના પુત્રોની સમજ પડે તે માટે ચાર પ્રકારનાં વૃક્ષોની સાથે સરખામણી કરી છે. તેમાં પ્રથમ સુજાત–મનોજ્ઞ પુત્રને આમ્રવૃક્ષ સાથે સરખાવ્યા છે. જેમ આંબાની ગોટલી વાવવાથી જે જાતની ગોટલી હોય

તે જ જાતનું આમ્રફળ થાય છે, પણ વિશેષ સારું કે તેનાથી ઉતરતું થતું નથી, તેવી રીતે મનોજ્ઞ અથવા તો પિતાતુલ્યપુત્ર પિતાને પગલે ચાલે, પિતાની કરેલી મર્યાદાને ટકાવી રાખે એટલે કે પિતાના ધાર્મિક કે સાંસારિક કાર્ય ન્યૂનાધિક કરે નહીં. તેવા પુત્રને સુજાત અથવા તો સમજાત પુત્ર કહેવામાં આવે છે.

"**अतिजातः**" પિતાથી ચઢીયાતા પુત્રને કોળા અને બીજોરાના ફળ સાથે સરખાવ્યા છે. જેમ કોળાની વેલડી અને બીજોરાનું વૃક્ષ પ્રમાણમાં નાનું હોય છે છતાં તેનાથી ઉત્પન્ન થયેલું કોળું તથા બીજોરારૂપ ફળ મોટું હોય છે. તેમજ પિતાની સામાન્યસ્થિતિ હોવા છતાં જે પુત્ર વેપારમાં પુષ્કળ દ્રવ્ય મેળવી, અનેક સત્કૃત્યો કરી પિતાથી અધિક થઈ આખા કુટુંબને સામાન્ય સ્થિતિમાંથી ઉચ્ચસ્થિતિમાં લાવે છે તે પુત્ર અતિજાત ગણાય છે.

"**कुजातः**"—નીચ અથવા તો પિતાથી ઉતરતા પુત્રને વડવૃક્ષના ફળ સાથે સરખાવ્યો છે. જેમ વડનું ઝાડ ઘણું મોટું, છાયા યુક્ત અને તાપાદિક કષ્ટને સહન કરી શ્રમિત થયેલા પાંથજનોને આનંદ આપનારું થાય છે. પણ તેનું ફળ અતિશય લઘુ અસ્વાદિષ્ટ, તુચ્છ અને ઉપકાર રહિત હોય છે. તેમ જે પુત્ર સત્કૃત્ય અને પરોપકારાદિ વડે મેળવેલી પિતાની વિશાળ કીર્તિને અયોગ્ય વર્તન કરી દ્રવ્યનો દુરુપયોગ કરી, સત્કૃત્ય અને પરોપકારાદિ શુભ કાર્યોથી વિમુખ થઈ પોતે મલિન કરે છે તે કુજાત પુત્ર કહેવાય છે.

"**कुलाङ्गारः**"—આથી (કુજાતથી) પણ અધમ કુલાંગાર પુત્રને શેલડીના ફળની ઉપમા આપી છે. જ્યાં સુધી શેલડીને ફળ આવ્યું હોતું નથી ત્યાં સુધી તે આબાદ રહે છે, અને સર્વ રીતે ઉપયોગી થઈ પડે છે, અને જ્યારે તેને ફળ આવે છે ત્યારે તે તદ્દન નાશ પામે છે તેની જેમ કુળમાં કલંક લગાડે તેવા કાર્યો કરનાર કુપુત્ર ઉત્પન્ન થવાથી આખા કુળનો નાશ થાય છે. લોકો પોતાના કુળની વૃદ્ધિને માટે પુત્રની ઇચ્છા કરે છે. તેમજ તેને માટે અનેક પ્રયત્ન કરે છે અને જ્યારે કમનસીબે આ ચોથા પ્રકારનો (કુળનો નાશ કરનાર) પુત્ર ઉત્પન્ન થાય છે ત્યારે ખરેખર પોતાની પુત્રપ્રાપ્તિની ઇચ્છા અને પ્રયત્નાદિની નિંદા કરી પોતે કરેલી મૂર્ખાઈનો પશ્ચાત્તાપ કરે છે, અને ચિંતવે છે કે 'આના કરતાં જો મેં ધર્માદિ શુભ કાર્યની ઇચ્છા કરી હોત તો આવા અધમાધમપુત્રથી મારા કુળનો ક્ષય થઈ હું આ સ્થિતિએ પહોંચત નહીં' આ ઉપરથી 'પુત્રથી જ કલ્યાણ છે' એમ માનવું અને તેને માટે પ્રયાસ કરવો એ ધર્માભિલાષીઓને કોઈ પણ રીતે ઉચિત નથી.

ગ્રંથકારશ્રી પ્રસંગોપાત સંતતિનું વર્ણન કરી હવે સ્ત્રીના પ્રસ્તુત વિષય ઉપર આવે છે—

**तथाऽनुपहता चित्तवृत्तिः सर्वतोमुखौचित्यविनयविवेकपुरस्कृतसकलोपचार-करणकारणैर्भर्त्तुरनुकूलाचरणैः स्वयं तदनुज्ञया समग्रानुष्ठेयेषु प्रवृत्त्या च सततानन्द-**

रतिसमुल्लासभवनात् । यथा श्रेणिकस्य चेल्लणया, उदायननृपत्तेः प्रभावत्येत्यादि । तथा गृहकर्मसुविहितत्वं, सर्वावसरेषु तत्तद्गृहकार्यनिष्पादनादिना । उक्तं च–

**શબ્દાર્થ**–જેની મનોવૃત્તિ લેશમાત્ર પણ ખંડિત થઈ નથી તેવી સ્ત્રી સર્વમાં પ્રધાન એવું ઉચિતપણું, વિનય અને વિવેકને આગળ કરી સંપૂર્ણ વ્યવહારને કરવા કરાવવાથી પતિને અનુકૂળ આચરણ કરવાથી, એ પતિની આજ્ઞાનુસાર સમગ્ર કાર્યોની અંદર પોતે પ્રવૃત્તિ કરવાથી શ્રેણિક રાજાને ચેલ્લણા અને ઉદાયન રાજાને પ્રભાવતી રાણીની જેમ નિરંતર હર્ષ તથા સુખનો ઉદય કરનારી થાય છે, વળી ઘર સંબંધી સઘળા પ્રસંગોમાં વિવિધ પ્રકારનાં ઘરનાં કાર્યો કરવા વગેરેની સ્ત્રીને આવડત હોય. કહ્યું છે કે–

गृहचिन्ताभरहरणं मातावतरणमखिलपात्रसत्करणम् ।
किं किं न फलति गृहिणां, गृहिणी गृहकल्पवल्लीव ? ॥

**ઘરની ચિંતાના સમૂહને દૂર કરનારી, માતા જેવી, સમગ્ર પાત્રોનો સત્કાર કરનારી સ્ત્રી જાણે ઘરની કલ્પલતા જ હોય નહિ, તેમ તે ગૃહસ્થોને શું શું ફળ નથી આપતી ? (અર્થાત્ સર્વ ફળ આપે છે.)**

**ભાવાર્થ**–આ જગતમાં પ્રાણીઓને અનેક પ્રકારની ચિંતા હોય છે અને તે ચિંતા ચિતાની જેમ પ્રાણીમાત્રને હમેશાં બાળ્યા કરે છે. તેમાં ગૃહસ્થોને પ્રાયે કરી ઘર સંબંધી અને વ્યાપાર સંબંધી એમ બે પ્રકારની ચિંતા હોય છે. આપણા દેશમાં પુરુષોનું કામ વ્યવસાય અથવા નોકરી આદિથી દ્રવ્ય પ્રાપ્ત કરી તે દ્રવ્યથી પોતાના કુટુંબ અને શરીરનું પોષણ કરવાનું હોય છે. જેમને સ્ત્રી નથી હોતી અથવા જેની સ્ત્રી વિવેકશૂન્ય હોય છે તેમને આ બન્ને કાર્યો જાતે જ કરવા પડે છે, તેથી દ્રવ્ય ઉપાર્જન કરવા ઉપરાંત પુરુષને બે ચિંતા હોવાને લીધે સુખ પ્રાપ્ત થતું નથી, અને પુરુષ ચિંતાગ્રસ્ત હોવાને લીધે નવીન-શોધ, અપૂર્વ શાસ્ત્રાભ્યાસ અને અપૂર્વ કળા કૌશલ્ય વગેરેથી પોતાનો જોઈએ તેવો ઉત્કર્ષ કરી શકતો નથી.

પરંતુ જો સ્ત્રી કેળવાયેલી અને વિવેકવાળી હોય તો 'ઘરસંબંધી વ્યવસ્થા કરવી એ મારી જ ફરજ છે.' એમ ધારી તે બોજો પોતે ઉપાડી લઈ પતિને તે ચિંતામાંથી દૂર કરે છે. તેવી જ રીતે શાસ્ત્રકારના "**गृहचिन्ताभरहरणम्**" આ વાક્યને અનુસારે પ્રથમ આ દેશમાં પણ સ્ત્રીઓને કેળવણી આપવામાં આવતી હતી એમ સિદ્ધ થાય છે, ગૃહસ્થોનો ઉત્કર્ષ તો કેળવાયેલી અને સુશીલ સ્ત્રીઓને આશ્રયીને રહેલો છે, માટે દરેક પ્રકારે સ્ત્રીઓને અમુક ધાર્મિક અને વ્યવહારિક શિક્ષણ તો ફરજીયાત તરીકે આપવું જ જોઈએ, અને તો જ તે યથોચિત સાંસારિક અને ધાર્મિક કાર્યમાં પ્રવર્તી પોતાના અને પતિના સંસારને સુખમય બનાવી પોતાનું 'ગૃહિણી' એવું નામ સાર્થક કરે છે.

સ્ત્રી પતિને ઉત્તમમતિ આપનારી હોવી જોઈએ, અર્થાત્ પોતાનો સ્વામી વ્યાપારમાં અથવા રાજકાર્ય સંબંધી ગુંચવણમાં આવી પડ્યો હોય તો તેની **શીલવતી** અને **અનુપમાદેવી**ની જેમ સારી મતિ આપી મદદ કરવી જોઈએ. કદાચિત્ પોતાનો સ્વામી કુળમર્યાદાનું ઉલ્લંઘન કરી અવળે રસ્તે ચાલતો હોય તો પણ તેના વિનયાદિકનું ઉલ્લંઘન કર્યા સિવાય સારી શિખામણ આપી આ લોક અને પરલોકના અતિ તીવ્ર દુઃખ વિપાકોને સંભળાવી **મદનરેખા** તથા **લીલાવતી**ની જેમ દરેક પ્રકારે તેની મતિ સુધારી ઐહિક અને પારલૌકિક સુખનો ભાગી બને તેમ પ્રયત્નશીલ થવું જોઈએ. ગૃહસ્થોએ આવા પ્રકારની સ્ત્રીનો જ સંગ્રહ કરવો ઉચિત છે.

પુરુષ હંમેશાં વ્યવસાયાદિ કાર્યમાં વ્યગ્ર હોવાને લીધે પોતાના જાતિબંધુ, ધર્મબંધુ અથવા મુનિમહાશય પોતાને ઘેર પધાર્યા હોય તો પણ તેમનું આતિથ્ય યથોચિત કરી શકતો નથી. પણ જો સ્ત્રી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની જાણ હોય તો પોતાના આંગણે કલ્પવૃક્ષ સમાન સત્પાત્રો પ્રાપ્ત થતાં, યોગ્ય આગતા સ્વાગતા કરી આલોકમાં પોતાના પતિના કુળમાં યશ અને કીર્તિનો વધારો કરે છે, અને પરલોકમાં પોતે અખંડિત પુણ્યની ભાગીદાર થઈ પતિને પણ પુણ્યનો ભાગી બનાવે છે. આ કાર્ય ખાસ કરીને સ્ત્રીનું છે, અને તે વિદુષી સ્ત્રી સારી રીતે કરતી હોવાથી પતિને આવી ચિંતામાંથી દૂર રાખે છે.

આવી રીતે ગૃહસ્થોને કલ્પલતાની જેમ સ્ત્રી શું શું સંપાદન નથી કરતી ? અર્થાત્ જેમ કલ્પલતા મનોવાંછિત આપી સુખી કરે છે તેમ ગુણવતી સ્ત્રી પણ પોતાના સ્વામીને અનુકૂળ વર્તન કરી આ લોકમાં જ સ્વર્ગ અને મોક્ષના સુખને આપનારી થાય છે. વળી કહ્યું છે કે—

**दक्षा तुष्टा प्रियालापा, पतिचित्ताऽनुवर्तिनी ।**
**कुलौचित्याद् व्ययकरी, सा लक्ष्मीरिव चापरा ॥**

**શાણી, સંતોષ પામેલી, પ્રિય બોલનારી, પતિના ચિત્તને અનુસરનારી અને (પોતાના) કુળને ઉચિત ખર્ચ કરનારી સ્ત્રી જાણે બીજી લક્ષ્મી હોય નહીં ? (તેમ ઘરને શોભાવે છે.)**

**ભાવાર્થ**—સ્ત્રી વિદુષી જ હોવી જોઈએ, અને તેવી હોય તો જ દરેક કાર્યમાં વિવેકપૂર્વક વર્તન કરનારી સ્ત્રી પતિના વૈભવમાં સંતોષ માનનારી હોઈ શકે છે. ગમે તેટલી ઐશ્વર્યતા, દિવ્યસંપત્તિ અને માનપ્રતિષ્ઠા હોય તો પણ જ્યાં સુધી સંતોષ પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી ઐશ્વર્યતા વગેરે દુઃખદાયી થાય છે. કારણ કે ઐશ્વર્યાદિની પ્રાપ્તિ તો પૂર્વપુણ્યને અનુસરીને રહેલી છે, માટે પુણ્યાનુસાર પ્રાપ્ત થયેલા ઐશ્વર્યાદિકથી અસંતોષ માની વધારે ઇચ્છા કરવી ઉચિત નથી, કેમકે તેમ કરવાથી કંઈ પ્રાપ્ત થતું

નથી, અને ઉલટું અસંતોષને લઈને એવી ઇચ્છા રાખનાર હંમેશાં દુઃખી જ રહે છે. કેટલીક સ્ત્રીઓ પોતાના સ્વામી તરફથી મળેલા વસ્ત્રાભૂષણથી સંતોષ નહીં માનતાં બીજા ધનાઢ્યની સ્ત્રીઓનાં અતિ ઉત્તમ વસ્ત્રાભૂષણ જોઈ તેવાં મેળવવા પોતાના પતિને હેરાન કર્યા કરે છે. આથી સંતોષ સિવાયની સ્ત્રી સાથેનો ગૃહસંસાર સુખમય થતો નથી, પણ જેની સ્ત્રી સંતોષી હોય તેને આ દુનિયા જ સ્વર્ગ રૂપ થાય છે.

જે સ્ત્રી સાક્ષર હોય છે તે ગમે તેવા પ્રસંગે પણ કઠોર મર્મભેદક અને ખરાબ શબ્દ વગેરેનો ઉચ્ચાર કદી પણ કરતી નથી અને અવસરે **મદનસુંદરી**ની જેમ મધુર, પરિમિત અને સમયોચિત બોલનારી હોય છે. મધુર આલાપ પણ એક જાતનું વશીકરણ છે અને તે જેની પાસે હોય તેને આ જગત લીલામાત્રથી વશ થાય છે. પ્રિયભાષીપણાથી આ લોકમાં આદર, યશોવાદ, ધર્મયોગ્યતા અને પરલોકમાં સુખ સંપત્તિની પ્રાપ્તિ થાય છે, માટે મહાન ભાગ્યોદય પ્રાપ્ત થયેલા મનુષ્યભવને સાર્થક કરવા દરેક સ્ત્રીએ પ્રિયભાષીપણું મેળવવા સતત પ્રયાસ કરવો જોઈએ.

પતિના ચિત્તને અનુસરીને વર્તનારી સ્ત્રી મણિ, મંત્ર, ઔષધિ અને કામણ ટુમણ વિના પણ પોતાના પતિને વશ કરી લે છે, માટે જે સ્ત્રીને પોતાના પતિને વશ કરવાની ઇચ્છા હોય તેણે **રુક્મિણી** અને **દ્રૌપદી**ની જેમ તેના અભિપ્રાયને અનુસરીને વર્તન કરવું કે જેથી પતિ સહેજે વશ થશે. આ ગુણ પણ દરેક સ્ત્રીઓને અનુકરણ કરવા યોગ્ય છે જે સ્ત્રીમાં આ ગુણ હોય છે તે સ્ત્રી પતિની માનીતી હોવાથી હંમેશા સુખી થાય છે.

પોતાના કુળને ઉચિત હોય તેટલો જ ખર્ચ કરનારી સ્ત્રી હોય તો તે કુટુંબમાં પ્રિય થઈ પડે છે અને વિશ્વાસપાત્ર થાય છે. જો પતિ પાસે જોઈએ તેટલા પૈસાની જોગવાઈ ન હોય,અને સ્ત્રી વિશેષ ખર્ચાળુ હોય તો તે ઘર જલ્દી દુર્દશાને પામે છે. માટે સ્ત્રીઓએ પોતાના પતિની સંપત્તિને અનુસાર ખર્ચ કરવો, કે જેથી દિવસો આનંદથી નિર્ગમન થાય, આવી સ્ત્રી કુટુંબનું ઘણું માન મેળવવા ભાગ્યશાળી બને છે. ઉપરોક્ત સર્વ ગુણોપેત જે સ્ત્રી હોય તેને લક્ષ્મી તુલ્ય ગણવામાં આવે છે, અને તેવી જ સ્ત્રીઓ ઉભયકુળને પ્રકાશમાં લાવે છે. (માટે ગૃહસ્થોએ ઉપરના બે શ્લોકમાં જણાવેલા ગુણયુક્ત જે સ્ત્રી હોય તેવી સ્ત્રીનો સંગ્રહ કરવો ઉચિત છે.)

સસરાના કહેવાથી દીપકને કરનારી વહૂની જેમ ઘર કાર્ય કરવામાં ઉદાસીનતા ધારણ કરનારી સ્ત્રી ન હોવી જોઈએ. પરંતુ જેમ **તેજપાલ મંત્રી**ની ધર્મપત્ની **અનુપમાદેવી** ઘર કાર્યમાં કુશળ હતી તેવી સ્ત્રી હોવી જોઈએ અને કલહ કરનારી ભાર્યાથી તો ખરેખરનો નાશ જ થાય છે. તે વિષે દૃષ્ટાંત આ પ્રમાણે છે.

## शिव-सावित्रीकथा

ननु कलहिन्या गृहिण्यैव गृहविनाशः । यथा—क्वापि स्थाने शिवविप्रः । भार्या सावित्री, कलहप्रिया, सर्वधर्मबहिष्कृता । गृहाग्रे वटोऽस्ति । तत्र व्यन्तरो वसति । तया सावित्र्या वटमूले कचवरमूत्रादिप्रक्षेपणादिनोद्वेजितो व्यन्तरो नंष्ट्वा क्वापि ग्रामोपवने गत्वा स्थितः । सावित्रीशिवयोः परस्परमेवं कलहः—

'आः किं सुन्दरि ! सुन्दरं न कुरुषे ?, किं नो करोषि स्वयं ? ।
धिक् त्वां क्रोधमुखीमलीकमुखरस्त्वत्तोऽपि कः कोपनः ? ॥
आः पापे ! प्रतिजल्पसि प्रतिपदं पापस्त्वदीयः पिता ।
दम्पत्योरिति नित्यदन्तकलहक्लेशार्त्तयोः किं सुखम् ? ॥१॥''

ततो नष्टो ब्राह्मणो गृहं मुक्त्वा गतस्तत्रोपवने, यत्रास्ते स व्यन्तरः, तेन भाषितः-हे शिव ! मामुपलक्षयसि ? स वक्ति न हि, सुरेणोक्तं तव भार्याभयादत्रागतोऽस्मि, तव कथं निर्वाहः ? शिवेनोक्तं तव प्रसादेन भावी, ततः सुरेण शिवस्य कथयित्वा श्रेष्ठिसुतो गृहीतः, श्रेष्ठिना मन्त्रिण आकारिताः, न तैर्गुणः कृतः कोऽपि । ततो ज्ञात्वा शिव आहूतः, तेन कलापानीयेन गुणे कृते श्रेष्ठिना पञ्चशती द्रम्माणां दत्ता, लोके प्रसिद्धिः यत्र यत्र व्यन्तरो लगति तत्र तत्र शिवो नाशयति । तं सुरेणोक्तमतः परं प्रतिकारो न कार्यः । अहं न यास्यामि । तवाकीर्तिर्भाविनी । ब्राह्मणो धनलुब्धो न तिष्ठति, अन्यदा धनिसुतो ग्रस्तः, ब्राह्मणो मन्त्रजापं कुरुते, व्यन्तरो ब्रूते मुष्टिमुद्यम्य त्वां हनिष्यामि, ब्राह्मणो भीतः सन् वक्ति, अहं त्वां ज्ञापयितुमत्रागतः, किं तत् ? साऽत्रागतेति तत् श्रुत्वा नष्टो व्यन्तरः, ब्राह्मणस्य द्रव्यप्राप्तिरभूत् यशश्चेति । उक्तं च—

## શિવ-સાવિત્રીની કથા

કોઈ ગામમાં **શિવ** નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને કજીયાખોર અને સર્વ ધર્મથી બહાર કરેલી **સાવિત્રી** નામે પત્ની હતી. તેના ઘર આગળ એક વડનું ઝાડ હતું, તેમાં એક **વ્યંતર** રહેતો હતો. સાવિત્રી વડના મૂળમાં કચરો પેશાબ વગેરે નાંખતી હતી તેથી ઉદ્વેગ પામેલો તે વ્યંતર પલાયન થઈ કોઈક સ્થાને ગામના ઉપવનમાં જઈ રહ્યો. સાવિત્રી અને શિવને આ પ્રમાણે કલહ થતો હતો.

શિવ—'અરે સુંદરી ! તું સુંદર કેમ કરતી નથી ?' સાવિત્રી—'તું પોતે જ કેમ સુંદર કરતો નથી ?' શિવ—'ક્રોધમુખી તને ધિક્કાર છે.' સાવિત્રી—'અસત્ય બોલવામાં વાચાલ તારાથી બીજો કોણ ક્રોધી છે.' શિવ—'અરે પાપિણી !' તું દરેક વાક્યમાં સામું

બોલે છે ? સાવત્રી—'તારો બાપ પાપી' આ પ્રમાણે નિરંતર દંતકલહ અને ક્લેશથી દુઃખી થયેલાં દંપતિને સુખ ક્યાંથી હોય ??''

પછી તે શિવ બ્રાહ્મણ ઘરનો ત્યાગ કરી ભાગ્યો અને જે ઉપવનમાં તે વ્યંતર રહ્યો છે તે ઉપવનમાં ગયો. વ્યંતરે તેને બોલાવ્યો કે હે શિવ ! તું મને ઓળખે છે ? શિવે કહ્યું 'ના' વ્યંતરે કહ્યું 'હું તારી સ્ત્રીના ભયથી આ ઉપવનમાં આવ્યો છું. તારો નિર્વાહ અહીં કેવી રીતે થશે ?' શિવે કહ્યું 'તમારી કૃપાથી મારો નિર્વાહ થઈ જશે.' પછી વ્યંતર શિવને જણાવી કોઈ શેઠના પુત્રને વળગ્યો. શેઠે મંત્ર જાણનારને બોલાવ્યા પણ તેઓ કાંઈ પણ ગુણ કરી શક્યા નહીં. પછી શિવ ભૂતને કાઢે છે એમ જાણી શિવને બોલાવ્યો. શિવના મંત્રેલા પાણીથી ફાયદો થવાથી શેઠે તેને પાંચસો સોનામહોર આપી. આથી તેની લોકમાં પ્રસિદ્ધિ થઈ જ્યાં જ્યાં વ્યંતર વળગે છે ત્યાં ત્યાં જઈ શિવ તે વ્યંતરને નસાડે છે.

પછી એક વખત વ્યંતરે શિવને કહ્યું કે 'હવે પછી તારે મને કાઢવાનો ઉપાય કરવો નહીં. જો તું મને કાઢવાનો પ્રયત્ન કરીશ તો પણ હું ત્યાંથી નીકળીશ નહીં. તેથી તારો અપયશ થશે. પરંતુ ધનમાં આસક્ત થયેલો તે બ્રાહ્મણ તેને કાઢવાના ઉપાયથી અટક્યો નહીં. એક વખત તે વ્યંતર કોઈ ધનવાન પુરુષના પુત્રને વળગ્યો. શિવ ત્યાં જઈ મંત્રજાપ કરવા લાગ્યો. વ્યંતરે મુષ્ટિ ઉગામી કહ્યું કે 'હું તને મારી નાખીશ.' ત્યારે ભયભીત થયેલ બ્રાહ્મણ બોલ્યો કે 'હે વ્યંતર ! હું તને કંઈક જણાવવા માટે અહીં આવ્યો છું.' વ્યંતરે કહ્યું કે 'તે શું છે ? ' શિવે કહ્યું કે મારી સ્ત્રી સાવિત્રી અહીં આવી છે. એ વાત સાંભળીને જ વ્યંતર પલાયન થઈ ગયો અને તે બ્રાહ્મણને ઘણા દ્રવ્ય તથા યશની પ્રાપ્તિ થઈ. કહ્યું છે કે—

**कलहिन्या गेहिन्याऽत्र, के के नोद्वेजिता जनाः ।**
**सात्रागतेति श्रुत्वैव, त्यक्त्वा पात्रं गतोऽमरः ॥**

**કજીયાખોર સ્ત્રીથી આ લોકમાં ક્યા ક્યા પુરુષો ઉદ્વેગને નથી પામ્યા ? (અર્થાત્ સર્વે પામ્યા છે) 'તે અહીં આવી છે' એટલું સાંભળીને વ્યંતર દેવતા પાત્રનો ત્યાગ કરી નાશી ગયો.**

**अतः सुकलत्रलाभाय यतितव्यम् । तथाऽभिजाताचारविशुद्धत्वं जात्याचार-देवातिथिबान्धवसत्कारानवद्यत्वं चेति**

**શબ્દાર્થ—વળી કુલીનતા, આચારની વિશુદ્ધિ, ઉત્તમ કુળાચાર અને દેવ, અતિથિ તથા બાંધવનો સત્કાર કરવામાં નિર્દોષપણું વગેરે ઉત્તમ કુલવધુના ગુણો છે. માટે તેવી સારી ધર્મપત્ની મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.**

वधूरक्षणोपायास्त्वेते–

शय्योत्पाटनगेहमार्जनपयः पावित्र्यचुल्हिक्रिया-
स्थालीक्षालन-धान्यपेषणभिदागोदोहतन्मन्थनैः ।
पाकैस्तत्परिवेषणैः समुचितैः पात्रादिशौचक्रिया
श्वश्रूभर्तृननान्द्रदेवृविनयैः कष्टं वधूर्जीवति ॥

एवं गृहकर्मविनियोगः परिमितोऽर्थसंयोगोऽस्वातन्त्र्यं सदाचारमातृतुल्यस्त्रीलोकावरोधनमिति । यदुक्तम्–

**વધૂ રક્ષણના ઉપાયો આ પ્રમાણે છે.**

પથારી ઉપાડવી, ઘરમાંથી કચરો કાઢી ઘર સાફ રાખવું, જળને ગાળી પવિત્ર રાખવું, રસોડાનું કાર્ય કરવું, વાસણો ધોઈને સાફ રાખવાં, ધાન્યો દળવાં ખાંડવા, ગાય દોહવી, દહીં કરવું, રસોઈ કરવી, યોગ્ય રીતે ભોજન પીરસવું, પાત્ર વગેરેને સાફ કરવાં અને સાસુ, સ્વામી, નણંદ તથા દિયરનો વિનય કરવો વગેરેથી વધૂ કષ્ટ પૂર્વક જીવે છે.

આ પ્રમાણે સ્ત્રીને ઘરકાર્યમાં જોડવી, તેને પરિમિત (થોડું) દ્રવ્ય આપવું, સ્વતંત્ર થવા દેવી નહીં અને શ્રેષ્ઠ આચાર રૂપ માતાના સરખી સ્ત્રીને રોકી રાખવી. અર્થાત્ જેમ સારા આચાર રૂપી માતાને સત્પુરુષો પોતાની પાસેથી જ્યાં ત્યાં જવા દેતા નથી તેમ સ્ત્રીને પણ જ્યાં ત્યાં જવા દેવી નહીં વળી કહેલું છે કે–

निषिद्धं हि कुलस्त्रीणां, गृहद्वारनिषेवणम् ।
वीक्षणं नाटकादीनां, गवाक्षावस्थितिः सदा ॥

अङ्गप्रकटनं क्रीडा, कौतुकं जल्पनं परैः ।
कार्मणं शीघ्रयानं च, कुलस्त्रीणां न युज्यते ॥

लिङ्गिन्या वेश्यया दास्या, स्वैरिण्या कारुकस्त्रिया ।
युज्यते नैव सम्पर्कः, कदाचित् कुलयोषिताम् ॥

यात्राजागरदूरनीरहरणं मातुर्गृहेऽवस्थितिः,
वस्त्रार्थं रजकोपसर्पणमपि स्याद् दूतिकामेलकः ।
स्थानभ्रंशसखीविवाहगमनं भर्तृप्रवासादयो,
व्यापारः खलु शील-जीवितहराः प्रायः सतीनामपि ॥

ताम्बूलं प्रतिकर्म मर्मवचनं क्रीडा सुगन्धस्पृहा,
वेषाडम्बर-हास्यगीतकुतुकानङ्गक्रिया तूलिका ।
कौसुम्भं सरसान्नपुष्पघुसृणं रात्रौ बहिर्निर्गमः,
शश्वत्त्याज्यमिदं सुशीलविधवस्त्रीणां कुलीनात्मनाम् ॥

निर्व्याजा दयिते ननान्दृषु नता श्वश्रूषु भक्ता भव,
स्निग्धा बन्धुषु वत्सला परिजने स्मेरा सपत्नीष्वपि ।
पत्युर्मित्रजने सनर्मवचना खिन्ना च तद्वेषिषु,
स्त्रीणां संवननं नतभ्रु ! तदिदं बीजौषधं भर्तृषु ॥

ઉત્તમ કુલની સ્ત્રીઓને નિરંતર ઘરના દ્વારમાં બેસવું, નાટક વગેરેનું જોવું અને ગવાક્ષમાં (ગોખમાં) બેસવું નિષેધ કરેલું છે. ૧.

શરીરના અવયવોને પ્રગટ કરવા, ક્રીડા કરવી. કુતૂહલ કરવું, પરપુરુષની સાથે બોલવું, કામણ કરવું અને ઉતાવળું ચાલવું એ કુલીન સ્ત્રીઓને યોગ્ય નથી. ૨.

પરિવ્રાજિકા, વેશ્યા, દાસી, વ્યભિચારણી અને કારીગરની સ્ત્રીની સાથે કુલીન સ્ત્રીઓએ કદી પણ સંસર્ગ રાખવો યોગ્ય નથી. ૩.

(એકાકી) જવું, જાગરણ કરવું, દૂરથી પાણી લાવવું, માતાને ઘેર (પિયર) રહેવું, વસ્ત્ર માટે ધોબી પાસે જવું, દૂતિની સાથે મેળ રાખવો, પોતાના સ્થાનથી ભ્રષ્ટ થવું, સખીના વિવાહ (લગ્ન)માં ગમન કરવું અને પતિનું દેશાંતર ગમન વગેરે વ્યાપારો ખરેખર સતીઓના પણ શીયલ રૂપ જીવિતને પ્રાયે કરીને હરનારા થાય છે. ૪.

તાંબૂલ, શૃંગાર, મર્મકારી વચન, ક્રીડા, સુગંધની ઈચ્છા, ઉદ્‌ભટ વેષ, હાસ્ય, ગીત, કૌતુક, કામક્રીડા, શય્યા, કુસંબી વસ્ત્ર, રસ સહિત અન્ન, પુષ્પ અને કેસર તથા રાત્રિમાં ઘરથી બહાર જવું આ સર્વનો કુલીન અને સુશીલ એવી વિધવા સ્ત્રીઓએ નિરંતર ત્યાગ કરવો જોઈએ. ૫.

હે સુંદર ભ્રકુટી વાળી સ્ત્રી ! તું તારા પતિ તરફ નિષ્કપટી, નણંદો તરફ નમ્ર, સાસુ તરફ ભક્તિવાળી, સ્વજનો પ્રત્યે સ્નેહવાળી, પરિવાર તરફ હેતવાળી, શોક્યો સાથે હસમુખી, પતિના મિત્રો સાથે (નિર્દોષ) હાસ્ય વચન બોલવા વાળી અને તેના દુશ્મનો પ્રત્યે ખેદ ધરનારી થજે. આ સર્વે સ્ત્રીઓને પતિ વશ કરવાને મંત્રૌષધિ રૂપ છે. ૬.

હવે ગ્રંથકાર પ્રસ્તુત ગુણનો ઉપસંહાર કરતાં ઉપદેશ દ્વારા ફળ દર્શાવે છે.

**एवं गृहस्थः सुकलत्रयोगाज्जनेषु शोभां लभते सुखी च ।**
**देवातिथिप्रीणनपुण्यकर्मा, जनैः परत्रापि गतिं विशुद्धाम् ॥२६॥**

શબ્દાર્થ—એવી રીતે ગૃહસ્થ સારી સ્ત્રીના યોગથી લોકોમાં શોભા પામે છે અને સુખી થાય છે. તેમજ દેવ તથા અતિથિને તૃપ્ત કરવા રૂપ પુણ્ય કર્મોને ઉપાર્જન કરી પરલોકમાં પણ સુગતિનું ભાજન થાય છે. ૨૬.

इति तृतीयो गुणः ॥

● ● ●

(૪)

# ચોથો ગુણ-પાપભીરુ

હવે ક્રમથી પ્રાપ્ત થયેલ 'પાપભીરુ' નામનો ચોથો ગુણ વર્ણવે છે.

"पापभीरुः" इति पापानि दृष्टादृष्टापायकारणानि कर्माणि, तेभ्यो भीरुः । तत्र दृष्टापायकारणानि चौर्यपरदारगमनद्यूतरमणादीनि इहलोकेऽपि सकललोकप्रसिद्ध-विडम्बनास्थानानि । यदाह—

શબ્દાર્થ—"पापभीरुरिति"—જોયેલા અને નહીં જોયેલા અનર્થોના કારણભૂત કર્મ તે પાપ અને તેથી ભય રાખનારને પાપભીરુ કહે છે. તેમાં ચોરી, પરસ્ત્રીગમન અને જુગાર રમવું વગેરે જોયેલા અનર્થોના કારણો છે તે આ લોકમાં પણ સર્વ મનુષ્યોમાં વિડંબનાનાં સ્થાન તરીકે પ્રસિદ્ધ છે. કહ્યું છે કે—

द्युतात्राज्यविनाशनं नलनृपः प्राप्तोऽथवा पाण्डवा,<br>
मद्यात्कृष्णनृपश्च राघवपिता पापर्द्धिता-दूषितः ।<br>
मांसाच्छ्रेणिकभूपतिश्च नरके चौर्याद्विनष्टा न के,<br>
वेश्यातः कृतपुण्यको गतधनोऽन्यस्त्रीमृतो रावणः ॥

[કુમારપાળપ્રબંધ (જિનમંડનગણિ) પૃ. ૫૧]

નળ રાજા અને પાંડવોએ જુગારના વ્યસનથી પોતાના રાજ્યનો નાશ કર્યો, શ્રીકૃષ્ણમહારાજા મદિરાથી નાશ પામ્યા, રામચંદ્રજીના પિતા દશરથ શિકાર કરવાના વ્યસનથી દોષિત થયા, શ્રેણિક રાજા માંસના વ્યસનથી નરકે ગયા, ચોરીના વ્યસનથી કોણ નાશ નથી પામ્યા ! કૃતપુણ્યશ્રેષ્ઠી વેશ્યાના વ્યસનથી નિર્ધન થઈ ગયો અને રાવણ પરસ્ત્રીગમનના વ્યસનથી મૃત્યુ પામ્યો આ જોયેલા અનર્થનાં કારણો છે.

अदृष्टापायकारणानि मद्यमांसासेवनादीनि शास्त्रनिरूपितनरकादियातनाफलानि । यदागमः—चउहिं ठाणेहिं जीवा नेरइ० तंजहा—महारंभयाए १ महापरिग्गहाए २ कुणिमाहारेणं ३ पंचेंदियवहेणं ४ इति ॥

શબ્દાર્થ—શાસ્ત્રમાં કહેલા નરકાદિ દુઃખનું ફળ આપનાર મદિરા અને માંસનું આસેવન કરવા વગેરે કાર્ય તે નહીં જોયેલા અનર્થનાં કારણે છે. જે કારણથી જૈનાગમમાં

કહેલું છે કે, "મોટા આરંભથી, મોટા પરિગ્રહથી, માંસાહારથી અને પંચેંદ્રિયનો વધ કરવાથી જીવો આ ચાર પ્રકારે નરકનું આયુષ્ય બાંધે છે."

બીજે સ્થાને પણ કહ્યું છે કે–

पञ्चेन्द्रियवधासक्ता, मांसाशनकृतादराः ।
जायन्ते नरके जीवा, बह्वारम्भपरिग्रहाः ॥

मांसाद्युपलक्षणात् द्वाविंशति ( २२ ) अभक्ष्य, ( ३२ ) द्वात्रिंशत् अनन्तकाय-परिभोगक्रयविक्रयादीनि ( १५ ) पञ्चदश कर्मादानान्यपि निर्वहमाणेन पापभीरुणा त्याज्यान्येव विमलवत् । तथा हि–

"પંચેન્દ્રિયનો વધ કરવામાં આસક્ત, માંસાહાર કરવામાં આદરવાળા અને મોટા આરંભ તથા પરિગ્રહવાળા જીવો નરકમાં ઉત્પન્ન થાય છે." જો બીજી કોઈ રીતે નિર્વાહ થઈ શકતો હોય તો પાપથી ભય રાખનાર પુરુષે માંસાદિના ઉપલક્ષણથી બાવીશ અભક્ષ્ય અને બત્રીશ અનંતકાયનું ભક્ષણ, તેનો વેપાર અને પંદર કર્માદાનનો પણ વિમલશ્રેષ્ઠીની જેમ ત્યાગ કરવો જોઈએ.

**भवितव्यं सदा पापभीरुणा गृहमेधिना ।**
**पापभीरोर्भवन्त्येव, विमलस्येव सिद्धयः ॥२७॥**

શબ્દાર્થ–તેમજ ગૃહસ્થોએ હંમેશાં પાપથી ભય રાખવો જોઈએ, કારણ કે પાપભીરુ પુરુષને વિમલની જેમ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ૨૭. તેનું ઉદાહરણ આ પ્રમાણે છે.

## पापभीरुविमलकथा

कुशस्थलपुरे श्रेष्ठिपुत्रौ विमलसहदेवौ । विमलः पापभीरुः, न सहदेवः, द्वाभ्यां गुरुपार्श्वे सम्यक्त्वमूलानि १२ व्रतानि गृहीतानि । एकदा व्यवसायार्थं देशान्तरे चलितौ । विमलो मार्गे पथिकैर्मार्गं पृष्टः प्राह, न जानामि, अपरे सार्थिनः श्रावस्त्यां प्रभूतलाभं श्रुत्वा चलिताः, विमलस्तु मार्गे सूक्ष्ममण्डुकिकाः प्रभुता दृष्ट्वा न गच्छति, कनकपुरं प्रति प्राचलत्, मार्गे एकस्मिन् ग्रामे गुलीमदनमधु-लवणजीर्णतिलादिपापवस्तूनि समर्घाणि लभ्यन्ते, विमलः पापभीतो न गृह्णाति, ग्रामटा नवनीतं तापयित्वा घृतं ददति, विमलस्तु नादत्ते, सहदेवः पुनस्तानि जिघृक्षुः सत्यङ्कारमर्पयति, विमलस्तु भनक्ति ।

पुनरेकत्र ग्रामे जालिका जालार्थं सूत्रं मार्गयन्ति, सहदेवोऽर्पयितुमुत्सहते, विमलस्तु नार्पयति, कनकपुरे प्राप्तौ, रन्धनावसरे विमलपार्श्वे कश्चित्सार्थी वह्निं

याचते, न दत्ते विमलः, देवः कोऽपि सार्थीभूय परीक्षार्थमग्निमार्गणेऽदत्ते च कुपितो राक्षसरूपं कृत्वा भापयते, विमलो न बिभेति, ततो राक्षसो वक्ति, अरे! यद्यग्निं ददासि तदा मुञ्चामि। विमलः प्राह, भो राक्षस ! अग्निः सर्वतोमुखं शस्त्रं श्रावकैर्न दीयते । यतः—

महुमज्जमंसभेसज्जमूलसत्थग्गिजंतमंताई ।
न कयावि हु दायव्वं, सड्ढेहिं पावभीरुहिं ॥ तथा

सत्थग्गिमुसलजंतगतणकट्ठे मंतमूलभेसज्जे ।
दिन्ने दवाविए वा, पडिक्कमे देसियं सव्वं ॥ [वंदितासूत्रे गा० २४]

न ग्राह्याणि न देयानि, पञ्च वस्तूनि पण्डितैः ।
अग्निर्विषं तथा शस्त्रं, मद्यं मांसं च पञ्चमम् ॥

तेनाऽहं प्राणान्तेऽप्यग्निं न ददाम्येव । अत्रान्तरे राक्षसदेवस्तत्सत्त्वतुष्टः स्वं रूपं प्रकाश्य प्राह, हे विमल ! तव प्रशंसा स्वर्गे इन्द्रेण कृता, विमलतुल्यः पापभीरुर्नास्ति। ततो मया मण्डूकीप्रभृति तव क्षोभाय कृतम् । त्वं न क्षुभितः। वरं वृणु । विमलो नेच्छति । विषहरमणिं दत्वा देवः स्वर्जगाम । विमलसहदेवौ पुरमध्ये गतौ।

अत्रान्तरे पुरान्तः पटहो वाद्यमानोऽस्ति 'यः कश्चिद्राजपुत्रं विषधरदष्ट-मुज्जीवयति, तस्य राज्यादर्धं दत्ते राजा' । एवमाकर्ण्य विमलेन निषिद्धोऽपि सहदेवस्तं पटहं गृहीत्वा राजकुमारस्य मणिमहिम्ना विषमुत्तारितम् । राजा राज्यादर्धं तस्य दत्ते स कथयति, मम वृद्धभ्राता विमलस्तस्मै दीयताम्। राजा तथा करोति। विमलस्त्वधिकरणभीरुतया नादत्ते राज्यम्। सहदेवस्यैव दत्तम् । विमलाय श्रेष्ठिपदम् । सोऽधिकारं प्राप्य सर्वत्र न्यायमार्गेण सञ्चरन् परोपकारपरो धर्मं विधत्ते। यदुक्तं

आज्ञा कीर्तिः पालनं धार्म्मिकाणां, दानं भोगो मित्रसंरक्षणं च ।
एषामेते षड्गुणा न प्रवृत्ताः, कोऽर्थस्तेषां पार्थिवोपाश्रयेण ॥

सहदेवस्त्वकराकरलोकपीडनादिपापानि निःशङ्कतया कुरुते । विमलो निषेधति । स तु न विरमति । यतः—

स्वभावो नोपदेशेन, शक्यते कर्त्तुमन्यथा ।
वक्रमेव शुनः पुच्छं, षण्मासान्नलिकाधृतम् ॥

ततः सहदेवो वैरिणा मारितो नरकं जगाम । विमलस्तु धर्मं कृत्वा स्वर्गतः । एकावतारी शमीभूत्वा मुक्तिगमीति ।

## પાપભીરુ વિમલની કથા

કુશસ્થળ નગરમાં વિમલ અને સહદેવ નામે એક શેઠના પુત્રો રહેતા હતા. તેમાં વિમલ પાપભીરુ હતો, અને સહદેવ તેનાથી વિપરીત સ્વભાવવાળો હતો. તે બન્ને ભાઈઓએ ગુરુ પાસે સમ્યક્ત્વ મૂળ બારવ્રત ગ્રહણ કર્યા હતાં.

એકવાર બન્ને ભાઈઓ વેપાર માટે દેશાંતર ચાલ્યા. માર્ગમાં મુસાફરોએ વિમલને રસ્તો પૂછ્યો. વિમલે કહ્યું કે 'હું જાણતો નથી.' અનુક્રમે બીજા વેપારીઓ શ્રાવસ્તી નગરીમાં ઘણો લાભ સાંભળી તે તરફ ગયા. પણ વિમલશ્રેષ્ઠી માર્ગમાં ઘણી સૂક્ષ્મદેડકીઓ જોવાથી શ્રાવસ્તી તરફ ન જતાં કનકપુર તરફ ચાલ્યો. રસ્તામાં જતાં એક ગામમાં ગળી, મીણ, મધ, લૂણ અને જુના તલ વગેરે પાપકારી વસ્તુઓ સસ્તી મળતી હતી, પરંતુ પાપભીરુ વિમલે ગ્રહણ કરી નહીં. કેટલાક ગામડીયા માખણ તાવીને ઘી આપતાં હતા, પણ વિમલે ગ્રહણ કર્યું નહીં, પરંતુ તેને ગ્રહણ કરવાની ઈચ્છાવાળો સહદેવ બહાનું આપતો હતો. પણ વિમલે તેમ થવા દીધું નહીં.

વળી આગળ ચાલતાં એક ગામમાં માછીમારોએ જાળ બનાવવા માટે સુતર માગ્યું. સહદેવ તે આપવા ઉત્સાહિત થયો, પણ વિમલે આપવા દીધું નહીં. અનુક્રમે બન્ને ભાઈઓ કનકપુર પહોંચ્યા. ત્યાં રસોઈ વખતે કોઈ વેપારીએ અગ્નિ માંગ્યો, પણ વિમલે તે આપ્યો નહીં. તે જોઈ કોઈ દેવે વેપારીનું રૂપ કરી પરીક્ષા કરવા માટે અગ્નિ માંગ્યો, પણ તેણે અગ્નિ નહીં આપવાથી કોપયુક્ત થયેલો તે દેવ રાક્ષસરૂપ ધારણ કરી ભય પમાડવા લાગ્યો, પણ વિમલ ભય પામ્યો નહીં.

પછી રાક્ષસે કહ્યું કે 'અરે ! જો તું મને અગ્નિ આપે તો હું તને છોડી દઉં' વિમલે કહ્યું કે 'હે રાક્ષસ ! અગ્નિ ચારે તરફના મુખવાળું શસ્ત્ર છે તેથી શ્રાવકો તે આપતા નથી.' કહ્યું છે કે—

'પાપથી ભીરુ શ્રાવકોએ કદી પણ મધ, મદિરા, માંસ, ઔષધ, મૂળીયાં, શસ્ત્ર, અગ્નિ, યંત્ર અને મંત્ર વગેરે આપવા નહીં.' ૧

વળી 'શસ્ત્ર અગ્નિ, મૂશળ, યંત્ર, તૃણ, કાષ્ટ, મંત્ર, મૂળ અને ઔષધિ શ્રાવક આપે અને અપાવે પણ નહીં.' ૨

**અગ્નિ, ઝેર, શસ્ત્ર, મદિરા અને માંસ એ પાંચ વસ્તુઓ પંડિત પુરુષોએ કોઈને આપવી નહીં, અને લેવી પણ નહીં. ૩**

તે કારણથી હું પ્રાણાંતે પણ અગ્નિ નહીં જ આપું. વિમલના આવા વચનો શ્રવણ કરી રાક્ષસ રૂપ ધારી દેવ તેના પરાક્રમથી સંતુષ્ટ થયેલો પોતાના સ્વાભાવિક રૂપને પ્રગટ કરી બોલ્યો કે, "હે વિમલ ! તારી પ્રશંસા સ્વર્ગમાં ઈંદ્ર મહારાજે કરી હતી કે, વિમલ જેવો કોઈ બીજો પાપભીરુ પુરુષ છે જ નહીં તેથી તને ક્ષોભ પમાડવા મેં દેડકી વગેરે વિકુર્વી પણ તું

ક્ષોભ પામ્યો નહીં. માટે તું વરદાન માંગ." વિમલે વરદાન માંગ્યું નહીં તો પણ તે દેવ વિષ હરનાર મણી આપી સ્વર્ગે ગયો. પછી વિમલ અને સહદેવ કનકપુરમાં ગયા.

આ અરસામાં તે નગરમાં પડહ વાગતો હતો કે, સર્પથી ડસાયેલા રાજપુત્રને જે કોઈ જીવાડશે તેને રાજા અડધું રાજ્ય આપશે. એવું સાંભળી વિમલે નિષેધ કર્યો તો પણ સહદેવે પડહને ગ્રહણ (સ્પર્શ) કરી મણિના પ્રભાવથી રાજકુમારનું વિષ ઉતારી દીધું. એટલે રાજાએ તેને અડધુ રાજ્ય આપવા માંડ્યું ત્યારે કહેવા લાગ્યો કે મારો મોટો ભાઈ વિમલ છે તેને આપો. રાજાએ તેમ કર્યું પણ વિમલે અધિકરણના ભયથી રાજ્ય ગ્રહણ કર્યું નહીં તેથી રાજાએ સહદેવને અડધુ રાજ્ય અને વિમલને શ્રેષ્ઠીપદ આપ્યું. પછી અધિકારને પ્રાપ્ત કરી સર્વ ઠેકાણે ન્યાય પૂર્વક વર્તન કરતો અને પરોપકારમાં તત્પર એવો વિમલ ધર્મ કરવા લાગ્યો. કહ્યું છે કે—

**આજ્ઞા, કીર્તિ, ધર્મીપુરષોનું પાલન, દાન, ભોગ અને મિત્રનું રક્ષણ આ છ ગુણો જેના પ્રવર્તમાન થયા નથી તેવા રાજાના આશ્રયથી શું ? અર્થાત્ જે રાજા હોય તેણે આ છ કાર્યો અવશ્ય કરવાં જોઈએ.**

સહદેવ તો રાજ્ય મેળવી લોકોને અત્યંત દુઃખ આપવા વગેરે પાપોને નિઃશંકપણે કરવા લાગ્યો. વિમલ તેમ કરતાં અટકાવ કરતો હતો, પણ સહદેવ તેમ કરતાં અટક્યો નહીં. કારણ કે,

**"ઉપદેશથી કોઈનો સ્વભાવ ફેરવી શકાતો નથી. છ મહીના સુધી વાંસની ભૂંગળીમાં રાખેલું કુતરાનું પૂછડું પાછું વાંકુ ને વાંકુ જ રહે છે."**

પછી સહદેવને કોઈ શત્રુએ મારી નાખ્યો. ત્યાંથી મરણ પામી નરકે ગયો અને વિમલ તો ધર્મ કરી સ્વર્ગમાં ગયો, ત્યાંથી ચ્યવી પછીના ભવમાં સાધુ થઈને મોક્ષમાં જશે.

ગ્રંથકારશ્રી ચોથા ગુણનો ઉપસંહાર કરતાં તેનું ફળ દર્શાવે છે.

**विमलवदिति यः स्यात्पापभीरुप्रवृत्तिः,**
**सततसदयचित्तो धर्मकर्मैकचित्तः ।**
**स सुरनरसुखानि प्राप्य जाग्रद्विवेकः,**
**कलयति शिवलक्ष्मीनायकत्वं सुखेन ॥२८॥**

**શબ્દાર્થ—ઉપર જણાવ્યા પ્રમાણે વિમલની જેમ જે પુરુષ પાપ રહિત પ્રવૃત્તિ કરવાવાળો, નિરંતર દયાળુ હૃદયવાળો, ધર્મરૂપ કાર્યમાં જ એક ચિત્તવાળો અને સ્ફુરાયમાન વિવેકવાળો હોય તે પુરુષ દેવ અને મનુષ્ય સંબંધી સુખોને પ્રાપ્ત કરી મોક્ષરૂપ લક્ષ્મીના નાયકપણાને કષ્ટ વિના મેળવે છે. ૨૮.**

**इति चतुर्थो गुणः ॥**

## ૫

# પાંચમો ગુણ—પ્રસિદ્ધ દેશાચાર-પાલન

હવે પાંચમા 'પ્રસિદ્ધ દેશાચાર પાલન' ગુણનું વર્ણન કરે છે.

**तथा प्रसिद्धस्तथाविधापरशिष्टाचारसंमततया रूढिमागतो देशाचारो महाजनोचितभोजनाच्छादनगृहकार्यादिचित्रक्रियात्मकः सकलमण्डलव्यवहारस्तं सम्यगाचरन् गृही धर्माय कल्पते इत्युत्तरेण योगः । देशोपलक्षणाल्लोकाचारं धर्माचारं च स्वकुलसिद्धं सर्वत्र प्रसिद्धिं गतं समाचरन्, तत्समाचरणं च तद्विरुद्धपरित्यागेन भवति । यतः—**

શબ્દાર્થ—"प्रसिद्धं च देशाचारं समाचरन्"શિષ્ટ પુરુષોને માન્ય અને લોક રૂઢિમાં આવેલો આચાર હોય તેને પ્રસિદ્ધ દેશાચાર કહે છે અને મહાપુરુષને યોગ્ય ભોજન, વસ્ત્ર અને ગૃહકાર્ય વગેરે વિવિધ પ્રકારની ક્રિયારૂપ દેશનો વ્યવહાર તેને દેશાચાર કહે છે. તેવા પ્રસિદ્ધ દેશાચારને સારી રીતે આચરનાર ગૃહસ્થ ધર્મને યોગ્ય થાય છે, અર્થાત્ પૂર્વોક્ત રીતે વર્તન કરનાર પુરુષ વિશેષ ધર્મ મેળવવાનો અધિકારી થાય છે. દેશ-ઉપલક્ષણથી પોતાના કુળમાં ઉત્પન્ન થયેલા અને સર્વ ઠેકાણે પ્રસિદ્ધિને પામેલા લોકાચાર અને ધર્માચારનું સારી રીતે આચરણ કરનાર હોય, તેનું આચરણ તો તેનાથી વિરુદ્ધ આચારનો ત્યાગ કરવાથી થાય છે. કહ્યું છે કે—[શ્રીપ્રશમરતિપ્રકરણ શ્લોક-૧૩૧]

लोकः खल्वाधारः, सर्वेषां धर्मचारिणां यस्मात् ।
तस्माल्लोकविरुद्धं, धर्मविरुद्धं च सन्त्याज्यम् ॥

સમગ્ર ધાર્મિક લોકોનો આધાર લોક છે, માટે લોકવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ (આચાર)નો ત્યાગ કરવો જોઈએ.

देशलोकादिविरुद्धानि यथा—

**अर्थादधिकनेपथ्यो, वेषहीनोऽधिकं धनी ।**
**असक्तौ वैरकृच्छक्तैर्महद्भिरुपहस्यते ॥२९॥**
**चौर्याद्यैर्बद्धवित्ताशः, सदुपायेषु संशयी ।**
**सत्यां शक्तौ निरुद्योगो, नरः प्राप्नोति न श्रियम् ॥३०॥**

अपथ्यसेवको रोगी, सद्वेषो हितवादिषु ।
नीरोगोऽप्यौषधप्राशी, मुमूर्षुर्नात्र संशयः ॥३१॥

शुल्कदोऽपथगामी च, भुक्तिकाले प्रकोपवान् ।
असेवाकृत्कुलमदात्त्रयोऽमी मन्दबुद्धयः ॥३२॥

निर्बुद्धिः कार्यसिद्ध्यर्थी, दुःखी सुखमनोरथः ।
ऋणेन स्थावरक्रेता, मूर्खाणामादिमास्त्रयः ॥३३॥

चारुप्रियोऽन्यदारार्थी, सिद्धेऽन्ने गमनादिकृत् ।
निस्वो गोष्ठीरतोऽत्यन्तं, निर्बुद्धीनां शिरोमणिः ॥३४॥

धातुवादे धनप्लोषी, रसिकश्च रसायने ।
विषभक्षी परीक्षार्थं, त्रयोऽनर्थस्य भाजनम् ॥३५॥

ज्ञातदोषजनश्लाघी, गुणिनां गुणनिन्दकः ।
राजाद्यवर्णवादी च, सद्योऽनर्थस्य भाजनम् ॥३६॥

महिषाणां खराणां च, धेनूनां चाधिरोहणम् ।
खेदस्पृशापि नो कार्यमिच्छता श्रियमात्मनः ॥३७॥

बद्धवध्याश्रये द्यूतस्थाने परिभवास्पदे ।
भाण्डागारे न गन्तव्यं, परस्यान्तःपुरे न च ॥३८॥

इत्यादिसल्लोकाचारो हि परिशील्यमानः प्रायेणैहिकयशोमहत्त्वशोभादिवृद्ध्यै भवति, लोकाभिगम्यतया चिकीर्षितधर्मकर्मणां सुखेन सिद्धिरपि स्यात् । तदाचारातिलङ्घने तद्देशवासिजनविरोधसम्भवादकल्याणलाभः स्यात् । यदुक्तम्—

શબ્દાર્થ–દેશ અને લોકાદિક વિરુદ્ધ આ પ્રમાણે છે–

"દ્રવ્યના પ્રમાણ કરતાં અધિક વેશ રાખનાર, અધિક દ્રવ્ય છતાં હીનવેશ રાખનાર અને પોતે શક્તિ રહિત છતાં શક્તિવાળાની સાથે વૈર કરનાર પુરુષ મહાપુરુષો આગળ હાંસી પાત્ર બને છે. ૨૯.

ચોરી વગેરેથી દ્રવ્યની આશા રાખનાર, સારા ઉપાયોમાં સંશય રાખનાર અને પોતાની શક્તિ છતાં પ્રમાદ કરનાર પુરુષને લક્ષ્મી પ્રાપ્ત થતી નથી. ૩૦.

રોગી છતાં અપથ્યનું સેવન કરનાર, હિતશિક્ષા આપનાર ઉપર દ્વેષ રાખનાર અને નિરોગી છતાં ઔષધ ખાનાર પુરુષ ખરેખર મરવાને ઇચ્છે છે એમાં સંદેહ નથી. ૩૧.

જકાત આપી ખોટા રસ્તે ચાલનાર, ભોજન વખતે ક્રોધ કરનાર અને પોતાના કુળના અહંકારથી સેવા નહીં કરનાર આ ત્રણેને મંદબુદ્ધિ સમજવા. ૩૨.

બુદ્ધિહીન છતાં કાર્યની સિદ્ધિ ઇચ્છનાર, દુઃખી છતાં સુખના મનોરથ કરનાર અને કરજ કરી સ્થાવર મિલકત ખરીદનાર આ ત્રણે મૂર્ખના સરદાર જાણવા. ૩૩.

મનોહર (પોતાની) સ્ત્રી છતાં પરસ્ત્રીની ઇચ્છા કરનાર, ભોજન તૈયાર છતાં ગમન કરનાર અને નિર્ધન છતાં ગોષ્ઠિ (વાતો) કરવામાં અત્યંત આસક્ત હોય, તેવો પુરુષ મૂર્ખ શિરોમણી ગણાય છે. ૩૪.

કીમીયામાં દ્રવ્ય જોનાર, રસાયનમાં રસિક થનાર અને પરીક્ષા માટે વિષ ભક્ષણ કરનાર આ ત્રણે અનર્થને પ્રાપ્ત કરે છે. જેના દોષ જગતમાં પ્રસિદ્ધ હોવા છતાં તેની શ્લાઘા (પ્રશંસા) કરનાર, ગુણીના ગુણની નિંદા કરનાર અને રાજા વગેરેનો અવર્ણવાદ બોલનાર પુરુષ તત્કાળ અનર્થનું ભાજન થાય છે. ૩૫.

કદાચ થાક લાગ્યો હોય તો પણ આત્માનું કલ્યાણ ઇચ્છનાર પુરુષે પાડા, ગધેડા અને ગાયોની ઉપર બેસવું નહીં. કેદખાનામાં તથા વધસ્થાનમાં, જુગાર રમવાના સ્થાનમાં, પરાભવના સ્થાનમાં, ભાંડાગારમાં અને બીજાના અંતેઉરમાં જવું નહીં. ૩૬-૩૮. ઇત્યાદિ

ઉત્તમ લોકાચારનું સેવન કર્યું હોય તો તેનાથી પ્રાયે કરી આલોકમાં ખરેખર યશ, મોટાઈ અને શોભા વગેરેની વૃદ્ધિ થાય છે. તેમજ લોકોને તે માન્ય હોવાથી ધારેલાં ધર્મ-કાર્યોની સિદ્ધિ પણ સુખેથી કરી શકે છે, અને જો તે લોકાચારનું ઉલ્લંઘન કરવામાં આવે તો તે દેશના રહેવાસી લોકોની સાથે વિરોધ થવાનો સંભવ હોવાથી ધર્મકાર્યમાં વિઘ્ન આવી પડે છે. કહ્યું છે કે—"

व्यलीकमस्तु मा वास्तु, लोकोक्तिस्तु सुदुस्सहा ।
भज्यतां भाजनं मा वा, टणत्कारस्तु मारयेत् ॥

"અસત્ય હોય અથવા તો સત્ય હોય પરંતુ લોકોકિત તો અતિ દુઃસહ્ય હોય છે. પાત્ર (વાસણ) ભાંગો કે ન ભાંગો પણ લોકો તો ટકોરો મારે જ છે."

**लोओ जणुत्ति वुच्चइ, पवाहरूवेण सासयसरूवो ।**
**तस्सायारविरुद्धं, लोअविरुद्धंति विन्नेयं ॥३९॥**

**लोयायारविरुद्धं कुणमाणो लहु लहुत्तणं लहइ ।**
**लहुअत्तणं च पत्तो, तणं व न नरोऽवि कज्जकरो ॥४०॥**

तिन्निसया तेसट्ठा, पासंडीणं सठाणपरितुट्ठा ।
जं उवजीवंति सया, कहं स लोओ लहू होइ ? ॥४१॥
का वा परेसि गणणा, मुणिणो परिचत्तसव्वसंगाऽवि ।
देहस्स संजमस्स य, रक्खट्ठा जमणुवत्तंति ॥४२॥
बहुजणविरुद्धसंगो, देसादायारलंघणं चेव ।
उव्वणभोगो अ तहा, दाणाइविपयडमन्ने उ ॥४३॥
साहुवसणंमि तोसो, सइ सामत्थंमि अपडिआरो य ।
एमाइआइं इत्थं, लोयविरुद्धाइँ नेयाइं ॥४४॥

શબ્દાર્થ–જનોક્તિને લોક કહે છે, અને તે પ્રવાહથી શાશ્વત છે, તેના આચારથી વિરુદ્ધ હોય તેને લોકવિરુદ્ધ જાણવું. ૩૯.

લોકાચારથી વિરુદ્ધ કરનાર મનુષ્ય એકદમ લઘુતા પામે છે અને લઘુતાને પામેલો મનુષ્ય પણ તણખલા જેમ નકામો થાય છે. ૪૦.

પોતાના સ્થાનમાં સંતુષ્ટ થયેલા ત્રણસોને ત્રેસઠ પાખંડીઓ હમેશાં જે લોકાચારનું પાલન કરે છે. તે લોકાચાર કેવી રીતે લઘુ થાય ? ૪૧.

જ્યારે સર્વ પ્રકારના સંગનો ત્યાગ કરનાર મુનિઓ પણ શરીર અને સંયમનું રક્ષણ કરવા માટે લોકાચારને અનુસરે છે ત્યારે બીજાની તો ગણતરી જ શી ? ૪૨.

ઘણા લોક સાથે વિરોધ રાખનારનો સંસર્ગ કરવો, દેશાચારનું ઉલ્લંઘન કરવું, શક્તિ ઉપરાંત ભોગ કરવો, દાનાદિકનો નિષેધ કરવો, સંત પુરુષોને કષ્ટ આવે ત્યારે ખુશી થવું અને શક્તિ છતાં તેમના કષ્ટને દૂર કરવા ઉપાય ન કરવો, ઈત્યાદિ બીજા પણ લોકવિરુદ્ધ કાર્યો જાણી લેવા. ૪૩-૪૪.

હવે ગ્રંથકારશ્રી પંચમ ગુણનો ઉપસંહાર કરતાં તેના ફળ દર્શાવે છે.

समाचरन् शिष्टमतस्वदेशाचारं यथौचित्यवशेन लोके ।
सर्वाभिगम्यो लभते यशांसि, स्वकार्यसिद्धिं च गृहाश्रमस्थः ॥४५॥

શબ્દાર્થ–"ગૃહસ્થાશ્રમમાં રહેલો પુરુષ શિષ્ટ પુરુષને માન્ય એવા પોતાના દેશાચારને યોગ્ય રીતે આચરણ કરતો લોકમાં સર્વને માનનીય થાય છે અને યશ તથા પોતાના કાર્યની સિદ્ધિને પણ મેળવે છે." ૪૫.

इति पञ्चमो गुणः ॥

• • •

## ६

# છટ્ઠો ગુણ—નિંદા ત્યાગ

હવે, કોઈના પણ અવર્ણવાદ નહિં બોલવા રૂપ છટ્ઠો ગુણ વર્ણવે છે.

अवर्णोऽश्लाघा तं वदतीत्येवंशीलोऽवर्णवादी न क्वापि । जघन्यमध्यमोत्तम-भेदेषु जन्तुषु परावर्णवादो हि बहुदोषः । यदाह—

શબ્દાર્થ—"अवर्णवादी न क्वाऽपि"—અવર્ણ એટલે નિંદા, તેને બોલવાના સ્વભાવ-વાળો પુરુષ અવર્ણવાદી કહેવાય છે. તેવા અવર્ણવાદને કોઈ પણ ઠેકાણે બોલનાર ન હોય, અર્થાત્ જઘન્ય, મધ્યમ અને ઉત્તમ ભેદવાળા પ્રાણીઓનો પણ અપવાદ બોલનાર ન હોય, કારણ કે બીજાનો અવર્ણવાદ બોલવામાં ઘણા દોષ રહેલા છે. તેને માટે કહ્યું છે કે—

परपरिभवपरिवादादात्मोत्कर्षाच्च बध्यते कर्म्म ।
नीचै र्गोत्रं प्रतिभवमनेकभवकोटिदुर्मोचम् ॥

બીજાનો પરાભવ તથા અપવાદ અને પોતાનો ઉત્કર્ષ કરવાથી પ્રત્યેક ભવમાં અનેક ભવ કોટીથી પણ છુટી ન શકે તેવું નીચગોત્ર કર્મ બંધાય છે.

आत्मश्लाघा परनिन्दा, मत्सरो महतां गुणे ।
असम्बद्धप्रलापित्वमात्मानं पातयन्त्यधः ॥४६॥

परिवादात्खरो भावी, श्वा वै भवति निन्दकः ।
परभोक्ता कृमिर्भावी, कीटो भवति मत्सरी ॥४७॥

सन्तोऽप्यसन्तोऽप्यपरस्य दोषा, नोक्ता श्रुता वा गुणमावहन्ति ।
वैराणि वक्तुः परिवर्द्धयन्ति, श्रोतुश्च तन्वन्ति परां कुबुद्धिम् ॥४८॥ तथा

दूषणं मतिरुपैति नौत्तमी, माध्यमी स्पृशति भाषते न वा ।
वीक्ष्य पार्श्वमथ भाषतेऽधमो, रारटीति सहसाधमाधमः ॥४९॥

स्वगुणं परदोषं च, वक्तुं याचयितुं परम् ।
अर्थिनं च निराकर्त्तुं, सतां जिह्वा जडायते ॥५०॥

परनिन्दा महापापं, परपापान्यहो ! यतः ।
अकृतान्यपि लिम्पन्ति, तत्कर्त्रीं जरतीं यथा ॥५१॥

શબ્દાર્થ—પોતાની પ્રશંસા, બીજાની નિંદા, મહાપુરુષોના ગુણને વિષે મત્સર અને સંબંધ વગર બોલવું એ સર્વે આત્માને નીચે પાડે છે. બીજાનો અવર્ણવાદ કરવાથી ગધેડો, નિંદા કરનાર કુતરો, બીજાનું ખાનાર કૃમિ અને બીજા ઉપર દ્વેષ રાખનાર કીડાપણે ઉત્પન્ન થાય છે. ૪૬-૪૭.

બીજાના હોય કે ન હોય તેવા પણ દોષો કહેવાથી અને સાંભળવાથી કંઈ પણ ગુણ થતો નથી, પણ કહેનાર ઉપર દ્વેષભાવ વધે છે, અને સાંભળનારની અત્યંત કુબુદ્ધિ થાય છે. ૪૮.

ઉત્તમ પુરુષની મતિ દૂષણ તરફ લક્ષ આપતી નથી. મધ્યમ પુરુષની મતિ દૂષણને પ્રગટ કરતી નથી. અધમ પુરુષ દૂષણ જોઈ બીજા પાસે પ્રગટ કરે છે અને અધમાધમ પુરુષ તો દૂષણ જોઈ એકદમ બૂમ પાડી ઉઠે છે. ૪૯.

પોતાનો ગુણ અને બીજાનો દોષ કહેવા માટે, પરની યાચના કરવા માટે અને યાચકને નિરાસ કરવા માટે સત્પુરુષોની જીભ જડ બની જાય છે, અર્થાત્ આવા પ્રસંગે સત્પુરુષો મૌન જ ધારણ કરે છે. કારણ કે પરની નિંદા કરવી એ એક મહાપાપ છે. વળી વધારે આશ્ચર્ય તો એ છે કે પોતે નહીં કરેલા પણ બીજાના પાપો નિંદા કરનારી વૃદ્ધ-બ્રાહ્મણીની જેમ નિંદા કરનારને લાગુ થાય છે. ૫૦-૫૧. તે વૃદ્ધ બ્રાહ્મણીનું દૃષ્ટાંત આ પ્રમાણે છે :-

## वृद्धब्राह्मणीकथा

सुग्रामे सुन्दरश्रेष्ठी दाता लोकप्रियश्च । यतः—

प्रियः प्रजानां दातैव, न पुनर्द्रविणेश्वरः ।
आगच्छन् वाञ्छ्यते लोकैर्वारिदो न तु वारिधिः ॥

एका तु तत्प्रातिवेश्मिकी ब्राह्मणी निन्दति । वैदेशिका अस्य समायान्ति, असौ धर्मीति तेऽस्य स्वद्रव्यं निक्षिपन्ति । व्याजेनास्य चार्पयन्ति, ते तु विदेशे मरन्ति, अस्योत्सवः, ज्ञातोऽयं धर्मी, एकदा निशि कार्पटिकः क्षुधार्त्त आयातः, तदा च किञ्चिद्भोज्यं पेयं च नास्याभूत्, स तु दाता दानव्रती आभीरीगृहात्त-क्रमानीय तमपीप्यत् सोऽम्रियत, तत्तक्रमुद्घाटमुखायामाभीरीशिरःस्थायां स्थाल्यां शकुनिकाधोधृतमहाहिमुखगलितगरलमिलितमासीत्, प्रातस्तं मृतं दृष्ट्वा वृद्धा जहर्ष, दृष्टं दातुश्चरितं विषदोऽयं ग्रन्थिकालोभात्, अत्रान्तरे सा कार्पटिकहत्या

**भ्रमति, चिन्तयति च, कस्याहं लगामि ? दाता विशुद्धात्मा सर्पोऽप्यज्ञः परवशश्च शकुनिकाऽपि सर्पाशना, आभीरी अज्ञा, तत्को मया ग्राह्यः ?, एवं विमृशन्ती तामेव निन्दाकर्त्रीं ब्राह्मणीं जग्राह, सद्यः श्यामा कुब्जा कुष्ठिनी च जाता । हत्यया खस्थया लोकान् प्रत्यूचे–**

## વૃદ્ધ બ્રાહ્મણીની કથા

સુગ્રામ નામના ગામમાં દાનેશ્વરી અને લોકપ્રિય સુંદર નામે શ્રેષ્ઠી રહેતો હતો. કહ્યું છે કે–"પ્રજાને દાતા જ પ્રિય હોય છે, પણ ધનવાન પ્રિય હોતો નથી. લોકો આપતા વર્ષાદને ઇચ્છે છે, પણ સમુદ્રને કોઈ ઇચ્છતું નથી," અર્થાત્ વર્ષાદ જળ આપીને, અને દાતા દાન આપીને, પ્રાણીઓના પ્રાણનું રક્ષણ કરે છે, તેથી લોકો તે બન્નેને ઇચ્છે છે, પરંતુ સમુદ્ર પાસે પુષ્કળ જળ અને ધનવાન પાસે પુષ્કળ ધન હોવા છતાં કોઈના ઉપયોગમાં આવતું નથી, તેથી લોકો આ બન્નેને ઇચ્છતા નથી.

તે સુંદર શેઠની એક પાડોશણ બ્રાહ્મણી શેઠની આ પ્રમાણે નિંદા કરવા લાગી કે "આ શેઠને ઘેર પરદેશી લોકો આવે છે, અને તે આ શેઠને ધર્મી જાણી પોતાનું ધન થાપણ તરીકે મૂકી જાય છે, અને કેટલાક આ શેઠને વ્યાજે આપી જાય છે. જ્યારે તે પરદેશમાં મરણ પામે છે ત્યારે આ શેઠને ઘેર ઉત્સવ થાય છે. માટે એ ધર્મી છે તે જોયો જોયો."

એક વખત રાત્રિના સમયમાં ક્ષુધાથી પીડાયેલો કોઈ કાર્પટિક (યાત્રાળુ) સુંદર શેઠને ઘેર આવ્યો, પણ તે વખતે આ શેઠના ઘરમાં ભોજન કે પાન કરવા જેવું કાંઈ હતું નહિં, તેથી તે દાન વ્રતને ધારણ કરનાર શેઠે ભરવાડણને ઘેરથી છાશ લાવી તેને પાઈ. આથી તે અચાનક મરણ પામ્યો, કારણ કે ભરવાડણના મસ્તક ઉપર રહેલા છાશના ભાજનમાં સમડીએ નીચે પકડી રાખેલા મોટા સર્પના મુખમાંથી પડેલા ઝેરથી તે છાશ મિશ્રિત થયેલી હતી. સવારમાં તે કાર્પટિકને મરણ પામેલો જોઈ તે વૃદ્ધ-બ્રાહ્મણી ખુશ થઈને કહેવા લાગી કે, 'ધનના લોભથી વિષ આપનાર આ શેઠનું ચરિત્ર જોયું કે ?'

આ અરસામાં તે યાત્રાળુની હત્યા ભમે છે, અને વિચાર કરે છે કે હું કોને વળગું ? 'દાતાનો આત્મા નિર્મળ છે, સર્પ અજાણ અને પરવશ છે, સમડી પણ સર્પને ભક્ષણ કરનારી છે અને ભરવાડણ અજાણ છે તો મારે કોને વળગવું ?' એવી રીતે વિચાર કરતી હત્યા તે નિંદા કરનારી બ્રાહ્મણીને વળગી પડી, એટલે તે તત્કાળ શ્યામ, કુબડી અનેક કુષ્ટ રોગથી દુષિત થઈ ગઈ. પછી આકાશમાં રહેલી હત્યાએ લોકોને આ પ્રમાણે કહ્યું કે–

कुम्भभिन्नयुगलेन किल्विषं, बालकस्य जननी व्यपोहति ।
कण्ठतालुरसनाभिरुज्झता, दुर्जनेन जननी व्यपाकृता ॥

માતા બાળકની વિષ્ટાને ફુટેલા ઘડાના ઠીંકરાથી દૂર કરે છે, પણ કંઠ, તાળુ અને જીભથી અવર્ણવાદ રૂપ વિષ્ટાને બહાર ફેંકનાર દુર્જને તો માતાને પણ હરાવી છે.

**तदेवं सकलजनगोचरोऽप्यवर्णवादो न श्रेयान् । किं पुना राजामात्यदेवगुरु-सङ्घादिषु ?। बहुजनमान्येषु राजाद्यवर्णवादाद्वित्तादिप्रणाशादिरपि दोषः स्यात् । भवान्तरे च नीचैर्गोत्रकलङ्कादिप्राप्तेः । तथा चोक्तम्–**

શબ્દાર્થ–તે કારણથી ઉપર જણાવ્યા પ્રમાણે સમગ્ર લોકોનો પણ અવર્ણવાદ કલ્યાણકારી નથી, તો 'राजादिषु विशेषतः' એ વચનથી ઘણા લોકને માન્ય એવા રાજા, મંત્રી, દેવ, ગુરુ અને સંઘ વગેરેનો અવર્ણવાદ કેવી રીતે કલ્યાણકારી થાય ? અર્થાત્ ન જ થાય. રાજાદિકનો અવર્ણવાદ બોલવાથી આ લોકમાં ધનાદિકનો વિનાશ અને ભવાંતરમાં નીચગોત્ર તથા કલંક વગેરે દોષોની પ્રાપ્તિ થાય છે. તે માટે આ પ્રમાણે કહ્યું છે–

नो चेव भासियव्वं, हियत्थिणा दुक्खकारणं वयणं ।
अलियं अब्भक्खाणं, पेसुन्नं मम्मवेहाई ॥

संतोवि हु वत्तव्वो, परस्स दोसो न होइ विबुहाणं ।
किं पुण अविज्जमाणो, पयडो छन्नो य लोयस्स ॥

विअरइ अब्भक्खाणं, इयरस्सवि जो जणस्स दुब्बुद्धी ।
सो गरिहिज्जइ लोए, लहइ अ दुक्खाइँ तिक्खाइं ॥

जो पुण जईण समियाण सुद्धभावाण बंभयारीणं ।
अब्भक्खाणं देइ, मच्छरदोसेण दुट्ठमई ॥

निव्वित्तिऊण तिव्वं, पावं पावेइ सो दुहमणंतं ।
सीया इव पुव्वभवे, मुणिअब्भक्खाणदाणाओ ॥

"પોતાનું હિત ઈચ્છનાર પુરુષે અસત્ય, અભ્યાખ્યાન (કલંક,) ચાડી, ચુગલી અને મર્મ ભેદક વગેરે દુઃખનાં કારણભૂત વચન બોલવાં જ ન જોઈએ.

પંડિત પુરુષોએ બીજાનો વિદ્યમાન દોષ પણ ન કહેવો જોઈએ, તો લોકોને વિષે પ્રગટ અથવા તો છાનો એવો અવિદ્યમાન દોષ તો બોલાય જ કેમ ?

જે દુર્બુદ્ધિ બીજા પુરુષને કલંક આપે છે, તે પુરુષ આ લોકમાં નિંદનીક થાય છે અને ભવાંતરમાં તીવ્ર દુઃખોને મેળવે છે.

જે દુષ્ટમતિ માત્સર્યના દોષથી પાંચ સમિતિ યુક્ત, શુદ્ધ ભાવયુક્ત અને બ્રહ્મચર્ય

યુક્ત યતિને (સાધુને) કલંક આપે છે, તે અતિ તીવ્ર પાપને ઉપાર્જન કરી, પૂર્વભવમાં મુનિને કલંક આપનારી સીતાની જેમ અનંત દુઃખને પામે છે.''

તે વિષે સીતાના પૂર્વભવનું દૃષ્ટાંત આ પ્રમાણે છે–

## सीतापूर्वभवकथा

**यतोऽत्र भारते मिणालकुण्डपुरे श्रीभूतिः पुरोधाः, सरस्वती भार्या । तयोः पुत्री वेगवती, एकदा तत्रैकः साधुरागात् । उद्याने प्रतिमया तिष्ठति, लोको भक्त्या वन्दते । साधुपूजां दृष्ट्वाऽलीकमात्सर्येण वेगवती लोकानाह, एष पाषण्डी मुण्डः किं पूज्यते ब्राह्मणान्मुक्त्वा ? एष मया रमण्या सह रममाणो दृष्ट इति कूटमालं दत्तवती साधोः । लोक मुग्धास्तदनु साधुपूजादिभ्यो निवृत्ताः, मुनिनाऽपि लोकविरक्त्या तदलीककलङ्कादि ज्ञातम्, ततो मा जिनशासनेऽपभ्राजना मन्निमित्ता भूयादिति मनसि कृत्वा यावतैष कलङ्को नोत्तरिष्यति तावता मया न भोक्तव्यं इति प्रतिज्ञाय कायोत्सर्गेण स्थितः, ततः शासनदेवतासान्निध्यात्ततः-**

**''वेगवईए देहे, वियणा समुट्ठिया तिव्वा,**
**पाउब्भूआ अरइ, सूणं वयणं च सहस्स त्ति ॥१॥''**

**ततस्तया सञ्जातपश्चात्तापया साधोः पार्श्वे गत्वा सर्वलोकसमक्षं स्वनिन्दा-परया मया मुधैतदालं साधोर्दत्तं मात्सर्येण, इति क्षमयित्वा पादयोर्लग्ना, ततः शासनदेवतया सज्जीकृता, धर्मं श्रुत्वा दीक्षां गृहीत्वा चिरं पालयित्वा सौधर्मे देवी, ततश्च्युत्वा जनकसुता सीता जाता, कूटालदानादत्र कलङ्कः, साधुरप्युत्तरितकलङ्को लोकैः पूजितः, जिनशासनप्रभावना जातेति ।**

## સીતાજીનો પૂર્વભવ

આ ભરત ક્ષેત્રમાં મિણાલકુંડ નામે નગરમાં **શ્રીભૂતિ** નામે પુરોહિત હતો. **સરસ્વતી** નામે પત્ની હતી, અને તેમને **વેગવતી** નામે એક પુત્રી હતી. એક વખતે તે નગરના ઉદ્યાનમાં એક મહાત્મા પધાર્યા. પ્રતિમારૂપ કાઉસ્સગ ધ્યાનમાં રહેલા તે મહાત્માને લોકો ભક્તિપૂર્વક વંદન કરવા લાગ્યા. તે જોઈ ખોટી ઈર્ષ્યાથી વેગવતી લોકોને કહેવા લાગી કે 'બ્રાહ્મણોને છોડી આ મુંડ પાખંડીને કેમ પૂજો છો ? મેં આ સાધુને સ્ત્રીની સાથે ક્રીડા કરતાં જોયો છે'.

આ પ્રમાણે મુનિ ઉપર વેગવતીએ ખોટા કલંકનો આરોપ મૂક્યો. તેથી ભોળા લોકો મહાત્માની પૂજા કરતા અટક્યા. મહાત્માએ પણ પોતાના ઉપર લોકોનો અભાવ જોઈ તે ખોટા કલંકના આરોપને જાણી લીધો. પછી તેમણે મારા નિમિત્તે જિનશાસનની

હાનિ ન થાઓ એ વિચાર મનમાં રાખી 'જ્યાં સુધી આ કલંક ઉતરે નહીં ત્યાં સુધી મારે ભોજન કરવું નહીં,' એવી પ્રતિજ્ઞા કરી કાઉસ્સગ ધ્યાને રહ્યા.

પછી શાસનદેવની સહાયથી વેગવતીના શરીરમાં અતિ તીવ્ર વેદના ઉત્પન્ન થઈ. અરતિ પ્રગટ થઈ અને તત્કાળ તેનું મુખ શ્યામ થઈ ગયું. પછી તેને પશ્ચાત્તાપ થવાથી મહાત્મા પાસે જઈ સર્વ લોકની આગળ પોતાની આત્માની નિંદા કરતી બોલી કે, 'મેં દ્વેષભાવથી આ મહાત્માને ખોટું કલંક ચડાવ્યું છે.' એ પ્રમાણે કહી મુનિને ખમાવી તેમને પગે લાગી. પછી શાસનદેવે સજ્જ કરેલી વેગવતી ધર્મ સાંભળી, દીક્ષા અંગીકાર કરી, ચિરકાળ પાળી સૌધર્મદેવલોકે દેવી થઈ. ત્યાંથી ચ્યવી જનક રાજાની સીતા નામે પુત્રી થઈ. પૂર્વભવમાં ખોટુ આળ આપવાથી સીતાજી અહીં કલંકને પામ્યા. પછી કલંકથી મુક્ત થયેલા સાધુની પણ લોકોએ પૂજા કરી અને જિનશાસનની પ્રભાવના થઈ.

વળી જે બીજાના અવર્ણવાદ સાંભળે છે તે પણ પાપી ગણાય છે. કહ્યું છે કે—

**निवार्यतामालि ! किमप्ययं बटुः, पुनर्विवक्षुः स्फुरितोत्तराधरः ।**
**न केवलं यो महतां विभाषते, शृणोति यस्मादपि यः स पापभाक् ॥**

**"હે સખી ! ઉપરના સ્ફુરાયમાન હોઠવાળા અને કાંઈ પણ બીજી વખત કહેવાની ઈચ્છાવાળા આ બટુકને નિવારણ કર. કારણ કે જે મહાપુરુષોની નિંદા કરે છે તે એકલો જ પાપી ગણાય છે એમ નથી, પરંતુ જે નિંદા સાંભળે છે તે પણ પાપનો ભાગી થાય છે."**

આ ગુણની સમાપ્તિ કરતાં ગ્રંથકારશ્રી આ ગુણને મેળવનાર ગૃહસ્થધર્મને યોગ્ય થાય છે એમ જણાવે છે.

**इत्थं सदा निन्द्यमवर्णवादं, त्यजन्परेषां श्रवणं च तस्य ।**
**जगज्जनश्लाघ्यतया गृहस्थः, सद्धर्म्मयोग्यो भवतीह सम्यक् ॥५२॥**

**શબ્દાર્થ—ઉપર જણાવ્યા પ્રમાણે નિરંતર નિંદવા યોગ્ય એવો બીજાનો અવર્ણવાદ અને તેનું શ્રવણ એ બન્નેનો ત્યાગ કરતો ગૃહસ્થ જગતના લોકોને પ્રશંસનીય થવાથી આલોકમાં સારી રીતે સદ્ધર્મને યોગ્ય થાય છે. ૫૨.**

**इति षष्ठो गुणः ॥**

• • •

(૭)

# સાતમો ગુણ—ઉચિતઘર

હવે શ્રાવકને રહેવાનું મકાન કેવું જોઈએ ? જેથી સદાચાર પળાય તે સાતમા ગુણમાં બતાવે છે.

**तथाऽनेकं बहु यन्निर्गमद्वारं तदेव प्रवेशद्वारं, तेन विवर्जितं निकेतनं यस्य स तथा, बहुषु हि निर्गमप्रवेशद्वारेषु अनुपलक्ष्यमाणनिर्गमप्रवेशानां दुष्टलोकानामापातजः स्त्र्यादिविद्रावणादिविप्लवः स्यात्, अत्र चानेकद्वारताया निषेधाद्विधिराक्षिप्यते । ततः प्रतिनियतद्वारसुरक्षितगृहो गृहस्थः स्यादिति लभ्यते, तथाविधमपि निकेतनं स्थाने एव निवेशयितुं युक्तं, नास्थाने, स्थानं तु शल्यभस्मक्षात्रादिदोषनिषिद्धायादिरहितं, बहुलदूर्वाप्रवालकुशस्तम्ब-प्रशस्तवर्णगन्धमृत्तिकासुस्वादुतोयोद्गमनिधानादिमच्च, यदुक्तम्—**

શબ્દાર્થ—"अनेकनिर्गमद्वारविवर्जितनिकेतनः" ગૃહસ્થ અનેક પેસવા નિકળવાના દ્વારોથી રહિત મકાનવાળો હોય. કારણ કે જો ઘરમાં પેસવાના અને નિકળવાનાં ઘણાં દ્વાર હોય તો જેઓના આગમન અને પ્રવેશની ખબર પડતી નથી તેવા દુષ્ટ લોકોના આવવાથી સ્ત્રી વગેરેના પરાભવરૂપ ઉપદ્રવ થાય છે. આ ઠેકાણે ઘરના અનેક દ્વારોનો નિષેધ થવાથી ગૃહસ્થ નિયમિત દ્વારથી સારી રીતે રક્ષણ કરાયેલા ઘરવાળો હોવો જોઈએ એવો અહીં તાત્પર્યાર્થ છે. તેવા પ્રકારના ઘરને પણ અનુચિત સ્થાનમાં નહિં બાંધતાં ઉચિત સ્થાનમાં જ બાંધવું યુક્ત છે. તે સ્થાન આ પ્રમાણે છે.

શલ્ય (અસ્થિ,) રાખ, ખાતર વગેરે દોષ અને નિષેધ કરેલ આયથી રહિત હોય તથા ઘણા દુર્વા, અંકુરા, દર્ભનો ગુચ્છો, સુંદર વર્ણ તથા ગંધવાળી માટી હોય, સારા સ્વાદયુક્ત પાણીનો ઉદ્‌ગમ હોય અને નિધાનવાળું હોય તેને યોગ્ય સ્થાન કહે છે. કહ્યું છે કે—

शीतस्पर्शोष्णकाले याऽत्युष्णस्पर्शा हिमागमे ।
वर्षासु चोभयस्पर्शा, सा शुभा सर्वदेहिनाम् ॥

ઉષ્ણકાળમાં શીતસ્પર્શવાળી, શીતકાળમાં ઉષ્ણસ્પર્શવાળી અને વર્ષાઋતુમાં ઉષ્ણ તથા શીત એ બન્ને સ્પર્શવાળી હોય તે ભૂમિ સર્વ પ્રાણીઓને કલ્યાણકારી થાય છે.

हस्तमात्रं खनित्वादौ, पूरिता तेन पांशुना ।
श्रेष्ठा समधिके पांशौ, हीने हीना समे समा ॥

त्रिपञ्चसप्तदिवसैरुप्तव्रीह्यादिरोहणात् ।
उत्तमा मध्यमा हीना, विज्ञेया त्रिविधा मही ॥

अथवा भूरदिङ्मूढा, चतुरस्रा शुभाकृतिः ।
त्र्यहबीजोद्गमा धन्या, पूर्वेशानोत्तरप्लवा ॥

પ્રથમ ભૂમિને એક હસ્ત પ્રમાણ ખોદી પછી તે ખાડાને તે રેતીથી પૂરી દેતાં જો રેતી વધી પડે તો શ્રેષ્ઠ, ઓછી રહે તો હીન અને બરોબર થાય તો સાધારણ (મધ્યમ) ભૂમિ સમજવી.

જે જમીનમાં વાવેલી ડાંગર વગેરે ત્રણ દિવસમાં, પાંચ દિવસમાં અને સાત દિવસમાં ઉગે તે ભૂમિ અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને હીન એમ ત્રણ પ્રકારની છે.

અથવા જે જમીન દિગ્મૂઢ કરનારી ન હોય, અર્થાત્ જે જમીનમાં ઊભા રહેવાથી દિશાઓની ચોક્કસ ખબર પડતી હોય, ચારે બાજુ સરખી હોય, સુંદર આકૃતિવાળી હોય, ત્રીજે દિવસે બીજને ઉગાડવાવાળી હોય અને પૂર્વ, ઈશાન તથા ઉત્તર દિશા તરફ જળાશય યુક્ત હોય તે જમીન શ્રેષ્ઠ ગણાય છે.

इत्याद्यन्यतो ज्ञेयम्, स्थानगुणदोषपरिज्ञानं च शकुनस्वप्नोपश्रुतप्रभृति-निमित्तादिबलेन ।

ઈત્યાદિ સ્થાન માટે અન્ય શાસ્ત્રથી જાણી લેવું. સ્થાનના ગુણ દોષોનું જ્ઞાન તો શકુન, સ્વપ્ન, દૈવપ્રશ્ન અને નિમિત્ત વગેરેના બળથી થાય છે.

स्थाननिषेधस्त्वेवम्–

**प्रथमान्त्ययामवर्जं, द्वित्रिप्रहरसम्भवा ।**
**च्छाया वृक्षध्वजादीनां, सदा दुःखप्रदायिनी ॥५३॥**

**खर्जूरी दाडिमी रम्भा, कर्कन्धू बीजपूरिका ।**
**उत्पद्यते गृहे यत्र, तन्निकृन्तति मूलतः ॥५४॥**

**लक्ष्मीनाशकरः क्षीरी, कण्टकी शत्रुभीप्रदः ।**
**अपत्यघ्नः फली तस्मादेषां काष्ठमपि त्यजेत् ॥५५॥**

**कश्चिदूचे पुरोभागे, वटः श्लाघ्य उदुम्बरः ।**
**दक्षिणे पश्चिमेऽश्वत्थो, भागे प्लक्षस्तथोत्तरे ॥५६॥**

वर्जयेदर्हतः पृष्ठं, दृष्टिं चण्डीशसूर्ययोः ।
वामाङ्गं वासुदेवस्य, दक्षिणं ब्रह्मणः पुनः ॥५७॥

अन्यदपि तदुक्तं—

वज्जिज्जइ जिणपुट्ठी, रविईसर दिट्ठि विण्हुवामो य ।
सव्वत्थ असुह चंडी, बम्हा पुण सव्वहा चयह ॥

अरिहन्त दिट्ठि दाहिण, हरपुट्ठी वामएसु कल्लाणं ।
विवरिए बहुदुक्खं, परं न मग्गंतरे दोसो ॥

સ્થાન સંબંધી નિષેધ તો આ પ્રમાણે છે.

શબ્દાર્થ—"જે સ્થાનમાં વૃક્ષ અને ધ્વજા વગેરેની પહેલા તથા છેલ્લા પહોર સિવાયની બીજા અને ત્રીજા પહોરની છાયા પડતી હોય તો તે છાયા નિરંતર દુઃખ આપનારી થાય છે. ૫૩.

ખજુરી, દાડમ, કેળ, બોરડી અને બીજોરાનું વૃક્ષ જે ઘરમાં ઉત્પન્ન થાય છે તે ઘરનો મૂળથી નાશ થાય છે. ૫૪.

ઘરમાં દૂધવાળું વૃક્ષ હોય તો તે લક્ષ્મીનો નાશ કરનાર, કાંટાવાળું વૃક્ષ હોય તો શત્રુથી ભય આપનાર અને ફળ આપનાર વૃક્ષ હોય તો સંતાનનો નાશ કરનાર થાય છે. તેથી આ વૃક્ષોના કાષ્ટનો પણ ત્યાગ કરવો. (અર્થાત્ ઘર બાંધતી વખતે આ કાષ્ઠ ઉપયોગમાં ન લેવા) ૫૫.

કોઈ કહે છે કે ઘરની પૂર્વ દિશાએ વડ, દક્ષિણ તરફ ઉમરડો, પશ્ચિમ દિશાએ પીંપળો અને ઉત્તર તરફ પ્લક્ષ હોય તો તે પ્રશંસનીય છે. ૫૬.

ગૃહસ્થ તીર્થંકરની પીઠ, શંકર તથા સૂર્યની દૃષ્ટિ વાસુદેવની ડાબી બાજુ અને બ્રહ્માની દક્ષિણ (જમણી) બાજુનો ત્યાગ કરી મકાન બંધાવે. ૫૭.

અન્ય સ્થળે પણ કહેલું છે કે, "જિનેશ્વરની પીઠ, સૂર્ય તથા શંકરની દૃષ્ટિ અને વિષ્ણુની વામ બાજુનો ત્યાગ કરવો જોઈએ. ચંડી સર્વ દિશાએ અશુભ છે, અને બ્રહ્મા સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. અરિહંતની દૃષ્ટિ તથા દક્ષિણ બાજુ અને શંકરની પીઠ તથા વામ બાજુ હોય તો કલ્યાણ કરનાર, અને તેથી વિપરીત દિશાએ હોય તો ઘણું દુઃખ આપનાર થાય છે. પરંતુ જો વચમાં માર્ગ હોય તો કાંઈ પણ દોષ લાગુ થતો નથી.

सुस्थानेऽपि गृहं निर्दोषमेव कार्यम् । यतः—

સ્થાન સારું હોય તો પણ ઘર નિર્દોષ કરવું જોઈએ. કહ્યું છે કે—

पुरिसु व्व गिहस्संगं, हीणं अहिअं न पावए सोहं ।
तम्हा सुद्धं कीरइ, जेण गिहं हवइ रिद्धिकरं ॥

हलघाणयसगडसई, अरहटजंताणि कंटई तह य ।
पंचुंबरि खीरतरू, एयाण य कट्ठ वज्जिज्जा ॥

बिज्जउरि केलि दाडिम, जंबीरी दोहलिद्धं अबंलिआ ।
बब्बूलि वोरिमाइ, कणयमया तह विवज्जिज्जा ॥

एयाणं जइ य जडा, पाडवसाओ पविस्सई अहवा ।
छाया वा जम्मि गिहे, कुलनासो हवइ तत्थेव ॥

पाहाणमयं थंभं, पीढं पट्टं च वारउत्ताइं ।
एए गिहे विरुद्धा, सुहावहा धम्मट्ठाणेसु ॥

पाहाणमए कट्ठं, कट्ठमए पाहणस्स थंभाइं ।
पासाए य गिहे वा, वज्जेयव्वा पयत्तेणं ॥

पासायकूववावीमसाणमढरायमंदिराणं च ।
पाहाणइट्टकट्ठा, सरिसवमित्ता विवज्जिज्जा ॥

वलयागारं कूणेहिँ, वज्जियं संकुलं अह एगदुतिकूणं ।
दाहिण वाम य दीहं, न वासियव्वेरिसं गेहं ॥

सयमेव जे किवाडा, पिहियंति च उग्घडंति ते असुहा ।
चित्तकलसाइसोहा, सविसेसा मूलबारि सुहा ॥

जोइणिनट्ठारंभं, भारहरामायणं च निवजुद्धं ।
रिसिचरियदेवचरियं, इय चित्तं गेहि न हु जुत्तं ॥

फलिहतरुकुसुमवल्ली, सरस्सई नवनिहाणजुयलच्छी ।
कलसं बद्धावयणं, सुमिणावलियाइसुहचित्तं ॥

पुव्वुन्नय अत्थहरं, [१]जमुन्नयं मंदिरं धणसमिद्धं ।
अवरुन्नय विद्धिकरं, उतरुन्नय होइ उव्वसियं ॥

ईसाणाइकोणे, नयरे गामे न कीरए गेहं ।
संतलोआण असुहं, अंतिमजाईण रिद्धिकरं ॥

ન્યૂનાધિક શરીરવાળા પુરુષની જેમ ઘરનું શરીર ન્યૂનાધિક હોય તો શોભા પામતું નથી. તેથી જો ઘર નિર્દોષ કર્યું હોય તો તે ઋદ્ધિ કરનાર થાય છે.

વળી હળ, યાન, ગંત્રી, અરઘટ્ટ, યંત્ર, કાંટાળુ વૃક્ષ, પાંચ જાતના ઉંબર વૃક્ષ અને દૂધવાળાં વૃક્ષ એ સર્વેના કાષ્ટ (લાકડા) ઘર બંધાવનાર ગૃહસ્થે ત્યાગ કરવાં જોઈએ.

---

१. जम—यमदिग्—દક્ષિણદિશા.

બીજોરી, કેળ, દાડિમ, જંબીર, દોહલિદ્ર, આંબલી, બાવળ, બોરડી અને ધતૂરાના કાષ્ટનો પણ ત્યાગ કરે.

ઉપર જણાવેલા વૃક્ષોનાં મૂળીયા પડોશને લીધે જેના ઘરમાં ગયાં હોય, અને તેમની છાયા જેના ઘર પડતી હોય તેના કુળનો નાશ થાય છે.

પાષાણમય સ્તંભ, પાટડા, છત, બારસાખ અને ઉત્તરંગ એ સર્વે ગૃહસ્થોને હાનિકારક છે, પણ ધર્મસ્થાનમાં તે સુખ આપનાર છે.

પાષાણમય પ્રાસાદ કે ઘરમાં કાષ્ઠના સ્તંભાદિકનો અને કાષ્ઠમય પ્રાસાદ કે ઘરમાં પાષાણનાં સ્તંભાદિકનો ગૃહસ્થોએ પ્રયત્નથી ત્યાગ કરવો જોઈએ.

દેવમંદિર, કૂપ, વાપિકા, સ્મશાન, મઠ, અને રાજમંદિરના પાષાણ, ઈંટો અને કાષ્ટ ગૃહસ્થે બાંધકામમાં સરસવમાત્ર પણ લેવાં યોગ્ય નથી.

ગોળાકાર, ખુણારહિત, સાંકડું, એક બે કે ત્રણ ખૂણાવાળું અને દક્ષિણ તથા વામ બાજુ દીર્ઘ હોય એવા ઘરમાં વાસ કરવા યોગ્ય નથી.

જે ઘરનાં દ્વાર આપો આપ બંધ થાય છે, અને ઉઘડે છે તે અશુભ ગણાય છે, અને ઘરના મૂળ દ્વારમાં ચિત્ર તથા કળશ આદિની વિશેષ શોભા કરવી તે શુભ ગણાય છે.

જોગણીના નાટક, (મહા) ભારત, રામાયણ, રાજાના યુદ્ધ, ઋષિચરિત્ર દેવચરિત્રનાં ચિત્રો ઘર ઉપર ચિતરવાં યોગ્ય નથી.

ફળયુક્ત વૃક્ષ, પુષ્પ, વેલડી, સરસ્વતી, નવનિધાન યુક્ત લક્ષ્મી, કળશ, વધામણાં અને સ્વપ્નોની શ્રેણી એ મકાન ઉપર ચિતર્યા હોય તો તે શુભ ગણાય છે.

મકાન પૂર્વ તરફ ઉન્નત (ઉંચુ) હોય તો દ્રવ્યની હાનિ કરનાર, દક્ષિણ તરફ ઉન્નત હોય તો દ્રવ્ય સમૃદ્ધિ કરનાર, પશ્ચિમ તરફ ઉન્નત હોય તો વૃદ્ધિ કરનાર અને ઉત્તર તરફ ઉન્નત હોય તો વસ્તીનો નાશ કરનાર થાય છે.

નગર કે ગામના ઈશાનાદિક કોણમાં ઘર બાંધવું નહીં, કારણ કે તે સત્પુરુષોને માટે અશુભ ગણાય છે. પણ અંત્યજ હલકી જાતિને માટે તો ઋદ્ધિ કરનાર થાય છે.''

तथा गृहे श्रीवृद्धिरेवम्-

न दोषो यत्र वेधादिर्नवं यत्राखिलं दलम् ।
बहुद्वाराणि नो यत्र, यत्र धान्यस्य सङ्ग्रहः ॥५८॥
पूज्यते देवता यत्र, यत्राभ्युत्क्षणमादरात् ।
रक्ता यवनिका यत्र, यत्र सन्मार्जनादिकम् ॥५९॥

यत्र ज्येष्ठकनिष्ठादिव्यवस्था सुप्रतिष्ठिता ।
भानवीया विशन्त्यन्तर्भानवो नैव यत्र च ॥६०॥
दीप्यते दीपको यत्र, पालनं यत्र रोगिणाम् ।
श्रान्तसंवाहना यत्र, तत्र स्यात् कमला गृहे ॥६१॥

[चतुर्भिः कलापकम्]

વળી ઘરમાં લક્ષ્મીની વૃદ્ધિ કરવાનો ઉપાય આ પ્રમાણે છે–

શબ્દાર્થ–જે ઘરમાં વેધાદિક દોષ ન હોય, સઘળો કાટમાળ નવો હોય, ઘણાં દ્વાર ન હોય ધાન્યનો સંગ્રહ હોય. ૫૮.

જ્યાં દેવતા પૂજાતા હોય, આદર પૂર્વક ઉત્સવ થતો હોય, રક્ત વર્ણની યવનિકા (પડદો) હોય, સારી રીતે ઘરનો કચરો દૂર થતો હોય. ૫૯.

મોટા નાના વગેરેની સારી વ્યવસ્થા હોય, સૂર્યપ્રકાશ આવતો હોય પરંતુ સૂર્યના કિરણો પ્રવેશ ન કરતા હોય, દીપક બળતો હોય. ૬૦.

રોગીનું પાલન થતું હોય અને શ્રમ પામેલાની ચાકરી થતી હોય તેવા ઘરમાં લક્ષ્મી વાસ કરે છે. ૬૧.

व्यवस्था च गृहस्यैवं-चोक्तं विवेकविलासे

ઘરની વ્યવસ્થા નીચે જણાવ્યા પ્રમાણે હોવી જોઈએ. તેને માટે વિવેકવિલાસમાં કહ્યું છે કે–

पूर्वस्यां श्रीगृहं कार्यमाग्नेय्यां च महानसम् ।
शयनं दक्षिणस्यां तु, नैऋत्यामायुधादिकम् ॥
भुजिक्रिया पश्चिमायां, वायव्यां धान्यसङ्ग्रहः ।
उत्तरस्यां जलस्थानमीशान्यां देवतागृहम् ॥

લક્ષ્મીનું સ્થાન પૂર્વ દિશામાં, રસોડું અગ્નિ ખૂણામાં, શયન દક્ષિણ દિશામાં, શસ્ત્રાદિક નૈઋત્ય ખૂણામાં, ભોજન ક્રિયા પશ્ચિમ દિશામાં, ધાન્ય સંગ્રહ વાયવ્ય ખૂણામાં, જળનું સ્થાન ઉત્તર દિશામાં અને દેવમંદિર ઈશાન ખૂણામાં કરવું.

पुनः स्थानमेव विशिनष्टि-अतिव्यक्तमतिप्रकटं, अतिगुप्तमतिप्रच्छन्नं, तन्निषेधादनतिव्यक्तगुप्तम्, तत्रातिव्यक्ते हि असन्निहितगृहान्तरतया परिपार्श्वतो निरावरणतया चौरादयोऽभिभवेयुः, अतिगुप्ते च सर्वतो गृहान्तरैर्निरुद्धत्वान्न स्वशोभां लभते । प्रदीपनाद्युपद्रवेषु दुःखनिर्गमप्रवेशं गृहं भवति, पुनः कथंभूते ? सुप्रातिवेश्मिके शोभनाः शीलादिसम्पन्नाः प्रातिवेश्मिका यत्र, कुशीलादिप्रातिवेश्मि-

कत्वे हि तदालापतच्चेष्टाश्रवणदर्शनादिवशात्स्वतः सुगुणस्यापि गुणहानिः स्यात्, सुसाधूपाश्रयासन्नस्थानस्थसाधुदर्शनजनितदयापरिणामपश्चाच्छूकरिकगृहासन्नकृतहस्त-शालास्थगजवत् । सङ्गमकवद्वा, यथा हि—सङ्गमकस्य वत्सरूपचारिणः सुप्राति-वेश्मिकयोगे प्रेत्य शालिभद्रादित्वप्राप्तेः ।

શબ્દાર્થ—વળી સ્થાન કેવા પ્રકારનું હોવું જોઈએ. તે સ્પષ્ટ રીતે દર્શાવે છે.

અતિ પ્રગટ અને અતિ ગુપ્ત સ્થાનનો નિષેધ હોવાને લીધે સ્થાન અતિ પ્રગટ અને અતિ ગુપ્ત ન હોવું જોઈએ. તેમાં અતિ પ્રગટ હોય તો નિશ્ચે સમીપમાં બીજા ઘર ન હોવાને લીધે અને ચારે તરફ ખુલ્લું હોવાને લીધે ચોરાદિકથી પરાભવ થાય, અને અતિ ગુપ્ત હોય તો ચારે તરફનાં બીજાં મકાનોથી ઘેરાયેલું હોવાને લીધે શોભા પામતું નથી, અને અગ્નિ વગેરેના ઉપદ્રવ વખતે મકાનમાં મુશ્કેલીથી પેસી કે નીકળી શકાય છે.

વળી મકાન કેવા સ્થાનમાં હોવું જોઈએ તે બતાવે છે.

''सुप्रातिवेश्मिके''—જ્યાં સુંદર શીલ વગેરેથી અલંકૃત પાડોશી વસતા હોય તેવા સ્થાનમાં મકાન હોવું જોઈએ. જો ખરાબ શીલ (આચાર) વાળા પાડોશી હોય તો ખરેખર તેમના આલાપ સાંભળવાથી અને ચેષ્ટા વગેરે જોવાથી સદ્‌ગુણી પુરુષના પણ ગુણની હાની થાય છે. ઉત્તમ સાધુના ઉપાશ્રયની પાસે રહેલા હાથીને સાધુના દર્શનથી દયાના પરિણામ થયા હતા, અને પાછળથી સૂકરીના રહેઠાણ પાસે કરેલી હસ્તીશાળામાં રહેવાથી તેજ હાથી દયા રહિત થયો હતો, વળી ગાયો ચરાવનાર સંગમને સારા પાડોશીનો યોગ મળવાથી તે બીજા ભવમાં શાલિભદ્ર થયો હતો.

दुष्प्रातिवेश्मिकास्त्वेते आगमप्रतिषिद्धाः—

આગમમાં નિષેધ કરેલા દુષ્ટ પાડોશીઓ તે આ પ્રમાણે છે—

खरिया तिरिक्खजोणी, तालायरसमणमाहणसुसाणा ।
वग्गुरियवाहगुम्मिय, हरिएसु पुलिन्दमच्छिंधा ॥

जूयारवेसं नड नट्ट, भट्ट तह कुकम्मकारीणं ।
संवासं वज्जिज्जा, घरहट्टाणं च मित्ती य ॥

દાસી, તિર્યંચોથી પોષણ કરનાર, તાલાચર (તાબોટા પાડીને ફરવાવાળા મશ્કરા,) સાધુ, બ્રાહ્મણ, શ્મશાન, મૃગલાં વગેરેને ફાંસામાં નાંખનાર (પારધી), વ્યાધ, (શિકારી વિશેષ) (જનાવરોની મદદથી શિકાર કરનાર), હરિકેશ ચંડાલ વિશેષ, ભિલ્લ-લોક, માછીમાર, જુગારી, વેશ્યા, નટજાતિ વિશેષ, ભાટ અને કુકર્મ કરવાવાળા પુરુષોના ઘર તથા દુકાનનો પાડોશ અને મૈત્રીનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

तथा- दुःखं देवकुलासन्ने, गृहे हानिश्चतुष्पथे ।
धूर्तामात्यगृहाभ्यासे, स्यातां सुतधनक्षयौ ॥
मूर्खाधार्मिकपाषण्डिपतितस्तेनरोगिणाम् ।
क्रोधनान्त्यजदृप्तानां गुरुतल्पगवैरिणाम् ॥
स्वामिवञ्चकलुब्धानामृषिस्त्रीबालघातिनाम् ।
इच्छन्नात्महितं धीमान्, प्रातिवेश्मिकतां त्यजेत् ॥

વળી ઘર દેવળની પાસે હોય તો દુઃખ, ચતુષ્પથ (ચોક)માં હોય તો હાનિ, ધૂર્તના મકાન પાસે હોય તો પુત્રનાશ અને મંત્રીના મકાન પાસે હોય તો ધનનો નાશ થાય છે. મૂર્ખ, અધર્મી, પાખંડી મર્યાદા રહિત, ચોર, રોગી, ક્રોધી, અંત્યજ, અહંકારી, ગુરુની શય્યા સેવનાર, શત્રુ, સ્વામિવંચક, શિકારી અને સાધુ, સ્ત્રી તથા બાળકનો ઘાત કરનાર અધમ પુરુષોનો પાડોશ આત્માનું હિત ઇચ્છનાર બુદ્ધિમાન પુરુષે ત્યાગ કરવો જોઈએ.

## कुप्रातिवेश्मिकेऽम्बिकाख्यानम्

**श्रीरैवतासन्ने कुबेरपुरे[१] देवभट्टदेविलाभूः सोमभट्टो द्विज आसीत्, तस्याऽम्बिका भार्या, स्वभावतो दानप्रिया तयोः सुतौ सिद्धबुद्धौ, एकदा श्राद्धदिने मासक्षपणिसाधवे भक्तिश्रद्धानन्दैर्दत्तवती दानम्, "अथाम्बिकायास्तदवेक्ष्य दानं कृत्येव मूर्ता कलहप्रियेव। काचित्तदीया प्रतिवेशिनी श्रागुत्तानपाणिः स्वगृहादुदस्थात्," बाढस्वरेण यथा तथा प्रलपति स्म ।**

**अत्रान्तरे क्वापि गता गृहान्तरात् श्वश्रूरागता, तस्याः प्रातिवेश्मिक्यास्तादृग्वचांसि श्रुत्वा क्रुद्धा सती सोमाय निवेदितवती, सोमभट्टेन आः पापे ! किमेतत्कृतं ? अद्यापि कुलदेवता न पूजिताः, पिण्डा अपि न भरिता, विप्रा अपि न भोजिताश्चेत्याद्याक्रोशवचोभिराक्रुश्य गृहान्निष्कासिता, सुतद्वयं गृहीत्वा निर्जगाम ।**

**क्वापि स्थानमलभमाना नगराद्बहिर्यान्ती मार्गश्रान्ता सुताभ्यां जलं मार्गिता, अग्रे शुष्कं सरः शीलमाहात्म्याज्जलभृतं संजातम्, शुष्कसहकारः फलितश्च, यावता जलफलादिभिः सुखिता जाताऽऽम्रच्छायायां विश्राम्यति, तावता श्वश्रूर्गृहान्तर्गता मुनिदानस्थासनानि सौवर्णानि, सिक्थानि मौक्तिकानि शीलमाहात्म्यमुनिदानावर्जितशासनदेवताकृतानि भाजनेष्वग्रशिखां च तथारूपां दृष्ट्वा हृष्टा पुत्रं**

१. कोडीनारनगरे इति उपदेशसप्ततौ ॥

**प्राह-हे वत्स ! वधूं पतिव्रतां गुणवतीं शीघ्रमेव पृष्टां गत्वा पश्चादानय, सोमभट्टोऽपि तन्माहात्म्यं दृष्ट्वा पश्चात्तापपरः पृष्टौ जगाम, अम्बाऽपि ससुता भर्त्तारमागच्छन्तं दृष्ट्वा भीताऽग्रतः कूपे पपात, जिनमुनिदानध्यानपरा शुभध्यानेन कोहण्डविमाने देवी महर्द्धिकाऽम्बिका नाम्नाऽजनि, सोमोऽपि लोकापवादभीतस्तत्र कूपे झम्पां ददौ, सोऽपि तत्रैव विमाने आभियोगिककर्मणा देवः सिंहरूपधारी वाहनतया स्थितः ॥**

ખરાબ પાડોશીને વિષે અંબિકાનું ઉદાહરણ આ પ્રમાણે છે–

## અંબિકાનું દૃષ્ટાંત

શ્રી ગિરનાર પર્વતની નજીક કુબેરપુરમાં (મતાંતરે કોડીનારમાં) દેવભટ્ટ અને દેવીલાનો પુત્ર સોમભટ્ટ નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને સ્વભાવથી જ દાનપ્રિય અંબિકા નામે ધર્મપત્ની હતી. તેમને સિદ્ધ તથા બુદ્ધ નામે બે પુત્રો હતા. એક વખતે શ્રાદ્ધના દિવસે અંબિકાએ એક માસના ઉપવાસી સાધુને ભક્તિ, શ્રદ્ધા અને આનંદથી દાન આપ્યું, અંબિકાના તે દાનને જોઈ જાણે સાક્ષાત્ રાક્ષસી જ ન હોય અને જાણે કલહની મૂર્તિ જ ન હોય એવી તેની કોઈક પાડોશણ ઊંચો હાથ કરી એકદમ ઘરમાંથી નીકળી મોટા શબ્દોથી જેમ તેમ બોલવા લાગી.

તે અરસામાં કોઈ ઠેકાણે ગયેલી તેની સાસુ આવી પહોંચી. તે પાડોશણનાં વચનો સાંભળી ક્રોધયુક્ત થયેલી તેની સાસુએ સોમભટ્ટને જણાવી દીધું. સોમભટ્ટ બોલ્યો કે, "અરે પાપિણી ! હજુ સુધી કુળદેવતાની પૂજા થઈ નથી, પિતૃપિંડ ભર્યા નથી અને બ્રાહ્મણોને પણ જમાડ્યા નથી. તો તેં આ શું કર્યું ?" ઇત્યાદિ આક્રોશવચનોથી તિરસ્કાર કરી ઘરમાંથી કાઢી મૂકી, અંબિકા પણ પોતાના બે પુત્રોને લઈ એકદમ ત્યાંથી નીકળી ગઈ.

ગામમાં કોઈપણ ઠેકાણે સ્થાન નહીં મળવાને લીધે નગરની બહાર જતાં ચાલવાથી થાકી ગયેલી અંબિકા પાસે તેના બન્ને પુત્રોએ પાણી માંગ્યું, આગળ એક સુકાઈ ગયેલું સરોવર તેના જોવામાં આવ્યું, તે તેના શીલના પ્રભાવને લીધે પાણીથી ભરાઈ ગયું. અને એક સુકાઈ ગયેલું આમ્ર વૃક્ષ હતું તે પણ ફળ યુક્ત થઈ ગયું. હવે જળ તથા ફળ વગેરેથી સુખી થયેલી અંબિકા આમ્રવૃક્ષની છાયામાં વિશ્રામ લે છે, તેટલામાં ઘરમાં ગયેલી તેની સાસુ શીયલના મહિમાથી તથા મુનિદાનથી પ્રસન્ન થયેલ શાસનદેવતાના પ્રભાવથી મુનિને દાન આપેલ જગામાં રહેલાં આસનો સુવર્ણમય તથા સિકથો મુક્તિરૂપ થયેલાં અર્થાત્ લોટના કણીયા મોતીરૂપે બનેલાં અને રસોઈનાં ભાજનો સંપૂર્ણ ભરેલાં જોઈ ખુશ થઈને પુત્રને કહેવા લાગી કે, "હે પુત્ર ! પતિવ્રતા અને

ગુણવતી વહૂને એકદમ તેની પાછળ જઈ પાછી તેડી લાવ."

સોમભટ્ટ પણ તે જોઈ પશ્ચાત્તાપ કરતો તેની પાછળ ગયો, પતિને આવતો જોઈ ભય પામેલી અંબિકા પોતાના પુત્રો સાથે નજીકના કૂવામાં પડી. મુનિને આપેલા દાનના ધ્યાનમાં તત્પર થયેલી તે શુભધ્યાનથી કોહંડ નામના વિમાનમાં મોટી ઋદ્ધિવાળી અંબિકા નામની દેવી થઈ. લોકોના અપવાદથી ભય પામેલા સોમભટ્ટે પણ તે જ કૂવામાં ઝંપાપાત કર્યો. તે પણ મરીને તે જ વિમાનમાં આભિયોગિક કર્મના ઉદયથી સિંહરૂપધારી દેવ થયો, અને તે અંબિકાના વાહન તરીકે થયો.

હવે આ ગુણની સમાપ્તિ કરતાં ગ્રંથકારશ્રી સારો પાડોશ રાખવાનો ઉપદેશ આપતાં કહે છે કે

**इत्यम्बिकावदिहकन्दलमत्सरादीन्,**
**कुप्रातिवेश्मिकतया प्रतिभाव्य दोषान् ।**
**श्राद्धः सदा स्वपरसौख्यसमाधिहेतोः,**
**सुप्रातिवेश्मिकगृहे विदधीत वासम् ॥६२॥**

**શબ્દાર્થ—ઉપર જણાવ્યા પ્રમાણે આ લોકમાં અંબિકાની જેમ ખરાબ પાડોશથી અપવાદ અને અદેખાઈ વગેરે દોષોની પ્રાપ્તિ થાય છે એમ વિચારી શ્રાવક નિરંતર પોતાની અને બીજાની સુખ સમાધિ માટે સારા પાડોશવાળા મકાનમાં વાસ કરે છે. ૬૨.**

इति सप्तमो गुणः ॥

● ● ●

(८)

# આઠમો ગુણ—સત્સંગ

હવે, સારા આચારવાળાનો સંગ કરવા રૂપ આઠમો ગુણ વર્ણવે છે.

**तथा कृतसङ्गः सन् शोभन आचार इहपरलोकहिता प्रवृत्तिर्येषां ते सदाचारास्तैः, न तु कितवधूर्तविटभट्टभण्डनटादिभिः, तत्सङ्गे हि सदपि शीलं विलीयते, यदाह—**

**શબ્દાર્થ—"कृतसङ्गः सदाचारैः"**—સુંદર આચાર અર્થાત્ આ લોક તથા પરલોકના હિતવાળી પ્રવૃત્તિ તેને સદાચાર કહે છે. તેવા સારા આચારવાળા પુરુષોની સાથે સંગ કરનાર હોય. પરંતુ જુગારી, ધૂર્ત, જાર, ભાટ, ભાંડ અને નટ વગેરેનો સંગ કરે નહીં. કારણ કે તેમનો સંગ કરવાથી સદાચાર હોય તે પણ નાશ પામે છે. કહ્યું છે કે :-

**यदि सत्सङ्गनिरतो, भविष्यसि भविष्यसि ।**
**अथासज्जनगोष्ठीषु, पतिष्यसि पतिष्यसि ॥** [ધર્મબિન્દુ પૃ. ૩૯]

**सङ्गः सर्वात्मना त्याज्यः, स चेत्त्यक्तुं न शक्यते ।**
**स सद्भिः सह कर्त्तव्यः, सन्तः सङ्गस्य भेषजम् ॥६३॥ तथा—**

**पश्य सत्सङ्गमाहात्म्यं, स्पर्शपाषाणयोगतः ।**
**लोहं स्वर्णीभवेत् स्वर्णयोगात्काचो मणीयते ॥६४॥**

**विकाराय भवत्येव, कुलजोऽपि कुसङ्गतः ।**
**कुलजातोऽपि दाहाय, शङ्खो वह्निनिषेवणात् ॥६५॥**

**आस्तां सचेतसां सङ्गात्सदसत्स्यात्तरोरपि ।**
**अशोकः शोकनाशाय, कलये तु कलिद्रुमः ॥६६॥**

**निःस्वोऽपि सङ्गतः साधुर्वरमृद्धोऽपि नाधमः ।**
**अश्वः कृशोऽपि शोभायै, पुष्टोऽपि न पुनः खरः ॥६७॥**

**आस्तामौपाधिको दोषः, सहजोऽपि सुसङ्गतः ।**
**अपयाति यथा कर्म, जीवस्य ज्ञानसङ्गमात् ॥६८॥**

एकमातृपितृत्वेऽपि, श्रूयते शुकयोर्द्वयोः ।
भिल्लानां च मुनीनां च, सङ्गाद्दोषो गुणो यतः ॥६९॥
माताऽप्येका पिताऽप्येको, मम तस्य च पक्षिणः ।
अहं मुनिभिरानीतः, स च नीतो गवाशनैः ॥७०॥
गवाशनानां स गिरः शृणोति, अहं च राजन् ! मुनिपुङ्गवानाम् ।
प्रत्यक्षमेतद्भवताऽपि दृष्टं, संसर्गजा दोषगुणा भवन्ति ॥७१॥

શબ્દાર્થ–જો તું સત્પુરુષની સંગતિમાં આસક્ત થઈશ તો સુખી થઈશ અને જો તું દુર્જનની સંગતિમાં પડીશ તો દુઃખમાં પડીશ.

(નિશ્ચય નયથી) સંગતિ સર્વપ્રકારે ત્યાગ કરવા યોગ્ય છે. જો તે સર્વથા ત્યાગ ન કરી શકાય તો સત્પુરુષોની સાથે સંગ કરવો યોગ્ય છે, કારણ કે સંતપુરુષો સંગતિનું ઔષધ છે. ૬૩.

'તું સત્સંગનું માહાત્મ્ય તો જો ! પારસમણિના સંગથી લોઢું સુવર્ણ થાય છે અને કાચ સુવર્ણની સંગતિથી મણિની ગણત્રીમાં આવે છે. ૬૪.

જેમ જળમાં ઉત્પન્ન થયેલો શંખ અગ્નિના સંબંધથી દાહ ઉત્પન્ન કરે છે તેમ સારા કુળમાં ઉત્પન્ન થયેલો પુરુષ પણ કુસંગતિથી વિકારને પામે છે. ૬૫.

મનુષ્યાદિક સચેતનનો સંગ તો દૂર રહો, પરંતુ વૃક્ષમાં પણ સજ્જન-દુર્જનપણું રહેલું છે. કારણ કે અશોકવૃક્ષ શોકનો નાશ કરે છે, અને કલિ (બહેડાનું) વૃક્ષ ક્લેશ ઉત્પન્ન કરે છે. ૬૬.

જેમ અશ્વ પાતળો હોય છે તો પણ શોભાને પામે છે, અને ગધેડો પુષ્ટ હોય તો પણ શોભાને પામતો નથી, તેમ સજ્જન નિર્ધન હોય તો પણ તે શ્રેષ્ઠ ગણાય છે, પણ અધમ- પુરુષ ધનવાન્ હોય તો પણ તે શ્રેષ્ઠ ગણાતો નથી. ૬૭.

ઉપાધિજન્ય દોષ તો દૂર રહો, પરંતુ જેમ જ્ઞાનની સંગતિ થવાથી પ્રાણીનાં કર્મ નાશ પામે છે, તેમ સ્વભાવથી ઉત્પન્ન થયેલો પણ દોષ સારી સંગતિથી ચાલ્યો જાય છે.' ૬૮.

## બે પોપટની કથા

બે પોપટના માતા પિતા એક જ હોવા છતાં ભિલ્લોના સંગથી એક અવગુણી થયો હતો, અને તાપસોના સંગથી બીજો ગુણી થયો હતો. ૬૯.

'હે રાજન્ મારા અને તે પક્ષીના માતા પિતા એક જ છે, મને તાપસો લાવ્યા છે, અને તેને ભિલ્લો લઈ ગયા છે. ૭૦.

હે રાજન્ ! તે પક્ષી ભિલ્લોની વાણી શ્રવણ કરે છે, અને હું તાપસોની વાણી શ્રવણ કરું છું. સંસર્ગથી દોષ અને ગુણ પ્રાપ્ત થાય છે, એ તમે પણ પ્રત્યક્ષ જોયું. ૭૧.

વળી કહ્યું છે કે :-'

धर्मं ध्वस्तदयो यशश्च्युतनयो वित्तं प्रमत्तः पुमान्,
काव्यं निष्प्रतिभस्तपः शमदयाशून्योऽल्पमेधाः श्रुतम् ।
वस्त्वालोकमलोचनश्चलमना ध्यानं च वाञ्छत्यसौ,
यः सङ्गं गुणिनां विमुच्य विमतिः कल्याणमाकाङ्क्षति ॥

જેમ નિર્દય પુરુષ ધર્મને, અન્યાયી યશને, પ્રમાદી પુરુષ ધનને, બુદ્ધિહીન કાવ્યને, સમતા અને દયારહિત પુરુષ તપશ્ચર્યાને, અલ્પબુદ્ધિ શ્રુતને, નેત્રહીન પદાર્થ જોવાને, અને ચલચિત્તવાળો ધ્યાનને ઈચ્છે છે તેમ દુર્મતિ ગુણીના સંગનો ત્યાગ કરી કલ્યાણની ઈચ્છા રાખે છે.

**सुसङ्गस्योपदेशोऽपि, लभ्यते न यथा तथा ।**
**इत्यर्थे लोकविख्याता, प्रभाकरकथोच्यते ॥७२॥**

શબ્દાર્થ—સારી સંગતિનો ઉપદેશ જેવી તેવી રીતે પ્રાપ્ત થતો નથી. આ સંબંધમાં લોકમાં પ્રસિદ્ધ થયેલી પ્રભાકરની કથા આ પ્રમાણે છે—૭૨.

## प्रभाकरकथा

तद्यथा—वीरपुरे दिवाकरो विप्रः षट्कर्मकर्मठः । तत्पुत्रः प्रभाकरः-स धातुं धमति, द्यूतं रमते, कुरुते कलिम् । स्वैरं भ्रमति सर्वत्र निरङ्कुश इव द्विपः ! स चैवं पित्रा शिक्षितः, वत्स ! व्यसनानि त्यज । यतः—

वैरवैश्वानरव्याधिवादव्यसनलक्षणा ।
महाऽनर्थाय जायन्ते, वकाराः पञ्च वर्धिताः ॥

अवगाहस्व शास्त्राणि, पिब काव्यरसामृतम् ।
शिक्षयस्व कलां धर्मं, कुरूद्धर निजं कुलम् ॥

इति शिक्षितोऽपि स प्रतिवक्ति—

न शास्त्रेण क्षुधा याति, न च काव्यरसेन तृट् ।
एकमेवार्जनीयं तु, द्रविणं निष्फलाः कलाः ॥

एवं तस्योल्लण्ठोक्तिभिर्दूनो दिवाकरो मौनेन स्थितः, पुनरपि मृत्युसमये वात्सल्यादाकार्य पुत्रमभाषत ।

वत्स ! यद्यपि ते नास्था, मम वाक्ये तथाऽप्यमुम् ।
गृहाण श्लोकमेकं तु समाधिमृतये मम ॥

कृतज्ञस्वामिसंसर्गमुत्तमस्त्रीपरिग्रहम् ।
कुर्वन्मित्रमलोभं च, नरो नैवावसीदति ॥

उत्तमैः सह साङ्गत्यं, पण्डितैः सह सङ्कथाम् ।
अलुब्धैः सह मित्रत्वं, कुर्वाणो नैव सीदति ॥

एनं श्लोकं प्रभाकरः पितुराग्रहाज्जग्राह, कालेन पिता परासुरभूत्, प्रभाकरोऽपि श्लोकपरीक्षाविधित्सया देशान्तरं व्रजन् क्वापि ग्रामे कृतघ्नं तुच्छप्रकृतिं सिंहाह्वं ग्रामठक्कुरमभजत्, तस्यैका दासी सर्वाधमा गृहिणी कृता, तत्रत्यो लोभनन्दिवणिक् निर्दाक्षिण्यमुख्योऽर्थैकलुब्धो मित्रमभूत् ।

एकदाऽऽकारितो राज्ञा, सिंहस्तेन समं ययौ ।
प्रभाकरो नृपं विद्वत्प्रियं ज्ञात्वेदमूचिवान् ॥१॥

मूर्खा मूर्खैः समं सङ्गं, गावो गोभिर्मृगा मृगैः ।
सुधीभिः सुधियो यान्ति, समशीले च मित्रता ॥

इत्युक्त्वा तुष्टेन राज्ञा बहुग्रामयुतं पुरं दीयमानं प्रभाकरेण सिंहाय दापितम्, एवमनेकधोपकृतः, दास्या अपि स्वर्णाभरणादि दत्तम्, लोभनन्दिरपि महर्द्धिकोऽकारि,

अथ सिंहस्य मयूरो जीवितादपि वल्लभोऽस्ति, तस्यामिषभक्षणदोहदो दास्याः प्रभाकरभार्याया जातो गर्भानुभावेन, प्रभाकरेणापि पितृश्लोकपरीक्षार्थं राजमयूरं क्वापि गुप्तीकृत्यान्यमयूरामिषेण दोहदोऽपूरि, अथ भोजनावसरे सिंहेन मयूरो विलोकितः सर्वत्र, क्वापि न लभ्यते, पटहो दापितः । दीनाराष्टशतं राजा दत्ते तस्मै यो मयूरं कथयतीत्यादि,

दास्या पटहं श्रुत्वा ममान्योऽपि भर्त्ता भविष्यतीति द्रव्यलुब्धया राज्ञे निवेदितम्, राजन् ! प्रभाकरोऽत्यासङ्गविनष्टोऽयं मया वारितोऽपि स्वामिनो मयूरं मद्दोहदपूरणायान्यमयूरमप्राप्य मारितवान् इति

दास्युक्तं श्रुत्वा क्रुद्धः सिंहवत्क्रूरः प्रभाकरधरणाय भटान् प्रैषीत्, प्रभाकरोऽपि ज्ञाततद्वृत्तान्तो भयभीतो मित्रगृहे गतो मां रक्ष मां रक्ष मित्र हे ! इति वदन् लोभनन्दिर्मित्रं प्राह, किं त्वया विनाशितं राज्ञः ? स उवाच, राज्ञो बर्ही भार्यार्थे हतः, ततो मित्राधमः प्राह, स्वामिद्रोहिणो भवतः क्व स्थानं ? ज्वलन्तं पूलकं स्वगृहे को निक्षिपेत् ? इत्यादिवदतो मित्रस्य गृहे यावत् प्रविशति तावता लोभनन्दिना बुम्बारवः कृतः । राजभटैरागत्य धृत्वा च राज्ञोऽग्रे नीतः, सिंहोऽपि भ्रुकुटिं कृत्वा प्राह, रे

विप्राधम ! मम मयूरमर्पय, अथवाऽभीष्टदैवतं स्मरेति हक्कितः, प्रभाकरः सदयं जगौ, हे देव ! त्वं मे पिता स्वामी शरणं च क्षमस्वैकमपराधं स्वसेवकस्येति विज्ञप्तोऽप्यधमप्रकृतित्वेन भटेभ्यो मारणायार्पितः, यावता ते किमपि विरूपं कुर्वन्ति तावता प्रभाकरेण मयूरः समर्पितो यथास्थितं स्वरूपं निवेद्य, तदनु–

स ऊचे दैवतप्रायं, पितुरेवं वचः स्मृतम् ।
यदतिक्रमणे सद्यो, ममाभूदीदृशं फलम् ॥

इत्युदित्वा सिंहमापृच्छ्याग्रतोऽचलत्, मार्गे गच्छंश्चिन्तितवान् । यथा–

वरं विहर्तुं सह पन्नगैर्भवेच्छठात्मभिर्वा रिपुभिः सहोषितम् ।
अधर्मयुक्तैश्चपलैरपण्डितैर्न पापमित्रैः सह वर्त्तितुं क्षमम् ॥

इहैव हन्युर्भुजगा हि रोषिता, धृतासयश्छिद्रमपेक्ष्य चारयः ।
असत्प्रवृत्तेन जनेन सङ्गतः, परत्र चैवेह च हन्यते जनः ॥

नृणां मृत्युरपि श्रेयान्, पण्डितेन सह ध्रुवम् ।
न राज्यमपि मूर्खेण, लोकद्वयविनाशिना ॥

क्रमेण च सुन्दरपुरे गतः । तत्र हेमरथो राजा, तत्पुत्रो गुणसुन्दरः,

त्यक्तकुव्यसनासङ्गः, कृतज्ञः कोविदः प्रियः ।
जनानुरागसुभगः, कुमारो गुणसुन्दरः ॥

पुराद्बहिः शस्त्राभ्यासपरो दृष्टः, प्रभाकरेण गत्वा सविनयं प्रणतः, कुमारेणापि प्रसन्नदृग्विलोकनादिकया पूजया पूजितः । यतः–

प्रसन्ना दृक् मनः शुद्धं, ललिता वाग् नतं शिरः ।
सहजार्थिष्वियं पूजा, विनाऽपि विभवं सताम् ॥

प्रभाकरोऽपि कुमारस्नेहालापादि दृष्ट्वा चिन्तितवान्–

अस्याहो ! विशदा मूर्त्तिर्मितं च मधुरं वचः ।
नव्यमौचित्यचातुर्यं, कटरे स्वच्छमात्मनः ॥
बाल्येऽपि मधुराः केऽपि, द्राक्षावत्केऽपि चूतवत् ।
विपाकेन कदाऽपीन्द्रवारुणीफलवत्परे ॥

"यत्राकृतिस्तत्र गुणाः" इति निश्चित्य तस्य कुमारस्य सेवाऽऽश्रिता, पुरान्तरावासो दापितः कुमारेण, उत्तमप्रकृतिः स्थैर्यविनयादिगुणा भार्या कृता ब्राह्मणी,

महेभ्यो वसन्तः सुहृत्कृतः परोपकारैकव्रतः पौरमुख्यः । क्रमेण पितरि विपन्ने गुणसुन्दरकुमारो राजाऽजनि, प्रभाकरो मन्त्री सर्वकार्यक्षमः एकदा हेडावित्तैर्जात्यतुरगौ ढौकितौ सल्लक्षणौ, परं विपरीतशिक्षितौ, तत्स्वरूपमज्ञात्वा राजामात्यौ तत्तुरगारूढौ पुराद्बहिर्वाह्याल्यां वाहयित्वा वेगजिज्ञासया कशाघातं चक्रतुस्तुरगयोः, ततस्तौ निर्गतौ वेगेन तथा यथा कोऽपि न मिलति, गतौ वनान्तः । गच्छता च मन्त्रिणा लब्ध-लक्षतयाऽऽमलक्यधोगतेनाऽऽमलकत्रयं गृहीतम्, वल्गामुक्तौ स्थितावश्वौ । राज्ञस्तृषा । मन्त्रिणैकमामलकं दत्तम् । क्षणान्तरेऽतितृषितस्य राज्ञो द्वितीयं, पुनस्तृतीयं च । एवमामलकत्रयेण कालक्षेपे पश्चात्सैन्यप्राप्तिः । ततः स्वस्थीभूय नगरागमनम् ।

अथ राज्ञः सुत पञ्चवर्षीयो मन्त्रिमन्दिरम् ।
क्रीडार्थं नित्यमायाति, बालहरिणसंयुतः ॥

एकदा मन्त्रिणा परीक्षार्थं स गुप्तीकृतः, भोजनावसरे सर्वत्र गवेषितः पुत्रः, परं क्वापि न लभ्यते, राजा घुणित इव तस्थौ, राजलोकोऽपि सर्वः कृष्णमुखोऽभूत्, केनाप्युक्तं, यदुत कुमारो मन्त्रिगृहं गतोऽभूत्, ततः सर्वेषां मनसि मन्त्रिणः शङ्का, मन्त्र्यपि राजकुलं न याति, पत्नी ब्रूते देव ! किमद्य राजकुले न गम्यते ?, मन्त्री प्राह, प्रिये ! राज्ञो मुखं दर्शयितुं न शक्नोमि, अद्य मया राजकुमारो हतः, भार्याऽऽह, किमिदं नाथ ! मन्त्री जगौ, ह्यस्त्वयोक्तं यदुत गर्भानुभावतोऽयं नृपाङ्गजो दृशोर्दाहाय वैरिवत् । ततो मयाऽद्य त्वत्समाधये हतोऽसौ ।

तदनु मनसि दह्यमाना मन्त्रिपत्नी शीघ्रं गत्वा वसन्तमित्राय ज्ञापितवती, मित्रोऽपि भृशं कृतज्ञतया न किञ्चिदेतत्, अहमेव राज्ञो भलामीति मन्त्रि-पत्नीमाश्वास्य राज्ञः पार्श्वे गतः, राज्ञो विज्ञप्तम्, देव ! अत्रार्थे न मन्त्रिणोऽपराधः, किं तु ममैवायं इत्याद्युक्त्या किञ्चिद्वक्ति तावन्मन्त्रिभार्याऽप्यागता, तयाऽपि मद्दोहदार्थमयं व्यतिकरो जातः, तदनु मन्त्र्यप्यायातः कम्पमानः, विज्ञप्तम्, राजन् ! ममैवापराधः सर्वः, मम प्राणाः ग्राह्याः, मदीयदुःखदुःखितो वसन्तः स्वापराधं कथयन्नस्ति, भार्याऽपि, ततो नृपश्चिन्तयति—अयं मन्त्री सर्वप्रकारहितः, प्राणद-श्चामलकप्रदानैः । मन्त्रिणं प्राह च लोकसमक्षम्—

मित्र ! त्वं यदि नादास्यस्तदा धात्रीफलानि मे ।
तदा क्वाऽहं ? क्व राज्यं च ?, क्व सुतः ? क्व परिच्छदः ? ॥
मन्त्र्याह सुप्रभो ! जज्ञे, कृतज्ञत्वं तवेयता ।
कार्य एव पुनर्दण्डः, पुत्ररत्नापहस्य मे ॥

एकमामलकं तर्हि वलितं त्रयमध्यतः इत्युक्ते नृपेण मन्त्री जगौ, देव !

**सर्वगुणाधार ! यद्येवं तर्ह्यस्त्वामलकत्रयी चिरं कुमारसहितो राज्यं कुरु, इत्युक्त्वा पुत्रः समानीयार्पितः । कुमारं दृष्ट्वा सर्वेषां हर्षः । किमेतत् ? इति राज्ञोक्ते मन्त्री पितुरादेशादारभ्य स्ववृत्तान्तं निखिलमाख्यातवान् । नृपोऽपि ज्ञातस्वरूपो लज्जितो मन्त्रिणमर्द्धासने निवेश्याह, हे मित्र ! यन्मयाऽमूल्यमपि आमलकत्रयं पुत्रतुल्यम-कारि तन्मर्षणीयमित्यादिप्रीतिवाक्यैरुज्जीवितः । प्रभाकरमन्त्री लब्धसुस्वाम्यादि-परीक्षो राज्ञा सह चिरं राज्यं पालयामास ॥**

## પ્રભાકરની કથા

વીરપુર નગરમાં ષટ્કર્મમાં તત્પર **દિવાકર** નામે બ્રાહ્મણ રહેતો હતો, તેને **પ્રભાકર** નામે એક પુત્ર હતો. તે કીમીયાગર, જુગારી, કજીયાખોર અને સર્વ ઠેકાણે નિરંકુશ હાથીની જેમ ઈચ્છા પ્રમાણે ભ્રમણ કરનાર હતો. તેના પિતાએ તેને આ પ્રમાણે શિખામણ આપી કે, "હે વત્સ ! તું વ્યસનનો ત્યાગ કર." જેને માટે કહ્યું છે કે :-

**"વૈર, વૈશ્વાનર (અગ્નિ), વ્યાધિ, વાદ અને વ્યસનરૂપ આ પાંચ વિકારો વૃદ્ધિ પમાડવાથી મહાન અનર્થ થાય છે."**

**માટે હે વત્સ ! શાસ્ત્રોનું અવગાહન કર, કાવ્યરસરૂપ અમૃતનું પાન કર, કળાઓનો અભ્યાસ કર, ધર્મ કર અને પોતાના કુળનો ઉદ્ધાર કર."**

એવી રીતે તેના પિતાએ શિખામણ આપી તો તેને સામો ઉત્તર આપ્યો કે–

**શાસ્ત્રાભ્યાસથી કંઈ ક્ષુધા મટતી નથી, કાવ્યરસથી કંઈ તૃષા શમતી નથી, માટે એકલા ધનને જ ઉપાર્જન કરવું જોઈએ, બીજી કળાઓ તો ફલ વિનાની છે.**

આ પ્રમાણે તેની ઉદ્ધતાઈ ભરેલી યુક્તિઓથી દુઃખી થયેલા પિતા દિવાકર મૌન રહ્યા, પછી દિવાકરે પોતાના મૃત્યુ સમયે બીજી વખત સ્નેહથી પુત્રને બોલાવી આ પ્રમાણે કહ્યું, 'હે પુત્ર ! યદ્યપિ મારા વચન ઉપર તને શ્રદ્ધા નથી તો પણ મારું સમાધિથી મૃત્યુ થાય તે માટે આ શ્લોક તું ગ્રહણ કર–

**કૃતજ્ઞ સ્વામીનો સંસર્ગ, ઉત્તમ સ્ત્રીનો સંગ્રહ અને નિર્લોભી પુરુષની મૈત્રી કરનાર પુરુષ કદીપણ દુઃખી થતો નથી. ૧.**

**ઉત્તમ પુરુષોની સાથે સંગતિ કરનાર, પંડિતોની સાથે ગોષ્ઠી કરનાર, અને ઉદાર-પુરુષોની સાથે મૈત્રી કરનાર પુરુષ કદી પણ દુઃખી થતો નથી. ૨.**

આ શ્લોક પ્રભાકરે પિતાના આગ્રહથી ગ્રહણ કર્યો. કેટલાક સમય પછી તેના પિતા મૃત્યુ પામ્યા. પછી પ્રભાકર તે શ્લોકની પરીક્ષા કરવાના ઈરાદાથી દેશાંતર જતા

કોઈ એક ગામમાં કૃતઘ્ન અને તુચ્છ પ્રકૃતિવાળા **સિંહ** નામના ઠાકોરની સેવા કરવા લાગ્યો, પ્રભાકરે તે જ ઠાકોરની સૌથી અધમ દાસીનો ભાર્યા તરીકે સ્વીકાર કર્યો, અને તે જ ગામના રહેવાસી, નિર્દાક્ષિણ્યશિરોમણિ તથા કેવળ ધનમાં જ લુબ્ધ થયેલા **લોભનંદી** નામે વણિકને પોતાનો મિત્ર કર્યો.

એક વખતે ઉપરી રાજાએ સિંહને બોલાવવાથી તે પ્રભાકરની સાથે રાજા પાસે ગયો. પ્રભાકર રાજાને પંડિતપ્રિય સમજી આ પ્રમાણે બોલ્યો કે,–

**મૂર્ખો મૂર્ખોની સાથે, વૃષભ વૃષભની સાથે, હરિણો હરિણોની સાથે અને સદ્‌બુદ્ધિવાળા સદ્‌બુદ્ધિવાળાની સાથે સંગતિમાં આવે છે. માટે મિત્રતા સમાન શીલવાળાની સાથે જ હોવી જોઈએ.' ૧.**

પ્રભાકરની આ યુક્તિથી સંતુષ્ટ થયેલા રાજાએ ઘણા ગામો સહિત એક નગર આપવા માંડ્યું પણ તે નહીં લેતાં પ્રભાકરે સિંહને અપાવ્યું.

એવી રીતે પ્રભાકરે સિંહ ઉપર અનેક પ્રકારે ઉપકારો કર્યા, દાસીને સુવર્ણનાં આભરણ વગેરે આપ્યાં, લોભનંદીને પણ મહર્દ્ધિક બનાવ્યો.

હવે, સિંહ પાસે પોતાના જીવથી પણ અધિક વહાલો એક મયૂર હતો. તેનું માંસ ખાવાનો દોહદ પ્રભાકરની દાસી ભાર્યાને ગર્ભના પ્રભાવથી ઉત્પન્ન થયો. પ્રભાકરે પિતાના આપેલા શ્લોકની પરીક્ષા માટે રાજાના મયૂરને કોઈ ઠેકાણે સંતાડી બીજા મયૂરના માંસથી દોહદ પૂર્ણ કર્યો. હવે સિંહે ભોજન વખતે મયૂરનો ચારે તરફ તપાસ કરતાં કોઈ પણ ઠેકાણેથી મળ્યો નહીં, ત્યારે તેણે ગામમાં પડહો વગડાવ્યો કે, 'જે પુરુષ મોરની ખબર આપશે તેને રાજા એકસો આઠ સોનામહોર આપશે,'

એવી રીતનો પડહો સાંભળી 'મને બીજો સ્વામી મળી આવશે.' એમ ધારી ધનમાં લુબ્ધ થયેલી દાસીએ રાજાને કહ્યું કે, 'હે રાજન્ ! મેં અટકાવ્યા છતાં પણ અત્યંત વિષયાસક્તિમાં નષ્ટ થયેલા આ પ્રભાકરે મારો દોહદ પૂર્ણ કરવા માટે બીજો મોર નહીં મળવાથી તમારા મોરને મારી નાંખ્યો છે.'

એવું દાસીનું કહેવું સાંભળી સિંહની જેમ ક્રૂર અને ક્રોધયુક્ત થયેલા સિંહે પ્રભાકરને પકડવા સુભટો મોકલ્યા. તે વૃત્તાંત જાણી ભયભીત થયેલો પ્રભાકર મિત્રને ઘેર ગયો, અને કહેવા લાગ્યો કે, 'હે મિત્ર ! મારી રક્ષા કર ! એમ બોલતાં પ્રભાકરને લોભનંદીએ કહ્યું કે, 'તેં રાજાનું શું નુકસાન કર્યું છે ?'

**પ્રભાકર**-મેં મારી પત્ની માટે રાજાનો મોર મારી નાંખ્યો છે.

મિત્રાધમ લોભનંદી-'સ્વામીનો દ્રોહ કરનાર, તારે માટે સ્થાન ક્યાં છે ? બળતા

ઘાસના પૂળાને પોતાના ઘરમાં કોણ રાખે ?' ઈત્યાદિ બોલનાર મિત્રના ઘરમાં જેટલામાં પ્રવેશ કરે છે તેટલામાં લોભનંદીએ બૂમાબૂમ કરી એટલે રાજાના સુભટો આવી તેને પકડી રાજા આગળ લઈ ગયા. તેને જોઈ ભ્રકુટી ચઢાવી સિંહ તિરસ્કાર પૂર્વક બોલ્યો કે, 'હે વિપ્રાધમ ! મારા મોરને આપી દે અથવા ઈષ્ટ દેવતાનું સ્મરણ કરી લે.' તે વખતે પ્રભાકર દયામણો થઈ બોલ્યો કે, 'હે રાજન્ ! તમે મારા પિતા, સ્વામી અને શરણ રૂપ છો તેથી મારા આ સેવકનો એક અપરાધ ક્ષમા કરો.'

એ પ્રમાણે વિનંતી કરી તો પણ અધમ પ્રકૃતિને લીધે તેને મારી નાંખવાને સુભટોને સોંપી દીધો. તેઓએ તેનું કાંઈ પણ અનિષ્ટ કરવાની તૈયારી કરી તેટલામાં પ્રભાકરે સાચી વાત જણાવીને મોર સોંપી દીધો.

**તે પછી પ્રભાકર બોલ્યો કે, 'પિતાનું વચન દેવ સમાન કહેલું છે, જેનું ઉલ્લંઘન કરવાથી મને તત્કાળ આવું ફળ પ્રાપ્ત થયું.' ૧.**

આ પ્રમાણે કહી સિંહની રજા લઈ પ્રભાકર આગળ ચાલ્યો. રસ્તામાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો–

**"સર્પોની સાથે વિચરવું અને શઠ પુરુષો તથા શત્રુઓની સાથે વાસ કરવો સારો છે, પણ ધર્મહીન, ચપળ, મૂર્ખ અને પાપી મિત્રોની સાથે વર્તન કરવું યોગ્ય નથી. ૧.**

**ગુસ્સે થયેલા સર્પો અને ખડ્ગને ધારણ કરનાર શત્રુઓ તો છિદ્રને જોઈ આ લોકમાં જ હણનારા થાય છે, પણ અસત્પ્રવૃત્તિવાળા પુરુષની સાથે સંગતિ કરનાર પુરુષ ઉભય લોકમાં હણાય છે. ૨.**

**પંડિતની સાથે રહેતાં મનુષ્યોનું મરણ થાય તે પણ ખરેખર કલ્યાણકારી છે, પરંતુ ઉભય લોકનો નાશ કરનાર મૂર્ખની સાથે રહેતાં રાજ્ય હોય તે પણ સારું નથી." ૩.**

અનુક્રમે પ્રભાકર **સુંદરપુરમાં** ગયો, ત્યાં **હેમરથ** નામે રાજા હતો, તેને કુવ્યસનનો ત્યાગ કરનાર, કૃતજ્ઞ, વિદ્વાનપ્રિય અને લોકોનો પ્રેમ સંપાદન કરવામાં કુશળ એવો **ગુણસુંદર** નામે પુત્ર હતો. શસ્ત્રાભ્યાસ કરવામાં તત્પર થયેલા તેને પ્રભાકરે નગરની બહાર જોયો. તેની પાસે જઈ પ્રભાકરે વિનય પૂર્વક પ્રણામ કર્યો. તે જોઈ કુમારે પણ પ્રસન્ન દષ્ટિથી અવલોકન કરવા રૂપ પૂજાથી પ્રભાકરની પૂજા કરી. કહ્યું છે કે :-

**"પ્રસન્ન દષ્ટિ, નિર્મળ અંતઃકરણ, સુંદર વાણી અને નમ્રીભૂત મસ્તક એ સત્પુરુષોની અર્થિપુરુષોને વિષે સંપત્તિ વગરની સ્વાભાવિક પૂજા ગણાય છે."**

**કુમારના સ્નેહ યુક્ત આલાપ વગેરે જોઈ પ્રભાકર વિચાર કરવા લાગ્યો કે,**

**અહો ! આ કુમારની નિર્મળ મૂર્તિ, મિત અને મધુર વચન, નવીન ઔચિત્ય, ચાતુર્યતા અને આત્માની નિર્મળતા કેવી આશ્ચર્યજનક છે !**

**કેટલાક પુરુષો બાલ્યાવસ્થાથી જ દ્રાક્ષની જેમ મધુર હોય છે, કેટલાક આમ્ર વૃક્ષની જેમ કાલાંતરે મધુરતાને પ્રાપ્ત થાય છે, અને કેટલાક તો ઈંદ્રવારૂણીના ફળની જેમ વિપાકથી (પાકવાથી) કદી પણ મધુર થતા નથી, જ્યાં આકૃતિ હોય ત્યાં ગુણો વાસ કરી રહે છે.' આ પ્રમાણે નિશ્ચય કરી પ્રભાકર તેની સેવા કરવા લાગ્યો. તેથી કુમારે તેને રહેવા નગરની અંદર એક મકાન અપાવ્યું. પછી પ્રભાકરે ઉત્તમ સ્વભાવવાળી, સ્થિરતાવાળી અને વિનયાદિક ગુણવાળી એક બ્રાહ્મણીને પોતાની ભાર્યા કરી, તથા મહાન્ ધનાઢ્ય, પરોપકારરૂપ વ્રતને ધારણ કરનાર અને પુરજનોમાં મુખ્ય એવા વસંત નામના વણિકને મિત્ર કર્યો.**

અનુક્રમે પિતા મરણ પામતાં ગુણસુંદર કુમાર રાજા થયો, અને સર્વ કાર્ય કરવામાં સમર્થ પ્રભાકર મંત્રી થયો. એક વખતે અશ્વના વેપારીઓએ બે જાતિવંત ઘોડાઓ રાજાને ભેટ કર્યા. તે ઉત્તમ લક્ષણવાળા હતા પરંતુ વિપરીત શિક્ષાને પામેલા હતા. તે વાત ખ્યાલમાં ન હોવાને લીધે રાજા અને મંત્રી બન્ને ઘોડા ઉપર આરુઢ થઈ નગરની બહાર જઈ અશ્વો ખેલાવવાના સ્થાનમાં અશ્વોને ખેલાવી વેગ જાણવાની ઈચ્છાથી તે બન્નેએ અશ્વોને ચાબુકનો પ્રહાર કર્યો તેથી તે બન્ને એટલા તો વેગથી ચાલી નીકળ્યા કે કોઈ પણ તેઓની ગતિને પહોંચી શકે નહીં.

અનુક્રમે વનમાં આમળાંના વૃક્ષ નીચેથી પસાર થતા નિશાનબાજ મંત્રીએ ત્રણ આમળાં ગ્રહણ કરી લીધાં. પછી તેમણે લગામો મૂકી દીધી એટલે એકદમ બન્ને અશ્વો ઊભા રહ્યા. આ વખતે રાજાને તૃષા લાગી હતી તેથી મંત્રીએ એક આમળું આપ્યું, ક્ષણવારમાં અતિ તૃષાતુર થયેલા રાજાને બીજું અને ત્રીજું આમળું આપ્યું. એવી રીતે ત્રણ આમળાથી કાળક્ષેપ કરતાં પાછળ રહેલું સૈન્ય આવી પહોંચ્યું. પછી સ્વસ્થ થઈ નગરમાં આવી પહોંચ્યા.

હવે ગુણસુંદર રાજાને એક પાંચ વર્ષનો પુત્ર હતો તે બાળ હરિણને સાથે લઈ હમેશાં મંત્રીના મકાનમાં ક્રીડા કરવા આવતો હતો.

એક વખતે મંત્રીએ રાજાની પરીક્ષા કરવા માટે કુમારને સંતાડી દીધો. રાજાએ ભોજન વખતે કુમારની સર્વ ઠેકાણે તપાસ કરાવી પરંતુ કોઈ પણ ઠેકાણેથી તે મળ્યો નહીં. તેથી ભ્રમિત થયેલાની જેમ રાજા સ્થિર થઈ ગયો, અને રાજાનો સઘળો પરિવાર પણ શ્યામમુખ બની ગયો.

આ અરસામાં કોઈએ કહ્યું કે "કુમાર મંત્રીને ઘેર ગયો હતો." તેથી સર્વ

લોકોના ચિત્તમાં મંત્રી ઉપર શંકા થઈ. મંત્રી પણ રાજસભામાં ગયો નહિ તેથી તેની પત્ની બોલી કે "હે સ્વામિન્ ! આજે રાજસભામાં કેમ ગયા નથી ?" મંત્રીએ જવાબ આપ્યો કે "હે પ્રિયે ! હું રાજાને મુખ દેખાડવા સમર્થ નથી, કારણ કે આજે મેં રાજકુમારને મારી નાંખ્યો છે." પત્નીએ કહ્યું કે "હે નાથ ! શા માટે ?" મંત્રીએ જવાબ આપ્યો કે "ગઈ કાલે તેં કહ્યું હતું કે 'ગર્ભના પ્રભાવથી આ રાજાનો પુત્ર શત્રુની જેમ મારા નેત્રોને દાહ ઉત્પન્ન કરે છે.' તેથી મેં તારી ચિત્તની સમાધિ માટે તેને મારી નાંખ્યો છે." તે પછી ચિત્તમાં બળાપો કરતી મંત્રીપત્ની એકદમ વસંત મિત્રને ઘેર જઈ તેને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો.

મિત્ર અત્યંત કૃતજ્ઞ હોવાથી 'આ વાતમાં કાંઈ નથી. હું પોતે જ રાજાને ભેગો થઈશ.' એવી રીતે મંત્રીપત્નીને આશ્વાસન આપી પોતે રાજા પાસે ગયો, અને રાજાને વિનંતી કરી કે 'હે દેવ ! આ બાબતમાં મંત્રીનો બિલકુલ અપરાધ નથી. કિંતુ આ વિષયમાં મારો પોતાનો જ અપરાધ છે.' એવી રીતે યુક્તિથી કાંઈક બોલે છે તેટલામાં મંત્રીની પત્ની પણ આવી પહોંચી અને તેણે જણાવ્યું કે 'મારો દોહદ પૂર્ણ કરવા માટે આ બિના બનેલી છે.' તે પછી મંત્રી પણ આવી પહોંચ્યો અને કંપાયમાન શરીરવાળા તેણે વિનંતી કરી કે 'હે રાજન્ ! મારા દુઃખથી દુઃખી થયેલો વસંત અને મારી પત્ની પોતાનો અપરાધ જાહેર કરે છે, પરંતુ સઘળો અપરાધ મારો જ છે, તેથી મારા પ્રાણો ગ્રહણ કરવા જોઈએ.'

તે પછી રાજા વિચાર કરવા લાગ્યો કે, 'આ મંત્રી બધી રીતે મારું હિત કરનાર અને આમળા આપી મને જીવિતદાન આપનાર છે.' એમ વિચારી રાજાએ લોક સમક્ષ મંત્રીને કહ્યું કે

**'હે મિત્ર ! તે વખતે તેં મને આમળાના ફળ ન આપ્યાં હોત તો હું ક્યાંથી, આ રાજ્ય ક્યાંથી, પુત્ર ક્યાંથી અને પરિવાર પણ ક્યાંથી હોત.' ૧.**

**મંત્રીએ કહ્યું કે, 'હે સ્વામિન્ ! આમ કહેવાથી તમારી કૃતજ્ઞતા પ્રગટ થાય છે, પણ તમારા પુત્ર રૂપી રત્નનો નાશ કરનાર મને તો દંડ આપવો જ જોઈએ.' ૨.**

ત્યારે રાજાએ કહ્યું, 'જો એમ છે તો ત્રણ આમળામાંથી એક આમળું વળી ગયું.' એટલે મંત્રી બોલ્યો કે, 'હે દેવ ! હે સર્વ ગુણાધાર ! જો એ પ્રમાણે છે તો ત્રણ આમળાં રહેવા દો અને તમે કુમારની સાથે ચિરકાળ સુધી રાજ્ય કરો.' એમ બોલી કુમારને લાવી રાજાને અર્પણ કર્યો. તે અવસરે કુમારને જોઈ સર્વને આનંદ થયો.

'હે મંત્રિન્ ! આ શું ? એમ રાજાએ પૂછ્યું એટલે મંત્રીએ પિતાના આદેશથી લઈને પોતાનું સંપૂર્ણ વૃત્તાંત કહી સંભળાવ્યું. તેના આ સ્વરૂપને જાણી લજ્જા પામેલા

રાજાએ મંત્રીને અર્ધાસન પર બેસાડી કહ્યું કે 'હે મંત્રિ ! મેં જે અમૂલ્ય આમળાંની પુત્ર સમાન તુલના કરી તે ક્ષમા કરવી.' ઇત્યાદિ પ્રીતિયુક્ત વાક્યોથી પ્રભાકરને ખુશી કર્યો. પછી ઉત્તમ સ્વામી વગેરેની પરીક્ષા જેણે કરી છે એવા પ્રભાકર મંત્રીએ રાજા સાથે રહી ચિરકાળ રાજ્યનું પાલન કર્યું.

હવે ગ્રંથકારશ્રી આ ગુણની સમાપ્તિ કરતાં જણાવે છે કે

**प्रभाकरस्यैव समीक्ष्य साक्षात्फलानि सङ्गात्सदसज्जनानाम् ।**
**विवेकिना सौख्यगुणाद्यवाप्त्यै, कार्यः सदा सज्जनसङ्गरङ्गः ॥७३॥**

**"વિવેકી મનુષ્યે સજ્જન તથા દુર્જનના સંગથી જે ફળો પ્રાપ્ત થાય છે તેને પ્રભાકરની જેમ સાક્ષાત્ જોઈ સુખ અને ગુણ વગેરેને મેળવવા માટે હંમેશાં સજ્જનનો સંગ કરવો ઉચિત છે. ૭૩"**

**इति अष्टमो गुणः ॥**

●●●

## ૯

# નવમો ગુણ—માતા-પિતાની પૂજા

હવે, માતાપિતાની પૂજા કરવા રૂપ નવમો ગુણ વર્ણવે છે.

**तथा मातापित्रोः पूजकस्त्रिसन्ध्यं प्रणामादिकरणेन । यतः—**

"**मातापित्रोश्च पूजकः**"—ગૃહસ્થોએ માતાપિતાની પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયંકાળે પ્રણામાદિ પૂજા કરવી જોઈએ. કહ્યું છે કે—

> **मातृपित्रादिवृद्धानां, नमस्कारं करोति यः ।**
> **तीर्थयात्राफलं तस्य, तत्कार्योऽसौ दिने दिने ॥** [इति लौकिके]

**"જે પુરુષ માતા, પિતા તથા વડીલ વર્ગને નમસ્કાર કરે છે તેને તીર્થયાત્રા જેટલું ફળ થાય છે, તેથી દરરોજ તેમને નમસ્કાર કરવો જોઈએ."**

**ભાવાર્થ**—પૂજ્ય વર્ગમાં અગ્રેસર માતાપિતા છે. જેમ દેવપૂજા ત્રણ વાર કરવાની શાસ્ત્રમાં આજ્ઞા છે, તેમ માતાપિતા, વડીલ બંધુવર્ગ અને વૃદ્ધ કુટુંબ વર્ગ વગેરેને પણ દિવસમાં ત્રણ વાર નમસ્કાર કરવાની આજ્ઞા છે. માટે તેમને હંમેશાં નમસ્કાર કરવો જોઈએ. **જે પુરુષો પોતાના પરોપકારી પૂજ્ય વર્ગની અવગણના કરે છે તે કદી પણ ધર્મ પામવાને લાયક થતો નથી.** જે માતાપિતાએ આપણા ઉપર અગાધ ઉપકાર કરેલો છે તેનો બદલો કોઈ પણ રીતે વાળી શકાતો નથી. તેને માટે જૈનાગમમાં જણાવેલી વાત આજ ગુણમાં આગળ જણાવેલી છે, તેથી અહીંયાં એટલું જ કહેવાનું કે માતા પિતાનું પૂજન કરનાર ઘેર બેઠાં તીર્થયાત્રાનું ફળ પ્રાપ્ત કરે છે, માટે હમેશાં ત્રણ વાર માતા પિતા વગેરે પૂજ્ય વર્ગને ધર્મ જિજ્ઞાસુ પુરુષોએ અવશ્ય નમસ્કાર કરવા જોઈએ.

સાંપ્રત કાળમાં ગુજરાત દેશમાં માતાપિતાને નમસ્કાર કરવા રૂપ પ્રચાર બહુધા લુપ્ત થઈ ગયો છે. પરંતુ આ પ્રચાર દક્ષિણ, મારવાડ અને પંજાબ વગેરે દેશોમાં દૃષ્ટિગોચર થાય છે. પણ જેવી રીતે શાસ્ત્રકાર ફરમાવે છે તેવી રીતે શ્રદ્ધા અને વિનયપૂર્વક જોવામાં આવતો નથી. તો જેને શ્રાવકધર્મને યોગ્ય થવું હોય તેણે શાસ્ત્રકારના ફરમાન મુજબ માતાપિતાદિક પૂજ્ય વર્ગનું નમસ્કાર રૂપ પૂજન અવશ્ય કરવું જોઈએ. 'માતાપિતાને નિરંતર નમસ્કાર કરનાર.' એ વિશેષણથી સ્પષ્ટ જણાય છે કે

તેઓની આજ્ઞાનો ભંગ તો કદીપણ કરી શકાય જ નહીં. કારણ કે વૃદ્ધોની આજ્ઞાનુસાર વર્તન કરવું તેને જ શાસ્ત્રકારે પૂજન કહેલું છે.

કેટલાક કુપુત્રો નાની વાતમાં માતાપિતાની સામે થઈ તેમનાં હિતકારી અને અમૂલ્ય વચનોની અવજ્ઞા કરે છે. તેમનું નમસ્કાર અને આજ્ઞાપાલન રૂપ પૂજન તો દૂર રહ્યું, પણ અવસર આવે તેમના શરીર ઉપર પ્રહાર કરતાં પણ ખચકાતા નથી. આવા જીવો પ્રાયે કરી ધર્મને અયોગ્ય હોય છે, અને તે પરલોકમાં જરૂર દુર્ગતિને પામે છે. તો વિવેકી પુરુષોએ માતાપિતાની અવજ્ઞા કરનાર અધમ પુરુષનો સંસર્ગ પણ કરવો વ્યાજબી નથી. કોઈ કારણસર અથવા અજ્ઞાનતાને લીધે અથવા માતાપિતાનો ભક્ત છે' એમ લોકોને બતાવવા ખાતર નહીં, પણ અંતઃકરણની સાચી ભક્તિથી પૂજ્ય વર્ગની પૂજામાં જોડાવું જોઈએ, કારણ કે પ્રાણી માત્રને સંસારમાંથી તારનાર સ્થાવર અને જંગમ એમ બે તીર્થો કહ્યાં છે, તેમાં સ્થાવર તીર્થોની સાથે માતાપિતાની સામ્યતા બતાવી છે.

જો કે ગ્રંથકર્તાએ સ્મૃતિ પુરાણાદિકનાં વચનો ટાંકી માતાપિતાને સ્થાવર તીર્થોથી પણ અધિક શ્રેષ્ઠ બતાવ્યા છે, તોપણ ઉપરનો શ્લોક જોતાં માતાપિતાની શત્રુંજયાદિ તીર્થોની સાથે સામ્યતા બતાવી છે તેને તો કોઈ પણ ના કહી શકે તેમ નથી. આ ઠેકાણે તાત્પર્યાર્થ એવો છે કે, જે પુરુષ હમેશાં માતાપિતાની નમસ્કાર રૂપ પૂજા કરનાર હોય છે તેજ પુરુષ વિધિપૂર્વક તીર્થયાત્રા અને તીર્થોનું બહુમાન વગેરે કરી શકે છે. માટે માતાપિતાના પૂજક થઈ હંમેશાં તીર્થયાત્રા જેટલું ફળ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થવું જોઈએ.

**तथा परलोकहितानुष्ठानादौ नियोजनेन सकलैहिकामुष्मिकव्यापारेषु तदाज्ञया प्रवृत्त्या वर्णगन्धादिप्रधानपुष्पफलादिवस्तूपढौकनेन तद्भोगे भोगेन नवान्नवस्त्रादीनामन्यत्र तदनुचितादिति, माता च पिता च मातापितरौ । 'आ द्वन्द्वे' इत्यात्वम् । मातुश्चाभ्यर्हितत्वात् पूर्वनिपातः । यन्मनुः**—[અ.૨ શ્લોક ૧૪૫થી ૧૪૯]

**શબ્દાર્થ—વળી તેમને પરલોકમાં હિતકારી અનુષ્ઠાનને વિષે જોડવાથી, આલોક તથા પરલોકના સંપૂર્ણ વ્યાપારોની અંદર તેમની આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી, ઉત્તમ વર્ણ અને ગંધયુક્ત પુષ્પ તથા ફળ વગેરે વસ્તુની ભેટ મૂકવાથી અને નવીન અન્ન તથા વસ્ત્રાદિ તેમના ઉપભોગમાં આવ્યા પછી ઉપયોગમાં લેવાથી માતા-પિતાની પૂજા થાય છે. આથી વિપરીત કરવું તે અનુચિત છે. "मातापितरौ" એ વાક્યમાં द्वन्द्वसमास થયેલો છે. તેથી માતૃ શબ્દમાં આ ઉમેરાય છે, અને પિતાથી માતા વિશેષ પૂજનીક હોવાથી માતા શબ્દનો પૂર્વમાં નિપાત કર્યો છે, જે કારણથી મનુ કહે છે કે :-**

**उपाध्यायाद्दशाचार्य, आचार्याणां शतं पिता ।**
**सहस्त्रं तु पितुर्माता गौरवेणातिरिच्यते ॥१॥**

अष्टषष्टिश्च तीर्थानि, त्रयस्त्रिंशत्कोटिदेवताः ।
अष्टाशीतिसहस्त्राणि[१], मातुः पादे वसन्ति च ॥२॥

पतिता गुरवस्त्याज्या, माता नैव कदाचन ।
गर्भधारणपोषाभ्यां, तेन माता गरीयसी ॥३॥

तीर्थानामष्टषष्टिर्या, प्रोक्ता स्मृतिषु भारत ! ।
तेषु भागीरथी श्रेष्ठा, ततोऽपि जननी मता ॥४॥

श्राद्धाधिकारे–

मातुः श्राद्धं तु पूर्वं स्यात्पितृणां तदनन्तरम् ।
ततो मातामहादीनां, वृद्धश्राद्धेष्वयं क्रमः ॥५॥

"દશ ઉપાધ્યાય કરતાં એક આચાર્ય, સો આચાર્ય કરતાં એક પિતા અને હજાર પિતા કરતાં એક માતા ગૌરવતામાં અધિક છે."

વળી અડસઠ તીર્થો, તેત્રીશ ક્રોડ દેવતા, અને અઠ્યાશી હજાર ઋષિઓ માતાના ચરણમાં વસે છે. વડિલો પતિત થયા હોય તો તેમનો ત્યાગ કરવો ઉચિત છે, પરંતુ માતા ગર્ભ ધારણ અને પોષણ કરવાથી વિશેષ ઉપકારી છે, માટે માતાનો કદી પણ ત્યાગ કરવો નહિ.

હે ભારત ! સ્મૃતિઓમાં જે અડસઠ તીર્થો કહ્યા છે તેનાથી ગંગા શ્રેષ્ઠ છે, અને માતા તો તેનાથી પણ અધિક શ્રેષ્ઠ ગણાય છે. શ્રાદ્ધના અધિકારમાં પ્રથમ માતાનું, તે પછી પિતાનું અને તે પછી માતામહ વગેરેનું શ્રાદ્ધ કરવામાં આવે છે. આ પ્રમાણે વૃદ્ધના શ્રાદ્ધ કરવામાં ક્રમ બતાવ્યો છે.. વળી કહ્યું છે કે :-

आस्तन्यपानाजननी पशूना-मादारलम्भावधि चाधमानाम् ।
आगेहकर्म्मावधि मध्यमाना-माजीविता तीर्थमिवोत्तमानाम् ॥

**"પશુઓને જ્યાં સુધી સ્તનપાન કરાવે ત્યાં સુધી, અધમ પુરુષોને સ્ત્રીની પ્રાપ્તિ થાય ત્યાં સુધી, મધ્યમ પુરુષોને ઘરનું કામ કરે ત્યાં સુધી અને ઉત્તમ પુરુષોને જ્યાં, સુધી જીવે ત્યાં સુધી માતાને તીર્થ રૂપ માને છે."**

વળી આગમમાં પણ કહ્યું છે કે :-

**तथाऽऽगमश्च–**

"तिण्हं दुप्पडिआरं समणाउसो । तं जहा–अम्मापिउणोभट्टिदायगस्स धम्मायरियस्स संपाउवीयणं केइ पुरिसे अम्मापियरं सयपागसहस्सपागतिल्लेहिं अब्भंगेहिं सुरभिणा गंधट्टएण

१. ऋषीणामिति ज्ञेयम् ।

उव्वटित्ता तिहिं उदगेहिं मज्जावित्ता सव्वालंकारविभूसिअं करित्ता मणोन्नं थालीपागसुद्धं अट्ठारसवंजणाउलं भोअणं भोआवित्ता जावज्जीवं पिट्ठिवडिंसि-आए परिवहिज्जा तेणावि तस्स अम्मापिऊस्स दुप्पडिआरं हवइ ।

अहे णं से तं जहा अम्मापिअरं केवलिपन्नत्ते धम्मे आघवइत्ता पन्नवइत्ता परूवइत्ता ठावइत्ता भवइ, तेणामेव अम्मापिऊस्स सुप्पडिआरं भवइ ।

केइ तहारूवस्स समणस्स वा माहणस्स वा अंतिअं आगमविआरं धम्मिअं सुवयणं सुच्चा निसम्म कालमासे कालं किच्चा अन्नयरेसु देवलोएसु देवत्ताए उववन्ने । तए णं से देवे तं धम्मायरियं दुब्भिक्खाओ देसाओ वा सुभिक्खं देसं साहरिज्जा, कंताराओ वा निक्कंतारं करिज्जा, दीहकालिएणं वा रोगायंकेण वा अभिभूयं विमोइज्जा, तेणावि तस्स धम्मायरियस्स दुप्पडियारं हवइ । अहेणं से तं धम्मायरियं केवलिपन्नत्ताओ धम्माओ भट्ठं समाणं भुज्जो भुज्जो केवलिपन्नत्ते धम्मे आघवइत्ता जाव ठावइत्ता भवइ तेणामेव तस्स धम्मायरियस्स सुप्पडियारं भवइ ॥''

## प्रभुवीरकथा

अत एव जगद्गुरुः श्रीवीरजिनः केवलदिवाकरः स्वब्राह्मणपित्रोः प्रतिबोधार्थं ब्राह्मणकुण्डग्रामे समवसृतः, देवानन्दाऋषभदत्तयोरागमनं वन्दनार्थम्, श्रीवर्द्धमानजिनदर्शने देवानन्दायाः स्तन्यागमः, गौतमादिपृच्छा, शक्रादिसभायां पूर्वमातेयमस्माकम्, कथम् ? इति पृष्टे गर्भावतारशक्रादिष्टनैगमेषिसंहरणादिपूर्ववृत्तान्तकथनम्, पित्रोः प्रतिबोधः, प्रव्रज्यादानम्, [एकादश] ११ अङ्गपठनम्, केवलज्ञानम्, । मोक्षेऽपि क्रमेण । यदुक्तम्–

શબ્દાર્થ—હે શ્રમણ ! હે આયુષ્યમાન્ ! માતાપિતા, સ્વામી અને ધર્માચાર્ય એ ત્રણ જણનો બદલો દુઃખે કરી વાળી શકાય છે. તેમાં કોઈ કુલીન પુરુષ હમેશાં પ્રાતઃકાળમાં માતા-પિતાના શરીરને શતપાક તથા સહસ્રપાક તેલથી મર્દન કરી, સુગંધવાળા ચૂર્ણથી ઉદ્વર્તન કરી, ગંધોદક, ઉષ્ણોદક અને શીતોદક એ ત્રણ પ્રકારના જળથી સ્નાન કરાવી, સર્વ અલંકારોથી વિભૂષિત કરી, અઢાર પ્રકારના વ્યંજન (શાક દાળ) વગેરે યુક્ત અને મનોજ્ઞ તથા તપેલી વગેરેમાં રાંધવાથી બરોબર પરિપક્વ થયેલું ભોજન જમાડી જ્યાં સુધી જીવે ત્યાં સુધી માતાપિતાને પોતાની પીઠ ઉપર ઉપાડીને ફરે તો પણ માતા-પિતાનો પ્રત્યુપકાર થતો નથી, અર્થાત્ માતા-પિતાના ઉપકારનો બદલો વળતો નથી.

વળી જો તે કુલીન પુરુષ માતા-પિતાને ધર્મ સંભળાવી, ધર્મનો બોધ કરી અને ધર્મના ભેદો સમજાવી, કેવળજ્ઞાનીના કથન કરેલા ધર્મમાં સ્થાપન કરે, તો માતા-પિતાના ઉપકારનો બદલો વળે. (સ્વામી-સેવકના સંબંધમાં પણ ઉપરની માફક યથાયોગ્ય જાણી લેવું).

વળી કોઈ સુગુણ પુરુષ ઉત્તમ ગુણવાળા સાધુ અથવા શ્રાવક પાસેથી શાસ્ત્રાનુસાર ધર્મ સંબંધી ઉત્તમ વાક્ય શ્રવણ કરી તથા મનથી ધારણ કરી આયુષ્ય સમાપ્ત થતાં મરણ પામી કોઈ પણ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો હોય તે વખતે તે દેવ પોતાના ધર્માચાર્યને દુર્ભિક્ષદેશથી સુભિક્ષદેશમાં લાવીને મૂકે, છાયા તથા જળ રહિત અરણ્યમાંથી સુપ્રદેશમાં લાવી મૂકે, અને લાંબા કાળના વ્યાધિથી આકુળ વ્યાકુળ થયેલાને રોગરહિત કરે તો પણ તેમનો પ્રત્યુપકાર થતો નથી. પરંતુ જો તે સુગુણ પુરુષ પોતાના ધર્માચાર્યને કેવળજ્ઞાનીના કથન કરેલા ધર્મથી ભ્રષ્ટ થયેલા જોઈ વારંવાર ધર્મ સંભળાવી, ધર્મનો બોધ કરાવી અને ધર્મના બીજા ભેદો સમજાવી કેવળજ્ઞાની પ્રરૂપિત ધર્મમાં સ્થાપન કરે તો ધર્માચાર્યના ઉપકારનો બદલો સારી રીતે વળે છે.

## પ્રભુવીરનીકથા

ત્રિભુવનગુરુ અને કેવળજ્ઞાનદિવાકર શ્રીવીરવિભુ પોતાના બ્રાહ્મણ માતાપિતાને પ્રતિબોધ કરવા માટે બ્રાહ્મણકુંડ ગામના ઉપવનમાં પધાર્યા હતા. તે સાંભળી તેમને વંદન કરવા માટે દેવાનંદા અને ઋષભદત્તનું ત્યાં આગમન થયું હતું.

તે અવસરે શ્રી મહાવીરસ્વામીનું દર્શન થતાં જ દેવાનંદાના સ્તનમાંથી દૂધની ધારા છૂટી તે જોઈ ઇંદ્રાદિક દેવોની સભાની અંદર શ્રી ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો કે, 'હે ભગવન્ ! આમ થવાનું શું કારણ હશે?' તેમણે જણાવ્યું કે, 'હે ગૌતમ ! આ દેવાનંદા મારી પ્રથમ માતા છે.'

શ્રી ગૌતમસ્વામીએ બીજી વાર પૂછ્યું કે હે ભગવન્ ! આ દેવાનંદા કેવી રીતે આપની માતા છે ?'

ભગવાને પોતાનું દેવાનંદાના ગર્ભમાં આગમન અને ઇંદ્રના આદેશથી હરિણગમેષિ દેવે કરેલું ગર્ભનુ હરણ વગેરે પૂર્વનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી તેમના માતા-પિતાને પ્રતિબોધ થવાથી તેમણે દીક્ષા ગ્રહણ કરી, અનુક્રમે અગ્યાર અંગનું પઠન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષને પ્રાપ્ત કર્યો એ જ વિષયમાં કહ્યું છે કે :-

મહાવીર સ્વામીનાં પ્રથમ માતાપિતા દેવાનંદા અને ઋષભદત્ત અગિયાર અંગ ભણીને મોક્ષસુખને પામ્યા.

**एवं गाङ्गेयपितामहादयः पित्रोराज्ञासम्पादनं तन्मनःसमाधानानन्दाद्यर्थं पाणिग्रहणनियमादिकृतवन्तः । [ श्रीआर्यरक्षितसूरिकथा ]**

**तथा श्रीआर्यरक्षितः पूर्वं राज्ञः पुरोहितः, १४ विद्याः पठित्वा दशपुरे समेतः, राजादिभिः प्रवेशमहादि चक्रे, सर्वेषां प्रमोदः, मातुर्हर्षादर्शने मातरं पृष्ट्वा तोसलि-**

पुत्राचार्यपार्श्वे दृष्टिवादपठनाय गमनम्, तपस्यादिग्रहणं, स्वमातापित्रादिप्रतिबोधादि च उपलक्षणात्कलाचार्यश्रेष्ठिधर्मगुर्वादिग्रहणम् । उक्तं च–

શબ્દાર્થ–એવી જ રીતે ભીષ્મપિતામહે માતાપિતાની આજ્ઞાનું પાલન કરવા, તેમના મનને સમાધિ કરવા અને તેમને ખુશી રાખવા માટે પાણિગ્રહણ નહીં કરવું વગેરે પ્રતિજ્ઞા કરી હતી.

## શ્રીઆર્યરક્ષિતનીકથા

પ્રથમ રાજાના પુરોહિત શ્રી આર્યરક્ષિત ચૌદ વિદ્યા ભણીને દશપુર નગરમાં આવ્યા, તે વખતે રાજા વગેરે લોકોએ તેમનો મહોત્સવ પૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો, તે જોઈ સર્વ લોકોને આનંદ થયો, પરંતુ માતાનો હર્ષ જોવામાં ન આવતાં તેમણે માતાના મનની સમાધિ માટે તેનું કારણ પૂછી, માતાની રજા લઈ, તોસલીપુત્રાચાર્યની પાસે દષ્ટિવાદનો અભ્યાસ કરવા માટે ગયા. ત્યાં તેમણે દીક્ષા ગ્રહણ કરી અનુક્રમે પોતાના માતાપિતા ભાઈ વગેરેને પ્રતિબોધ કર્યો. માતા પિતાના ઉપલક્ષણથી કલાચાર્ય, શ્રેષ્ઠી, અને ધર્મગુરુ વગેરેનું ગ્રહણ કરવું.

કહ્યું છે કે :- [ योगबिन्दौ ]

माता पिता कलाचार्य, एतेषां ज्ञातयस्तथा ।
वृद्धा धर्मोपदेष्टारो, गुरुवर्गः सतां मतः ॥११०॥

માતા, પિતા, કલાચાર્ય, તથા તેમના ગોત્રીય, વૃદ્ધ અને ધર્મોપદેશ આપનાર એટલાને સત્પુરુષોએ ગુરુવર્ગ માનેલો છે. વળી કહ્યું છે કે–

राज्ञः पत्नी गुरोः पत्नी, मित्रपत्नी तथैव च ।
श्वश्रूर्माता च माता च, पञ्चैता मातरः स्मृताः ॥

जनेता चोपनेता च, यश्च विद्यां प्रयच्छति ।
अन्नदाता भयत्राता, पञ्चैते पितरः स्मृताः ॥

રાજપત્ની, ગુરુપત્ની, મિત્રપત્ની, સાસુ અને પોતાની માતા એ પાંચ માતા કહેવાય છે, જન્મ આપનાર, સંસ્કાર કરનાર, વિદ્યા આપનાર, અન્ન આપનાર અને ભયથી રક્ષણ કરનાર એ પાંચ પિતા કહેવાય છે.

सहोदरः सहाध्यायी, मित्रं वा रोगपालकः ।
मार्गे वाक्यसखा यस्तु, पञ्चैते भ्रातरः स्मृताः ॥

સહોદર, સાથે અભ્યાસ કરનાર, મિત્ર, વ્યાધિમાં રક્ષણ કરનાર અને માર્ગમાં વાતચિત્ત કરનાર એ પાંચ ભાઈઓ કહેવાય છે. એ આદિ બીજા પણ નમસ્કારરૂપ પૂજાને યોગ્ય જાણી લેવા.

હવે ગ્રંથકર્તા આ ગુણની સમાપ્તિ કરતાં જણાવે છે કે

**कृतज्ञतामात्मनि संविधातुं, मनस्विना धर्ममहत्वहेतोः ।**
**पूजाविधौ यत्नपरेण माता-पित्रोः सदा भाव्यमिहोत्तमेन ॥७४॥**

આ લોકમાં પ્રશસ્ત મનવાળા ઉત્તમ પુરુષે પોતાનામાં કૃતજ્ઞતાનું આરોપણ કરવાના અને ધર્મની શ્રેષ્ઠતા વધારવાના હેતુથી, હમેશાં માતાપિતાની પૂજા કરવામાં પ્રયત્ન કરવા ઉદ્યમ કરવો જોઈએ. ૭૪.

इति नवमो गुणः ॥

• • •

(૧૦)

# દશમો ગુણ–ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ

હવે, ઉપદ્રવવાળા સ્થાનના ત્યાગરૂપ દશમો ગુણ વર્ણવે છે

**तथा त्यजन् परिहरन् उपप्लुतं स्वचक्रपरचक्रविरोधाद्दुर्भिक्षमारीतिपरस्परप्रकृतिकलहादेश्चास्वस्थीभूतं यत्स्थानं ग्रामनगरादि, अत्यज्यमाने हि तस्मिन् धर्मार्थकामादीनां पूर्वार्जितानां विनाशेन नवानां चानुपार्जनेनोभयलोकभ्रंश एव स्यात् । यथोपद्रवावसरे द्वारकालोकानां वलभीभङ्गे तत्रत्यलोकानां वा । अथवा उपप्लुतं धर्मार्थकामादीनां हि बाधाविधायि पल्लीप्रत्यन्तग्रामदेवगुरुसामग्रीरहितपुरादि, तत्र निवासो न कार्यो धर्माद्यर्थिना । यतः–तत्र स्थितौ चौरपारदारिककुनृपादियोगाद्धर्मार्थहानिरेव । देवदर्शनगुर्वागम [ न ] साधर्मिकसंसर्गाद्यभावान्नवीनधर्मार्जनमपि न स्यात् । यदुक्तम्–**

શબ્દાર્થ–त्यजन्नुपप्लुतं स्थानम्–વળી ધર્મની યોગ્યતા મેળવનાર ગૃહસ્થ સ્વચક્ર પરચક્રના વૈરથી, દુષ્કાળ, મરકી, સાત ઈતિઓ અને પ્રજાના પરસ્પર કલેશથી ઉપદ્રવવાળા ગામ કે નગરાદિક સ્થાનનો ત્યાગ કરનાર હોય. જો તેવા સ્થાનનો ત્યાગ કરવામાં ન આવે તો પ્રથમ ઉપાર્જન કરેલા ધર્મ, અર્થ અને કામ વગેરેનો નાશ થવાથી અને નવીન ધર્મ, અર્થ અને કામનું ઉપાર્જન નહીં થવાથી ઉભય લોકનો નાશ થાય છે. જેમ દ્વારિકાના ઉપદ્રવ વખતે દ્વારિકાના અને વલભીના ભંગ વખતે વલભીના લોકોના ઉભય લોકનો નાશ થયો હતો. અથવા ધર્મ, અર્થ અને કામ વગેરેમાં બાધા કરનાર ભિલ્લ, પલ્લી, મ્લેચ્છગામ અને દેવગુરુની સામગ્રીથી રહિત નગરાદિકને ઉપપ્લુત કહે છે. તેવા સ્થાનમાં ધર્મ, અર્થ અને કામની ઈચ્છા રાખનાર પુરુષે વાસ કરવો જોઈએ નહીં. કારણ કે તેવા સ્થાનમાં રહેવાથી ચોર, સ્ત્રીલંપટ અને દુષ્ટ રાજા વગેરેના સંસર્ગથી ધર્મ અને અર્થની હાની જ થાય છે.

તેમજ દેવદર્શન, ગુરુનું આગમન અને સાધર્મિકના સંસર્ગ વગેરેનો અભાવ હોવાથી નવીન ધર્માદિકનું ઉપાર્જન પણ થઈ શકતું નથી. કહ્યું છે કે–

सद्धर्मदुर्गसुस्वामिव्यवसायजलेन्धने ।
स्वजातिलोकरम्ये च, देशे प्रायः सदा वसेत् ॥

गुणिनः सुकृतं शौचं, प्रतिष्ठा गुणगौरवम् ।
अपूर्वज्ञानलाभश्च, यत्र तत्र वसेत्सुधीः ॥

यत्र देशे न सन्मानं, न बुद्धिर्न च बान्धवाः ।
न च विद्यागमः कश्चिन्न तत्र निवसेद् बुधः ॥

अनायके न वास्तव्यं, न वास्यं बालनायके ।
स्त्रीनायके न वास्तव्यं, न वास्यं बहुनायके ॥

बालराज्यं भवेद्यत्र, द्वैराज्यं यत्र वा भवेत् ।
स्त्रीराज्यं मूर्खराज्यं वा, यत्र स्यात्तत्र नो वसेत् ॥

"શ્રેષ્ઠધર્મ, કિલ્લો, સારો સ્વામી, વેપાર, જળ, ઈંધન, અને પોતાની જાતિના લોકથી મનોહર હોય એવા દેશમાં પ્રાયે કરી ધર્માર્થી પુરુષ હમેશાં વાસ કરે." ૧૧૭.

જે દેશમાં ગુણિજનો રહેતા હોય, પુણ્યકાર્ય થતાં હોય, પવિત્રતા હોય, માન જળવાતું હોય, ગુણોનું ગૌરવ થતું હોય અને અપૂર્વ જ્ઞાનનો લાભ થતો હોય તેવા દેશમાં બુદ્ધિમાન પુરુષ વાસ કરે. ૧૧૮.

જે દેશમાં સન્માન, બુદ્ધિ, બાંધવો અને કોઈ પ્રકારની વિદ્યાની પ્રાપ્તિ ન હોય તેવા દેશમાં પંડિત પુરુષ વાસ કરે નહીં. ૧૧૯.

જે દેશમાં નાયક ન હોય, બાળનાયક હોય, સ્ત્રીનાયક હોય અને ઘણાનાયક હોય તેવા દેશમાં વાસ કરે નહીં. ૧૨૦.

જે દેશમાં બાળકનું રાજ્ય હોય, જ્યાં બે રાજાઓનું ભેગું રાજ્ય હોય અને જ્યાં સ્ત્રીનું રાજ્ય હોય, અથવા મૂર્ખનું રાજ્ય હોય તેવા દેશમાં વાસ કરે નહીં. ૧૨૧.

## निर्विचारनृपकथा

यथा पद्मपुरे निर्विचारो राजा, पाषाणभेदी मन्त्री, अन्यदा श्रीविक्रमः स्त्रीराज्यं गच्छंस्तत्रायातः तस्थौ च कियन्ति दिनानि, एकदा राजसभामाययौ, तदवसरे राज्ञोऽग्रे चौरमाता वदन्त्यस्ति, मत्पुत्रः पञ्चचौराचारेण चौर्यं कुर्वन् धन्यगृहे क्षात्रं ददानः पतन्त्या भित्त्या मारितः, अहं न्यायं मार्गयामि त्वत्पुरः, राज्ञा श्रेष्ठी आकारितः, पृष्टश्च चौरमरणादि, तेनोक्तं, मम को दोषः ? सूत्रधारा जानन्ति, तेऽप्याकारितास्तैरस्माभिर्गृहं कुर्वद्भिर्वेश्या दृष्टा, तद्रूपाक्षिप्तचित्तैर्न सुष्ठु कृतं, इत्युक्तं, वेश्याऽऽहूता, पृष्टा च, तयाऽप्युक्तं, मार्गे दिगम्बरः सन्मुखमागतः, व्रीडयाऽनेन पथाऽऽयाता सा मुक्ता, आकारितो दिक्पटः, वादितोऽपि न वक्ति, रुष्टेन निर्विचारेण शूलार्थमादिष्टः, शूलायां न माति । राज्ञोऽग्रे ज्ञापितम् । तेनोक्तं, यो माति स क्षिप्यतां इत्युक्ते राजशालको निक्षिप्तः शूलायाम्, उक्तं च–

## નિર્વિચારી રાજાની કથા

પદ્મપુર નગરમાં નિર્વિચાર નામે રાજા અને તેને પાષાણભેદી નામે મંત્રી હતો. એક વખતે માલવાધિપતિ શ્રી વિક્રમરાજા સ્ત્રીના રાજ્ય તરફ જતાં પદ્મપુરમાં આવી ચડ્યો અને ત્યાં કેટલાક દિવસ રહ્યો હતો. તે એક વાર રાજસભામાં ગયો તે સમયે એક ચોરની માતા આ પ્રમાણે બોલી રહી હતી 'હે રાજન્ ! મારો પુત્ર પાંચ પ્રકારના ચોરના આચારથી ચોરી કરતો હતો. તેને ધન્યશ્રેષ્ઠિના ઘરમાં ખાતર પાડતાં ભીંત પડવાથી મારી નંખાયો છે. તેથી હું તમારી આગળ ન્યાય માગું છું.'

આ વાત સાંભળી રાજાએ શ્રેષ્ઠિને બોલાવ્યો અને ચોર માર્યા વગેરેનો વૃત્તાંત પૂછ્યો. શ્રેષ્ઠિએ કહ્યું કે 'તેમાં મારો શો દોષ ? તે તો ભીંત ચણનારા મિસ્ત્રીઓ જાણે' રાજાએ તેમને પણ બોલાવ્યા. તેઓએ જવાબ આપ્યો કે ઘર ચણતી વખતે એક વેશ્યા અમારા જોવામાં આવી અને તેના રૂપથી અમારાં ચિત્ત વિહ્વળ થવાને લીધે ભીંત બરોબર ચણી શક્યા નહીં તેમાં અમારો શો દોષ ?' રાજાએ વેશ્યાને બોલાવી પૂછ્યું. વેશ્યાએ જવાબ આપ્યો કે 'રસ્તામાં જતાં મારા સામે કોઈક દિગંબર (નિર્વસ્ત્ર પુરુષ) આવ્યો તેની મને લજ્જા આવવાથી તે માર્ગ છોડી જ્યાં ભીંત ચણાતી હતી તે માર્ગથી હું ગઈ હતી.' આ વાત સાંભળી વેશ્યાને રાજાએ છોડી દીધી. પછી રાજાએ દિગંબરને બોલાવ્યો અને તેને પૂછ્યું પણ તે કાંઈ બોલ્યો નહીં, એટલે રુષ્ટ થયેલા નિર્વિચારી રાજાએ તેને શૂળીએ ચઢાવવાની આજ્ઞા કરી તે પછી કોઈએ રાજા પાસે આવી કહ્યું કે તે શૂળીમાં માતો નથી, રાજાએ આદેશ કર્યો કે શૂળી ઉપર જે સમાય તેને શૂળી ઉપર ચઢાવો આ પ્રમાણે આદેશ થતાં રાજાના શાળાને શૂળી ઉપર ચઢાવી દીધો. કહ્યું છે કે—

**विचारयति कस्तत्त्वं, निर्विचारे नृपे सति ।**

**राजोक्त्या राजशालोऽपि, शूलायामधिरोपितः ॥**

**જ્યાં રાજા નિર્વિચાર હોય ત્યાં તત્ત્વનો વિચાર કોણ કરે ? જુઓ રાજાના વચનથી રાજાના સાળાને પણ શૂળી ઉપર ચઢાવી દીધો.**

**इति दृष्ट्वाऽत्रत्याः प्रजाः कथं सुखिन्यः ? इति विचारयन् स्वकार्याय ययौ । एवंविधे वासो न लाभायेति । यदुक्तं च**

**यदि वाञ्छसि मूर्खत्वं, वसेद् ग्रामे दिनत्रयम् ।**

**अपूर्वस्यागमो नास्ति, पूर्वाधीतं विनश्यति ॥**

આ પ્રમાણે જોઈ આ નગરની પ્રજા કેવી રીતે સુખી થતી હશે ? એમ વિચાર કરતો શ્રીવિક્રમરાજા પોતાના કાર્ય માટે ચાલ્યો ગયો, આવા નગરમાં વાસ કરવો તે લાભકારક નથી. કહ્યું છે કે—

જો મૂર્ખતા મેળવવાની ઇચ્છા હોય તો જે ગામમાં અપૂર્વ જ્ઞાનની પ્રાપ્તિ નથી

અને પૂર્વનું ભણેલું નાશ પામે છે તેવા ગામમાં ત્રણ દિવસ જ વાસ કરવો. વળી જ્યાં જિનેશ્વરનું મંદિર હોય, જ્યાં સિદ્ધાંતના જાણ સાધુ અને શ્રાવકો વસતા હોય, અને જ્યાં પ્રચુર જળ તથા ઇંધણ મળતાં હોય ત્યાં હંમેશાં રહેવું જોઈએ.

"न य वसइ साहुजणविरहियंमि देसे बहुगुणे वि" इति । यद्वा, उपप्लुतं दुर्भिक्षडमराशिवादिसूचकानेकोत्पातपराभूतम् । तथा हि–

શબ્દાર્થ–ક્યારેય સાધુજનોના વિરહવાળો દેશ ઘણાં ગુણવાળો હોય તો પણ ધર્માર્થી પુરુષે તેવા દેશમાં રહેવું જોઈએ નહીં. અથવા દુષ્કાળ, પરચક્રનો ઉપદ્રવ, મરકી વગેરેને સૂચવનારા અનેક ઉત્પાતોથી પરાભવ પામેલા સ્થાનને ઉપપ્લુત કહે છે તે આ પ્રમાણે છે–

कम्पते देवता यत्र, अचलं चलते यदा ।
प्रस्विद्यन्ते हसन्ते च, देवतानां हि मूर्त्तयः ॥७५॥

रक्तपानं नदी यत्र, कदाचिद्वहते तथा ।
वृक्षेभ्यो रक्तफेनादिवृष्टिः स्यादनिमित्तका ॥७६॥

मुण्डरुण्डादिकं जातं, नारीणां च चतुष्पदम् ।
भङ्गं दर्शयते घोरं, दुर्भिक्षं डमरैः सह ॥७७॥

द्वौ मूद्धौं बालके कर्णाश्चत्वारो नयनान्यपि ।
परचक्रागमं ब्रूयाद्दुर्भिक्षं च विनिर्दिशेत् ॥७८॥ इत्यादि ॥

જ્યાં દેવની મૂર્તિઓ અને પર્વતો કંપતા હોય જ્યાં દેવની મૂર્તિઓ પરસેવાવાળી થતી હોય અને હાસ્ય કરતી હોય, જ્યાં નદી કોઈક વખતે રુધિર જેવા જળને વહન કરતી હોય, તથા નિમિત્ત સિવાય વૃક્ષો ઉપરથી રુધિર અને ફેન વગેરેની વૃષ્ટિ થતી હોય, જ્યાં સ્ત્રીઓને મસ્તક રહિત ધડ ઉત્પન્ન થયું હોય, ત્યાં ઘોર દુષ્કાળ અને પરચક્રના ઉપદ્રવ સાથે ચતુષ્પદનો નાશ થાય. જ્યાં બે માથા, ચાર કાન અને ચાર નેત્રવાળો બાળક ઉત્પન્ન થયો હોય તેવા દેશમાં પરચક્રનું આગમન થાય અને દુર્ભિક્ષ પડે એમ સૂચવે છે. ૭૪થી ૭૮.

આ પ્રમાણે સવિસ્તર જણાવી દશમા ગુણનો ઉપસંહાર કરતા ગ્રંથકાર જણાવે છે કે–

उपद्रुतं वैरविरोधमारिस्वचक्रमुख्यैर्नगरादि यत्स्यात् ।
न यत्र चैत्यं च सुसाधुयोगो, न तत्र धीमान् विदधीत वासम् ॥७९॥

શબ્દાર્થ–જે નગરાદિક શત્રુ, વિરોધ રાખનાર, મરકી અને સ્વચક્ર વગેરેથી ઉપદ્રવ યુક્ત હોય, અને જ્યાં જિનમંદિર તથા સારા સાધુનો યોગ ન હોય તેવા નગરાદિકમાં બુદ્ધિમાન પુરુષે વસવું ન જોઈએ. ૭૯.

इति दशमो गुणः ॥

## (૧૧)

# અગ્યારમો ગુણ–નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ

હવે, નિંદ્યપ્રવૃત્તિના ત્યાગ રૂપ અગ્યારમો ગુણ વર્ણવે છે.

**तथा गर्हितं देशजातिकुलकालाद्यपेक्षया निन्दितं कर्म तत्राप्रवृत्तः । तत्र देशगर्हितं यथा-सौवीरेषु कृषिकर्म, लाटेषु मद्यसन्धानम् । जात्यपेक्षया यथा–ब्राह्मणस्य सुरापानं तिललवणलाक्षालोहादिविक्रयश्च । कुलापेक्षया यथा–चौलुक्यानां मद्यपानम् । कालापेक्षया विप्राणाम्–**

શબ્દાર્થ–'अप्रवृत्तश्च गर्हिते' વળી દેશ, જાતિ, કુલ અને કાળ વગેરેની અપેક્ષાએ જે નિંદિત કાર્ય હોય તેને ગર્હિત કહે છે. તેવા કાર્યમાં ધર્મી પુરુષ પ્રવૃત્તિ કરનાર ન હોય; તેમાં દેશગર્હિત કાર્ય આ પ્રમાણે છે. સૌવીરદેશમાં કૃષિકર્મ અને લાટ દેશમાં મદિરા ઉત્પાદન કરવાની ક્રિયા કરવી તેને દેશગર્હિત કહે છે. બ્રાહ્મણને મદિરાપાન કરવું તથા તલ, લુણ (મીઠું), લાખ અને લોઢા વગેરેનો વેપાર કરવો એ જાતિની અપેક્ષાએ નિંદિતકર્મ ગણાય છે. તથા કુળની અપેક્ષાએ ચૌલુક્યોને મદિરાપાન કરવું તે કુળથી નિંદિત કર્મ છે. કાળની અપેક્ષાએ બ્રાહ્મણોને નિંદિત કર્મ આ પ્રમાણે છે–

**अग्निहोत्रं गवालम्भं, संन्यासं पलपैतृकम् ।**
**देवराच्च सुतोत्पत्तिं, कलौ पञ्च विवर्जयेत् ॥८०॥**

શબ્દાર્થ–હોમ, ગાયનો વધ, સંન્યાસ, પૂર્વજોને માંસના પિંડ અને દિયરથી પુત્રની ઉત્પત્તિ કરવી એ પાંચ કલિયુગમાં (બ્રાહ્મણો) ત્યાગ કરે. ૮૦.

**अथवा ज्ञातप्रतिपन्नश्रीजिनधर्माणां १५कर्मादानैर्व्यवसायादिविधानं विकालरात्रिभोजनाभक्ष्यभक्षणादि वा गर्हितकर्मकारिणो हि शेषमपि धर्मकर्म उपहासाय स्यात् । यतः–**

શબ્દાર્થ–વળી સમજીને જિનધર્મ અંગીકાર કરનાર શ્રાવકોએ પંદર કર્માદાનથી વેપાર કરવો, કાળ વખતે કે રાત્રિએ ભોજન અને અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરવું વગેરે શ્રાવકોને ગર્હિત કર્મ કહેવાય છે. તેવા ગર્હિત કર્મ કરનાર શ્રાવકોનાં બીજાં પણ ધર્મકાર્યો ઉપહાસ્યને માટે થાય છે. કહ્યું છે કે–

अनुचितकर्मारम्भः, प्रकृतिविरोधो बलीयसा स्पर्द्धा ।
प्रमदाजनविश्वासो, मृत्युद्वाराणि चत्वारि ॥

[હિતોપદેશ સુહૃદ્‌ભેદ શ્લોક-૧૫૧]

**અયોગ્યકર્મનો આરંભ, પ્રજાની સાથે વિરોધ, બળવાનની સાથે સ્પર્ધા અને સ્ત્રીજાતિનો વિશ્વાસ આ ચારે મૃત્યુનાં દ્વાર છે.**

**एतानि प्रायो गर्हितकर्माणि धर्मार्हाणां विवेकिनाम्–**

ભાવાર્થ–'**अनुचितकर्मारम्भः**' જે કાર્ય પોતાને ઉચિત ન હોય તે કાર્ય કરવાનો આરંભ કરવો તે મૃત્યુના દ્વાર સમાન છે. જેમકે મુનિપણું ગ્રહણ કરીને પ્રાણાતિપાત, મૃષાવાદ, ચોરી, મૈથુન અને પરિગ્રહ વગેરેમાં નિમગ્ન થવું, રેલ વગેરે વાહન દ્વારા પ્રયાણ કરવું, મંત્ર, યંત્ર, તંત્ર, ઔષધિ કામણ, ટુમણ, વશીકરણાદિકનું કરવું, કરાવવું, ઈર્ષા અહંકારને વશ થઈ પોતાના આત્મિક કર્તવ્યને ભૂલીને ધર્મકાર્યને તિલાંજલી આપી, ગૃહસ્થોને કરવા યોગ્ય કાર્યમાં ગૃહસ્થોની સાથે ખટપટમાં ઉતરવું, એકના પક્ષમાં ઊભા રહી બીજાનો પરાજય કરવા પ્રયાસ કરવો, પોતાનો કક્કો ખરો કરવા લોકોની ખુશામત કરી પોતે ધારેલા કાર્યને પાર પાડવા નિરંતર રચ્યાપચ્યા રહેવું, ઉત્તમ પુરુષો ઉપર અસત્ય આક્ષેપો મૂકી તેમને જાહેરમાં હલકા પાડવા પ્રયાસ કરવો, ગુણીના ગુણો ઉપર દ્વેષ ધારણ કરી તેની નિંદા કરવામાં તત્પર રહેવું, વીરરસની પુષ્ટિ કરી શ્રોતાઓને પાણી ચઢાવવું, વ્યાખ્યાનમાં શૃંગારાદિક રસનું પોષણ કરી શ્રોતાઓને તન્મય બનાવવા, સ્ત્રી વગેરેની વિકથા કરી પોતાના અમૂલ્ય સમયને ગુમાવી દેવો, સ્ત્રીઓના સંસર્ગમાં આવવું, જ્ઞાતિના ઝગડાઓમાં ભાગ લઈ તેના ફેંસલા આપવા, રાજવિરુદ્ધ કાર્યને ઉત્તેજન આપવું, અને પોતાના કે પરના આત્માને ઉદ્ધાર કરવાનું જે મુખ્ય કાર્ય છે તેને ભૂલી જવું વગેરે કાર્ય મુનિઓને અનુચિત ગણાય છે.

તેમજ ગૃહસ્થોએ પણ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવનો વિચાર કરી પોતાની શક્તિ જોઈ જેમાં ખરેખરો આત્મલાભ સમાયેલો હોય તેવા ઉચિત કાર્યમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. અમુક વખતે અમુક કાર્ય અનુચિત ગણાય છે અને તેજ કાર્ય અમુક સંયોગોમાં બીજી વખતે ઉચિત થાય છે, તેથી અમુક કાર્યો કરતાં પહેલાં આજુબાજુના સંયોગોનો વિચાર કરી કાર્યનો આરંભ કરવો. ધર્મવિરુદ્ધ, રાજવિરુદ્ધ, દેશવિરુદ્ધ અને લોકવિરુદ્ધ વગેરે અને બીજા પણ આ લોક અને પરલોકને હાનિ પહોંચાડનાર કાર્યનો આરંભ કરતાં પહેલાં વિચાર કરવામાં આવે તો કોઈ વખત પણ અનુચિત કાર્ય કરવાનો પ્રસંગ આવે જ નહીં. આ સિવાયના ગૃહસ્થોને બીજાં ક્યાં કાર્યો અનુચિત છે તે ગ્રંથકારે જુદા જુદા ગુણોમાં પ્રસંગોપાત્ જણાવ્યા છે. તેથી અત્રે જણાવ્યા નથી. પણ અનુચિત કાર્યનો આરંભ કરનાર મૃત્યુના દ્વારને પ્રાપ્ત કરે છે. તે વાત ધ્યાનમાં રાખી પોતાના અને

બીજાના આત્માનું કલ્યાણ જેમાં સમાયેલું હોય અને આ ભવ સંબંધી તથા ભવાંતર સંબંધી નાના પ્રકારની વિડંબના સહન ન કરવી પડે તેવા ઉચિત કાર્યમાં પ્રવૃત્તિ કરવી અને અનુચિત કાર્યથી તો દૂર જ રહેવું જોઈએ.

**प्रकृतिविरोधः**—પ્રજાવર્ગની સાથે વિરોધ કરવો તે પણ ધર્મી પુરુષોને ઉચિત નથી. કારણ કે ગમે તેટલી સાવચેતી છતાં પણ માણસ જાતની ભૂલ થયા વિના રહેતી નથી. કારણ કે પ્રાણી માત્રને કર્મોની સાથે અનાદિનો સંબંધ છે અને તેને લઈને હંમેશાં ભૂલ થવા સંભવ છે. બીજાં પ્રાણીઓ કરતા મનુષ્ય વિશેષ સમજુ છે. તો પણ અનાદિકાલના અભ્યાસને લઈને ભૂલ થતાં વાર લાગતી નથી. શ્રુતધરો જેવા મહાજ્ઞાની પુરુષો જેઓ સંસારની સંપૂર્ણ અસારતાને સારી રીતે સમજે છે, અને તેવા અસાર સંસારથી મુક્ત થવા અતિ તીવ્ર ઉપયોગથી ધર્મકાર્યમાં પ્રવૃત્તિ કરે છે. છતાં પ્રમાદને વશ થઈ તેઓથી પણ ભૂલ થઈ જાય છે. તો અલ્પજ્ઞોની ભૂલ થાય તેમાં નવાઈ જેવું નથી, તેથી આવા વખતે પ્રજાવર્ગ વિરોધી હોવાથી તેઓ આવી ભૂલનો લાભ લઈ ધન, આબરુ અને શરીરાદિકને નુકસાન કરવાનું ચૂકતા નથી, તેથી પણ આગળ વધીને રાજા અને અમલદાર વર્ગની કાન ભંભેરી કરીને ભૂલ કરનારને ખરાબ કરવા માટે બનતી કોશિષ કરી ખરાબ કરે છે. માટે પ્રજાવર્ગ કે અમુક સમુદાય સાથે વિરોધ કરવો યોગ્ય નથી. તેવો વિરોધ કરનારને મૃત્યુ નજીકમાં છે એમ સમજવું. પ્રજાવર્ગ કે સમુદાયની સાથેનો વિરોધ તો દૂર રહો પણ એક વ્યક્તિની સાથે પણ વૈર વિરોધ રાખવો ઉચિત નથી. શાસ્ત્રની દૃષ્ટિએ જોતાં સમરાદિત્ય જેવા મહાત્માને એક પક્ષના વિરોધને લઈને નવ-નવભવમાં કેટલું સહન કરવું પડ્યું છે. માટે વિરોધ કરતાં પહેલાં આવા મહાપુરુષોનાં ચરિત્રો ધ્યાનમાં લઈ સર્વથા વિરોધ કરતાં અટકવું જોઈએ, અને તેમ કરવાથી સાંસારિક અને ધાર્મિક કાર્યમાં પ્રજાવર્ગ અડચણકર્તા થતો નથી.

**बलीयसा स्पर्धा**—બળવાન સાથે હરિફાઈ કરવી તે પણ યોગ્ય નથી. કદાચ કોઈ કારણને લઈને હરિફાઈ થઈ જાય તો નિર્બળને પોતાનો બચાવ કરતાં ઘણી અડચણ પડે છે. તેથી જાણી જોઈને બળવાનની સાથે હરિફાઈ કરવાથી દૂર રહેવું ઘણું સારું છે અને જો તેમ કરવામાં ન આવે તો પોતે નિર્બળ છતાં બળવાન સાથે હરિફાઈ કરનારને મૃત્યુનું દ્વાર કાંઈ દૂર નથી. જો કે મનબળ, વચનબળ, કાયબળ, જ્ઞાનબળ, ધનબળ, કુટુંબબળ, અને રાજબળ વગેરે બળ ગણાય છે, તો આ બધામાં જે બળની સાથે સ્પદ્ર્ધા કરીએ તેમાં સામો માણસ વિશેષ બળવાન હોય તો પાછું પડવું પડે છે અને તેની સાથે વિરોધ થાય છે. ક્યારેક કોઈ માણસમાં શરીરબળ વધારે હોય અને ધનબળ ન હોય તો એકાદ વખતે તે શરીરબળથી ધનવાનનો પરાજય કરી શકે છે. પણ પાછળથી તે પરાભવનો બદલો લેવા ધનવાન પોતાના ધનબળથી શરીરબળવાળાને ભાડે રાખી અથવા બીજી યુક્તિ કરી

તેનો પરાભવ કરવાનું ચૂકતો નથી. માટે પ્રથમ તો કોઈની સાથે સ્પર્ધા કરવી યોગ્ય નથી તેમાં પણ વિશેષ હોય તેની સાથે તો હરીફાઈમાં ઉતરવાથી ઘણું સહન કરવું પડે છે.

**प्रमदाजनविश्वासः**–પ્રાયે સ્ત્રી વર્ગ કદી પણ વિશ્વાસ કરવા યોગ્ય નથી. કારણ કે સ્ત્રી ગમે તેવી બુદ્ધિશાળી હોય તો પણ તેનું મન પુરુષ જેટલું ગંભીર વિચારશીલ અને સહનશીલતાવાળું હોવાનો સંભવ થોડો છે. તેથી ધૂર્ત પુરુષો તેમને અનુકૂળ લાલચ આપી દરેક રીતે ફોસલાવી પટાવી તેના હૃદયમાં રહેલી ગુપ્ત વાતને સહેલાઈથી મેળવી શકે છે, તેમજ તેના ઉપર થોડું પણ શારીરિક કષ્ટ આવી પડતાં પોતાના મન ઉપરનો કાબૂ ગુમાવી દે છે અને પોતાના પતિની કે સ્વજનની ગમે તેટલી હાનિકારક વાત હોય તો પણ તેવી વાતને પ્રગટ કરવામાં બિલકુલ વિચાર કરતી નથી. માટે અતિ ગુપ્ત વાત કે જે પ્રગટ થવાથી પોતાને ગામને કે દેશને હાનિ થાય તેવી અથવા તો જેનાથી પોતાની આજીવિકા ચાલતી હોય તેવા વેપાર ઉદ્યોગની ગુપ્ત વાત સ્ત્રી પાસે કદી પણ કરવી યોગ્ય નથી. ઉપર જણાવેલી વાત મોટેભાગે ઘણી સ્ત્રીઓનો એવો સ્વભાવ હોવાથી અત્રે લખવાની જરૂર પડી છે. નહીં તો ઐતિહાસિક નજરે જોતાં શીલવતી અને અનુપમાદેવી જેવી અનેક સ્ત્રીઓ પોતાના પતિને રાજકાર્યમાં સલાહ આપનારીઓ અને ગંભીર, સહનશીલ અને વિચારશીલ વગેરે ઉત્તમ ગુણવાળી જોવામાં આવે છે. ઉપરોક્ત બાબત માટેના ઉદાહરણો શાસ્ત્રકારોએ ઘણા ઠેકાણે આપેલા છે તેથી તેવા ઉદાહરણો અત્રે લખ્યાં નથી.

**ઉપરોક્ત ગર્હિત કર્મો પ્રાયે કરી વિવેકી અને ધર્મની યોગ્યતાવાળા પુરુષો માટે છે. પણ અધર્મી માટે નથી. તેને માટે કહ્યું છે કે :- [ जैनेतररामायणे ]**

**पौरोहत्यं रजनिचरितं ग्रामणीत्वं नियोगो,**
**माठापत्यं वितथवचनं साक्षिवादः परान्नम् ।**
**धर्मिद्वेषः खलजनरतिः प्राणिनां निर्दयत्वं,**
**मा भूदेवं मम पशुपते ! जन्मजन्मान्तरेऽपि ॥**

**પુરોહિતપણું, રાત્રિએ (સ્વેચ્છાએ) ભ્રમણ, ગામનું નાયકપણું, અધિકારીપણું, મઠનું અધ્યક્ષપણું, અસત્ય વચન, સાક્ષી આપવી, બીજાનું અન્ન ખાવું, ધર્મી ઉપર દ્વેષ રાખવો, દુર્જન ઉપર પ્રેમ રાખવો અને પ્રાણીઓ ઉપર નિર્દયતા રાખવી એ સર્વે હે મહાદેવ (શિવ) ! મને કોઈપણ જન્મમાં પ્રાપ્ત ન થાઓ.**

**कुव्यापारिणमाश्रित्य क्वाप्युक्तम्–**

**વળી ખરાબ વેપાર કરનારને આશ્રયીને કોઈ સ્થળે કહ્યું છે કે–**

**हस्तौ दानविवर्जितौ श्रुतिपुटौ सारस्वतद्रोहिणौ,**
**चक्षुः साधुविलोकनेन रहितं पादौ न तीर्थाध्वगौ ।**

लञ्चालुञ्चितवित्तपूर्णमुदरं गर्वेण तुङ्गं शिरः,
भ्रातः कुक्कर ! मुञ्च मुग्ध सहसा निन्द्यस्य निन्द्यं वपुः ॥४॥

[વૃદ્ધચાણક્ય નીતિ અ. ૧૨ શ્લો-૪]

अधिकारात्त्रीभिर्मासैर्माठापत्यं त्रिभिर्दिनैः ।
शीघ्रं नरकवाञ्छा चेत्, दिनमेकं पुरोहितः ॥
दश [1]शूनासमश्चक्री[2], दश चक्रिसमो द्विजः[3] ।
दश द्विजसमा वेश्या, दश वेश्यासमः नृप ॥

**દાનથી રહિત બે હાથ, શાસ્ત્રદ્રોહી બે કાન, લાંચ-રૂસ્વતના ધનથી ભરેલું પેટ, અહંકારથી ઊંચું થયેલું મસ્તક, સાધુના દર્શનથી પરાઙ્મુખ નેત્રો અને તીર્થ તરફ ગમન નહીં કરનાર પગ એવા નિંદનીકમાં નિંદનીક શરીરનો હે કુર્કરભાઈ ! તું એકદમ ત્યાગ કર. ૧.**

**ત્રણ મહિનાનો અધિકાર ભોગવવાથી અને ત્રણ દિવસ મઠનું અધ્યક્ષપણું કરવાથી દુર્ગતિ થાય છે. જો આથી પણ શીઘ્ર નરકમાં જવું હોય તો એક દિવસનો પુરોહિત થા. ૨.**

**દશ કસાઈ સમાન એક કુંભાર, દશ કુંભાર સમાન એક કલાલ, દશ કલાલ સમાન્ એક વેશ્યા, અને દશ વેશ્યા સમાન એક રાજા ગણાય છે. ૩.**

વળી કહ્યું છે કે–

अकर्त्तव्यं न कर्त्तव्यं, प्राणैः कण्ठगतैरपि ।
कर्त्तव्यमेव कर्त्तव्यं, प्राणैः कण्ठगतैरपि ॥

**કંઠ સુધી પ્રાણ આવે તો પણ જે કરવા યોગ્ય નથી તે કરવું નહીં અને કંઠ સુધી પ્રાણ આવે તો પણ જે કરવા યોગ્ય છે, તે કરવું જ જોઈએ.**

**ભાવાર્થ**–પ્રાણીએ હંમેશાં પોતાના કર્તવ્યનો વિચાર કરવા યોગ્ય છે. જેમ અવ્યવસ્થિત ચિત્તે સ્થાનનિર્ણય કર્યા સિવાય ગતિ કરનાર કરતાં, સ્થાનનો નિર્ણય કરી તે તરફ ગતિ કરનાર માણસ પોતાના ઇચ્છિત સ્થાનને જલ્દી મેળવી શકે છે. તેવી જ રીતે હું કોણ, મારું શું કર્તવ્ય છે, દેશ કાલ ક્યો છે, સાનુકૂળ કે પ્રતિકૂળ કોણ છે, મારું કુળ અને જાતિ કેવી છે, ક્યું કાર્ય કરવાથી મારા આત્માને લાભ થશે ઇત્યાદિ બાબતોનો વિચાર કરી પોતાનું કર્તવ્ય નક્કી કરે છે અને જે પોતાના આરંભેલા ઉત્તમ કાર્યનો પ્રાણાંતે પણ ત્યાગ કરતા નથી તેમજ અકર્તવ્યને કોઈ પણ પ્રકારે અંગીકાર કરતા નથી તે પોતાના ધારેલા લક્ષ્યને શીઘ્ર પાર પામે છે. હાલ તો કર્તવ્યનો વિચાર કર્યા સિવાય અજ્ઞાનતાથી ગતાનુગતિક પ્રવૃત્તિ કરવામાં જ પોતાનું કર્તવ્ય માને છે તેથી કર્તવ્યને બદલે અકર્તવ્યને કર્તવ્ય સમજી તેનો પ્રારંભ કરવામાં આવે છે, માટે પોતાનું ધારેલું લક્ષ્ય પાર

---

૧. કસાઈ, ૨. કુંભાર, ૩. કલાલ =દારૂ-માંસવેચનાર.

પાડી શકતા નથી, માટે પોતે આરંભેલા ગમે તેવા કાર્યને અધવચમાં જ મૂકી દેવું પડે છે અને તેથી અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થાય છે. માટે કાર્ય કરતાં પહેલાં ઉપર બતાવ્યા પ્રમાણે વિચાર કરવો અને પછી આરંભેલા સારા કાર્યનો પ્રાણાંતે પણ ત્યાગ કરવો નહીં. તેવી જ રીતે પોતાને, સ્વજનને, દેશને, જાતિને અને રાજને જે અહિતકારી કર્તવ્ય હોય તેને કદી પણ કરવાનો પ્રયત્ન કરવો નહીં. આ સ્થાને આરોગ્યદ્વિજનું ઉદાહરણ આ પ્રમાણે છે.—

## अत्रारोग्यद्विजज्ञातम्

**यथा—उज्जयिन्यां बालकालादेव रोगबहुलतया रोग इत्याख्यया प्रसिद्धो द्विजः, श्रीसम्यक्त्वाणुव्रतादिश्राद्धाचारशुद्धपालनपरत्वेन सुश्रावकः, तेन च सम्पद्यमानचिकित्सासामग्रीकेणापि रोगाधिसहनमेवाश्रितं, चिन्तितं च—**

पुनरपि सहनीयो, दुःखपाकस्त्वयाऽयं ।
न खलु भवति नाशः, कर्मणां सञ्चितानाम् ॥
इति सह गणयित्वा, यद्यदायाति सम्यक्,
सदसदिति विवेकोऽन्यत्र भूयः कुतस्ते ॥

अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ।
नाभुक्तं क्षीयते कर्म, कल्पकोटिशतैरपि ॥

**एवं सहमानस्य तस्य शक्रप्रशंसा, यथाऽहो महासत्त्वो रोगद्विजः, यदेवमुपस्थाप्यमानानेकचिकित्सोपायोऽपि तदनपेक्षया रोगव्यथां सहते, ततश्चाश्रद्धया द्वौ देवौ वैद्यो भूत्वाऽऽगत्य भणतः, भो रोगब्राह्मण! त्वां रोगविमुक्तं कुर्वः, परं रजन्यां मधुमद्यमांसम्रक्षणानां परिभोगः कार्यः, एतद्वैद्योक्तं श्रुत्वा रोगद्विजः सुरेन्द्रादप्यधिकप्रतिष्ठश्चिन्तयति, यतः सामान्यमात्रकुलोत्पत्तावपि लोकलोकोत्तरगर्हितकर्मपरित्याग एव पुरुषस्य प्रतिष्ठाहेतुः यतः—**

न कुलं वृत्तहीनस्य, प्रमाणमिति मे मतिः ।
अन्त्येष्वपि प्रजातानां, वृत्तमेव विशिष्यते ॥

**किं पुनर्मम ब्राह्मणकुलोत्पन्नस्य, विशेषतः सम्प्रति प्रतिपन्नजिनधर्मस्य एतद्गर्हितकर्मकरणम् । यतः—**

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा,
न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥ [ભર્તૃહરિ નીતિશતક-૭૪]

भणति च रोगद्विजः, भो वैद्यौ ! नाहमपरैरप्यौषधैश्चिकित्सामिच्छामि, किं पुनरमीभिः सर्वलोकशास्त्रविगर्हितैर्धर्मवतामसेव्यैश्च । तथा—[મહાભારત-પ્રભાસપુરાણ]

मद्ये मांसे मधुनि च, नवनीते [तक्रतो] बहिर्नीते ।
उत्पद्यन्ते विलीयन्ते, सुसूक्ष्मा जन्तुराशयः ॥१॥

सप्त ग्रामेषु यत्पापमग्निना भस्मसात्कृते ।
तदेतज्जायते पापं मधुबिन्दुप्रभक्षणात् ॥१॥ [મનુસ્મૃતિ અ-૭]

यो ददाति मधु श्राद्धे, मोहितो धर्मलिप्सया ।
स याति नरकं घोरं, खादकैः सह लम्पटैः ॥ इत्यादि ॥

[મહાભારત શાંતિપર્વ અ. ૧૭ શ્લોક-૨૪]

एवं तेनोक्ते वैद्याभ्यां स्वजनेभ्यो ज्ञापितम्, तैश्च राज्ञे । एवं मिलितः स्वजन-राजादिसमवायः लग्नश्च शास्त्रकथाभिस्तं चिकित्सायां प्रवर्तितुम् । यथा—

शरीरं धर्मसंयुक्तं, रक्षणीयं प्रयत्नतः
शरीराच्छ्रवते धर्मः, पर्वतात्सलिलं यथा ॥१॥

[उपदेशप्रासाद भा०-१ व्या-५१]

'शरीरमाद्यं खलु धर्मसाधनम्' इति । तथा—

यस्मिन् सर्वजनीनपीनमहिमा धर्मः प्रतिष्ठां गतो,
यस्मिंश्चिन्तितवस्तुसिद्धिसुखदः सोऽर्थः समर्थः स्थितः ।
यस्मिन् काममहोदयौ शमरसीकाराभिरामोदयौ,
सोऽयं सर्वगुणालयो विजयते पिण्डः करण्डो धियाम् ॥

एवं राजादिभिः प्रज्ञाप्यमानस्यापि तस्य दृढधर्मतया देहादिप्रत्याशापरिहारेण निर्वाणसुखाभिलाष एवासीत् । यतः—

जं अज्जसुहं भविणो, संभरणीयं तयं भवे कल्लं ।
मग्गंति निरुवसग्गं, अपवग्गसुहं बुहा तेण ॥

ततस्तेन देहार्थपीडाज्ञातमकथि—

आपदर्थे धनं रक्षेद्दारान् रक्षेद्धनैरपि ।
आत्मानं सततं रक्षेद्दारैरपि धनैरपि ॥१॥ [શાન્તિનાથચરિત્ર પદ્ય]

तथा धर्मवतां देहोऽर्थतुल्यः, आत्मा पुनर्देहतुल्यः, एवं सति देहपीडो-पेक्षणेनात्मा रक्षणीय इति, एवं तस्य निजप्रतिज्ञानिश्चलतावगमे देवयोर्महाहर्षः, अहो ! सात्त्विकमूर्द्धन्यः सत्यप्रशंसश्चेति, तदनु निजरूपप्रकटनमकारि देवाभ्याम्,

**शक्रप्रशंसादिव्यतिकरो लोके प्रकटितः, सर्वरोगहरणं रत्नैस्तस्य गृहभरणं च कृतम्, ततश्च सर्वत्रारोग्यद्विज इति रूढिः, समग्रपुरुषार्थसाधकश्चाजनि, देव (योः) स्वस्थाने गमनम् ।**

## આરોગ્યદ્વિજની કથા

ઉજ્જયિની નગરીમાં બાલ અવસ્થાથી જ ઘણો રોગી હોવાથી રોગ એવા નામથી પ્રસિદ્ધ થયેલો એક બ્રાહ્મણ હતો. તે સમ્યક્ત્વપૂર્વક અણુવ્રત વગેરે શ્રાવકના શુદ્ધ આચારોને પાળવામાં તત્પર હોવાથી તે એક ઉત્તમ શ્રાવક હતો. તેને રોગના પ્રતિકારની સામગ્રી પ્રાપ્ત થતી હતી તો પણ તેણે રોગને સહન કરવાનો જ વિચાર કર્યો કે—

**હે આત્મન્ ! તારે આ દુઃખના ફળનું પરિણામ બીજી વખત પણ સહન કરવાનું છે. કારણ સંચિત કરેલાં કર્મનો ખરેખર ભોગવ્યા સિવાય નાશ થતો નથી. તેથી કર્મો સાથે છે એમ ગણીને જે જે આપત્તિ આવી પડે તેને સારી રીતે સહન કર. બીજે ઠેકાણે બીજી વાર હે આત્મન્ ! તને સદસદ્વિવેક ક્યાં મળવાનો છે. ૧.**

**કરેલું શુભ અથવા તો અશુભ કર્મ અવશ્ય ભોગવવું જ પડે છે. કારણ તે કર્મ ભોગવ્યા સિવાય કરોડો વર્ષોએ પણ નાશ થતું નથી.**

એવી રીતે સહન કરનાર તે રોગદ્વિજની ઈન્દ્રે આ પ્રમાણે પ્રશંસા કરી 'અહો આ રોગદ્વિજ મહાસત્ત્વશાળી છે, જેની પાસે રોગના અનેક પ્રત્યુપકારો પ્રાપ્ત થયેલા છે તો પણ તેની ઉપેક્ષા કરી રોગની પીડાને સહન કરે છે' આ વાતની શ્રદ્ધા ન થવાથી બે દેવતાઓ વૈદ્ય બનીને પૃથ્વી ઉપર આવીને બોલ્યા કે 'હે રોગ બ્રાહ્મણ ! અમે તને રોગમાંથી મુક્ત કરીએ પરંતુ રાત્રિમાં મધ, મદિરા, માંસ અને માખણનો ઉપભોગ કરવો પડશે.' એવું વૈદ્યનું સાંભળી, સુરેન્દ્રથી પણ અધિક પ્રતિષ્ઠાવાળો રોગ બ્રાહ્મણ વિચાર કરવા લાગ્યો કે કેવળ સામાન્ય કુળમાં ઉત્પન્ન થયેલા પુરુષને લોક અને લોકોત્તરમાં નિંદિત કર્મનો ત્યાગ કરવો તેજ પ્રતિષ્ઠાનો હેતુ છે, કહ્યું છે કે—

**સારા આચરણથી રહિત એવા મનુષ્યનું કુલ ઉત્તમ હોય તો પણ તેવું કુળ કાંઈ પ્રમાણભૂત થતું નથી એમ મારું માનવું છે. કેમકે ચંડાલાદિક જાતિમાં ઉત્પન્ન થયેલાનું કુળ અધમ છે, તો પણ તેનું આચરણ સારું હોય તો તે શ્રેષ્ઠ ગણાય છે.**

'વળી બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થયેલા મારી તો વાત જ શી ? તેમાં પણ વિશેષે કરી હમણાં જૈનધર્મનો અંગીકાર કરનાર મારાથી આ નિંદિત કર્મ કરવું કેવી રીતે ઉચિત ગણાય ?' વળી કહ્યું છે કે :-

**"નીતિમાં નિપુણ એવા પુરુષો નિંદા કરો અથવા તો સ્તુતિ કરો, લક્ષ્મી ઈચ્છા**

**પ્રમાણે ઘરમાં પ્રવેશ કરો અથવા જાઓ અને આજે જ અથવા તો યુગાંતરમાં મરણ થાઓ, પરંતુ ધીર પુરુષો ન્યાય માર્ગથી એક પગલું પણ ચલાયમાન થતા નથી.''**

ઉપર પ્રમાણે વિચાર કરી રોગ બ્રાહ્મણ બોલ્યો 'હે વૈદ્યો ! હું બીજા પણ પવિત્ર ઔષધોથી રોગનો ઉપાય ઇચ્છતો નથી તો વળી સર્વ લોક અને શાસ્ત્રોથી નિંદિત અને ધર્મી પુરુષોને અયોગ્ય એવાં આ ઔષધોથી મારે શું પ્રયોજન છે ?'

વળી કહ્યું છે કે—

**મદિરા, માંસ, મધ અને છાશથી જુદા કરેલા માખણમાં સૂક્ષ્મ એવા જંતુનો સમૂહ ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે. ૧.**

**અગ્નિથી સાત ગામ બાળતા જે પાપ થાય તેટલું પાપ મધના એક બિંદુના ભક્ષણથી થાય છે. ૨.**

**જે પુરુષ ધર્મની ઇચ્છાએ મોહિત થયેલો શ્રાદ્ધમાં મધ આપે છે તે પુરુષ લોલુપ એવા ખાનારાઓની સાથે ઘોર નરકમાં પડે છે. ૩.**

ઇત્યાદિ રોગ બ્રાહ્મણ વૈદ્યોને કહે છે, તે બંને વૈદ્યો રોગ બ્રાહ્મણના સ્વજનોને તે વાત જાણવે છે અને તેઓ રાજાને જણાવે છે. તેથી સ્વજન અને રાજાદિક સમુદાયે ભેગો થયો અને તે રોગદ્વિજને શાસ્ત્રસંબંધી વાત કરી રોગનો ઉપાય કરવામાં પ્રવૃત્તિ કરાવવા લાગ્યો. તે આ પ્રમાણે છે :-

**ધર્મયુક્ત શરીરનું પ્રયત્નથી રક્ષણ કરવું જોઈએ. કારણ કે જો શરીરનું રક્ષણ કરવામાં ન આવે તો જેમ પર્વત ઉપરથી જળ ખરી જાય છે તેમ શરીરમાંથી ધર્મ ખરી જશે. ૧.**

ખરેખર શરીર ધર્મસાધનનું એક મુખ્ય કારણ ગણાય છે. તે આ પ્રમાણે

**જે શરીરમાં સર્વ જનોને હિતકારી અને પુષ્ટ મહિમાવાળો ધર્મ પ્રતિષ્ઠાને પામ્યો છે, જે શરીરમાં મનવાંછિત વસ્તુની સિદ્ધિના સુખને આપનાર અર્થ સમર્થપણે રહેલો છે, અને જે શરીરમાં શમરસ અને આકૃતિથી સૌંદર્યતાના ઉદયવાળા કામ અને મોક્ષ રહેલા છે તેવા સર્વ ગુણોનું સ્થાન રૂપ અને બુદ્ધિઓના કરંડીયા રૂપ શરીર વિજય પામે છે. ૧.**

એવી રીતે રાજા વગેરે દ્વારા રોગબ્રાહ્મણને કહેવામાં આવ્યું તો પણ તે ધર્મમાં દૃઢ હોવાથી શરીર વગેરેની અભિલાષાને ત્યાગ કરી, મોક્ષના સુખનો જ અભિલાષી થયો. કહ્યું છે કે :-

**ભવ્ય જીવોને જે સુખ આજ છે, તે સુખ આવતી કાલે યાદ કરવા લાયક થાય છે. તે કારણથી પંડિત પુરુષો ઉપદ્રવ રહિત મોક્ષસુખની ગવેષણા કરે છે. ૧.**

ભાવાર્થ : **'जं अज्जसुहं भविणो'**—જે ભવ્ય પ્રાણીને આજ હોય છે તે સુખ

આવતી કાલે માત્ર સંભારવા રૂપ જ થાય છે. એટલે કે સુખનો અનુભવ કિંચિત્ માત્ર આત્માને જે ક્ષણે થાય છે તેની બીજી ક્ષણે તે અનુભવ નષ્ટ થાય છે. પછીથી માત્ર સ્મૃતિનો વિષય રહે છે.

જગતમાં સુખ કહેવામાં આવે છે તે વસ્તુને લઈને નથી પણ મનની માન્યતાને લઈને છે. જો વસ્તુને લઈને સુખ હોત તો તે ચિરસ્થાયી ગણાત. કારણ કે વસ્તુની અમુક સ્થિતિ હોય છે, તેટલી સ્થિતિ સુધી સુખ કાયમ રહેવું જોઈએ પરંતુ તેમ દેખાતું નથી. જ્યારે દેશાંતરથી ઘણે કાળે પુત્રાદિકનું આગમન થાય છે ત્યારે જે આનંદ થાય છે તે આનંદ ત્યારપછીના સમયમાં રહેતો નથી. જુઓ, પુત્રરૂપ હર્ષનું કારણ વિદ્યમાન છતાં આનંદમાં ફેર પડી જાય છે. એટલે કે આવી માન્યતાવાળા સુખોમાં મોહ પામવા જેવું નથી. કારણ કે માન્યતાવાળા સુખમાં સાંસારિક ઉપાધિને લઈને તે સુખ દુઃખરૂપ થઈ જાય છે. માટે તત્ત્વાદિકના જ્ઞાતા એવા પંડિત પુરુષો હંમેશાં અવ્યાબાધ અક્ષય એવા મોક્ષ સુખની ઇચ્છા રાખે છે. મોક્ષનું સુખ અવર્ણનીય છે, વચનાતીત છે, આત્માના શુદ્ધ સ્વભાવરૂપ છે, એમ અનુભવ થાય છે. જ્યારે વિભાવને મૂકીને એક ક્ષણવાર પણ આત્મામાં રમણતા થાય છે, ત્યારે તે જીવન્મુક્ત દશાનું સુખ અહીંયાં પણ અનુભવાય છે માટે વિભાવ એટલે પુદ્ગલ (વિષય) જન્યસુખ તેવા સુખની કોઈપણ પ્રકારે ઇચ્છા દૂર કરી કર્મથી આચ્છાદિત થયેલા આત્માના ગુણોને પ્રગટ કરવા માટે શાસ્ત્રોક્ત રીતિએ હમેશાં પ્રયત્ન કરવો જોઈએ.

તે પછી રોગ બ્રાહ્મણે શરીર અને અર્થની પીડાનું કારણ કહ્યું કે—

**આપત્તિને માટે ધનનું, ધનથી સ્ત્રીઓનું અને ધન તથા સ્ત્રીઓથી આત્માનું નિરંતર રક્ષણ કરવું. ૧.**

ભાવાર્થ : **'आपदर्थे धनं रक्षेत्'** ધર્મની સહાયથી જ્યારે ધનની પ્રાપ્તિ થાય છે. ત્યારે માણસ ધર્મ અને પોતાના કર્તવ્યને ભૂલી જાય છે, અને વિચાર કરે છે કે આવી જ રીતે ધનની પ્રાપ્તિ હંમેશાં થયાં કરશે એમ કલ્પના કરી પ્રાપ્ત થયેલા ધનનો આંખ મીચીને વ્યય કરે છે. વખતે લોભને લઈને પ્રાપ્ત થયેલું સઘળું ધન વ્યાપારમાં રોકી દે છે, તેનું પરિણામ એ આવે છે કે, પોતાનું મેળવેલું પણ ધન જતું રહે છે, અને પોતે આપત્તિમાં આવી પડે છે, તેથી આપત્તિના બચાવ માટે ધન કેવી રીતે વધારવું તથા તેની વ્યવસ્થા કેવી રીતે કરવી વગેરે આ શાસ્ત્રકારે પોતે જ આગળ જણાવ્યું છે. અત્રે એટલું જ કહેવાનું કે ભવિષ્યકાલની આપત્તિનો વિચાર કરી તેને માટે આવકમાંથી અમુક હિસ્સો અવશ્ય બચાવી રાખવો જોઈએ.

**'दारान् रक्षेद्धनैरपि'** જો સ્ત્રી ઉપર આપત્તિ આવે તો તે વખતે ધનનો વ્યય કરી સ્ત્રીનું રક્ષણ કરવું જોઈએ. આ સંબંધમાં હાલમાં કેટલાક ઠેકાણે ગેરસમજને લઈને ઉલટો

પ્રચાર ચાલે છે. એટલે કે જેઓને સરલતાથી કન્યા મળી શકે છે, તેઓ પોતાની સ્ત્રી રોગાદિકથી પીડાતી હોય, તો પણ જેવી જોઈએ તેવી સારવાર કરવામાં શિથિલ બની ધનવ્યય કરવામાં કંજુસાઈ કરે છે અને તેથી પોતાના પતિ તરફની બેદરકારી જોઈ રોગગ્રસ્ત સ્ત્રી હંમેશાં ચિંતાતુર બની જાય છે, અને તેની સમાધિ નાશ પામે છે, તેથી તેને આ ભવે શ્વસુર પક્ષનો અનાદર જોઈ ખેદરૂપ થાય છે, તેથી તેનું સમાધિથી મરણ થતું નથી, પરભવ પણ પ્રાયઃ બગડે છે તો દરેક રીતે સ્ત્રી ઉપર આવી પડતી આપત્તિનું નિવારણ કરવા ધન વ્યય ઉપર લક્ષ નહીં આપતાં બુદ્ધિમાન્ પુરુષોએ તેના આત્માને શાન્તિ મળે તેવા ઉપાયો યોજવા જોઈએ.

**'आत्मानं सततं रक्षेत्'** આત્માનું અહિત ન થાય તેની હંમેશાં કાળજી રાખવી એટલે કે સ્ત્રીનો તથા ધનનો પ્રતિબંધ (રાગ) નહીં રાખતાં એકાંતે આત્માનું હિત થાય તેવી પ્રવૃત્તિ કરવા પ્રયત્નશીલ થવું. આત્માનું રક્ષણ થવાથી ધન અને સ્ત્રીનું તો રક્ષણ પોતાની મેળે જ થશે. કારણ કે ધન અને સ્ત્રી મળવી એ પુણ્યાધીન છે, અને પુણ્ય કરવું તે આત્માને આધીન છે, તો જે આત્માથી સ્વર્ગ અને મોક્ષ બન્ને સાધી શકાય છે, તે આત્માનું અહિત ધન અને સ્ત્રી માટે થવા દેવું યોગ્ય નથી. સ્ત્રીના વિયોગથી અથવા ધનનો એકદમ નાશ થવાથી જાણે પોતે તે રૂપ જ હોય નહીં ! એમ વિચારી સ્ત્રી અને ધનની પાછળ આત્મહત્યા કરવા ઇચ્છવું જોઈએ નહિ, આ અજ્ઞાનતાનું કારણ છે. આત્મા પોતે જ સ્ત્રી અને ધનાદિક મેળવી શકે છે, તો તેનું અહિત આવા કારણે થવા દેવું એ બુદ્ધિમાન પુરુષોનું કામ નથી, માટે ધન અને સ્ત્રીના ત્યાગ પૂર્વક પણ સંયમાદિક ગ્રહણ કરી આત્માની ઉન્નતિ કરવી યોગ્ય છે, તેમ સર્વથા ન બને તો દેશવિરતિપણું લઈને પણ અમુક અંશે સ્ત્રી ધનાદિક ઉપરનો મોહ ઓછો કરી આત્માનું રક્ષણ કરવા પ્રવૃત્તિ કરવી ઉચિત છે.

વળી ધર્મી પુરુષોને શરીર ધન તુલ્ય છે, અને આત્મા શરીર તુલ્ય છે, એવી રીતે થયે છતે શરીરની પીડાની ઉપેક્ષા કરી આત્માની રક્ષા કરવી જોઈએ. ઇત્યાદિ આ પ્રમાણે તે રોગબ્રાહ્મણનું પોતાની પ્રતિજ્ઞામાં નિશ્ચળપણું જાણવામાં આવવાથી તે બંને દેવોને ઘણો હર્ષ થયો. અહો ! આ બ્રાહ્મણ સાત્ત્વિક પુરુષોમાં શિરોમણિ છે, અને શક્રેંદ્રે તેની સાચી પ્રશંસા કરી છે, એવો વિચાર કરી, તે પછી તે બંને દેવોએ પોતાનું સ્વાભાવિક રૂપ પ્રગટ કર્યું અને શક્રેંદ્રે કરેલી પ્રશંસા વગેરે વૃત્તાંત લોકમાં પ્રસિદ્ધ કર્યો, તથા દેવોએ તેના સર્વ રોગનું હરણ કર્યું અને રત્નોથી તેનું ઘર ભરી દીધું. પછી સર્વ ઠેકાણે તે બ્રાહ્મણનું આરોગ્યદ્વિજ એવું નામ પ્રસિદ્ધિ પામ્યું, અને તે સંપૂર્ણ પુરુષાર્થ (ધર્મ, અર્થ અને કામ)ને સાધવાવાળો થયો, અને દેવો પોતાના સ્થાને ગયા.

**एवं गर्हितं कर्म त्यजतोऽन्यजनधर्मस्थिरता, स्वात्मसंसारतारणयशः प्रतिष्ठादयो गुणाः, गर्हितपरित्यागेनागर्हितमपि तत्तावन्मात्रमेव कार्यं, येन प्रान्ते सुखी स्यात् । यदाह—**

**શબ્દાર્થ—એવી રીતે નિંદિત કર્મનો ત્યાગ કરતાં બીજા મનુષ્યોને ધર્મમાં સ્થિરતા થાય છે, અને પોતાના આત્માને સંસારથી તારવો, કીર્તિ, પ્રતિષ્ઠા વગેરે ગુણો પ્રાપ્ત થાય છે, તથા નિંદિત કર્મના ત્યાગથી અનિંદિત કર્મ પણ તેટલું જ કરવું જોઈએ કે જેથી અંતે સુખી થવાય. (આચારાંગસૂત્ર પૃ. ૧૦૧માં) કહ્યું છે કે—**

**मासैरष्टभिरह्ना च, पूर्वेण वयसायुषा ।**
**तन्नरेण विधातव्यं, यस्यान्ते सुखमेधते ॥१॥**

**दिवसेनैव तत्कार्यं, येन रात्रौ सुखीभवेत् ।**
**तत्कार्यमष्टभिर्मासैर्वर्षासु स्यात् सुखी यः ॥२॥**

**पूर्वे वयसि तत्कार्यं, येन वृद्धः सुखीभवेत् ।**
**सर्ववयसा च तकार्यं, येन प्रेत्य सुखीभवेत् ॥३॥**

**આઠ મહીનાએ, એક દિવસે, પ્રથમની અવસ્થાએ અને આયુષ્યે કરી મનુષ્યે તેવું કાર્ય કરવું જોઈએ, કે આઠ મહીનાના, એક દિવસના, પ્રથમ વયના અને આયુષ્યના અંતે સુખને પામે. અર્થાત્ દિવસે તેવું કાર્ય કરવું કે જેથી રાત્રિએ સુખી થવાય. આઠ મહીનામાં એવું કાર્ય કરવું કે વર્ષાઋતુમાં સુખી થવાય. પ્રથમ વયમાં એવું કાર્ય કરવું કે જેથી વૃદ્ધાવસ્થામાં સુખી થવાય. સંપૂર્ણ વયથી એવું કાર્ય કરવું કે જેથી પરલોકમાં સુખી થવાય.**

ભાવાર્થ—કાર્ય કરતાં પહેલાં મનુષ્યમાત્રે વિચાર કરવો જોઈએ કે આ કાર્યનું ફળ ભવિષ્યમાં કેવું મળશે. આમ વિચાર કરવાથી પ્રાયે અકાર્ય થતું નથી, વૈર વિરોધ થતો નથી અને જીવને ભવિષ્યમાં શાંતિ મળે છે. વગર વિચારે કાર્ય કરવાથી લાભદાયી કાર્યથી પણ દુ:ખ થાય છે. કેમકે એનું પરિણામ ક્યારે અને કેવું આવશે તે અનિશ્ચિત હોય છે, માટે કાર્ય કરતાં પહેલાં વિચાર કરવાનો કે આ કાર્ય પ્રાયે આટલી મુદતમાં પૂરું થશે. હું તે કરવા સમર્થ છું, દેશકાળાદિ અનુકૂળ છે. આ કાર્યથી મને કાંઈ પણ ઉપાધિ આવશે નહીં. એમ સમજી કાર્ય કરે તો દિવસના કરેલા કાર્યથી રાત્રિએ ચિંતારહિત હોવાથી નિદ્રા સુખપૂર્વક આવશે.

તેમજ આઠ માસમાં કરેલા કાર્યથી ચાતુર્માસમાં ધર્મસાધના વગેરે ક્રિયામાં વિઘ્ન આવશે નહિ એ જ પ્રમાણે પ્રથમની અવસ્થામાં એવું કાર્ય કરવું કે જેથી વૃદ્ધાવસ્થામાં ધર્મસાધના કરી શકાય, અને આખી જીંદગી એવી રીતે વ્યતીત કરવી જોઈએ કે જેથી આગામી ભવમાં સુખપૂર્વક ધર્મની પ્રાપ્તિ થાય. આ કારણથી જેનું પરિણામ થોડા કાળમાં સમજાય તેવું ન હોય એવા તથા બીજાની સાથે વિરોધ થાય તેવાં કાર્યો કદી પણ કરવા જોઈએ નહીં. હંમેશાં ચિન્તા ચિતા સમાન છે, એવું આ જ ગ્રંથમાં કહ્યું છે. માટે જે કાર્ય કરવાથી ચિન્તા ઊભી થાય અને હંમેશાં ચિત્ત ઉદ્વિગ્ન રહે તેવાં કાર્ય ધર્મી પુરુષોએ કદી પણ કરવા જોઈએ નહીં.

જેમાં વસ્તુની આપ લે છે જ નહીં, પણ કેવળ ધનની આપ લે કરવામાં આવે છે, એવાં શેર સટ્ટા, શરાબ, જુગાર વગેરેથી મન ઉપર ખરેખરી અસર થાય છે, અને મન હંમેશાં ચિંતાતુર રહે છે, તો આવા વેપારથી જરૂર અટકવું જોઈએ. વળી વસ્તુની આપ લેનો વેપાર પણ પોતાની શક્તિ ઉપરાંત કરવાથી ચિત્તને અસમાધિ રહે છે, અને વખતે નફાને બદલે નુકસાન થઈ જાય છે, તો પછી પોતાની શક્તિ ઉપરાંતનો વેપાર કરવાથી પણ મનુષ્ય સુખી થતો નથી, માટે જે કાર્ય દિવસે કરવાથી રાત્રિ સારી રીતે સુખથી વ્યતીત કરી શકાય તથા આઠ માસમાં કરેલા કાર્યથી ચાતુર્માસ સારી રીતે નિર્વિઘ્ન-પૂર્વક પસાર થાય, અને વૃદ્ધાવસ્થા તથા આગામિક ભવ સુધરે એવા કાર્ય કરવા જોઈએ.

અગ્યારમા ગુણને સમાપ્ત કરતાં ગ્રંથકાર કહે છે કે.

**देशजातिकुलगर्हितकर्माण्यादरात्परिहरन् गृहमेधी ।**
**आचरँश्च तदगर्हितमार्यैर्धर्मकर्मणि भवेदधिकारी ॥८१॥**

**દેશ, જાતિ અને કુળથી નિંદિત કર્મોને આદર પૂર્વક ત્યાગ કરતો અને આર્ય લોકોથી અનિંદિત કર્મને આચરણ કરતો પુરુષ જ ધર્મ કાર્યમાં અધિકારી થાય છે. ૮૧.**

**इति एकादशमो गुणः ॥**

• • •

(૧૨)

# બારમો ગુણ—ઉચિત વ્યય

હવે, ઉચિત વ્યય અર્થાત્ આવક પ્રમાણે જ ખર્ચ કરવારૂપ બારમો ગુણ વર્ણવે છે.

**तथा व्ययो भर्त्तव्यभरणस्वभोगदेवताऽतिथिपूजनादिप्रयोजनैर्द्रव्यविनियोगः, आयः कृषिपाशुपाल्यवाणिज्यराजसेवादिजनितो द्रव्यलाभः, तस्योचितमनुरूपं व्ययं कुर्वन् गृहिधर्माय कल्पत इति योगः, यदाह—**

**શબ્દાર્થ—પોષ્ય વર્ગનું પોષણ કરવામાં, પોતાના ખાવા પીવા વગેરેના ભોગમાં અને દેવ તથા અતિથિના પૂજન વગેરેના પ્રયોજનથી ધનનો ખર્ચ કરવો તેને વ્યય કહે છે. તથા ખેતી, પશુ પાલન કરવાની વૃત્તિ, વેપાર અને રાજાની સેવાથી ઉત્પન્ન થયેલો ધનનો લાભ તેને આય કહે છે. તે આવકનો રીતસર ખર્ચ કરતો ગૃહસ્થ, ગૃહસ્થધર્મને યોગ્ય થાય છે, અર્થાત્ જે પુરુષ આવકના પ્રમાણમાં ખર્ચ કરે છે. તે પુરુષ ગૃહસ્થ ધર્મને યોગ્ય થાય છે. કહ્યું છે કે —**

"लाभोचियदाणे लाभोचियभोगे लाभोचियनिहि करेसिया" ।

**आयोचितश्च व्ययश्चतुर्भागादितया कैश्चिदुच्यते । तत्र निर्द्रव्याणामेवं व्ययविभागः-**

पादमायान्निधिं कुर्यात्पादं वित्ताय शोधयेत् ।
धर्मोपभोगयोः पादं, पादं भर्त्तव्यपोषणे ॥ [યોગશાસ્ત્ર પૃ. ૫૩]

**सद्द्रव्याणां त्वयम्—**

आयादर्द्धं नियुञ्जीत, धर्मे यद्वाऽधिकं ततः ।
शेषेण शेषं कुर्वीत, यत्नतस्तुच्छमैहिकम् ॥ [યોગશાસ્ત્ર પૃ. ૫૩]

**यतः—**

**શબ્દાર્થ—ગૃહસ્થ નિરંતર આવકને અનુસાર દાનમાં તથા ભોગમાં ખર્ચ કરે અને આવકના અનુસાર નિધાનમાં સ્થાપન કરે, અર્થાત્ આવકના ત્રણ ભાગ સરખા કરી ધનની વ્યવસ્થા કરે અને કેટલાક આવકને ઉચિત ખર્ચના ચાર વિભાગ કરી વ્યવસ્થા કરવાનું કહે છે. તેમાં નિર્ધન પુરુષોના ખર્ચનો વિભાગ આ પ્રમાણે છે.**

**નિર્ધન પુરુષ આવકમાંથી ચોથો ભાગ નિધાનમાં સ્થાપન કરે અને ચોથો ભાગ દ્રવ્ય ઉપાર્જન કરવા માટે વેપારમાં રોકે, તેમજ ચોથો ભાગ ધર્મ તથા પોતાના ઉપભોગમાં ખર્ચે અને ચોથો ભાગ પોષ્ય વર્ગના પોષણમાં ખર્ચે. ધનવાન પુરુષોને તો ખર્ચ કરવાનો વિભાગ આ પ્રમાણે છે. ધનવાન પુરુષ આવકમાંથી ભાગ અડધા અથવા તો અધિક ધર્મમાં વિનિયોગ કરે (ખરચે) પછી શેષ રહેલા દ્રવ્યથી આ લોક સંબંધી બાકીનાં તુચ્છ કાર્યો યતનાથી કરે.**

**ભાવાર્થ**–'पादमायान्निधिं कुर्यात्' દરેક ધર્મિષ્ઠ અથવા સુખી થવાની ઇચ્છાવાળા સામાન્ય પુરુષે પોતાની આવકના ચાર ભાગ કરવા જોઈએ અને તેમાંથી ચતુર્થાંશ ધર્મના ઉપભોગમાં વાપરવું, કારણ કે ધનપ્રાપ્તિ હમેશાં ધર્મથી થાય છે, માટે જે ધર્મથી ધનની પ્રાપ્તિ થઈ છે તેવા ધર્મને સર્વથી મુખ્ય ગણી સામાન્ય સ્થિતિવાળા પુરુષે પણ આવકમાંથી ઓછામાં ઓછો ચતુર્થાંશ ધર્મકાર્યમાં વાપરવો જોઈએ.

આવકનો ચોથો ભાગ વેપારમાં રોકવો તથા ચોથો ભાગ સાચવી રાખવો અને ચોથા ભાગથી સ્વજન વર્ગનું પોષણ કરવું, આવી રીતે જો વર્તન કરવામાં આવે તો ચિત્તની સમાધિનો ભંગ થવાનો પ્રસંગ કોઈપણ વખતે ઘણું કરીને આવતો નથી અને વ્યવહાર સારી રીતે ચલાવી શકાય છે.

કેટલીક વખત આવકનો વિચાર કર્યા સિવાય ખર્ચ કરવામાં આવે છે, અને તેથી થયેલી દ્રવ્યની હાનીવડે સારાં કુટુંબો પણ છિન્ન ભિન્ન થયેલાં જોઈએ છીએ. સામાન્ય લોકો આવકના પ્રમાણથી અધિક ખર્ચ કરે, અને તેથી તેની અવસ્થા શોચનીય થાય તેમાં કાંઈ નવાઈ નથી. રાજાઓ પણ પોતાના રાજ્યની આવક ઉપર ધ્યાન આપ્યા સિવાય પોતાની કીર્તિ જાહેરમાં લાવવા પોતાના ગજા ઉપરાંત દાનાદિકમાં લક્ષ્મીનો વ્યય કરી પોતાના રાજ્યને ગુમાવી દે છે, એમ ઘણાં ઉદાહરણો શાસ્ત્રદૃષ્ટિથી તથા ઐતિહાસિક નજરે જોતાં ખ્યાલ આવે છે, માટે આવકને અનુસારે ખર્ચ કરવામાં ઉપર જણાવ્યા પ્રમાણે પ્રવૃત્તિ કરવી.

ઉપર જણાવેલી વાત તો સામાન્ય સ્થિતિવાળા માટે બતાવી છે પણ જેની પાસે વિશેષ સમૃદ્ધિ હોય અને આવકનું સારું સાધન હોય તેણે તો આવકમાંથી અડધો ભાગ ધન ધર્મમાં વાપરવું જોઈએ. કારણ કે ભવિષ્યની આપત્તિના બચાવ માટે જેની પાસે જોઈએ તેટલું ધન છે, અને આવક પણ સારી છે તેથી ભવિષ્યની આપત્તિનો સંભવ ઘણે ભાગે થોડો રહે છે તેવા પુરુષે આ ભવની જેમ આવતો ભવ પણ સુખરૂપ થાય તે માટે આવકમાંથી અડધો ભાગ ધન દર વર્ષે હિસાબ કરી ધર્મ કાર્યમાં ખરચવું જોઈએ તેથી પણ કોઈ અવસરે અધિક ખર્ચ કરે તો પણ તેને તકલીફ આવતી નથી. બાકી આલોકનાં કાર્યો તેણે બાકી રહેલા ધનથી પ્રયત્ન પૂર્વક કરવા. **કહ્યું છે કે–**

चत्वारो धनदायादा, धर्मचौराग्निभूभृतः ।
ज्येष्ठेऽपमानिते पुंसां, हरन्त्यन्ये बलाद्धनम् ॥

**आयानुरूपव्ययाभावे कदर्यतापत्तेः । कदर्यो हि नित्यभर्त्तव्यस्वात्मवञ्चनेनापि धनमेव सञ्चिनोति, न धर्मम् । यदुक्तम्**

શબ્દાર્થ—દુનિયામાં વગર કરે ધનના ચાર ભાગીદાર થઈ જાય છે અને તેમાં જો મુખ્ય જે ભાગીદાર ધર્મ છે, તેના ઉપર દુર્લક્ષ કરવામાં આવે તો બાકી રહેલા જે ત્રણ ભાગીદારો રાજા, ચોર અને અગ્નિ એ પ્રાયઃ ધનવાનની ઇચ્છા વિના પણ તે ધનનો બલાત્કારથી પણ નાશ કરે છે.

માટે ધનવાન પુરુષોએ ધર્મ ઉપર વધારે લક્ષ આપી તેમાં ધન ખરચવા પ્રયત્ન કરવો જોઈએ.

જો આવકના પ્રમાણમાં ખર્ચ કરવામાં ન આવે તો તેને કૃપણતા રૂપ પદવીની પ્રાપ્તિ થાય છે, એ કૃપણો તો હંમેશ પોષણ કરવા લાયક પોતાના આત્માને ઠગી ધનને ભેગું જ કરે છે, પરંતુ તે ધનથી ધર્મને ઉપાર્જન કરતો નથી તે જ કારણથી કહ્યું છે કે—

नेह लोके नान्यलोके, न धर्मे नार्थकामयोः ।
नोपकारे नापकारे, कदर्य उपतिष्ठते ॥

"કૃપણ પુરુષ આલોકના, પરલોકના, ધર્મના, અર્થ તથા કામના, ઉપકારના કાર્યમાં ઊભો રહેતો નથી."

**यथा सोपारकवास्तव्यः कोटाकोटिस्वर्णस्वामी कदर्यः श्रेष्ठी । तथा हि—**

આ સંબંધમાં સોપારકનગર નિવાસી એક કોડાકોડી સુવર્ણના માલિક એક કૃપણ શ્રેષ્ઠીનું ઉદાહરણ છે તે આ પ્રમાણે છે—

## कदर्यश्रेष्ठिकथा

**उज्जयिन्यां विक्रमो नृपः, एकदाऽपूर्वनटैर्नाट्ये कृते राजसभास्थितेन महिषीपालेन नटेभ्यो बीजपूरं दत्तम्, नटैरुक्तम्, "एकगुणं दानं सहस्त्रगुणं पुण्यं" श्रुत्वा राज्ञा पृष्टम्, कथमेतद्घटते ? । नटैरुक्तम्, सोपारकपुरे कदर्यगृहे गत्वा विलोकनीयम्, कौतुकी राजा तत्र गतः, लोकपार्श्वे कदर्यगृहपृच्छा, तद्गृहं दूरं त्यज, तन्नाम मा गृहाण, अद्य भुक्तेरपि संशयश्चेति लोकैर्वार्यमाणोऽपि गतस्तद्-गृहे, दृष्टो दवरकवलादिकुकर्म कुर्वन् कदर्यः, तदासन्नस्थेन विलोकितं भोजना-च्छादनादि, सायं वासकार्थी नृपः कदर्यगृहासन्ने गोविन्दविप्रस्य खल्वाटा-पराभिधानस्य दानश्रद्धालोरुटजे गतो मार्गश्रान्तः, गोविन्देनापि प्रतीच्छतो-**

ऽभ्यागतभावेन उपवेशितश्च स्वस्थाने, राज्ञः श्रमापनोदार्थं तैलयाचनार्थं कदर्यपार्श्वे जगाम, याचितं तैलं, स न दत्ते बहुकथने तैलपुण्यचतुर्थांशं मार्गयित्वा कर्षचतुर्थांशं कथमपि दत्तवान्, तेन तैलेनाभ्यङ्गितो राजा उष्णजलैः स्नापितश्च, पश्चात्परस्परं तत्रागमनादिहेतुप्रश्ने राज्ञा सर्वं कथितम् ।

गोविन्देन स्वगृहाग्रवटस्थ-पूर्वपरिचिता देवता पृष्टा, तया निर्णये कथिते राज्ञोऽग्रे कथनम्, महिषीपालवचोनिर्णयो नवमासप्रान्ते कान्त्यां तव भावी, पाश्चात्यरात्रौ ममाहिदंशतो मृत्युः, विशूचिकया कदर्यस्यापीति निश्चित्य कान्त्यां समागम्यमिति, राजाऽपि प्रातस्तथाजाते जातप्रत्ययः क्वापि वनान्तर्व्यन्तर्या राज्ञो रूपावर्जितया कृतोपचारो नवमासीं व्यतिक्रम्य कान्तीं जिगमिषुर्देवतयोत्पाट्य मुक्तः, प्रतोलीप्रवेशे दरिद्रस्त्री बालिकां त्यजन्ती दृष्टा पृष्टा, किमेतत्, तयोक्तं, पुराऽपि सप्त कन्या दुर्भगाः सन्ति, एषाऽष्टमी जाता त्यज्यमानाऽस्ति ।

कृपालुर्भूपः सपादलक्षमूल्यस्वमुद्रिकां दत्वा रक्षितवान्, पुरमध्ये गतः राजपथे पटहो वाद्यते यदुत राज्ञः पुत्रो जातः, स न स्तन्यं पिबति वक्ति च मित्रं मम कारयथ इति, विक्रमनृपोऽपि पटहवादनं निषिध्य राजसौधे पुत्रपार्श्वे गतः, नृपं दृष्ट्वा बालः प्राह–भो मित्र विक्रम ! समागच्छ निवृत्तः संशयस्ते ? राजापि चित्ते चमत्कृतः प्रोवाच, भो मित्र बालक ! कथय ।

ततो बालेनोक्तं, गोविन्दविप्रोऽहं तवाभ्यागतस्य संवाहनजनितपुण्यात्कान्तीशनृपसुतः, स कदर्यो दरिद्रपुत्री, तैलकर्षचतुर्थांशपुण्यमार्गणेन सञ्जातत्वदर्शनेन सपादलक्षमुद्रिकार्पणात्प्राप्तजीवितः, अतः "एकगुणं दानं सहस्त्रगुणं पुण्यम्" इति निर्णयः, राजाऽपि तं बालं समालिङ्ग्य प्रमुदितः स्वपुरं प्राप ॥

## કૃપણશેઠની કથા

ઉજ્જયિની નગરીમાં વિક્રમ રાજા રાજ્ય કરતો હતો. એક વખતે રાજસભામાં નટોએ અપૂર્વ નાટક કર્યું, તે વખતે રાજસભામાં બેઠેલા એક ગોવાળીયાએ નટોને એક બીજોરું ભેટ આપ્યું, તે અવસરે નટોએ કહ્યું કે–એક ગણું દાન અને સહસ્રગણું પુણ્ય.' આ વાક્ય સાંભળીને રાજાએ પૂછ્યું કે આ કેવી રીતે સંભવે ? ત્યારે નટોએ કહ્યું કે–સોપારક નગરમાં કૃપણના ઘરે જઈને જુવો. પછી કૌતુક જોવાની ઇચ્છાવાળો રાજા સોપારકમાં ગયો, ત્યાં લોકો પાસે કૃપણના ઘરની પૃચ્છા કરી.

લોકોએ કહ્યું કે, તેના ઘરને દૂરથી છોડ. તેનું નામ પણ લઈશ નહીં, આજ તને ભોજન મળશે કે નહીં ? તેનો પણ સંશય છે, એમ કહી લોકોએ તેને ત્યાં જતાં

અટકાવ્યો તો પણ રાજા તેને ઘેર ગયો, ત્યાં કૃપણને દોરડાં વણવા વગેરે ખરાબ કામ કરતો જોયો એ તેની નજીક રહીને રાજાએ તેનું ભોજન તથા આચ્છાદન (કપડાં) પ્રમુખ જોઈ લીધું. પછી સાયંકાળે ઉતારો કરવાની ઈચ્છાવાળો અને માર્ગથી શ્રમિત થયેલો રાજા કદર્ય કૃપણના ઘરની નજીકમાં દાન દેવાની શ્રદ્ધાવાળો ટાલીઓ એવું બીજું નામ છે. જેનું એવા ગોવિંદ નામના બ્રાહ્મણની ઝુંપડીમાં ગયો. ત્યાં અભ્યાગત (મહેમાન)ની ઈચ્છા રાખનાર ગોવિંદ બ્રાહ્મણે રાજાને ઉચિત સ્થાનમાં બેસાડ્યો, અને ગોવિંદ રાજાના થાકને દૂર કરવા માટે તેલની યાચના કરવા માટે કૃપણની પાસે ગયો અને તેલ માગ્યું. પણ તે આપતો નથી ઘણું કહ્યું ત્યારે તેલના પુણ્યનો ચોથો ભાગ માંગી લઈ એક કર્ષનો ચોથો ભાગ (સોળ માસા) ઘણી મુશ્કેલીથી આપ્યું, તે તેલથી રાજાના શરીરે મર્દન કર્યું અને ઉષ્ણ જળથી રાજાને સ્નાન કરાવ્યું, તે પછી અહિયા આવવા વગેરેનું કારણ પૂછતાં રાજાએ ગોવિંદને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો, ગોવિંદે પોતાના ઘર આગળ રહેલા વડ-વૃક્ષની ઉપર પ્રથમની પરિચયવાળી દેવીને પૂછ્યું, એટલે દેવીએ ખરી વાત કહી, પછી ગોવિંદે રાજાની આગળ આ પ્રમાણે કહ્યું.

તને ગોવાળીયાના 'એક ગણું દાન અને હજાર ગણું પુણ્ય' વચનનો નિશ્ચય નવ મહીનાને અંતે કાંતિ નગરીમાં થશે. વળી આ રાત્રીના પાછલા પ્રહરે મારું સર્પદંશથી મૃત્યુ થશે અને અતિસારના વ્યાધિથી કૃપણનું પણ મૃત્યુ થશે. આ વાતનો નિર્ણય કરી તમારે કાંતિ નગરમાં આવવું, પ્રભાતે તે જ પ્રમાણે બનાવ બન્યો તેથી ગોવિંદની કહેલી વાત ઉપર પ્રતીતિવાળો રાજા પણ કોઈ એક વનની અંદર જતાં તેના રૂપથી પરાધીન થયેલી કોઈ વ્યંતરીથી સેવા કરાયેલા રાજાએ નવ મહિના પૂર્ણ કર્યા પછી કાંતિનગરી તરફ જવાની ઈચ્છાવાળા તે રાજાને દેવીએ કાંતિનગરી પાસે મૂકી દીધો, ત્યાં કાંતિ-નગરીના દરવાજામાં પ્રવેશ કરતાં કોઈ દરિદ્ર સ્ત્રી પોતાની બાલિકાનો ત્યાગ કરતી જોવામાં આવી. રાજાએ પૂછ્યું આ શું ? તે સ્ત્રીએ કહ્યું કે પ્રથમ પણ મારે દુર્ભગા એવી સાત કન્યાઓ છે અને આઠમી કન્યા થઈ તેનો ત્યાગ કરું છું.

આ સાંભળી દયાળું એવા વિક્રમ રાજાએ સવા લાખ રૂપિયા કિંમતની પોતાની મુદ્રિકા (વીંટી) આપી તે બાલિકાની રક્ષા કરી. પછી રાજા નગરીની અંદર ગયો ત્યાં રાજમાર્ગમાં પડહો વગડાવવામાં આવતો હતો રાજાને પુત્ર થયો છે તે સ્તનપાન કરતો નથી અને બોલે છે કે મને તમે મિત્ર કરાવો. એ પ્રમાણે પડહને સાંભળી વિક્રમરાજા પડહને વગાડતાં અટકાવી રાજાના મહેલમાં રાજપુત્ર પાસે આવ્યો, તે વખતે વિક્રમરાજાને જોઈ બાલક બોલ્યો હે મિત્ર વિક્રમ ! પધારો તમારો સંદેહ ટળી ગયો ? ચિત્તમાં ચમત્કાર (આશ્ચર્ય) પામેલો રાજા બોલ્યો હે મિત્ર બાળક ! જે કહેવાનું હોય તે તમે કહો.

બાળકે કહ્યું કે, 'હું ગોવિંદ બ્રાહ્મણ છું, અભ્યાગત થયેલા તમોને તેલમર્દન કરવાના પુણ્યથી હું કાંતિનગરીના રાજાનો પુત્ર થયો છું એ તે કૃપણ દરિદ્ર સ્ત્રીની પુત્રીપણે થયેલો છે. તેણે તેલના ચોથા ભાગનું પુણ્ય માંગી લેવાથી અને તમારું તેને દર્શન થવાથી તમે તેને સવાલાખ રૂપિયાની કિંમતની મુદ્રિકા અર્પણ કરી તેથી તેણીને જીવિત પ્રાપ્ત થયું. આ કારણથી એક ગણું દાન અને હજાર ગણું પુણ્ય એ વાક્યનો નિશ્ચય થયો. પછી તે બાળકને આલિંગન કરી હર્ષિત થયેલો રાજા પોતાના નગર તરફ ચાલી નીકળ્યો.

**एवमायानुसारिणं व्ययमकुर्वाणस्य नास्ति लोके शोभायशोधर्मप्राप्तिः, आयत्यामपि न शुभोदर्कः कदर्यस्येव । यतः—**

**શબ્દાર્થ—એવી રીતે આવકને અનુસરી ખરચ નહીં કરનાર મનુષ્યને લોકમાં શોભા, કીર્તિ અને ધર્મની પ્રાપ્તિ થતી નથી અને ભવિષ્ય કાળમાં પણ કદર્યની જેમ સારું પરિણામ આવતું નથી. કહ્યું છે કે—**

त्यागो गुणो वित्तवतां, वित्तं त्यागवतां गुणः ।
परस्परवियुक्तौ तु, वित्तत्यागौ विडम्बना ॥

દ્રવ્યવાન પુરુષોને ત્યાગ (દાન) હોય તો તે ગુણ છે અને દાન કરવાવાળા પુરુષોને દ્રવ્ય હોય તો તે ગુણ દ્રવ્ય અને ત્યાગ આ બન્ને અરસ પરસમાં જુદા હોય તો એ બન્નેની વિડંબના થાય છે. (અર્થાત્ ધનાઢ્ય દાતા ન હોય અને દાતા ધનાઢ્ય ન હોય તો વિડંબના સિવાય બીજું શું છે ?)

**दृष्टे हि दूरादपि दातरि प्रावृषेण्यपर्जन्य इव समुज्जीवति जनता, असकृत्प्रवर्त्तितदानवर्षो महेभ इव नाभिभूयते नीचजनेन । दानाङ्कुशेन वशीकरोत्युदारः क्षणेन व्यालानिव क्षोणिपालान् तमांसीव सवितरि न प्रभवन्ति दुर्जनवचांसि दातरि। देशकालान्तरितोऽपि दाता पुरः स्फुरन्निव प्रतिभात्यविनश्वरयशः शरीरेण विक्रमादित्यवत् । किं बहुना—**

**શબ્દાર્થ—દાતાને દૂરથી જ દેખતાંની સાથે વર્ષાઋતુના મેઘની જેમ જનસમૂહ ઉજ્જીવિત (આનંદિત) થાય છે. વારંવાર દાનરૂપ વૃષ્ટિની પ્રવૃત્તિ કરનાર દાતા જેમ મોટા હાથીની જેમ નીચ પુરુષોથી પરાભવ પામતો નથી, તેમજ ઉદાર મનુષ્ય દાનરૂપ અંકુશથી ક્ષણવારમાં હાથીની માફક રાજાઓને વશ કરે છે. જેમ સૂર્યને અંધકારનાં પુદ્ગલો પરાભવ કરી શકતાં નથી, તેમ દાતાને દુર્જન મનુષ્યોનાં વચનો પરાભવ કરી શકતાં નથી. તથા દાતા દેશ અને કાળથી નષ્ટ થયો હોય તો પણ તે વિક્રમાદિત્ય વગેરેની જેમ અવિનાશી યશરૂપ શરીરથી જાણે આગળ સ્ફુરાયમાન ન હોય તેમ પ્રકાશે છે. વધારે કહેવાથી શું ? કહ્યું છે કે—**

**संपदि विपदि विवादे, धर्मे चार्थे परार्थसङ्घटने ।**
**देवगुरुकृत्यजाते स्फुरत्युदारः परं लोके ॥**

**આ લોકમાં ઉદાર માણસ સંપત્તિમાં, વિપત્તિમાં, વિવાદમાં, ધર્મમાં અને અર્થમાં બીજાના અર્થને સાધવામાં તથા દેવ અને ગુરુ સંબંધી કાર્ય પ્રાપ્ત થતાં સ્ફુરાયમાન થાય છે.**

**आयव्ययमनालोच्य, यस्तु वैश्रमणायते ।**
**अचिरेणैव कालेन, सोऽत्र वै श्रमणायते ॥** [યોગશાસ્ત્ર પૃ. ૫૩]

**જે પુરુષ આવક અને ખરચનો વિચાર કર્યા સિવાય કુબેરભંડારી જેવુ આચરણા કરે છે, તે પુરુષ થોડા જ વખતમાં ખરેખર આ લોકમાં સાધુ જેવો બની જાય છે.**

**ભાવાર્થ**—આવક અને ખરચનો જે પુરુષો બરોબર વિચાર કરતા નથી તેમને બહુ સહન કરવું પડે છે. કેટલાક પોતાના આવકના પ્રમાણથી, બીજાની દેખાદેખીથી અને સ્વાર્થીલોકોની ખોટી પ્રશંસાથી ફુલાઈ જઈ શક્તિ ઉપરાંત દાન દે છે. અથવા ભોગાદિકમાં લક્ષ્મીનો વ્યય કરે છે અને તેથી જ્યારે તેની પાસેથી ધન ઘટી જાય છે, ત્યારે તે પોતે દાન લેવા યોગ્ય થઈ જાય છે. માટે દાનભોગાદિકમાં લક્ષ્મીનો વ્યય કરવો તે આવકનો વિચાર કરી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિમ.સાના ઉપદેશ મુજબ દ્રવ્યના વિભાગ કરી પછી ખર્ચ કરવો ઉચિત છે. માત્ર ધન ખર્ચી કીર્તિ સંપાદન કરવાથી અથવા ભોગ ભોગવવાથી આ મનુષ્યજન્મનું સાર્થક પણ થતું નથી. ધન પુણ્ય પ્રમાણે મળે છે, તેથી બીજાની ઈર્ષ્યા સ્પર્ધા ન કરતાં પોતાની શક્તિ અનુસાર દ્રવ્યનો વ્યય કરવો.

શક્તિ અનુસાર ખર્ચ કરનારને પ્રાયઃ ચિત્તની સમાધિ રહેવાથી ધર્મધ્યાનાદિક કરવામાં વિઘ્ન આવતું નથી. આત્માની ઉચ્ચતા એકાંતે શક્તિ ઉપરાંત દ્રવ્ય ખરચવા કરતાં સમભાવમાં રહેવાથી વિશેષ થાય છે. તેમજ કર્મક્ષય પણ ધ્યાનાદિક કરવાથી શીઘ્ર થઈ શકે છે. તેથી એકાંતે દ્રવ્ય ખરચવાથી જ ધર્મ થાય છે. એમ માનવું અયોગ્ય છે. જેમ કે ત્રિજગત્પૂજ્ય શ્રી તીર્થંકર ભગવાન એક વર્ષ સુધી હમેશાં એક ક્રોડ અને આઠ લાખ સોનૈયાનું દાન કરતા હતા, છતાં પણ તે દાન તેઓશ્રીને સકલ કર્મક્ષય કરવામાં તથા સંપૂર્ણ સમાધિ મેળવવામાં સાધનભૂત થયું નહીં, પણ કર્મનો સંપૂર્ણ ક્ષય કરવા માટે તથા કેવળજ્ઞાન ઉત્પન્ન કરવા માટે બાર વર્ષ સુધી ઘોર તપસ્યા અને ધ્યાન કર્યું.

કોઈ જીવ ધર્મ કાર્યમાં ધન ખરચવાથી ધન મળશે, એવી આશા રાખી પોતાની શક્તિ ઉપરાંત અગર આવક ઉપરાંત ધન ખરચે છે, તે દુઃખી થાય છે. તેણે ભાવપૂર્વક ધર્મકાર્યમાં ખરચેલા ધનનું ફળ કાંઈ જતું નથી. પણ તે ફળ અંતરાય કર્મના ઉદયથી તત્કાળ નહીં મળવાથી અને પોતાની પાસેના દ્રવ્યનો વ્યય થઈ જવાથી પ્રાપ્ત થયેલા દારિદ્રને લઈને વખતે ધર્મ ઉપરથી પણ શ્રદ્ધા ઊઠી જાય છે. માટે શાસ્ત્રકાર મહારાજાએ જે રીતે દ્રવ્યનો વ્યય કરવાની આજ્ઞા કરી છે તેનું ઉલ્લંઘન કરવું નહીં, અને શાસ્ત્રકારની

આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર વખતે વૈશ્રમણ (કુબેર) જેવો હોય તો પણ પોતાની શક્તિ ઉપરાંત ખરચ કરનાર वै श्रमणायते એટલે કે સાધુ જેવો થઈ જાય છે.

**अत आयानुमानव्ययिना भाव्यम्, आयानुचितो हि व्ययो रोग इव शरीरं कृशीकृत्य विभवसारमखिलव्यवहारासमर्थं पुरुषं कुर्वीत । यतः—**

શબ્દાર્થ—આથી આવકને અનુસાર ખરચ કરનાર થવું જોઈએ. જો આવકથી અનુચિત ખરચ હોય તો તે ખરચ જેમ રોગ શરીરને કૃશ કરી સંપૂર્ણ કાર્યમાં અશક્ત બનાવી દે છે, તેમ મનુષ્યના વૈભવરૂપ સારને કૃશ કરી પુરુષને સંપૂર્ણ વ્યવસાયમાં અસમર્થ બનાવી દે છે. કહ્યું છે કે :-

**तथा "लक्ष्मीः पुण्यानुसारिणी" इति निश्चित्य स्वल्पाययोगेऽपि गृहव्यय-संक्षेपेण पुण्यव्ययः कर्तव्य एव । स्तोकोऽपि पुण्यव्ययः क्रियमाणः कालेन कोटिप्रमाणोऽपि स्यात्, यथा श्रीतेजःपालमन्त्रिणा गृहचैत्यत्रिवर्षपुण्यव्ययेन षट्त्रिंशत् ( ३६ ) सहस्त्रटङ्ककमितेन बाउलूग्रामे प्रासादः कारितः ॥**

લક્ષ્મી પુણ્યને અનુસારે પ્રાપ્ત થાય છે. એવો નિશ્ચય કરી કદી આવક થોડી હોય તો પણ ઘરના ખરચમાં સંકોચ કરી પુણ્ય કર્મમાં ખરચ કરવો જ જોઈએ. કારણ થોડો પણ પુણ્ય કર્મમાં ખરચ કરવામાં આવ્યો હોય તો તે કાળે કરી એક ક્રોડ દ્રવ્ય જેટલો થાય. જેમ શ્રી તેજપાલ મંત્રીના ઘર દેરાસરમાં ત્રણ વર્ષના પુણ્ય કાર્યનો ખરચ છત્રીશ હજાર રૂપિયા પ્રમાણ થયો હતો, તે દ્રવ્યથી મંત્રીએ બાઉલૂ ગામમાં જિનમંદિર કરાવ્યું હતું.

હવે ગ્રંથકાર બારમા ગુણની સમાપ્તિ કરતાં દ્રવ્યના પ્રમાણમાં ખરચ કરનાર ગૃહસ્થને શું ફળ થાય છે તે બતાવે છે—

**एवं गृहस्थे विभवानुरूपं, व्ययं वितन्वन् लभते प्रतिष्ठाम् ।**
**यशांसि पुण्यं सुखसंपदश्च, धर्मार्थकामाभिमतोरुसिद्धिम् ॥८२॥**

શબ્દાર્થ—ઉપર જણાવ્યા પ્રમાણે વૈભવને અનુસાર ખરચ કરનાર ગૃહસ્થ પ્રતિષ્ઠા, યશ, પુણ્ય, સુખ અને સંપત્તિને મેળવે છે. તથા ધર્મ, અર્થ અને કામને અભિમત મોટી સિદ્ધિ પણ મેળવે છે. ૮૨.

इति द्वादशो गुणः ॥

● ● ●

(૧૩)

# તેરમો ગુણ—ઉચિત વેષ

હવે, પહેરવેષ પણ શ્રાવકને યોગ્ય હોવો જોઈએ એ માટે ઉચિતવેષ ગુણ વર્ણવે છે.

**तथा वेषो वस्त्रालङ्करणादिभोगः, वित्तं विभवः, उपलक्षणत्वाद्वयोऽवस्थादेश-कालजातिपुरुषस्त्र्यादिग्रहः । तदनुसारेण तदनुरूपेण कुर्वन्निति सम्बध्यते, विभवाद्यन-नुसारेण वेषं कुर्वतो जनोपहसनीयता तुच्छत्वान्यायसम्भावनादयो दोषाः । यतः—**

શબ્દાર્થ—તથા વેષ એટલે વસ્ત્ર અલંકાર વગેરે ભોગ્ય પદાર્થો. વિત્ત એટલે વૈભવ. ઉપલક્ષણથી, વય, અવસ્થા, દેશ, કાળ, જાતિ, પુરુષ અને સ્ત્રી વગેરેનો સંગ્રહ. તદનુસાર એટલે વૈભવ સરખો વેષ ધારણ કરતો ગૃહસ્થ ધર્મનો અધિકારી થાય છે. જો વૈભવ વગેરેથી અનુચિત વેષ ધારણ કરવામાં આવે તો લોકોમાં ઉપહાસપણાને, તુચ્છપણાને અને આ અન્યાયી છે એવી શંકા વગેરેના દોષોનું પાત્ર થાય છે. (વિવેકવિલાસમાં) કહ્યું છે કે—

आत्मवित्तानुमानेन, कालौचित्येन सर्वदा ।
कार्यो वस्त्रादिशृङ्गारो, वयसश्चानुसारतः ॥१॥

अर्थादधिकनेपथ्यो, वेषहीनोऽधिकं धनी ।
अशक्तौ वैरकृत् शक्तैर्महद्भिरुपहस्यते ॥२॥

न धार्यमुत्तमैर्जीर्णं, वस्त्र च न मलीमसम् ।
विना रक्तोत्पलं रक्तं, पुष्पं च न कदाचन ॥३॥

आकाङ्क्षन्नात्मनो लक्ष्मीं, वस्त्राणि कुसुमानि च ।
पादत्राणानि वान्येन, विधृतानि न धारयेत् ॥४॥

ગૃહસ્થોએ નિરંતર દ્રવ્ય, કાળ અને અવસ્થાને અનુસારે વસ્ત્ર વગેરેનો શ્રૃંગાર કરવો જોઈએ. (૧) દ્રવ્યના પ્રમાણથી વધારે સારો વેષ રાખનાર, વિશેષ ધનવાન છતાં ખરાબ વેષ રાખનાર અને નિર્બળ છતાં બળવાનની સાથે વૈર કરનાર એવા પુરુષોની મોટા પુરુષો મશ્કરી કરે છે. (૨) તથા ઉત્તમ પુરુષોએ કદી પણ જીર્ણ અને મલીન વસ્ત્ર ધારણ કરવું નહીં. તેમજ લાલ કમળ સિવાય બીજું લાલ પુષ્પ ધારણ કરવું નહીં. (૩) જે પુરુષ પોતાને માટે લક્ષ્મીની ઇચ્છા રાખતો હોય, તે પુરુષ બીજાએ ધારણ કરેલાં વસ્ત્રો, પુષ્પો અને ઉપાનહ (ચંપલાદિ) ધારણ કરે નહીં. (૪)

અથવા આવકને અનુસાર ખરચ કરનાર અને વૈભવને અનુસાર વેષ ધારણ કરનાર ધર્મનો અધિકારી થાય છે. એમ બીજો પણ અર્થ થાય છે. જે માણસ આવક છતાં કૃપણતાથી ખરચ કરતો નથી અને ધન હોવા છતાં ખરાબ વસ્ત્ર વગેરેને ધારણ કરે છે. તેથી લોકોમાં નિંદિત થયેલો તે પુરુષ ધર્મમાં પણ અધિકારી થતો નથી અને **મમ્મણ શેઠની** જેમ ક્લેશનો ભાગી થાય છે. તથા વૈભવને અનુસાર વેષ ધારણ કરતો હોવા છતાં વિશેષે કરી દેવની પૂજાના વખતે અને જિનમંદિર તથા ધર્મસ્થાનમાં જવાના સમયે દરરોજ પહેરાતા વેષથી અધિક ઉત્તમોત્તમ વેષ અને અલંકારનો ઉપભોગ કરવો.

કહ્યું છે કે—નિર્મળ અને ઉત્તમ વેષ ધારણ કરનાર પુરુષ મંગળ મૂર્તિ થાય છે. તેથી તેવા પ્રકારના પુરુષને લક્ષ્મીની વૃદ્ધિ થાય છે. તે આ બે શ્લોકોથી બતાવે છે.

**श्रीर्मङ्गलात् प्रभवति, प्रागल्भ्याच्च प्रवर्द्धते ।**
**दाक्ष्यात्तु कुरुते मूलं, सँय्यमात्प्रतितिष्ठति ॥**
**शिरः सपुष्पं चरणौ सुपूजितौ, निजाङ्गनासेवनमल्पभोजनम् ।**
**अनग्नशायित्वमपर्वमैथुनं, चिरप्रणष्टां श्रियमानयन्त्यमी ॥**

**લક્ષ્મી મંગળ કરવાથી પ્રાપ્ત થાય છે. બુદ્ધિથી વૃદ્ધિ પામે છે, નિપુણતાથી મૂલ કરે છે અને ઇંદ્રિયોના નિગ્રહ વગેરે નિયમોથી સ્થિર થાય છે. ૧.**

**પુષ્પ સહિત મસ્તક, સારા પૂજેલા ચરણ, સ્વસ્ત્રી સંતોષ, થોડું ભોજન, વસ્ત્ર સહિત શયન અને પર્વ દિવસમાં મૈથુનનો ત્યાગ, આ સર્વે ઘણા કાળથી નષ્ટ થયેલી લક્ષ્મીને પાછી લાવે છે. ૨.**

**यथा हि कर्णदेवनृपस्य देवतावसरेऽग्निधौतवस्त्रधौतिकचन्द्रादित्यकुण्डल-पापक्षयङ्करहारश्रीतिलकाङ्गदाद्यलङ्कृतिपरिधानमन्तरेण न देवपूजादिविधिः ।**

શબ્દાર્થ—આ સંબંધમાં કર્ણદેવનું વૃત્તાંત આ પ્રમાણે છે—

**કર્ણદેવ રાજા દેવ પૂજા વખતે અગ્નિથી ધોયેલા ધોતીયાં (કદાચ રત્ન કંબળ), ચંદ્રાદિત્ય નામે કુંડળો, પાપ ક્ષયંકર નામે હાર અને શ્રી તિલક નામે બાજુબંધ વગેરે અલંકાર ધારણ કર્યા સિવાય દેવપૂજા કરતો ન હતો. (અર્થાત્ આ ધારણ કરીને દેવપૂજા કરતો હતો.**

હવે ગ્રંથકાર આ ગુણનો ઉપસંહાર કરતા કહે છે કે—

**एवं वितन्वन् विभवानुसारिवेषोपचारं रुचिरं विवेकी ।**
**स्वधर्मशोभोन्नतिकृद् गृहस्थो, विशेषधर्मार्हतया विभाति ॥८३॥**

શબ્દાર્થ—ઉપર જણાવ્યા પ્રમાણે જે વિવેકી ગૃહસ્થ મનોહર એવા વૈભવને અનુસાર વેષનો વ્યવહાર કરે છે તે પુરુષ પોતાના ધર્મની શોભારૂપ ઉન્નતિ કરનાર થાય છે અને પોતે વિશેષ ધર્મની યોગ્યતાને મેળવી શોભાને પામે છે. ૮૩.

इति त्रयोदशो गुणः ॥

(૧૪)

# ચૌદમો ગુણ—બુદ્ધિ ગુણ મેળવવા (ઉચિત પ્રજ્ઞ)

હવે, બુદ્ધિના આઠ ગુણ મેળવવા રૂપ ચૌદમો ગુણ વર્ણવે છે.

**तथा धियो बुद्धेर्गुणा अष्टौ, ते त्वमी—**

શબ્દાર્થ—તથા બુદ્ધિના આઠ ગુણો છે તે ગુણો જે પુરુષમાં હોય તે પુરુષ ધર્મ મેળવવાને અધિકારી થાય છે, તે આઠ ગુણો આ પ્રમાણે છે.

**शुश्रुषा १ श्रवणं २ चैव, ग्रहणं ३ धारणं ४ तथा ।**
**ऊहो ५ ऽपोहो ६ ऽर्थविज्ञानं, ७ तत्त्वज्ञानं ८ च धीगुणाः ॥८४॥**

શબ્દાર્થ—શુશ્રુષા, શ્રવણ, ગ્રહણ, ધારણા, ઉહ, અપોહ, અર્થજ્ઞાન અને તત્ત્વજ્ઞાન એ બુદ્ધિના આઠગુણો જાણવા. ૮૪.

તેમાં સાંભળવાની ઈચ્છા તેને શુશ્રુષા કહેવાય છે. શુશ્રુષાની ઈચ્છા સિવાય શ્રવણાદિક ગુણોની પ્રાપ્તિ નથી. શ્રવણ એટલે સિદ્ધાંતાદિકનું સાંભળવું. આ સાંભળવાથી મોટા ગુણની પ્રાપ્તિ થાય છે. તેને માટે કહ્યું છે કે— [યોગબિન્દુ]

क्षाराम्भस्त्यागतो यद्वत्, मधुरोदकयोगतः ।
बीजं प्ररोहमादत्ते, तद्वत्तत्वश्रुतेर्नरः ॥६१॥

क्षाराम्भस्तुल्य इह च, भवयोगोऽखिलो मतः ।
मधुरोदकयोगेन, समा तत्त्वश्रुतिः स्मृता ॥६२॥

ग्रहणं शास्त्रोपादानम् । धारणं अविस्मरणम् । ऊहो विज्ञातमर्थमवलम्ब्यान्येषु तथाविधेषु व्याप्त्यादिवितर्कणम् । अपोहो युक्त्युक्तिभ्यां विरुद्धादर्थाद्धिंसादिकात्प्रत्य-वायसम्भावनया निर्वत्तनम् । अथवा ऊहः सामान्यज्ञानम्, अपोहो विशेषज्ञानम् । अर्थविज्ञानं ऊहापोहयोगान्मोहसन्देहविपर्यासव्युदासेन ज्ञानम् । तत्त्वज्ञानं ऊहापोहविज्ञान-विशुद्धमिदमित्थमेवेति निश्चयः । एते च बुद्धिगुणा यथासम्भवं ज्ञेयाः । शुश्रूषादिभिर्हि प्रज्ञाप्रकर्षवान् सततं विचारपुरस्सरं प्रवर्त्तमानः पुमान्न कदाचिदकल्याणमाप्नोति । सकलधर्मव्यवहारपरमार्थपर्यालोचनपरश्च जायते—

ખારા જળનો ત્યાગ થવાથી અને મીઠા જળનો સંયોગ મળવાથી જેમ બીજ અંકુરને ધારણ કરે છે તેવી રીતે તત્ત્વનું શ્રવણ કરવાથી પુરુષ દોષનો ત્યાગ કરી ગુણને ગ્રહણ કરે છે. અહીં સંસારનો સંપૂર્ણ સંયોગ ખારા જળ સમાન માન્યો છે, અને તત્ત્વનું સાંભળવું તે મીઠા જળ સમાન કહ્યું છે.

સાંભળવા પૂર્વક શાસ્ત્રોનું ઉપાદાન કરવું તે ગ્રહણ કહેવાય છે. ગ્રહણ કરેલાં શાસ્ત્રોને સ્મૃતિમાં રાખવાં તેને ધારણ કહે છે.

જાણેલા પદાર્થનું અવલંબન કરી તેવા પ્રકારના બીજા પદાર્થોમાં વ્યાપ્તિ વગેરેનો વિતર્ક કરવો તેને ઉહ કહે છે.

અનુમાન અને ઉક્તિ (કથન) વડે વિરુદ્ધ એવા હિંસાદિક પદાર્થથી પાપ લાગે છે. એમ જાણવાથી પાછા હઠવું તેને અપોહ કહે છે. અથવા સામાન્ય જ્ઞાનને ઉહ કહે છે અને વિશેષ જ્ઞાનને અપોહ કહે છે.

ઉહાપોહના યોગથી અજ્ઞાન, સંશય અને વિપરીતતાનો ત્યાગ કરવાથી જે જ્ઞાન થાય તેને અર્થ વિજ્ઞાન કહે છે.

ઉહાપોહ અને અર્થ વિજ્ઞાનથી વિશુદ્ધ (નિર્મળ) એટલે 'આ પ્રમાણે જ છે.' એવો નિશ્ચય તેને તત્ત્વજ્ઞાન કહે છે. આ બુદ્ધિના આઠ ગુણો યથાસંભવ જાણવા. આ શુશ્રુષા વગેરેથી બુદ્ધિના ઉત્કર્ષવાળો પુરુષ નિરંતર વિચાર પૂર્વક પ્રવૃત્તિ કરનાર હોય તો કદીપણ અકલ્યાણને પામતો નથી. પરંતુ સંપૂર્ણ ધર્મ અને વ્યવહારના પરમાર્થનો વિચાર કરવામાં તત્પર થાય છે. કહ્યું છે કે–

बुद्धिजुओ आलोयइ, धम्मट्ठाणं उवाहिपरिसुद्धं ।
जोगत्तमप्पणो च्चिय, अणुबन्धं चेव जत्तेणं ॥

**व्याख्या–बुद्धेरुपलक्षणाद्बुद्धिगुणोपेत पुमानालोचयति धर्मस्थानमुपाधिभिर्विशेषणैर्द्रव्यक्षेत्रकालभावरूपैः परिशुद्धमप्राप्तदोषं तथा योग्यत्वमुचितत्वमात्मनोऽपि च न केवलं धर्मस्थानस्येत्यपेरर्थः । यथा कस्य धर्मस्थानस्य योग्योऽहम् । यतः–**

શબ્દાર્થ–બુદ્ધિમાન્ પુરુષ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ ઉપાધિથી નિર્મળ એવા ધર્મસ્થાનનો તથા પોતાના યોગ્યપણાનો અને ઉત્તરોત્તર ફળરૂપ અનુબંધનો પણ મોટા પ્રયત્નપૂર્વક વિચાર કરે છે. ઉપરની ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે.

બુદ્ધિના ઉપલક્ષણથી બુદ્ધિના ગુણવાળો પુરુષ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એવાં વિશેષણોરૂપ ઉપાધિથી દોષ રહિત એવા ધર્મસ્થાનની તેમજ પોતાના આત્માની યોગ્યતાનો પણ વિચાર કરે. એકલા ધર્મસ્થાનની જ વિચારણા કરે છે એમ નહી એ अपि શબ્દનો અર્થ છે. જેમ કે ક્યા ધર્મસ્થાનને હું યોગ્ય છું. તેને માટે કહ્યું છે કે :-

कः कालः ? कानि मित्राणि ? को देशः ? कौ व्ययागमौ ? ।
कश्चाहं ? का च मे शक्तिः ? इति चिन्त्यं मुहुर्मुहुः ॥१८॥

[વૃદ્ધચાણક્યનીતિ અ. ૪]

ક્યો કાળ વર્તે છે ? કોણ મિત્રો છે ? ક્યો દેશ છે ? ખર્ચ અને આવક ક્યાં છે ? હું કોણ છું ? અને મારી શક્તિ શી છે ? એવી રીતે વારંવાર ચિંતવવું.

**तथाऽनुबन्धमुत्तरोत्तरफलरूपं यत्नेन महताऽऽलोचयतीत्युत्तरेण योगः । तथा–**

શબ્દાર્થ–તેવી જ રીતે ઉત્તરોત્તર ફળરૂપ અનુબંધ (ફળસાધન)નો પ્રયત્નથી વિચાર કરે છે. વળી કહ્યું છે કે–

बुज्झइ य जहाविसयं, सव्वं सम्मंति एत्थुदाहरणं ।
वेदज्झयणपरिच्छाबडुगदुगं छागघायंमि ॥

**व्याख्या-बुद्ध्यते च यथाविषयं बोद्धुमिष्टं सर्वं धर्मादिवस्तुविपर्यासादिदोष-परिहारेण सम्यग्, असम्यग्बोधे तद्विपर्यये च ज्ञातं वेदाध्यायनपरीक्षाबटुकद्विकं नारदपर्वतकरूपम् । यथा–**

શબ્દાર્થ–બોધ કરવાને ઈચ્છેલ એવા સર્વ ધર્માદિક વસ્તુનો બોધ થાય છે. તે બોધ જાણવા માટે અહીં વેદાભ્યાસની પરીક્ષામાંના બે છાત્રોનું બકરાને મારવા વિષયક ઉદાહરણ છે.

બોધ કરવાને ઈચ્છેલ એવા સર્વ ધર્માદિક વસ્તુનો વિપરીત વગેરે દોષના ત્યાગ-પૂર્વક બોધ થાય છે. સમ્યક્ અને તેનાથી વિપરીત અસમ્યક્ બોધને વિષે વેદાભ્યાસની પરીક્ષામાંના નારદ અને પર્વત નામના બે છાત્રોનું ઉદાહરણ છે. તે આ પ્રમાણે :-

## उचितप्रज्ञगुणे नारददृष्टान्तः

**शुक्तिमतीपुर्यां क्षीरकदम्बकोपाध्यायपार्श्वे वसुपर्वतनारदा वेदान् पठन्ति, एकदा मुनिद्वयं विहरणार्थं तत्रागतम्, तान् पठतो वीक्ष्यैकेन ज्ञानिना मुनि-नोक्तमपरमुनिं प्रति, एतेषां त्रयाणां मध्ये वसू राजा भावी, विप्रयोर्द्वयोस्तु मध्ये एको नरकगामी, अपरश्च स्वर्गगामीति श्रुतं चैतत्क्वचिदन्तरितेनोपाध्यायेन । ततः सचिन्तेनोपाध्यायेन परीक्षा प्रारब्धा ।**

**यथा–छागचर्म लाक्षारसपूरितं छागाकारं कृत्वा कृष्णाष्टमीरात्रौ पर्वत-कमाकार्य समर्पितं, कथितं च, यदुत एष छागो हन्तव्यस्त्वया तत्र प्रदेशे यत्र कोऽपि न पश्यति, एवं वेदश्रवणयोग्यता जायते, ततस्तमुत्पाट्य गतो गुप्तदेशे,**

हतश्चायं तेन निर्विचारेण, क्लिन्नो लाक्षारसेन, रुधिरमेतदिति मत्वा सरसि स्नात्वा गतो गुरुपार्श्वे, निवेदितश्चैष व्यतिकरः, ततः-

भणिओ जणगेण कहं हओ, इमो ? जेण जंभगा देवा ।
सव्वत्थ संचरंता, पेच्छंति नहंमि ताराओ ॥१॥

तं चेव अप्पणा पेच्छमाणओ कहं भणसि ? तह निहओ ।
एस अपेच्छिज्जंतो अहो ! महामूढया तुज्झ ॥२॥

ततः कृष्णचतुर्दश्यां पूर्वोक्तविधिना नारदो भणितः । सोऽपि-

बहुमन्नियगुरुवयणो, ताहेमो जाइ जेसु ठाणेसु ।
काणणसुरभवणाइसु, पिच्छंति वणस्सइसुरावि ॥३॥

इइ चिंततेण न किंचि, अत्थि ठाणं न जत्थ दीसेज्जा ।
केई केणइ ता नूणमेस, वज्झो न गुरुआणा ॥४॥

आगंतूणं गुरुणो, निवेइया परिणई निया सव्वा ।
तस्स सुओचियपण्णत्तणेण संतोसमणुपत्तो ॥५॥

उक्तं च तेन-

उदीरितोऽर्थः पशुनाऽपि गृह्यते, हयाश्च नागाश्च वहन्ति नोदिताः ।
अनुक्तमप्यूहति पण्डितो जनः, परेङ्गितज्ञानफला हि बुद्धयः ॥६॥

ततश्च भणितो नारदो न कस्यापि ज्ञाप्यमेतत्, तदनु निषिद्धो वेदश्रवणे पर्वतकः, नारदश्चोचितप्रज्ञ इति कृत्वा समनुज्ञातः ॥

## ઉચિતપ્રજ્ઞગુણ વિષે નારદનું દૃષ્ટાંત

શુક્તિમતી નામે નગરીમાં ક્ષીરકદંબક નામના ઉપાધ્યાય પાસે વસુ, પર્વત અને નારદ આ ત્રણ છાત્રો વેદોનો અભ્યાસ કરતા હતા. એક વખતે બે મુનિઓ ભિક્ષા લેવા ક્ષીરકદંબક ઉપાધ્યાયના ઘરે આવ્યા. ત્યાં અભ્યાસ કરતા છાત્રોને જોઈ તે બે મુનિઓમાંથી એક જ્ઞાની મુનિએ બીજા મુનિ પ્રત્યે કહ્યું કે, ‘આ ત્રણ વિદ્યાર્થીઓમાંથી વસુ છે, તે રાજા થશે અને આ બે બ્રાહ્મણ છાત્રોમાંથી એક નરકમાં અને બીજો સ્વર્ગે જશે. એવી મુનિની આ વાર્તાને કોઈ ઠેકાણે પટાંતર રહેલા ઉપાધ્યાયે સાંભળી લીધી. પછી ચિંતાયુક્ત એવા ક્ષીરકદંબક ઉપાધ્યાયે તે છાત્રોની પરીક્ષા કરવાનો પ્રારંભ કર્યો.

કોઈક વખતે લાખના રસથી ભરેલું બકરાનું ચામડું બકરાની આકૃતિ જેવું કરી કૃષ્ણ પક્ષની આઠમની રાત્રિએ ઉપાધ્યાયે પર્વતને બોલાવીને આપ્યું અને કહ્યું કે આ

બકરાને તારે તેવી જગ્યામાં મારી નાંખવો કે જ્યાં કોઈપણ તેને જોઈ શકે નહિં. આમ કરવાથી વેદ સાંભળવાની યોગ્યતા થાય છે. પછી તે બકરાને ઉપાડીને ગુપ્ત પ્રદેશમાં ગયો અને વિચાર વગરના તે પર્વતે તેને મારી નાંખ્યો. તે પછી બકરાના શરીરમાંથી નીકળેલા લાખના રસથી ભિંજાયેલો પર્વત આ રુધિર છે, એમ માની સરોવરમાં સ્નાન કરી ગુરુ પાસે આવ્યો અને ગુરુને આ વૃત્તાંત નિવેદન કરી દીધો. પછી તેના પિતા ક્ષીરકદંબક ઉપાધ્યાયે તેને કહ્યું કે તેં એ બકરાને કેમ માર્યો ? કારણ કે સર્વ ઠેકાણે ફરનારા તિર્યગ્જાંભક દેવતાઓ અને આકાશમાં તારાઓ જુવે છે અને તેને તું પોતે પણ જોતો હતો. ત્યારે તું કેમ કહે છે કે કોઈ ન જુવે તેવી રીતે આ બકરાને મારી નાંખ્યો છે. અહો ? તારી કેવી મૂઢતા છે ?

પછી કૃષ્ણપક્ષની ચતુર્દશીના દિવસે પૂર્વોક્ત વિધિએ નારદને બકરો મારવા વગેરેનું કહેવામાં આવ્યું. એટલે નારદ પણ ગુરુના વાક્યને બહુમાન કરતો વન અને ભુવન વગેરે જે જે સ્થાનમાં જાય છે, ત્યાં ત્યાં આ નારદ વનસ્પતિ અને દેવતાઓ જુવે છે, એમ જાણી તેણે વિચાર કર્યો કે કોઈ પણ એવું સ્થાન નથી કે કોઈ ને કોઈ ન દેખી શકે, તેથી ખરેખર આ બકરાને મારવાની ગુરુની આજ્ઞા જ નથી, એમ ધારી ગુરુ પાસે આવી તેને પોતાના આત્માની સર્વ પરિણતિનું નિવેદન કરી દીધું. પછી ઉપાધ્યાય તેની સારી અને ઉચિત બુદ્ધિથી સંતોષ પામ્યા કહ્યું છે કે :-

પ્રેરણા કરાયેલા અર્થને પશુ પણ ગ્રહણ કરે છે. અર્થાત્ સમજે છે. અને પ્રેરણા કરાયેલા અશ્વો તથા હસ્તિઓ ચાલે છે. પરંતુ પંડિત પુરુષ તો કથન નહીં કરાયેલા અર્થને પણ વિતર્કથી ગ્રહણ કરે છે. કારણ કે બુદ્ધિ તો બીજાના અભિપ્રાયને જણાવનાર શરીસ્ની ચેષ્ટારૂપ ઇંગિત જ્ઞાનના ફળવાળી હોય છે. પછી ઉપાધ્યાયે નારદને કહ્યું કે આ વાત કોઈને જણાવવી નહીં. તે પછી પર્વતને વેદનું શ્રવણ કરતાં અટકાવ્યો અને નારદ ઉચિત બુદ્ધિવાળો છે, એમ જાણી તેને વેદ સાંભળવાની આજ્ઞા આપી.

હવે ગ્રંથકારશ્રી ગુણની સમાપ્તિ કરતાં જણાવે છે કે

**इत्थं पुमर्थेषु विशुद्धबुद्धि,-गुणैः समेतः सुविचारसारम् ।**
**प्रवर्तमानो लभते निजार्थ-सिद्धिं जनो धर्मरसोचितत्वम् ॥८५॥**

**શબ્દાર્થ–ઉપર જણાવ્યા પ્રમાણે નિર્દોષ એવી બુદ્ધિના ગુણોથી યુક્ત તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ પુરુષાર્થમાં પ્રવૃત્તિ કરનાર પુરુષ સારા વિચારના સારભૂત એવી પોતાના અર્થની સિદ્ધિને અને ધર્મરૂપ રસની યોગ્યતાને પ્રાપ્ત કરે છે. ૮૫.**

**इति चतुर्दशो गुणः ॥**

• • •

(१५)

# પંદરમો ગુણ—નિત્યધર્મશ્રવણમાં તત્પર

હવે, દરરોજ ધર્મ સાંભળવામાં તત્પર રહેવા રૂપ પંદરમો ગુણ વર્ણવે છે.

**तथा शृण्वानस्ताच्छील्येन धर्ममभ्युदयनिःश्रेयसहेतुं शृण्वन् अन्वहं प्रतिदिनं धर्मश्रवणपरो हि मनःखेदापनोदादिकमाप्नोति । यदाह—**

શબ્દાર્થ—તથા હંમેશાં ઉન્નતિ અને મોક્ષનાં કારણભૂત એવા ધર્મને શ્રવણ કરતો ગૃહસ્થ શ્રાવકધર્મને યોગ્ય થાય છે. તથા પ્રતિદિન ધર્મ સાંભળવામાં તત્પર રહેનારો પુરુષ મનના ખેદને દૂર કરવામાં સમર્થ થાય છે. તેને માટે કહ્યું છે કે :-

क्लान्तमिहोज्झति खेदं तप्तं निर्वाति बुद्ध्यते खेदम् ।
स्थिरतामेति व्याकुलमुपयुक्तसुभाषितं चेतः ॥

**प्रत्यहं धर्मश्रवणं चोत्तरोत्तरगुणप्रतिपत्तिसाधनात् प्रधानमिति श्रवणमात्राद्बुद्धि-गुणादस्य भेदः । सततधर्मश्रवणाभावे प्राप्तोऽपि धर्मो याति मणिकारश्रेष्ठिन इव ।**

સારા કથનમાં ઉપયોગવાળું મન શ્રમિત થયેલાના ખેદને દૂર કરે છે, પરિતાપ પામેલાને શાંત કરે છે, મૂઢ થયેલાને બોધ કરે છે અને આકુલ થયેલાને સ્થિર કરે છે. હમેશાં ધર્મનું શ્રવણ કરવું એ ઉત્તરોત્તર ગુણની પ્રાપ્તિનું સાધન હોવાથી પ્રધાન છે. એકલો આ શ્રવણ ગુણ બુદ્ધિના આઠ ગુણમાં રહેલા શ્રવણ ગુણ કરતા જુદો છે.

વળી નિરંતર ધર્મ સાંભળવાનો અભાવ થતાં પ્રાપ્ત થયેલો પણ ધર્મ મણિકાર શ્રેષ્ઠિની જેમ ચાલ્યો જાય છે. તે મણિકાર શ્રેષ્ઠીનું ઉદાહરણ આ પ્રમાણે છે :-

## नन्दमणिकारदृष्टान्तः

**यथा—राजगृहे श्रीवीरः समवसृतः । तत्र सौधर्मकल्पवासी दर्दुराङ्कदेवश्चतुः-सहस्रसामानिकदेवपरिवृतः सूर्याभदेववत् श्रीवीराग्रे ३२ [ द्वात्रिंशत् ताल- ] बद्ध-नाटकं कृत्वा स्वस्थानं गतः । ततो गौतमः श्रीवीरं पृच्छति, भगवन् ! दर्दुराङ्कदेवेन एतावती ऋद्धिः केन पुण्येन प्राप्ता ? भगवानाह, अत्रैव पुरे मणिकारश्रेष्ठी महेभ्यः, स एकदा मन्मुखाद्धर्मं प्रपन्नवान् । बहुकालं यावत्पालितो धर्मः, तादृग्-धर्मोपदेशकसाधुपार्श्वे धर्माश्रवणात् प्रवर्द्धमानमिथ्याबुद्धिरेकदा ग्रीष्मकालेऽष्टमं सपौषधमकार्षीत्, तृतीयदिने रात्रौ तृषार्दितः समुत्पन्नार्त्तध्यानो व्यचिन्तयत्,**

धन्यास्त एव ये वापीकूपादि कारयन्ति, अहमपि प्रातर्वापीं कारयिष्ये इत्यादि ध्यात्वा प्रातः कृतपारणः श्रेणिकादेशाद्वैभारगिरिसमीपे पुष्करिणीं कारयामास, चतुर्दिक्षु वनानि सत्रागारमठदेवकुलादियुतानि कारितानि, ततस्त्यक्तधर्मस्य तस्य १६ [ षोडश ] महारोगा उत्पन्ना आर्त्त्या चापध्यानेन मृतः, तस्यामेव वाप्यां दर्दुरो जातः, वापीदर्शनाज्जातिस्मृतिः, ज्ञातं धर्मविराधनाफलम्, जातं वैराग्यम्, षष्ठतपो मया कार्यम्, पारणके च वापीतटे प्रासुकं जनस्नानोदकमृत्तिकादि पारणीय-मित्यभिग्रहवान्, अद्य श्रीवीरः समवसृतो वन्दनाय यास्याम इति लोकोक्तिं श्रुत्वा दर्दुरोऽपि मद्वन्दनाय चलितः, पथि श्रेणिकनृपाश्वखुरक्षुण्णो मृत्वाऽसौ देवो जातः, इतश्च्युत्वा विदेहे मोक्षंगमी ॥

## નંદમણિકારદૃષ્ટાંત

એક વખતે રાજગૃહી નગરમાં શ્રીમહાવીરસ્વામી ભગવાન પધાર્યા હતા, તે વખતે ત્યાં સૌધર્મ દેવલોકનો રહેવાસી અને ચાર હજાર સામાનિક દેવતાઓથી પરિવરેલો દર્દુરાંક નામનો દેવ સૂર્યાભ દેવની જેમ ભગવાન શ્રી મહાવીર સ્વામીની આગળ બત્રીશ પ્રકારનાં નાટકો કરી પોતાના સ્થાને ગયો. તે પછી શ્રી ગૌતમસ્વામીએ ભગવાન શ્રી મહાવીરસ્વામીને પૂછ્યું કે હે ભગવન્ ? દર્દુરાંક દેવે આટલી બધી ઋદ્ધિ ક્યા પુણ્યથી પ્રાપ્ત કરી ? ત્યારે ભગવાન શ્રી મહાવીરસ્વામીએ જવાબ આપ્યો કે, આજ નગરમાં મોટી ઋદ્ધિવાળો નંદ મણિકાર નામે શેઠ રહેલો હતો. તેણે એક વાર મારા- મુખથી ધર્મ શ્રવણ કરી, ધર્મને અંગીકાર કર્યો હતો અને તે ધર્મને ઘણા કાળ સુધી પાળ્યો, પરંતુ તેવા પ્રકારના ધર્મોપદેશક સાધુ પાસે ધર્મનું શ્રવણ નહીં કરવાથી તે મિથ્યા બુદ્ધિવાળો થયો.

એક વખતે ગ્રીષ્મ ઋતુમાં તેણે અઠ્ઠમ કરી ત્રણ દિવસનાં પૌષધ કર્યા ત્રીજા દિવસની રાત્રે તૃષાથી પીડિત થયેલા અને આર્તધ્યાનને પામેલા તે શેઠીયાએ વિચાર કર્યો કે જે પુરુષો વાવડી કુવા વગેરેને કરાવે છે, તે પુરુષોને ધન્ય છે. હું પણ પ્રાતઃકાળે એક વાવડીને કરાવીશ. ઇત્યાદિ વિચારી પ્રાતઃકાળે અઠ્ઠમનું પારણું કરી શ્રેણિક રાજાના આદેશથી વૈભારગિરિની સમીપમાં તેણે એક વાવડી કરાવી અને તેની ચારે દિશામાં ભોજનશાળા મઠ અને દેવાલય સહિત ઉદ્યાનો કરાવ્યાં, પછી ધર્મનો ત્યાગ કરનારા તે શેઠીયાને સોળ મોટા રોગો ઉત્પન્ન થયા. તેની પીડાથી દુર્ધ્યાન કરી તે મૃત્યુ પામ્યો એ તેજ વાપિકામાં દેડકો થયો. વાપિકાને જોતાં જ તેને જાતિસ્મરણ જ્ઞાન થયું, તે જાતિસ્મરણ જ્ઞાનથી પોતે ધર્મની વિરાધના કરી હતી તેનું આ ફળ છે એમ તેના જાણવામાં આવતાં તેને વૈરાગ્ય થયો. હવેથી મારે છઠ્ઠનો તપ કરવો અને તેના પારણામાં વાવડીને કિનારે રહેલું નિર્દોષ લોકોના સ્નાનનું જળ તથા મૃત્તિકાદિકનું ભક્ષણ કરવું, એવો અભિગ્રહ ધારણ કર્યો.

આ અરસામાં વાપિકાની પાસે આવેલા લોકો પરસ્પર વાર્તાલાપ કરે છે કે આજે ભગવાન શ્રીમહાવીરસ્વામી પધાર્યા છે. તેમને વંદન કરવા જઈશું એવી જનોક્તિને સાંભળીને તે દેડકો મને વંદન કરવા માટે ત્યાંથી નીકળ્યો. રસ્તામાં ચાલતાં શ્રેણિક-રાજાના ઘોડાની ખુરથી ચગદાઈને મરણ પામી, દેવ થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં મનુષ્ય થઈ મોક્ષમાં જશે.

**एवं धर्मश्रवणायोगोद्भवं विपाकं ज्ञात्वा सदा धर्मश्रवणपरेण भाव्यम् । यतः—**

**परमागमसुस्सूसा, अणुराओ धम्मसाहणे परमो ।**
**जिणगुरुवेयावच्चे, नियमो समत्तलिंगाइं ॥१३॥** [ સમ્યક્ત્વસપ્તતિ ]

**परमागमो द्वादशाङ्गीरूपः सिद्धान्तस्तस्य शुश्रूषा श्रोतुमिच्छा, न हि परमागमश्रवणमन्तरेण सम्यग्विवेकादिगुणगणः ।**

**શબ્દાર્થ—આ પ્રમાણે હે ગૌતમ ! હમેશાં ધર્મનું શ્રવણ નહીં કરવાથી ઉત્પન્ન થયેલા વિપાકને જાણી, નિરંતર ધર્મનું શ્રવણ કરવામાં તત્પર થવું જોઈએ. કહ્યું છે કે :**

**પરમાગમ એટલે દ્વાદશાંગીરૂપ સિદ્ધાંત તેને સાંભળવાની ઈચ્છા, પરમાગમનું શ્રવણ કર્યા સિવાય સમકિત અને વિવેકાદિક ગુણનો સમૂહ પ્રાપ્ત થતો નથી. તથા ધર્મસાધનમાં ઉત્કૃષ્ટો અનુરાગ અને જિનેશ્વર ભગવાન તેમજ ગુરુની વૈયાવચ્ચ કરવાનો નિયમ આ ત્રણ સમ્યક્ત્વ પ્રાપ્તિના લિંગો છે. તેને માટે પૂ.આ.શ્રી હરિભદ્રસૂરિ મહારાજે યોગદૃષ્ટિ સમુચ્ચયમાં કહ્યું છે કે—**

**क्षाराम्भस्त्यागतो यद्वत्, मधुरोदकयोगतः ।**
**बीजं प्रोहमादत्ते, तद्वत्तत्त्वश्रुतेर्नरः ॥६१॥**
**क्षाराम्भतुल्य इह च, भवयोगोऽखिलो मतः ।**
**मधुरोदक योगेन, समा तत्त्वश्रुतिः स्मृता ॥६२॥**
**बोद्धाम्भश्रोतसश्चैष, सिरातुल्या सतां मताः ।**
**अभावेऽस्याः श्रुतं व्यर्थ,-मसिरावनिकूपवत् ॥५३॥ इति ॥**

**ખારા જળનો ત્યાગ થવાથી અને મધુર જળનો સંયોગ મળવાથી જેમ બીજ અંકુરને ધારણ કરે છે, તેમ તત્ત્વનું શ્રવણ કરવાથી પુરુષ મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્યક્ત્વને ગ્રહણ કરે છે. અહીં સંસારનો સંપૂર્ણ સંયોગ ખારા જળ સમાન માન્યો છે અને તત્ત્વનું શ્રવણ કરવું તેને મીઠા જળ સમાન કહ્યું છે. આ શ્રુતિ બોધરૂપ જળના પ્રવાહની સિરા (નીક) સમાન છે. તે સત્પુરુષોને માન્ય છે. તત્ત્વશ્રુતિના અભાવે સિરા (નીક) વિનાની પૃથ્વીમાં કુવાની જેમ તે શ્રુતજ્ઞાન નિરર્થક છે.**

**शुश्रुषालक्षणमिदम्**- શુશ્રુષાનું લક્ષણ આ પ્રમાણે છે :

तरुणो सुही वियड्ढा, रागी पिय पणइणी जुओ सोओ ।
इच्छइ जह सुरगीयं, तउ हिया समय सुस्सूसा ॥

યૌવન અવસ્થાવાળો, નિરંતર સુખી, નિપુણ, ષડ્જાદિ રાગોનો જાણકાર અને વ્હાલી પ્રાણપ્રિયાથી યુક્ત એવો કોઈ પણ પુરુષ જેમ દેવતાના ગીતને શ્રવણ કરવાની ઈચ્છા રાખે છે, તેનાથી પણ અધિક જૈનાગમને શ્રવણ કરનારની ઈચ્છાવાળો હોય.

**धर्मश्रवणकार्ये श्रेष्ठिसुदर्शनस्य दृष्टान्तम्, तथाहि–**

## [ सुदर्शनश्रेष्ठिकथा ]

मगधाभिधदेशेऽभूद्वरं राजगृहं पुरम् । तत्र श्रीश्रेणिको राजा, प्रजापालनलालसः ॥१॥
यदीयशुद्धसम्यक्त्वपालनं जगति त्रये । दृष्टान्तीक्रियते विज्ञैरन्यबोधिविवृद्धये ॥२॥ युग्मम् ॥
तत्रार्जुनोऽभिधानेन, मालिको वसति स्म च । जाया बन्धुमती तस्य, प्रशस्या रूपसम्पदा ॥३॥
स सादरः पुरोद्याने, सप्रतीहारमन्वहम् । पुष्पोघैः पूजयामास, यक्षं मुद्‍गरपाणिकम् ॥४॥
अन्यदा नगरे तस्मिन्नागरै रङ्गसागरैः । सोत्साहचित्तैः प्रारब्धे, कस्मिंश्चित् सुमहोत्सवे ॥५॥
प्रातर्महामहर्घ्याणि, भविष्यन्ति सुमानि मे । विचार्येति सभार्योऽथ, स ययौ पुष्पवाटिकाम् ॥६॥
मणीवकचयैस्तत्र, संप्रपूर्य करण्डकम् । यक्षायतनमायातः, स सायं वासवाञ्छया ॥७॥
इतश्चैतस्य वनितामेतत्प्रत्यक्षमेव भोः ! । बध्वैनं सुदृढं स्वैरमभिरंस्यामहे वयम् ॥८॥
इत्यन्योन्यं समालोच्य, गोष्ठिका दुष्टचेतसः । तस्थुः षड् रहसि क्वापि, पूर्वं यक्षगृहान्तरे ॥९॥ युग्मम् ॥
प्रविश्य भवनस्यान्तरेकतानमनाः क्षणम् । मालाकारोऽपि निःशङ्कं, यावद्यक्षमपूजयत् ॥१०॥
तैर्निसृत्य ततस्तावत्, शीघ्रं दृढमबन्धि सः । तत्समक्षं प्रियां तस्य, ते स्वैरमभिरेमिरे ॥११॥
तदकृत्यं तथा पश्यन्नर्जुनो रोषभीषणः । प्रहर्त्तुमक्षमो मन्त्रयन्त्रितोऽभूद्भुजङ्गवत् ॥१२॥ यतः–
पितृघातादिदुःखानि, सहन्ते बलिनोऽपि हि । प्रियाघर्षणजं दुःखं, रङ्कोऽपि न तितिक्षते ॥१॥
ततो दुर्वचनैर्यक्षं, सोऽप्युपालब्धवानिति । सत्यं त्वं गुह्यक ! शिलामय एव न देवता ॥१३॥
यस्यैवं पश्यतः पापा, एते ते गोष्ठिकाधमाः । समाचरन्ति दुष्कृत्यमवाच्यं भवने तव ॥१४॥
अभविष्यत्प्रभावस्ते, कोऽपि जाग्रत्तमो यदि । अकरिष्यंस्तदैवं नो, त्वदर्चकविडम्बनम् ॥१५॥
यक्षोऽपि तद्वचः श्रुत्वा, कोपाटोपकरालितः । तच्छरीरं प्रविश्याशु, बन्धनान्यामतन्तुवत् ॥१६॥
त्रोटयित्वा समुद्गीर्य, स मुद्‍गरमयोमयम् । चूर्णवच्चूर्णयाञ्चक्रे, गोष्ठिकांस्तान् स्त्रिया समम् ॥१७॥ युग्मम् ।
ततः प्रभृति सस्त्रीकान्, प्रत्यहं षड् नरान् परान् । मारयत्येव नगराद्बहिरेव सरोषणः ॥१८॥
ज्ञात्वेति तस्य तद्वृत्तं, श्रेणिकः क्षोणिनायकः । पटहोद्घोषणापूर्वं, पौरानेवं न्यवारयत् ॥१९॥
अर्जुनेन जनाः सप्त, यावन्न स्युर्विनाशिताः । तावत्पुरान्न केनापि, निर्गन्तव्यं कथञ्चन ॥२०॥
अस्मिंश्च वासरे तत्र, जन्तुजीवातुवैभवः । उद्याने समवासार्षीद्वर्धमानो जिनेश्वरः ॥२१॥
तदाऽर्जुनभयात्तत्र, श्रीवीरमभिवन्दितुम् । यियासति स्म नो कोऽपि, जानन्नपि जिनागमम् ॥२२॥
इतश्च नगरे तत्र, विशुद्धतरदर्शनः । सुदर्शनाभिधः श्रेष्ठी, वसति स्म गतस्मयः ॥२३॥

स तु श्रीवर्द्धमानस्य, पिपासुर्वचनामृतम् । व्यजिज्ञपत्स्वपितरौ, जिनवन्दनहेतवे ॥२४॥
ततस्तौ प्रोचतुर्वत्स !, गच्छतः पथि सम्प्रति । उग्रोपसर्गो भविता, तवार्जुनकृतो महान् ॥२५॥
तदिह स्थित एवाद्य, वन्दस्व जिननायकम् । पूर्वश्रुतां च भगवद्देशनां परिभावय ॥२६॥
ततः सुदर्शनोऽप्याह, वचनं पितरौ प्रति । जगद्गुराविहायाते, न भोक्तुमपि साम्प्रतम् ॥२७॥
नोपसर्गोऽपि मे भावी, स चार्जुनविनिर्मितः । यतो जिनध्यानभृतां, न विघ्नाः स्युः कदाचन ॥२८॥ यतः–

उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लयः ।
मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ॥५॥ [ जयवीयरायस्तोत्र ]
सव्वे ताह पसत्था सुमिणा, सुउणा गहा य नक्खत्ता ।
तिहुयणमंगलनिलयं, हियएण जिणं वहंतस्स ॥

इत्युदीर्यागमवचः, शुश्रूषोत्सुकमानसः । अगच्छद्वन्दितुं स श्रीवीरं भुवनवत्सलम् ॥२९॥
स पथि प्रस्थितो यावत्तावत्संमुखमर्जुनः । रुषा मुद्गरमुद्गीर्याययौ यम इव स्वयम् ॥३०॥
आयान्तं तं तथाभूतं, दृष्ट्वा श्रेष्ठी सुदर्शनः । जिनध्यानपरस्तत्र, कायोत्सर्गेण तस्थिवान् ॥३१॥
परमेष्ठिमहामन्त्रमन्त्रणासह्यतेजसम् । तदा तं प्रसरद्धैर्यं, पराभवितुमप्रभुः ॥३२॥
यक्षो मुद्गरमादाय, गतरोषो भयद्रुतः । सद्योऽर्जुनवपुस्त्यक्त्वा, ययावास्थानमात्मनः ॥३३॥ युग्मम् ॥
तन्मुक्तो न्यपतत्सोऽपि, छिन्नद्रुरिव मालिकः । क्षणाच्चावाप्तचैतन्यः, पुरोऽपश्यत्सुदर्शनम् ॥३४॥
कस्त्वं क्व प्रस्थितोऽसीति, मालाकारेण भाषितः । भाषामभाषत श्रेष्ठी, तत्कर्णामृतसारिणीम् ॥३५॥
श्रमणोपासकः श्रीमद्वीरं नन्तुं व्रजाम्यहम् । त्वमप्येहि तदा सार्वनिनंसा भोस्तवास्ति चेत् ॥३६॥
ततो द्वावपि प्राप्तौ समवसरणमुत्सुकौ । प्रणिपत्य जिनं भक्त्या, शुश्राव ते च देशनाम् ॥३७॥
तथाहि–मानुष्यमार्यविषयः सुकुलप्रसूतिः, श्रद्धालुता गुरुवचःश्रवणं विवेकः ।
मोहान्धिते जगति सम्प्रति सिद्धिसौध-सोपानपद्धतिरियं सुकृतोपलभ्या ॥ अथवा–

तिक्कालं जिणवंदणं पइदिणं पूआ जहा सत्तिओ,
सज्झाओ गुरुवंदणं च विहिणा दाणं तहावस्सयं ।
सत्तीए वयपालणं तह तवो अप्पुव्वनाणज्जणं
एसो सावयपुंगवाण भणिओ धम्मो जिणिंदागमे ॥

निशम्येति मुदा धर्मदेशनां श्रीजिनेशितुः । सुदर्शनो यथाशक्त्याऽग्रहीद्धावादभिग्रहान् ॥३८॥
कृतकृत्यमथात्मानं, मन्वानो जिनवन्दनात् । आजगाम निजं धाम, शुश्रूषोद्योगरङ्गयुक् ॥३९॥
अर्जुनोऽपि निपीयार्हद्देशनाममृतोज्ज्वलम् । संवेगवेगतो दीक्षां, ललौ श्रीवीरसंनिधौ ॥४०॥
जघन्यतोऽपि कर्तव्यं, मया षष्ठतपः सदा । इत्यभिग्रहमादाय, सहमानः परीषहान् ॥४१॥
संलेखनापरो मासानष्टौ व्रतमपालयत् । ततः कर्मक्षयान्मोक्षमाससाद सुखास्पदम् ॥४२॥ युग्मम् ॥
सुदर्शनोऽपि सुश्राद्धधर्ममाराध्य निर्मलम् । प्राप्य देवसुखं कर्मक्षयान्मुक्तिगमी क्रमात् ॥४३॥

ધર્મ-શ્રવણકાર્યમાં સુદર્શનશ્રેષ્ઠિનું દૃષ્ટાંત આવે છે તે આ પ્રમાણે—

## સુદર્શનશેઠની કથા

મગધ દેશમાં રાજગૃહ નામે પ્રધાન નગર હતું. તે નગરમાં પ્રજાનું પાલન કરવામાં અતિશય ઇચ્છાવાળો શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. જેના શુદ્ધ સમ્યક્ત્વને પાલન કરવાનું ત્રણ જગતમાં વિદ્વાનો બીજાને સમ્યક્ત્વની વૃદ્ધિને માટે દૃષ્ટાંત આપતાં હતા.

તે નગરમાં અર્જુન નામે એક માળી વસતો હતો. તેને રૂપની સંપત્તિવડે પ્રશંસા કરવા લાયક બંધુમતી નામે ભાર્યા હતી. તે અર્જુનમાળી નગરના ઉદ્યાનમાં રહેલા પ્રાતિહાર્યયુક્ત **મુદ્ગરપાણિ** નામે યક્ષનું હમેશાં પુષ્પના સમૂહથી પૂજન કરતો હતો.

એક દિવસે તે નગરમાં આનંદના સાગરરૂપ અને ચિત્તના ઉત્સાહવાળા નગરના લોકો કોઈક સારા મહોત્સવનો પ્રારંભ કરે છે. તેથી પ્રાતઃકાળે મારા પુષ્પો ઘણાં મોંઘા થશે એવો વિચાર કરી તે અર્જુનમાળી પોતાની ભાર્યાની સાથે પુષ્પનાં બગીચામાં ગયો. ત્યાં પુષ્પના સમૂહથી કરંડીયાને ભરી સાયંકાળે વાસ કરવાની ઇચ્છાથી તે અર્જુનમાળી યક્ષના મંદિરમાં આવ્યો. આ વખતે કોઈ દુષ્ટ હૃદયવાળા છ ગોઠીલા પુરુષોએ વિચાર કર્યો કે આપણે આ માળીને બાંધી તેની ભાર્યાને તેના દેખતાં જ ઇચ્છા પ્રમાણે ભોગવીએ. એમ વિચાર કરી પ્રથમથી જ કોઈ ગુપ્ત પ્રદેશમાં તેઓ સંતાઈને રહ્યા હતા. અર્જુનમાળી યક્ષના મંદિરમાં પ્રવેશ કરી ક્ષણવાર એક ચિત્તવાળો થઈ નિઃશંકપણે જેટલામાં યક્ષની પૂજા કરવામાં તત્પર થાય છે તેટલામાં તે છ ગોઠીલા પુરુષોએ બહાર નીકળી એકદમ તે માળીને દૃઢ બંધનથી બાંધી લીધો અને તેને દેખતાં તેની ભાર્યા સાથે સ્વેચ્છાથી તેઓ ભોગ ભોગવવા લાગ્યા. તેવા પ્રકારના આ કાર્યને જોઈ રોષથી ભયંકર બનેલો અર્જુનમાળી મંત્રથી બંધાયેલા સર્પની જેમ પ્રહાર કરવાને અસમર્થ હતો. તેને માટે કહ્યું છે કે :-

**બલવાન્ પુરુષો પણ પિતા પ્રમુખના ઘાતના દુઃખને સહન કરે છે, પરંતુ પોતાની ભાર્યાના પરાભવથી થયેલા દુઃખને રંક માણસ પણ સહન કરી શકતો નથી.**

પછી તે અર્જુનમાળી દુર્વચનોથી યક્ષને આ પ્રમાણે ઉપાલંભ દેવા લાગ્યો કે 'હે યક્ષ ! ખરેખર તું પાષાણનો જ છે, પરંતુ ખરો દેવતા નથી. જો તું ખરો દેવતા હોત તો તારા દેખતાં આ પાપી અને અધમ ગોઠીયાઓ તારા જ મંદિરમાં જ મુખથી પણ ન કહી શકાય તેવું અપકૃત્ય કરે છે, તે કેમ કરી શકે ? હે યક્ષ ! જો તારો કોઈ પણ જાગ્રત પ્રભાવ-અતિશય હોત તો આ પ્રમાણે તારા પૂજકની વિડંબના કેમ કરે ?'

આ પ્રમાણે તેનાં વચન સાંભળી કોપના આટોપથી વિકરાળ થયેલો તે યક્ષ માળીના શરીરમાં પ્રવેશ કરી એકદમ કાચા તંતુની જેમ તેના બંધનને તોડી નાખી લોઢાના મુદ્ગરને ઉગામી સ્ત્રીની સાથે તે છ ગોઠીયાઓને ચૂર્ણની જેમ ચૂર્ણ કરી નાંખ્યા.

તે દિવસથી લઈને રોષાતુર થયેલો તે યક્ષ નગરની બહાર બીજા છ પુરુષો અને એક સ્ત્રી મળી એકંદર સાત જણને નિરંતર મારી નાંખે છે. તેનો આ વૃત્તાંત પૃથિવીપતિ શ્રેણિક રાજાના જાણવામાં આવ્યો હોવાથી નગરના લોકોને પટહોદ્‌ઘોષણા પૂર્વક આ પ્રમાણે નિવારણ કર્યા કે જ્યાં સુધી અર્જુનમાળીએ સાત મનુષ્યોનો વિનાશ ન કર્યો હોય ત્યાં સુધી નગરની બહાર કોઈએ પણ નીકળવું નહીં. જે દિવસે તે નગરના ઉદ્યાનમાં પ્રાણીઓને જીવાડવાના વૈભવવાળા શ્રી વર્ધમાનસ્વામી પધાર્યા, તે દિવસે શ્રીજિનેશ્વરના આગમનને જાણતાં છતાં અર્જુનમાળીના ભયથી તે ઉદ્યાનમાં કોઈ પણ પુરુષ ભગવાનશ્રી મહાવીર સ્વામીને વંદન કરવા માટે જવાની ઇચ્છા કરતો નથી.

આ તરફ તે નગરમાં અતિ શુદ્ધ સમ્યક્ત્વવાન્ અને નિરભિમાની સુદર્શન નામે શ્રેષ્ઠી રહેતો હતો. તે શ્રેષ્ઠી ભગવાન શ્રીમહાવીરસ્વામીના વચનામૃતનું પાન કરવાની ઇચ્છાવાળો હતો, તેથી તે શ્રેષ્ઠીએ પોતાના માતા પિતાને ભગવંતને વંદન કરવા નિમિત્તે જવાની વિનંતી કરી, ત્યારે તેના માતા પિતાએ કહ્યું કે હે વત્સ ! હાલ તે માર્ગમા જતાં તને અર્જુનમાળીએ કરેલો ઉપસર્ગ થશે, તેથી હે વત્સ ! આજે તું અહીં રહીને જ જિનનાયકને વંદન કર અને પૂર્વે શ્રવણ કરેલી ભગવાનની દેશનાને યાદ કર. પછી સુદર્શને પોતાના માતા પિતાને કહ્યું કે, 'જગદ્‌ગુરુ શ્રી મહાવીરસ્વામી અહીં આવે છતે તેમને વંદન કર્યા સિવાય ભોજન કરવું તે પણ યોગ્ય નથી. મને અર્જુનમાળીએ કરેલો ઉપસર્ગ પણ નહીં થાય, કારણ કે શ્રીજિનેશ્વરનું ધ્યાન કરનારાઓને કદી પણ વિઘ્નો પ્રાપ્ત થતાં નથી.' તેને માટે કહ્યું છે કે :-

**જિનેશ્વરની પૂજા કરતાં ઉપસર્ગો નાશ પામે છે. વિઘ્નરૂપ વેલડીઓ છેદાઈ જાય છે અને મન પ્રસન્નતાને પામે છે. જે પુરુષ ત્રણ જગતનાં મંગળના સ્થાનરૂપ એવા શ્રીજિનેશ્વરભગવાનને પોતાના હૃદયમાં ધારણ કરે છે, તે પુરુષને સર્વ સ્વપ્નો, શકુનો, ગ્રહો અને નક્ષત્રો પ્રશસ્ત થઈ જાય છે.**

આ પ્રમાણે પોતાના માતા પિતાને જૈનાગમનાં વચનો સંભળાવી અને પોતે જિનવાણીને સાંભળવાની ઇચ્છામાં ઉત્સુક હૃદયવાળો તે સુદર્શન શ્રેષ્ઠી જગત વત્સલ એવા ભગવાન શ્રીમહાવીર સ્વામીને વંદન કરવા માટે ગયો. જેવામાં તે માર્ગમાં ચાલતો હતો, તેવામાં અર્જુનમાળી પોતે મુદ્‌ગરને ઉગામી યમરાજાની જેમ તેના સન્મુખ આવ્યો. તેને તેવી રીતે આવતો જોઈ સુદર્શન શ્રેષ્ઠી શ્રીજિનેશ્વરના ધ્યાનમાં તત્પર થઈ તે જ ઠેકાણે કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભો રહ્યો. તે વખતે તે પરમેષ્ઠી મહામંત્રના જાપથી અસહ્ય તેજવાળા અને વિસ્તારયુક્ત ધૈર્યવાળા તે સુદર્શન શ્રેષ્ઠીને પરાભવ કરવાને અસમર્થ થયેલો, રોષ રહિત થયેલો અને ભય પામેલો યક્ષ પોતાના મુદ્‌ગરને ગ્રહણ કરી, એકદમ અર્જુનમાળીના શરીરનો ત્યાગ કરી પોતાના સ્થાને ચાલ્યો ગયો. તેનાથી મુક્ત થયેલો તે અર્જુનમાળી છેદાયેલા વૃક્ષની જેમ ભૂમિ ઉપર પડી ગયો. ક્ષણવારમાં ચૈતન્ય આવ્યું, એટલે પોતાની આગળ ઊભા રહેલા

સુદર્શનને જોયો. તે અર્જુનમાળીએ સુદર્શનને પૂછ્યું કે, 'તમે કોણ છો ? અને ક્યાં જાઓ છો ?' ત્યારે સુદર્શને તેના કર્ણને અમૃત જેવી પ્રિય લાગે તેવી વાણીથી કહ્યું, 'હું શ્રમણોપાસક છું અને ભગવાન શ્રીમહાવીરસ્વામીને વંદન કરવા જાઉં છું. હે અર્જુન ! જો તમારી પણ સર્વજ્ઞને નમસ્કાર કરવાની ઇચ્છા હોય તો તમે પણ ચાલો.' તે પછી ઉત્સુક થયેલા તે બંને સમોસરણમાં આવ્યા. ત્યાં ભક્તિપૂર્વક શ્રીજિનેશ્વરને નમસ્કાર કરી ભગવાનની દેશનાને શ્રવણ કરે છે. તે દેશના આ પ્રમાણે છે.

**સાંપ્રતકાળમાં મોહથી અંધ બનેલા આ જગતમાં મનુષ્ય જન્મ, આર્યદેશ, સારા કુળમાં જન્મ, શ્રદ્ધાલુતા, ગુરુના વચનનું શ્રવણ અને વિવેક એ પુણ્યથી પ્રાપ્ત થયેલી મોક્ષરૂપ પ્રાસાદમાં જવા માટે પગથીયાંની શ્રેણી છે. ત્રિકાળ જિનવંદન, નિરંતર યથાશક્તિ જિનપૂજા, સ્વાધ્યાય, વિધિપૂર્વક ગુરુવંદન, દાન, પ્રતિક્રમણ, શક્તિ પ્રમાણે વ્રતનું પાલન, તપસ્યા અને અપૂર્વ જ્ઞાનનું ઉપાર્જન આ ઉત્તમ શ્રાવકનો ધર્મ શ્રીજિનેશ્વર ભગવાને આગમમાં કહેલો છે.**

આ પ્રમાણે શ્રીજિનેશ્વરની હર્ષ પૂર્વક દેશના સાંભળી સુદર્શનશ્રેષ્ઠીએ ભાવપૂર્વક શક્તિ પ્રમાણે અભિગ્રહો ગ્રહણ કર્યા. તે પછી શ્રી જિનેશ્વરને વંદન કરવાથી પોતાના આત્માને કૃતાર્થ માનતો ધર્મ સાંભળવાની ઇચ્છાના ઉદ્યમથી રંગાયેલો સુદર્શન પોતાને ઘરે આવ્યો. અર્જુને પણ અમૃત સમાન ઉજ્જવળ એવી અરિહંતની દેશનાનું પાન કરી, વૈરાગ્યના રંગથી ભગવાન શ્રી મહાવીરસ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી. મારે જઘન્યથી નિરંતર છઠ્ઠની તપસ્યા કરવી. આ પ્રમાણે અભિગ્રહને ગ્રહણ કરી પરીષહોને સહન કરતો અને સંલેખના કરવામાં તત્પર એવા અર્જુનમાળી મુનિએ આઠ મહિના સુધી વ્રત પાળ્યું. તે પછી કર્મનો ક્ષય થવાથી સુખના સ્થાન રૂપ મોક્ષને પામ્યો. સુદર્શનશ્રેષ્ઠી પણ નિર્દોષ અને ઉત્તમ શ્રાવકધર્મને આરાધી, દેવતાનું સુખ મેળવી, કર્મનો ક્ષય થવાથી અનુક્રમે મોક્ષમાં જશે.

હવે ગ્રંથકારશ્રી પંદરમા ગુણનો ઉપસંહાર કરતાં ઉપદેશદ્વારા ભવ્ય પ્રાણીઓને નિરંતર ધર્મશ્રવણ કરવાની ભલામણ કરે છે—

**इत्यागमश्रवणसादरमानसस्य, वृत्तं निशम्य वणिजोऽस्य सुदर्शनस्य ।**
**संसारवारिनिधितारणनौनिभायां, धर्मश्रुतो कुरुत भव्यजनाः! प्रयत्नम् ॥८६॥**

**શબ્દાર્થ—ઉપર જણાવ્યા પ્રમાણે જૈનાગમને શ્રવણ કરવામાં સાદર હૃદયવાળા આ સુદર્શન શ્રાવકનું વૃત્તાંત શ્રવણ કરી સંસારરૂપ સમુદ્રને તરવામાં નાવ સમાન એવા ધર્મ શ્રવણમાં હે ભવ્ય પ્રાણીઓ ! નિરંતર પ્રયત્ન કરો. ૮૬.**

**આ પ્રમાણે આગમની શુશ્રુષારૂપ સમ્યક્ત્વના લિંગ વિષે સુદર્શન શ્રેષ્ઠીની કથા સમાપ્ત થઈ.**

**इति पञ्चदशो गुणः ॥**

(૧૬)

# સોળમો ગુણ—અજીર્ણે ભોજન ત્યાગ

હવે રોગથી અથવા અજીર્ણ થાય ત્યારે ભોજન ત્યાગ કરવારૂપ ગુણ વર્ણવે છે.

**तथाऽजीर्णेऽजरणे पूर्वभोजनस्य, अथवाऽजीर्णे परिपाकमनागते पूर्वभोजने नवं भोजनं त्यजतीत्येवंशीलः । अजीर्णभोजने हि सर्वरोगमूलभूतस्याजीर्णस्य वृद्धिरेव कृता भवति । यदाह—"अजीर्णप्रभवा रोगाः" इति अजीर्णं च लिङ्गतो ज्ञातव्यम् । यदाह—**

શબ્દાર્થ—અજીર્ણ એટલે પ્રથમ કરેલા ભોજનનું પાચન ન થયું હોય ત્યાં સુધી અથવા પૂર્વભોજન પરિપાકને ન પામ્યું હોય ત્યાં સુધી નવા ભોજનનો ત્યાગ કરવાના સ્વભાવવાળો ગૃહસ્થ શ્રાદ્ધધર્મને યોગ્ય થાય છે. તથા અજીર્ણમાં ભોજન કરવામાં આવે-તો સર્વ જાતના રોગોના મૂળરૂપ અજીર્ણની વૃદ્ધિ કરેલી જ કહેવાય છે. કહ્યું છે કે સર્વ રોગો અજીર્ણથી ઉત્પન્ન થાય છે અને તે અજીર્ણ શરીરના ચિહ્નોથી જાણી લેવું. તે ચિહ્નો આ પ્રમાણે છે—(વિવેકવિલાસ ઉલ્લાસ-૩માં કહ્યું છે.)

मलवातयोर्विगन्धो, विड्भेदो गात्रगौरवमरुच्यम् ।
अविशुद्धश्चोद्गारः, षडजीर्णे व्यक्तिलिङ्गानि ॥२२॥

अजीर्णे पुनराहारो, गृह्यमाणः प्रकोपयेत् ।
वातपित्ते तथा श्लेष्मदोषमाशु शरीरिणः ॥२३॥

रोगोत्पत्तिः किलाजीर्णात्तच्चतुर्धा पुनः स्मृतम् ।
रसशेषामविष्टब्धविपक्वादिविभेदतः ॥२४॥

रसशेषे भवेज्जृम्भा, समुद्गारस्तथामके ।
अङ्गभङ्गश्च विष्टब्धे, धूमोद्गारो विपक्वतः ॥२५॥

**तथाऽजीर्णोपलक्षणत्वाद्रोगाद्युदये स्वजनदेवगुर्वाद्युपसर्गे देवगुरुवन्दनायोगे च विवेकवतां भोजनं न कल्पते यदाह—**

શબ્દાર્થ—વિષ્ટા તથા વાયુમાં દુર્ગંધ છૂટે, વિષ્ટામાં ફેરફાર થાય, શરીર ભારે થાય, ભોજન ઉપર અરૂચી થાય, અને ખરાબ ઓડકાર આવે, એ છ અજીર્ણના સ્પષ્ટ ચિહ્નો છે. ૧.

વળી અજીર્ણમાં ગ્રહણ કરાયેલો આહાર મનુષ્યના વાત, પિત્ત, કફના દોષને એકદમ પ્રકોપ કરાવે છે. ૨.

અજીર્ણથી ખરેખર રોગની ઉત્પત્તિ થાય છે અને તે અજીર્ણ રસશેષ, આમ, વિષ્ટબ્ધ, અને વિપક્વ વગેરેના ભેદથી ચાર પ્રકારે કહેલું છે. ૩.

રસશેષ અજીર્ણમાં બગાસાં, આમ અજીર્ણમાં ઓડકાર થાય. વિષ્ટબ્ધ અજીર્ણમાં શરીરતૂટે અને વિપકવ અજીર્ણમાં ધૂમાડા જેવા ઓડકાર આપે ૪.

તથા અજીર્ણના ઉપલક્ષણથી રોગાદિકના ઉદયમાં, સ્વજન, દેવ, અને ગુર્વાદિકના ઉપસર્ગમાં તથા દેવ ગુરુના વંદનના અભાવમાં વિવેકી પુરુષોને ભોજન કરવું યુક્ત નથી. તેને માટે કહ્યું છે કે :- [ વિવેકવિલાસ ઉલ્લાસ-૩ ]

देवसाधुपुरस्वामिस्वजनव्यसने सति ।
ग्रहणे च न भोक्तव्यं, सत्यां शक्तौ विवेकिना ॥१९॥

<u>तथागमश्च</u>–[ પિંડનિર્યુક્તિ ]

अहव न जेमिज्ज रोगे, मोहुदये सयणमाइउवसग्गे ।
पाणिदया तवहेउं, अंते तणुमोयणत्थं च ॥

**तथा विशेषपर्वसु श्रीसम्प्रतिराजश्रीकुमारपालादिवद्भोजनत्यागः ।**

દેવ, સાધુ, નગરનાયક, અને સ્વજનોને કષ્ટ પ્રાપ્ત થયે છતે તથા ચંદ્ર સૂર્યાદિકના ગ્રહણમાં વિવેકી પુરુષે શક્તિ છતાં ભોજન કરવું નહીં.

તેવી જ રીતે આગમમાં પણ કહેલું છે કે–

રોગમાં, મોહોદયમાં સ્વજનાદિકને કષ્ટ થતાં, પ્રાણીઓની દયાથી, તપસ્યાના કારણથી અને અંત સમયે શરીરનો ત્યાગ કરવા માટે આ છ કારણે ભોજન કરવું નહીં.

તથા વિશેષપર્વોમાં શ્રી સંપ્રતિ રાજા અને કુમારપાળ રાજાની જેમ ભોજનનો ત્યાગ કરવો જોઈએ.

હવે ગ્રંથકારશ્રી ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા ધર્મને યોગ્ય બતાવે છે.

**विशेषकारणैरेवमभोजनपरायणः ।**
**सदारोग्यगुणोल्लासी, धर्मयोग्यो गृही भवेत् ॥८७॥**

શબ્દાર્થ–ઉપર જણાવ્યા પ્રમાણે વિશેષ કારણોથી ભોજનનો ત્યાગ કરવામાં તત્પર અને નિરંતર આરોગ્યના ગુણથી ઉલ્લાસ પામેલો પુરુષ ગૃહસ્થધર્મને યોગ્ય થાય છે. ૮૭.

इति षोडशो गुणः ॥

(૧૭)

# સત્તરમો ગુણ–સમયે સાત્મ્યભોજન

હવે, અપાયથી બચવા સમય થયે શરીરને અનુકૂળ ભોજન કરવા રૂપ સત્તરમા ગુણનું વર્ણન કરે છે.

**तथा काले बुभुक्षासमये भोक्ताऽन्नाद्युपजीवकः । भोक्तेति "साधौ तृच्" लौल्यादिपरिहारेण यथाऽग्निबलं हितं मितं भुञ्जीत । यतः–**

શબ્દાર્થ–તથા અન્નાદિકથી ઉપજીવન કરનાર ગૃહસ્થ જ્યારે ખાવાની ઈચ્છા થાય ત્યારે લોલુપતાં વગેરેનો ત્યાગ કરી જઠરાગ્નિના બળ પ્રમાણે હિતકારી અને પ્રમાણોપેત ભોજન કરે. (વિવેકવિલાસ) કહ્યું છે કે :-

कण्ठनाडीमतिक्रान्तं, सर्वं तदशनं समम् ।
क्षणमात्रसुखस्यार्थे, लोल्यं कुर्वन्ति नो बुधाः ॥१॥

जिह्वे प्रमाणं जानीहि, भोजने वचने तथा ।
अतिमुक्तमतिचोक्तं, प्राणिनां मरणप्रदम् ॥२॥

ગળામાંથી નીચે ઉતર્યા પછી તે તમામ ભોજન એક સરખું છે, તેથી પંડિત પુરુષો ક્ષણમાત્રના સુખને અર્થે લોલુપતા કરતા નથી. હે જીભ ! ભોજન કરવામાં તથા વચનો બોલવામાં તું પ્રમાણ રાખજે, કારણ કે અતિ ભોજન કરેલું અને અતિ બોલાયેલું પ્રાણીઓને મરણ આપનારું થાય છે.

**अतिरिक्तभोजनं हि वमनविरेचनमरणादिना न साधु । यो हि मितं भुङ्क्ते स बहु भुङ्क्ते, अक्षुधितेन हि भुक्तममृतमपि विषं भवति । तथा क्षुत्कालातिक्रमादन्नद्वेषः, देहसादश्च भवति । विध्यातोऽग्नौ किं नामेन्धनं कुर्यात्–**

શબ્દાર્થ–અધિક કરેલું ભોજન ખરેખર વમન, વિરેચન અને મરણ વગેરે કરનાર હોવાથી સારું નથી. જે પુરુષ પ્રમાણોપેત ભોજન કરે છે, તે ઘણું ભોજન કરે છે. ક્ષુધા વગર ખાધેલું અમૃત પણ વિષરૂપ થાય છે તથા ક્ષુધાનો કાળ ઉલ્લંઘન કરવાથી અન્ન ઉપર દ્વેષ થાય છે અને શરીર સીદાય છે. અગ્નિ બુઝાઈ ગયા પછી ઈંધણ શું કરશે ? (વિવેકવિલાસમાં) કહ્યું છે કે–

पानाहारादयो यस्याविरुद्धाः प्रकृतेरपि ।
सुखित्वायावकल्पन्ते, तत्सात्म्यमिति गीयते ॥१॥

જેની પ્રકૃતિને અવિરુદ્ધ એવાં આહાર પાણી વગેરે જે સુખને માટે કલ્પાય તેને સાત્મ્ય કહે છે.

एवं लक्षणात्सात्म्यादाजन्मसात्म्येन भुक्तं विषमपि पथ्यं भवति, परमसात्म्यमपि पथ्यं सेवेत, न पुनः सात्म्यप्राप्तमप्यपथ्यम्, "सर्वं बलवतः पथ्यम्" इति मत्वा न कालकूटं खादेत्, सुशिक्षितोऽपि विषतन्त्रज्ञो म्रियत एव विषात्कदाचित् । एवं चाजीर्णे भोजनात्यागेऽसात्म्यभोजने च प्रायः सदा रोगोत्पत्त्यादिना व्याकुलस्य सततार्त्त-ध्यानादिपरस्य कथं धर्मयोग्यता स्यादतो यथोक्तगुणिना भाव्यं गृहिणा । भोजन-विधिरेवम्—

શબ્દાર્થ—એવા લક્ષણવાળા સાત્મ્યથી જન્મથી માંડીને સાત્મ્ય વડે ભોજન કરેલું વિષ પણ પથ્ય થાય છે. પરંતુ અસાત્મ્ય હોય તો પણ જે પથ્ય હોય તે સેવવું. પરંતુ સાત્મ્યથી પ્રાપ્ત થયેલ પણ અપથ્ય હોય તો તે સેવવું નહીં. બળવાન પુરુષને બધું પથ્ય જ છે એમ માની કાળકૂટ વિષ ન ખાવું. વિષ તંત્ર (ઔષધી) ને જાણનારો સુશિક્ષિત હોય તો પણ કદાચિત્ વિષથી જ મરણ પામે છે. એવી રીતે અજીર્ણમાં ભોજનનો ત્યાગ ન કરે અને અસાત્મ્યથી ભોજન કરે તો પ્રાયે કરી હંમેશાં રોગ વગેરેની ઉત્પત્તિથી આકુલ વ્યાકુળ થનાર અને તેથી નિરંતર આર્તધ્યાનમાં તત્પર રહેનાર પુરુષને ધર્મની યોગ્યતા કેવી રીતે થાય ? આથી ગૃહસ્થ પુરુષે યથોક્ત ગુણવાળા થવું જોઈએ. ભોજન કરવાની વિધિ આ પ્રમાણે છે :- (વિવેકવિલાસ ઉ. ૩)

पितुर्मातुः शिशूनां च, गर्भिणीवृद्धरोगिणाम् ।
प्रथमं भोजनं दत्त्वा, स्वयं भोक्तव्यमुत्तमैः ॥२०॥
चतुष्पदानां सर्वेषां, धृतानां च तथा नृणाम् ।
चिन्तां विधाय धर्मज्ञः, स्वयं भुञ्जीत नान्यथा ॥२१॥

શબ્દાર્થ—ઉત્તમ પુરુષો માતાને, પિતાને, બાળકોને, સગર્ભાસ્ત્રીને, વૃદ્ધને, અને રોગિઓને પ્રથમ ભોજન આપી પછી પોતે ભોજન કરે, તથા ધર્મનો જાણ પુરુષ પોતાના રાખેલાં પશુઓની તથા નોકર વગેરે મનુષ્યોની ચિંતા કરીને પછી પોતે ભોજન કરે તેમ કર્યા સિવાય ભોજન કરે નહીં. ૨૦-૨૧.

तथा काल इति वचनादकालव्युदासः, अकालश्चातिप्रातःसन्ध्यारात्रिलक्षणः, एषु कालेषु भोजनस्य सर्वशास्त्रनिषिद्धत्वात् महादोषमहापापहेतुत्वाच्च ॥ यदाह—

તથા મૂળમાં काले એવું વાક્ય છે. તે ઉપરથી અકાળનો ત્યાગ કરવો એમ સૂચવે

છે. અતિ પ્રાતઃકાળ, સાયંકાળ અને રાત્રિના લક્ષણવાળો અકાળ કહેવાય છે. તેવા કાળમાં ભોજન કરવું સર્વશાસ્ત્રમાં નિષિદ્ધ હોવાથી અને મહાન્ દોષ તથા મહાન્ પાપનું કારણ હોવાથી યુક્ત નથી તેને માટે કહ્યું છે કે :

चत्वारो नरकद्वाराः, प्रथमं रात्रिभोजनम् ।
परस्त्रीगमनं चैव, सन्धानानन्तकायिके ॥१॥ [યોગશાસ્ત્ર પ્ર.૩]

नोदकमपि पातव्यं, रात्रावत्र युधिष्ठिर ! ।
तपस्विना विशेषेण, गृहिणा च विवेकिना ॥२२॥ [માર્કંડપુરાણ અ.૩૦]

ये रात्रौ सर्वदाऽऽहारं, वर्जयन्ति सुमेधसः ।
तेषां पक्षोपवासस्य, फलं मासेन जायते ॥१६॥ [મહાભારત શાંતિપર્વ]

स कालः कश्चिदत्रास्ति, यत्र नैवोपभुज्यते ।
हित्वाऽकालं ततः काले, यो भुञ्जीत स धर्मवित् ॥४॥ [મહાભારત શાંતિપર્વ]

आयुर्वर्षशतं लोके, तदर्द्धं स उपोषितः ।
करोति विरतिं धन्यो, यः सदा निशिभोजने ॥५॥ [મહાભારત શાંતિપર્વ]

घटिकार्द्धं घटीमात्रं, यो नरः कुरुते व्रतम् ।
स स्वर्गी किं पुनर्यस्य, व्रतं यामचतुष्टयम् ॥६॥ [મહાભારત શાંતિપર્વ]

जीवितं देहिनां यस्मादनेकापायसङ्कुलम् ।
कथञ्चिद्दैवयोगः स्यान्नक्तं सोऽनशनी भवेत् ॥७॥ [મહાભારત શાંતિપર્વ]

तथा–अह्नो मुखेऽवसाने च, यो द्वे द्वे घटिके त्यजन् ।
निशाभोजनदोषज्ञो, ऽश्नात्यसौ पुण्यभाजनम् ॥६३॥ [યોગશાસ્ત્ર પ્ર. ૩]

ऐहिका दोषा एवम्–[યોગશાસ્ત્ર પ્ર.૩]

मेधां पिपीलिका हन्ति, यूका कुर्याज्जलोदरम् ।
कुरुते मक्षिका वान्तिं, कुष्ठरोगं च कोलिकः ॥५०॥

कण्टको दारुखण्डं च, वितनोति गलव्यथाम् ।
व्यञ्जनान्तर्निपतितस्तालु विध्यति वृश्चिकः ॥५१॥

विलग्नश्च गले वालः, स्वरभङ्गाय जायते ।
इत्यादयो दृष्टदोषाः, सर्वेषां निशिभोजने ॥५२॥

संसज्जजीवसङ्घातं, भुञ्जाना निशिभोजनम् ।
राक्षसेभ्यो विशिष्यन्ते, मूढात्मानः कथं नु ते ॥४॥

संसज्जजन्तु संतानसंपातिमानेकप्राणिविघातहेतुत्वेन महापापमूलमिति त्याज्यम् । यदुक्तं विवेकविलासे–[ तृतीयोल्लासे ]

अतिप्रातश्च सन्ध्यायां, रात्रौ कुत्सन्नथ व्रजन् ।
सव्याङ्घ्रौ दत्तपाणिश्च, नाद्यात्पाणिस्थितं तथा ॥१॥
साकाशे सातपे सान्धकारे द्रुमतलेऽपि च ।
कदाचिदपि नाश्नीयादूर्ध्वीकृत्य च तर्जनीम् ॥२॥
अधौतमुखहस्ताङ्घ्रिर्नग्नश्च मलिनांशुकः ।
सव्येन हस्तेनानात्तस्थालो भुञ्जीत न क्वचित् ॥३॥
एकवस्त्रान्वितश्चार्द्रवासवेष्टितमस्तकः ।
अपवित्रोऽतिगार्द्ध्यश्च, न भुञ्जीत विचक्षणः ॥४॥
उपानत्सहितो व्यग्रचित्तः केवलभूस्थितः ।
पर्यङ्कस्थो विदिग्याम्याननो नाद्यात्कृशासनः ॥५॥
आसनस्थपदो नाद्यात्, श्वचण्डालैर्निरीक्षितः ।
पतितैश्च तथा भिन्ने, भाजने मलिनेऽपि च ॥६॥
अज्ञातागममज्ञातं, पुनरुष्णीकृतं तथा ।
युक्तं बचबचाशब्दैर्नाद्याद्वक्रविकारवान् ॥७॥
आह्वानोत्पादितप्रीतिः, कृतदेवाभिधास्मृतिः ।
समे पृथावनत्युच्चे, निविष्टो विष्टरे स्थिरः ॥८॥
मातृष्वस्त्रम्बिकाजामिभार्याद्यैः पक्वमादरात् ।
शुचिभिर्भुक्तवद्भिश्च, दत्तं चाद्याज्जनेऽश्नति ॥९॥
कुक्षिम्भरिर्न कस्कोऽत्र, बह्वाधारः पुमान् पुमान् ।
ततस्तत्कालमायातान्, भोजयेद्बान्धवादिकान् ॥१०॥
दत्त्वा दानं सुपात्राय, स्मृत्वा वा श्रद्धयाऽधिकम् ।
येऽश्नन्ति ते नरा धन्याः, किमाद्यूनैर्नराधमैः ॥११॥
अतिथीनर्थिनो दुःस्थान्, भक्तिशक्त्यनुकम्पनैः ।
कृत्वा कृतार्थानौचित्यद्धोक्तुं युक्तं महात्मनाम् ॥१२॥
भिक्षां च याचतां दद्यात्परिव्राड्ब्रह्मचारिणाम् ।
ग्रासप्रमाणं भिक्षा स्यादग्रं ग्रासचतुष्टयम् ॥१३॥
अग्रं चतुर्गुणं प्राहुर्हन्तकारं द्विजोत्तमाः ।
भोजनं हन्तकारं वा, अग्रं भिक्षामथापि वा ॥१४॥
अदत्त्वा नैव भोक्तव्यं, यथाविभवमात्मनः ।
पूजयित्वाऽतिथीन् विद्वान् ज्ञातिबन्धूंस्तथाऽर्थिनः ॥१५॥
कृतमौनमवक्राङ्गं, वहद्दक्षिणनाडिकम् ।
प्रतिभक्ष्यं समाघ्राणहतदृग्दोषविक्रियम् ॥१६॥

दुःस्वादविगतस्वादविकथापरिवर्जितम् ।
शास्त्रवर्जितनिःशेषाहारत्यागमनोहरम् ॥१७॥
सुस्निग्धमधुरैः पूर्वमश्नीयादन्वितं रसैः ।
द्रवाम्ललवणैर्मध्ये, पर्यन्ते कटुतिक्तकैः ॥१८॥
भोजनानन्तरं सर्वरसलिप्तेन पाणिना ।
एकः प्रतिदिनं पेयो, जलस्य चुलुकोऽङ्गिना ॥१९॥
करेण सलिलार्द्रेण, न गण्डौ नापरं करम् ।
नेक्षणे च स्पृशेत्किं तु, स्प्रष्टव्ये जानुनी श्रिये ॥२०॥

નરકમાં પ્રવેશ કરવાના ચાર દ્વારો છે પહેલું રાત્રિભોજન, બીજું પરસ્ત્રીગમન, ત્રીજું બોળઅથાણું અને ચોથું અનંતકાયનું ભક્ષણ.

હે યુધિષ્ઠિર ! રાત્રિમાં પાણી પીવું યોગ્ય નથી. તેમાં વિશેષે કરી તપસ્વી અને વિવેકી ગૃહસ્થોને તો બિલકુલ યોગ્ય નથી. જે સારી બુદ્ધિવાળા પુરુષો હમેશાં રાત્રિમાં આહારનો ત્યાગ કરે છે. તે પુરુષોને એક માસમાં પંદર ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે. આ લોકમાં કોઈ એવો કાળ છે કે જે કાળમાં ભોજન ન થાય તેથી જે પુરુષ અકાળનો ત્યાગ કરી કાળે ભોજન કરે છે તેને ધર્મનો જાણકાર સમજવો.

જે પુરુષ હંમેશાં રાત્રિભોજનનું પચ્ચખાણ કરે છે તે પુરુષને ધન્ય છે. કારણ કે લોકમાં આયુષ્ય સો વર્ષનું કહેવામાં આવે છે તેથી રાત્રિભોજનનું પચ્ચખાણ કરનાર પુરુષ આયુષ્યના અડધા ભાગે ઉપોષિત ગણાય છે. જે પુરુષ અર્ધઘટી અથવા ફક્ત એક ઘટીનું વ્રત ધારણ કરે છે તે પુરુષ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. તો જેને ચાર પ્રહરનું વ્રત ધારણ કર્યું હોય તેની તો વાત જ શી ? જે કારણોને લઈ પ્રાણીઓનું જીવિતવ્ય અનેક કષ્ટોથી વ્યાપ્ત થયેલું હોય છે તેમાં કથંચિત્ ભાગ્યનો યોગ થાય તો પ્રાણી રાત્રિમાં ભોજન કરનાર ન થાય તથા-રાત્રિભોજનના દોષને જાણનારો જે પુરુષ દિવસની શરૂઆત અને દિવસના અન્તે બે બે ઘડીનો ત્યાગ કરી ભોજન કરે છે તે પુરુષ પુણ્યના ભાજનરૂપ થાય છે. આ લોક સંબંધી રાત્રિભોજનના દોષો આ પ્રમાણે છે :-

ખાવામાં કીડી આવે તો બુદ્ધિનો નાશ કરે છે, ખાવામાં જૂ આવે તો જલોદર નામનો રોગ થાય છે. માખીના કારણે ઉલટી અને કરોળીયાના કારણે કોઢનો રોગ થાય છે. ખાવામાં કાંટો અથવા લાકડાનો ટૂકડો આવે તો ગળામાં પીડા કરે છે. ખાવામાં શાકની અંદર જો વિંછી આવે તો તાળવાનો ભેદ કરે છે. ગળામાં વાળ લાગ્યો હોય તો કંઠને બગાડે છે. સંસક્ત જીવોથી વ્યાપ્ત એવા રાત્રિભોજનને કરનાર મૂઢાત્માઓ ખરેખર રાક્ષસથી પણ ચડી જાય છે. સંસક્ત જંતુઓની સંતતિ અને સંપાતિમ અનેક પ્રાણિઓના વિનાશનો હેતુ હોવાથી રાત્રિ ભોજન મહાન્ પાપનું મૂળ છે. તેથી ત્યાગ કરવું યોગ્ય છે. તેને માટે **વિવેકવિલાસ**માં કહ્યું છે કે–

અતિ પ્રાતઃકાળે, સાયંકાળે, રાત્રિએ, અન્નની નિંદા કરતાં, માર્ગમાં ચાલતાં જમણા પગ ઉપર હાથ મૂકી તથા ખાવાની વસ્તુ ડાબા હાથમાં લઈ ભોજન કરવું નહીં. ખુલ્લી જગામાં, તડકામાં, અંધકારમાં, વૃક્ષના નીચેના ભાગમાં અને તર્જની આંગળીને ઊંચી કરી કદીપણ ભોજન કરવું નહીં. મુખ, હાથ અને પગ ધોયા વિના, નગ્ન અવસ્થામાં, મલિનવસ્ત્ર પહેરી અને ડાબા હાથથી થાળી ઉપાડીને કદી પણ ભોજન કરવું નહીં. વિચક્ષણ મનુષ્યે એક વસ્ત્ર પહેરી, ભીનાવસ્ત્રથી મસ્તકને વીંટાળી, તથા અપવિત્ર છતાં ખાવાની વસ્તુ ઉપર લોલુપ થઈ કદી પણ ભોજન કરવું નહીં. પગરખાં સાથે, વ્યગ્રચિત્તે, કેવળ જમીન ઉપર બેસી, પલંગમાં રહી, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાનરૂપ વિદિશા તથા દક્ષિણદિશા તરફ મુખ રાખી અને ટૂંકા આસન ઉપર બેસી ભોજન કરવું નહીં. આસન ઉપર પગ રાખી, કુતરા ચંડાળ કે ધર્મભ્રષ્ટ પુરુષોના દેખતાં અને ભાંગેલા તથા મલિન ભાજનમાં ભોજન કરવું નહીં.

આ ભોજન કોના તરફથી આવ્યું છે એમ જાણવામાં ન હોય, અજાણ્યું હોય અને બીજી વખત ગરમ કરેલું હોય તેવું ભોજન કરે નહીં. તેમજ જમતાં જમતાં બચ બચ એવા શબ્દોએ સહિત અને મુખનો વિકાર કરતો ભોજન કરે નહીં. ભોજન નિમિત્તે આમંત્રણ કરવાથી પ્રીતિને ઉત્પન્ન કરતો અને ભોજનની શરૂઆતમાં ઇષ્ટદેવના નામનું સ્મરણ કરતો સરખા વિશાળ અને અતિ ઉંચું ન હોય તેવા સ્થિર આસન ઉપર બેસી ભોજન કરે. માસી, માતા, બહેન અને ભાર્યા વગેરે સ્ત્રીઓએ આદર પૂર્વક પકાવેલું, ભોજન કરી નિવૃત્ત થયેલા પવિત્ર પુરુષોએ પીરસેલું અને સર્વ લોકો ભોજન કરી રહ્યા પછી પોતે ભોજન કરે. આ લોકમાં પોતાનું પેટ કોણ ભરતું નથી ? માટે જે ઘણા જીવોના આધાર હોય તેજ પુરુષ પુરુષ ગણાય છે. તેથી ભોજન વખતે પ્રાપ્ત થયેલા બાંધવાદિકને ભોજન કરાવે.

જે પુરુષો સુપાત્રને દાન આપી અથવા તો અધિક શ્રદ્ધાથી સુપાત્રનું સ્મરણ કરી ભોજન કરે છે, તે ધન્ય છે. તે સિવાયના કેવળ પોતાનું પેટ ભરનારા નરાધમોથી શું ? અતિથિઓને ભક્તિથી, અર્થિજનોને શક્તિ અનુસારે અને દુઃખીજનોને અનુકંપાથી યોગ્યતા પ્રમાણે કૃતાર્થ કરી પછી મહાત્મા પુરુષોને ભોજન કરવું યોગ્ય છે. યાચના કરનારા સંન્યાસી અને બ્રહ્મચારિઓને ભિક્ષા આપે. જે ગ્રાસ પ્રમાણ હોય, તેને ભિક્ષા કહે છે અને ચાર ગ્રાસને અગ્ર કહે છે. ઉત્તમ બ્રાહ્મણો ચાર અગ્રને હંતકાર કહે છે. અથવા તો ભોજનને હંતકાર કહે છે અને ભિક્ષાને અગ્ર પણ કહે છે. અતિથિ, વિદ્વાન્, જ્ઞાતિબંધુ અને અર્થિજનોની પૂજા કરી પોતાના વૈભવ પ્રમાણે તેમને આપ્યા સિવાય ભોજન કરવું નહીં. જે વખતે દક્ષિણ (જમણી) નાસિકા વહેતી હોય તે વખતે મૌન કરી, શરીરને સીધુ રાખી, દરેક ખાવાની વસ્તુ સુંઘીને અને દૃષ્ટિદોષના વિકારને ટાળીને ખરાબસ્વાદથી, સ્વાદ વગરથી અને વિકથાથી વર્જિત થયેલું તથા શાસ્ત્રમાં નિષેધ કરેલા સંપૂર્ણ આહારના ત્યાગ કરવાથી મનોહર એવા અન્નાદિકનું ભોજન કરવું જોઈએ.

તથા ભોજન કરતાં સારી સ્નિગ્ધ, મધુર અને રસ યુક્ત વસ્તુ પ્રથમ ખાવી. પ્રવાહી, ખાટી, અને ખારી વસ્તુ વચમાં ખાવી, તીખી તથા કડવી વસ્તુ ભોજનના અંતમાં ખાવી. મનુષ્યે ભોજન કરી રહ્યા પછી સર્વ રસથી ખરડાયેલા હાથે પાણીનો એક કોગળો હમેશાં પીવો. વળી ભોજન કરી રહ્યા પછી જળથી ભિંજાયેલા હાથે બે ગાલને, બીજા હાથને અને બે ચક્ષુને સ્પર્શ ન કરે કિંતુ કલ્યાણને માટે પોતાના બે ઢીંચણે સ્પર્શ કરે.

**उक्तं च–[ विवेकविलासे तृतीयोल्लासे ]**

**मा करेण करं पार्थ, मा गल्लौ मा च चक्षुषी ।**
**जानुनी स्पृश राजेन्द्र, भर्त्तव्या बहवो यदि ।।५५।।**

કહ્યું છે કે :-

**હે યુધિષ્ઠિર રાજેન્દ્ર ! જો તારે ઘણા માણસોનું પોષણ કરવું હોય તો ભોજન કર્યા પછી ભીના હાથે બીજા હાથનો, બે ગાલનો અને બે નેત્રનો સ્પર્શ કરીશ નહીં પરંતુ તારા બે ઢીંચણે સ્પર્શ કરજે.**

હવે ગ્રંથકારશ્રી ગુણની સમાપ્તિ કરતાં વિધિથી ભોજન કરનારને શું ફળ મળે તે બતાવે છે.

**विधिनैवं विशुद्धात्मा, विदधानः सुभोजनम् ।**
**गृहिधर्मार्हतामात्म-न्यारोपयति सत्तमः ।।८८।।**

શબ્દાર્થ–ઉપર જણાવેલી વિધિથી વિશુદ્ધ આત્માવાળો થઈ સારા ભોજનને કરતો, અતિશય શ્રેષ્ઠ પુરુષ, પોતાના આત્મામાં ધર્મની યોગ્યતાનું આરોપણ કરે છે. ૮૮.

**इति सप्तदशो गुणः ।।**

• • •

# (૧૮)

# અઢારમો ગુણ–ત્રિવર્ગ સાધના

હવે, ત્રિવર્ગ સાધના રૂપ અઢારમો ગુણ વર્ણવે છે.

**तथा त्रिवर्गो धर्मार्थकामाः । तत्र यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः । यतः सर्वार्थप्रयोजनसिद्धिः सोऽर्थः । यत आभिमानिकरसानुविद्धा सर्वेन्द्रियप्रीतिः स कामः । ततोऽन्योऽन्यस्य परस्परं योऽप्रतिबन्धोऽप्रतिघातस्तेन त्रिवर्गमपि न त्वेकैकं साधयन् । यदाह–**

શબ્દાર્થ–તથા–ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામ તેમાં જેનાથી અભીષ્ટકાર્યનો ઉદય અને મોક્ષની સિદ્ધિ થાય તે ધર્મ કહેવાય છે. જેનાથી સર્વ વસ્તુના કાર્યની સિદ્ધિ થાય તે અર્થ કહેવાય છે અને જેનાથી અભિમાનના રસથી પ્રેરાયેલી સર્વ ઇંદ્રિયોને પ્રીતિ થાય તે કામ કહેવાય છે. તેથી પરસ્પર એક બીજાનો (ધર્મ, અર્થ અને કામનો) વિઘાત (નાશ) અથવા તો બાધા ન થાય તેવી રીતે ધર્માભિલાષી પુરુષ ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગનું સાધન કરે. પરંતુ એકલા ધર્મને અથવા તો એકલા અર્થ કે કામને સાધે નહીં. કહ્યું છે કે :-

**यस्य त्रिवर्गशून्यानि, दिनान्यायान्ति यान्ति च ।**
**सलोहकारभस्त्रेव, श्वसन्नपि न जीवति ॥** [યોગશાસ્ત્ર પૃ. ૫૪]

જે પુરુષના ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગના સાધન સિવાયના દિવસો આવે છે અને જાય છે, તે પુરુષ લુહારની ધમણની જેમ શ્વાસ લે છે તો પણ તે જીવે છે એમ કહેવાય નહીં.

**तत्र धर्मार्थयोरुपघातेन तादात्विकविषयसुखलुब्धो वनगज इव को नाम न भवत्यास्पदमापदाम् । न च तस्य धनं धर्मः शरीरं वा यस्य कामेऽत्यन्तासक्तिः ब्रह्मदत्तादिवत् । धर्मकामातिक्रमाद्धनमुपार्जितमपि परेऽनुभवन्ति । स्वयं तु परं पापभाजनं सिंह इव सिन्धुरवधात् । मम्मणादिवद्वा । अर्थकामातिक्रमेण च धर्मसेवा यतीनामेव धर्मो न गृहस्थानाम् । न च धर्मबाधयाऽर्थकामौ सेवेत, बीजभोजिनः कुटुम्बिन इव । नास्त्यधार्मिकस्यायत्यां किमपि शुभम् । स खलु सुधी योऽमुत्रसुखाविरोधेन इहलोकसुखमनुभवति, अभयकुमारादिवत् ।**

**एवमर्थबाधया धर्मकामौ सेवमानस्य ऋणाधिकत्वम् । कामबाधया धर्मार्थौ सेवमानस्य गार्हस्थ्याभावः स्यात् । एवं च तादात्विकमूलहरकदर्येषु धर्मार्थका–**

मानामन्योन्यं बाधा सुलभैव।

तथा हि—यः किमप्यसञ्चिन्त्योत्पन्नमर्थमपव्येति स तादात्विकः । यः पितृपैतामहमर्थमन्यायेन भक्षयति स मूलहरः । यो भृत्यात्मपीडयाऽर्थं सञ्चिनोति न तु क्वचिदपि व्ययते स कदर्यः । तत्र तादात्विकमूलहरयोरर्थभ्रंशेन धर्मकामयोर्विनाशान्नास्ति कल्याणम् । कदर्यस्य त्वर्थसङ्ग्रहो राजदायादतस्करादीनां निधिर्न तु धर्मकामयोर्हेतुरिति ।

अनेन त्रिवर्गबाधा गृहस्थस्य कर्त्तुमनुचितेति प्रतिपादितम् । यदा तु दैववशाद्बाधा सम्भवति तदोत्तरोत्तरबाधायां पूर्वस्य पूर्वस्य बाधा रक्षणीया। तथा हि कामबाधायां धर्मार्थयोर्बाधा रक्षणीया । तयोः सतोः कामस्य सुकरोत्पादकत्वात् । कामार्थयोस्तु बाधायां धर्मो रक्षणीयः । धर्ममूलत्वादर्थकामयोः यदुक्तम्—

શબ્દાર્થ—તેમાં ધર્મ અને અર્થનો વિનાશ થવાથી અવિચારણીય એવા ઉત્પન્ન થયેલા પદાર્થનો વ્યય કરવારૂપ તાદાત્વિક વિષય સુખમાં લુબ્ધ થયેલા વનહસ્તિની જેમ ક્યો પુરુષ આપત્તિના સ્થાનરૂપ થયો નથી ? જે પુરુષને કામ ઉપર અત્યંત આસક્તિ હોય છે તે પુરુષનો બ્રહ્મદત્ત વગેરેની જેમ ધન, ધર્મ અને શરીરનો નાશ થાય છે. તથા ધર્મ અને કામનું ઉલ્લંઘન કરી ઉપાર્જન કરેલા દ્રવ્યનો બીજાઓ અનુભવ કરે છે અને પોતે તો હસ્તીનો નાશ કરનાર સિંહની જેમ અથવા મમ્મણ વગેરેની જેમ ઉત્કૃષ્ટ પાપનું ભાજન થાય છે. તથા અર્થ અને કામનું ઉલ્લંઘન કરી એકલા ધર્મની સેવા કરવી તે યતિઓનો જ ધર્મ છે. પરંતુ અર્થકામની ઉપેક્ષા કરી કેવળ ધર્મ કરવો એ ગૃહસ્થોનો ધર્મ નથી. તથા બીજ ભોજન કરનાર કણબીની જેમ ધર્મને બાધા કરી અર્થ અને કામની સેવા કરે નહીં. તથા અધર્મિ પુરુષને આગામી કાળે કાંઈપણ કલ્યાણકારી નથી. જે પુરુષ પરલોકના સુખથી અવિરોધી આ લોકના સુખનો અનુભવ કરે છે, તે પુરુષ અભયકુમારની જેમ ખરેખર સુખી થાય છે.

એવી રીતે અર્થને બાધ કરી એકલા ધર્મ અને કામને સેવનારા પુરુષને ઘણું કરજ (દેવું) થાય છે અને કામને બાધ કરી એકલા ધર્મ અને અર્થને સેવનારા પુરુષને ગૃહસ્થપણાનો અભાવ થાય છે. અર્થાત્ ગૃહસ્થધર્મ ચાલી શકતો નથી. આ પ્રમાણે તાદાત્વિક, મૂળહર અને કદર્યને વિષે ધર્મ, અર્થ અને કામની પરસ્પર બાધા થવી સુલભ છે. એ ત્રણે પુરુષોનાં લક્ષણો આ પ્રમાણે છે.

જે પુરુષ કાંઈ પણ વિચાર કર્યા સિવાય ઉત્પન્ન થયેલા દ્રવ્યનો વ્યય કરે છે, તે તાદાત્વિક કહેવાય છે. જે પુરુષ પિતા અને પિતામહના મેળવેલા દ્રવ્યને અન્યાયથી ભક્ષણ કરે છે, અર્થાત્ ઉડાવે છે તે મૂળહર કહેવાય છે અને જે પુરુષ નોકરોને કે પોતાના આત્માને કષ્ટ આપી દ્રવ્યનો સંચય કરે છે, પરંતુ કાંઈપણ વ્યય કરતો નથી તે કદર્ય કહેવાય છે. તેમાં તાદાત્વિક અને મૂળહર આ બન્નેના દ્રવ્યનો નાશ થવાથી તેમના ધર્મ તથા કામનો નાશ થાય છે. તેથી તેમનું કલ્યાણ નથી, કદર્યનો દ્રવ્યસંગ્રહ તો રાજા, ભાગીદાર અને ચોર

વગેરેનો ભંડાર કહેવાય છે તેથી તે દ્રવ્યનો સંગ્રહ ધર્મ તથા કામનો હેતુ થતો નથી. ઈત્યાદિ.

આમ કહેવાથી ગૃહસ્થને ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગને બાધા કરવી ઉચિત નથી એમ પ્રતિપાદન કર્યું. જ્યારે ભાગ્યના યોગથી ધર્મ, અર્થ અને કામમાંથી કોઈને બાધા થવાનો સંભવ થાય ત્યારે ઉત્તરોત્તર બાધા થયે છતે પૂર્વ પૂર્વની બાધાનું રક્ષણ કરવું. તેનું જ આ ઠેકાણે પ્રતિપાદન કરે છે.

જ્યારે કામને બાધ આવે, ત્યારે ધર્મ તથા અર્થને બાધા થવા દેવી નહીં. કારણ ધર્મ તથા અર્થ અબાધિત હોય તો કામને સહેલાઈથી મેળવી શકાય છે અને કામ તથા અર્થને બાધ આવે તો ધર્મનું રક્ષણ કરવું. કારણ કે, અર્થ તથા કામની પ્રાપ્તિ થવામાં મૂળ કારણ ધર્મ છે. તેને માટે કહ્યું છે કે :-

धर्मश्चेन्नावसीदेत, कपालेनापि जीवतः ।
आढ्योऽस्मीत्यवगन्तव्यं, धर्मवित्ता हि साधवः ॥ तथा-
त्रिवर्गसंसाधनमन्तरेण, पशोरिवायुर्विफलं नरस्य ।
तत्रापि धर्मं प्रवरं वदन्ति, न तं विना यद्भवतोऽर्थकामौ ॥
धनदो धनार्थिनां प्रोक्तः, कामिनां सर्वकामदः ।
धर्म एवापवर्गस्य, पारम्पर्येण साधकः ॥२॥ इत्यादि ॥ [ धर्मबिन्दु अ-१ ]

હાથમાં કપાલ લઈ ભિક્ષાથી જીવનારા પુરુષોનો જો ધર્મ સીદાતો ન હોય તો હું ધનાઢ્ય છું એમ જાણવું. કારણ સાધુ (શ્રેષ્ઠ) પુરુષો ખરેખર ધર્મરૂપી ધનથી જ યુક્ત હોય છે. વળી કહ્યું છે કે :-

ધર્મ અર્થ અને કામરૂપ ત્રિવર્ગના સાધન સિવાય પુરુષનું આયુષ્ય પશુની જેમ નિષ્ફળ છે. ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગમાં પણ પંડિત પુરુષો ધર્મને શ્રેષ્ઠ કહે છે. કારણ તે ધર્મ સિવાય અર્થ તથા કામની પ્રાપ્તિ થતી નથી.

તથા ધર્મ ધનાર્થી પુરુષોને ધન આપનારો અને સર્વ કામાર્થિ પુરુષોને કામિત આપનારો છે.

હવે ગ્રંથકારશ્રી ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા ધર્મારાધનનું ફળ બતાવે છે :-

**अन्योन्याबाधया शुद्धोपधयाराधयन् सुधीः ।**
**त्रिवर्गं क्रमतः स्वर्गापवर्गसुखभाग् भवेत् ॥८९॥**

શબ્દાર્થ—સદ્‌બુદ્ધિવાળો પુરુષ શુદ્ધ ધર્મ, અર્થ અને કામથી દરેક વસ્તુનું પરિશોધન કરી અને પરસ્પર બાધા સિવાય ત્રિવર્ગનું સાધન કરતો અનુક્રમે દેવલોક તથા મોક્ષના સુખનો ભાગી થાય છે. ૮૯.

इति अष्टादशो गुणः ॥

• • •

(૧૯)

# ઓગણીસમો ગુણ—અતિથિ-સાધુ-દીનની સેવા

હવે, અતિથિ વગેરેની સેવા-ભક્તિ કરવાનો ગુણ વર્ણવે છે.

**तथा न विद्यत्ते सततातिविशदैकाकारानुष्ठानतया तिथ्यादिविभागो यस्य सोऽतिथिः ।**

**તથા હંમેશાં અતિનિર્મળ અને એકસરખી વિધિપૂર્વક ક્રિયાની પ્રવૃત્તિને લઈને જેને તિથિ વગેરે દિવસોનો વિભાગ ન હોય તે અતિથિ કહેવાય છે.**

**तिथिपर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना ।**
**अतिथिं तं विजानीयाच्छेषमभ्यागतं विदुः ॥१॥** [યોગશાસ્ત્ર પ્ર.૧ પૃ. ૫૪]

**हिरण्ये वा सुवर्णे वा, धने धान्ये तथैव च ।**
**अतिथिं तं विजानीयाद्यस्य लोभो न विद्यते ॥१॥** [ધર્મરત્નપ્રકરણ]

**શબ્દાર્થ—જે મહાત્માએ સર્વ તિથિ, પર્વ અને ઉત્સવોનો ત્યાગ કર્યો છે, તે મહાત્માને અતિથિ જાણવા અને બાકીના બીજાઓને અભ્યાગત જાણવા. ૮૪.**

**જે મહાત્માને રૂપામાં, સુવર્ણમાં અને ધન તથા ધાન્યમાં લોભ ન હોય તે મહાત્માને અતિથિ જાણવો. ૮૫.**

**साधुः शिष्टाचाररतः सकललोकाधिगीतः, दीनो "दीङ्च् क्षये" इति वचनात् क्षीणसकलधर्मार्थकामाराधनशक्तिः, तेषु प्रतिपत्तिकृत्, प्रतिपत्तिरुपचारो हितप्रकारशिक्षणयथावसारान्नपानादिप्रदानरूपः, कथं यथावदौचित्यानतिक्रमेण । यथा—**

તથા શિષ્ટાચારમાં તત્પર અને સર્વ લોકોથી પ્રશંસિત હોય તે સાધુ કહેવાય છે. તથા दीङ् ધાતુ ક્ષય અર્થમાં હોવાથી સર્વ ધર્મ, અર્થ અને કામને આરાધન કરવાની શક્તિથી હીન હોય તે દીન કહેવાય છે. અતિથિ, સાધુ અને દીન (રંક) પુરુષોને વિષે હિતશિક્ષા અને યોગ્ય અવસરે અન્નપાનાદિક આપવારૂપ તથા યથાયોગ ઉચિતતાનું ઉલ્લંઘન કર્યા સિવાય પ્રતિપત્તિ (ગૌરવ) કરનાર હોય તે પુરુષ ધર્મનો અધિકારી થાય છે. ઔચિત્યને માટે કહ્યું છે કે :-

औचित्यमेकमेकत्र, गुणानां कोटिरेकतः ।
विषायते गुणग्राम, औचित्यपरिवर्जितः ॥

એક તરફ કેવળ ફક્ત ઉચિતતા અને એક તરફ ગુણોની કોટી હોય તો પણ ઉચિતતાથી રહિત એવો ગુણોનો સમૂહ વિષરૂપ ગણાય છે.

तथा— आदेयत्वमसंस्तुतेऽपि हि जने विस्तारयत्यञ्जसा,
दुर्वृत्तानपि सान्त्वयत्यवनिभृत्प्रायानपायोद्यतान् ।
तं संवर्गयति त्रिवर्गमिह चामुत्रापि तस्माच्छुभं,
किं वा तन्न करोति यत्सुकृतिनामौचित्यचिन्तामणिः ॥

**तत्रातिथयो मुख्यवृत्त्या चारित्रिणः, तेषु स्वस्यानुग्रहाय पुण्यानुबन्धि-पुण्याप्तये समग्राशंसावर्जितेन कर्मक्षयाय विवेकिना श्रद्धालुना संविभागः सदा विधेयः । यतः श्राद्धसामाचार्याम्—**

निवसिज्ज तत्थ सड्ढो, साहूणं जत्थ हुज्ज संपाओ ।
जत्थ य चेईभवणं, वियड्ढसाहम्मिया चेव ॥१॥

सुपभाए पढमं, सावयस्स पाणंपि न कप्पइ पाउं ।
नो जाव चेइआई, साहूविय वंदिया विहिणा ॥२॥

मज्झण्हे पुणरवि, वंदिऊण नियमेण कप्पए भुत्तुं ।
पुण वंदिऊण ताइं, पओससमयंमि सो सुयइ ॥३॥

पत्ते भोअणकाले, दाणफलं उत्तमं मुणेऊणं ।
गंतुं उवस्सयंमी, मुणिनाहं वंदिउं विहिणा ॥४॥

भत्तिब्भरनिब्भरंगो, महया संवेगपुलइयशरीरो ।
सयमेव य पडिलाभे, सुद्धेणं असणपाणेणं ॥५॥

તથા—અથવા તે ઉચિતરૂપ ચિંતામણિ પુણ્યવાન્ પુરુષોને શું નથી કરતો ? તે ઉચિતરૂપ ચિંતામણિ અપરિચિત લોકોમાં પણ એકદમ આદેયપણાને વિસ્તારે છે. ખરાબ આચરણવાળા અને નાશ કરવાને ઉદ્યત થયેલા નરપતિ જેવાને પણ શાંત કરે છે અને ધર્મ, અર્થ તથા કામરૂપ ત્રિવર્ગને પ્રાપ્ત કરાવે છે. તેથી આ લોકમાં તથા પરલોકમાં કલ્યાણ થાય છે.

તેમાં મુખ્ય વૃત્તિએ સર્વવિરતિ ગ્રહણ કરનાર મુનિઓ અતિથિ કહેવાય છે. તેથી તેવા અતિથિઓને વિષે પોતાના અનુગ્રહને માટે પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરવાને માટે અને કર્મોનો નાશ કરવાને માટે સર્વ પ્રકારની ઇચ્છા રહિત અને શ્રદ્ધાવાળા વિવેકી પુરુષે હમેશાં સંવિભાગ કરવો જોઈએ. તેને માટે શ્રાવકસામાચારીમાં કહ્યું છે કે :-

જ્યાં સાધુઓનું આગમન હોય, જ્યાં જિનેશ્વર ભગવાનનું ચૈત્ય-મંદિર હોય અને

જ્યાં હોંશિયાર સાધર્મિકો વસતા હોય તેવા સ્થાનમાં શ્રાવક વાસ કરે. ૧.

પ્રથમ પ્રાતઃકાલે જ્યાં સુધી જિનપ્રતિમા અને સાધુઓને વિધિપૂર્વક વંદન ન કર્યું હોય ત્યાં સુધી પાણી પણ પીવું કલ્પે નહીં. ૨.

મધ્યાહ્ન કાળે બીજીવાર પણ દેવગુરુને અવશ્ય વંદન કરી શ્રાવકને ભોજન કરવું કલ્પે. વળી સાયંકાલે પણ તેમને વંદન કરી શયન કરવું જોઈએ. ૩.

ભોજન કરવાનો કાળ પ્રાપ્ત થતાં દાનનું ફળ ઉત્તમ છે એમ જાણી, ઉપાશ્રયમાં જઈ, વિધિપૂર્વક આચાર્ય ભગવંતને વંદન કરી ભક્તિના સમૂહથી અત્યંત ભરાયેલા શરીરવાળો અને મહાન સંવેગથી પુલકિત (વિકસ્વર) શરીરવાળો શ્રાવક પોતે જ નિર્દોષ અન્નપાનવડે મુનિઓને પ્રતિલાભિત કરે. ૪-૫.

<u>अन्यत्रापि–</u>

पत्ते घरंमि पत्ते, सव्वविसुद्धं विसुद्धसद्धाए ।
जेण न दिन्नं दाणं, कह होही तस्स कल्लाणं ॥

आसंसाइविरहिओ, सद्धारोमंचकंचुइज्जंतो ।
कम्मक्खयहेउं चिय, दिज्जा दाणं सुपत्तेसुं ॥

इय मुक्खहेउदाणं, दायव्वं सुत्तवन्नियविहीए ।
अणुकंपादाणं पुण, जिणेहिं सव्वत्थ न निसिद्धं ॥

ववसायफलं विहवो, विहवस्स फलं सुपत्तविणिओगो ।
तयभावे ववसाओ, विहवो चिय दुग्गइनिमित्तं ॥

बज्झेण अणिच्चेण य, धणेण जइ होइ पत्तनिहिएण ।
निच्चंतरंगरूवो, धम्मो ता किं न पज्जत्तं ॥

देवगुरुसंविभत्तं, दिन्नं दुहियाण बंधवजणाणं ।
जं भुज्जइ तं भुत्तं, सेसं उयरस्स विज्झवणं ॥

બીજે ઠેકાણે પણ કહ્યું છે કે :–"પોતાના ઘરમાં સુપાત્રરૂપ મુનિ પધારે ત્યારે અતિ-વિશુદ્ધ શ્રદ્ધાથી જે પુરુષે સર્વ પ્રકારે દોષ રહિત દાન આપ્યું નથી, તે પુરુષનું કલ્યાણ કેવી રીતે થાય ?" ૧૫૯.

નહિં પ્રાપ્ત થયેલા પદાર્થને પ્રાપ્ત કરવાની ઈચ્છારૂપ આશંસા વગેરેથી વિમુખ થયેલો અને શ્રદ્ધાથી વિકસ્વર થયેલા રોમકંચુકને ધારણ કરતો શ્રમણોપાસક કર્મોનો નાશ કરવામાં હેતુરૂપ દાન અવશ્ય સુપાત્રરૂપ મુનિઓને આપે. ૧૬૦.

એવી રીતે સૂત્રમાં વર્ણવેલા વિધિ વડે મોક્ષનું કારણભૂત દાન આપવું જોઈએ, તથા અનુકંપાદાન તીર્થંકરોએ કોઈ ઠેકાણે નિષેધ કર્યું નથી. ૧૬૧.

વ્યવસાયનું ફળ વૈભવ છે અને વૈભવનું ફળ સુપાત્રમાં વિનિયોગ કરવો તે છે. તેના અભાવમાં વ્યવસાય અને વૈભવ પણ દુર્ગતિનું કારણ થાય છે. ૧૬૨.

તથા બાહ્ય, નાશવંત અને સુપાત્રમાં આપેલા દ્રવ્યથી જો નિત્ય અને અંતરંગ રૂપ ધર્મ થાય તો શું પ્રાપ્ત થયું નથી ? ૧૬૩.

દેવ ગુરુનો સંવિભાગ કરી દુઃખી પુરુષો તથા બંધુવર્ગને આપી જે ભોગવે છે તે ભોગવેલું કહેવાય છે. તે સિવાય બાકી તો ઉદર ભરવું ગણાય છે. ૧૬૪.

उक्तं च—

अर्हद्भ्यः प्रथमं निवेद्य सकलं, सत्साधुवर्गाय च ।
प्राप्ताय प्रविभागतः सुविधिना, दत्वा यथाशक्तितः ॥
देशायातसधर्मचारिभिरलं, सार्द्धं च काले स्वयं,
भुञ्जीतेति सुभोजनं गृहवतां पुण्यं जिनैर्भाषितम् ॥

કહ્યું છે કે :—પ્રથમ સર્વ વસ્તુ તીર્થંકરોને નૈવદ્ય ધરાવી પછી પ્રાપ્ત થયેલા સાધુવર્ગને વિધિપૂર્વક વિભાગ કરી શક્તિ પ્રમાણે દાન આપી દેશાંતરથી આવેલા સાધર્મિકોની સાથે ભોજનકાળે ઉત્તમ ભોજન કરે એ ગૃહસ્થોનું પવિત્ર ભોજન છે, એમ શ્રીજિનેશ્વરોએ કહેલું છે.

एतच्चातिथिदानं स्वल्पमपि बहुफलं सद्यः । यथा—

આ અતિથિદાન થોડું આપેલું હોય તો પણ તત્કાલ ઘણા ફળને આપનારું થાય છે, તે વિષે એક દૃષ્ટાન્ત આ પ્રમાણે છે.

## सुधनश्रेष्ठिकथा

क्वापि संनिवेशे सुधनश्रेष्ठी भद्रकपरिणामो दानबुद्धिश्च । धनश्रीर्जायाऽपि समानशीला । अथान्यदा जैनमुनिपार्श्वे देशनाश्रवणम् । यथा—

देवभक्त्या गुरूपास्त्या, सर्वसत्त्वानुकम्पया ।
सत्सङ्गत्याऽऽगमश्रुत्या, गृह्यतां जन्मनः फलम् ॥
सद्दानभूषणा लक्ष्मीर्विद्या विरतिभूषणा ।
धर्मैकभूषणा मूर्तिर्वाणी सत्यैकभूषणा ॥
वसुधाऽऽभरणं पुरुषाः, पुरुषाभरणं प्रधानतरलक्ष्मीः ।
लक्ष्म्याभरणं दानं, दानाभरणं सुपात्रं च ॥३॥ [ઉપદેશતરંગિણી પૃ.૨]

तत्र दानेषु सर्वेष्वपि अन्नदानं महत्तमम् । यतः—

अन्नदातुरधस्तीर्थकरोऽपि कुरुते करम् ।
तच्च दानं भवेत्पात्रे, दत्तं बहुफलं भवेत् ॥

परसमयेऽप्येवम्–

नान्नदानात्परं दानं, किञ्चिदस्ति नरेश्वर ! ।
अन्नेन धार्यते कृत्स्नं, चराचरमिदं जगत् ॥१॥ [इतिहासे]
सर्वेषामेव भूतानामन्ने प्राणाः प्रतिष्ठिताः ।
तेनान्नदो विशांश्रेष्ठ !, प्राणदाता स्मृतो बुधैः ॥१॥

प्राह वैवस्वतो राजा, राजानं केशरिध्वजम् ।
च्यवन्तं स्वर्गलोकात्तं, कारुण्येन विशांवर ! ॥२॥

ददस्वान्नं ददस्वान्नं, ददस्वान्नं नराधिप ! ।
कर्मभूमौ गतो भूयो, यदि स्वर्गं त्वमिच्छसि ॥३॥ [पद्मपुराणे]

तत्र मुनिपार्श्वे देशविरतिप्रतिपत्तिः, त्रिर्जिनार्चा, एकान्तरोपवासः, अतिथिदानान्तरं पारणककरणं चेत्याद्यभिग्रहा गृहीताः, गृहागतेन भार्यायाः धर्मप्रतिपत्तिर्ज्ञा-पिता, एवं तयोः पुण्यं कुर्वतोः क्रमेण कियता कालेनान्तरायोदयात्पूर्ववित्तं क्षीणं निर्द्धनोऽजनि, भार्या प्रेरयति, मत्पितृगृहे द्रव्यं मार्गयित्वा व्यवसायं कुरुत, श्रेष्ठी तु श्वशुरकुले गन्तुं नेच्छति, लोकोपहासलज्जादिकारणैः, निरन्तरं जायाप्रेरणयोद्वेजितः श्वशुरगृहं प्रति प्रस्थितः, मार्गे सक्तवः शम्बलम्, एक उपवासो जातः, द्वितीयदिने प्रहरद्वयं प्रतीक्ष्य तृतीययामे मासोपवासिसाधवे सक्तून् दत्वा पारणं कृतम्, तृतीयदिने क्षपणम्, चतुर्थदिने श्वशुरगृहे प्राप्तः, तैः सत्कृतः, परं किमपि वित्तं नार्पितम्, निर्धनत्वेनानादरणीयत्वात् प्रत्यर्पणाशाभावाच्च न कोऽप्यादरं कुरुते । यतः– [जैनेतररामायणे]

धनमर्जय काकुत्स्थ !, धनमूलमिदं जगत् ।
अन्तरं नैव पश्यामि, निर्द्धनस्य मृतस्य च ॥
जाई विज्जा रूवं, तिन्निवि निवडंतु कंदरे विवरे ।
अत्थुच्चिय परिवड्ढउ, जेण गुणा पायडा हुंति ॥

ततो निराशः पश्चाद्वलितः, स्वग्रामासन्ने नद्यां समागतश्चिन्तयति, भार्यया महता मनोरथेन प्रहितोऽहं मां रिक्तं ज्ञात्वा महद्दुःखमस्या भावि, इति मनसि विचिन्त्य नद्याः कर्कराः सद्वर्णाः सुवृत्ताः गृहीताः, पोट्टलो बद्धः, उत्पाट्य गृहमायातः, भार्याऽपि ग्रन्थ्यनुसारेण वित्तपूरितोऽयं भर्त्ताऽऽयात इति हृष्टा ग्रन्थिगृहमध्ये नीतः, सत्पात्रदानपूर्वकभोजनाभिग्रहेण तुष्टया शासनदेवतया सर्वे ते प्रस्तराः रत्नीकृताः, रत्नमेकं लात्वा भोजनाच्छादनादि कृतम् । तैश्च रत्नैः श्रेष्ठी पुनरपि विख्यातो व्यवहारी जातः, इहापि सत्पात्रदानफलं दृष्ट्वा सततमतिथिप्रतिपत्तिपरोऽजनि ।

## સુધનશેઠનું દૃષ્ટાંત

કોઈક ગામમાં દાન દેવાની બુદ્ધિવાળો અને ભદ્રિક પરિણતિવાળો **સુધન** નામે શેઠ હતો તેને **ધનશ્રી** નામે ભાર્યા હતી. તે પણ પોતાના સ્વામીના સમાન સ્વભાવવાળી હતી. એક વખતે કોઈ મહાત્મા પાસે તેણે આ પ્રમાણે ધર્મદેશના સાંભળી.

**દેવની ભક્તિથી, ગુરુની ઉપાસનાથી, સર્વ પ્રાણીઓ ઉપર અનુકંપા કરવાથી, સત્-પુરુષોની સંગતિથી, અને સિદ્ધાંતનું શ્રવણ કરવાથી હે લોકો, મનુષ્ય જન્મનું ફળ ગ્રહણ કરો. ૧.**

**સત્પાત્રમાં દાન આપવું તે લક્ષ્મીનું આભૂષણ છે. વિરતિ (પચ્ચક્ખાણ) ધારણ કરવું તે વિદ્યાનું આભૂષણ છે. કેવળ ધર્મને જ ધારણ કરવો તે શરીરનું આભૂષણ છે અને કેવળ સત્ય જ બોલવું તે વાણીનું આભૂષણ છે. ૨.**

**પૃથ્વીનું આભૂષણ પુરુષો છે. પુરુષોનું આભૂષણ અતિઉત્તમ લક્ષ્મી છે. લક્ષ્મીનું આભૂષણ દાન છે અને દાનનું આભૂષણ સુપાત્ર છે. ૩.**

**તેમાં સર્વ દાનોમાં અન્નનું દાન અતિશય મોટામાં મોટું ગણાય છે. તેને માટે કહ્યું છે કે :— તીર્થંકર જેવા લોકોત્તર પુરુષો પણ અન્ન દાતાના હાથની નીચે પોતાના હાથને ધારણ કરે છે, તેથી તે દાન સત્પાત્રમાં આપવામાં આવ્યું હોય તો ઘણા ફળવાળું થાય છે. ૧.**

**તેને માટે અન્યદર્શનમાં પણ આ પ્રમાણે કહેલું છે.**

**"હે રાજન્ ! અન્નદાન જેવું બીજું ઉત્કૃષ્ટ દાન નથી. કારણ આ ચરાચર સંપૂર્ણ જગત અન્નથી ધારણ કરાયેલું છે."**

**પદ્મપુરાણમાં પણ કહેલું છે કે—"હે પુરુષશ્રેષ્ઠ રાજન્ ! સર્વ પ્રાણીઓના પ્રાણો અન્નને વિષે રહેલા છે, તેથી પંડિત પુરુષોએ અન્નદાતા પુરુષને પ્રાણદાતા કહેલો છે." ૧.**

**પુરુષશ્રેષ્ઠ વૈવસ્વત નામે રાજાએ સ્વર્ગલોકમાંથી ચ્યવતા એવા તે કેસરિધ્વજ રાજાને કરુણાથી કહ્યું કે, "રાજન્ ! કર્મભૂમિમાં જઈ જો તારે બીજી વાર સ્વર્ગમાં આવવાની ઈચ્છા હોય તો તું અન્ન આપજે. અન્ન આપજે, અન્ન આપજે." ૨-૩.**

ત્યાં તે સુધન શ્રેષ્ઠીએ મુનિની પાસે શ્રાવકનાં બાર વ્રતોનો અંગીકાર, ત્રિકાળ જિનપૂજા, એકાંતર ઉપવાસ અને અતિથિને દાન આપ્યા પછી પારણું કરવું ઈત્યાદિ અભિગ્રહો ગ્રહણ કર્યા. પછી ઘેર આવીને પોતાની ભાર્યાને પોતે ધર્મ અંગીકાર કર્યાનું જણાવ્યું. એવી રીતે બન્ને સ્ત્રી પુરુષને પુણ્ય કાર્ય કરતાં અનુક્રમે અંતરાયકર્મના ઉદયથી પૂર્વનું દ્રવ્ય ક્ષીણ થઈ ગયું અને પોતે નિર્ધન થઈ ગયો.

આ અરસામાં સુધનને તેની ભાર્યાએ પ્રેરણા કરી કે મારા પિતાના ઘરથી દ્રવ્ય

માંગી લાવી વેપાર કરો, પરંતુ શ્રેષ્ઠી લોકોનો ઉપહાસ અને લજ્જા વગેરેના કારણોથી પોતાના સસરાને ઘેર જવાને ઇચ્છતો નથી. તો પણ હંમેશા ભાર્યાની પ્રેરણાથી ઉદ્વેગ પામેલો સસરાના ઘર તરફ જવા નીકળ્યો. માર્ગમાં સાથવાનું ભાતું સાથે લીધું હતું. માર્ગમાં એક ઉપવાસ થયો, બીજે દિવસે બે પહોર સુધી વિલંબ કરી ત્રીજા પહોરે એક મહીનાના ઉપવાસી સાધુને સાથવો વહોરાવી તેણે પારણું કર્યું, ત્રીજે દિવસે વળી ઉપવાસ કર્યો અને ચોથા દિવસે સસરાના ઘેર આવી પહોંચ્યો. સસરા વગેરેએ તેનો સત્કાર કર્યો, પરંતુ કાંઈ પણ દ્રવ્ય આપ્યું નહીં, કારણ કે નિર્ધનતાને લઈ અનાદરતાને લાયક અને દ્રવ્ય પાછું મળવાની આશાના અભાવથી કોઈપણ આદર કરતું નથી.

કહ્યું છે કે :-**હે કાકુસ્થ, તું દ્રવ્ય ઉપાર્જન કર. આ જગતનું મૂળ દ્રવ્ય છે. કારણ કે નિર્ધન પુરુષ અને મૃત્યુ પામેલા પુરુષમાં હું કાંઈ પણ તફાવત જોતો નથી. ૧.**

**"જાતિ, વિદ્યા અને રૂપ એ ત્રણે પણ ગુફાના વિવરમાં પડો અને એક દ્રવ્યને જ વધારો. કારણ કે તેનાથી ગુણો પ્રગટ થાય છે." ૨.**

પછી નિરાશ થયેલો સુધન પાછો વળ્યો, અનુક્રમે પોતાના ગામની નજીક રહેલી નદીમાં આવી વિચાર કરવા લાગ્યો કે "મારી ભાર્યાએ મોટી ઇચ્છાથી મને મોકલ્યો હતો પરંતુ મને ખાલી આવેલો જાણી તેણીને દુઃખ થશે." એવો મનની અંદર વિચાર કરી તેણે સારા રંગના અને ગોળ નદીના કાંકરા ગ્રહણ કરીને પોટલું બાંધ્યું, તે પોટલાને ઉપાડી પોતાના ઘરે આવ્યો, તેની ભાર્યા પણ ગાંસડીના અનુસારે આ મારા સ્વામી દ્રવ્યથી પરિપૂર્ણ થઈને આવ્યા છે. એમ જાણી હર્ષ પામી ગાંસડી ઘરની અંદર લઈ ગઈ. તે શેઠના કરેલા સત્પાત્રને દાન આપવા પૂર્વક ભોજન કરવાના અભિગ્રહથી સંતુષ્ટ થયેલી શાસનદેવીએ તે સર્વ પાષાણના કાંકરાઓને રત્નો બનાવી દીધાં, તેમાંથી એક રત્ન લઈ તેની ભાર્યાએ ભોજન અને વસ્ત્રાદિકની ગોઠવણ કરી, પછી તે રત્નોથી સુધન શેઠ પાછો બીજીવાર પ્રખ્યાત વેપારી થયો. આ લોકમાં પણ સત્પાત્રના દાનનું ફળ જોઈ સુધન શેઠ હમેશાં અતિથિઓનો સત્કાર કરવામાં તત્પર થયો.

**तथा साधवः सकलशिष्टलोकसंमताः पितृमातृसहोदरादयः, तेष्वपि यथौचित्येन प्रतिपत्तिकृत् । यतः—**

संपत्तबुहगुणोवि हु, जो न मुणइ सम्ममुचियमायरिउं ।
स लहिज्जइ सो न जणे, ता मुणिऊणं कुणह उचियं ॥

**તથા સર્વશિષ્ટ લોકાને માન્ય એવા પિતા, માતા અને સહોદર વગેરે સાધુ કહેવાય છે. તેવા સાધુઓને વિષે પણ યોગ્યતા પ્રમાણે ગૃહસ્થ સત્કાર કરનાર હોય.**

કહ્યું છે કે—"પુરુષે ઘણા ગુણો પ્રાપ્ત કર્યા હોય પણ જે પુરુષ સમ્યક્ પ્રકારે યોગ્ય

આચરણાને જાણતો નથી, તે પુરુષ લોકમાં પ્રશંસા પામતો નથી. એમ જાણી ઉચિત આચરણા કરો.

**अथ किं स्यादुचिताचरणेनेति चेत्तदाह–**

**सामन्ने मणुयत्ते जे, केई पाउणंति इह किर्त्तिं ।**
**तं मुणह निव्वियप्पं, उचियाचरणस्स माहप्पं ॥**

હવે ઉચિત આચરણથી શું થાય છે ? એવી કોઈ શંકા કરે તેને માટે કહ્યું છે કે–"મનુષ્યપણું સર્વને સામાન્ય છે. તે છતાં કેટલાક પુરુષો આ લોકમાં કીર્તિને પ્રગટ કરે છે. તેને તમે નિર્વિકલ્પે ઉચિત આચરણાનું માહાત્મ્ય જાણો."

**तदौचित्यं च नवधा एवम् । यथा–**

તે ઉચિતપણું નવ પ્રકારે થાય છે, [ શ્રાદ્ધવિધિ ગ્રંથમાં બતાવેલ ] તે આ પ્રમાણે છે–

**तं पुण पियमाइसहोयरेसु, पणइणिअवच्चसयणेसु ।**
**गुरुजणनायरपरतित्थिएसु पुरिसेण कायव्वं ॥१॥**

**तत्रादौ पितृगतमाह–**

**पिउणो तणुसुस्सूसं, विणएण किंकुरुव्वं कुणइ सयं ।**
**वयणंपि से पडिच्छइ, वयणाओ अपडिअं चेव ॥२॥**

**पितुस्तनुशुश्रूषां, पादक्षालनाङ्गसंवाहनोत्थापननिवेशनादिरूपां देशकालादिसात्म्यौचित्येन भोजनशयनीयवसनाङ्गरागादिसम्पादनरूपां वा विनयेनान्तरप्रीतिप्रकर्षेण, न तु परोपरोधावज्ञादिभिः कर्मकारादिभ्यो वा कारयतीति कायविषयमौचित्यम्, वाग्विषयं ते 'से' तस्य पितुर्वदनादपतितमुच्चार्यमाणमेव वचनमादेशरूपं प्रतीच्छति सादरतया न पुनरवजानातीति, मनोविषयमाह–**

**चित्तं पि हु अणुयत्तइ, सव्वपयत्तेण सव्वकज्जेसु ।**
**उवजीवइ बुद्धिगुणे, नियसब्भावे पयासेइ ॥**

**तथा–** **आपुच्छिउं पयट्टइ, करणिज्जेसुं निसेहिओ ठाइ ।**
**खलिए खरंपि भणिओ, विणीययं न हु विलंघेइ ॥**

**सविसेसं परिपूरइ, धम्माणुगए मणोरहे तस्स ।**
**एमाइ उचियकरणं, पिउणो जणणीइवि तहेव ॥**

**तस्य पितुर्धर्मगतान् देवपूजागुरुपर्युपास्तिधर्मश्रवणविरतिप्रतिपत्त्यावश्यकप्रवृत्तिसप्तक्षेत्रीवित्तव्ययतीर्थयात्रादीन् मनोरथान् सविशेषं सादरं परिपूरयति, कर्तव्यमेव चैतत् सदपत्यानामिहलोके गुरुषु पितृषु हरिषेणमहापद्मादिचक्रवर्त्तिवत् । न चार्हद्धर्मसंयोजनमन्तरेणात्यन्तदुष्प्रतिकारेषु तेष्वन्योऽप्युपकृतिप्रकारः ।**

तथा श्रीजिनागमः–"तिण्हं दुप्पडियारं समणाउसो"। यथा जनकगतमौचित्यं प्रदर्शितम्, तथा जनन्या अपि सर्वं तदवगन्तव्यम्। यच्च विशेषकृत्यं तदाह–

વળી તે ઉચિત આચરણા (૧) પિતા, (૨) માતા, (૩) સહોદર-બાંધવ, (૪) ભાર્યા, (૫) સંતાન, (૬) સ્વજન, (૭) ગુરુજન, (૮) નગરલોક અને (૯) પરતીર્થિક સંબંધી ધર્માર્થી પુરુષે કરવી જોઈએ.

તેમાં પ્રથમ પિતા સંબંધી ઉચિત આચરણા કહે છે–

પુત્ર પોતે જ વિનયપૂર્વક પિતાના શરીરની શુશ્રૂષા કિંકરની જેમ કરે તથા પિતાના વચનને મુખમાંથી નીકળતાં પહેલાં અંગીકાર કરી લે.

પગ ધોવા, શરીરનું મર્દન કરવું અને તેમને ઉઠાડવા-બેસાડવા વગેરે કરવા રૂપ અથવા દેશકાળ વગેરેને અનુકૂળ શરીરના સુખને અર્થે કરવારૂપ સાત્મ્યની યોગ્યતાથી ભોજન, શય્યા, વસ્ત્ર અને કેશર, ચંદન, કસ્તુરી પ્રમુખ શરીરના વિલેપન વગેરેને સંપાદન કરવારૂપ પિતાના શરીરની સેવા, મનની પ્રીતિના ઉત્કૃષ્ટરૂપ વિનયથી કરે, પરંતુ બીજાના આગ્રહને લઈ અવજ્ઞાથી અથવા નોકરો પાસે પિતાની સેવા કરાવે નહીં. આ પ્રમાણે કાયા સંબંધી પિતાની ઉચિત આચરણા જાણવી. વચનસંબંધી ઉચિતઆચરણા તો પિતાના મુખથી નીકળતા પહેલાં અર્થાત્ બોલાતા આદેશરૂપ વચનને આદરપૂર્વક અંગીકાર કરે. પરંતુ અવજ્ઞા કરે નહીં.

હવે પિતાની મન સંબંધી ઉચિત આચરણા કહે છે–

સર્વ પ્રકારના પ્રયત્નથી સર્વ કાર્યોની અંદર પિતાના ચિત્તને અનુસરે તથા બુદ્ધિના ગુણોનો નિર્વાહ કરે અને નિયમના સદ્ભાવને પ્રકાશ કરે. ૧.

તથા પિતાને પૂછીને કરવા યોગ્ય કાર્યોની અંદર પ્રવૃત્તિ કરે, પિતાએ નિષેધ કરેલા કાર્યને કરતો અટકી જાય. કાર્યમાં ભૂલ થતાં કઠોર વચનો કહેવામાં આવે તો પણ વિનયનો લોપ કરે નહીં. ૧.

વળી તે પિતાને ધર્મ સંબંધી થયેલા મનોરથોને વિશેષપણે પરિપૂર્ણ કરે. ઈત્યાદિ પિતાનું ઉચિત આચરણ જેમ કરવાનું છે, તેમજ માતાનું પણ ઉચિત આચરણ કરવું. ૨.

તે પિતાને ધર્મ સંબંધી એટલે દેવની પૂજા, ગુરુની સુશ્રૂષા, ધર્મનું શ્રવણ, વિરતિ તથા આવશ્યક પ્રતિક્રમણનો અંગીકાર, સાત ક્ષેત્રમાં દ્રવ્યનો વ્યય અને તીર્થયાત્રા વગેરે ધર્મ સંબંધી મનોરથોને વિશેષપણે આદર સહિત પરિપૂર્ણ કરે. આ લોકમાં હરિષેણ, મહાપદ્મ વગેરે ચક્રવર્તીની જેમ લોકમાં ગુરુ સમાન પોતાના માતા પિતાને વિષે ઉચિત આચરણા કરવી તે ઉત્તમ સંતાનોનું કર્તવ્ય છે. કારણ કે અત્યંત દુઃખે કરીને જેમના ઉપકારનો બદલો ન આપી શકાય તેવા માતા પિતાને અરિહંતના ધર્મમાં સારી રીતે જોડવા

સિવાય તેમના ઉપકારનો બદલો વાળવાનો બીજો ઉપાય નથી. તેને માટે શ્રી જિનાગમમાં કહેલું છે કે—तिण्हं दुप्पडियारं समणाऊसो इत्यादि—આ પાઠનું સવિસ્તર વર્ણન પ્રથમ અમે નવમા ગુણમાં કરેલ છે. ત્યાંથી જાણી લેવું.

જેવી રીતે પિતા સંબંધી ઉચિત આચરણ બતાવ્યું છે, તેવી જ રીતે માતા સંબંધી પણ તે સઘળું ઉચિત આચરણ જાણી લેવું. પરંતુ પિતા કરતાં માતામાં જે વિશેષ કરવાનું છે તે કહે છે—

नवरं से सविसेसं पयडइ, भावाणुवित्तिमप्पडिमं ।
इत्थीसहावसुलहं, पराभवं वहइ न हु जेणं ॥

**व्याख्या—नवरं 'से' तस्याः पितुरपि सकाशादप्रतिमां भावानुवृत्तिं चित्तानुकूलतां प्रकटयति । अत्र हेतुमाह येन स्त्रीस्वभावसुलभं पराभवं न वहति जननी । अथ सहोदरौचित्यमाह—**

પિતાથી વિશેષ એટલું છે કે, માતાની અસદૃશ ચિત્તની અનુકૂળતાને વિશેષપણે પ્રગટ કરે અર્થાત્ માતાની ઈચ્છાનુસાર વર્તન કરે. કારણ કે સ્ત્રીઓના સ્વભાવને સુલભ એવા પરાભવને જનની વહન કરી શકતી નથી, એ હેતુથી માતાનું મન કોઈ પ્રકારે ખેદયુક્ત ન થાય તેવી રીતે વર્તન કરે.

હવે સહોદર સંબંધી ઉચિત આચરણ કહે છે—

उचियं एयं तु सहोदरंमि जं नियइ अप्परसमेयं ।
जिट्ठं व कणिट्ठं, पिहु बहु मन्नइ सव्वकज्जेसु ॥

दंसइ न पुढो भावं, सब्भावं कहइ पुच्छइ य तस्स ।
ववहारंमि पयट्टइ, न निगूहइ थोवमवि दविणं ॥

**इदं तावत्सुविनीतभ्रातृगोचरमौचित्यम्, अथ कदाचित्कुशीलषिङ्गादिसंसर्गादविनीतोऽपि स्यादतस्तत्र यद्विधेयं तदाह—**

अविणीयं अणुयत्तइ, मित्तेहिं तो रहो उवालंभइ ।
सयणजणाओ सिक्खं, दावइ अन्नोवएसेणं ॥
हियए ससिणेहो वि हु, पयडइ कुवियं च तस्स अप्पाणं ।
पडिवन्नविणयमग्गं, आलवइ अच्छम्मपिम्मपरो ॥
तप्पणइणिपुत्ताइसु, सम्मदिट्ठी होइ दाणसम्माणे ।
सोवक्कमिओ इत्तो, सविसेसं कुणइ सव्वंपि ॥

સહોદરને વિષે ઉચિત આચરણ આ પ્રમાણે છે—પોતાના સહોદર ભાઈને પોતાના સમાન જુએ અને સર્વ કાર્યોમાં જ્યેષ્ઠ બંધુ હોય અથવા તો કનિષ્ટ બંધુ હોય તો પણ બહુમાન કરે. ૧.

જુદાઈ દર્શાવે નહીં. અર્થાત્ અભિપ્રાયને જણાવે. સહોદરને યથાર્થ અભિપ્રાય પૂછે, વ્યવહારમાં પ્રવૃત્તિ કરાવે અને સહોદરથી થોડું પણ દ્રવ્ય છુપાવે નહીં. ૨.

આ ઉચિત આચરણ વિનીત સહોદર સંબંધી છે. વળી કદાચિત્ સહોદર ખરાબ આચરણવાળા અને જાર પુરુષો વગેરેના સંસર્ગથી અવિનીત પણ થાય, આવા કારણથી તે કાર્યમાં શું કરવું જોઈએ, તે બતાવે છે–

અવિનીત સહોદરને અનુકૂળ વર્તન કરે, તેના મિત્રો પાસે એકાંતમાં ઠપકો અપાવે અને સ્વજન વર્ગો પાસે બીજાના વ્યપદેશથી શિખામણ અપાવે. ૧.

પોતે હૃદયમાં સ્નેહ-યુક્ત હોય તો પણ તે અવિનીત સહોદરની ઉપર કુપિત થયેલાની જેમ પોતાના આત્માને પ્રગટ કરે અને તે જ્યારે વિનયમાર્ગને અંગીકાર કરે, ત્યારે કપટ રહિત સ્નેહ પૂર્વક તેને બોલાવે. તેની ભાર્યા અને પુત્રાદિકને વિષે દાન તથા સન્માન કરવામાં સમાન દૃષ્ટિ થાય. ૨-૩.

भ्रातृगतमौचित्यं निगमयन् । प्रणयिनीगतमाह–

इय भायगयं उचियं, पणइणिविसयंपि किंपि जंपेमो ।
सप्पणयवयणसम्माणणेण तं अभिमुहं कुणइ ॥१॥

सुस्सूसाइ पयट्टइ, वत्थाभरणाइसमुच्चियं देइ ।
नाडयपिच्छणयाइसु, जणसम्मद्देसु वारेइ ॥३॥

रुंभइ रयणिपयारं, कुसीलपासंडिसंगमवणेइ ।
गिहकज्जेसु निओयइ, न विओयइ अप्पणा सद्धिं ॥४॥

रजनिप्रचारं नृपतिपथपरगृहगमनादिरूपं न तु धर्मावश्यकादिप्रवृत्तिनिमित्तं जननीभगिन्यादिसुशीलवनितावृन्दमध्यगतायाः, तथा गृहकृत्येषु दानस्वजनसन्मान-रसवतीप्रयोगादिषु नियमादेनां नियुङ्क्ते, अनियुक्ता ह्युदास्ते । उदासीनायां च गृहिण्यां सीदन्त्येव गृहकृत्यानि । तथा–

अवमाणं न पयंपइ, खलिए सिक्खेइ कुवियमणुणेइ ।
धणहाणिवुड्ढिघरमंतवइयरं पयडइ न तीसे ॥५॥

तथा–

सुकुलग्गयाहिं परिणयवयाहिं निच्छम्मधम्मनिरयाहिं ।
सयणरमणीहिं पीइं, पाउणइ समाणधम्माहिं ॥६॥

बन्धुसधर्मिणीभिः सहैनां प्रीतिं प्रापयति, किम्भूताभिः ? सुकुलोद्गताभिः, अकुलीनसंसर्गो हि कुलस्त्रीणां मूलबीजमपवादद्रोः, पुनः किम्भूताभिः ? समान-धर्माभिरेकगुरूपदिष्टशुद्धसामाचारीरताभिः । तथा–

रोगाइसु नोविक्खइ, सुसहाओ होइ धम्मकज्जेसु ।
एमाइपणइणिगयं, उचियं पाएण पुरिसस्स ॥

ભ્રાતૃ સંબંધી ઉચિત આચરણને સમાપ્તિ કરી પત્ની સંબંધી ઉચિત આચરણ કહે છે. ઉપર જણાવ્યા પ્રમાણે ભ્રાતૃ સંબંધી ઉચિત આચરણ કહીને કાંઈક પત્ની સંબંધી ઉચિત આચરણ કહું છું. સ્નેહ સહિત વચનથી સન્માન કરી તેણીને સન્મુખ કરે. ૧.

તથા તે સ્ત્રીને શુશ્રૂષાદિકમાં પ્રવૃત્તિ કરાવે, વસ્ત્ર તથા આભરણ વગેરેને યોગ્યતા પ્રમાણે આપે અને જ્યાં લોકની ભીડ હોય એવા નાટક જોવા વગરે સ્થાનોમાં જવાનો નિષેધ કરે. ૨.

રાત્રિમાં ઘરથી બહાર ફરવાનો પ્રચાર અટકાવે, ખરાબ શીલવાળા અને પાખંડી લોકોના સંસર્ગથી દૂર રાખે, ઘરના કાર્યોમાં જોડી દે અને પોતાનાથી જુદી પાડે નહીં. ૩.

"રાજમાર્ગે અથવા બીજાને ઘેર ગમનાગમનાદિક કરવારૂપ રાત્રિના પ્રચારને અટકાવે, પરંતુ ધર્મ તથા પ્રતિક્રમણ વગેરેની પ્રવૃત્તિના નિમિત્તે માતા, બહેન વગેરે સારા શીલવાળી સ્ત્રીઓના સમૂહની અંદર પ્રાપ્ત થયેલી હોય તો અટકાવ કરે નહીં. તથા દાન, સ્વજનનો સત્કાર અને રસોઈ વગેરેનો પ્રયોગ કરવારૂપ ઘરકાર્યોમાં સ્ત્રીને અવશ્ય જોડી દે. જો ગૃહકાર્યમાં સ્ત્રીને જોડવામાં ન આવે તો ઉદાસ રહે અને સ્ત્રી ઉદાસ રહે તો ઘર સંબંધી કાર્યનો બગાડ થાય છે. તથા સ્ત્રીનું અપમાન થાય તેમ બોલાવે નહીં. કોઈ કાર્યમાં સ્ખલના થાય તો શિક્ષા કરે, કુપિત થઈ હોય તો મનાવે અને દ્રવ્યની હાનિ કે વૃદ્ધિ થઈ હોય તે તથા ઘરસંબંધી ગુપ્ત વ્યતિકર તેની પાસે પ્રગટ કરે નહીં."

વળી સારા કુળમાં ઉત્પન્ન થયેલી, પરિણત વયવાળી, નિષ્કપટ, ધર્મમાં તત્પર રહેનારી અને સમાન ધર્મવાળી એવી સ્વજનની સ્ત્રીઓની સાથે પ્રીતિ કરાવે.

સારા કુળની સ્ત્રીઓનો હીનકુળની સ્ત્રીઓ સાથે સંસર્ગ થવો તે ખરેખર અપવાદરૂપ વૃક્ષનું મૂળ કારણ છે, તેથી ઉચિત આચરણ સેવનાર ધર્માર્થી પુરુષ સારા કુળમાં ઉત્પન્ન થયેલી, એક ગુરુએ ઉપદેશ કરેલી શુદ્ધ સામાચારીમાં આસક્ત એવી સમાન ધર્મવાળી અને બંધુઓની સ્ત્રીઓની સાથે પોતાની ભાર્યાની પ્રીતિ કરાવે.

વળી રોગાદિકમાં તેણીની ઉપેક્ષા કરે નહીં, અને તેણીના ધર્મકાર્યોને વિષે પોતે સારી રીતે સહાય કરવાવાળો થાય. ઈત્યાદિ પ્રાયે કરી પુરુષનું પત્ની સંબંધી ઉચિત આચરણ જાણવું. ૧.

अथ पुत्रोचितमाह—

पुत्तं पइ पुण उचियं, पिउणो लालेइ बालभावंमि ।
उम्मीलियबुद्धिगुणं, कलासु कुशलं कुणइ कमसो ॥

गुरुदेवधम्मसुहिसयणपरिचयं कारवेइ निच्चंपि ।
उत्तमलोएहिं समं, मित्तीभावं रयावेइ ॥

गुरवो धर्माचार्याः, देवधर्मौ यथास्थितस्वरूपौ, सुहृदः प्रियहितोपदेशिनः, स्वजना पितृव्यमातुलादयः, एतैः समं परिचयं कारयति । एवं कृते एतेऽस्माकं देवगुर्वादय इति सद्वासनावासितो भवति । कुलजातिवृत्तादिभिरुत्तमैर्लोकैः सह मैत्रीं कारयति । यद्यपि कदाचिदुत्तममैत्र्यर्थादिप्राप्तिर्न स्यात्तथाऽपि अनर्थपरिहारः स्यादेव । तथा–

गिण्हावेइ य पाणिं, समाणकुलजम्मरूवकन्नाणं ।
गिहभारंमि निजुंजइ, पहुत्तणं वियरइ कमेण ॥

समानान्वययथोक्तवयोरूपावयवकन्यापाणिग्रहणे चित्तरतिसम्भावता, अननुगुणयोगे हि गृहवासस्य विडम्बनारूपत्वात् । गृहभारे क्रयविक्रयाऽऽयव्ययविनियोगलक्षणे योग्यतां ज्ञात्वा नियुङ्क्ते, निरन्तरतच्चिन्ताचान्तचित्ततया स्वाच्छन्द्योन्मादाद्ययोगेन यथोचितव्ययादि विधत्ते । क्रमान्न्यक्कृताहङ्कारादिदोषाय चास्मै प्रभुत्वं दत्ते । यथाऽसौ स्वसमानमानवेभ्यः पराभवं न लभते । तथा–

पच्चक्खं न पसंसइ, वसणोवहयाण कहइ दुरवत्थं ।
आयं वयमवसेसं च, सोहए सयमिमाहिंतो ॥

पूर्वकृतसुकृतोदयादात्मनः समगुणमधिकगुणं वा प्रत्यक्षमेव न श्लाघते । तथा सप्तव्यसनोपहतानां निर्द्धनत्वन्यक्कारताडनादिदुरवस्थां साभिप्रायमस्मै कथयति, व्ययायावशेषाणां शोधनं विधत्तेऽस्मात्स्वयमेव ।

दंसेइ नरिंदसभं, देसंतरभावपयडणं कुणइ ।
इच्चाइ अवच्चगयं, उचियं पिउणो मुणेयव्वं ॥

હવે પુત્ર સંબધી ઉચિત આચરણ બતાવે છે–

પુત્ર પ્રત્યે પિતાનું ઉચિત આચરણ એ છે કે, બાલ્યાવસ્થામાં પુત્રનું લાલન-પાલન કરે. જ્યારે બુદ્ધિનો ગુણ પ્રગટ થાય ત્યારે પુત્રને અનુક્રમે કળાઓમાં નિપુણ બનાવે. તેમજ હમેશાં દેવ, ગુરુ, ધર્મ, મિત્ર અને સ્વજન વર્ગની સાથે પરિચય કરાવે અને ઉત્તમ પુરુષોની સાથે મૈત્રીભાવ કરાવે.

"ગુરુઓ એટલે ધર્માચાર્યો, યથાર્થ સ્વરૂપવાળા દેવ તથા ધર્મો, પ્રિય અને હિતોપદેશ આપનારા મિત્રો, અને પિતરાઈ તથા મામા વગેરેની સાથે પુત્રનો પરિચય કરાવે. એવી રીતે પરિચય કરાવે છતે આ અમારા દેવ-ગુરુઓ વગેરે છે એવા પ્રકારની

સારી વાસનાથી વાસિત થાય છે, તેથી પુત્રની સાથે ઉચિત આચરણ કરનાર પિતાએ દેવ, ગુરુ, ધર્મ, સ્વજન વગેરેની સાથે પરિચય કરાવવો તે ઉચિત છે. તથા કુલ જાતિ અને વર્તનથી ઉત્તમ એવા લોકોની સાથે પુત્રને મિત્રતા કરાવે." જો કદી ઉત્તમ પુરુષોની મિત્રતાથી દ્રવ્યની પ્રાપ્તિ ન થાય તો પણ અનર્થનો પરિહાર તો અવશ્ય થાય.

વળી સમાન કુળમાં જન્મેલી રૂપવતી કન્યાની સાથે પાણિગ્રહણ કરાવે. ઘર સંબંધી કાર્યભારમાં નિયુક્ત કરે અને અનુક્રમે ઘરનું સ્વામીપણું અર્પણ કરે.

"સરખા વંશની, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે યોગ્ય વયવાળી અને સુંદર શરીરના અવયવવાળી કન્યાનું પાણિગ્રહણ કરાવવામાં આવ્યું હોય તો ચિત્તમાં રતિ-પ્રીતિ થવાનો સંભવ છે અને જો વિપરીત ગુણવાળી કન્યાની સાથે સંબંધ કરવામાં આવે તો ગૃહવાસ વિડંબનારૂપ થાય છે. તેથી યોગ્ય કન્યા સાથે પાણિગ્રહણ કરાવવું ઉચિત છે.

તથા ખરીદ, વેચાણ, આવક અને ખર્ચના ઉપયોગરૂપ લક્ષણવાળા ઘરના બોજાને ઉપાડવાની યોગ્યતાને જાણીને તેને ઘર કાર્યમાં નિયુક્ત કરે. તેમ કરવાથી હંમેશાં તે કાર્યો કરવાની ચિંતાથી વ્યગ્ર ચિત્તવાળો હોવાથી તથા પોતામાં સ્વાતંત્ર્ય-પણાના અને ઉન્માદ વગેરેના અભાવથી તે યોગ્યતા પ્રમાણે ખર્ચ વગેરે કરે છે. પછી અનુક્રમે અહંકાર વગેરે દોષોનો તિરસ્કાર કરનાર તે પુત્રને ગૃહસ્વામિત્વ અર્પણ કરે. જેથી તે પોતાના સમાન મનુષ્યોથી પરાભવને પામે નહીં."

વળી પ્રત્યક્ષમાં તેની પ્રશંસા કરે નહીં. દુર્વ્યસનોથી નાશ થયેલાની દુર્દશા કહી સંભળાવે અને આવક અને ખર્ચમાંથી બાકી રહેલા દ્રવ્યની પોતે જ તપાસ કરે.

"પૂર્વભવમાં કરેલા સુકૃત-પુણ્યના ઉદયથી પોતાની સમાન ગુણવાળા અથવા અધિક ગુણવાળા તે પુત્રની પ્રશંસા તેની પ્રત્યક્ષમાં કરે નહીં તથા દુર્વ્યસનોથી નાશ થયેલાનું નિર્ધનપણું તિરસ્કાર અને તાડના વગેરે દુર્દશાને અભિપ્રાય પૂર્વક પુત્રને કહી સંભળાવે, જેથી તેવા પ્રકારના દુર્વ્યસનોમાં પ્રવૃત્તિ કરે નહીં. તથા ખરચ અને આવકમાંથી બાકી રહેલા દ્રવ્યની પોતે જ તપાસ રાખે, જેથી પુત્રને આડા માર્ગે જવાનો અવકાશ મળે નહિ, તથા પુત્રને રાજાની સભા દેખાડે અને દેશાંતરની અવસ્થાઓને પ્રગટ કરે. ઇત્યાદિ પિતાનું પુત્ર પ્રત્યેનું ઉચિત આચરણ જાણવું."

**स्वजनौचित्यमाह—**

**सयणाण समुचियमिणं, जं ते नियगेहवुड्डिकज्जेसु ।**
**सम्माणिज्ज सयावि हु, करिज्ज हाणीसुवि समीवे ॥**

**पितृमातृपत्नीपक्षोद्भवाः स्वजनाः गृहवृद्धिकार्येषु पुत्रजन्मनामभद्राकरणोद्वाहादिषु भोजनवस्त्रताम्बूलादिभिः सम्माननम् ।**

**सयमवितेसिं वसणूसवेसु, होयव्वमंतियंमि सया ।**
**खीणविहवाण रोगाउराण कायव्वमुद्धरणं ॥**

**खाइज्ज पिट्ठिमंसं न, तेसिं कुज्जा न सुक्ककलहं च ।**
**तदमित्तेहिं मित्तिं, न करिज्ज करिज्ज मित्तेहिं ॥**

**तयभावे तग्गेहे, न वइज्ज चइज्ज अत्थसंबंधं ।**
**गुरुदेवधम्मकज्जेसु, एगचित्तेहिं होयव्वं ॥**

હવે સ્વજન સંબંધી ઉચિત આચરણ કહે છે. "સ્વજન સંબંધી ઉચિત આચરણ એ છે કે, પોતાના ઘરની વૃદ્ધિનાં કાર્યોમાં હમેશાં સ્વજનોનું અવશ્ય સન્માન કરે, તેમજ હાનિ સંબંધી કાર્યમાં પણ તેમને સમીપમાં રાખે.

"પિતા, માતા અને પત્નીના પક્ષમાં ઉત્પન્ન થયેલા સ્વજનોને પુત્રના જન્મ-મહોત્સવ વખતે, તેનું નામ પાડતી વખતે, પુત્રના વાળ ઉતારતી વખતે અને વિવાહાદિરૂપ ઘરની વૃદ્ધિના કાર્યોમાં ભોજન, વસ્ત્ર અને તાંબૂલાદિક શુભ વસ્તુઓથી સત્કાર કરે. તેમજ પોતાના કુટુંબમાં મરણ થયું હોય તેવા કાર્યોમાં અને ઉત્તરક્રિયા વગેરે હાનિજનક કાર્યોમાં પણ તેમને સાથે રાખી કાર્ય કરે. તથા પોતાને પણ સ્વજનોના કષ્ટ તથા મહોત્સવ વગેરે કાર્યોમાં હંમેશાં તેમની સમીપમાં રહેવું, તેમજ નિર્ધન થઈ ગયેલા અને રોગોથી આકુળવ્યાકુળ થયેલા સ્વજનોનો ઉદ્ધાર કરવો.

તેમની પુંઠ પછવાડે ચાડી ખાવી નહીં, તેમની સાથે શુષ્ક ક્લેશ કરવો નહીં, તેમના શત્રુઓની સાથે મૈત્રી કરવી નહિં અને તેમના મિત્રોની સાથે મૈત્રી કરવી. તે ઘરમાં ન હોય ત્યારે તેમના ઘરમાં જાય નહિં, દ્રવ્ય સંબંધી સંસર્ગનો ત્યાગ કરે અને ગુરુ, દેવ તથા ધર્મ સંબંધી કાર્યોમાં તેમની સાથે એક ચિત્તવાળા થવું."

**स्वजनोचितं निगमयन् धर्माचार्यौचित्यमाह–**

સ્વજન સંબંધી ઉચિત આચરણ સમાપ્ત કરી ધર્માચાર્ય સંબંધી ઉચિત આચરણ કહે છે–

**एमाइसयणोचियमह, धम्मायरियसमुचियं भणिमो ।**
**भत्तिबहुमाणपुव्वं, तेसिं तिसंज्झं पणिवाओ ॥**

**तद्दंसियनीईए, आवस्सयपमुहकिच्चकरणं च ।**
**धम्मोवएससवणं, तदंतिए सुद्धसद्धाए ॥**

**आएसं बहु मन्नइ, इमेसि मणसावि कुणइ नावन्नं ।**
**रुंभइ अवन्नवायं, थुइवायं पयडइ सयावि ॥**

**न हवइ छिद्दप्पेही, सुहि व्व अणुयव्वए सुहदुहेसु ।**
**पडिणीयपच्चवायं, सव्वपयत्तेण वारेइ ॥ तथा–**

खलियंमि चोइओ, गुरुजणेण मन्नइ तहत्ति सव्वंपि ।
चोएइ गुरुजणंपि हु, पमायखलिएसु एगंते ॥
कुणइ विणओवयारं, भत्तीए समयसमुचियं सव्वं ।
गाढं गुणाणुरायं, निम्मायं वहइ हिययंमि ॥
भावोवयारमेसिं, देसंतरिओवि सुमरइ सयावि ।
इय एवमाइ गुरुजणसमुचियमुचियं मुणेयव्वं ॥

ઉપર જણાવ્યા પ્રમાણે સ્વજન પ્રત્યે ઉચિત આચરણ કહ્યું. હવે ધર્માચાર્ય સંબંધી ઉચિત આચરણ કહીએ છીએ. "ધર્માચાર્યોને ભક્તિ અને બહુમાન પૂર્વક ત્રિકાળ પ્રણામ કરે. ૧.

તેમણે દર્શાવેલી નીતિથી આવશ્યક પ્રમુખ કાર્યો કરે અને તેમની પાસે શુદ્ધ શ્રદ્ધાથી ધર્મોપદેશ શ્રવણ કરે. ૨.

તેમના આદેશને બહુમાન આપે, મનથી પણ તેમનો અવર્ણવાદ ચિંતવે નહિં. તેમના અવર્ણવાદ બોલનારને અટકાવે અને હંમેશાં તેમની સ્તુતિને પ્રગટ કરે. ૩.

તેમના છિદ્રો જુવે નહિ, તેમના સુખ દુઃખમાં મિત્રની જેમ પ્રવૃત્તિ કરે, અને તેમના વિરોધિઓના વિઘ્નને સર્વ પ્રકારના પ્રયત્નથી દૂર કરે. ૪.

વળી ધર્મકાર્યમાં સ્ખલિત થતાં ધર્માચાર્ય પ્રેરણા કરે તો તે સર્વ તહત્તિ કહી માન્ય કરે, પ્રમાદથી સ્ખલિત થયેલા પોતાના ધર્માચાર્યને પણ એકાંતમાં પ્રેરણા કરે. ૧.

સમયને યોગ્ય તેમનો ભક્તિથી સર્વ વિનયોપચાર કરે. ધર્માચાર્યના ગુણાનુરાગને અત્યંત નિષ્કપટપણે પોતાના હૃદયમાં ધારણ કરે. ૨.

તે ધર્માચાર્ય દેશાંતરમાં હોય તો પણ તેમના ભાવોપચારને હમેશાં યાદ કરે. ઈત્યાદિક ધર્માચાર્ય સંબંધી ઉચિત આચરણ જાણવું." ૩.

नागरनिरुक्तपूर्वं तदौचित्यमाह-

નાગર શબ્દની વ્યુત્પત્તિ પૂર્વક તેનું ઉચિત આચરણ કહે છે.

जत्थ सयं निवसिज्जइ, नयरे तत्थेव जे किर वसंति ।
ससमाणवित्तिणो, ते नायरया नाम वुच्चंति ॥

स्पष्टा केवलं स्वसमानवृत्तयो वणिग्वृत्तिजीविन इति ।

समुचियमिणमो, तेसिं तमेगचित्तेहिं समसुहदुहेहिं ।
वसणूसवतुल्लसमागमेहिं निच्चंपि होयव्वं ॥

एकचित्तैरभिन्नाभिप्रायैः सुखदुःखव्यवसनोत्सवादिषु तुल्यक्रियैश्च भाव्यम् । एकचित्ततादिव्यतिरेके नृपनियोगिभ्यो निरन्तरपरिभसम्भवात् ।

कायव्वं कज्जे वि हु, न इक्कमिक्केण दंसणं पहुणो ।
कज्जो न मंतभेओ, पेसुन्नं परिहेरयव्वं ॥

**पृथक् पृथक् महत्वप्रभुत्वाद्यभिलाषेणैकैकशो नृपस्य दर्शनं न कार्यम्, तथा कृते हि तदितरेषां द्वेषाप्रत्ययाद्युत्पत्तेः ।**

**बहुस्वामिकं च वृन्दमवसीदत्येव । यतः—**

જે નગરમાં પોતે વસતો હોય તેજ નગરમાં સમાન વૃત્તિવાળા જે પુરુષો વસે છે તે નગરજનોને **નાગર** કહે છે.

આ ગાથાની વ્યાખ્યા સ્પષ્ટ છે. કેવળ વ્યાપાર વૃત્તિથી જીવનાર હોય તેને સ્વસમાન વૃત્તિવાળો કહે છે.

તે નાગરિકનું ઉચિત આચરણ એ છે કે, "તેમના તરફ હમેશાં એક ચિત્તવાળા સમાન સુખ-દુઃખવાળા અને વ્યસન તથા મહોત્સવમાં સમાન સમાગમવાળા થવું.

"ચિત્તના એક સરખા અભિપ્રાયથી સુખ, દુઃખ, વ્યસન અને મહોત્સવ વગેરેને વિષે તુલ્ય ક્રિયાવાળા થવું. જો નાગરિકો એક સરખા અભિપ્રાયવાળા ન હોય તો રાજા અને નોકરોથી હમેશાં પરાભવ થવાનો સંભવ છે.

સામુદાયિક કાર્યમાં પણ રાજાનું દર્શન એકલા એકલા જઈ કરવું નહિ. એકાંતમાં મશલત કરવારૂપ મંત્ર તેનો ભેદ કરવો નહિ અને પૈશુન્ય (ચાડીયા) પણું છોડી દેવું.

"જુદી જુદી મહત્તા અને પ્રભુતા વગેરે મેળવવાની અભિલાષાથી એકલા એકલા જઈ રાજાનું દર્શન કરવું નહિ, તેમ કરવાથી ખરેખર બીજાઓને દ્વેષ અને અવિશ્વાસ વગેરે ઉત્પન્ન થવાનો સંભવ છે. કારણ જે ઘણા સ્વામિવાળો સમુદાય હોય તે અવશ્ય સિદાય છે. કહ્યું છે કે :-

**सर्वे यत्र विनेतारः सर्वे पण्डितमानिनः ।**
**सर्वे महत्त्वमिच्छन्ति, तद्वृन्दमवसीदति ॥** (કલ્પસૂત્ર ક્ષણ-૩)

**જે સમુદાયમાં સઘળા નાયક હોય, સઘળા પોતાને પંડિત માનનારા હોય, અને સઘળા મહત્તાને ઇચ્છનારા હોય તે સમુદાય સીદાય છે. અર્થાત્ નાશ પામે છે.**

**परस्परमन्त्रभेदपैशून्यलञ्चाप्रदानादि न विधेयम् । अन्यच्च—**

समुवट्ठिए विवाए, तुलासमाणेहिं चेव होयव्वं ।
कारणसाविक्खेहिं, विहुणेयव्वो न नयमग्गो ॥

**विवादे धनधान्यभूम्यादिविषये पक्षद्वयस्य विसंवादे उपस्थिते मध्यस्थैर्भाव्यम् । स्वजनसम्बन्धिलञ्चोपचारादिभिर्नयमार्गो न विधूनयितव्यः ।**

बलिएहिं दुब्बलजणो, सुंककराईहिं नाभिभवियव्वो ।
थेवावराहदोसेवि, दंडभूमिं न नेयव्वो ॥

**स्वल्पापराधेऽपि दण्डभूमिनयने शुल्ककराधिक्यकरणे च परस्परं विरोधभवनात् संहतिर्भज्यते, तद्भङ्गे च पराभव एव । उक्तं च–**

વળી આપસ આપસના ગુપ્ત વિચારોનો ભેદ કરવો, ચાડી ખાવી અને કોઈને લાંચરૂસવત આપવી વગેરે કાર્યો કરવાં નહિ. વળી કહ્યું છે કે, જો બે પક્ષમાં ઝગડો ઊભો થયો હોય તો પોતે ત્રાજવાની સમાન મધ્યસ્થ થવું. પરંતુ લાંચરૂસવત વગેરે લઈ સ્વજનની સાપેક્ષતાથી નીતિમાર્ગનું ઉલ્લંઘન કરવું નહિ.

"ધન, ધાન્ય અને ભૂમિ વગેરેના સંબંધમાં બે પક્ષ વચ્ચે ઝગડો ઊભો થયો હોય તો મધ્યસ્થ થવું જોઈએ. પરંતુ સ્વજન સંબંધી લાંચરૂસવતનો ઉપચાર (ભક્તિ) કરવા વગેરેથી નીતિમાર્ગનો ત્યાગ કરવો નહિ.

દાન, કર વગેરે વધારી બળવાન પુરુષે દુર્બલ પુરુષનો પરાભવ કરવો નહિ અને સ્વલ્પ અપરાધમાં ન્યાયની કોર્ટ સુધી લઈ જઈ દંડ કરાવે નહિ.

"સ્વલ્પ અપરાધ છતાં પણ દંડ આપવવામાં અને દાન કે બીજા કરને વધારવામાં પરસ્પર વિરોધ થવાથી સમુદાયનો ભંગ થાય છે. અર્થાત્ સમુદાયમાં ભંગાણ પડી જાય છે, અને જ્યારે સમુદાયમાં ફાટફુટ થાય ત્યારે સમુદાયનો પરાભવ જ થાય છે. તેથી એકવાક્યતા જાળવવા માટે નાગરિકોએ વિચારપૂર્વક દરેક કાર્ય કરવામાં પ્રવૃત્તિ કરવી જોઈએ. જેથી ભવિષ્યમાં પશ્ચાત્તાપ કરવાનો વખત આવે નહિ. કહ્યું છે કે :

**संहतिः श्रेयसी पुंसां, स्वपक्षे तु विशेषतः ।**
**तुषैरपि परिभ्रष्टा, न प्ररोहन्ति तन्दुलाः ॥ तथा**

પુરુષોનો ઐક્યતારૂપ સમુદાય છે તે જ કલ્યાણકારી છે. તેમાં પણ પોતાના પક્ષમાં તો સંહતિ વિશેષપણે શ્રેયષ્કર છે. જેમ ત્વચા (ફોતરા)થી ભ્રષ્ટ થયેલા તંદુલો (ચોખાઓ) અંકુરિત થતા નથી, તેવી જ રીતે સંહતિ-સમુદાયથી ભ્રષ્ટ થયેલા પુરુષો ઉન્નતિને પ્રાપ્ત થતા નથી.

कारणिएहिं पि समं, कायव्वो ता न अत्थसंबंधो ।
किं पुण पहुणा सद्धिं, अप्पहियं अहिलसंतेहिं ॥

**स्वहितैषिभिः श्रीव्ययराजदेवधर्मोपपदकरणनियुक्तैस्तदुपजीविभिश्चान्यैरपि सममर्थसम्बन्धो द्रव्यव्यवहारः कदापि न कार्यः । ते हि ग्रहणावसरे कृत्रिमालापादिभिः प्रसन्नतां दर्शयन्ति । प्रस्तावे च स्वदत्तमपि याचितास्तिलतुषमात्रस्वोपकारं प्रकटयन्त-स्तदेव दाक्षिण्यमुन्मुञ्चन्ति । यतः–**

વળી પોતાના આત્મહિતની અભિલાષા રાખનાર પુરુષોએ કારણિક પુરુષોની સાથે દ્રવ્ય સંબંધી વહીવટ કરવો નહિ તો સ્વામીની સાથે દ્રવ્યનો વહીવટ કેમ થાય ?

"પોતાના હિતને ઈચ્છનાર પુરુષોએ લક્ષ્મી વ્યયના, રાજાના, દેવના અને ધર્મના અધિકારી વર્ગના સાથે તથા તેમનાથી આજીવિકા કરનાર અન્ય પુરુષોની સાથે પણ અર્થ સંબંધી, દ્રવ્ય સંબંધી વહીવટ કદીપણ કરવો નહિ. કારણ કે તે પુરુષો દ્રવ્યને ગ્રહણ કરતી વખતે ખરેખર કૃત્રિમ આલાપ વગેરેથી પ્રસન્નતાને દર્શાવે છે. પરંતુ જ્યારે તે દ્રવ્ય પાછું લેવાનો વખત આવે, ત્યારે પોતાના આવેલા દ્રવ્યની ઉઘરાણી કરાયેલા તે પુરુષો પોતાના તિલના તુષ જેટલા ઉપકારને પ્રગટ કરી તેજ વખતે દાક્ષિણ્યતાનો ત્યાગ કરે છે. તેથી નાગરિકોએ અધિકારી વર્ગની સાથે દ્રવ્ય સંબંધી વહીવટ કરતાં વિચાર કરવો. કારણ કે તેમની સાથે દ્રવ્ય સંબંધી વહીવટ કરવામાં લક્ષ્મીનો વિનાશ અને પરિણામે તેમની સાથે વૈર અને વિરોધ થવાનો પ્રસંગ આવી પડે છે. માટે નાગરિકોએ વિચાર કરી તેમની સાથે વર્તન કરવું. જેથી ભવિષ્યમાં પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ આવે નહિ. કહ્યું છે કે :-

**द्विजन्मनः क्षमा मातुर्द्वेषः प्रीतिः पणस्त्रियः ।**
**नियोगिनश्च दाक्षिण्यमरिष्टानां चतुष्टयम् ॥**

**विशेषतस्तु प्रभुणा सार्द्धं नागरौचित्यं निगमयन् परतीर्थिकविषयमाह-**

**બ્રાહ્મણોની સાથે ક્ષમા, માતાની સાથે દ્વેષ, વેશ્યાની સાથે પ્રીતિ અને અધિકારી વર્ગની સાથે દાક્ષિણ્યતા રાખવી એ ચાર અશુભનાં કારણ છે.**

વળી પ્રભુની સાથે તો વિશેષપણે દ્રવ્ય સંબંધી લેવડદેવડ કરવી જ નહીં. કારણ કે તેમની સત્તા નીચે રહી દ્રવ્ય પાછું મેળવવું તો દૂર રહ્યું પરંતુ પોતાના જાનમાલનો પણ નાશ થવાનો વખત આવે છે તેથી નાગરિકોએ દ્રવ્ય વ્યવહારમાં વિચાર પૂર્વક પ્રવર્તન કરવું જોઈએ.

**एवं परुप्परं नायराण, पाएण समुचियाचरणं ।**
**परतित्थियाण समुचियमह किंपि भणामि लेसेण ॥**

**परतीर्थिकान्नामत आह-**

**सुगयभयवंतसइवा, पत्तेयं ताव चउ चउ पभेया ।**
**मीमंसको दुभेओ, काविलकोला य दंसणिणो ॥**

**एतेषां विधेयमाह-**

**एएसि तित्थियाणं, भिक्खट्ठमुवट्ठियाण नियगेहे ।**
**कायव्वमुचियकिच्चं, विसेसओ रायमहियाणं ॥**

**अथ किमर्थममीषामसंयतानामेवं क्रियत इति चेत्तदाह-**

**जइवि न मणंसि भत्ती, न पक्खवाओ य तग्गयगुणेसु ।**
**उचियं गिहागएसुंति, तहवि धम्मो गिहीण इमो ॥**

न चायमेकदर्शनानुगत एव व्यवहारः, किं तु सर्वसंमत इत्याह–

गेहागयाणमुचियं, वसणावडियाण तह समुद्धरणं ।
दुहियाण दया एसो, सव्वेसिं सम्मओ धम्मो ॥

**गेहागतानां पुरुषमपेक्ष्य मधुरालापनासननिमन्त्रणकार्यानुयोगतन्निर्माणादिकमुचिताचरणं शेषं स्पष्टम् ।**

ઉપર જણાવ્યા પ્રમાણે નાગરિક પ્રત્યેના ઉચિત આચરણને સમાપ્ત કરતાં પરતીર્થિક સંબંધી ઉચિત આચરણ કહે છે.

તેમાં પ્રથમ પરતીર્થિકોને નામમાત્રથી ઓળખાવે છે. બૌદ્ધ, વૈષ્ણવ અને શૈવ એ દરેકના ચાર ચાર ભેદો છે અને કપિલ મતાવલંબી તથા કૌલમતાવલંબી (વામી)ની અપેક્ષાએ મીમાંસકના બે ભેદો છે. હવે ઉપરોક્ત પરતીર્થિઓ પ્રત્યેનું કર્તવ્ય કહે છે. ઉપર જણાવેલા પરતીર્થિઓ પોતાને ઘેર ભિક્ષા નિમિત્તે પ્રાપ્ત થયા હોય તો તેમનું ઉચિત કાર્ય કરવું. તેમાં પણ રાજાના પૂજનિકોનું તો વિશેષપણે ઉચિત આચરણ કરવું.

અહીં કોઈ શંકા કરે કે અસંયતી એવા પરતીર્થિઓનું ઉચિત આચરણ શા માટે કરવું જોઈએ ? એવી શંકાના સમાધાનમાં ગ્રંથકાર કહે છે કે યદ્યપિ ચિત્તમાં ભક્તિ ન હોય, તેમનામાં રહેલા ગુણોની અંદર પક્ષપાત ન હોય તો પણ પોતાને ઘેર આવેલા પરતીર્થિઓનું ઉચિત આચરણ કરવું એ ગૃહસ્થોનો ધર્મ છે.

આ વ્યવહાર એક દર્શનવાળાએ જ અનુસરેલો છે. એમ નહીં પરંતુ આ વ્યવહાર સર્વદર્શનવાળાને સમ્મત છે એ હેતુથી કહે છે કે ઘેર આવેલા પરતીર્થિઓનું ઉચિત આચરણ કરવું તથા કષ્ટમાં પડેલાઓનો ઉદ્ધાર કરવો અને દુઃખી થયેલા પરતીર્થિઓ ઉપર દયા લાવવી એ ધર્મ સર્વ મતાવલંબીઓને સમ્મત છે.

"પુરુષની અપેક્ષાએ ઘેર આવેલા પરતીર્થિઓને મીઠા વચનથી બોલાવવા, આસન આપવું, આમંત્રણ કરવું અને તેમનું કાર્ય કરી આપવું. વગેરેને ઉચિત આચરણ કહે છે. બાકીનો અર્થ સ્પષ્ટ છે."

चरणफलं व्यनक्ति–

पिइमाईणं समुचियं, पउंजमाणो जहुत्तजुत्तीए ।
पुरिसा पसंतवयणा, जिणधम्महिगारिणो हुंति ॥

**जिनधर्मस्य सम्यक्त्वदेशसर्वविरत्यादेर्योग्या भवन्ति । ये किल लौकिकेऽप्युचिताचरणमात्रे कर्मणि न कर्मठास्ते कथं लोकोत्तरनरमतिसूक्ष्मग्राह्ये च जैने धर्मे प्रवणाः स्युः, तस्मात्सर्वगुणप्राप्तावपि पूर्वमवश्यं धर्मार्थिनोचिताचरणनिपुणेन भाव्यम् । नैसर्गिकी चोत्तमनराणामुचिताचरणप्रवृत्तिरिति दर्शयति–**

मुंचंति न मज्जायं, जलनिहिणो नाचलावि हु चलंति ।
न कयावि उत्तमनरा, उचियाचरणं विलंघंति ॥

**एतदेव दृष्टान्तेन दृढयति–**

**तेणंचिय जगगुरुणो, तित्थयराऽवि हु गिहत्थभावंमि ।**
**अम्मापिऊण उचियं, अब्भुट्ठाणाइ कुव्वंति ॥**

**जगद्‌गुरवोऽपि श्रीतीर्थंकरा यद्येवमौचित्यं चरितवन्तस्तदाऽन्यैः सुतरां तद्विधौ यतितव्यम्। उक्तं च–**

હવે ઉચિત આચરણના ફળને પ્રગટ કરે છે. પૂર્વે જણાવેલી યુક્તિથી પિતા અને માતાનું ઉચિત આચરણ કરનારા અને પ્રસન્ન મુખવાળા પુરુષો જૈન ધર્મના અધિકારી થાય છે. અર્થાત્ સમકિતી, દેશવિરતિ અને સર્વવિરતિરૂપ જૈનધર્મને યોગ્ય થાય છે. જે પુરુષો ઉપર જણાવેલા નવ પ્રકારના લૌકિક એવા પણ ઉચિત આચરણ માત્ર કાર્યને વિષે તત્પર થતા નથી, તે પુરુષો લોકોત્તર પુરુષની તીક્ષ્ણ બુદ્ધિથી ગ્રહણ કરી શકાય, તેવા જૈનધર્મને વિષે કેવી રીતે પ્રવીણ થાય ? તેથી સર્વ ગુણોની પ્રાપ્તિ થયા છતાં પણ પ્રથમ ધર્માર્થી પુરુષે અવશ્ય ઉચિત આચરણ કરવામાં નિપુણ થવું જોઈએ. ઉત્તમ પુરુષોને ઉચિત આચરણની પ્રવૃત્તિ સ્વાભાવિક હોય છે, તે દેખાડે છે. "જેમ સમુદ્રો મર્યાદાનો ત્યાગ કરતા નથી, પર્વતો પોતાના સ્થાનથી ચલાયમાન થતા નથી તેમ ઉત્તમપુરુષો કદીપણ ઉચિત આચરણનું ઉલ્લંઘન કરતા નથી."

તેજ વાતને દૃષ્ટાંતથી દૃઢ કરે છે. જગતના ગુરુ શ્રીતીર્થંકરો પણ ગૃહસ્થાવસ્થામાં પોતાના માતા પિતાનું અભ્યુત્થાનાદિક ઉચિત આચરણ અવશ્ય કરે છે.

"જેને ત્રણ જગતના લોકોની કાંઈપણ પરવા નથી તેવા શ્રીજગદ્‌ગુરુ શ્રીતીર્થંકરોએ પણ જ્યારે ઉપરોક્ત રીતિએ પોતાના માતા પિતા વગેરેનું ઉચિત આચરણ આચરેલું છે, ત્યારે બીજા સામાન્ય પુરુષોએ તો અવશ્ય વિશેષપણે તે ઉચિત આચરણ કરવામાં પ્રયત્ન કરવો જોઈએ. જેથી વિશેષ ધર્મને મેળવવા ભાગ્યશાળી થવાય.

કહ્યું છે કે :-

विद्याः सन्ति चतुर्दशाऽपि सकलाः, खेलन्तु तास्ताः कलाः ।
कामं कामितकामकामसुरभिः, श्रीः सेवतां मन्दिरम् ॥
दोर्दण्डद्वयडम्बरेण तनुतामेकातपत्रां महीं,
न स्यात्कीर्तिपदं तथाऽपि हि पुमानौचित्यचञ्चुर्न चेत् ॥

**ભલે વિદ્યાઓ હોય, તથા સર્વ કલાઓ ક્રીડા કરતી હોય, અત્યંત ઈચ્છિત કામનાને પૂરનારી કામધેનું હોય, નિરંતર લક્ષ્મી મંદિરને સેવતી હોય, અને બે ભુજા દંડના**

આડંબરથી પૃથ્વીને એક છત્ર નીચે વિસ્તારી હોય તો પણ જો પુરુષ ઉચિત આચરણ કરવામાં નિપુણ ન હોય તો તે પુરુષ અવશ્ય કીર્તિના સ્થાનને પ્રાપ્ત કરતો નથી.

**तथा अवसरागतेभ्योऽन्येभ्योऽपि प्रतिपत्तिर्महते फलाय । यथा लोके सालिवाहनप्रबन्धः-**

વળી સમયસર આવેલા અભ્યાગતોની ભક્તિ મોટા ફળને માટે થાય છે. તે ઉપર જેમ લોકોમાં શાલિવાહનનો પ્રબંધ પ્રખ્યાત છે. તેમ ગ્રંથકારશ્રી બતાવે છે.

### दानधर्मे शालिवाहननृप-भिल्लकथा

**प्रतिष्ठानपुरे शालिवाहनो राजाऽश्वापहृतोऽटव्यां पपात, तत्र वटाधःस्थितेन भिल्लेन सह मैत्री, ममाद्यासौ राजाऽभ्यागत इति विचार्य सक्तुदानेन सत्कृतः, रजन्यां महति शीतभरे पतति गृहाभ्यन्तरे विश्रान्तिं कारितः, भिल्लेन बहिः सुप्तं, शीतपीड्या रात्रौ मृतः, तत्पत्नी भिल्ली कर्तिकामादाय हत्यां दास्यामीति राजानं प्राह, राज्ञाऽपि सुवर्णसहस्त्रदशकं दत्वा प्रीणिता भिल्ली, कटकमायातं, राजा पुरं प्राप्तः, राज्यं पालयतो भिल्लमरणं स्मृत्वा चिन्ता जाता, दानस्य फलं नास्तीति इह लोकेऽनर्थस्य सम्भवः ।**

**ततः पण्डिता आकार्य पृष्टाः, दानफलं दर्शयत मे प्रत्यक्षं, नो चेद्भवतां मानवयन्त्रेण विनाशः, राज्ञः प्रत्युत्तरं दातुमसमर्था परस्परं विचारयन्ति, षण्मासी गता, मुख्यपण्डितेन वररुचिना भारती प्रत्यक्षीकृता, पृष्टा च, तुष्टया तयाऽकथि, यदत्र पुरे धनपतिव्यवहारी तस्य मासान्ते सुतो भावी । स तु जातमात्रस्तवाऽऽकारणं करिष्यति, त्वया राज्ञा सह गन्तव्यं, प्रत्यक्षं दानफलं दर्शयिष्यतीति ।**

**तदनु मासान्ते सुतो जातः, स्फुटाक्षरवाचाऽऽकारितो वररुचिः, राज्ञा सह प्राप्तो धनपतिगृहे, तयोरग्रे बालः प्राह, हे महाराज ! यत्तुभ्यं वने भिल्लेन सक्तुदानं कृतं, सोऽहं ९ कोटिसुवर्णस्वामी धनपतेः सुतो जातः, दानफलमिहाप्यस्ति चमत्कृता राजादयो दानपराः जाताः, दीनादौ कृपया देयम् । यतः—**

**इयं मोक्षफले दान, पात्रापात्रविचारणा । दया दानं तु तत्त्वज्ञैः, कुत्रापि न निषिध्यते ॥५४॥**

(પાર્શ્વનાથચરિત્ર પદ્ય સર્ગ-૬)

### દાનધર્મવિષે શાલિવાહનરાજા-ભિલ્લકથા

પ્રતિષ્ઠાનપુરમાં શાલિવાહન નામે રાજા હતો. તે એક વખતે અશ્વથી હરણ કરાયેલો અટવીમાં આવી પડ્યો. તે અટવીમાં એક વડ નીચે બેઠેલા ભિલ્લની સાથે રાજાને મૈત્રી

થઈ. આજે આ રાજા મારો અતિથિ છે, એમ વિચારી ભિલ્લે રાજાને સાથવાનું ભોજન આપી સત્કાર કર્યો. અનુક્રમે રાત્રિમાં ઘણી શીત પડતાં ભિલ્લે રાજાને પોતાના ઘરની અંદર વિશ્રામ કરાવ્યો અને પોતે ઘરની બહાર સુતો. રાત્રિમાં તે ભિલ્લ શીતની અતિ પીડાથી મરણ પામ્યો. તે જોઈ તેની ભાર્યા ભિલડી હાથમાં છરી ગ્રહણ કરી હું તને સ્ત્રીહત્યા આપીશ એમ રાજાને કહ્યું. તે અવસરે રાજાએ પણ દશ હજાર સોનામહોર આપી ભીલડીને ખુશી કરી પછી તેની સેના આવી પહોંચી. તેની સાથે રાજા નગરમાં પહોંચી ગયો. ત્યાં રાજ્યનું પાલન કરતાં રાજાને ભિલ્લનું મૃત્યુ સ્મરણમાં આવવાથી રાજાને ચિંતા થઈ કે 'દાનનું ફળ નથી તો પછી આ લોકમાં અનર્થ થવાનો સંભવ છે.'

પછી રાજાએ પંડિતોને બોલાવીને પૂછ્યું કે તમે મને દાનનું ફળ પ્રત્યક્ષ બતાવો, નહી તો માનવયંત્રથી તમારો નાશ કરવામાં આવશે. તે પંડિતો રાજાને પ્રત્યુત્તર આપવાને અસમર્થ થેયલા આપસ આપસમાં વિચાર કરવા લાગ્યા. એમ વિચાર કરતાં છ માસ થઈ ગયા પછી પંડિતોમાં મુખ્ય એવા વરરુચિ નામના પંડિતે સરસ્વતીને પ્રત્યક્ષ કરી પૂછ્યું. સંતુષ્ટ થયેલી તે દેવીએ કહ્યું કે, 'આ નગરમાં ધનપતિ નામે એક વેપારી છે તેને ઘેર એક માસની અંતે પુત્ર ઉત્પન્ન થશે, તે બાળક જન્મતાની સાથે તને બોલાવશે તે વખતે તારે રાજાને લઈ ત્યાં જવું. તે બાલક દાનનું પ્રત્યક્ષ ફળ બતાવશે.'

તે પછી એક મહીનાની અંતે તે શેઠને ત્યાં પુત્ર થયો, તેણે પ્રગટ અક્ષરવાળી વાણીથી વરરુચિને બોલાવ્યો તે રાજાને સાથે લઈ ધનપતિને ઘેર ગયો તે બન્નેની આગળ બાલક બોલ્યો કે, 'હે મહારાજ ! તમે જય પામો. જે ભિલ્લે વનમાં તમને સાથવાનું દાન આપ્યું હતું, તે હું છું અને નવ ક્રોડ સુવર્ણના સ્વામી ધનપતિનો હું પુત્ર થયો છું તેથી દાનનું ફળ આ લોકમાં પણ છે.' આ વાત સાંભળી રાજા વગેરે ચમત્કાર પામ્યા અને તે દિવસથી રાજા વગેરે લોકો દાન આપવામાં તત્પર થયા.

તથા દીન, અનાથ, દુઃખી વગેરેને વિષે તો દયાથી દાન આપવું જોઈએ તેને માટે કહ્યું છે કે :

**મોક્ષફળના દાનને વિષે પાત્ર તથા અપાત્રની સમાલોચના કરવાની છે, પરંતુ જે દયા દાન છે તેનો કોઈપણ ઠેકાણે તત્ત્વજ્ઞોએ નિષેધ કરેલો નથી.**

**હવે ગ્રંથકારશ્રી ગુણની સમાપ્તિ કરતાં તેનું ફળ દર્શાવે છે–**

**एवं गृहस्थोऽतिथ्यादिप्रतिपत्तिपरायणः ।**
**गृहिधर्मार्हतामात्मन्यारोपयति सन्मतिः ॥९०॥**

**શબ્દાર્થ–ઉપર જણાવ્યા પ્રમાણે અતિથિ વગેરેની પ્રતિપત્તિ કરવામાં તત્પર અને સદ્‌બુદ્ધિ વાળો ગૃહસ્થ પોતાના આત્માને વિષે ગૃહસ્થધર્મની યોગ્યતાનું આરોપણ કરે છે. ૯૦**

**इति एकोनविंशतितमो गुणः ॥**

# ૨૦

# વીસમો ગુણ—મિથ્યાઅભિનિવેશ ત્યાગ

હવે મિથ્યા-અભિનિવેશ અર્થાત્ કદાગ્રહ-ત્યાગ નામનો વીસમો ગુણ વર્ણવે છે—

**तथाऽनभिनिविष्टोऽभिनिवेशरहितः, अभिनिवेशश्च नीतिपथमनाप्तस्यापि पराभिभवपरिणामेन कार्यस्यारम्भः । स च नीचानामेव भवति । यदाह—**

શબ્દાર્થ—જે પુરુષ આગ્રહરહિત હોય તેને અનભિનિવિષ્ટ એટલે અનાગ્રહી કહેવામાં આવે છે અને નીતિમાર્ગને નહીં પ્રાપ્ત થયેલા પુરુષને પણ બીજાથી મારો પરાભવ થશે એવા પરિણામથી કાર્યનો આરંભ કરવો તેને અભિનિવેશ (આગ્રહ) કહેવામાં આવે છે અને તે અભિનિવેશ નીચ પુરુષોને જ હોય છે. કહ્યું છે કે—

दर्पः श्रमयति नीचान्, निष्फलननयविगुणदुष्करारम्भैः ।
श्रोतो विलोमतरणव्यसनिभिरायास्यते मत्स्यैः ॥

દુરાગ્રહ નિષ્ફળ નીતિ અને ગુણરહિત મુશ્કેલી ભરેલા આરંભો કરાવી નીચ લોકોને શ્રમ આપે છે. પ્રવાહની સામે તરવાના વ્યસનવાળા મચ્છો તેવા દુરાગ્રહથી જ વૃથા પરિશ્રમ કરે છે.

**अनभिनिविष्टत्वं च कदाचित्कं शाठ्यान्नीचानामपि संभवत्यत आह सदेति । अभिनिविष्टो हि पुमान् प्रायस्तत्त्वादिविचारबहिर्भावेन स्वाङ्गीकृतमेव समर्थयते, जमाल्यादिरिव । क्रियमाणकृतयोः सर्वथा पार्थक्यं, तथा चाभिनिवेशिकमिथ्यात्व-प्राप्तेः । यतः—**

શબ્દાર્થ—શઠતાને લઈને નીચ પુરુષોને પણ કોઈક વખતના અભિનિવેશપણાનો સંભવ છે. આથી કહે છે કે હમેશાં આગ્રહ રહિત હોય તે પુરુષ ધર્માધિકારી થયા છે અને આગ્રહવાળો પુરુષ પ્રાયે કરીને તત્ત્વાદિકના વિચારની બહાર હોવાથી જમાલી વગેરેની જેમ પોતાના અંગીકાર કરેલાને જ પ્રતિપાદન કરે છે. કરાતું અને કરેલું એ બન્નેમાં સર્વ પ્રકારે પૃથક્ ભાવ જ છે તેમ માનવાથી આભિનિવેશિક નામના મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કે :-

जह य अजिन्नाउ जरं, जहंधयारं च तरणिविरहाओ ।
तह मुणह निसंसाओ, मिच्छत्तं अहिनिवेसाओ ॥ तथा-

पसरइ गाढावेगो, जस्स मणे अभिनिवेसविसवेयो ।
तम्मि पउत्तोवि, गुरूवएसमंतो न संकमइ ॥

**यथा रावणदुर्योधनयोर्यथाक्रमं बिभीषणगाङ्गेयोपदेशाः ।**

જેમ અજીર્ણથી તાવ આવે છે અને સૂર્યના અભાવે અંધકાર થાય છે, તેમ નૃશંસ એટલે આત્માના ઘાત કરનાર એવા અભિનિવેશ (આગ્રહ)થી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે એમ સમજવું.

વળી જેના મનની અંદર અત્યંત વેગવાળો અભિનિવેશ રૂપી વિષનો વેગ પ્રસરે છે તેને ગુરુના ઉપદેશરૂપ મંત્રનો પ્રયોગ કર્યો હોય તો મંત્ર પણ સમર્થ થતો નથી.

જેમ રાવણ અને દુર્યોધનને વિષે અનુક્રમે વિભીષણ અને ભીષ્મપિતામહના ઉપદેશો સંક્રમણ થયા ન હતા. અર્થાત્ વિભીષણે સીતામાતા પાછા સોંપવા રાવણને ખૂબ જ સમજાવ્યા. પણ રાવણ ન માન્યા અન્તે સર્વનાશ થયો તો ભીષ્મપિતામહે પાંડવોનું રાજ્યપાછું સોંપવા દુર્યોધનને ખૂબ જ સમજાવ્યો પરંતુ ન માનતા અન્તે દુર્યોધનનો પણ સર્વનાશ થયો. કહ્યું છે કે :-

आग्रही बत निनीषति युक्तिं, यत्र तत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु बुद्धि र्यत्र तत्र सुखमेति निवेशम् ॥

જે આગ્રહી પુરુષની બુદ્ધિ જે પદાર્થમાં આગ્રહવાળી હોય તેમાં આગ્રહી પુરુષ યુક્તિને લઈ જવા ઇચ્છે છે અને પક્ષપાત રહિત એવા પુરુષની મતિ તો જ્યાં યુક્તિ હોય ત્યાં પ્રવેશ કરે છે.

હવે ગ્રંથકારશ્રી ગુણની પરિસમાપ્તિ કરતાં ફળ દેખાડે છે—

**एवं दुःखनिवेशं येऽभिनिवेशं त्यजन्ति ऋजुहृदयाः ।**
**कल्प्यन्तेऽनल्पधियस्ते, गृहधर्माय निर्मायाः ॥९१॥**

શબ્દાર્થ—ઉપર જણાવ્યા પ્રમાણે જે સરળ હૃદયવાળા પુરુષો દુઃખના સ્થાનભૂત અભિનિવેશ (આગ્રહ)નો ત્યાગ કરે છે તે વિશાળ બુદ્ધિવાળા અને નિષ્કપટી પુરુષો ગૃહસ્થધર્મને યોગ્ય થાય છે. ૯૧.

इति विंशतितमो गुणः ॥

• • •

# (૨૧)

# એકવીસમો ગુણ—ગુણપક્ષપાત

હવે, ગુણપક્ષપાત નામનો એકવીસમો ગુણ વર્ણવે છે—

**तथा गुणेषु सौजन्यौदार्यदाक्षिण्यविनयप्रियपूर्वप्रथमाभिभाषमाणतादिषु स्वपरयोरुपकारकारणेष्वात्मधर्मेषु पक्षपाती । पक्षपातस्तु गुणबहुमानतत्प्रशंसा-साहाय्यदानादिनाऽनुकूला प्रवृत्तिः । गुणपक्षपातकारिणो हि मनुष्या अवन्ध्यपुण्य-बीजनिषेकेणेहामुत्र च गुणग्रामसम्पदमारोहन्ति ।**

## श्रीरामलक्ष्मणयोः कथा

**यथा श्रीरामलक्ष्मणौ वनवासाय प्रस्थितौ, मार्गे मालवदेशप्रवेशे मालवेश-सिंहोदरनृपेण सह विग्रहे वज्रकर्णराज्ञो गुरुपार्श्वे जिनं विना नान्यस्य प्रणामो मया कार्यः, इति गृहीताभिग्रहस्यापि च विशुद्धश्रीसम्यक्त्वधारिणो गुणपक्षपातित्वेन सिंहोदरं निगृह्य साहाय्यं वितेनतुः । यतः—**

**શબ્દાર્થ—**સુજનતા, ઉદારતા, દાક્ષિણ્યતા વિનય અને પ્રેમપૂર્વક પ્રથમ બોલાવવાપણું વગેરે તથા પોતાના કે પરના ઉપકારનું કારણભૂત એવા આત્માના ધર્મરૂપ ગુણો કહેવાય છે. તે ગુણોને વિષે પક્ષપાત કરનાર હોય. પક્ષપાત તો એ છે કે ગુણોને વિષે બહુમાન, તે ગુણોની પ્રશંસા અને સહાય આપવા વગેરેથી અનુકૂળ પ્રવૃત્તિ કરવી તેને પક્ષપાત કહે છે. તે ગુણોનો પક્ષપાત કરનારા પુરુષો ખરેખર ફળવાળા પુણ્યરૂપ બીજને સિંચન કરવાથી આ લોક અને પરલોકમાં ગુણના સમૂહની સંપત્તિને પ્રાપ્ત કરે છે.

## શ્રીરામલક્ષ્મણ કથા

શ્રી રામચંદ્ર અને શ્રી લક્ષ્મણે અયોધ્યાથી વનવાસ માટે પ્રયાણ કર્યું તે વખતે માર્ગમાં માલવા દેશમાં પ્રવેશ કરતાં માલવા દેશના અધિપતિ સિંહોદર રાજાની સાથે યુદ્ધમાં ગુરુ પાસે જિનેશ્વર સિવાય બીજાને મારે નમસ્કાર ન કરવો એવા અભિગ્રહને ગ્રહણ કરનાર અને શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરનાર વજ્રકર્ણ રાજાના ગુણનો પક્ષપાત કરી શ્રી રામ અને લક્ષ્મણે સિંહોદર રાજાનો નિગ્રહ કરી વજ્રકર્ણ રાજાને મદદ કરી, કહ્યું છે કે—

नागुणी गुणिनं वेत्ति, गुणी गुणिषु मत्सरी ।
गुणी च गुणरागी च, विरलः सरलो जनः ॥

गुणेष्वनादरं भ्रातः !, पूर्णश्रीरपि मा कृथाः ।
सम्पूर्णोऽपि घटः कूपे, गुणच्छेदात्पतत्यधः ॥

अन्तर्धृतगुणैरेव, परेषां स्थीयते हृदि ।
एनं समर्थयन्त्यर्थं, समग्रं कुसुमस्त्रजः ॥

आसतां गुणिनस्तावद्भूषिताशेषभूतलाः ।
येषां गुणानुरागोऽस्ति सांप्रतं तेऽपि दुर्लभाः ॥

तथा— यः पृष्ठं युधि दर्शयत्यरिभटश्रेणीषु यो वक्रता-
मस्मिन्नेव बिभर्त्ति यश्च किरति क्रूरध्वनिं निष्ठुरः ।
दोषं तस्य तथाविधस्य भजतश्चापस्य गृह्णन् गुणं,
विख्यातः स्फुटमेष एव नृपतिः सीमा गुणग्राहिणाम् ॥

જે ગુણ વગરનો છે, તે ગુણી પુરુષને જાણતો નથી, અને જે ગુણવાન્ હોય છે, તે બીજા ગુણી પુરુષો ઉપર અદેખાઈ કરનાર હોય છે. તેથી પોતે ગુણવાન્ હોય અને બીજાના ગુણની અંદર રાગ કરનાર સરળ મનુષ્ય તો કોઈ વિરલા જ હોય છે.

હે ભાઈ ! તું પૂર્ણ લક્ષ્મીવાળો હોય તો પણ ગુણોને વિષે અનાદર કરીશ નહિં. ઘડો સંપૂર્ણ હોય તો પણ ગુણ (દોરી) છેદાઈ જવાથી કૂવાની અંદર પડે છે.

અતંરંગમાં ગુણોને ધારણ કરનારા પુરુષો જ અન્ય પુરુષોના હૃદયમાં સ્થિર થાય છે. (વાસ કરે છે.) સમગ્ર અર્થને પુષ્પોની માળાઓ દૃઢ કરી બતાવે છે. જેમ પુષ્પોની માળાઓ પોતાની અંદર ગુણ (દોરી)ને ધારણ કરે છે તેથી તે બીજાના હૃદય ઉપર આરૂઢ થવાને સમર્થ થાય છે.

તેમજ જે પુરુષો પોતાના હૃદયમાં ઔદાર્યાદિક ગુણોને ધારણ કરે છે, તે પુરુષો અવશ્ય અન્ય પુરુષોનાં હૃદયમાં વાસ કરે છે. પ્રથમ સંપૂર્ણ ભૂતલને ભૂષિત કરનારા ગુણી-પુરુષો તો દૂર રહો, પરંતુ વર્તમાનમાં જે પુરુષોને ગુણોની અંદર અનુરાગ છે, તેવા પુરુષો પણ દુર્લભ છે.

વળી જે ધનુષ્ય સંગ્રામમાં શત્રુના સૈનિકોની શ્રેણિઓને વિષે પૃષ્ઠ=પીઠ દેખાડે છે, જે ધનુષ્ય સંગ્રામમાં જ વક્રતાને ધારણ કરે છે, અને જે કઠોર ધનુષ્ય સંગ્રામમાં કઠિન ધ્વનિને ફેંકે છે, તો તેવા પ્રકારના દોષને ભજનાર ધનુષ્યના ગુણ (પણચ)ને ગ્રહણ કરતો આ રાજા પ્રગટપણે વિખ્યાત થયેલો ગુણગ્રાહીઓની સીમારૂપ છે.

गुणापक्षपाते तु वसुराजादीनामिवानर्थ एवेति ।

ગુણની અંદર પક્ષપાત કરવામાં ન આવે, તો વસુરાજા વગેરેની જેમ અનર્થ જ પ્રાપ્ત થાય છે.

હવે ગ્રંથકારશ્રી એકવીસમા ગુણની સમાપ્તિ કરતાં તેનું ફળ બતાવે છે—

**परेषां सद्‌गुणोल्लासकारिणो ये मनीषिणः ।**
**सद्धर्मबीजं सम्यक्त्वमात्मन्यारोपयन्ति ते ॥९२॥**

શબ્દાર્થ—જે બુદ્ધિમાન્ પુરુષો અન્ય પુરુષોના સદ્‌ગુણોનો ઉલ્લાસ કરનારા છે, તે પુરુષો સદ્ધર્મના બીજરૂપ સમ્યક્ત્વને આત્માની અંદર આરોપણ કરે છે. ૯૨.

इति एकविंशतितमो गुणः ॥

• • •

(૨૨)

# બાવીસમો ગુણ—અદેશ અને અકાળ ચર્યાનો ત્યાગ

હવે, બાવીસમા ગુણનું વર્ણન કરે છે.

तथाऽदेशाकालयोर्निषिद्धदेशकालयोश्चर्यां चरणं त्यजन् । अदेशाकालचारी हि राजचौरादिभ्यो ह्यवश्यमुपद्रवमाप्नोति । एतेऽदेशाः-

बद्धवध्याश्रये द्यूतस्थाने परिभवास्पदे ।
भाण्डागारे न गन्तव्यं, परस्यान्तःपुरे न च ॥९३॥

अमनोज्ञे श्मशाने च, शून्यस्थाने चतुष्पथे ।
तुषशुष्कतृणाकीर्णे, विषमावकरोषरे ॥९४॥

आरामे च नदीतीरे, सभायां चत्वरे पथि ।
चौरवेश्यानटादीनां, स्थाने नैव व्रजेत्सुधीः ॥९५॥

कुब्जिकेन कुमित्रेण, राजदूतेन वा सह ।
गोष्ठीं चाकालचर्यां वा, मा कुरुष्व कदाचन ॥९६॥

एको न गच्छेत्पन्थानं, नैकः सुप्तेषु जागृयात् ।
अनर्थो मरणं वाऽपि, भवेदेकस्य गच्छतः ॥९७॥

नीतौ—

अकालचर्या विषमा च गोष्ठी, कुमित्रसेवा न कदापि कार्या ।
पश्याण्डजं पद्मवने प्रसुप्तं, धनुर्विमुक्तेन शरेण ताडितम् ॥

શબ્દાર્થ—અદેશ અને અકાળ એટલે નિષેધ કરેલા દેશ તથા કાળને વિષે ચર્યાગમનનો ત્યાગ કરનાર પુરુષ ગૃહસ્થધર્મને યોગ્ય થાય છે. નિષેધ કરેલા દેશ તથા કાળનું આચરણ કરનાર પુરુષ રાજા અને ચોર વગેરેથી અવશ્ય ઉપદ્રવને પ્રાપ્ત થાય છે. નિષિદ્ધ કરેલ દેશો નીચે પ્રમાણે છે :-

શબ્દાર્થ—કારાગૃહ તથા વધ કરવાના સ્થાનમાં, જુગાર રમવાના સ્થાનમાં,

પરાભવના સ્થાનમાં, ભંડારના મકાનમાં અને બીજાના અંતઃપુરમાં જવું નહીં. ૯૩.

ખરાબ સ્થાનમાં, શ્મશાનમાં, શૂન્ય સ્થાનમાં, ચાર રસ્તા જ્યાં ભેગા થતા હોય તેવા સ્થાનમાં, ધાન્યના ફોતરાં તથા સુકાં ઘાસથી વ્યાપ્ત થયેલા સ્થાનમાં, ઉકરડાની જગ્યામાં, ઉખર ભૂમિમાં, બગીચામાં, નદીના કાંઠામાં, સભામાં, ચોતરામાં, રસ્તામાં અને ચોર, વેશ્યા તથા નટ વગેરેના સ્થાનમાં બુદ્ધિમાન્ પુરુષ ગમન કરે નહીં. ૯૪-૯૫.

તથા કુબંડાની, ખરાબ મિત્રની અને રાજાના દૂતની સાથે ગોષ્ઠિ અને નિષિદ્ધ કરેલ કાળમાં ગમન કદી પણ કરે નહીં. ૯૬.

માર્ગમાં એકાકી ગમન કરવું નહીં અને જ્યારે સર્વ શયન કરે ત્યારે એકાકી જાગવું નહીં. કારણ રસ્તામાં એકલા ચાલવાથી અનર્થ અથવા તો મરણ થાય છે. ૯૭.

નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે, સમય વગરની ચર્યા, અસદૃશની સાથે ગોષ્ઠિ અને કુમિત્રની સેવા કદીપણ કરવી નહીં, જુઓ કમળના વનમાં સુતેલા પક્ષીને ધનુષ્યથી છૂટા પડેલા બાણે માર્યું હતું, તેજ વૃત્તાંતને પ્રતિપાદન કરે છે :- તથા हि–

## हंस-उलूकयोः कथा

क्वापि वने सरसि मन्दरक्ताख्यो हंसो वसति, अथैकदा तत्रोलूक आयातः, भाषितो हंसेन, कस्त्वं ? कुतोऽत्र वने ?, स प्राह, त्वद्गुणश्रवणादहं मैत्री-करणार्थमागतः, ततो मैत्री परस्परमजनि सार्द्धं क्रीडतः ।

अन्यदा हंसमापृच्छ्य स्वस्थानमुलूकः प्राप्तो हंसाग्रे प्रोक्तं एकशस्त्वया-ऽप्यागन्तव्यं मत्स्थाने इति प्रोच्य, हंसोऽप्यवसरे तत्र जगाम, न दृष्ट उलूको विलोकितश्च बहुस्थानेषु, दृष्टश्च क्वापि कोटरे प्रविष्टः, प्रोक्तं हंसेन, भो भद्र ! बहिरेहि, अहं हंसो मिलनायागतोऽस्मि, उलूकः प्राह, भोः ! दिवा निःसर्त्तुं न शक्नोमि, त्वं तिष्ठ रात्रौ गोष्ठी करिष्यते ।

रात्रौ मिलितौ कुशलवार्ताः प्रवृत्ताः, हंसस्तत्रैव सुप्तः, रात्रौ तत्र वने सार्थः स्थित आसीत्, पाश्चात्यरात्रौ चलनावसरे उलूकेन विस्वरशब्दः कृतः, स्वयं नदीविवरे प्रविष्टः, हंसस्तथैव सुप्तो मुक्तः, ततस्तत्स्वर-श्रवणक्रुद्धेन सार्थेशेन दुःशकुननिवृत्त्यर्थं शब्दवेधिना बाणेन हंसो निपातितः, अत उक्तमकालचर्येत्यादि ।

## હંસ ઘુવડની કથા

કોઈ વનમાં સરોવરની સમીપમાં મંદારક્ત નામે હંસ રહેતો હતો. એક વખતે તે સ્થાનમાં એક ઘુવડ પક્ષી આવ્યું. હંસે તેને બોલાવ્યું કે, 'તું કોણ છે ? અને આ વનમાં તું ક્યાંથી આવ્યો છે ?' એમ હંસના પૂછવાથી તે ઘુવડ પક્ષીએ કહ્યું કે, 'હું

તમારા ગુણોનું શ્રવણ કરી તમારી સાથે મિત્રતા કરવા માટે આવ્યો છું.' તે પછી હંસ અને ઘુવડની આપસ આપસમાં મૈત્રી થઈ અને તે બન્ને પક્ષીઓ સાથે ક્રીડા કરે છે.

એક વખતે હંસની આગળ ઘુવડે કહ્યું કે, 'એક વાર તમારે પણ મારા સ્થાનમાં આવવું. એવી રીતે કહીને હંસની રજા લઈ ઘુવડ પક્ષી પોતાના સ્થાને ગયું. પછી કોઈક વખતે હંસ પણ તેના સ્થાનમાં ગયો ત્યાં ઘણાં સ્થાનોમાં જોયો પણ ઘુવડ જોવામાં આવ્યું નહીં, પછી કોઈ વૃક્ષની બખોલમાં પેઠેલા ઘુવડને જોયું ત્યારે હંસે કહ્યું કે 'હે ભદ્ર ! તું બખોલમાંથી બહાર આવ. હું હંસ છું અને તને મળવા માટે આવ્યો છું.' ત્યારે ઘુવડે કહ્યું કે, 'હે ભાઈ ! દિવસમાં હું બહાર નીકળવાને સમર્થ નથી તેથી તમે અહીં રહો. રાત્રિમાં તમારી સાથે ગોષ્ઠિ કરીશ.'

અનુક્રમે રાત્રિ પડતાં બન્ને પક્ષીઓ મળ્યા અને પરસ્પર કુશળ વાર્તાઓ કરી ગોષ્ઠિ સમાપ્ત થતાં હંસ ત્યાં જ સૂઈ ગયો, તે વખતે તે વનમાં રાત્રિમાં કોઈ સાર્થ પડાવ નાંખીને રહ્યો છે, રાત્રિના પાછલા પહોરે સાર્થને ચાલવાના વખતમાં ઘુવડે ખરાબ સ્વરવાળો શબ્દ કર્યો અને હંસને ત્યાં જ સૂતો મૂકી પોતે નદીની બખોલમાં છુપાઈ ગયું તે પછી તે ઘુવડના શબ્દને સાંભળી ક્રોધયુક્ત થયેલા સાર્થપતિએ દુષ્ટ- શકુનની નિવૃત્તિ કરવાને માટે શબ્દવેધી બાણથી હંસને મારી નાંખ્યો. આ કારણથી જ અકાળ ચર્યા ન કરવી ઇત્યાદિ કહેવામાં આવ્યું છે.

હવે ગ્રંથકારશ્રી બાવીશમા ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશ આપે છે—

**धर्मार्थं स्वात्मनां श्रेयोऽभिवाञ्छन् स्थैर्यभृत्सदा ।**
**अदेशाकालयोश्चर्यां, विचारज्ञो विवर्जयेत् ॥९८॥**

**શબ્દાર્થ—ધર્મને અર્થે પોતાના આત્માનું કલ્યાણ ઇચ્છનાર અને હંમેશાં સ્થિરતાને ધારણ કરનાર એવા વિચારના જાણ પુરુષે નિષિદ્ધ કરેલી દેશચર્યા અને કાળચર્યાનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. ૯૮.**

**इति द्वाविंशतितमो गुणः ॥**

●●●

(૨૩)

# ત્રેવીસમો ગુણ—બલાબલની વિચારણા

હવે, ત્રેવીસમા ગુણનું વર્ણન કરે છે.

**तथा जानन् विदन् बलं शक्तिं स्वस्य परस्य वा द्रव्यक्षेत्रकालादिकृतं सामर्थ्यम्, अबलमपि तथैव, स्वपरबलाबलपरिज्ञाने हि सर्वः सफलारम्भोऽन्यथा विपर्ययः । यतः—**

શબ્દાર્થ—પોતાની અથવા બીજાની શક્તિને એટલે દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ વગેરેથી કરેલા સામર્થ્યને જાણતો અને તેવી જ રીતે સ્વપરના અસામર્થ્યને પણ જાણતો એવો પુરુષ ધર્મને યોગ્ય થાય છે. પોતાના અને બીજાના બલાબલનું જ્ઞાન થયે છતે ખરેખર સઘળો આરંભ સફળ થાય છે, નહીં તો તે સઘળો આરંભ નિષ્ફળ છે. કહ્યું છે કે :-

**स्थाने शमवतां शक्त्या, व्यायामे वृद्धिरङ्गिनाम् ।**
**अयथाबलमारम्भो, निदानं क्षयसम्पदः ॥**

**अनुचितकर्मारम्भः, प्रकृतिविरोधो बलीयसा स्पर्द्धा ।**
**प्रमदाजनविश्वासो, मृत्युद्वाराणि चत्वारि ॥१५१॥** [હિતોપદેશ સુહૃદ્ભેદ]

**स्वपरबलाबलादिपरिज्ञानपूर्वं कार्यप्रारम्भे यशःस्वार्थसिद्धिमहिमादिप्राप्तिरेव लक्षणावतीशलक्षणसेनमन्त्रिणः कुमारदेवस्येव । तथा हि—**

શબ્દાર્થ—શક્તિની યોગ્યતા પ્રમાણે પરિશ્રમ કરવામાં આવે તો ઉપશમવાળા પ્રાણીઓની સંપદા વૃદ્ધિ પામે છે અને શક્તિનું ઉલ્લંઘન કરી જે આરંભ-પરિશ્રમ કરવામાં આવે છે તે સંપત્તિના વિનાશનું કારણ છે.

અનુચિત કાર્યનો આરંભ કરવો, પ્રજાની સાથે વિરોધ કરવો, બળવાન પુરુષની સાથે સ્પર્ધા કરવી અને સ્ત્રીજનનો વિશ્વાસ કરવો એ ચારે મૃત્યુનાં દ્વાર છે.

સ્વ અને પરના બળાબળ વગેરેના જ્ઞાનપૂર્વક કાર્યનો આરંભ કરવાથી યશ, સ્વાર્થની સિદ્ધિ અને મહિમા વગેરેની પ્રાપ્તિ થાય છે. લક્ષણાવતી નગરીના અધિપતિ લક્ષણસેન રાજાના મંત્રી કુમારદેવની જેમ કીર્તિ વગેરે થાય છે. કુમારદેવનું કથાનક આ પ્રમાણે છે.

## कुमारदेवकथा

लक्षणावत्यां लक्षणसेनो नृपः तस्य द्वितीयं जीवितं कुमारदेवो मन्त्री, तस्मिन् समये वाणारस्यां जयन्तचन्द्रो राजा षष्टिलक्षाश्वाधिपः, तस्य विद्याधरो मन्त्री, महेच्छानामन्नदातॄणां सत्यवादिनां च प्रथमः ।

एकदा जयन्तचन्द्रसदसि वार्त्तेयं निर्गता, लक्षणावतीदुर्गं दुर्ग्रहं राजा सबल इति, एतदवधार्य काशीशः प्रतिज्ञां कृतवान्, इतश्चलितैरस्माभिः स दुर्गो ग्राह्यः, अथ न गृह्णामि तदा यावन्ति दिनानि दुर्गतटे तिष्ठामि तावन्ति हेमलक्षाणि दण्डे गृह्णामि, अन्यथा न निवर्त्त इति सन्धां कृत्वा निर्गतो नृपः, सहसैव लक्षणावत्यासन्ने समागतः ।

लक्षणसेनश्च प्रतोलीर्दापयित्वा पूर्मध्ये स्थितः, पूर्मध्ये पूर्वं सङ्ग्रहाभावात्सर्ववस्तूनां सङ्कीर्णता जाता, मध्यबहिःस्थयोः सैन्ययोर्युद्धं प्रवर्तते, अष्टादशदिनानि जातानि, लक्षणसेननृपेणोक्तं कुमारदेवादिमन्त्रिणां पुरोऽस्माभिर्विरूपं कृतम्, यदयं रिपुर्देशप्रवेश एव न स्खलितः, अधुना दुर्गरोधे लोको दुःखी, ततः प्रातर्निगत्य योद्धव्यं, दण्डं न ददाम्येव, एवं प्रतिज्ञां कृत्वा युद्धसामग्रीं कारयति ।

रात्रौ कुमारदेवेन चिन्तितं, महाबलयुक्तो जयन्तचन्द्रनृपः, प्रतिज्ञाशूरः, अस्मन्नृपः प्रतिज्ञाशूरोऽपि न तादृग्बलपरिगतः, "अयथाबलमारम्भो निदानं क्षयसंपदः" तस्मात्-सम्प्रति येन तेनाप्युपायेन वैरी निर्वर्त्तनीयः, इति सम्प्रधार्य रात्रौ प्रच्छन्नगत्या गतो विद्याधरमन्त्रिपार्श्वं, तं प्रणम्य तदुत्सङ्गे पत्रीं विमुच्याग्रे स्थितः, वादितो विद्याधरेण, कस्त्वं ? किमर्थमागतः ?, तेनोक्तं, अहं लक्षणसेननृपामात्य कुमारदेवः, त्वां द्रष्टुमाया-सिषं, किञ्चिद्वक्तव्यमस्ति तत्तु वाचा वक्तुमशक्यं पत्री वक्ष्यति, विद्याधरेण हस्ते गृहीत्वा वाचिता, दृष्टोऽयं श्लोकः-

उपकारसमर्थस्य, तिष्ठन् कार्यातुरः पुरः ।
मूर्त्या यामार्त्तिमाचष्टे, न तां कृपणया गिरा ॥

श्लोकार्थं परिभाव्य चिन्तितं विद्याधरेण, अयं महीयान् मदन्तिकमागतः, जयन्तचन्द्रापसरणं समीहते, दण्डं च न दित्सते, मय्येव भारमारोपयति, तस्मान्निस्तार्योऽसौ व्यसनसागरात्-

स एव पुरुषो लोके, स एव श्लाघ्यतामिह ।
निर्भयं सर्वभूतानि, यस्मिन् विश्रम्य शेरते ॥

ततः कुमारदेवं जगाद, मा भैषीः । दण्डं मा दाः, प्रातरत्रास्मत्सैन्यं न स्थास्यत्येव गच्छेत्युक्त्वा सत्कृत्य व्यस्त्राक्षीत् । गतो मन्त्री स्वस्थाने, विद्याधरोऽपि जयन्तचन्द्रं गत्वा प्राह, राजेन्द्र ! अद्य दिनाष्टादशकं गतं, कुमारेण स्वयमेत्य १८ लक्षाणि हेम्नां प्रवेशितानि दण्डपदे, अभयं देहि, प्रसीद, स्वस्थानं गच्छ, दुर्ग्रहं दुर्गमिति श्रुत्वा काशीन्द्रः सद्यो रात्रावेव चलितः, लक्षणावतीशो हृष्टः, पृष्टं कुमारदेव-पार्श्वे किमिति गतो जयन्तचन्द्रः ? मन्त्रिणोचे, त्वां युद्धोद्यतं श्रुत्वा भीतः पश्चाद्गतः ।

काश्यासन्ने प्राप्तः काश्याधिपो मन्त्रिणमादिशत्, लक्षणावतीशदण्डस्वर्णं याचकेभ्यो देहि, येन यशांसि प्रैधन्ते, विद्याधरेण विज्ञप्तं, कुमारदेवेन रत्नमेकं दत्तं, तेन कथं सद्यो हेम निष्पद्यते ? राजोचे, तर्हि रत्नं दर्शय, मन्त्रिणा पत्रीगतः श्लोको दर्शितः, कुमारदेवागमनादिवृत्तान्तोऽकथि, एतदवेत्य जयन्तचन्द्रनृपेणोक्तं, मन्त्रिन् ! पत्री तदा किं न दर्शिता ? यथा तेभ्यो महतीं कृपां कुर्मः ।

ततो १८ लक्षा अर्थिभ्यो दत्ताः, १८ (अष्टादश) लक्षा लक्षणसेनायाष्टौ कुमारदेवाय च हेम्नां प्रहिताः, स्वयं काश्यां गतः, तस्मिन् स्वर्णे समायाते लक्षणसेनेनोक्तं, किमिदं हेम ?, कुमारेणोक्तम्, देव ! तव दण्डपदे जयन्तचन्द्रेण प्राभृतीकृतं, ततः पिप्रिये पृथ्वीशः, सर्वेषां श्रेयः प्राप्तिः, अतः 'जानन् बलाबलं' इत्युक्तम् ॥

## કુમારદેવનું કથાનક

લક્ષણવતી નગરીમાં લક્ષણસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને બીજું જીવિત હોય તેની જેમ કુમારદેવ નામે મંત્રી હતો. તે જ સમયમાં વારાણસી નામની નગરીને વિષે સાઠ લાખ અશ્વોનો અધિપતિ જયંતચંદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો અને તે રાજાને મહાશયોમાં, અન્નદાતાઓમાં અને સત્યવાદીઓમાં અગ્રેશ્વર વિદ્યાધર નામે મંત્રી હતો.

એક વખત જયંતચંદ્ર રાજાની સભામાં એવી વાત નીકળી કે લક્ષણાવતી નગરીનો કિલ્લો મુશીબતથી લઈ શકાય તેવો છે, અને તે નગરીનો રાજા પણ બળવાન્ છે. એ વાતને જાણીને કાશીના અધિપતિ જયંતચંદ્રે પ્રતિજ્ઞા કરી કે—"અમારે અહીંથી ચઢાઈ કરી તે કિલ્લો કબજે કરવો. જો હું તે કિલ્લોનો કબજો ન કરી શકું તો જેટલા દિવસ સુધી હું કિલ્લાની નજીકમાં રહું તેટલા લક્ષ સુવર્ણ દંડમાં ગ્રહણ કરીશ અન્યથા હું પાછો ફરીશ નહિં." એવી પ્રતિજ્ઞા કરી જયંતચંદ્રરાજા નીકળ્યો અને એકદમ લક્ષણાવતી નગરીની સમીપમાં આવી પહોંચ્યો.

આ વાતની ખબર પડતાં લક્ષણસેનરાજા નગરીના દરવાજા બંધ કરાવી નગરીની અંદર રહ્યો. નગરીની અંદર પ્રથમથી ધાન્યાદિકનો સંગ્રહ કરેલો નહીં હોવાથી સર્વ વસ્તુઓ ખાલી થઈ ગઈ. પછી નગરીની અંદર બહાર રહેલા લશ્કરની વચ્ચે યુદ્ધ પ્રવર્ત્યું. અનુક્રમે યુદ્ધ કરતાં અઢાર દિવસ નીકળી ગયા. તે અવસરે લક્ષણસેન રાજાએ કુમારદેવ વગેરે મંત્રીઓની આગળ કહ્યું કે, "જે આપણે આ શત્રુને દેશની અંદર પ્રવેશ કરતાં અટકાવ્યો નહીં તે ઘણું ખોટું કર્યું. હમણાં કિલ્લો ઘેરાયેલો હોવાથી નગરીના લોકો દુઃખી થાય છે. તેથી પ્રાતઃકાળે નગરીથી બહાર નીકળી યુદ્ધ કરીશ પરંતુ તેને હું દંડ તો આપીશ જ નહીં." એવી રીતે પ્રતિજ્ઞા કરી યુદ્ધની સામગ્રીને તૈયાર કરાવે છે.

તેજ રાત્રિએ કુમારદેવ નામના મંત્રીએ વિચાર કર્યો કે જયંતચંદ્ર રાજા મહાન સૈન્યથી યુક્ત છે અને પ્રતિજ્ઞા પાળવામાં શૂરવીર છે અને અમારો રાજા પણ પ્રતિજ્ઞા પાળવામાં શૂરવીર છે તો પણ તેવા પ્રકારની સેનાથી યુક્ત નથી. "શક્તિનું ઉલ્લંઘન કરી આરંભ કરવો, તે સંપત્તિના વિનાશનું કારણ છે." તેથી હમણાં જે તે ઉપાયથી શત્રુને પાછો ફેરવવો. એમ વિચાર કરી રાત્રીમાં ગુપ્ત વૃત્તિથી કુમારદેવ મંત્રી વિદ્યાધર-મંત્રીની પાસે ગયો અને તેને નમસ્કાર કરી તેના ખોળામાં પત્રિકા મૂકી તેની આગળ ઊભો રહ્યો. પછી વિદ્યાધર મંત્રીએ પૂછ્યું કે "તમે કોણ છો ? અને શા માટે આવ્યા છો ?" તેણે કહ્યું કે "હું લક્ષણસેન રાજાનો મંત્રી કુમારદેવ છું અને તમને મળવાને આવ્યો છું. મારે તમને કાંઈક કહેવાનું છે. પરંતુ તે વચનથી કહેવાને અસમર્થ છું. તેથી આ પત્રિકા કહેશે." પછી વિદ્યાધર મંત્રીએ પત્રિકાને હાથમાં લઈ વાંચી લીધી તેમાં આ શ્લોક જોવામાં આવ્યો.

**ઉપકાર કરવામાં સમર્થ એવા પુરુષની આગળ કાર્ય કરાવવાને આતુર થયેલો પુરુષ ઊભો રહી જે પીડાને કહે છે તે પીડાને કૃપણ વાણીથી કહેતો નથી.**

એ શ્લોકના અર્થનો વિચાર કરી વિદ્યાધર મંત્રીએ વિચાર કર્યો કે, આ મહાપુરુષ મારી પાસે આવ્યો છે અને જયંતચંદ્ર રાજા અહીંથી પાછો ફરે એમ એ ઇચ્છે છે તેમજ દંડ પણ આપવાને ઇચ્છતો નથી. વળી આ ભાર મારા ઉપર જ આરોપણ કરે છે તે કારણથી આ કુમારદેવ મંત્રીનો કષ્ટરૂપ સમુદ્રમાંથી નિસ્તાર કરવો જોઈએ.

**કહ્યું છે કે :—જે પુરુષનો આશ્રય લઈ સર્વ પ્રાણીઓ નિર્ભયતાથી સૂઈ રહે છે, તે જ પુરુષ લોકમાં પુરુષ કહેવાય છે અને તે જ પુરુષ આ લોકમાં પ્રશંસાને પ્રાપ્ત થાય છે.**

એમ વિચાર કરી તે પછી કુમારદેવ મંત્રીને કહ્યું કે, તમે ભય રાખશો નહીં. તેમજ દંડ પણ આપશો નહીં. પ્રાતઃકાળે અમારું સૈન્ય-લશ્કર આ સ્થાનમાં નહિ જ રહે તેથી તમે પોતાના સ્થાનમાં જાવ. આ પ્રમાણે કહી તેનો સત્કાર કરી વિદાય કર્યો પછી કુમારદેવમંત્રી પોતાના સ્થાન પ્રત્યે ચાલ્યો ગયો.

વિદ્યાધર મંત્રીએ પણ જયંતચંદ્ર પાસે જઈ કહ્યું કે હે રાજેન્દ્ર ! આજે આપણા અઢાર દિવસો વ્યતીત થઈ ગયા. કુમારદેવે પોતાની જાતે આવીને અઢારલાખ સુવર્ણ દંડના સ્થાનમાં આપી ગયો છે. તેથી તેમને અભય આપો. પ્રસન્ન થાવ અને આપ પોતાના સ્થાને પધારો. તેમનો કિલ્લો લેવો મુસીબત ભરેલો છે. આ પ્રમાણે શ્રવણ કરી, કાશીપતિ જયંતચંદ્રે તત્કાળ રાત્રિમાં જ પ્રયાણ કર્યું. આ વાત સાંભળી લક્ષણાવતિનો રાજા ખુશ થયો. તેણે પોતાના મંત્રી કુમારદેવને પૂછ્યું કે, 'જયંતચંદ્ર કેમ ચાલ્યો ગયો ?' મંત્રીએ જવાબ આપ્યો કે તમને યુદ્ધ કરવામાં તત્પર થયેલા સાંભળી ભયભીત થયેલો તે પાછો ચાલ્યો ગયો.

અનુક્રમે કાશી અધિપતિ કાશીની નજીક પહોંચ્યો તે વખતે જયંતચંદ્રે મંત્રીને આદેશ કર્યો કે લક્ષણાવતી નગરીના સ્વામીએ આપેલું દંડ સંબંધી સુવર્ણ યાચકોને આપી દો, જેથી મારા યશની વૃદ્ધિ થાય. વિદ્યાધર મંત્રીએ રાજાને વિજ્ઞપ્તિ કરી કે કુમારદેવ મંત્રીએ એક જ રત્ન આપેલું છે તેથી તેનું સુવર્ણ એકદમ કેવી રીતે થઈ શકે ? રાજાએ કહ્યું કે જો એમ છે તો તે રત્ન મને બતાવો. પછી મંત્રીએ રાજાને પત્રિકામાં લખેલો શ્લોક બતાવ્યો અને કુમારદેવ મંત્રીના આગમન વગેરેનો વૃત્તાંત કહી સંભળાવ્યો. એ વૃત્તાંતને જાણી જયંતચંદ્ર રાજાએ કહ્યું કે, હે મંત્રી ! વિદ્યાધર ! આ પત્રિકા તે વખતે મને કેમ ન બતાવી ! જેથી આપણે તેઓની ઉપર મોટી કૃપા કરત.

પછી જયંતચંદ્ર રાજાએ અઢાર લાખ સુવર્ણ યાચક વર્ગને આપ્યું અને અઢાર લાખ સુવર્ણ લક્ષણસેન રાજાને તથા આઠ લાખ સુવર્ણ કુમારદેવ મંત્રીને મોકલી આપ્યું, પછી પોતે કાશીમાં ગયો. તે સુવર્ણની પ્રાપ્તિના કારણે તે લક્ષણસેન રાજાએ કહ્યું કે, હે મંત્રી ! આ સુવર્ણ શેનું આવ્યું ! કુમારદેવે કહ્યું કે હે દેવ ! તમને જયંતચંદ્ર રાજાએ દંડ તરીકે ભેટ મોકલાવ્યું છે તેથી લક્ષણાવતીનો સ્વામી પ્રસન્ન થયો અને સર્વ લોકોને કલ્યાણની પ્રાપ્તિ થઈ. આથી જ સ્વ અને પરના બળાબળને જાણનાર હોય એમ કહ્યું છે.

હવે ગ્રંથકારશ્રી ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા ફળ બતાવે છે—

**परेषामात्मनश्चैवं, सुधीर्जानन् बलाबलम् ।**
**सफलारम्भकार्यत्वात्कल्पते धर्मकर्मणे ॥९९॥**

**શબ્દાર્થ—ઉપર જણાવ્યા પ્રમાણે બીજાઓના અને પોતાના બળાબળને જાણનાર બુદ્ધિમાન્ પુરુષ ફળવાળા આરંભના કાર્યવાળો હોવાથી ધર્મરૂપ કર્મને માટે અધિકારી થાય છે. ૯૯**

**इति त्रयोविंशतितमो गुणः ॥**

●●●

२४

# ચોવીશમો ગુણ—જ્ઞાનવૃદ્ધ—ચારિત્રપાત્રની સેવા

હવે, વ્રતમાં રહેલા જ્ઞાની મહાત્માઓની સેવા કરવા રૂપ ચોવીશમાં ગુણનું વર્ણન કરે છે.

**तथा वृत्तमनाचारपरिहारः, सम्यगाचारपालनं वा, तत्र तिष्ठन्तीति वृत्तस्थाः । ज्ञानं हेयोपादेयवस्तुविनिश्चयस्तेन वृद्धा महान्तस्तेषां पूजकः । उक्तं च–**

तपःश्रुतिधृतिध्यानविवेकयमसंयमैः ।
ये वृद्धास्तेऽत्र शस्यन्ते, न पुनः पलिताङ्कुरैः ॥

**तेषां पूजा च सेवा जल्पासनदानाभ्युत्थानतदाज्ञापालनादिरूपा, वृत्तस्थज्ञानवन्तो हि पूज्यमानाः कल्पतरव इव सदुपदेशफलैः फलन्ति । यतः–**

उपदेशः शुभो नित्यं, दर्शनं धर्मचारिणाम् ।
स्थाने विनय इत्येतत्साधुसेवाफलं महत् ॥१॥ [ધર્મબિન્દુ પૃ. ૫૩]

**श्रीभागवतेऽपि च–**

महत्सेवा द्वारमाहुर्विमुक्तेस्तमोद्वारं योषितां सङ्गिसङ्गम् ।
महान्तस्ते समचित्ताः प्रशान्ता, विमन्यवः सुहृदः साधवो ये ॥

**तेषां पूजासेवादिना श्रीआमनृपस्येव श्रीबप्पभट्टिगुरोः पापनिवृत्तिजीवितस्थान-जयप्राप्त्यादिश्रीकुमारपालस्येव श्रीहेमाचार्याच्च कपर्दिनः श्रेष्ठिन इव वा । तथा हि–**

શબ્દાર્થ—અનાચારનો ત્યાગ કરવો અથવા સારી રીતે આચારનું પાલન કરવું, તેને વ્રત કહે છે. તે વ્રતમાં રહેનારા હોય તેને વ્રતસ્થ કહે છે અર્થાત્ તે વ્રતમાં રહેવાવાળા કહેવાય છે અને ત્યાગ કરવા લાયક તથા ગ્રહણ કરવા લાયક વસ્તુનો નિશ્ચય કરવો તેને જ્ઞાન કહે છે. તેવા જ્ઞાનથી જેઓ વૃદ્ધ-મોટા હોય તેમને જ્ઞાનવૃદ્ધ કહે છે. ઉપર જણાવ્યા પ્રમાણે વ્રતમાં રહેવાવાળા એવા જ્ઞાન વૃદ્ધોની પૂજા કરનાર થવું જોઈએ. કહ્યું છે કે—તપસ્યા, શાસ્ત્રની ધારણા, ધ્યાન, વિવેક, પાંચ પ્રકારના અણુવ્રત કે મહાવ્રત રૂપ અને સત્તર પ્રકારના સંયમથી જે વૃદ્ધો છે તે આ લોકમાં વૃદ્ધ કહેવાય છે. પરંતુ પળીયાંના અંકુરોથી કાંઈ વૃદ્ધ કહેવાતા નથી.

વ્રતસ્થ જ્ઞાનવૃદ્ધોની પૂજા કરવી એટલે તેમની પરિચર્યા કરવી, હાથ જોડવા, આસન આપવું, ઊભા થવું અને તેમની આજ્ઞાનું પાલન કરવું વગેરે કરવારૂપ પૂજા કહેવાય

છે. ખરેખર વ્રતમાં રહેલા જ્ઞાનવંત પુરુષોની પૂજા કરવામાં આવી હોય તો કલ્પવૃક્ષોની જેમ સારા ઉપદેશરૂપ ફળોથી સફળ છે અર્થાત્ ઉપદેશરૂપ ફળ આપનારા થાય છે.

તેને માટે કહ્યું છે કે :–નિર્દોષ ઉપદેશ, હંમેશાં ધર્મને ધારણ કરનારાઓનું દર્શન અને યોગ્ય રીતે વિનય એ સાધુની સેવાનું મોટું ફળ છે.

શ્રી ભાગવતમાં પણ કહ્યું છે કે :–મહાન પુરુષોની સેવા મુક્તિનું દ્વાર કહેવાય છે અને સ્ત્રીઓનો સંગ કરનાર પુરુષનો સંગ કરવો તે નરકનું દ્વાર કહેવાય છે. જે સમાન-ચિત્તવાળા, શાંતિ પામેલા, ક્રોધરહિત થયેલા, સારા હૃદયવાળા અને સાધુ પુરુષો છે, તે મહાપુરુષો કહેવાય છે. ૧.

તેમની પૂજા અને સેવા વગેરે કરવાથી સારા ફળની પ્રાપ્તિ થાય છે. જેમ આચાર્ય શ્રી બપ્પભટ્ટસૂરિજીમ.થી આમરાજાને પાપની નિવૃત્તિ, અથવા શ્રીહેમચન્દ્રચાર્યથી કુમારપાળરાજાને પાપની નિવૃત્તિ, પોતાના જીવનું સંરક્ષણ અને સ્થાને સ્થાને જયની પ્રાપ્તિ વગેરે થઈ હતી અથવા કપર્દી શેઠની જેમ ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. આ સ્થળે તે શેઠનું દૃષ્ટાંત બતાવે છે.

## कपर्दिश्रेष्ठिकथा

श्रीपत्तननगरे श्रीकुमारपालराज्ये कपर्दी श्राद्धो निर्द्धनः, स च दिवाजीविका-व्यग्रत्वेन रात्रौ शालायामागत्य प्रतिक्रामति, रात्रौ तत्रैव शेते पौरुष्यनन्तरं श्रीहेमसूरीणां विश्रामणां करोति, एकदा तस्य निःसीमसेवया भक्त्या तुष्टा गुरवस्तमेवमाहुः, तव निर्वाहः कथम् ?

तेनोक्तं, पोट्टलिकवृत्त्या, गुरुभिर्दयार्द्रैस्तस्य भक्तामरस्तोत्रैकादशवृत्तस्य 'दृष्ट्वा भवन्तमिति रूपस्याम्नायो दत्तः, स च त्रिसन्ध्यं १०८ अष्टोत्तरशतवारं स्मरति ब्रह्मचर्य-भूशयनैकभक्तादिपरः, एवं षण्मासी जाता, रात्रौ चक्रेश्वरी कामधेनुरूपेणागता, कथितं प्रातः कोरकघटाः सज्जीकार्याः, तेषु मद्दुग्धं क्षिप्तं स्वर्णीभविष्यति, द्वितीये दिने ३२ घटा १६ मणप्रमाणाः कारिताः। रात्रौ तेन ( तेषु )कामधुक् दुग्धा, एको घटः स्थापितः, प्रातः सर्वेऽपि स्वर्णभृताः समजायन्त, तृतीयदिने राजादयो निमन्त्रिताः भोजनार्थं, स्थापितघटदुग्धपरमान्नेन राजादीनां भोजनं, श्रीगुरव आकारिताः, दर्शिता घटाः, सर्वेषां विस्मयः, ततो महर्द्धिव्यवहारी जज्ञे, एवं गुरुसेवा फलदायिनीति, यद्वा नागार्जुनस्येव श्रीपादलिप्तसेवया गगनविद्याश्राद्धधर्मादिप्राप्तेश्च ॥'

## કપર્દીશેઠનું દૃષ્ટાંત

શ્રી પાટણ નગરમાં શ્રી કુમારપાળ રાજાના રાજ્યની અંદર કપર્દી નામે એક નિર્ધન શ્રાવક રહેતો હતો. તે શ્રાવક દિવસમાં પોતાની આજીવિકાના કાર્યમાં આકુળ

વ્યાકુળ હોવાથી રાત્રિને વિષે પૌષધશાળામાં આવી પ્રતિક્રમણ કરતો અને રાત્રિમાં ત્યાં જ સૂઈ રહેતો. સંથારાપોરિસી ભણાવ્યા પછી પૂ. શ્રી હેમચંદ્રાચાર્યની વિશ્રામણા-ભક્તિ કરતો હતો.

એક વખતે તે કપર્દીની સીમા વગરની સેવા અને ભક્તિથી પૂ. શ્રી હેમચંદ્રાચાર્ય તેના ઉપર સંતુષ્ટ થયા અને કહ્યું કે તારો નિર્વાહ કેવી રીતે થાય છે ?

કપર્દીએ કહ્યું કે, 'પોટલું લઈ ફેરી કરવાથી મારો નિર્વાહ થાય છે.' તે સાંભળી દયાથી આર્દ્ર થયેલા ગુરુ મહારાજે તે કપર્દી શેઠને दृष्ट्वा भवन्तं....ઇત્યાદિ ભક્તામર સ્તોત્રના અગિયારમાં શ્લોકનો આમ્નાય-ગુરુગમ આપ્યો. તે શ્રેષ્ઠી બ્રહ્મચર્યનું પાલન, પૃથ્વી ઉપર શયન, અને એક વખત ભોજન વગેરે કરવામાં તત્પર થઈ તેને ત્રિકાળ એકસો આઠ વખત સ્મરણ કરે છે એવી રીતે સ્મરણ કરતાં છ મહીના થયા પછી રાત્રિને વિષે કામધેનુના રૂપથી ચક્રેશ્વરી દેવીએ પ્રગટ થઈ કહ્યું કે પ્રાતઃકાળે કોરા ઘડાઓ તૈયાર કરી રાખવા. તેની અંદર મારું દૂધ નાંખવાથી તે ઘડાઓ સુવર્ણના થઈ જશે. બીજે દિવસે સોળ મણના પ્રમાણવાળા બત્રીશ ઘડાઓ કરાવ્યા પછી રાત્રિને વિષે તે કપર્દી શ્રેષ્ઠીએ કામધેનુને દોહી એક ઘડો સ્થાપન કર્યો. પ્રાતઃકાળે સર્વે ઘડાઓ સુવર્ણથી ભરાઈ ગયા. ત્રીજે દિવસે તેણે રાજા વગેરેને ભોજન કરવા માટે આમંત્રણ કર્યું. પ્રથમ સ્થાપિત ઘડામાં રહેલા દૂધના પરમાન્નથી રાજા વગેરેને ભોજન કરાવ્યું પછી ગુરુવર્ય શ્રીમદ્ હેમચંદ્રાચાર્યને બોલાવ્યા અને તે ઘડાઓ બતાવ્યા, તે જોઈને સર્વેને વિસ્મય થયો. તે પછી તે કપર્દી મોટી ઋદ્ધિવાળો વ્યવહારી-શેઠ થયો.

આવી રીતે ગુરુમહારાજની ઉપાસના ફળ આપનારી છે ઇત્યાદિ. અથવા જેમ **નાગાર્જુન**ને શ્રીમદ્ **પાદલિપ્તાચાર્ય**ની સેવાથી આકાશમાં ગમન કરવાનો લેપ અને શ્રાવક ધર્મ વગેરેની પ્રાપ્તિ થઈ હતી.

હવે ગ્રંથકારશ્રી ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશ દ્વારા ફળ બતાવે છે.

**ज्ञानवन्तः सुवृत्तस्था, यतः सद्बुद्धिदायिनः ।**
**अतस्तत्पूजया धर्मं, विवेकी लभते सुखात् ॥१००॥**

**શબ્દાર્થ—સારા વૃત્તમાં રહેવાવાળા જ્ઞાનવંત પુરુષો જે કારણથી સદ્બુદ્ધિને આપનારા થાય છે. એ હેતુથી તેમની પૂજાવડે વિવેકી પુરુષ ધર્મને કષ્ટ સિવાય પ્રાપ્ત કરે છે. ૧૦૦**

इति चतुर्विंशतितमो गुणः ॥

● ● ●

(૨૫)

# પચ્ચીસમો ગુણ–પોષ્યપોષણ

હવે, આશ્રિતવર્ગનું પોષણ કરવા રૂપ પચ્ચીસમા ગુણનું વર્ણન કરે છે.

**तथा पोष्या अवश्यभर्त्तव्या व्यवहारेण मातृपितृगृहिण्यपत्यादयस्तान् योगक्षेमकरणेन पोषयतीति पोषकः । यतः–**

[१]वृद्धौ मातापितरौ साध्वी, भार्या लघूनि च शिशूनि ।
अप्युपायशतं कृत्वा, पोष्याणि मनुरब्रवीत् ॥२६॥ [મનુસ્મૃતિ. અ.૪]

**શબ્દાર્થ**–વ્યવહારથી અવશ્ય ભરણ પોષણ કરવા લાયક એવા માતા, પિતા, ભાર્યા અને સંતાન વગેરે પોષ્ય કહેવાય છે અને તેમને યોગ તથા ક્ષેમ કરવાથી (નહીં પ્રાપ્ત થયેલાની પ્રાપ્તિ કરાવવી તેને યોગ કહે છે અને પ્રાપ્ત થયેલાનું રક્ષણ કરવું તેને ક્ષેમ કહે છે) પોષણ કરે તે પોષક કહેવાય છે. તેથી ગૃહસ્થોએ પોષ્ય વર્ગનું પોષણ કરનાર થવું જોઈએ.

કહ્યું છે કે–વૃદ્ધાવસ્થાને પહોંચેલા માતા પિતાઓનું, ઉત્તમ આચારવાળી ભાર્યાનું અને નાના બાળકોનું સેંકડો ઉપાય કરીને પણ પોષણ કરવું જોઈએ એમ મનુએ કહ્યું છે.
૧. વળી કહ્યું છે કે :-

चत्वारि ते तात ! गृहे वसन्तु, श्रियाभिजुष्टस्य गृहस्थधर्मे ।
सखा दरिद्रो भगिनी व्यपत्या, ज्ञातिश्च वृद्धा विधनः कुलीनः ॥

હે તાત ! ગૃહસ્થધર્મની અંદર લક્ષ્મીથી સેવાયેલા તારા ઘરમાં દરિદ્રી મિત્ર, સંતાન વગરની બહેન, વૃદ્ધ થયેલો જ્ઞાતિનો પુરુષ અને નિર્ધન થયેલો કુલીન પુરુષ એ ચાર વાસ કરીને રહો.

**पोष्यापोषकत्वे हि गृहिणां लोकाचाररहितत्वेन यशःशोभामहिमादिहानिश्च, ते हि यथायुक्त्याऽपोषिताः स्तैन्यान्यायादिकारित्वेनानर्थदाः स्युः, स्वच्छन्दचारिणश्च । यथा सागरश्रेष्ठिनो वधूट्यः । यथा–**

---

१. वृद्धौ च मातापितरौ, सतीं भार्यां सुतान् शिशून् ।
अपि कर्मशतं कृत्वा, भर्तव्यान् मनुरब्रवीत् ॥२६॥ મનુસ્મૃતિ. અ.૪

પોષ્યવર્ગનું પોષણ નહિ કરવામાં ગૃહસ્થોનો લોકાચારથી રહિતપણાવડે અને યશ, શોભા, મહિમા વગેરેની હાનિ થાય છે. ખરેખર તેઓ યુક્તિ પ્રમાણે (કહ્યા પ્રમાણે) નહિ પોષણ કરાયેલાઓને ચોરી, અન્યાયને કરવા વડે અનર્થ આપનારા થાય છે અને સ્વચ્છંદાચારી બને છે.

## सागरश्रेष्ठिकथा

चम्पापुर्यां सागरः श्रेष्ठी, चत्वारः पुत्राः, तद्वध्वः, कालेन श्रेष्ठिभार्या परासुरभूत्, श्रेष्ठी कृपणत्वात्तृष्णातरलितचित्तवृत्तिर्गृह एव तिष्ठति, तद्दृष्टौ यः कोऽपि गृहजनो भव्यभोजनसुवस्त्रपरिधानस्नानदानादि कुरुते, तेन सहाहर्निशं कन्दलं विदधाति, किं बहुना ? कणवृत्तिमपि दातुं न कोऽपि शक्नोति, एवं सकलपरिजने सीदति पुत्रवध्वः स्वच्छन्दवृत्त्या श्रेष्ठिनि सुप्ते रात्रौ भुञ्जते, क्रीडन्ति स्वेच्छया, सर्वत्र भ्रमन्ति च ।

एकदा तासामेका योगिनी मिलिता, तया प्रीणितया व्योमगमनविद्या दत्ता, तदनु ता वध्वो रात्रौ पशुबन्धस्थानस्थमेकं महाकाष्ठमारुह्य व्योम्नि चलिताः, सर्वत्र क्रीडां कृत्वा पाश्चात्यरात्रौ समागत्य तत्काष्ठं यत्र तत्र प्रोज्झ्य सुप्ताः, एवं सर्वदा रात्रौ कुर्वन्ति ।

अन्यदा पशुबन्धनदोहादिचिन्ताकारिणा कर्मकरेण काष्ठस्य यत्र तत्र गमागम-कारणं जिज्ञासुना रात्रौ प्रच्छन्नगत्या विलोकितं, ज्ञातं वधूनां चरित्रं चिन्तितं च, कल्ये विलोकयिष्यामि एताः क्व व्रजन्तीति, ततो द्वितीयदिनसन्ध्यायां सर्वे पशुबन्धनदोहादि कृत्वा तत्र शुषिरे काष्ठे प्रविश्य स्थितः, रात्रौ काष्ठं पूर्ववच्चलितं, गतं स्वर्णद्वीपे, चतस्रोऽपि वध्वो वनेषु भ्रमन्ति, कर्मकरोऽपि काष्ठाद्बहिर्निर्गतः, सर्वत्र सुवर्णं पश्यति, विस्मितः, वधूसमागमनावसरे कियत्सुवर्णं गृहीत्वा पूर्वरीत्या शुषिरे प्रविष्टः, आगतास्ता मन्त्रशक्त्योत्पपात दारु, क्षणमात्रेण स्वस्थानमागताः, काष्ठं त्यक्त्वा स्वस्वशय्यासु सुप्ताः ।

एवं कियत्काले गते कर्मकृत्स्वर्णबलेन गृहकर्म न करोति, श्रेष्ठिनः संमुखं वक्ति, श्रेष्ठिना धूर्तेनाचिन्ति, यदुतानेन किमपि लब्धं, मृदुवचोभिरेकदा रहसि भाषितः श्रेष्ठिना तथा, यथाऽनेन सर्वोऽपि वधूव्यतिकरो जठरेऽजीर्णः प्रकाशितः, अद्याहं विलोकयामि त्वया कस्यापि न कथनीयमिति कर्मकरं प्रज्ञाप्य रात्रौ प्रच्छन्नः काष्ठशुषिरे स्थितः, पूर्वगत्या स्वर्णद्वीपे प्राप्तं, निर्गतः श्रेष्ठी, दृष्ट्वा सर्वाऽपि भूमिः स्वर्णमयी, लोभाकुलितेन निभृतं भृतं तत् शुषिरं, स्वयं सङ्कुच्य स्थितः,

**किञ्चित्सुवर्णमुत्सङ्गे गृहीतं, द्वयमुपरि तिष्ठति द्वयं वहतीति व्यवस्थया पश्चादागच्छन्तीनां महाभारः, यावता समुद्रोपरि समायातास्तावता श्रान्ताः कथयन्ति परस्परमेतत्काष्ठं त्यक्त्वा जलोपरि यत्तरदस्ति तद्गृह्यते, एतत् श्रुत्वा मध्यस्थः श्रेष्ठी ब्रूते हे वध्वः ! अहं मध्येऽस्मि, न त्याज्यमेतत्, इति श्रेष्ठिवचः श्रुत्वा हृष्टाः प्रोचुः, अद्य निर्गच्छतु गृहात्पापमिति कृत्वा सागरः सागरे क्षिप्तः । वध्वः पश्चादाययुः सुखिन्यो जाताः ॥**

## સાગરશેઠનું દૃષ્ટાંત

ચંપાપુરીમાં સાગર નામે એક શેઠ હતો. તેને ચાર પુત્રો અને તેની ચાર વહૂઓ હતી. કાળે કરી સાગર શેઠની ભાર્યા મરણ પામી. પોતે કૃપણ હોવાથી તૃષ્ણાથી ચપલ થયેલી ચિત્તની વૃત્તિવાળો સાગર શેઠ હંમેશાં ઘરમાં જ રહેતો હતો. જો ઘરના કોઈપણ માણસ તેની દૃષ્ટિએ મનોહર ભોજન કરે, સુંદર વસ્ત્ર પહેરે કે સ્નાન-દાન વગેરે કરે તો તેની સાથે તે દરરોજ કજીઓ કરતો. વધારે તો શું પણ કોઈ અનાજની કણવૃત્તિ પણ આપવાને સમર્થ ન હતું. આ પ્રમાણે કરવાથી શેઠનો સઘળો પરિવાર હેરાન થવા લાગ્યો. પછી શેઠના પુત્રોની ચારે વહુઓ જ્યારે રાત્રે શેઠ સૂઈ જાય ત્યારે પોતાની ઈચ્છા પ્રમાણે ભોજન કરવા લાગી, ઈચ્છા પ્રમાણે ક્રીડા કરવા લાગી અને સર્વ ઠેકાણે ભ્રમણ કરવા લાગી.

એક વખત તે ચારે વહુઓને એક યોગિની મળી. પછી તેમની ભક્તિથી પ્રસન્ન થયેલી તે યોગીનીએ તે વહુઓને આકાશગામિની વિદ્યા આપી તે પછી પશુને બાંધવાના સ્થાનમાં રહેલા એક મોટા કાષ્ટ ઉપર આરૂઢ થઈ આકાશમાં ગમન કરતી અને સર્વ ઠેકાણે ક્રીડા કરી પાછલી રાત્રે આવી તે કાષ્ટને જ્યાં ત્યાં નાંખી સૂઈ જતી. એવી રીતે હંમેશા રાત્રીમાં ગમનાગમન કરે છે.

એક દિવસ પશુને બાંધવાની અને દોહવાની ચિંતા કરનાર અને કાષ્ટનું જ્યાં ત્યાં પડવાનું કારણ જાણવાની ઈચ્છાવાળા નોકરે રાત્રે તે ગુપ્ત રીતે જોઈ લીધું અને વહુઓનું ચરિત્ર તેનાં જાણવામાં આવ્યું. પછી તેણે વિચાર કર્યો કે આવતી કાલે હું તપાસ કરીશ કે આ વહુઓ ક્યાં જાય છે ? ત્યાર પછી બીજા દિવસની સાંજે સર્વ પશુઓને બાંધી દોહી વગેરે કાર્ય કરી તે કાષ્ટના પોલાણમાં પ્રવેશ કરીને બેસી રહ્યો. રાત્રિમાં પ્રથમની જેમ તે કાષ્ટ આકાશમાં ચાલ્યું અને અનુક્રમે સુવર્ણદ્વીપમાં ગયું ત્યાં ચારે વહુઓ લાકડા ઉપરથી ઉતરીને વનમાં ભ્રમણ કરવા લાગી. તે નોકર પણ કાષ્ટથી બહાર નીકળી અને જ્યાં જુએ છે ત્યાં સુવર્ણને જ જુએ છે, તે જોઈ વિસ્મય પામ્યો. વહુઓના આવવાના વખતે કેટલુંક સુવર્ણ ગ્રહણ કરી તે નોકરે પહેલાની જેમ કાષ્ટના પોલાણમાં પ્રવેશ કર્યો.

એટલામાં તે વહુઓ આવી અને કાષ્ટ યંત્રશક્તિથી આકાશમાં ઉડ્યું. વહુઓ ક્ષણમાત્રમાં પોતાના સ્થાનમાં આવી કાષ્ટનો ત્યાગ કરી પોતપોતાની શય્યામાં સૂઈ ગઈ.

આવી રીતે કરતાં કેટલોક કાળ પસાર થએ છતે તે નોકર સુવર્ણના બળથી ઘરનું કાર્ય કરતો નથી અને સાગર શેઠની સામું બોલવા લાગ્યો. આથી ધૂર્ત શેઠીયાએ વિચાર કર્યો કે, આ સેવકને કાંઈપણ પ્રાપ્ત થયું છે એમ મને શંકા છે. પછી તે શેઠીયાએ એક વખતે એકાંતમાં કોમળ વચનોથી એવી રીતે કહ્યું કે જેથી તે નોકરે વહુઓનો તમામ વૃત્તાંત પેટમાં નહિ રહેવાથી પ્રગટ કરી દીધો. પછી આજે હું તપાસ કરીશ તારે કોઈને કહેવું નહીં, એમ શેઠે નોકરને જણાવીને રાત્રિમાં ગુપ્ત રીતે કાષ્ટના પોલાણમાં રહ્યો. પહેલાની જેમ કાષ્ટ સુવર્ણદ્વીપમાં આવ્યું. પછી શ્રેષ્ઠી પોલાણમાંથી બહાર નીકળ્યો, ત્યાં તેણે સર્વભૂમિ સુવર્ણમય દેખી તથા તે લોભાકુળ શ્રેષ્ઠીએ તે કાષ્ટના પોલાણને સુવર્ણથી ભર્યું અને પોતે સંકોચ કરી પોલાણમાં રહ્યો. શેઠે કેટલુંક સુવર્ણ પોતાના ખોળામાં ભર્યું. બે વહુઓ કાષ્ટ ઉપર બેસે છે અને બે વહુઓ વહન કરે છે એવી વ્યવસ્થાથી નિરંતર વારા ફરતી વહન કરે છે. આજે તો પાછી આવતી વહુઓમાંથી વહન કરવાવાળી વહુઓને ઘણો ભાર લાગ્યો. જેવામાં સમુદ્ર ઉપર આવી, તેવામાં તે થાકી ગઈ, પછી પરસ્પર કહેવા લાગી કે આ કાષ્ટનો ત્યાગ કરી જે જળ ઉપર તરે છે. તેને ગ્રહણ કરીએ.

આ વાતને સાંભળી કાષ્ટના પોલાણમાં રહેલો શેઠ બોલ્યો કે 'હે વહુઓ ! હું કાષ્ટની અંદર છું. તેથી આ કાષ્ઠનો ત્યાગ કરશો નહીં.' શેઠના આ વચન સાંભળી વહુઓ ખુશી થઈ બોલી કે આજ આપણા ઘરમાંથી પાપ નીકળવા દ્યો, એમ કહી સાગર શેઠને સાગરની અંદર ફેંકી દીધો. પછી બીજા કાષ્ટ દ્વારા વહુઓ પોતાને ઘેર પાછી આવી અને સુખી થઈ.

**एवं पोष्यापोषकत्वे गृहिणां न परिजनो न धर्मार्हताऽपि च ।**

**पोष्यपोषक भावेन, गृहिणः परिजनः सुखी ।**
**तत्सुखे धर्मकर्माणि, सुसाध्यानि भवन्ति वै ॥१०१॥**

**એ રીતે પોષ્ય વર્ગનું પોષણ કરવામાં ન આવે, તો ગૃહસ્થોને પરિવાર પોતાનો થતો નથી અને ધર્મની યોગ્યતા પણ થતી નથી.**

**પોષ્ય વર્ગનું પોષણ કરવાથી ગૃહસ્થોનો પરિવાર સુખી થાય છે તેમને સુખ થવાથી ધર્મકાર્યો સુસાધ્ય થાય છે. ૧૦૧**

**પોષ્ય વર્ગના પોષણનો વ્યવહારથી વિચાર કરી હવે નિશ્ચયથી વિચાર કરે છે.**

अथ निश्चयचिन्तया देवगुरुस्वात्मानस्त्रय एव पोष्याः । [ योगसारे तृतीय-प्रस्तावे ] यतः—

पोषणीयो जगन्नाथः, पोषणीयश्च सद्गुरुः ।
पोषणीयस्तथा स्वात्मा, किमन्यैर्बत ! पोषितैः ॥३/२६॥

परमनिश्चयेन तु पोष्यः स्वात्मैव, तदपोषकत्वे परपोषोऽपोष एव । यतः—

નિશ્ચયથી વિચાર કરીએ તો દેવ, ગુરુ અને પોતાનો આત્મા એ ત્રણ જ પોષણ કરવા લાયક છે.

કહ્યું છે કે :—જગતના નાથ-તીર્થંકર સદ્ગુરુ અને પોતાનો આત્મા એ ત્રણ પોષણ કરવાં. બીજાનું પોષણ કરવાથી શું પ્રયોજન છે ?

ઉત્કૃષ્ટ નિશ્ચયથી તો પોતાનો આત્મા જ પોષણ કરવા લાયક છે. કારણ કે તેનું પોષણ કરવામાં ન આવે તો બીજાનું પોષણ કરવું તે પોષણ જ નથી. કહ્યું છે કે :-

परलोकविरुद्धानि, कुर्वाणं दूरतस्त्यजेत् ।
आत्मानं यो न संधत्ते, सोऽन्यस्मै स्यात्कथं हितः ॥

પરલોક સંબંધી વિરુદ્ધ કાર્યો કરનારનો દૂરથી જ ત્યાગ કરવો અને જે પોતાના આત્માને ધારણ કરી શકતો નથી તે પુરુષ બીજાના હિતને માટે કેવી રીતે થાય ?

હવે ગ્રંથકારશ્રી ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા ફળ બતાવે છે.

**एवं यः पोषयेत्पोष्यान्, न्यायवृत्तिपरायणः ।**
**सुधर्मकर्मणो योग्यः, स स्यात् शस्यात्मसंस्थितिः ॥१०२॥**

શબ્દાર્થ—ઉપર જણાવ્યા પ્રમાણે ન્યાયથી વર્તન કરવામાં તત્પર રહેનાર જે પુરુષ પોષ્ય વર્ગનું પોષણ કરે તે પ્રશંસા કરવા લાયક એવી આત્માની સ્થિતિવાળો થઈ સારા ધર્મરૂપ કાર્યને યોગ્ય થાય છે. ૧૦૨.

इति पञ्चविंशतितमो गुणः ॥

• • •

(२६)

# છવ્વીસમો ગુણ–દીર્ઘદર્શી

હવે, છવ્વીસમા દીર્ઘદર્શી ગુણનું વર્ણન કરે છે–

**तथा दीर्घकालभावित्वाद्दीर्घमर्थमनर्थं च पश्यति पर्यालोचयतीत्येवंशीलो दीर्घदर्शी । यतः–**

**શબ્દાર્થ–લાંબા કાળે થનાર હોવાથી દીર્ઘ એવા અર્થ કે અનર્થને જોનાર અર્થાત્ પર્યાલોચન કરવાના સ્વભાવવાળો દીર્ઘદર્શી કહેવાય છે. કહ્યું છે કે :-**

**आढवइ दीहदंसी, सयलं परिणामसुंदरं कज्जं ।**
**बहुलाभमप्पकेसं, सलाहणिज्जं बहुजणाणं ॥**

**यथा धनश्रेष्ठी–**

**દીર્ઘદર્શી પુરુષ પરિણામે સુંદર, ઘણો લાભ અને અલ્પ કલેશવાળું તથા ઘણા લોકોને પ્રશંસા કરવા લાયક એવા સર્વ કાર્યનો આરંભ કરે છે. ધનશ્રેષ્ઠીની જેમ**

## धनश्रेष्ठिकथा

**वसन्तपुरे धनाभिधः श्रेष्ठी भार्यासुतवधूभ्रातृजायाभगिन्यादिबहुकुटुम्बसम्पन्नो महर्द्धिवर्द्धिष्णुर्निवसति, अन्यदा जितशत्रुनृपेण श्रेष्ठिगृहासन्ने देवगृहं कारितम्, तत्र च सन्ध्याद्वये राजनियुक्ता गन्धर्वा नर्त्तकीनटपेटकादिसहिता गीतनृत्यलास्यादि विदधते, तच्छ्रवणरसावर्जितहृदयः श्रेष्ठिमहेलादिवर्गो मुक्तगृहव्यापार ऊर्ध्वस्थितः शृणोति, पूर्वं सलज्जतया सापेक्षः क्रमेण मुक्तमर्यादश्च जज्ञे, तत्तादृशचेष्टितं दृष्ट्वा धनेनाचिन्ति न शोभनमिदम् । यतः–**

**चवला मयलणसीला, सिणेहपरिपूरियावि तावेइ ।**
**दीवयसिह व्व महिला, लद्धप्पसरा भयं देइ ॥**

**ततो न यावत् शशिविमले मम कुले मलिनता जायते, तावत्सामोपायेनैव निवारयामि स्वकुटुम्बमिति विमृश्य कारितं निजगृहैकदेशे देवगृहम्, स्थापिता धनदयक्षप्रतिमा, यस्यां वेलायां ते गन्धर्वा नृपदेवकुले गीताभ्यासं कुर्वन्ति, तस्यां वेलायां श्रेष्ठी यक्षाग्रे मृदङ्गवेणुनिस्वानाद्यातोद्यनिनादाद्वैतं कारयति, गन्धर्वादीनां**

गीतादिव्याघातो भवति, न कोऽपि किमपि शृणोति, एवमुद्वेजितास्ते नृपमुपस्थिताः, देव ! धनोऽस्माकं कलाभ्यासव्याघातकृदिति विज्ञप्ते आकारितः श्रेष्ठी भाषितश्च, भोः ! किमेवमनुष्ठीयते, धनेन विज्ञप्तम्, देव ! किलेदमुपदिश्यते शास्त्रे-असारः संसारः, तरलं यौवनं, गत्वरा श्रीः, स्वप्नसमः प्रियसङ्गमः, सुदुःसहा पापपरिणतिः, वृद्धा वयं, समासन्नीभूतः परलोकः, ततः प्राप्तावसरो धर्मः । यतः—

जं जं करेइ तं तं, न सोहए जुव्वणे अइक्कंते ।
पुरिसस्स महिलियाए, इक्कं धम्मं पमुत्तूणं ॥

अतो राजन् ! निजभुजोपार्जितद्रविणेन देवकुलं कारितम्, तत्रेष्टदेवार्चनावसरे कारयामि नादपूजामनन्तफलदायिनीम्, इति श्रुत्वैतत् राज्ञा ईषद्विहस्योक्तम्, यद्येवं वैराग्यरङ्गस्तव तदा वनवास एव युक्तः, गृहवासे कीदृग् धर्मः । यतः—

पुत्तनियलाइं जंमि य, आसपिसाई विनिच्छयं छलइ ।
तत्थ य धण ! गिहवासे, सुमिणेवि न जाउ धम्मगुणो ॥

धनेनोक्तं देव ! सत्यमेतत्, किं तु जनो भणति—

गृहाश्रमसमो धर्मो, न भूतो न भविष्यति ।
पालयन्ति नराः शूराः, क्लीबाः पाखण्डमाश्रिताः ॥

राजाऽप्याह, भो वणिग्वर ! गृहाश्रमगतोऽपि दानादिधर्मो गुरुभिरुपदिष्टो ज्ञायते, ततस्तमाश्रमं माऽप्रमाणीकुरु । धनः प्राह, राजन् ! जनश्रुतिरेवं—'जं बंभणो भणइ तं कायव्वं, जं करेइ तं न कायव्वं' इति । इत्यादिप्रत्युत्तरपरो राज्ञोक्तः, हे विज्ञ ! किममुना वाग्विस्तरेण परमार्थं ब्रूहि । तदनु पाणी नियोज्य विज्ञप्तं, हे प्रजावत्सल ! वयमत्र तव च्छत्रच्छायायां वसामः, निर्मलं चास्मत्कुलम्, निर्वाहित इयान् कालः कुलनिष्कलङ्कवृत्त्या, बहव्यश्च मद्गृहे महेलाः—

चवलाइं इंदियाइं, वियारबहुलं च जुव्वणं देव ! ।
सच्छंदगई कामो, अविवेओ फुरइ पाणीणं ॥

ततो महाराज ! माऽमीषां गीतविनोदहास्यादिविसदृशचेष्टाविलोकनादिनोच्छृङ्खलवृत्तिर्विनश्यतु परिजनः । इत्यनागतोपायो देवकुलविधापनादिरूपः कारितः । यतो न हि प्रदीप्ते गृहे कूपखननं, उपस्थिते सङ्ग्रामे तुरगशिक्षणं, नदीपूरे प्रसृते पालिबन्धः सुकर इति । ततः सभासमक्षं राज्ञा भणितः, भोः श्रेष्ठिगरिष्ठ ! सुष्ठु ते मतिनैपुण्यं, सुप्रशंसिता सदुपायप्रकाशिता, उदर्कोदयदायिनी दीर्घदर्शिता चेत्युपबृंहणापूर्वं स्थापितोऽमात्यपदे । अनेनैव गुणेन क्रमात् प्राप्तजिनधर्मः सुखी जातः ॥

## ધનશ્રેષ્ઠીનું દૃષ્ટાંત

વસંતપુર નગરમાં પત્ની, પુત્ર, પુત્રની વહુ, ભાભી, બહેન વગેરે ઘણા કુટુંબની સંપત્તિવાળો અને મોટી ઋદ્ધિથી વૃદ્ધ ધન નામે એક શેઠ રહેતો હતો. એક વખતે તે નગરના જિતશત્રુ રાજાએ ધનશ્રેષ્ઠીના ઘરની નજીકમાં એક દેવનું મંદિર કરાવ્યું, તે મંદિરમાં રાજાએ નિયુક્ત કરેલા નાચનાર અને નાચનારી વગેરેના સમૂહથી યુક્ત એવા ગંધર્વો પ્રાતઃકાળે અને સાયંકાળે ગીત તથા નૃત્ય વગેરે કરતા હતા. તે સાંભળવાના રસથી પરાધીન હૃદયવાળો ધનશ્રેષ્ઠીનો મહિલાદિ વર્ગ ઘરના કામકાજનો ત્યાગ કરી ઊભા રહી સાંભળે છે. પ્રથમ તો શરમયુક્ત હોવાથી અપેક્ષાપૂર્વક સાંભળતો હતો, પરંતુ અનુક્રમે તે મર્યાદા રહિત થયો. તેમનું તેવા પ્રકારનું આચરણ જોઈ, ધનશ્રેષ્ઠીએ વિચાર કર્યો કે આ સારું થતું નથી. કહ્યું છે કે :-

**"ચપલ, મલીન સ્વભાવવાળી અને સ્નેહથી પરિપૂર્ણ ભરેલી હોય તો પણ સ્વછંદ વર્તન કરનારી સ્ત્રી દીપશિખાની જેમ તાપ અને ભય આપનારી થાય છે."**

તેથી જ્યાં સુધી ચંદ્રમા જેવા મારા નિર્મળકુળમાં મલિનતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધીમાં મધુર વચનોથી સમજાવવા રૂપ સામ ઉપાયથી જ મારા કુટુંબને અટકાવું. એમ વિચાર કરી ધનશ્રેષ્ઠીએ પોતાના ઘરના એક ભાગમાં દેવમંદિર કરાવ્યું અને તેમાં ધનદ-યક્ષની મૂર્તિ સ્થાપના કરી. જે વખતે તે ગંધર્વો રાજાના મંદિરમાં ગાનાદિકનો અભ્યાસ કરે છે તે જ વખતે તે શ્રેષ્ઠી યક્ષની આગળ મૃદંગ, વાંસળી આદિ વાજીંત્રના નાદ કરાવવા લાગ્યો. આથી ગંધર્વ વગેરેના ગીત નૃત્યાદિકમાં વ્યાઘાત થવા લાગ્યો. તેથી કોઈ કાંઈ પણ સાંભળી શકતા નથી. એવી રીતે ઉદ્વેગ પામેલા તે ગંધર્વો રાજા પાસે ગયા અને જણાવ્યું કે હે દેવ ! ધનશ્રેષ્ઠી અમારા કલાભ્યાસમાં અટકાવ કરે છે.

આ પ્રમાણે તેમની વિજ્ઞપ્તિ થતાં રાજાએ ધનશ્રેષ્ઠીને બોલાવી કહ્યું કે હે શેઠ ! શા માટે તેઓને અડચણ થાય તેમ વર્તો છો ? ધનશ્રેષ્ઠીએ જણાવ્યું કે હે દેવ ! શાસ્ત્રમાં આ પ્રમાણે ઉપદેશ કરેલ છે કે સંસાર અસાર છે, યૌવન ચપળ છે, લક્ષ્મી નાશવંત છે, પ્રિયનો સમાગમ સ્વપ્ન સરખો છે, પાપના પરિણામ દુઃસહ છે, અમે વૃદ્ધ થયા છીએ અને પરલોકગમન નજીક આવ્યું છે. હવે ધર્મ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. તેને માટે કહ્યું છે કે–

**પુરુષ અને સ્ત્રીને યૌવન અવસ્થા ઉલ્લંઘન થયા પછી એક ધર્મ કાર્ય સિવાય (અવસ્થા અનુચિત) જે કાર્યો કરવામાં આવે છે, તે શોભતાં નથી.**

આ હેતુથી હે રાજન્ ! મારી ભુજાથી ઉપાર્જન કરેલ દ્રવ્યથી મે એક મંદિર બંધાવ્યું છે અને તે મંદિરમાં મારા ઈષ્ટદેવની પૂજા વખતે અનંતફળને આપનારી નાદ પૂજા (સંગીત પૂજા) કરાવું છું. શ્રેષ્ઠીના આવા વચન સાંભળી રાજાએ કાંઈક હસીને કહ્યું કે શેઠજી જો તમે આવા પ્રકારના વૈરાગ્યથી રંગાયેલા છો તો તમારે વનવાસ કરવો

યોગ્ય છે. ગૃહસ્થાશ્રમમાં કેવી રીતે ધર્મ કરી શકાય ? તે માટે કહ્યું છે કે—

**જ્યાં પુત્રકલત્રાદિનો (વાસ છે) ત્યાં આશા રૂપ પિશાચ અવશ્ય છળે છે. તો તેવા ગૃહસ્થાવાસમાં હે ધનશ્રેષ્ઠિન્ ! સ્વપ્નમાં પણ કદી ધર્મ થતો નથી.**

આ સાંભળી ધનશ્રેષ્ઠીએ કહ્યું કે હે રાજન્ ! આપનું કહેવું સત્ય છે. પરંતુ લોક કહે છે કે—

**ગૃહસ્થાશ્રમ જેવો ધર્મ થયો નથી અને થવાનો નથી. શૂરા પુરુષો તેને પાળે છે અને કાયર પુરુષો પાખંડનો આશ્રય લે છે.**

પછી રાજાએ કહ્યું કે, હે ઉત્તમ વણિક્ ! ગૃહસ્થાશ્રમ સંબંધી દાનાદિક ધર્મ ગુરુઓના ઉપદેશથી જાણવામાં આવે છે તેથી તે (વાનપ્રસ્થ) આશ્રમની તમે અવગણના ન કરો.

ધનશ્રેષ્ઠીએ કહ્યું કે હે રાજન્ ! લોકવાક્ય તો આ પ્રમાણે છે—'જે બ્રાહ્મણ કહે તે કરવું, જે કરે તે ન કરવું.' ઇત્યાદિ પ્રત્યુત્તર આપવામાં તત્પર એવા શ્રેષ્ઠીને રાજાએ કહ્યું કે—'હે વિશેષજ્ઞ !' આવી રીતે વચનના વિસ્તાર કરવાથી શું ફળ છે ? આ બાબતમાં જે પરમાર્થ હોય તે નિવેદન કરો 'તે પછી હાથ જોડી ધનશ્રેષ્ઠીએ વિજ્ઞપ્તિ કરી કે હે પ્રજાવત્સલ ! અમે તમારી છત્રછાયામાં વસીએ છીએ, મારું કુળ નિર્મળ છે, કુળને કલંક ન આવે તેવી વૃત્તિથી આટલો વખત નિર્ગમાવ્યો છે, મારા ઘરમાં સ્ત્રીઓ ઘણી છે.

**"હે રાજન્ ! ઈંદ્રિયો ચપલ છે, યૌવન ઘણા વિકારવાળું છે, કામદેવ સ્વતંત્ર ગતિ કરનાર છે, પ્રાણીઓનો અવિવેકસ્ફુરી રહ્યો છે."**

તેથી હે મહારાજ ! આ ગંધર્વોના ગીત, વિનોદ અને હાસ્યાદિક અઘટિત ચેષ્ટાઓ વગેરેને જોવાથી મારો પરિવાર સ્વચ્છંદ થઈ વિનાશ ન પામે, એ હેતુથી દેવમંદિર કરાવવા રૂપ અનાગત (સ્વછંદ થતાં પહેલાં) ઉપાય યોજ્યો છે. કહ્યું છે કે—ઘર સળગે ત્યારે કુવો ખોદવો, સંગ્રામ જાગે ત્યારે ઘોડાને શિક્ષણ આપવું અને નદીમાં પુર આવે ત્યારે પાળ બાંધવી જેમ સહેલાઈથી થતું નથી, **તેમ પરિવારનો નાશ થાય પછી સુધારો સહેલાઈથી થઈ શકતો નથી.**

તે પછી રાજાએ સભા સમક્ષ ધનશ્રેષ્ઠીને કહ્યું કે, 'હે શ્રેષ્ઠિમુખ્ય ! તમારી બુદ્ધિની નિપુણતા શ્રેષ્ઠ છે. સદુપાયનો પ્રકાશ પ્રશંસનીય છે, અને દીર્ઘદર્શીપણું ભવિષ્યમાં ઉન્નતિ કરનારું છે.' ઇત્યાદિ પ્રશંસાપૂર્વક રાજાએ શ્રેષ્ઠીને મંત્રીપદ ઉપર સ્થાપન કર્યો. અનુક્રમે એ જ ગુણ વડે જૈનધર્મ પામી સુખી થયો.

હવે ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશ દ્વારા ફળ બતાવે છે.—

**सर्वकार्येषु यो दीर्घदर्शी स्याद्धनवन्नरः ।**

**स योग्यो भाग्यतः शुद्धधर्मकर्मणि जायते ॥१०३॥**

**શબ્દાર્થ—જે પુરુષ ધનશ્રેષ્ઠિની જેમ સર્વ કાર્યોમાં દીર્ઘદર્શી હોય તે પુરુષ ભાગ્યથી નિર્દોષ ધર્મકાર્યમાં યોગ્ય થાય છે. ૧૦૩.**

इति षड्विंशतितमो गुणः ॥

(૨૭)

# સત્યાવીસમો ગુણ–વિશેષજ્ઞતા

હવે, વિશેષ જાણવા રૂપ સત્યાવીસમો ગુણ વર્ણવે છે–

**तथा वस्त्ववस्तुनोः कृत्याकृत्ययोः स्वपरयोर्वा विशेषमन्तरं जानाति निश्चिनोतीति विशेषज्ञः । अविशेषज्ञो हि पुमान् पशोर्नातिरिच्यते । अथवा विशेषमात्मन एव गुणदोषाधिरोहरूपं जानातीति विशेषज्ञः । यतः–**

શબ્દાર્થ–विशेषज्ञः-એટલે વસ્તુ તથા અવસ્તુના, કાર્ય અને અકાર્યના, પોતાના અથવા બીજાના વિશેષને અર્થાત્ અંતરને જે જાણે છે, એટલે નિશ્ચય કરી શકે છે તે વિશેષજ્ઞ કહેવાય છે. જે પુરુષ વિશેષજ્ઞ નથી તે પુરુષ ખરેખર પશુ તુલ્ય છે. અથવા તો બીજી રીતે પોતાના આત્માને જ ગુણ દોષથી ઉપર ચઢવા રૂપ વિશેષને જે જાણે તેને વિશેષજ્ઞ કહેવાય છે. તેને માટે કહ્યું છે કે–

प्रत्यहं प्रत्यवेक्षेत, नरश्चरितमात्मनः ।
किन्तु मे पशुभिस्तुल्यं, किन्तु सत्पुरुषैरिति ॥ [યોગશાસ્ત્ર પૃ. ૫૫]

પુરુષ પોતાનું કર્તવ્ય હમેશાં જોયા કરે કે શું મારું ચરિત્ર પશુના જેવું છે કે સત્પુરુષોના જેવું છે. વળી કહ્યું છે કે–

जो नवि दिणे दिणे संकलेइ, के अज्ज अज्जिआ मि गुणा ।
अगुणेसु य न हु खलिओ, कह सो अ करिज्ज अप्पहियं ॥

આજે કેટલા ગુણો ઉપાર્જન કર્યા એવી સંકલના જે પુરુષ હમેશાં કરતો નથી અને અવગુણો મેળવવામાં ઉદ્યુક્ત હોય છે, તે પુરુષ પોતાનું આત્મહિત કેવી રીતે કરી શકે? વળી કહ્યું છે કે–

वत्थूणं गुणदोसे, लक्खेइ अपक्खवायभावेण ।
पाएण विसेसन्नू, उत्तम धम्मारिहो तेण ॥

परिखोदकसुरभितापादकसुबुद्धिमन्त्रिवत्–

પક્ષપાત સિવાય વસ્તુના ગુણ દોષોને જે ઓળખે છે, તે પ્રાયે કરી વિશેષજ્ઞ કહેવાય છે અને તેથી તે પુરુષ ઉત્તમ ધર્મને યોગ્ય થાય છે.

તે વિષે ખાઈના પાણીને સુગંધીકરનાર સુબુદ્ધિ મંત્રીનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે–

## सुबुद्धिमन्त्रिकथा

चम्पायां जितशत्रुर्नृपः । सुबुद्धिर्मन्त्री सम्यग् जिनमतज्ञः । एकदा नृपो दिव्यां रसवतीं सरसां कारयित्वा बहुसामन्तयुतः सुबुद्धिमन्त्रिणा च समं भुक्त्वा रसगृद्धोऽहो ! रसोऽहो ! गन्ध इत्यादिवचनै रसवतीं प्रशंसति, सामन्तादयोऽपि । सुबुद्धिस्तु न । राज्ञा पृष्टः, किं न प्रशंससि ?।

स प्राह, राजन् ! मनोज्ञामनोज्ञेषु वस्तुषु मम विस्मयो न स्यात्, ज्ञातपरमार्थत्वात्। यतः पुद्गलाः सुगन्धा अपि दुर्गन्धाः सरसा अपि विरसा भवन्ति । ततो निन्दाप्रशंसे न युक्ते। राजा न श्रद्धते ।

अन्यदा राजपाटिकायां गच्छन् मार्गे परिखोदकं बहुजीवक्लेवरदुर्गन्धं दुर्वर्णं कलुषं सूर्यातपक्वथितं दृष्ट्वा नासिकां वस्त्रेण पिधायाहो ! दुर्गन्धं बीभत्सं च जलमित्य-वादीत्। सुबुद्धिराह, राजन् ! मा जलं निन्द, कालप्रयोगादिनाऽभव्यमपि भव्यतया परिणमति, मनोज्ञममनोज्ञतया च । ततो न युक्ता जुगुप्सा महताम् । राजा न मन्यते।

ततो नृपप्रतिबोधाय मन्त्रिणा रहः परिखोदकं वस्त्रगलितं स्वाप्तपुरुषैरानायितं स्वगृहे । कोरकघटेषु क्षिप्तं, कतकचूर्णादिना निर्मलीकृतं, पुनर्गलितं, नव्यघटेषु क्षिप्तम्। एवं २१ दिनैस्तन्नीरं स्वच्छं सुस्वादु शीतलं जलरत्नप्रायमजायत। ततः सुरभिद्रव्यवासितं कृत्वा नृपसूदेभ्योऽर्पितम्। भोजनवेलायां राज्ञे तैरुपनीतम् । नृपस्तस्य जलस्य लोकोत्तररसस्वादुतादिगुणानुपलभ्य हृष्टः सूपकारान् प्राह, क्वेदं प्राप्तम् ? ते प्रोचुः, मन्त्रिणार्पितम् । राज्ञा मन्त्री पृष्टः प्राह ।

राजन् ! यद्यभयं ददासि तदा जलोत्पत्तिं वदामि । राज्ञाऽभये दत्ते मन्त्री यथावृत्तं प्रोवाच । नृपो न श्रद्धत्ते । ततो मन्त्रिणा पूर्वोक्तविधिना परिखोदकमानाय्य तथैव जलरत्नप्रायं कृतम् । राजा दृष्ट्वा विस्मितो मन्त्रिणं पप्रच्छ। कथं त्वयैतद् ज्ञातम्?। मन्त्री प्राह, राजन् ! श्रीगुरुवचनेन 'पुग्गलाण परीणामं' इत्यादिना । ततो नृपोऽपि सकलवस्तुविशेषज्ञतामभिलषन् गुरुसेवापरः श्रावको जातः । क्रमेण प्राप्त-प्रव्रज्यौ मुक्तिं जग्मतुः । यदुक्तम् ।

जियसत्तू पडिबुद्धो, सुबुद्धिवयणेण उदगनायंमि ।
ते दोवि समणसीहा, सिद्धा इक्कारसंगधरा ॥

## સુબુદ્ધિ મંત્રીનું દૃષ્ટાંત :

ચંપાનગરીમાં જિતશત્રુ નામે રાજા છે. તેને સારી રીતે જિનમતનો જાણ **સુબુદ્ધિ** નામે મંત્રી છે. એક વખત રાજાએ રસયુક્ત સુંદર રસોઈ કરાવી ઘણા સામંતો અને મંત્રીની સાથે રાજાએ ભોજન કર્યું. આ રસમાં આસક્ત થયેલો રાજા અને સામંત વગેરે પણ અહો રસ ! અહો ગંધ ! ઈત્યાદિ બોલી રસોઈની પ્રશંસા કરવા લાગ્યા, પરંતુ સુબુદ્ધિ મંત્રી તો મૌન રહ્યો. તેથી રાજાએ પૂછ્યું કે, 'હે મંત્રિન્ ! તમે કેમ પ્રશંસા કરતા નથી ?'

મંત્રીએ જવાબ આપ્યો કે, 'હે રાજન્ ! પદાર્થોના સ્વરૂપનું મને જ્ઞાન હોવાથી મનોજ્ઞ અને અમનોજ્ઞ પદાર્થોમાં મને વિસ્મય થતો નથી. કેમકે સુગંધવાળા પુદ્ગલો દુર્ગંધયુક્ત અને રસયુક્ત પુદ્ગલો પણ રસ વિનાનાં થઈ જાય છે. તેથી નિંદા કે પ્રશંસા કરવી યુક્ત નથી' તો પણ રાજાએ આ વાતની શ્રદ્ધા કરી નહીં.

એક દિવસ રાજપાટિકામાં જતાં માર્ગમાં ઘણા નિર્જીવ કલેવરોથી દુર્ગંધવાળું, ખરાબ વર્ણવાળું, મલીન અને સૂર્યના તાપથી ઉકળેલું ખાઈનું પાણી જોઈ રાજા વસ્ત્રથી નાસિકા ઢાંકી બોલ્યો કે, 'અહો ! આ જળ કેવું દુર્ગંધયુક્ત અને બિભત્સ છે ?' સુબુદ્ધિમંત્રીએ કહ્યું કે, 'હે રાજન્ ! તમે આ જળની નિંદા ન કરો. કારણ કે ખરાબ પદાર્થો શ્રેષ્ઠ પદાર્થપણે અને શ્રેષ્ઠ પદાર્થો ખરાબ પદાર્થપણે પરિણમે છે. તેથી મહાપુરુષે જુગુપ્સા કરવી યોગ્ય નથી.' પરંતુ રાજાએ એ વાત માન્ય કરી નહીં.

પછી મંત્રીએ રાજાને પ્રતિબોધ કરવા માટે ગુપ્ત રીતે પોતાના પ્રામાણિક પુરુષો પાસે વસ્ત્રથી ગળીને તે ખાઈનું પાણી મંગાવ્યું અને પોતાના ઘરમાં લાવી, કોરા-ઘડાઓની અંદર નાંખ્યું અને તેને કતકફળના ચૂર્ણ વગેરેથી નિર્મળ બનાવ્યું. વળી તેને બીજીવાર ગળીને નવા ઘડાની અંદર નાખ્યું. એવી રીતે એકવીસ દિવસે તે જળ નિર્મળ, સ્વાદિષ્ટ, શીતળ અને જળરત્ન જેવું થઈ ગયું. પછી તે જળને સુગંધી દ્રવ્યોથી વાસિત કરી રાજાના રસોઈયાઓને આપ્યું. ભોજન વખતે તેઓએ રાજા પાસે મૂક્યું. તે જળનો લોકોત્તર રસ અને સ્વાદિષ્ટતા વગેરે ગુણોને પ્રાપ્ત કરી ખુશી થયેલો રાજા રસોઈયાઓને કહે છે કે આ જળ ક્યાંથી પ્રાપ્ત થયું ? તેઓએ જવાબ આપ્યો કે અમને મંત્રીએ આપ્યું છે. રાજાએ મંત્રીને પૂછ્યું.

મંત્રીએ કહ્યું કે, 'હે રાજન્ ! જો તમે મને અભયદાન આપો, તો હું આ પાણીની ઉત્પત્તિ જણાવું.' રાજા તરફથી અભયદાન મળતાં મંત્રીએ તેનો યથાર્થ વૃત્તાંત કહી સંભળાવ્યો, પણ રાજા શ્રદ્ધા કરતો નથી. તેથી મંત્રીએ પૂર્વોક્ત વિધિએ ખાઈનું જળ મંગાવી તેવી જ રીતે તે જળને જળ રત્ન જેવું કરી બતાવ્યું. તે જોઈ વિસ્મિત થયેલા રાજાએ મંત્રીને પૂછ્યું, 'તમે આ કેવી રીતે જાણ્યું ?' મંત્રીએ જવાબ આપ્યો કે "પુદ્ગલોનો પરિણામ" થયા કરે છે ઈત્યાદિ ગુરુના વચનથી, તે પછી રાજા પણ સંપૂર્ણ

પદાર્થોના અંતરની અભિલાષા કરતો ગુરુની સેવામાં તત્પર એવો શ્રાવક થયો. અનુક્રમે તે બન્ને દીક્ષા ગ્રહણ કરી મોક્ષે ગયા.

કહ્યું છે કે, સુબુદ્ધિના વચનથી પાણીના દૃષ્ટાંત વડે જિતશત્રુ રાજા પ્રતિબોધ પામ્યા અને અગિયાર અંગને ધારણ કરનારા તે બન્ને શ્રમણસિંહો સિદ્ધ થયા.

**यद्वा विशेषमात्मनो गत्यागत्यादिलक्षणम् ।**

અથવા આત્માના ગમન-આગમનાદિક જાણવા રૂપ લક્ષણને વિશેષ કહે છે :-

इहोपपत्तिर्मम केन कर्मणा, कुतः प्रयातव्यमितो भवादिति ।
विचारणा यस्य न जायते हृदि, कथं स धर्मप्रवणो भविष्यति ॥

ક્યા કર્મના ઉદયથી આ ઠેકાણે મારી ઉત્પત્તિ થઈ છે, અને આ ભવથી મારે ક્યાં જવાનું છે ? એવી સમાલોચના જે પુરુષના અંતઃકરણમાં થતી નથી તે ધર્મમાં તત્પર કેવી રીતે થઈ શકે ?

**विशेषं वा कालोचिताङ्गीकाररूपम् । यथा यद्यत्र काले वस्तु हातुमुपादातुं वोचितं भवति, तस्याङ्गीकारो निपुणवृत्त्या पर्यालोच्य कर्त्तव्यः । अस्य दक्षलक्षणत्वेन सकलश्रीसमधिगमहेतुत्वात् । अत एव पठ्यते–**

અથવા તો સમયને ઉચિત જે અંગીકાર કરવારૂપ હોય, તેને વિશેષ કહે છે. જેમ કે જે કાળે જે પદાર્થ ત્યાગ કરવાને અથવા ગ્રહણ કરવાને લાયક હોય, તે પદાર્થનું નિપુણ-વૃત્તિથી વિચાર કરી ગ્રહણ કરવું જોઈએ. આ કર્તવ્યનિપુણનું લક્ષણ હોવાથી અને સર્વ-પ્રકારની લક્ષ્મીની પ્રાપ્તિનું કારણ હોવાથી જ લોકમાં કહેવાય છે.

यः काकणीमप्यपथप्रपन्नामन्वेषते निष्कसहस्रतुल्याम् ।
कालेन कोटिष्वपि मुक्तहस्तस्तस्यानुबन्धं न जहाति लक्ष्मीः ॥

[શ્રાદ્ધવિધિ પૃ. ૧૦૦]

ખરાબ માર્ગમાં પ્રાપ્ત થયેલી એક કોડીને પણ જે પુરુષ હજાર સોનામહોર ગુણી ગવેષણા કરે છે. પરંતુ અવસર આવે કોટિદ્રવ્ય ખરચવામાં પણ હાથ ખુલ્લો મૂકે છે, તેવા પુરુષના સંબંધને લક્ષ્મી છોડતી નથી.

**अत्र वधूजठरपीडाऽपनेतृमौक्तिकप्रवालचूर्णरोट्टककारकश्रेष्ठी ज्ञातम् । यद्वा विशेषं सर्वत्रैहिकपारत्रिकहितानुबन्धिव्यवसायधर्मानुष्ठानादौ सदभिसन्धिविशुद्धोत्तरोत्तरनिश्चयं जानातीति विशेषज्ञः । एवंविधगुणस्यावन्ध्या एव सर्वाः क्रियाः । यथा सागरदत्तस्य । तथा हि–**

દૃષ્ટાંત આ ઠેકાણે વહુની જઠર સંબંધી પીડાને દૂર કરનાર મોતી અને પ્રવાળાંના ચૂર્ણનો રોટલો કરનાર શ્રેષ્ઠીનું દૃષ્ટાંત છે તે બીજા ગ્રંથથી જાણી લેવું.

અથવા સર્વ ઠેકાણે આ લોક અને પરલોક સંબંધી હિતને અનુસરનાર એવા વ્યાપાર તથા ધર્મ વગેરેના વિધાનમાં વિદ્યમાન ફળના ઉપદેશનો જે નિર્દોષ એવો ઉત્તરોત્તર નિશ્ચય તેને વિશેષ કહે છે અને તેને જે જાણે તે વિશેષજ્ઞ કહેવાય છે. એવા પ્રકારના ગુણયુક્ત પુરુષની દરેક ક્રિયાઓ ફળશૂન્ય થતી નથી. જેમ સાગરદત્ત નામના શ્રેષ્ઠિની વિશેષજ્ઞપણાને લીધે સર્વ ક્રિયાઓ ફળવતી થઈ. તે દૃષ્ટાંત નીચે મુજબ છે–

## सागरदत्तश्रेष्ठिज्ञातं

ताम्रलिप्त्यां पुर्यां सागरदत्तो वणिग् । अत्यन्तनिश्चयकारी सर्वत्र । स जातिस्मरणेन स्त्रीविरक्तः परिणयनं नेच्छति । स च किल पूर्वजन्मनि ब्राह्मणोऽन्यासक्तभार्यया दत्तविषो मूर्च्छितः । मृत इति मत्वा भार्यया बहिस्त्यक्तः । कयाचिद्गोकुलिन्या कृपया जीवितः । वैराग्यात्तापसीभूय मृतः । सागरदत्तोऽजनि । साऽपि गोकुलिनी लौकिकधर्मरता कालेन मृता सती ताम्रलिप्त्यां व्यवहारिपुत्री जाता । एकदा मार्गे तां दृष्ट्वा दृष्टेः प्रमोदो मनाक् । ज्ञाताभिप्रायैः पितृभिः परिणायितः, परं मनसि नानन्दः । आलोचितं प्रातिभबलेन तया नूनं जातिस्मृतिमानसौ । कयाचित् पूर्वत्र कदर्थितः सम्भाव्यते । प्रहितैकदा गाथेयम्–

दड्ढस्स पायसेणं जुत्तं, दहियंपि किमिह परिहरिउं ।
तुच्छोदयसंभविणो, न हु दुद्धे पूयरा हुंति ॥

अवधारितभावार्थेन प्रतिश्लोकः प्रहितः-

कुपात्रे रमते नारी, गिरौ वर्षति वारिदः ।
नीचमाश्रयते लक्ष्मीः, प्राज्ञः प्रायेण निर्द्धनः ॥

तथा पुनः-

पाययदोसो कत्थ व, न होइ न हु एत्तिएण तच्चाओ ।
अणुरत्तंपि हु संज्झं, किं दिवसयरो न भासेइ ॥

एवमूहप्रत्यूहाभ्यां जातश्चित्तानन्दः । सागरस्य श्वशुरवर्गो गतः पाडलीपुरे । सागरोऽपि प्रवहणेन व्यवहरति । भग्नं सप्तकृत्वः प्रवहणम् । गता बहिर्लक्ष्मीः । अन्यदा पुरुषस्य कूपे पानीयं कर्षतोऽष्टमवेलायां पानीयं निर्गतं दृष्ट्वा बद्धशकुनग्रन्थिः प्रस्थितः सिंहलं प्रति । मार्गे प्रबलवातेन प्रवहणं नीतं रत्नद्वीपे। असारं भाण्डं त्यक्तं । रत्नैर्निभृतं प्रवहणं । पश्चाद्वलितः। मार्गे रत्नलोभेन निर्यामकैरुदधौ क्षिप्तः । पूर्वभग्नस्य प्रवहणस्य फलकं प्राप्योदधिमुत्तीर्णः । क्रमेण पाडलीपुरे प्राप्तः । मिलितः श्वशुरवर्गस्य। ज्ञापितश्च प्रवहणरत्नद्वीप-

प्राप्त्यादिवृत्तान्तः। राज्ञोऽप्यग्रे पूर्वमेव विज्ञप्तं । दैवयोगात्तेऽपि निर्यामकाः पाडलीपुरे प्रापुः । राज्ञोऽग्रे रत्नभेदसङ्ख्यास्वाम्यादिप्रश्ने प्रकटितं सर्वं । राज्ञा दापितानि रत्नानि । प्राप्तश्च कालेन ताम्रलिप्त्याम् । चिन्तितं चानेन, वित्तमुपार्जितं सुस्थान-विनियोगमन्तरेण क्लेशदुर्गत्यादिफलमेव । यतः—

लक्ष्मीः सर्पति नीचमर्णवपयःसङ्गादिवाम्भोजिनी,
संसर्गादिव कण्टकाकुलपदा न क्वापि धत्ते पदम् ।
चैतन्यं विषसंनिधेरिव नृणामुज्जासयत्यञ्जसा,
धर्मस्थाननियोजनेन गुणिभिर्ग्राह्यं तदस्याः फलम् ॥७६॥ (सिन्दूरप्रकर)

ततः प्रारब्धं महादानं । पृष्टास्तीर्थिकाः देवविशेषस्थापनादिविषये। क्वापि नैकवाक्यता । केनाप्याप्तेन भणितः, भो भद्र ! देवा भावग्राह्याः। अतः प्रणिधानपरस्तिष्ठ। रत्नाधिष्ठात्री देवता स्वयमेव कथयिष्यति निश्चयं । स्थित-स्तथाऽष्टमोप-वासपरः। आकृष्टा शासनसुरी। कथितं च तया जैनप्रतिमास्थापनाय। हृष्टेन मार्गिता समर्पिता च सौवर्णी श्रीपार्श्वप्रतिमा । साधुयोगे पृच्छा कस्यैषा प्रतिमा ? इति । साधुभिरुक्तं वीतरागस्येयमिति । स क्व वर्त्तते ? । साधुभिर-कथि, पुण्ड्रवर्द्धनविषये । गतस्तत्र सागरः। दृष्टः साक्षात्केवलदिवाकरः समव-सरणस्थः श्रीपार्श्वदेवः। प्रणतो द्रव्यभावाभ्यां। देवस्वरूपपृच्छा । नामस्थापना-द्रव्यभावैर्यथा यथा स्वामी कथयति तथा तथा विशेषनिश्चयतत्परतया ज्ञातो वीतरागो देवत्वेन, अभिरुचितश्च तत्त्ववृत्त्या । यतः—

लोगुत्तरा खु एए, भावा लोगुत्तराण सत्ताण ।
पडिभासंते सम्मं, इब्भाण व्व जच्चरयणगुणे ॥

कारितश्च रत्नैर्जिनप्रासादः । स्थापिता प्रतिमा । सततं त्रिः पूजापरस्य विगलितः कर्मराशिः । एवं निश्चयकारिगुणयोगेन गृहीतचारित्रो विशेषक्रियानिष्ठः क्रमेण केवलं प्राप्य सिद्धः ॥

## સાગરદત્ત શ્રેષ્ઠીનું દૃષ્ટાંત

તામ્રલિપ્તી નામની નગરીમાં **સાગરદત** નામનો તમામ વિષયમાં ઊંડો ઉતરી વિશેષ નિશ્ચય કરનારો એક વણિક્ વસતો હતો. તે જાતિસ્મરણ જ્ઞાનને લીધે સ્ત્રીમાં વિરક્ત હોવાથી પરણવા ઇચ્છતો ન હતો તે પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતો. અન્ય પુરુષમાં આસક્ત થયેલી તેની સ્ત્રીએ ઝેર દેવાથી મૂર્છિત થયેલાને આ મરી ગયો છે, એમ ધારી તે કુલટાએ બહાર ફેંકી દીધો, પરંતુ કોઈ ગોવાલણીએ કૃપા લાવી તેને જીવાડ્યો.

ત્યારબાદ તે બ્રાહ્મણ વૈરાગ્યથી પ્રેરાઈ તપાસ થઈ મરણ પામ્યો અને તે અહીં સાગરદત્તપણે ઉત્પન્ન થયો. તે ગોવાલણી પણ લૌકિક ધર્મ એટલે દુનિયામાં પ્રસિદ્ધ સ્થૂલધર્મના નિયમોમાં અનુરાગ ધરાવતી કાળક્રમે મરણ પામી. તામ્રલિપ્તી નગરીમાં વેપારીની પુત્રીરૂપે ઉત્પન્ન થઈ.

એક વખત માર્ગમાં તેણીને જોઈ સાગરદત્તની દૃષ્ટિને કાંઈક આનંદ થયો. તેના માતાપિતાએ તેના આ અભિપ્રાયને સમજીને સાગરદત્તને તેણીની સાથે પરણાવ્યો. પરંતુ સાગરદત્તના અંતઃકરણમાં હર્ષને સ્થાન મળ્યું નહીં. તે વ્યવહારીની પુત્રીએ બુદ્ધિના બળથી કલ્પી લીધું કે આ મારો સ્વામી ખરેખર જાતિસ્મરણ જ્ઞાન ધરાવે છે અને તે પૂર્વજન્મમાં કોઈ સ્ત્રીથી કદર્થના પામેલો છે. એવો અર્ધ નિશ્ચય થયા બાદ તે વિચક્ષણાએ એક વખત આ ગાથા લખી મોકલાવી—

**દૂધથી દાઝેલા મનુષ્યને દહીંનો ત્યાગ કરવો શું ઉચિત છે ? થોડા જલમાં થનારા પોરાઓ શું દૂધમાં હોઈ શકે ? તાત્પર્ય કે એક સ્ત્રી કુલટા અનુભવવામાં આવી, તેથી શું સઘળી તેવી જ છે એમ સંભવ થાય ? નહીં જ.**

ઉપરની ગાથાનો ભાવાર્થ ધારણ કરી સાગરદત્તે પણ એક શ્લોક ઉત્તરરૂપે લખી મોકલ્યો.

**સ્ત્રી નીચની સાથે રમે છે, વર્ષાદિ (જરૂરીયાત સિવાયના) પર્વત ઉપર વર્ષે છે અને ઘણે ભાગે પંડિત પુરુષ નિર્ધન હોય છે. તેણીએ ફરીથી એક ગાથા લખી મોકલાવી કે—**

**સ્વાભાવિક દોષ ક્યાં નથી હોતો ? માટે એટલા માત્રથી પરિત્યાગ કરવો ઉચિત નથી. અનુરાગવાળી સંધ્યાને પણ શું સૂર્ય પ્રકાશિત નથી કરતો.**

આ પ્રમાણે તર્ક વિતર્ક કરતાં સાગરદત્તના ચિત્તમાં આનંદ થયો. આ અરસામાં સાગરદત્તનો શ્વસુરવર્ગ પાટલીપુત્ર નગરમાં ગયો. સાગરદત્ત પણ વહાણદ્વારા વ્યાપાર કરવા લાગ્યો. વ્યાપાર કરતાં સાત વખત વહાણો ભાંગ્યા અને સઘળું ધન ચાલ્યું ગયું. એકવાર કોઈ પુરુષ કુવામાંથી પાણી ગાઢતો હતો તેમાં તેને આઠમીવારે પાણી આવેલું જોઈએ શુકનગ્રંથી બાંધી સિંહલદ્વીપ પ્રત્યે પ્રયાણ કર્યું. માર્ગમાં પ્રબલ પવનના લીધે તેનું વહાણ સિંહલદ્વીપને બદલે રત્નદ્વીપમાં પહોંચ્યું. આ વખતે તેણે સાર વિનાના કરીયાણાનો ત્યાગ કરી વહાણને રત્નોથી ભરી લીધું અને ત્યાંથી પાછો ફર્યો, પરંતુ રસ્તામાં ખલાસીઓએ રત્નોના લોભથી તેને સમુદ્રમાં ફેંકી દીધો. પ્રથમ ભાંગેલા વહાણનું પાટીયું મળવાથી સમુદ્રને ઉતરી અનુક્રમે પાટલીપુત્રમાં પહોંચી શ્વસુરવર્ગને મળ્યો અને વહાણ રત્નદ્વીપમાં પ્રાપ્ત થયું ત્યાંથી માંડી સર્વવૃત્તાંત કહી સંભળાવ્યો. રાજાની આગળ પણ સાગરદત્તે આ હકીકત પ્રથમથી જ જણાવી દીધી. ભાગ્યયોગે તે

ખલાસીઓ પણ પાટલીપુત્રમાં આવી પહોંચ્યા. રાજાની આગળ રત્નોના ભેદ, સંખ્યા અને સ્વામી વગેરેનો પ્રશ્ન થતાં તેમનું સઘળું પોકળ ખુલ્લું થયું. રાજાએ તે રત્નો સાગરદત્તને અપાવ્યા. પછી સાગરદત્ત કેટલાક કાળે તામ્રલિપ્તીમાં આવ્યો. ત્યાં તેણે વિચાર કર્યો કે, ઉપાર્જન કરેલું દ્રવ્ય કોઈ સારા સ્થાનમાં ન ખરચાય, તો તે ક્લેશ અને દુર્ગતિ વગેરે ફળને જ આપનાર થાય છે. તેને માટે કહ્યું છે કે :-

**સમુદ્રજળના સંગથી જ જાણે લક્ષ્મીને નીચ પાસે જવાની ટેવ પડી ન હોય ? કમલિનીના સંસર્ગથી પગમાં લાગેલા કાંટા (અર્થાત્ કેસરા)થી ઉત્પન્ન થતી વ્યથાને લઈને જ જાણે સર્વત્ર અસ્થિર ન હોય ? હલાહલ વિષની પાસે રહેવાથી જ જાણે મનુષ્યોની સમજ શક્તિને લક્ષ્મી નાશ પમાડતી ન હોય ? તેટલા માટે વિવેકી પુરુષોએ ધર્મસ્થાનમાં ઉપયોગ કરી લક્ષ્મીને સફળ કરવી જોઈએ.**

ત્યારબાદ મોટા દાનની શરૂઆત કરી કયા દેવને સ્થાપન કરવા ઇત્યાદિ વિષયમાં જુદા જુદા મતવાળાઓને પૂછ્યું પણ કોઈ સ્થળે એક મત થયો નહીં. તેટલામાં કોઈ પ્રામાણિક માણસે જણાવ્યું કે હે ભદ્ર ! દેવતાઓ ભાવથી વશ કરી શકાય છે. માટે તેના ચિંતન કરવારૂપ સમાધિમાં તત્પર થાય. એટલે રત્નાધિષ્ઠાત્રી દેવી પોતે જ નિશ્ચય કહેશે.

આ વાત સાંભળી સાગરદત્ત પણ ત્રણ ઉપવાસ કરી ધ્યાનારૂઢ થયો. તેના દઢ નિશ્ચયથી ખેંચાયેલી શાસનદેવીએ જિનપ્રતિમા સ્થાપન કરવા માટે કહ્યું. હર્ષપૂર્વક સાગરદત્તે તેની માંગણી કરી. દેવીએ ભગવાન શ્રીપાર્શ્વનાથ સ્વામીની સુવર્ણમય પ્રતિમા અર્પણ કરી. કાળક્રમે મુનિનો યોગ મળતાં તેણે પ્રશ્ન કર્યો કે આ પ્રતિમા કોની છે ? મુનિ તરફથી જવાબ મળ્યો કે વીતરાગની પ્રતિમા છે. સાગરદત્તે ફરી પૂછ્યું કે તે ક્યાં છે ? મુનિઓએ જણાવ્યું કે તે પુંડ્રવર્ધન દેશમાં છે.

આ વાત સાંભળી સાગરદત્ત ત્યાં ગયો. તે વખતે કેવળજ્ઞાનના પ્રકાશથી સાક્ષાત્ સૂર્યરૂપ શ્રીપાર્શ્વનાથસ્વામીને સમવસરણમાં બેઠેલા જોઈ તેણે દ્રવ્ય અને ભાવથી પ્રણામ કર્યા. પછી તેણે દેવના સ્વરૂપની પૃચ્છા કરી. તે અવસરે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપ દ્વારા ભગવાન જે જે પ્રકારે દેવનું સ્વરૂપ કહી બતાવે છે, તે તે પ્રકારે વિશેષપણે નિશ્ચયમાં પરાયણ થઈ તેણે વીતરાગને દેવપણે જાણ્યા, અને તત્ત્વવૃત્તિથી વીતરાગમાં રુચિ પ્રગટ થઈ. કહ્યું છે કે :-

**જેમ જાતિવાળા રત્નોના ગુણોની પરીક્ષા ઝવેરી સિવાય બીજાને હોતી નથી, તેમ જ જે અસાધારણ ગુણ લોકોત્તર પદાર્થો હોય છે તેનું લોકોત્તર પ્રાણીઓને સમ્યક્ પ્રકારે ભાન થાય છે.**

ત્યારબાદ તેણે રત્નોથી મંદિર કરાવ્યું અને તેમાં શ્રી પાર્શ્વનાથસ્વામીની પ્રતિમા સ્થાપન કરી. હમેશાં ત્રણ વખત પૂજા કરતાં તેનો કેટલોક કર્મરાશી નાશ પામ્યો. એ પ્રમાણે દરેક વસ્તુની ખાત્રી કરવા રૂપ માત્ર એક વિશેષજ્ઞ ગુણથી છેવટે ચારિત્ર ગ્રહણ કરી વિશેષ ક્રિયામાં તત્પર થઈ અનુક્રમે કેવળજ્ઞાન પામી મોક્ષે ગયો.

હવે ગ્રંથકારશ્રી ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા ફળ બતાવે છે–

**एवंविधान् विशेषान् यो, विज्ञायात्र प्रवर्त्तते ।**
**स धर्म योग्यतामात्मन्यारोपयति सत्तमः ॥१०४॥**

**શબ્દાર્થ–ઉપર જણાવેલા વિશેષોને જાણી જે પુરુષ તેમાં પ્રવૃત્તિ કરે છે, તે સજ્જન-શિરોમણિ પોતાના આત્મામાં ધર્મની યોગ્યતાને આરોપણ કરે છે. ૧૦૪.**

इति सप्तविंशतितमो गुणः ॥

● ● ●

# २८

# અઠ્યાવીશમો ગુણ—કૃતજ્ઞતા

હવે, બીજાએ કરેલા ઉપકારને કદી ભૂલે નહીં એ રૂપ કૃતજ્ઞતાગુણ વર્ણવે છે—

**तथा कृतं परोपकृतं जानाति मन्यते न निह्नुते कृतज्ञः ।**
**एवं हि तस्य कुशललाभो यदुतोपकारिणो बहु मन्यते ॥१०५॥**

**यतः—**

**શબ્દાર્થ—તેમજ કરેલું એટલે બીજાએ કરેલા ઉપકારને જે જાણે પરંતુ ઓળવે નહીં તે કૃતજ્ઞ કહેવાય છે. એ પ્રમાણે વર્તન કરનારને ખરેખર કલ્યાણનો લાભ થાય છે. કેમકે કૃતજ્ઞ પુરુષ ઉપકાર કરનારનું બહુમાન કરે છે. ૧૦૫. તેને માટે કહ્યું છે કે—**

लब्भइ न सहस्सेसु वि, उवयारकरोवि इह नरो ताव ।
जो मन्नइ उवयरियं, सो लक्खेसुंपि दुल्लहो ॥

उत्तमअहमवियारे, वीमंसह किं मुहा बुहा तुब्भे ।
अहमो न कयग्घाओ, कयन्नुणो उत्तमो नन्नो ॥

कृतघ्नो हि शुनोऽपि तुलां न लभते । यतः—

આ લોકમાં પ્રથમ તો હજારો મનુષ્યોને વિષે પણ ઉપકાર કરનાર મળવો દુર્લભ છે, પરંતુ પોતાના ઉપર થયેલા ઉપકારને માનનાર તો લાખોમાં પણ મળવો મુશ્કેલ છે.

હે પંડિતો ! તમો ઉત્તમ અને અધમનો વિચાર કરવા માટે શું કામ તર્ક વિતર્ક કરો છો ? કારણ કે કૃતઘ્ન કરતાં બીજો કોઈ અધમ નથી અને કૃતજ્ઞથી બીજો કોઈ ઉત્તમ નથી.

જે કરેલા ઉપકારને ઓળવે છે, તે ખરેખર કુતરા તુલ્ય પણ આવતો નથી. તે માટે કહ્યું છે કે—

अशनमात्रकृतज्ञतया गुरोर्न पिशुनोऽपि शुनो लभते तुलाम् ।
अपि बहूपकृते सखिता खले, न खलु खेलति स्वे लतिका यथा ॥

ઉપકારીના ઉપકારને ભૂલી જનાર મનુષ્ય ફક્ત ભોજનના ઉપકારને નહીં ભૂલનાર કુતરાની પણ બરોબરી કરી શકતો નથી. વળી જેમ આકાશમાં વેલડી ફેલાતી નથી, તેમ ઘણો ઉપકાર કર્યા છતાં પણ ખલ પુરુષમાં મિત્રતા ટકી શકતી નથી.

અહીં તાત્પર્યાર્થ એવો છે કે, કૃતઘ્નને ઘણા પ્રકારની આપત્તિમાંથી બચાવ્યો હોય, પૈસાની મદદ કરી હોય, આલોક અને પરલોકના હિત માટે હિતશિક્ષા આપી હોય, એ સિવાય ઘણો ઉપકાર કર્યો હોય, છતાં ઉપકાર કરનારનો બદલો વાળવો તો દૂર રહ્યો, પણ તેનાં છિદ્રો જોઈ તેના ઉપર આપત્તિ લાવવામાં પણ ચૂકતો નથી. કૂતરો તો એક વાર જેનું અન્ન ખાય છે તેના ઘરની ચોકી કરે છે, કોઈ અજાણ્યા માણસને ઘરમાં દાખલ થવા દેતો નથી, ચોરોથી પણ બચાવ કરે છે, તેથી જ ગ્રંથકારે કૃતઘ્નને કુતરાની તુલ્ય પણ ગણ્યો નથી અને તે વાસ્તવિક છે.

**इह कृतघ्न १ कृतज्ञ २ प्रत्युपकारक ३ निष्कारणोपकारकाः ४ प्रायः पुमांसः । यतः—**

अकृतज्ञा असंख्याताः, संख्याताः कृतवेदिनः ।
कृतोपकारिणः स्तोकाः, द्वित्राः स्वेनोपकारिणः ॥

न हि मे पर्वता भारा, न मे भाराश्च सागराः ।
कृतघ्नाश्च महाभारा, भारा विश्वासघातकाः ॥

इहोषरक्षेत्रशरीरशैलतुलां, कृतघ्नाः कलयन्ति शश्वत् ।
सुक्षेत्रनेत्राद्भुतशुक्तिधेनु, समाः कृतज्ञाः प्रथिताः पृथिव्याम् ॥

दो पुरिसे धरउ धरा, अहवा दोहिंपि धारिया धरणी ।
उवयारे जस्स मई, उवयरियं जो न फुंसेइ ॥

अप्पंपि हु उवयारं, मन्नंति कयन्नुणो अइमहग्घं ।
जह रन्नदिन्नखीरामलस्स सबरस्स नरनाहो ॥

**આ લોકમાં ઉપકારને ઓળવનાર, ઉપકારને જાણનાર, ઉપકારનો બદલો વાળનાર અને કારણ સિવાય ઉપકાર કરનાર એમ ચાર પ્રકારના પુરુષો હોય છે. તે માટે કહ્યું છે કે—**

**કૃતઘ્નો ગણતરી વિનાના, કૃતજ્ઞો ગણતરીમાં આવી શકે તેટલા, ઉપકારનો બદલો વાળનારા થોડા અને પોતાની મેળે ઉપકાર કરનારા બે ત્રણ (વિરલ જ) હોય છે.**

**પૃથ્વી કહે છે કે, મને પર્વતો કે સમુદ્રોનો ભાર નથી, પરંતુ કૃતઘ્નો અને વિશ્વાસઘાતકોનો મોટા ભાર છે. આ દુનિયામાં કૃતઘ્નો હંમેશાં ઉખરક્ષેત્ર, શરીર અને પર્વત સમાન છે અને કૃતજ્ઞો શ્રેષ્ઠક્ષેત્ર, ચક્ષુ, આશ્ચર્યકારી છીપ અને તત્કાળ પ્રસૂત ગાય જેવા દુનિયામાં પ્રસિદ્ધ છે.**

આ શ્લોકનો તાત્પર્યાર્થ એવો છે કે, જેમ પાણી, પવન, તાપ વગેરે અનુકૂળ સામગ્રીનો જોગ મળ્યા છતાં ઉખરભૂમિમાં વાવેલું ઉત્તમ બીજ નિષ્ફળ જાય છે અને ખેતી કરવા રૂપ કષ્ટ સિવાય કાંઈ પ્રાપ્ત થતું નથી, તેમ કૃતઘ્ન પુરુષને સંપૂર્ણ સામગ્રી મળવા

છતાં હિતબુદ્ધિથી તેનામાં આરોપણ કરેલાં તત્ત્વાદિ વિચારો નિષ્ફળ જાય છે. વળી જેમ શરીરનું દરરોજ વિવિધ પ્રકારની વસ્તુઓથી ગમે તેટલું પોષણ કરવામાં આવ્યું હોય તો પણ આખરે પોષણ કરનારને દગો દીધા વગર રહેતું નથી. તેમ કૃતઘ્ન પુરુષનું પરમાર્થ વૃત્તિથી આજીવિકા વગેરે પૂરી પાડી ગમે તેટલું પોષણ કરવામાં આવ્યું હોય, તો પણ તેના ઉપર ઉપકાર કરનારને ઉપકારનો બદલો વાળવો તો દૂર રહ્યો, પરંતુ અવસર આવે તે દુષ્ટમાણસ દગો દીધા વિના રહેતો નથી.

વળી જેમ પર્વત, પત્થર, કાંટા, વિકટઝાડી, વિષમમાર્ગ અને વ્યાઘ્રાદિ ક્રૂર પ્રાણીઓનું સ્થાન હોવાને લીધે હંમેશાં ભય આપનાર હોય છે, તેમ કૃતઘ્ન પુરુષ ઉપકાર કરનારને તમોએ અમુક કાર્ય રાજવિરુદ્ધ કર્યું છે તેને હું બહાર લાવીશ વગેરે ખોટી ધમકી આપી હંમેશાં ભય આપવામાં બાકી રાખતો નથી. આથી વિપરીત સ્વભાવવાળો કૃતજ્ઞ પુરુષ તો કોઈ વખત પણ ઉપકાર કરનારના ઉપકારને ભૂલતો નથી અને ગમે તેવી આપત્તિ આવી પડે તો પણ સારા ક્ષેત્ર વગેરેની જેમ ઉત્તરોત્તર ઉત્તમ ફળને જ આપનારો થાય છે.

**જેની ઉપકાર કરવામાં હંમેશાં બુદ્ધિ છે તે અને બીજો પોતાના ઉપર કરેલા ઉપકારને કદી ભૂલતો નથી એવા આ બન્ને પુરુષોને પૃથ્વી ધારણ કરે છે, અથવા તો આ બે પુરુષોએ પૃથ્વીને ધારણ કરી છે. કૃતજ્ઞ પુરુષો થોડા ઉપકારને પણ ઘણો કરી માને છે, જેમકે જંગલમાં ક્ષીરામલકને આપનાર ભીલનો રાજાએ મહાન ઉપકાર માન્યો હતો. તેનું દૃષ્ટાંત નીચે મુજબ છે. तथाहि–**

## कृतज्ञतायां जितारिनृपकथा

**वसन्तपुरे जितारिर्नृपः । स चान्यदा सदसि स्थितो विज्ञप्तो द्वारपालेन–**

देव ! दुवारे चिट्ठइ, सुदूरदेसंतरा उ संपत्तो ।
कणयमयकुवियहत्थो तुरंगहेडावई एगो ॥

**इत्युक्ते राज्ञा सदस्याकारितः । राजानं प्रणम्यानुज्ञातश्चोपविष्टः । नृपेण पृष्टः, भद्र ! कथय के के तुरगाः ? केषां केषां देशानाम् ? किं नामानः ? कति संख्याश्चानीताः सन्ति ?।**

**हेडावित्तः प्राह, कर्क १ श्रीवत्स २ खुंगाह ३ सेराह ४ कियाह ५ हरित ६ दुल्लाह ७ कुलाह ८ नील ९ हलाह १० कविल ११ अष्टमङ्गल १२ पञ्चभद्रादि १३ नामानः । कम्बोजसिन्धुपारसवाल्हीकादिदेशानाम् । किं बहुना–**

इक्किक्कं जाईणं सयं, सयं देव ! अत्थि तुरयाणं ।
सव्वेवि सव्वलक्खणअलंकिया गहियसिक्खा य ॥

ततो राजा मन्त्र्यादिसहितो दर्शनार्थं तुरगस्थाने गतः । विलोकिताः सर्वे । तन्मध्ये च कस्मिंश्चित्तुरगे सलक्षणे नृपः परीक्षार्थं स्वयं चटितः । गतिपञ्चकं कारितः । वेगपरिज्ञानावसरे कर्णान्तराले कशया प्रहितः । तत उत्पपाताचालीच्च तया गत्या, यया यामेन द्वादशयोजनान्यगच्छत् । विपरीतशिक्षितं संभाव्य वल्गातो मुक्तः स्थितस्तत्रैव । उत्तीर्णो नृपः । मध्याह्ने तृषाक्रान्तेन पानीयं विलोकयता दृष्ट एकः शबरः । क्षीणस्वरेण भणितश्च, भो भिल्ल! क्वापि पानीयं दर्शय तृषापीडितस्य । शबरोऽपि नृपाकृत्या विस्मितः प्रणम्याह, हे देव ! यावता जलमानयामि तावत्क्षीरामलकमेतन्मुखे क्षिप्यतां तृषापहमित्युक्त्वा जलार्थं गतः । राजाऽपि वृक्षच्छायास्थश्चिन्तयति, अहो ! एतस्य महती परोपकारिता ॥

किं काऊणं किच्चं, किं वा दाऊण देयमेयस्स ।
अरिणो होहं एवं, कओवयारस्स सबरस्स ॥

ततः पद्मिनीपुटे जलं गृहीत्वा प्राप्तः शबरः-

करचरणवयणसोयं, कारविओ तेण मेइणीनाहो ।
सुइसच्छसीयलेणं, जलेण आसासिओ तयणु ॥

यावता राजा शबरं किञ्चिद्वदति तावता पृष्टिमुक्तं सैन्यमाजगाम । राज्ञो दर्शने सर्वेषां हर्षः । समग्रोऽपि पूर्वव्यतिकरोऽकथि–

भणियं पुणोवि रन्ना, दिन्नस्य इमेण अवसरे तंमि ।
खीरामलस्स तुल्लं, न हु मे रज्जंपि सत्तंगं ॥

तथाऽपि हस्तिस्कन्धमधिरोप्य पुरे नीयताम् । राजाऽपि महता महेन पुरं प्राप्तः । तत्र शबस्याभ्यङ्गनमज्जनविलेपनभोजनादिसत्काराः । चिरं स्वपार्श्वे सुखावगाढः स्थापितः । अन्यदा वर्षाकाले वनं स्मृत्वा तत्र गमनोत्सुको जातः । अनेकशः पर्यवसायितोऽपि न तिष्ठति । ततो नृपेण सह गत्वा वने शबरपुरं निवेश्य राज्याभिषेकपूर्वं राज्ये निवेशितः ।

करितुरगाई सव्वं, पुव्वविइन्नं समप्पए तस्स ।
इय कयकिच्चो होउं, पत्तो राया पुरं निययं ॥

अप्पडिहयप्पयावो, जाओ कालेण सबरराओवि ।
को वन्नउ माहप्पं, उत्तमपुरिसोवयाराणं ॥

मनस्विनः प्रत्युपकारमेकोपकारिणो लक्षगुणं सृजन्तः ।
कृतज्ञचूडामणयो गृहस्थधर्मार्हतामात्मनि योजयन्ति ॥

## કૃતજ્ઞતા વિશે જિતારિરાજાનું દૃષ્ટાંત

વસંતપુરનગરમાં જિતારી નામનો રાજા હતો. એક વખત સભામાં બેઠેલા રાજાને દ્વારપાલે વિનંતી કરી કે

હે રાજન્ ! બહુ દૂર દેશથી આવેલો સુવર્ણની છડી જેના હાથમાં છે એવો એક ઘોડાનો વેપારી દરવાજા ઉપર ઊભો છે.

આ પ્રમાણે કહે છતે રાજાએ તેને સભામાં બોલાવ્યો. તે સોદાગર રાજાને પ્રણામ કરી રાજાની આજ્ઞા મળતાં આસન ઉપર બેઠો. એટલે રાજાએ પૂછ્યું કે, 'હે ભદ્ર ! ક્યા ક્યા દેશોના ક્યા ક્યા નામવાળા કેટલી સંખ્યાવાળા ક્યા ક્યા ઘોડા લાવ્યો છે તે કહો.'

ઘોડાના વેપારીએ જણાવ્યું કે—કંબોજ, સિંધુ, પારસ અને વાલ્હીક વગેરે દેશોનાં અને કર્ક, શ્રીવત્સ, ખુંગાહ, સેરાહ, કિયાહ, હરિત્ત, દુલ્લાહ, કુલાઈ, નીલ, હલાહ, કવિલ, અષ્ટમંગળ અને પંચભદ્ર વગેરે (૧૩) નામવાળા ઘોડાઓ છે. હે રાજન્ ! વિશેષ શું કહું ? એકેક જાતિના સો સો ઘોડાઓ છે અને તે સઘળા સર્વ લક્ષણોથી શોભિત તેમજ કેળવાયેલા છે.

ત્યારબાદ રાજા મંત્રીવગેરેની સાથે જોવા માટે ઘોડાઓની જગ્યા ઉપર ગયો. ત્યાં સઘળા ઘોડાઓ જોયા. તેમાંથી કોઈ એક લક્ષણયુક્ત ઘોડા ઉપર પરીક્ષા કરવા માટે પોતે જ સવાર થયો, અને તેની પાસે પાંચ પ્રકારની ગતિ કરાવી વેગની પરીક્ષા વખતે કાનની વચ્ચે સોટીથી હણ્યો કે તરત જ ત્યાં ઉછળ્યો અને એવી ગતિથી ચાલ્યો કે એક પ્રહરમાં બાર યોજન નીકળી ગયો. આ ઘોડો વિપરીત શિક્ષા પામેલો હશે એમ ધારી રાજાએ લગામ છોડી દીધી ને ઘોડો ત્યાં જ ઊભો રહ્યો. એટલે રાજા નીચે ઉતર્યો.

બરોબર મધ્યાહ્ન વખતે તૃષાથી પીડિત થયેલા રાજાએ પાણીની તપાસ કરતાં એક ભિલ્લને જોઈ મંદ સ્વરથી કહ્યું કે, 'હે ભિલ્લ ! તૃષાથી પીડિત થયેલા મને પાણી દેખાડ.' ભિલ્લ પણ રાજાની આકૃતિથી વિસ્મય પામેલો પ્રણામ કરીને બોલ્યો કે, 'હે રાજન્ ! હું જ્યાં સુધીમાં પાણી લાવું, ત્યાં સુધીમાં તૃષાને દૂર કરનાર આ ક્ષીરામલકને મુખમાં રાખો.' એમ કહી પોતે પાણી લેવા ગયો. રાજા પણ એક વૃક્ષની છાયાનો આશ્રય લઈ વિચાર કરવા લાગ્યો કે આ ભિલ્લનું મોટું પરોપકારપણું કેવું આશ્ચર્યજનક છે ? આ ઉપકાર કરનાર ભિલ્લનું શું કાર્ય કરીને તેમજ શું આપીને એના કરજથી મુક્ત થઈશ.

એવો વિચાર કરે છે તેટલામાં તે ભિલ્લ કમલિનીના પડીયામાં પાણી લઈને આવી પહોંચ્યો અને તેણે હાથ, પગ મુખની શુદ્ધિ કરાવી. તે પછી પવિત્ર, નિર્મળ અને શીતળ જળથી રાજાને ધીરજ આપી. જેટલામાં રાજા ભિલ્લને કંઈક કહેવા જાય છે તેટલામાં પછવાડે રહેલું સૈન્ય આવી પહોંચ્યું. આ વખતે રાજાને જોઈ બધાને આનંદ પ્રાપ્ત થયો. રાજાએ તેઓની આગળ પ્રથમની સઘળી હકીકત કહી સંભળાવી અને વિશેષમાં કહ્યું કે તેવા અણીના

અવસરે આ ભિલ્લે આપેલા ક્ષીરામલકની બરોબરી કરવામાં મારું સપ્તાંગ રાજ્ય પણ સમર્થ નથી, તો પણ હાથી ઉપર બેસાડી આ ભિલ્લને નગરમાં પહોંચાડો. રાજા પણ મોટા મહોત્સવ પૂર્વક નગરમાં આવ્યો. ત્યાં તે ભિલ્લનો તેલમર્દન, સ્નાન, વિલેપન વગેરેથી ઘણો સત્કાર કર્યો અને ઘણા કાળ સુધી પોતાની પાસે સુખમાં રાખ્યો.

કોઈ વખતે વર્ષાકાળમાં વનનું સ્મરણ થવાથી તે ભિલ્લ ત્યાં જવા ઉત્સુક થયો. રાજાએ તેને અનેકવાર સમજાવ્યો પણ જ્યારે તે રહેવાને કબૂલ ન થયો ત્યારે રાજાએ સાથે જઈ ભિલ્લનું નગર સ્થાપન કરી રાજ્યાભિષેક પૂર્વક તે ભિલ્લને રાજગાદી ઉપર બેસાડ્યો અને પ્રથમ આપેલા હાથી ઘોડા વગેરે સઘળું તેને અર્પણ કર્યું. એ પ્રમાણે કૃતાર્થ થઈ રાજા પોતાના નગરમાં પાછો ફર્યો. કેટલાક કાળે તે ભિલ્લ રાજા પણ મહાપ્રતાપી થયો. આ દુનિયામાં ઉત્તમ પુરુષોના ઉપકારનું માહાત્મ્ય કયો પુરુષ વર્ણન કરવાને સમર્થ થઈ શકે? કોઈ પણ નહીં.

**परमार्थतः स एव कृतज्ञो यो धर्ममुपकुरुते । तस्योपकृतिस्तु तद्विरुद्ध-परित्यागेन । तान्यमूनि च–**

**શબ્દાર્થ–ખરી રીતે તો તે કૃતજ્ઞ કહી શકાય કે જે ધર્મ પ્રત્યે ઉપકારક છે. ધર્મ પ્રત્યેનો ઉપકાર તો ધર્મ સંબંધી વિરુદ્ધોનો ત્યાગ કરવાથી થાય છે. તે ધર્મવિરુદ્ધ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે–**

**आसवदारपवित्ती, अणायरो धम्मकम्मनिम्माणे ।<br>मुणिजणविद्देसित्तं, चेइयदव्वस्स परिभोगो ॥**

**जिणसासणोवहासो, लिंगिणिजणसंगसाहसिक्कं च ।<br>कोलायरियपरूवियधम्मरई विरइवच्चासो ॥**

**गुरुसामिधम्मिसुहिसयणजुवइवीसत्थवंचणारंभो ।<br>परिरिद्धिमच्छरित्तं अच्चुब्भडलोहसंखोहो ॥**

**कयविक्कयाणि निच्चं, कुलजणवयअणुचियाण वत्थूणं ।<br>मणसो च अनिद्दयत्तं, खरकम्मे वावडत्तं च ॥**

**આસ્રવદ્વારમાં પ્રવૃત્તિ, ધર્મકાર્ય કરવામાં અનાદર, મુનિઓ ઉપર દ્વેષ, દેવદ્રવ્યનો ઉપભોગ, જિનશાસનનો ઉપહાસ, સાધ્વીઓનો સંગ કરવામાં સાહસિકપણું, કૌલાચાર્ય (શાક્તિક)ના ઉપદેશમાં રૂચી, વિરતિનો ત્યાગ, ગુરુ, સ્વામી, ધાર્મિક સુખી, સ્વજન, યુવતી અને વિશ્વાસીને ઠગવાનો પ્રયત્ન, બીજાની સમૃદ્ધિ જોઈ અદેખાઈ કરવી, હદ વિનાનો લોભ કરવો, કુળ અને દેશને અનુચિત વસ્તુનો હંમેશાં ક્રયવિક્રય કરવો, હૃદયની નિર્દયતા અને ખરકર્મમાં પ્રવૃત્તિ.**

વળી શા માટે અહીં આટલો બધો આગ્રહ કરવો જોઈએ. એવું કહેનારને માટે કહ્યું છે કે—

कुलरूवरिद्धिसामित्तणाइ पुरिसस्स जेणमुवणीयं ।
धम्मस्स तस्स जुज्जइ, कहं नाम विरुद्धमायरिउं ॥

"જે ધર્મે પુરુષને, કુળ, રૂપ, સમૃદ્ધિ અને સ્વામિત્વ વગેરેની પ્રાપ્તિ કરાવી છે તેવા ધર્મથી વિરુદ્ધ આચરણ કરવું તે કેવી રીતે યોગ્ય કહી શકાય ? ન જ કહેવાય."

તે માટે અન્ય લોકોએ કહ્યું છે કે—

येनानीतः कुलममलिनं लम्भितश्चारुरूपं,
श्लाघ्यं जन्म श्रियमुदयिनीं बुद्धिमाचारशुद्धिम् ।
पुण्यान् पुत्राननतिशयवर्ती प्रेत्य च स्वःसमृद्धिं
धर्मं नो चेत्तमुपकुरुते यः कुतोऽसौ कृतज्ञः ॥

જે ધર્મ નિર્મળ કુળ, સુંદર રૂપ, પ્રશંસા કરવા લાયક જન્મ, ઉદયવાળી લક્ષ્મી, બુદ્ધિ, આચારની વિશુદ્ધિ, પવિત્ર પુત્રો અને પરલોકમાં ઉત્કૃષ્ટ સ્વર્ગની સમૃદ્ધિને પ્રાપ્ત કરાવે છે, તેવા ધર્મનો જે ઉપકાર નથી કરતો તે કૃતજ્ઞ શેનો કહેવાય ? ન જ કહેવાય. આ હેતુથી જે ધર્મને ઉપકાર કરનાર હોય છે, તે જ કૃતજ્ઞ કહેવાય છે. વળી કહ્યું છે કે :-

विद्वांसः शतशः स्फुरन्ति भुवने सन्त्येव भूमिभृतो,-
वृत्तिं वैनयिकिं च बिभ्रति कति प्रीणन्ति वाग्भिः परे ।
दृश्यन्ते सुकृतक्रियासु कुशला दाताऽपि कोऽपि क्वचित्,
कल्पोर्वीरुहवद्वनेन सुलभः प्रायः कृतज्ञो जनः ॥

"આ દુનિયામાં સેંકડો વિદ્વાનો સ્ફુરાયમાન છે, કેટલાક રાજાઓ છે. કેટલાક વિનયવાળી વૃત્તિને ધારણ કરનારા છે, કેટલાક સુંદર વાણી વડે ખુશ કરનાર છે, કેટલાક પુણ્ય ક્રિયામાં કુશળ દેખાય છે અને વનમાં કલ્પવૃક્ષની જેમ કોઈક ઠેકાણે દાતા પણ હોય છે, પરંતુ પ્રાય કરીને કૃતજ્ઞ પુરુષ મળવો દુર્લભ હોય છે."

હવે ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશ દ્વારા ફળ બતાવે છે—

**मनस्विनः प्रत्युपकारमेकोपकारिणो लक्षगुणं सृजन्तः ।**
**कृतज्ञचूडामणयो गृहस्थधर्मार्हतामात्मनि योजयन्ति ॥१०६॥**

શબ્દાર્થ—એક ઉપકાર કરનારનો લાખ ગુણો પ્રત્યુપકાર કરનારા એવા સમજદાર અને કૃતજ્ઞોમાં મુગટ સમાન પુરુષો પોતાના આત્મામાં ગૃહસ્થ ધર્મની યોગ્યતા સંપાદન કરે છે. ૧૦૬.

इत्यष्टाविंशतितमो गुणः ॥

(૨૯)

# ઓગણત્રીસમો ગુણ—લોકવલ્લભ

હવે, લોકપ્રિય નામનો ઓગણીસમો ગુણ વર્ણવે છે.

**तथा लोकानां विशिष्टजनानां दानविनयादिगुणैर्वल्लभः । को हि गुणवतः प्रति प्रीतो न भवति । जनवल्लभत्वं हि सम्यक्त्वादिसाधने प्रधानमङ्गम् । यदाहुः श्रीहरिभद्रसूरिपादाः—**

**"सव्वजणवल्लहत्तं, अगरहिअं कम्मं धीरया वसणे ।"**

**यस्तु न लोकवल्लभः स न केवलमात्मानं स्वस्य धर्मानुष्ठानमपि परैर्दूषयन् परेषां बोधिलाभभ्रंशहेतुः स्यात् । लोकवल्लभत्वमिच्छता इहपरलोकोभयलोकविरुद्धपरित्यागः कार्यः । इह विरुद्धं परनिन्दादि । यदुक्तम्—**

શબ્દાર્થ—**लोकवल्लभ**—વળી લોકોને એટલે શ્રેષ્ઠ પુરુષોને દાન અને વિનય વગેરે ગુણોથી જે વલ્લભ હોય, તે લોકવલ્લભ કહેવાય છે. આ લોકમાં ક્યો પુરુષ ગુણવાન્ પ્રત્યે પ્રીતિવાળો નથી હોતો ? જનવલ્લભપણું છે તે જ સમ્યક્ત્વ વગેરેના સાધનમાં પ્રધાન અંગ ગણાય છે. તે માટે પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ પણ કહે છે કે :—

સર્વજનવલ્લભપણું, અનિંદિત કર્મ અને કષ્ટમાં ધીરતા, એ સમ્યક્ત્વાદિના સાધનમાં પ્રધાન અંગ ગણેલું છે.

વળી જે લોકપ્રિય નથી હોતો તે ફક્ત પોતાના સમ્યક્ત્વના નાશ કરવામાં કારણભૂત છે એમ નહીં પરંતુ બીજાઓથી પોતાની ધર્મક્રિયાને દૂષિત કરાવતો બીજાઓના સમ્યક્ત્વના નાશ કરાવવામાં પણ કારણભૂત થાય છે. લોકવલ્લભપણાની ઈચ્છા રાખનાર મનુષ્યે આલોક, પરલોક અને ઉભયલોકના વિરુદ્ધ કાર્યોનો પરિત્યાગ કરવો જોઈએ. આલોકવિરુદ્ધ બીજાની નિંદા વગેરેને કહે છે. તે માટે કહ્યું છે કે :-

**सव्वस्स चेव निंदा, विसेसओ तह य गुणसमिद्धाणं ।**
**उजुधम्मकरणहसणं, रीढा जणपूअणिज्जाणं ॥**

સઘળાની નિંદા, અથવા તો વિશેષે કરી ગુણવાન પુરુષોની નિંદા, સરલ મનુષ્યની ધર્મકરણીનો ઉપહાસ અને લોકમાં પૂજ્ય એવા મહાત્માઓની અવજ્ઞા કરવી. આ સઘળાં આલોકવિરુદ્ધ કાર્યો ગણાય છે.

परलोकविरूद्धानि यथा—

पौरोहित्यं रजनिचरिता ग्रामणीत्वं नियोगो,
माठापत्यं वितथवचनं साक्षिवादः परान्नम् ।
धर्मिद्वेषः खलजनरतिः प्राणिनां निर्दयत्वं,
मा भूदेवं मम पशुपते ! जन्मजन्मान्तरेऽपि ॥१०७॥

શબ્દાર્થ—પરલોક સંબંધી વિરુદ્ધો આ પ્રમાણે છે—પુરોહિતપણું, રાત્રિએ (સ્વેચ્છાએ) ભ્રમણ કરવું, ગામનું નાયકપણું, અધિકારપણું, મઠનું અધ્યક્ષપણું, અસત્ય-વચન, સાક્ષી આપવી, બીજાનું અન્ન ખાવું, ધર્મી ઉપર દ્વેષ રાખવો, દુર્જન ઉપર પ્રેમ રાખવો અને પ્રાણીઓ ઉપર નિર્દયતા રાખવી એ સર્વ હે મહાદેવ (શિવ) ! મને કોઈ જન્મમાં પ્રાપ્ત ન થાઓ. ૧૦૭.

उभयलोकविरुद्धानि—

द्यूतं च मांसं च सुरा च वेश्या, पापर्द्धि चौर्यं परदारसेवा ।
एतानि सप्त व्यसनानि लोके, घोरातिघोरं नरकं नयन्ति ॥१॥

[સપ્તવ્યસનકથા સમુચ્ચય—શ્રીસોમપ્રભસૂરિ]

इहैव निन्द्यते शिष्टैर्व्यसनासक्तमानसः ।
मृतस्तु दुर्गतिं याति, गतत्राणो नराधमः ॥१०८॥

ઉભયલોક વિરુદ્ધ કાર્યો નીચે પ્રમાણે છે—

શબ્દાર્થ—જૂગાર ખેલવો, માંસ ખાવું, મદિરા પાન કરવું, વેશ્યાગમન કરવું, શિકાર કરવો, ચોરી કરવી અને પરસ્ત્રીગમન કરવું એ સાત લોકોમાં વ્યસન ગણાય છે અને તે ભયંકરમાં ભયંકર નરક પ્રત્યે મનુષ્યોને ખેંચી જાય છે. વ્યસનોમાં આસક્તિ રાખનાર આલોકમાં શ્રેષ્ઠ પુરુષોથી નિંદાય છે અને શરણ રહિત તે નરાધમ મરીને દુર્ગતિમાં જ જાય છે.

अयमभिप्रायः-एतानि कर्माणि लोकवैमुख्यकारणानि परिहरन्नेव जनप्रियो भवति। विशेषधर्मस्यापि स एवाधिकारीति । यदि वा लोक उत्तममध्यमाधम-लक्षणस्तस्य वल्लभः संमतः। पितेव हितयोजकः । मातेव वात्सल्यपरः । स्वामीव सर्वत्र रक्षकः । गुरुरिव सर्वकार्येषु प्रच्छनीयः । व्यसनोपनिपाते च स्मरणीयः । सर्वत्र कार्येषु सुखदुःखसहायः । श्रीअभयकुमारवत् । तत्र सर्वत्र यथोचित-विनयहितोपदेशवितरणपरकार्यकारित्वादिगुणैर्धर्मार्हताप्रधानाङ्गजनवल्लभत्वविषये श्रीअभयाख्यानमेवम् । तथा हि—

અહીં અભિપ્રાય આ પ્રમાણે છે. ઉપર જણાવેલાં લોકોને પરાङ्मुખ કરવામાં કારણભૂત આલોક, પરલોક અને ઉભયલોકવિરુદ્ધ કાર્યોને ત્યાગ કરનારા જ લોકપ્રિય થાય છે અને વિશેષધર્મનો (ગૃહસ્થધર્મનો) અધિકારી પણ તે જ થઈ શકે છે.

અથવા ઉત્તમ, મધ્યમ અને અધમરૂપ લોક તેને જે વલ્લભ એટલે માન્ય હોય તે લોકવલ્લભ કહેવાય છે. તેવો પુરુષ પિતાની જેમ હિતકાર્યમાં જોડનાર, માતાની જેમ વાત્સલ્ય (નિષ્કપટપ્રેમ) કરવામાં તત્પર, સ્વામીની જેમ સર્વ ઠેકાણે રક્ષા કરનાર, ગુરુની જેમ સર્વકાર્યમાં પૂછવા લાયક, આફત આવી પડતાં યાદ કરવા લાયક અને સર્વ ઠેકાણે સર્વકાર્યોમાં સુખ અને દુઃખમાં અભયકુમારની જેમ સહાય કરનાર હોય છે. તેમાં સર્વ ઠેકાણે યથાયોગ્ય વિનય, હિતકારી ઉપદેશનું આપવું અને બીજાના કાર્યોનું કરવાપણું વગેરે ગુણો વડે પ્રાપ્ત થનાર ધર્મની યોગ્યતાનું મુખ્ય સાધન જનવલ્લભતા ગણાય છે. તે વિષયમાં શ્રી અભયકુમાર મંત્રીનું ઉદાહરણ બતાવવામાં આવે છે :- તે આ પ્રમાણે છે.

## अभयकुमारमन्त्रिकथा

मगहेसु नवलक्खसंखगामाभिरामेसु रायगिहं पुरं । सेणिओ राया सम्मसम्मत्तधरो। रायनंदणो अभयकुमारो मंती । जो अ–

सुविणीओ सुविवेओ, चाई य कयन्नुओ किवालू अ ।
नियविक्कमधम्माणं, समवाओ मुत्तिमंतु व्व ॥१॥

तंमि निक्खित्तरज्जभरो सेणिओ निवो चिल्लणाइदेवीहिं सह विलसइ । अह पयट्टे हेमंते समोसढो जिणो वीरो । अन्नया अवरण्हे चेल्लणासहिओ वंदणत्थं गओ गुणसिलए। जिणं नमिउं पुराभिमुहं नियत्तेण दिट्ठो मुणी निरुत्तरीओ काउसग्गे ठिओ तडिणीतडे । जाणाओ उअरिऊणं पणमिओ चिल्लणाइसमं । तओ य पत्तो नियं ठाणं। कयपओसकिच्चो वासमंदिरमल्लीणो नियपल्लंके सुहनिद्दापरो चिट्ठइ । एत्थंतरे चेल्लणाए निद्दापरवसाए हत्थो उत्तरपुडाओ बाहिं निग्गओ । सीएण अलिकंटएण व पीडिओ । लद्धचेयणाए नइकूले पडिमठियसाहुं संभरिऊण भणियं, सो कहं होही ? तओ पडेण आवरिओ हत्थो । सुहं पसुत्ता तयणु ॥

सोऊण य परिकुविओ, चिंतइ धीबंधुई धुवं एसा ।
कयसंकेयं कंपि हु, सुमरंती इय पयंपेइ ॥

इय कोवमिसमिसंतो, जग्गंतो सो गमेइ निसिसेसं ।
.................................................................................॥

उदिए य दिवसनाहे, अवरोहे चिल्लणं विसिज्जेउं ।
पभणइ अभयं, रे रे जाओ सुद्धंतविद्धंसो ॥

ता बंधिउं दुवारे, पज्जालसु सव्वओमुहं जलणं ।
मा माइनेहमोहियहियओ लंघिज्ज मह आणं ॥

इय आइसिउं राया जिणनमणत्थं गओ । अभओवि निपुणनिच्छियमई चिंतेइ । मह माया सईणं ललामभूयाओ सव्वाओवि, परं केणावि हेउणा तायपाएहिं एयमसंभवं तंपि संभावियं । तायस्सवि कोवो गिरिसरिपुरुव्वदुव्वारो । असमिक्खियं कयं कज्जं दुहावहं । यतः—

सगुणमपगुणं वा कुर्वता कार्यमादौ, परिणतिरवधार्या यत्नतः पण्डितेन ।
अतिरभसकृतानां कर्मणामाविपत्ते-, र्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः ॥

संपइ असुहस्स कालहरणं करिस्सं । एयं वियारिऊण जुन्नहत्थिसाला पज्जालिया । उग्घोसियं नयरे पलित्तमंतेउरंति । तओ जिणरायपायमूले चलिओ । इत्तो य समोसरणे धम्मकहापज्जंते राइणा विन्नत्तो सव्वन्नू, भयवं ! किमेगपत्ती अणेगपत्ती वा चेल्लणा देवी ?। भयवं पि साहइ—

चेडगनरिंदधूया, सीलालंकारधारिणी एसा ।
मणसावि हु कुविअप्पं, न इत्थ पत्थिव ! अओ कुणसु ॥

तं सोउं पच्छायावपरो जिणं नमिउं तुरियं पुराभिमुहो चलिओ । मिलिओ मग्गे अभओ पुट्ठो य । किं पलित्तमंतेउरं तुमए नो वा ? । अभओवि विन्नवेइ, को देव ! जीविअत्थी भुवणे लंघेइ तुह आणं । तत्तो विपडिहएण निवेण संलत्तं, रे दुट्ठ ! जणणिवग्गं पज्जालिऊण तुमंपि किं न पविट्ठो तत्थ ? । अभओवि जंपइ, मह ताय ! तुज्झ सुयस्स सुयजिणवयणस्स एयं मरणं न हवइ । जइ तइया एयं आइट्ठं हुंतं तायपाएहिं ता तंपि कयं हुंतं । एत्थंतरे राया दुक्खेण मुच्छिओ । चंदणादिएहिं सत्थीहूओ । विन्नत्तो अभएण, देव ! दहणो पक्खित्तोवि महजणणिसीलसलिलेण निव्वविओ । असुहमुहुत्तसवेण तायादिट्ठंपि न जायं । तओ जिन्नहत्थिसालाजालणाइवइयरो कहिओ । हरिसिएण राइणा समालिंगिओ भणिओ अ वरं मग्गसु त्ति । अभओ भणइ—

पत्ते तुह पुत्तत्ते, सुसावगत्ते य सामिणो लद्धे ।
किं मज्झ ऊणमवरं, जं ताओ दाउमहिलसइ ॥

तहावि समए सामन्नं पडिवज्जंतोऽणुमंतव्वो । सेणिओवि तहत्ति पडि-

वज्जिऊण पत्तो चिल्लणाभवणे । तयणु राया चिंतइ, पुराविं चिल्लणा मह हिययदइया, इण्हिं पुण सिरिवीरवन्नियसीला विसेसओ ता इयरपियाहिंतो कोवि विसेसो जाव न कीरइ ताव मम न मण निव्वुइ । इय चिंतिय अभयं भणइ, वच्छ ! तुमं जाणसि जं चेल्लणाए उवरिं अप्पडिमो पडिबंधो ता मह पसायसुअगमेत्थंभं पासायं इमीए कए कारेसु जहा तत्थ गया सुहं वसइ। अभओवि देव ! निप्फन्नं चेव कज्जमिणंति भणिय निउणसुत्तधारं वणगमणत्थं आइसइ । सुत्तधारेण वणमज्झे भमंतेण दिट्ठो एगो सलक्खणो रुक्खो चिंतियं च । एसो पत्थुयत्थस्स जुग्गो परं अभएण एवंविहरुक्खगहणं पूआपणिहाणपुव्वयं भणियंति । कयउववासो वरगंधपुप्फनेवज्जमाइपूअं काउं भणइ, छिंदिस्समहं गोसे रायाएसेण तरुमेयं ॥

ता इत्थ कयावासो, जो कोइ रक्खसो अहव जक्खो ।
गंधव्वो व गणो वा, सो अणुजाणेउ पसिऊणं ॥

इय काउं कारुतरे, सुत्ते वंतरसुरो तरुनिवासी ।
चिंतइ अहो ! विवेगो, अभयकुमारस्स विणओ वि ॥

तस्साएसेण जइ इमो एवं न करिंतो तो महकोवपईवे सलहत्तणमुविंतो । परं न उत्तमपुरिसा असमिक्खियकारिणो हवंति । इय चिंतिऊण गंतुं निसीहसमयंमि अभयं भणइ, तुम्हाणं विणयपूआइणा परितुट्ठो एगत्थंभं पासायं अहमेव निम्मविस्सं सव्वउयफलफुल्लसंगयवणसंडसोहियं । ता तरुवरच्छेयाओ सुत्तहारे तुरियं विणिवत्तसुत्ति । अभओवि वंतरसुरवयणाओ निवत्तेइ सुत्तहारे । तियसवरेण विनिम्मविओ पासाओ । अभएणवि सेणियस्स विन्नत्तं । सेणिओवि तं तहाविहं पासायं दट्ठूण विम्हयवियसियमुहो पुच्छइ अभयं, कहमेयारिसो पासाओ जाओ ? । अभएणवि जहट्ठियं साहियं सव्वं । तओ य तत्थ ठाविया चेल्लणा भणिया य एवं–

ता इत्थ ठिया सुंदरि !, सच्छंदं खेयरि व्व विलसंती ।
कुणसु कयत्थं निययं, जम्मं धम्मत्थकामेहिं ॥

अभओवि जहागहियं गिहिधम्मं पालेइ । पच्छावे राइणा रज्जं दिज्जंतंपि हु संतोसपरो न गिण्हइ चिंतेइ य । जइ चरमो रायरिसी होहं अहं ता रज्जं गिण्हामि । एयं च जिणपुच्छाए निच्छयं होइत्ति ॥

इत्थंतरंमि सामी, पच्छिमदेसाओ वीयभयनाहं ।
उद्दायणं नरिंदं, पव्वावेउं तहिं पत्तो ॥

अभओ वि सपरिवारो जिणवंदणत्थं पत्तो । पत्थावे पुट्ठो भुवणगुरू, भयवं ! भरहे चरमो को रायरिसी होही ? । सामिणा साहियं, एसो उद्दायणो रायरिसी चरमो। अओ परं एयाओ अहिया एयतुल्ला य पत्थिवा न वयं पडिवज्जिस्संति दुसुमाणुभावेणं। एयं सोउं संसारभयभीओ अभओ राइणो पाएसु पडिऊण पुव्वपडिवन्नं वरं मग्गइ। ताय! इत्तियदिवसाणि चरमरायरिसित्त-महिलसंतेण वयगहणत्थं मए न निब्बंधो कओ। इयाणिं तहभव्वत्तवसा तं न घडियं मम । संपइ सामिणो पासे वयं पडिवज्जामि जइ ताओ अणुजाणइ । सेणियनिवोवि सोयविहुरियहियओ भणइ, वच्छ ! तुह उत्तमपुरिसस्स जुत्तं एयं, परं महरज्जे तुममेव पहू सव्वरज्जकज्जेसु । परं इयरावि तुह पत्थाण न विहलिया ता इमंमि कज्जे कहं विग्घं करेमि ? । जस्स कए रायनंदणा अकज्जाइं कुव्वंति। तं रज्जं दिज्जंतंपि तुमए न गहियं ता पुत्त ! धण्णो तुमं धम्ममग्गे अविग्घं ते भवउत्ति भणिय कराविओ निक्खमणमहो । अभयकुमारो वि भूरिकणय-धाराहिं धाराधरुव्व वरिसंतो पत्तो सामिसमीवे । पहुणावि दिक्खिओ विहिणा। नंदा वि हु तेण समगं चिय पव्वइया । जाओ कालेण इक्कारसंगधरो । बहुकालं निरवज्जं पवज्जं पालिऊण पत्तो सव्वट्ठसिद्धिविमाणे । तओ चूओ सिद्धिं गमिही ॥

## અભયકુમારમન્ત્રીનું દૃષ્ટાંત

નવલાખ ગામોથી મનોહર એવા મગધદેશમાં રાજગૃહ નામનું નગર છે, ત્યાં સમ્યક્પ્રકારે સમ્યક્ત્વને ધારણ કરનાર શ્રેણિક નામનો રાજા હતો. વિનયવાન, વિવેકી, ત્યાગી, કૃતજ્ઞ, કૃપાળુ, અને નીતિ, પરાક્રમ અને ધર્મનો મૂર્તિમાન સમુદાય જાણે ન હોય એવો તેનો પોતાનો પુત્ર અભયુકમાર મંત્રી હતો. તેને આખા રાજ્યનો કારોબાર સોંપી શ્રેણિકરાજા ચેલણા દેવીની સાથે વિલાસમાં નિમગ્ન થયો. એટલામાં હેમંતઋતુ શરૂ થતાં ત્યાં ભગવાન શ્રીમહાવીરસ્વામી પધાર્યા.

કોઈ વખતે મધ્યાહ્ન પછી ચેલ્લણા સહિત શ્રેણિકરાજા ગુણશીલચૈત્યમાં ભગવાનને વંદન કરી ત્યાંથી પાછા ફરતાં નદીના કિનારા ઉપર વસ્ત્રરહિત અને કાયોત્સર્ગમાં રહેલાં એક (જિનકલ્પી) મુનિને જોઈ તત્કાળ વાહનથી ઉતરી ચેલ્લણાની સાથે શ્રેણિકે તે મુનિને પ્રણામ કર્યા અને પછી પોતાને સ્થાને ગયો. ત્યાં સાયંકાળનું આવશ્યક કર્મ કરી વાસભુવનમાં દાખલ થઈ સુખરૂપ નિદ્રામાં તત્પર થયો, આ અવસરે નિદ્રાને આધીન થયેલી ચેલ્લણા રાણીનો હાથ ઓઢેલા કપડાથી બહાર નીકળી ગયો અને તે ટાઢથી વીંછીના ડંખની જેમ પીડિત થયો. તેથી જાગેલી ચેલ્લણા રાણી નદીના કિનારા ઉપર કાયોત્સર્ગમાં રહેલા મુનિને યાદ કરી બોલી કે—તે કેવી હાલતમાં હશે ? પછી કપડાથી હાથને ઢાંકી દીધો અને સુખેથી

સૂઈ ગઈ. તે પછી તેનાં આ વાક્યને સાંભળી કુપિત થયેલા રાજાએ વિચાર કર્યો કે ખરેખર આ રાણી વ્યભિચારિણી છે. તેથી સંકેત કરનારા કોઈક યારને (પ્રેમીને) સ્મરણમાં લાવી આ પ્રમાણે બોલે છે. એ પ્રમાણે ક્રોધાયમાન થયેલા રાજાએ જાગરૂક અવસ્થામાં જ બાકી રહેલી રાત્રિને પસાર કરી.....સૂર્યના ઉદય થતાં ચેલ્લણાને અંતેઉરમાં વિસર્જન કરી, અભયકુમારને કહ્યું કે—અરે અભયકુમાર ! અંતઃપુરનો નાશ થયો છે તે માટે અંતઃપુરના દ્વારોને બંધ કરી આગ લગાડજે. પરંતુ માતાના સ્નેહથી મોહિત હૃદયવાળો થઈ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નહીં.

આ પ્રમાણે અભયકુમારને આદેશ કરી રાજા ભગવાન શ્રીમહાવીરસ્વામીને વંદન કરવા ગયો. એટલે નિપુણ અને નિશ્ચયમતિવાળા અભયકુમારે પણ વિચાર કર્યો કે મારી સર્વે માતાઓ સતીમાં તિલક સમાન છે. તો પણ કોઈ કારણથી પૂજ્ય પિતાએ આ અસંભવિત કાર્યની સંભાવના કરી છે. તેમ જ પિતાનો કોપ પણ પર્વતની નદીના પુરની જેમ દુર્નિવાર્ય છે. અને વગર વિચારે કરેલું કાર્ય દુઃખદાયક થાય છે. તે માટે કહ્યું છે કે—

**ગુણવાળું અથવા તો ગુણ વગરનું કાર્ય કરનાર પંડિતે પ્રથમ પ્રયત્ન પૂર્વક પરિણતિ (વિપાક)નો વિચાર કરવો જોઈએ. ઘણી ઉતાવળથી કરેલા કાર્યનો વિપાક વિપત્તિ પર્યંતે શલ્યની જેમ હૃદયને દાહ કરનાર થાય છે. તેથી હાલ આ અશુભકાર્ય કરવામાં કાળ વિક્ષેપ કરીશ.**

એ પ્રમાણે વિચાર કરી અભયકુમારે એક જૂની હસ્તિશાળા સળગાવી અને નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે અંતઃપુર સળગ્યું છે. તે પછી તેણે ભગવાન શ્રીમહાવીરસ્વામી તરફ પ્રયાણ કર્યું એટલામાં સમવસરણમાં ધર્મકથા પૂર્ણ થતાં રાજાએ સર્વજ્ઞપ્રભુને વિજ્ઞપ્તિ કરી કે હે ભગવાન ! ચેલ્લણાદેવી એકપતિવાળી છે કે અનેકપતિ- વાળી છે ?

ભગવાને ઉત્તરમાં જણાવ્યું કે ચેડારાજાની પુત્રી આ ચેલ્લણાદેવી શીલરૂપ અલંકારને ધારણ કરનારી છે તેથી હે પાર્થિવ ! આ વિષયમાં મન થકી પણ તમો ખરાબ વિચાર કરતા નહીં.

આ વાત સાંભળી ભગવાનને નમસ્કાર કરી પશ્ચાત્તાપ કરતા રાજા એકદમ નગરની સન્મુખ ચાલ્યા. માર્ગમાં તેને અભયકુમાર મળ્યો. તેને પૂછ્યું કે તેં અંતઃપુર બાળ્યું કે નહીં ? અભયકુમારે વિનંતી કરી કે હે રાજન્ ! આ દુનિયાની અંદર જીવવાનો અર્થી ક્યો પુરુષ આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરે ? તે પછી દ્વેષયુક્ત થયેલો રાજા બોલ્યો કે 'રે દુષ્ટ ! માતાના સમૂહને બાળી તેમાં તેં પણ કેમ ન પ્રવેશ કર્યો ?"

અભયકુમારે જવાબ આપ્યો કે—'હે તાત ! જિનવચન શ્રવણ કરનાર એવા તમારા પુત્રનું આવા પ્રકારનું મરણ ન થાય. જો તે વખતે આપ પિતાશ્રીએ તેવી આજ્ઞા કરી હોત તો તે પણ હું કરત." પરસ્પર આવી વાત ચાલે છે એટલામાં રાજાને દુઃખે

કરી મૂર્ચ્છા આવી તેને ચંદન વગેરેથી સ્વસ્થ કરી અભયકુમારે વિજ્ઞપ્તિ કરી કે—"હે દેવ ! અંતઃપુરમાં અગ્નિ નાંખ્યો હતો પણ મારી માતાના શીલરૂપ જળથી ઓલવાઈ ગયો. અશુભ મુહૂર્તના સંયોગથી આપનું ફરમાવેલું કાર્ય નિષ્ફળ થયું." એવું નિવેદન કર્યા બાદ જીર્ણ હસ્તિશાળા બાળવા વગેરેનો વ્યતિકર કહી સંભળાવ્યો તેથી ખુશી થયેલા રાજાએ આલિંગન કરી કહ્યું કે 'વરદાન માંગ' ઉત્તરમાં અભયકુમારે જણાવ્યું કે—"તમારા પુત્રપણે અને શ્રીમહાવીર સ્વામીના સુશ્રાવકપણાને પ્રાપ્ત કર્યા પછી હવે મારે બીજું શું બાકી છે ? કે જેને આપવા માટે પિતા અભિલાષા રાખે છે. તો પણ અવસર આવે સાધુધર્મને અંગીકાર કરું તે વખતે આપે મને અનુમતિ આપવી." શ્રેણિક રાજાએ વાતનો સ્વીકાર કરી ચેલ્લણાના ભવનમાં ગયો.

તે પછી રાજા વિચાર કરવા લાગ્યો કે—"પહેલાં પણ ચેલ્લણા મારા હૃદયની વલ્લભા હતી. હમણાં તો શ્રીમહાવીરસ્વામીએ તેણીના શીલનું વર્ણન કરવાથી વિશેષ પ્રકારે મને પ્રિય થઈ પડી છે. તેથી જ્યાં સુધી મારી બીજી રાણીઓથી ચેલ્લણા માટે કાંઈ પણ વિશેષ ન કરી શકાય ત્યાં સુધી મારા મનને નિવૃત્તિ નહીં થાય" આ પ્રમાણે વિચાર કરી અભયકુમારને કહ્યું કે—હે વત્સ ! તું જાણે છે કે માને ચેલ્લણા ઉપર અસાધારણ મમત્વ ભાવ છે તે માટે મારી પ્રસન્નતાનો સૂચક એક સ્થંભીઓ મહેલ ચેલ્લણા માટે તૈયાર કરાવ કે જેથી તે મહેલમાં સુખપૂર્વક રહી શકે."

અભયકુમારે પણ જણાવ્યું કે "હે દેવ આ કાર્ય થયેલું જ છે." એમ કહી હોંશિયાર સુથારને વનમાં જવાનો આદેશ આપ્યો વનમાં પરિભ્રમણ કરતાં સુથારે એક લક્ષણવાળું વૃક્ષ જોયું અને વિચાર કર્યો કે—આ વૃક્ષ પ્રસ્તુત કાર્યને યોગ્ય છે. પરંતુ અભયકુમારે પૂજા અને પ્રણિધાન પૂર્વક આવા પ્રકારના વૃક્ષનું ગ્રહણ કરવાનું કહેલું છે. તેથી સૂત્રધાર ઉપવાસ કરી ઉત્તમ ગંધ, પુષ્પ અને નૈવેદ્ય વગેરેથી પૂજા કરી બોલ્યો કે રાજાના આદેશથી આ વૃક્ષને હું પ્રાતઃકાળમાં કાપીશ તે માટે આ વૃક્ષમાં જે કોઈ રાક્ષસ અથવા તો યક્ષ, ગંધર્વ કે ગણ વસતો હોય તો તે મારા ઉપર પ્રસન્ન થઈ આ વૃક્ષને છેદવા માટે હુકમ આપે.

આ પ્રમાણે પ્રાર્થના કરી સૂત્રધાર સૂઈ ગયો એટલે તે વૃક્ષમાં રહેનાર વ્યંતરે વિચાર કર્યો કે—અભયકુમારનો વિવેક અને વિનય કેવો આશ્ચર્યજનક છે ? જો અભયકુમારના આદેશથી આ સૂત્રધારે ઉપર પ્રમાણે ન કર્યું હોત તો મારા કોપરૂપ પ્રદીપમાં પતંગીયાપણાને પામ્યો હોત, પરંતુ ઉત્તમ પુરુષો વગર વિચાર્યું કરનારા હોતા નથી. આ પ્રમાણે વિચાર કરી મધ્યરાત્રીમાં જઈ અભયકુમારને કહ્યું કે—વિનય, પૂજા વગેરેથી હું તુષ્ટ થયો છું. તેથી સર્વ ઋતુના ફળ અને ફૂલવાળા વનખંડથી સુશોભિત એક સ્થંભીયો મહેલ હું જ બનાવીશ માટે સૂત્રધારોને ઝાડ કાપવાના કામથી એકદમ

નિવર્તન કરો. અભયકુમારે પણ વ્યંતરના વચનથી સૂત્રધારોને તે કામ કરતાં અટકાવ્યાં એટલે દેવતાએ એકસ્થંભીયો મહેલ તૈયાર કર્યો.

અભયકુમારે પણ શ્રેણિકરાજાને વિનંતી કરી એટલે તુરત જ તેવા પ્રકારના મહેલને જોઈ આશ્ચર્યથી વિકસિત વદનવાળા શ્રેણિકરાજાએ અભયકુમારને પૂછ્યું કે આવા પ્રકારનો મહેલ કેવી રીતે થયો ? અભયકુમારે ઉત્તરમાં સઘળો યથાર્થ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે પછી ચેલ્લણા રાણીને તે મહેલમાં રાખી અને કહ્યું કે વિદ્યાધરીની જેમ ઈચ્છા મુજબ વિલાસ કરતી, 'હે સુંદરી ! આ ઠેકાણે રહી તું ધર્મ, અર્થ અને કામરૂપ પુરુષાર્થ વડે પોતાના જન્મને સફળ કર.' આ તરફ અભયકુમાર પણ ગ્રહણ કર્યા પ્રમાણે ગૃહસ્થધર્મનું પાલન કરે છે.

કોઈ અવસરે રાજાએ રાજ્ય આપવા માંડ્યું પણ સંતોષપરાયણ અભયકુમાર તેનો સ્વીકાર નહીં કરતાં વિચારવા લાગ્યા કે જો હું છેલ્લો રાજર્ષિ થાઉં તો રાજ્યને ગ્રહણ કરું. પરંતુ આ વાતનો નિશ્ચય તો ભગવાનને પૂછવાથી થઈ શકશે એમ વિચારે છે, એટલામાં ભગવાન શ્રીમહાવીરસ્વામી પશ્ચિમદેશના વીતભયપત્તનના નરેશ ઉદાયનને દીક્ષા આપી રાજગૃહમાં પધાર્યા.

અભયકુમાર પણ પોતાના પરિવાર સાથે શ્રીજિનેશ્વરને વંદન કરવા માટે ગયા અને ત્યાં અવસર મળતાં ભગવાનશ્રીમહાવીરસ્વામીને પૂછ્યું કે હે ભગવન્ ! આ ભરત-ક્ષેત્રમાં છેલ્લો રાજર્ષિ કોણ થશે ?

ઉત્તરમાં ભગવાને જણાવ્યું કે—આ ઉદાયન ચરમ રાજર્ષિ છે. હવે પછી આ ઉદાયનથી મોટા કે તેના સરખા રાજાઓ દુઃષમકાળના પ્રભાવથી સાધુવ્રતને અંગીકાર કરશે નહીં, આ વાત સાંભળી સંસારના ભયથી ભય પામેલા અભયકુમારે રાજાના પગમાં પડી પ્રથમ અંગીકાર કરેલું વરદાન રાજા પાસે માંગ્યું, 'હે તાત ! આટલા દિવસ સુધી ચરમ રાજર્ષિપણાની ઈચ્છા રાખનાર મારા વડે વ્રત ગ્રહણ કરવા માટે આગ્રહ કરાયો નથી. પરંતુ હમણાં તેવા પ્રકારની ભવિતવ્યતાના યોગથી મને ચરમ રાજર્ષિપણું પ્રાપ્ત થવાનું નથી. માટે જો આપ મને અનુમતિ આપો તો હમણાં જ ભગવાન શ્રીમહાવીરસ્વામી પાસે હું દીક્ષા અંગીકાર કરું.'

અભયકુમારની આ વાત સાંભળી શોકાકુળ હૃદયવાળા શ્રેણિકરાજાએ કહ્યું કે—હે વત્સ ! તારા જેવા ઉત્તમ પુરુષોને એમ કરવું યોગ્ય છે, પરંતુ મારા રાજ્યનાં સંપૂર્ણ રાજ્યકાર્ય કરવામાં તું જ સમર્થ હતો. આટલા દિવસમાં તારી બીજી પ્રાર્થનાઓ મેં નિષ્ફળ કરી નથી તો આવા ઉત્તમ કાર્યમાં વિઘ્ન શા માટે કરું ? જે રાજ્યને માટે રાજકુમારો અકાર્યો કરે છે તેવું રાજ્ય આપવા માંડ્યું પણ તેં ગ્રહણ ન કર્યું, તેથી હે

પુત્ર ! તને ધન્ય છે અને તારા ધર્મકાર્યના માર્ગમાં વિઘ્ન ન થાઓ, એમ બોલી શ્રેણિક રાજાએ દીક્ષા મહોત્સવ કરાવ્યો.

અભયકુમાર પણ મેઘની જેમ પુષ્કળ સુવર્ણની ધારાઓથી વૃષ્ટિ કરતા ભગવાન પાસે આવી પહોંચ્યા. ભગવાને વિધિપૂર્વક દીક્ષા આપી. અભયકુમારની માતા નંદાએ પણ તેની સાથે જ દીક્ષા ગ્રહણ કરી. કેટલાક કાળે અભયકુમાર અગિયાર અંગને ધારણ કરનારા થયા. પછી ઘણા કાળ સુધી નિરતિચાર પ્રવ્રજ્યા પાળી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા ત્યાંથી ચ્યવી (મનુષ્ય થઈ દીક્ષા ગ્રહણ કરી) મોક્ષમાં જશે.

હવે ગ્રંથકારશ્રી પ્રસ્તુતગુણની સમાપ્તિ કરતાં ઉપદેશદ્વારા ફળ બતાવે છે—

**नयविनयविवेकच्छेकताद्यैर्गुणौघैः,**
**सकलजनमनांसि प्रीणयन्तो महान्तः ।**
**अभयवदिति लोके वल्लभत्वं दधाना,**
**निरुपमजिनधर्मे योग्यतां संश्रयन्ते ॥१०९॥**

**શબ્દાર્થ—મંત્રીશ્વરશ્રીઅભયકુમારની જેમ નીતિ, વિનય, વિવેક અને નિપુણતા વગેરે ગુણોએ કરી આ લોકમાં સમગ્ર લોકોના અંતઃકરણોને સંતોષ પમાડનારા મહાન્ પુરુષો જનવલ્લભપણાને ધારણ કરી સર્વોત્તમ જિનધર્મની યોગ્યતાને મેળવે છે. ૧૦૯.**

**इत्येकोनत्रिंशत्तमो गुणः ॥**

• • •

## (૩૦)

# ત્રીસમો ગુણ–સલજ્જ

હવે, લજ્જાળુ નામના ત્રીસમા ગુણનું વર્ણન કરે છે–

**तथा सह लज्जया वैयात्याभावरूपया सलज्जः । लज्जावान् हि प्राणप्रहाणेऽपि न प्रतिज्ञातमपजहाति । अकार्ये च न प्रवर्त्तते, कर्म्मवशात्प्रवृत्तोऽपि प्रायो निवर्त्तत एव। यतः–**

**શબ્દાર્થ–सलज्जः-નિર્લજ્જાના અભાવ રૂપ લજ્જાએ કરીને જે યુક્ત હોય તે લજ્જાવાન્ કહેવાય છે. ખરેખર જે લજ્જાવાન્ હોય છે તે પોતાના પ્રાણોનો નાશ થતાં પણ અંગીકાર કરેલાનો કદી ત્યાગ કરતો નથી અને અનુચિત કાર્યમાં પ્રવૃત્તિ પણ કરતો નથી. કોઈ વખત દૈવયોગથી અકાર્યમાં પ્રવૃત્તિ થઈ ગઈ હોય તો પણ પ્રાયે કરી પાછો ઠેકાણે જ આવે છે. તે માટે કહ્યું છે કે :-**

**लज्जया कार्यनिर्वाहो, मृत्युर्युद्धेषु लज्जया ।**
**लज्जयैव नये वृत्तिर्लज्जा सर्वस्य कारणम् ॥१॥**
**लज्जां गुणौघजननीं जननीमिवार्या-**
**मत्यन्तशुद्धहृदयामनुवर्त्तमानाः ।**
**तेजस्विनः सुखमसूनपि सन्त्यजन्ति**
**सत्यस्थितिव्यसनिनो न पुनः प्रतिज्ञाम् ॥२॥**

[સૂત્રકૃતાંગસૂત્ર ગાથા-૯ની વૃત્તિ]

**લજ્જાથી કાર્યનો નિર્વાહ, લજ્જા વડે યુદ્ધમાં સુભટોનું મૃત્યુ અને લજ્જા વડે જ નીતિમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે. તેથી સર્વ આવશ્યક બાબતોનું મૂળ કારણ લજ્જા છે. ૧ શ્રેષ્ઠ અને અત્યંત શુદ્ધ હૃદયવાળી માતાની જેમ અનેક ગુણોને ઉત્પન્ન કરનારી લજ્જાને અનુસરનારા તેજસ્વી (પરાક્રમી) અને સત્યની સીમામાં રહેવાની ટેવવાળા પુરુષો સુખેથી પ્રાણોનો ત્યાગ કરે છે, પરંતુ કદી પણ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી. ૨**

**વળી કહ્યું છે કે–**

**लज्जालुओ अकज्जं, वज्जइ दूरेण जेण तणुअंपि ।**
**आयरइ सयायारं, न मुयइ अंगीकयं कह वि ॥**

આ હેતુથી લજ્જાળુ પુરુષ અતિ સ્વલ્પ અકાર્યનો પણ દૂરથી જ ત્યાગ કરે છે, સદાચારનું પ્રતિપાલન કરે છે અને કોઈ પણ પ્રકારે અંગીકાર કરેલું છોડતા નથી.

તે માટે કહ્યું છે કે–

दूरे ता अन्नजणो, अंगे च्चिय जाइं पंच भूयाइं ।
तेसिं पि य लज्जिज्जइ, पारद्ध परिहरंतेहिं ॥

यथा श्रीमानाम्बडदेवः-

અન્ય પુરુષથી શરમાવું તો દૂર રહ્યું, પણ શરીરમાં જ જે પાંચ ભૂતો છે તેનાથી પણ પ્રારંભ કરેલાનો ત્યાગ કરનાર લજ્જાળુ પુરુષ લજ્જા પામે છે. જેમ શ્રીમાન્ આમ્બડ દેવને લજ્જા પ્રાપ્ત થઈ હતી તેનું ઉદાહરણ નીચે બતાવ્યા પ્રમાણે છે.

## श्रीआम्बडदेवाख्यानम्

अथ पत्तने कदाचित्सर्वावसरस्थितः श्रीचौलुक्यचक्रवर्त्ती कोङ्कणदेशीय-मल्लिकार्जुनराज्ञो मागधेन राजपितामह इति बिरुदमभिधीयमानमाकर्ण्य तदसहिष्णु-तया सभां निभालयन् नृपचित्तविदा मन्त्रिआम्बडेन योजितकरसम्पुटं दर्शयता चमत्कृतः । सभाविसर्जनानन्तरमञ्जलिबन्धकारणं पृच्छन्नेवं विज्ञप्तः, यदस्यां सदसि स कोऽपि सुभटो विद्यते यं प्रस्थाप्य मिथ्याभिमानिनमिमं नृपाभासं विनाशयामः, इत्याशयविदा त्वदादेशक्षमेण च मयाऽञ्जलिबन्धश्चक्रे ।

इति तद्विज्ञप्तिसमनन्तरमेव तं नृपं प्रति प्रयाणाय दलनायकीकृत्य पञ्चाङ्ग-प्रसादं दत्वा समस्तसामन्तैः समं विससर्ज । स चानवच्छिन्नप्रयाणैः कोङ्कण-देशमासाद्य दुर्वारवारिपूरां कोलम्बिर्णी सरितमुत्तीर्य परस्मिन् कूले आवासेषु दीय-मानेषु तं सङ्ग्रामासज्जं विमृश्य स मल्लिकार्जुननृपः प्रहरंस्तत्सैन्यं त्रासयामास ।

अथ तेन पराजितः स सेनापतिः कृष्णवदनः कृष्णवसनः कृष्ण-छत्रालङ्कृतमौलिः पत्तनपरिसरे कृष्णगूढरोदरे निवसन् राजपाटिकायां निर्गतेन चौलुक्यराजेन विलोक्य कस्यासौ सेनानिवेशः ? इत्यादिष्टे केनाप्यसहिष्णुना मल्लिकार्जुनपराजितस्य कोङ्कणात्प्रत्यावृत्तस्याम्बडस्य सेनानिवेश इत्यूचे । इति तदीयातित्रपया चमत्कृतचित्तः प्रसादललितया दृशा सम्भाव्य तदपरैर्बलवद्भिः सामन्तैः समं मल्लिकार्जुनं जेतुं पुनः प्रहितः ।

तां नदीमासाद्य पद्याबन्धे विरचिते तेनैव पथा यथानुक्रमं सैन्यमुत्तार्य सावधानवृत्त्याऽसमसमरारम्भे हस्तिस्कन्धाधिरूढं वीरतया मल्लिकार्जुननृपमेव

निश्चलीकुर्वन् स आम्बडः सुभटो दन्तमुसलसोपानेन कुम्भिकुम्भस्थलमधिरुह्य माद्यदुद्दामरणरसः **प्रथमं प्रहर इष्टं दैवतं वा स्मरेत्युच्चरन्** धारालकरवाल-प्रहारान्मल्लिकार्जुनं पृथ्वीतले पातयन् सामन्तेषु तन्नगरलुण्टनव्यापृतेषु केशरिकिशोरः करिणमिव तं लीलयैव जघान । तन्मस्तकं सुवर्णेन वेष्टयित्वा तत्र देशे श्रीकुमारपालनृपाज्ञां दापयन् श्रीअणहिल्लपुरं प्राप्य सभानिषण्णेषु द्वासप्ततिसामन्तेषु स्वामिनः श्रीकुमारनृपतेश्चरणौ कोङ्कणदेशीयश्रीमल्लिकार्जुनशिरसा समं शृङ्गारकोटी शाटी १ माणिक्यपटः २ पापक्षयङ्करहारः ३ संयोगसिद्धिसिप्रा ४ तथा हेमकुम्भाः ३२ मूटकाः ६ मौक्तिकानां सेटकनामा चतुर्दन्तहस्ती १ पात्राणां १२० कोटयः १४ सुवर्णस्य एभिर्वस्तुभिः श्रीआम्बडदेवः पूजयामास । तदद्भुतकर्मणा रञ्जितेन राज्ञा श्रीमुखेन श्रीआम्बडदेवस्य राजपितामह इति बिरुदं ददे ॥

## આંબડદેવ કથા

અણહિલપુર પાટણમાં સર્વ કાર્યોનો અવસર છે જેમાં એવી સભામાં બેઠેલા ચૌલુક્ય ચક્રવર્તી શ્રીકુમારપાળ રાજાએ કોઈ વખત કોંકણદેશના મલ્લિકાર્જુનરાજાનું ભાટ દ્વારા કહેવાતું **'રાજપિતામહ'** એવું બિરુદ સાંભળ્યું અને તે સહન નહીં થવાથી સભાને નિહાળતાં રાજાના અંતઃકરણને જાણનાર આંબડદેવ મંત્રીએ દેખાડેલા કરસંપુટને જોઈ ચમત્કાર પામેલા રાજાએ સભા વિસર્જન કર્યાબાદ અંજલિબદ્ધ કરવાનું કારણ પૂછતાં મંત્રીએ વિજ્ઞપ્તિ કરી કે—આ સભામાં કોઈ તેવા પ્રકારનો સુભટ છે કે જેને મોકલી આ મિથ્યાભિમાની અને નૃપાભાસ રાજાનો ગર્વ ઉતારી શકીએ. એવા પ્રકારના તમારા આશયને જાણનાર અને તમારા હુકમને ઉઠાવવા સમર્થ હોવાથી મેં અંજલિબદ્ધ કર્યો હતો.

એવા પ્રકારની તેની વિજ્ઞપ્તિ સાંભળ્યા પછી તરત જ તે રાજા તરફ પ્રયાણ કરવા માટે સેનાનો નાયક કરી અને પાંચ અંગની પહેરામણી આપી સમસ્ત સામંતોની સાથે આબંડદેવને વિસર્જન કર્યો. પછી તે આંબડદેવ અવિચ્છિન્ન પ્રયાણ કરી કોંકણદેશ પાસે દુર્વારિ પાણીના પૂરવાળી કોલંબિણી નામની નદીને ઉતરી સામેના કિનારા ઉપર પડાવ નાંખે છે અને હજુ સુધી તે આંબડદેવ લડવાને સજ્જ થયો નથી એમ વિચાર કરી મલ્લિકાર્જુને તેના ઉપર એકદમ ઓચિંતો હલ્લો લાવી તેના સૈન્યને નસાડી મૂક્યું.

મલ્લિકાર્જુનથી પરાભવ પામેલો શ્યામવદન, કાળાં વસ્ત્ર, કાળુછત્ર, કાળા અલંકાર અને કાળા મુકુટને ધારણ કરનાર તે આબંડદેવ નામનો સેનાધિપતિ પાટણ શહેરની નજીકમાં કૃષ્ણગૂઢર શહેર નામના સ્થાનમાં આવીને રહ્યો. રાજવાટિકામાં નીકળેલા ચૌલુક્યશિરોમણિ કુમારપાળે તે પડાવ જોઈ પૂછ્યું કે આ કોની સેનાનો પડાવ

છે ? ઉત્તરમાં કોઈ ઉતાવળીયાએ જણાવ્યું કે—મલ્લિકાર્જુનથી પરાભવ પામેલા અને કોંકણદેશથી પાછા ફરેલા આંબડદેવ મંત્રીનો આ સેનાનિવેશ છે. આ વાત સાંભળી તે મંત્રીની અત્યંત લજ્જાથી વિસ્મય થયેલા રાજાએ પ્રસન્ન અને મનોહર દૃષ્ટિથી મંત્રીનો સત્કાર કરી બીજા બળવાન સામંતો સાથે મલ્લિકાર્જુનને જીતવા માટે આંબડદેવને ફરીથી મોકલ્યો.

અનુક્રમે તે કોલંબિણી નામની નદીને પાસે થઈ તેના ઉપર પુલ જેવો માર્ગ તૈયાર કરી તે જ માર્ગ દ્વારા અનુક્રમે સાવધાનવૃત્તિથી સૈન્યને ઉતારી અસાધારણ યુદ્ધ શરૂ થતાં બહાદુરીથી હસ્તિના સ્કંધ ઉપર આરૂઢ થયેલા મલ્લિકાર્જુનને જ ચેષ્ટારહિત કરતો તે આંબડદેવ નામનો સુભટ મૂશળ જેવા દાંતરૂપ પગથીયા વડે હાથીનાં કુંભસ્થળ ઉપર આરૂઢ થઈ પ્રચંડ યુદ્ધ રસના આવેશમાં આવી, પ્રથમ તું પ્રહાર કર અથવા તો ઈષ્ટદેવનું સ્મરણ કર એ પ્રમાણે બોલી અને તીક્ષ્ણ ધારવાળા ખડ્ગના પ્રહારથી મલ્લિકાર્જુનને પૃથ્વી ઉપર પાડી નાંખી અને મલ્લિકાર્જુનના નગરને લુંટવામાં જ્યારે સામંતો રોકાયા હતા તે વખતે કેશરીસિંહનું બચ્ચું જેમ હાથીનો નાશ કરે છે તેની જેમ આંબડદેવે સહેજમાં જ મલ્લિકાર્જુનનું મસ્તક કાપી નાંખ્યું. પછી તે મસ્તકને સોનાથી વીંટી લઈ તે કોંકણદેશમાં કુમારપાળ ભૂપાળની આજ્ઞા-પ્રવર્તાવી અનુક્રમે અણહિલ્લપુર પત્તનમાં આવી કુમારપાળ નરેશની સભામાં જ્યારે બોંતેર સામંતોની હાજરી હતી તે વખતે કોંકણદેશના રાજા મલ્લિકાર્જુનના મસ્તકની સાથે શૃંગારકોટી નામની સાડી, માણિક્ય નામનો પટ, પાપક્ષયંકર નામનો હાર, સંયોગસિદ્ધ નામની છીપ, સોનાના બત્રીશ કળશ, મોતીના છ મૂઠા, ચાર દાંતવાળો સેટક નામનો એક હાથી, એકસોવીસ પાત્રો અને ચઉદ ક્રોડ સોનામહોર વગેરે વસ્તુઓથી પોતાના સ્વામી શ્રીકુમારપાળરાજાની આંબડદેવ મંત્રીએ પૂજા કરી. ઉપર જણાવેલા આશ્ચર્યજનક કાર્યથી ખુશ થયેલા રાજાએ પોતાના જ મુખથી શ્રી આંબડદેવને **રાજપિતામહ** એવું બિરુદ આપ્યું.

હવે ગ્રંથકારશ્રી આ વિષયની સમાપ્તિ કરતાં ઉપદેશ દ્વારા ફળ બતાવે છે—

**सङ्कटेऽपि महति प्रतिपन्नं, लज्जया त्यजति यन्न मनस्वी ।**
**निर्वहेच्च खलु तेन सलज्जः, सम्मतः शुभविधावधिकारी ॥११०॥**

**શબ્દાર્થ—મોટું સંકટ આવ્યા છતાં પણ મનસ્વી પુરુષ અંગીકાર કરેલું લજ્જાથી ત્યાગ કરતો નથી પરંતુ ખરેખર તેનો નિર્વાહ કરે છે. તે હેતુથી લજ્જાવાન્ પુરુષ ધર્મ કાર્યમાં અધિકારી ગણાય છે. ૧૧૦.**

इति त्रिंशत्तमो गुणः ॥

● ● ●

(૩૧)

# એકત્રીસમો ગુણ—સદય

હવે, દયાળુ નામના એકત્રીસમા ગુણનું વર્ણન કરે છે.

**सह दयया दुःखितजन्तुत्राणाभिलाषेण वर्त्तत इति सदयः । धर्मस्य दयैव मूलमिति सदय एव धर्मार्हः यतः—**

**देहिनः सुखमीहन्ते, विना धर्मं कुतः सुखम् ? ।**
**दयां विना कुतो धर्मस्ततस्तस्यां रतो भव ॥**

**શબ્દાર્થ—सदयः**-**દુઃખી પ્રાણીઓનું રક્ષણ કરવાની અભિલાષા રૂપ દયાએ કરી જે યુક્ત હોય તે સદય કહેવાય છે અને દયા જ ધર્મનું મૂળ છે તેથી દયાળુ જ ધર્મને યોગ્ય છે.**

કહ્યું છે કે—**પ્રાણીઓ સુખની ઈચ્છા કરે છે, પરંતુ ધર્મ વિના સુખ ક્યાંથી હોઈ શકે ? તેમજ દયા વિના ધર્મ ક્યાંથી હોય ? તે માટે હે ભવ્ય ! જીવોનું રક્ષણ કરવામાં તત્પર થા.**

ભાવાર્થ—આ જગતમાં કુંથુઆથી માંડીને ઇંદ્ર સુધીના તમામ પ્રાણીઓ સુખની ઈચ્છા રાખે છે. પરંતુ કષાય, અવિરતિ, પ્રમાદ અને રાગદ્વેષની પરિણતિ વગેરે પ્રબળ કારણોને લીધે સુખનું ખરેખરું કારણ જે ધર્મ છે તેવા જિનોક્ત ધર્મનું યથાર્થ આરાધન કર્યા સિવાય ધર્મથી પ્રાપ્ત થનાર સુખની ઈચ્છા રાખનારને સ્વપ્નમાં પણ સુખ કેવી રીતે મળી શકે ? માટે સુખની ઈચ્છા રાખનાર પુરુષે યથાશક્તિ ભાવપૂર્વક ધર્મ કરવામાં તત્પર થવું જોઈએ, ધર્મની ઉપાસના કરનારને કેવળ સંસારનું સંપૂર્ણ સુખ પ્રાપ્ત થાય છે એટલું જ નહીં પરંતુ ઉત્તરોત્તર મોક્ષના અનંત સુખને પણ મેળવી શકે છે.

ધર્મ પણ અહિંસારૂપ હોવો જોઈએ. કારણ કે અહિંસા ધર્મનું મૂળ છે. દરેક પ્રાણીને જીવવાની આશા હોય છે, મરણની વાત સાંભળતા જ ભયભ્રાંત થઈ જાય છે. એવા અનાથ પ્રાણીઓનો પ્રાણ લઈ ધર્મની ઈચ્છા કરે છે તે હલાહલ ઝેર ખાઈ જીવવાની ઈચ્છા બરોબર છે. વખતે નિકાચિત આયુષ્ય હોવાથી ઝેર જીવિતનો નાશ ન કરી શકે એ કદાચિત્ બનવા જોગ છે. પરંતુ હિંસા કરનારને હિંસાથી ધર્મ થવો તો દૂર રહ્યો પણ નારકીનાં અતિ ભયંકર દુઃખોનો અનુભવ કરવો પડે છે માટે શ્રી જિનેશ્વર-

ભગવાને શ્રાવકોને જીવદયા પાળવા માટે જે નિયમો બતાવ્યા છે, તે પ્રમાણે તેનું પાલન કરવા દરેક સુખાભિલાષી પ્રાણીઓએ તત્પર થવું જોઈએ.

એકલા જૈનો જ અહિંસાને ધર્મનું મૂળ કારણ માને છે એમ નથી. પરંતુ આર્યાવર્તના તમામ દર્શનવાળા "अहिंसा परमो धर्मः" આ મહાવાક્યને માન્ય કરી અહિંસાને ધર્મનું પ્રધાન અંગ સ્વીકારે છે. તે માટે કહ્યું છે કે—

**ददातु दानं विदधातु मौनं, वेदादिकं चापि विदाङ्करोतु ।**
**देवादिकं ध्यायतु सन्ततं वा, न चेद्दया निष्फलमेव सर्वम् ॥**

**દાન આપો, મૌન ધારણ કરો, વેદાદિક અથવા તો બીજા ગમે તે શાસ્ત્રોને જાણો અને નિરંતર દેવાદિકનું ધ્યાન કરો પરંતુ જો એક દયા નથી તો ઉપર બતાવેલું સઘળું નિષ્ફળ છે એટલે રાખમાં ઘી હોમવા બરાબર છે.**

**વિવેકી પુરુષ દયા પણ પોતાના આત્માની જેમ કરે. તે માટે કહ્યું છે કે—**

**प्राणा यथाऽऽत्मनोऽभीष्टा, भूतानामपि ते तथा ।**
**आत्मौपम्येन भूतानां, दयां कुर्वीत धर्मवित् ॥**

**જેમ પોતાને પોતાના પ્રાણો અભિષ્ટ છે, તેમ પ્રાણી માત્રને પણ પોતાના પ્રાણો અભિષ્ટ છે, માટે ધર્મજ્ઞ પુરુષે પોતાની જેમ બીજા પ્રાણીઓની દયા કરવી જોઈએ. અર્થાત્ પોતાના પ્રાણો જેવા બીજાના પ્રાણો ગણી તેનું રક્ષણ કરવું જોઈએ. (કલ્પસૂત્ર ક્ષણ-૭)**

**कृपानदीमहातीरे, सर्वे धर्मास्तृणाङ्कुराः ।**
**तस्यां शोषमुपेतायां, कियन्नन्दन्ति ते चिरम् ॥** [પાર્શ્વનાથ ચરિત્ર]

**કૃપારૂપ નદીના કિનારા ઉપર સઘળાં ધર્મો અંકુરારૂપ છે. જ્યારે તે નદી સુકાઈ જાય ત્યારે તે અંકુરા કેટલા કાળ સુધી ટકી શકે ? અર્થાત્ જ્યાં બિલકુલ દયાનો છાંટો પણ નથી તો દયાના આધારે રહેનાર ધર્મનું અસ્તિત્વ ક્યાંથી હોય ?**

**निजप्राणैः परप्राणान्, ये रक्षन्ति दयोज्ज्वलाः ।**
**द्वित्रास्ते सुरसंस्तुत्या, दुर्लभाः पुण्यपुरुषाः ॥**

**જે દયાળુ પુરુષો પોતાના પ્રાણો વડે બીજાના પ્રાણોનું રક્ષણ કરે છે તેવા દુર્લભ તેમજ દેવતાઓથી સ્તુતિ કરાયેલા પવિત્ર પુરુષો બે ત્રણ અર્થાત્ ગણ્યા ગાંઠ્યા હોય છે.**

**यथा श्रीविक्रमादित्यः**

**एकदा श्रीविक्रमार्कनृपोऽश्वापहृतो वनान्तस्तृषार्त्तः पानीयं गवेषयन् क्वापि गह्वरे पङ्किलपल्वलान्तर्निमग्नां दुर्बलां गां दृष्टवान् । गौरपि राजानं दृष्ट्वा-ऽश्रुविमिश्रलोचना हम्भारावमकरोत् । नृपोऽपि दुःखितजन्तुत्राणैकतानस्तस्याः**

कर्षणायानेकोपायांश्चकार, परं कथमपि न निर्गच्छति, रात्रिर्जाता । ततः कुतोऽप्यकस्मादेकः सिंहो बुभुक्षितस्तस्या भक्षणाय समायातः सिंहनादं करोति स्म । राजा दयार्द्रचित्तश्चिन्तयति—

यद्येनां गामितो मुक्त्वा, दुर्बलां भयविह्वलाम् ।
यास्यामि तदिमां सिंहो, हनिष्यत्येव सत्वरम् ॥

दुर्बलानामनाथानां, भयभ्रान्तैकचेतसाम् ।
परैस्तु परिभूतानां, सर्वेषां पार्थिवो गतिः ॥ [શંગસ્મૃતિ શ્લોક-૨૫]

ततश्चासौ प्राणप्रहाणेनापि मया रक्षणीयैवेति खड्गमुद्यम्य स्थितस्तस्याः पार्श्वे । रात्रौ शीतेन भयेन च गौः कम्पते । राज्ञा स्वप्रावरणैराच्छादिता । सिंहो गोसंमुखं फालां दत्ते । राजा खड्गेन सिंहं भापयति । एवंविधे व्यतिकरे तत्रैको वटस्थः शुको ब्रूते, हे मालवेश्वर ! एतस्याः स्वयमद्य कल्ये मुमूर्षोः कृते स्वप्राणान् किं पणीकुरुषे ? गच्छ स्वेच्छयाऽस्मिन् वटे वा चट द्रुतम् । राजा प्राह, हे शुकराज ! मैवं वद । यतः—

परप्राणैर्निजप्राणान्, सर्वे रक्षन्ति जन्तवः ।
निजप्राणैः परप्राणानेको जीमूतवाहनः ॥ [જ્ઞાનશતક-૫૭]

कृपया सफलाः सर्वे, गुणाः सत्यादयोऽपि हि ।
सूर्योदयेन मणयः, सूर्यकान्ताः सकान्तयः ॥

धर्मकल्पतरोर्बीजं, विश्वविश्वसुखावहा ।
अनन्तदुःखविच्छेदकारिणी विद्यते दया ॥

दयां विना देवगुरुक्रमार्चातपांसि सर्वेन्द्रिययन्त्रणानि ।
दानानि शास्त्राध्ययनानि सर्वे, सैन्यं गतस्वामि यथा वृथैव ॥१॥
[ઉપદેશતરંગિણી પૃ. ૨૩૭]

अद्य श्वो वा ध्रुवे मृत्यौ, स्वस्यैकस्य व्ययाद्यदि ।
रक्ष्यन्ते भूयसां प्राणाः, पर्याप्तमियता न किम् ॥

अतः स्वप्राणान् दत्वा रक्षणीया ह्येषा इति कृतनिश्चयो रात्रिं यावद्ररक्ष गां ताम् । प्रातः सूर्योदये न सिंहो, न गौर्न शुकश्च राजाऽऽत्मानं केवलं पश्यति । मनसि विस्मयं वितर्कं च यावत् कुरुते तावद्देवद्वयं पुरः पश्यति स्म देवावपि विस्मितस्वान्तावेवमूचतुः-

धन्यस्त्वं नरदेव ! देवसदसि त्वत्कीर्त्तिसङ्कीर्त्तनं, साक्षात्स्वःपतिरातनोति मुदितामोदोऽधुनैवं स्वयम् ।

पृथ्व्यां सम्प्रतिमो न सम्प्रति, पुमानन्यो वदान्यस्थितेः,
श्रीमद्विक्रमभूभुजः, कृतमृजो जाग्रद्दयाद्यैर्गुणैः ॥

**त्वत्परीक्षार्थं सिंहगोशुकरूपाणि कृत्वाऽऽवाभ्यां देवमाया दर्शिता । त्वद्दया-रसिकत्वं शक्रवर्णनतोऽपि सहस्रगुणं दृष्टं, अतो वरं वृणु । राजा किमपि नेच्छति । ततः कामगवीं दत्वा देवौ स्वस्थानमीयतुः । प्रमुदितो राजा कामधेनुयुतः पुरीसंमुखः समेति। मार्गे विप्रः सबालः प्राह, हे दुःखितदुःखापहारक ! श्रीविक्रमनृप ! एतत्पुत्रमाता मृता। बालोऽसौ पयो विना न तिष्ठति । गृहे धनाभावेन गौर्न सम्पद्यते । अतोऽहं दुःखी । राजाऽपि कृपयाऽऽर्द्रहृदयो विप्राय कामगवीं दत्वा स्वं स्थानमलञ्चकार ॥**

## વિક્રમાદિત્યરાજાની કથા

એક વખતે અશ્વથી હરણ કરાયેલો અને તૃષાથી પીડિત થયેલો વિક્રમરાજા જંગલમાં પાણીની તપાસ કરતો હતો. તેટલામાં કોઈ એક ગુફામાં કાદવવાળા તલાવડાની અંદર ખુંચી ગયેલી અને દુર્બળ એવી એક ગાય તેના જોવામાં આવી. આંસુથી ખરડાયેલી આંખોવાળી ગાયે પણ રાજાને જોઈ બરાડા પાડ્યા. તે સાંભળી દુઃખી થયેલા પ્રાણીઓનું રક્ષણ કરવામાં તત્પર રાજાએ પણ તેને બહાર ખેંચી કાઢવા માટે અનેક ઉપાયો કર્યા પરંતુ કોઈ પણ રીતે ગાય બહાર નીકળી શકી નહીં અને રાત્રી થઈ ગઈ. તેટલામાં કોઈ પણ સ્થળથી ઓચિંતો એક ભૂખ્યો સિંહ તે ગાયનું ભક્ષણ કરવા માટે આવ્યો અને સિંહનાદ કરવા લાગ્યો.

તે જોઈ દયાથી સ્નિગ્ધ હૃદયવાળો વિક્રમરાજા વિચાર કરવા લાગ્યો કે—જો આ દુર્બળ અને ભયથી વ્યાકુળ થયેલી ગાયને હું અહીંયા મૂકીને ચાલ્યો જઈશ તો આ ગાયને સિંહ જલ્દી મારી નાંખશે.

**દુર્બળ, અનાથ, ભયભીત હૃદયવાળા અને બીજાઓથી પરાભવ પામેલા સઘળા પ્રાણીઓનું આશ્રય સ્થાન પાર્થિવ જ હોય છે.**

તે હેતુથી મારા પ્રાણોનો નાશ થાય તો પણ મારે આ ગાયનું રક્ષણ કરવું જોઈએ.

એ પ્રમાણે વિચાર કરી તલવારને ઉગામી ગાયની પાસે ઊભો રહ્યો. રાત્રિમાં ટાઢ અને ભયથી ગાય કંપવા લાગી એટલે રાજાએ પોતાના વસ્ત્રો વડે તેણીને ઢાંકી દીધી. આ તરફ સિંહ ગાયની સામે ફાળો મારે છે. રાજા તેને તલવારથી ડરાવે છે. આ પ્રકારનો વૃત્તાંત થયે છતે તે ઠેકાણે વડ ઉપર બેઠેલો એક પોપટ બોલે છે કે—હે માલવેશ્વર ! પોતાના સ્વભાવે જ આજ કે કાલ મરી જનાર આ ગાયને માટે તારા પોતાનાં પ્રાણોને શા માટે અર્પણ કરે છે ? તારી ઈચ્છા પ્રમાણે અહીં ચાલ્યો જા અથવા

તો આ વડ ઉપર જલ્દી ચડી જા.

રાજાએ તેના ઉત્તરમાં જણાવ્યું કે—હે શુકરાજ ! તમારે આ પ્રમાણે બોલવું ન જોઈએ.

**કેમકે બીજાના પ્રાણો વડે પોતાના પ્રાણોનું રક્ષણ તો સઘળા પ્રાણી કરે છે. પરંતુ પોતાના પ્રાણોએ કરી બીજાના પ્રાણોનું રક્ષણ કરનાર એક જીમૂતવાહન (મેઘ) જ છે.**

**જેમ સૂર્યના ઉદય થવાથી સૂર્યકાંત મણીઓ કાંતિયુક્ત થાય છે, તેમ એક દયાથી જ સત્ય વગેરે તમામ ગુણો ફળયુક્ત થાય છે. અર્થાત્ સૂર્યકાંત મણીઓ સૂર્યના અસ્તિત્વ સિવાય પોતાના ગુણોને પ્રકાશમાં લાવી શકતા નથી, તેવી રીતે સઘળા ધર્મોમાં પ્રધાનપદ ભોગવનારી દયા સિવાય સત્ય વગેરે ગુણો સ્ફુરાયમાન થતા નથી.**

**તેમ જ ધર્મરૂપ કલ્પવૃક્ષવું બીજ, સમગ્ર જગતના પ્રાણીઓને સુખ આપનાર અને અનંત દુઃખોનો નાશ કરનાર જો કોઈ હોય તો તે એક દયા જ છે. ૩.**

**એક નાયક વગરનું સૈન્ય નકામું ગણાય છે, તેમ દેવગુરુની ચરણોપાસના, તપસ્યા, ઈંદ્રિયોનો નિગ્રહ, દાન આપવું અને શાસ્ત્રોનું અધ્યયન કરવું. એ સઘળું એક દયા વિના નિષ્ફળ ગણાય છે. ૪.**

**જો આજ કે કાલ અથવા કાળાંતરે મૃત્યુ થવાનું છે એવો નિશ્ચય જ છે તો પછી એક મારા પોતાનો નાશ થવાથી ઘણા પ્રાણીઓના પ્રાણોનું રક્ષણ થતું હોય તો શું એટલાથી બસ નથી ? આ હેતુથી મારા પ્રાણોને પણ અર્પણ કરી આ ગાયને બચાવવી યોગ્ય છે. ૫.**

એવો નિશ્ચય કરી રાજાએ આખી રાત તે ગાયનું રક્ષણ કર્યું. પ્રાતઃકાળમાં સૂર્યોદય થતાં સિંહ, ગાય કે પોપટને દેખ્યા નહીં. કેવળ પોતાને જોઈ મનની અંદર આશ્ચર્ય અને તર્કવિતર્ક કરે છે તેટલામાં બે દેવોને પોતાની આગળ જોયા. વિસ્મય હૃદયવાળા તે બે દેવો પણ આ પ્રમાણે બોલ્યા-વર્તમાન કાળમાં પૃથ્વી ઉપર સખાવત-કરનાર અને જાગરૂક એવી દયા પ્રમુખ ગુણોએ કરી શુદ્ધિ કરનાર વિક્રમ રાજાના જેવો કોઈ બીજો પુરુષ નથી. એ પ્રમાણે દેવોની સભામાં હર્ષિત થયેલા સાક્ષાત્ ઈંદ્ર પોતે જ તમારી કીર્તિની પ્રશંસા કરે છે. માટે હે નરદેવ ! તમને ધન્ય છે. તમારી પરીક્ષા કરવા માટે સિંહ, ગાય અને પોપટનાં રૂપો કરી અમે બંન્ને દેવોએ દેવમાયા દેખાડી હતી. તારી દયારસિકતા ઈંદ્રના વર્ણનથી પણ હજાર ગણી અમોએ જોઈ. માટે વરદાન માંગો. રાજા કંઈ પણ ઇચ્છતો નથી. તે પછી તે બન્ને દેવો રાજાને કામધેનુ ગાય આપી પોતાના સ્થાને ચાલ્યા ગયા. ખુશ થયેલો રાજા પણ કામધેનુ ગાયને સાથે લઈ નગરીની સન્મુખ આવે છે તેવામાં રસ્તાની અંદર એક બાળકવાળા બ્રાહ્મણે રાજાને કહ્યું કે—હે દુઃખી પ્રાણીઓના દુઃખને હરનાર વિક્રમ નરેશ ! આ બાળકની માતા મરી ગઈ છે. હવે આ બાળક દૂધ વગર રહી શકતો નથી. ઘરમાં લક્ષ્મીનો અભાવ હોવાથી હું ગાય મેળવી શકતો નથી. તેથી હું દુઃખી છું. આ વાત સાંભળી દયાથી સ્નિગ્ધ હૃદયવાળા રાજાએ

બ્રાહ્મણને કામધેનુ ગાયને આપી દઈ પોતાના સ્થાનને ભૂષિત કર્યું.

હવે ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગુણની સમાપ્તિ કરતાં ઉપદેશ આપે છે–

**एवं दयारसोल्लासि,-धर्मसाम्राज्यशालिनः ।**
**सम्पदः सर्वतो वीक्ष्य, सदा भाव्यं दयालुना ॥१११॥**

શબ્દાર્થ–આ પ્રમાણે સર્વ ઠેકાણે દયાના રસથી વૃદ્ધિ પામતા ધર્મરૂપ મહાન્ રાજ્યને શોભાવનારી સંપદાઓને જોઈ, હે ભવ્ય લોકો ! તમારે નિરંતર દયાળુ થવું જોઈએ. ૧૧૧.

इति एकत्रिंशत्तमो गुणः ॥

• • •

(૩૨)

# બત્રીસમો ગુણ–સૌમ્ય

હવે, સૌમ્ય નામના બત્રીસમા ગુણનું વર્ણન કરે છે–

**तथा सौम्योऽक्रूराकारः । क्रूराकारो हि प्रायो लोकस्योद्वेगकारणम् । सौम्यता हि सर्वाभिगम्या । यथा–**

શબ્દાર્થ–સૌમ્યઃ–મનોહર આકૃતિવાળો હોય અથવા જેનું દર્શન પ્રિય હોય તે સૌમ્ય કહેવાય છે અને તે ગૃહસ્થ ધર્મને યોગ્ય થાય છે. તેથી વિપરીત જે ક્રૂર આકૃતિવાળો મનુષ્ય હોય એટલે ભયજનક અને અદર્શનીય હોય તે પ્રાયે કરી લોકને ઉદ્વેગનું કારણ થાય છે અને તે વિશેષ ધર્મને યોગ્ય થઈ શકતો નથી. ખરેખર સૌમ્યતા સર્વને પોતાનાં-તરફ ખેંચનારી હોય છે. જેમકે–

अपकारिण्यपि प्रायः, सौम्याः स्युरुपकारिणः ।
मारकेभ्योऽपि कल्याणं, रसराजः प्रयच्छति ॥

પારો પોતાને મારનારને પણ સુવર્ણ આપે છે તેમ મનોહર આકૃતિવાળા અથવા તો સુકુમાર સ્વભાવવાળા પુરુષો ઘણું કરી અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરવાવાળા હોય છે. અર્થાત્ આવા સ્વભાવવાળા પુરુષો દરેક મનુષ્યને પોતાના તરફ ખેંચે એમાં કાંઈ નવાઈ નથી.

**अथवा सौम्यः स्वाराधो दूरीकृतदुराराधस्वभावः, स हि सुखेनैवाभिमुखीकर्त्तुं शक्यः । दुराराधो हि तीक्ष्णप्रकृतित्वाद्विरक्तपरिच्छदः क्रमेण भवत्यसहायः । स्वभावसुकुमारश्च स्वाराधतया विपक्षपक्षीयैरपि समेत्य सेव्यत एव । श्रीरामादिवद्वीभीषणाद्यैः । यथा–**

શબ્દાર્થ–અથવા સુખેથી આરાધના કરવા લાયક એટલે દુઃખેથી આરાધન કરી શકાય તેવા સ્વભાવને ત્યાગ કરનાર જે હોય તેને સૌમ્ય કહે છે અને ખરેખર તેવા પુરુષને સુખેથી અનુકૂલ કરી શકાય છે. આથી ઉલટી પ્રકૃતિવાળો દુરારાધ્ય પુરુષ તો તીવ્ર-સ્વભાવને લીધે પોતાના પરિવારને નારાજ કરનાર અનુક્રમે સહાય વગરનો થાય છે. જ્યારે સુકુમાળ સ્વભાવવાળો સુખેથી આરાધી શકાય એવી પ્રકૃતિ હોવાને લીધે શત્રુપક્ષના લોકોથી પણ સેવાય છે. આ વિષયમાં શ્રીરામચંદ્રજીનું દૃષ્ટાન્ત સુપ્રસિદ્ધ છે. રામચંદ્રજી

પોતાના કટ્ટર દુશ્મન રાવણના પક્ષકારો વિભીષણ, સુગ્રીવ, હનુમંત વગેરેથી સેવાયા હતા, તેનું કારણ શ્રી રામચંદ્રજીનો સુકુમાળ સ્વભાવ અને સરલ પ્રકૃતિ વગેરે હતું. તે માટે કહ્યું છે કે–

चन्द्रः सुधामयत्वादुडुपतिरपि सेव्यते ग्रहग्रामैः ।
ग्रहगणपतिरपि भानुर्भ्राम्यत्येको दुरालोकः ॥

ચન્દ્રમા નક્ષત્રોનો સ્વામી છે તો પણ અમૃતમય હોવાથી અર્થાત્ સૌમ્ય પ્રકૃતિને લઈ ગ્રહોના સમૂહથી સેવાય છે. અર્થાત્ ગ્રહોનો સમુદાય ચંદ્રનો આશ્રય કરે છે અને દુઃખેથી જોઈ શકાય એવો સૂર્ય ગ્રહોના સમુદાયનો સ્વામી છે તો પણ પોતાની તીવ્ર પ્રકૃતિને લીધે ગ્રહગણથી રહિત એકલો પરિભ્રમણ કરે છે.

## श्रीवीरधवलनृपः

**अथवा सौम्योऽक्रूरहृदयः, स हि महत्यप्यपराधे विरूपं न कुरुते । स हि राजा एकदा चन्द्रशालायां दिवा सुप्तः । तदा तस्य चरणचम्पकवण्ठेन पटीपिहित-वदनस्य जाग्रतोऽपि निद्राण इति मत्वाऽङ्गुष्ठस्थो रत्नाङ्गुलो जगृहे, मुखे च क्षिप्तः । राणकेन न किमपि प्रोक्तम् । द्वितीयदिने भाण्डागारात्तादृशमेव द्वितीयं तथैव परिधाय तत्र सुप्तः । वण्ठेन पूर्ववद्ग्रहणायोपक्रान्तम् । राज्ञोक्तं, नैव ग्राह्यो यस्तु कल्ये गृहीतः स गृहीतस्तुभ्यम् । एतत् श्रुत्वा भीतो वण्ठः पादयोः पतितः ।**

**तत्रावसरे किञ्चित्कार्यार्थमागतेन श्रीवस्तुपालेन वण्ठो हक्कितः । राज्ञोक्तं, मन्त्रिन्! नायमेतस्य दोषः, अस्मत्कार्पण्य-दोषोऽयम् । वत्स ! मा भैषीः ! स्वल्पवृत्त्या इच्छा न पूर्यते, अतः परं लक्षार्द्धं वृत्तौ, अयं हयश्चारोहणाय, इत्याश्वासनेन राज्ञो लोके 'सेवकसदाफल'इति बिरुदमजनि ।**

અથવા જેનું હૃદય ક્રૂર ન હોય તેવા પુરુષને સૌમ્ય કહે છે અને તેવા પુરુષનો કોઈએ મોટો અપરાધ કર્યા છતાં પણ તેને ખરાબ કરતો નથી. જેમ વીરધવલ નામના રાજાએ કર્યું હતું. તેનું દૃષ્ટાન્ત જાણવા જેવું હોવાથી નીચે બતાવવામાં આવે છે.

## વીરધવલ રાજાની કથા

એકવાર દિવસે વીરધવલ રાજા ચંદ્રશાળામાં સૂતો હતો. તે અવસરે વસ્ત્રથી ઢાંકેલા મુખવાળા અને જાગતા રાજાને ઉંઘે છે એમ માની તેની પગચંપી કરનાર ખવાસે તે રાજાના અંગૂઠામાં રહેલી રત્નની અંગૂઠી લઈને મોઢામાં મૂકી, પણ રાજાએ જાણતાં છતાં કંઈ પણ કહ્યું નહીં અને બીજે દિવસે ભંડારમાંથી તેવા પ્રકારની જ બીજી અંગૂઠી કઢાવી અને પહેરીને પાછો ત્યાં જ સૂઈ ગયો. પગચંપી કરનાર ખવાસે પ્રથમની જેમ

તેને ગ્રહણ કરવા માટે પ્રારંભ કર્યો, પરંતુ રાજાએ કહ્યું કે આ અંગૂઠી લેતો નહીં. જે ગઈ કાલે લીધી છે તે તને જ આપવામાં આવે છે. આ વચન સાંભળી ભયભ્રાંત થયેલો ખવાસ રાજાના પગમાં પડ્યો.

તેટલામાં કોઈક કાર્ય માટે આવેલા વસ્તુપાલ મંત્રીએ તે ખવાસને હંકાર્યો તે વખતે રાજાએ કહ્યું કે–હે મંત્રિન્ ! આ દોષ આ ખવાસનો નથી, પરંતુ આ મારી કૃપણતાનો આ દોષ છે. એમ બોલી ભય પામેલા ખવાસને કહ્યું કે, હે વત્સ ! ડરીશ નહીં. હું જાણું છું કે થોડી આજીવિકાથી ઇચ્છા પૂર્ણ થતી નથી. માટે આજથી લઈને અડધો લાખ તારી આજીવિકા માટે અને આ ઘોડો તને આરોહણ કરવા માટે અર્પણ કરું છું. આ પ્રમાણે તે ખવાસને આશ્વાસન આપવાથી રાજાનું લોકમાં **'સેવકસદાફળ'** એવા પ્રકારનું બિરુદ પ્રસિદ્ધિમાં આવ્યું.

**एतद्विपरीतप्रकृतिस्तु हितोक्तावपि विरूपमपि कुरुते । लक्ष्मणसेननृपवत्-**

**પૂર્વોક્ત પ્રકૃતિવાળા કરતાં વિપરીત સ્વભાવવાળો એટલે કઠોર પ્રકૃતિવાળો મનુષ્ય તો હિતશિક્ષા આપનાર ઉપર પણ નાખુશી બતાવનાર આકૃતિને પ્રગટ કરે છે. આ બાબતમાં લક્ષ્મણસેન રાજાનું ઉદાહરણ નીચે પ્રમાણે છે–**

## लक्ष्मणसेननृपकथा

**गौडदेशे लक्षणावत्यां श्रीलक्ष्मणसेनो नृपतिरुमापतिधरमन्त्रिणा निखिल-बुद्धिनिधिना चिन्त्यमानराज्यश्रिरं राज्यं चकार । स तु मत्तमातङ्गघटासङ्गादिव मदान्धो मातङ्गीसङ्गपङ्कपङ्किलोऽजनि । उमापतिधरस्तु तं व्यतिकरं मत्वा प्रकृति-क्रूरतया स्वामिनोऽनाकलनीयतां विचिन्त्य प्रकारान्तरेण तं प्रतिबोधयितुं सभा-मण्डपस्य भारपट्टे गुप्तवृत्त्याऽमूनि काव्यानि लिलेख**-[ઉપ.તરં. પૃ. ૨૦૮]

शैत्यं नाम गुणस्तवैव तदनु स्वाभाविकी स्वच्छता,
किं ब्रूमः शुचितां व्रजन्त्यशुचयः स्पर्शात्तवैवापरे ।
किं चातः परमस्ति ते स्तुतिपदं त्वं जीवनं देहिनां,
त्वं चेन्नीचपथेन गच्छसि पयः ! कस्त्वां निरोद्धुं क्षमः ॥

त्वं चेत्सञ्चरसे वृषेण लघुता का नाम दिग्दन्तिनां,
व्यालैः कङ्कणभूषणानि तनुषे हानिर्न हेम्नामपि ।
मूर्द्धन्यं कुरुषे जडांशुमयशः किं नाम लोकत्रयी,
दीपस्याम्बुजबान्धवस्य जगतामीशोऽसि किं ब्रूमहे ॥

छिन्ते ब्रह्मशिरो यदि प्रथयति प्रेतेषु सत्यं यदि,
क्षीबः क्रीडति मातृभिर्यदि रतिं धत्ते श्मशाने यदि ।
सृष्ट्वा संहरति प्रजा यदि तथाऽप्याधाय भक्त्या मन-,
स्तं सेवे करवाणि किं त्रिजगती शून्या स एवेश्वरः ॥

सद्वृत्तसद्गुणमहार्हमहर्घ्यमूल्य
कान्ताघनस्तनतटोचितचारुमूर्त्ते ! ।
आः पामरीकठिनकण्ठविलग्नभग्न !,
हा हार ! हारितमहो ! भवता गुणित्वम् ॥

कस्मिन्नपि सर्वावसरप्रस्तावे तानि निरीक्ष्य तदर्थमवगम्य तस्मिन्नन्तर्द्वेषं दधौ । यतः—

प्रायः सम्प्रति कोपाय, सन्मार्गस्योपदर्शनम् ।
विलूननासिकस्येव, भवेदादर्शदर्शनम् ॥

सामर्षतया च तं पदभ्रष्टं चकार । अथ कदाचित्स नृपती राजपाटिकायाः प्रत्यावृत्तो दुरवस्थमेकाकिनमुपायविधुरं वीक्ष्य क्रोधाद्वधाय हस्तिपकेन हस्तिनं प्रेरयामास । स तु निषादिनं प्रति यावदहं किञ्चिद्वच्मि तावन्निवार्यतां गजः । तद्वचनात्तेन तथाकृते उमापतिधरः प्राह—

नग्नस्तिष्ठति धूलिधूसरवपुर्गोपृष्ठिमारोहति,
व्यालैः क्रीडति नृत्यति स्त्रवदसृग् चर्मोद्वहन् दन्तिनः ।
आचाराद्बहिरेवमादिचरितैराबद्धरागो हरः,
सत्यं नोपदिशन्ति यस्य गुरवस्तस्येदमाचेष्टितम् ॥

इति तद्ज्ञानाङ्कुशेन वशंवदमनो गजो निजचरित्रैः किञ्चित्सानुशयः स्वममन्दं निन्दन् शनैस्तं व्यसनं निषिध्य तं पुनरेव प्रधानीचकार ॥

## લક્ષ્મણસેનરાજાનું દૃષ્ટાંત

ગૌડદેશમાં લક્ષણાવતી નામની નગરીમાં સંપૂર્ણ બુદ્ધિના ભંડારરૂપ ઉમાપતિધર નામના મંત્રીથી જેના રાજ્યની ચિંતા કરાય છે એવો **લક્ષ્મણસેન** નામનો રાજા ઘણા કાળ સુધી રાજ્ય કરતો હતો. જેમ મદાન્ધ થયેલો હાથી હાથણીનો સંગ કરવાથી કાદવમાં ફસાઈ પડે છે તેવી રીતે તે રાજા મદોન્મત્ત ગજઘટાના સંસર્ગથી જાણે મદાંધ ન થયો હોય ? તેમ ચંડાલણીના સંસર્ગરૂપ કાદવમાં ફસાઈ ગયો હતો. અર્થાત્ ચંડાલણીની સાથે વિષયસુખમાં મગ્ન થયો હતો. આ વૃત્તાંત ઉમાપતિધર નામના મંત્રીના જાણવામાં આવ્યું

હતું. પરંતુ પોતાના સ્વામીની ક્રૂર પ્રકૃતિ હોવાથી સાક્ષાત્પણે પ્રતિબોધ કરવો અશક્ય છે એમ વિચાર કરી તે રાજાને બીજા પ્રકારથી પ્રતિબોધ કરવા માટે સભા મંડપના પાટડા ઉપર મંત્રીએ ગુપ્તપણે નીચેનાં અન્યોક્તિગર્ભિત કાવ્યો લખ્યાં—

**હે જળ ! મુખ્યપણે શીતલતા ગુણ તારો જ છે. તો પછી તારી સ્વાભાવિક સ્વચ્છતા માટે અમો કાંઈ વર્ણન કરી શકતા નથી. કારણ કે તારા સ્પર્શ માત્રથી જ બીજા અશુચિ પદાર્થો પવિત્રતાને પ્રાપ્ત થાય છે. અને તું પ્રાણી માત્રનું જીવિતવ્ય છે આથી વધારે તારી સ્તુતિ શું હોઈ શકે ? આ પ્રમાણે તારામાં ગુણો હોવા છતાં તું નીચ માર્ગે જતું હોય તો તને રોકવા કોણ સમર્થ થાય ? (આ કાવ્યમાં જળને ઉદ્દેશી રાજાને બોધ આપ્યો છે.)**

**હે શંકર ! જો તું વૃષભ (બળદ) ઉપર બેસી ગમન કરે છે તેથી હાથીની હલકાઈ શી ? વળી જો તું સર્પોવડે કંકણરૂપ આભૂષણોને બનાવે છે તેથી સુવર્ણની હાનિ શી ? અને જો તું મસ્તક ઉપર ચંદ્રને ધારણ કરે છે તેથી ત્રણ જગતમાં દીપક સમાન સૂર્યને અપયશ શેનો ? તું જગતનો ઈશ છે તેથી અમો વધારે શું બોલી શકીએ ? અર્થાત્ હસ્તિ સુવર્ણ અને સૂર્ય જેવાં ઉત્તમ સાધનો હોવા છતાં તુ નીચનો આશ્રય લે તેમાં તારી હલકાઈ છે. આ કાવ્યમાં પણ શંકરને ઉદ્દેશી રાજાને પ્રતિબોધ કર્યો છે.**

**યદ્યપિ મહાદેવ બ્રહ્માના મસ્તકને છેદે છે, પિશાચોની અંદર ખરેખર પ્રસિદ્ધિ પામે છે, ઉન્મત્ત થઈ માતાઓ સાથે ક્રીડા કરે છે, શ્મશાનમાં પ્રીતિ રાખે છે અને પ્રજાઓને બનાવી સંહાર કરે છે તો પણ નિરુપાયે કરવું શું ? ઈશ્વર તે જ છે તેના વિના ત્રણે જગત સૂનાં છે માટે તેનામાં ભક્તિથી મનને સ્થાપન કરી હું તે મહાદેવની સેવા કરું છું. અર્થાત્ ઉપર જણાવેલા અપવાદોથી પરિપૂર્ણ હોવા છતાં જગતનો ઈશ્વર હોવાને લીધે મારે ના ઈલાજે આદર કરવો પડે છે. આ કાવ્યમાં પણ મહાદેવને ઉદ્દેશી રાજાને બોધ કર્યો છે.**

**શ્રેષ્ઠ ગોળ આકૃતિવાળા, શ્રેષ્ઠ ગુણ (દોરા) વાળા, લાયકાતવાળા, મોટી કિંમતવાળા અને સુંદર સ્ત્રીઓના પુષ્ટ સ્તન ઉપર યોગ્ય રીતે રહેલી મનોહર મૂર્તિવાળા હે હાર ! મને આશ્ચર્યજનક ખેદ થાય છે. કે એક ગરીબડીના કઠોર ગળામાં વળગી ભગ્ન થયેલા તેં તારું ગુણીપણું ગુમાવી દીધું છે. આ કાવ્યમાં તો હારને ઉદ્દેશી રાજાને બોધ કર્યો છે.**

કોઈ એક પ્રસંગે સભામાં તે શ્લોકોને જોઈ અને તેના અર્થનો બોધ થવાથી રાજા મંત્રી ઉપર અંતરંગ દ્વેષ ધારણ કરવા લાગ્યો. કહ્યું છે કે—

**જેમ નાકકટ્ટાને દર્પણ દેખાડવું તે ઘણું કરી કોપ માટે થાય છે તેમ વર્તમાનકાળમાં સન્માર્ગનો ઉપદેશ આપવો તે પણ ઘણું કરીને કોપ માટે જ થાય છે.**

તે પછી ઈર્ષાવાળા રાજાએ તે મંત્રીને પદભ્રષ્ટ કર્યો. ત્યારબાદ કોઈ વખતે

રાજવાટિકાથી પાછા ફરેલા, દુર્દશાવાળા એકાકી અને ઉપાય રહિત એવા મંત્રીને જોઈ ગુસ્સાથી તેનો વધ કરવા માટે મહાવત દ્વારા તેની તરફ હાથીને પ્રેર્યો. તે જોઈ મંત્રીએ કહ્યું કે જ્યાં સુધી હું કાંઈક બોલું છું ત્યાં સુધી મારા તરફ આવતા હાથીને રોકી રાખ. તેના વચનથી મહાવતે તે પ્રમાણે કરે છતે ઉમાપતિધરમંત્રીએ કહ્યું કે—

**મહાદેવ નગ્નપણે રહે છે. ધૂળથી મલિન શરીરવાળો વૃષભનું આરોહણ કરે છે, સર્પો સાથે ક્રીડા કરે છે. લોહીથી ટપકતા હાથીના ચામડાને ધારણ કરી નાચે છે, ઇત્યાદિ ચરિત્રોએ કરી આચારથી બહાર થયેલો અને રાગમાં આસક્ત રહે છે તે ખરેખર સત્ય છે. કારણ કે જેને ગુરુઓ ઉપદેશ આપતા નથી તેનું આચરણ આવું જ હોય છે. ૧.**

એ પ્રમાણે તે મંત્રીના જ્ઞાનરૂપ અંકુશથી મનરૂપ હાથી વશ થવાને લીધે પોતાના ચરિત્રોથી કાંઈક પશ્ચાત્તાપ કરતા અને પોતાના આત્માની ઘણી નિંદા કરતા રાજાએ ધીમે ધીમે તે વ્યસનનો ત્યાગ કરી તે ઉમાપતિધરને ફરીથી મંત્રીપદ ઉપર સ્થાપન કર્યો.

હવે ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગુણની સમાપ્તિ કરતાં સૌમ્ય પુરુષને જ ધર્મનો અધિકારી કહે છે.

**एवं सौम्यः सुखासेव्यः, सुखप्रज्ञाप्य एव च ।**
**यतो भवेत्ततो धर्माधिकारेऽधिकृतो बुधैः ॥११२॥**

**શબ્દાર્થ—ઉપર જણાવેલાં બન્ને ઉદાહરણોથી સ્પષ્ટ સમજી શકાય છે કે સૌમ્ય પુરુષ સુખેથી સેવા કરવા લાયક અને સુખેથી પ્રતિબોધ કરવા લાયક હોય છે, તેથી પંડિત પુરુષોએ સૌમ્ય પુરુષને જ વિશેષ ધર્મનો અધિકારી ગણ્યો છે. ૧૧૨.**

इति द्वात्रिंशत्तमो गुणः ॥

• • •

(૩૩)

# તેત્રીસમો ગુણ—પરોપકારિતા

હવે, પરોપકાર કરવા રૂપ તેત્રીસમો ગુણ વર્ણવે છે—

**तथा परोपकृतौ परोपकारे कर्मठः कर्मशूरस्तद्विधौ बद्धकक्ष एव । परोपकृतिपरो हि पुमान् सर्वेषां नेत्रामृताञ्जनम् । निरुपकारी तु तृणादिभ्योऽपि हीनः । यतः—**

શબ્દાર્થ—પરોપકૃતિકર્મઠ—પરોપકાર કરવામાં કર્મઠ એટલે તત્પર હોય તે વિશેષ-ધર્મની યોગ્યતા મેળવી શકે છે. ખરેખર જે પુરુષ પરોપકારપરાયણ હોય છે તે સમસ્ત લોકોનાં નેત્રોને અમૃતના અંજનરૂપ ગણાય છે. અર્થાત્ સમગ્ર પ્રાણીઓને આનંદ આપનાર હોય છે. અને જે નિરૂપકારી હોય છે તે તૃણથી પણ હલકો ગણાય છે. કહ્યું છે કે—

क्षेत्रं रक्षति चञ्चा, सौधं लोलत्पटी कणान् रक्षा ।
दन्तात्ततृणं प्राणान्, नरेण किं निरुपकारेण ॥

ચંચા પુરુષ-(ક્ષેત્રના રક્ષણ માટે બનાવેલો ઘાસ કે કપડાદિનો મનુષ્ય) ક્ષેત્રનું, ચપલ ધ્વજા પ્રાસાદનું, રાખ (ભસ્મ) અનાજનું અને દાંતમાં ગ્રહણ કરેલું તૃણ પ્રાણોનું રક્ષણ કરે છે. અર્થાત્ જ્યારે આવા અચેતન પદાર્થો પ્રાણીઓને ઉપકાર કરનાર હોય છે, ત્યારે બીજાને ઉપકાર નહીં કરનાર સચેતન પુરુષો તૃણ વગેરેથી પણ નકામા ગણાય છે.

**सहजसिद्धमेवोपकारकरणमुत्तमानाम् । यतः—**

પરોપકાર કરવો તે મોટા પુરુષોનો સ્વભાવસિદ્ધ ધર્મ જ છે. કહ્યું છે કે—

उपकर्त्तुं प्रियं वक्तुं, कर्त्तुं स्नेहमकृत्रिमम् ।
सज्जानानां स्वभावोऽयं, केनेन्दुः शिशिरीकृतः ॥१॥
कस्यादेशात् क्षिपयति, तमः सप्तसप्तिः प्रजानां,
छायां कर्त्तुं पथि विटपिनामञ्जलिः केन बद्धः ।
अभ्यर्थ्यन्ते नवजलमुचः केन वा वृष्टिहेतो,-
र्जात्यैवैते परहितविधौ साधवो बद्धकक्षाः ॥२॥

[પાર્શ્વનાથચરિત્ર ગદ્ય પૃ. ૩]

પરને ઉપકાર કરવાનો, પ્રીતિજનક બોલવાનો અને વાસ્તવિક સ્નેહ કરવાનો

સજ્જન પુરુષોનો આ સ્વભાવ હોય છે. જેમકે ચંદ્રને કોણે શીતળ કર્યો છે ? કોઈએ નહીં પરંતુ તે તેનો જાતિ સ્વભાવ જ છે.

સૂર્ય જગતના અંધકારને શું કોઈની આજ્ઞાથી દૂર કરે છે ? વૃક્ષોને માર્ગમાં છાયા કરવા માટે શું કોઈએ અંજલિબંધ કર્યો છે ? નવીન મેઘોને વૃષ્ટિ માટે શું કોઈએ અભ્યર્થના કરી છે ? કોઈએ જ નહીં, કિન્તુ પોતાના જાતિસ્વભાવથી જ, તે શ્રેષ્ઠ પુરુષો પરનું હિત કરવામાં તત્પર થાય છે.

तत्र चतुर्धा नराः । केचिन्निष्कारणोपकारिणः १, केचिच्च प्रत्युपकारकाः २ द्वयेऽप्येते धर्मार्हाः । अपरै द्वौ नैव । यथा–

શબ્દાર્થ–અહીંયા ચાર પ્રકારના મનુષ્યો હોય છે. તેમાંથી કેટલાક પ્રયોજન સિવાય પરોપકાર કરનારા અને કેટલાક પરોપકાર કરનારને બદલો આપનાર આ બન્ને પુરુષો ધર્મને લાયક છે. આથી વિપરીત બીજા બે ધર્મને લાયક ગણાતા નથી. તે આ પ્રમાણે છે–

ते तावत्कृतिनः परार्थनिरताः स्वार्थाविरोधेन ये,
ये च स्वार्थपरार्थसार्थघटकास्तेऽमी नरा मध्यमाः ।
तेऽमी मानुषराक्षसाः परहितं यैः स्वार्थतो हन्यते,
ये तु घ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ॥११३॥

શબ્દાર્થ–જેઓ પોતાના સ્વાર્થને બાધ ન આવે તેવી રીતે બીજાનું કાર્ય કરવામાં તત્પર હોય છે તે પ્રથમ પંક્તિના સત્પુરુષો કહેવાય છે. વળી જેઓ પોતાના અને પરના સ્વાર્થને સાધવાવાળા હોય છે, તે પુરુષો મધ્યમ ગણાય છે તેમજ જેઓ પોતોના સ્વાર્થને લીધે બીજાના હિતનો નાશ કરે છે, તે પુરુષો મનુષ્યરૂપ રાક્ષસો ગણાય છે. અર્થાત્ આવા પુરુષોને કનિષ્ઠ કહેવામાં આવે છે અને જેઓ પોતાના કામ સિવાય પરના હિતનો નાશ કરે છે, તેઓને કેવા કહેવા તે અમો જાણતા નથી ? અર્થાત્ તેવા પુરુષોને અધમાધમ કહેવા જોઈએ. ૧૧૩.

क्षुद्रा सन्ति सहस्त्रशः स्वभरणव्यापारमात्रोद्यताः,
स्वार्थो यस्य परार्थ एव स पुमानेकः सतामग्रणीः ।
दुष्पुरोदरपूरणाय पिबति स्त्रोतःपतिं वाडवो,
जीमूतस्तु निदाघसम्भृतजगत्सन्तापव्युच्छित्तये ॥११४॥

શબ્દાર્થ–આ દુનિયામાં પોતાનું પોષણ કરવા રૂપ વ્યાપારમાં ઉદ્યમ કરનારા ક્ષુદ્ર પુરુષો હજારો છે. પરંતુ જેને બીજાના પ્રયોજનમાં જ પોતાનું પ્રયોજન જણાય છે તેવો સજ્જન શિરોમણિ પુરુષ આ દુનિયામાં એક જ હોય છે. મુશ્કેલીથી ભરી શકાય તેવા

ઉદરની પૂરતી માટે જ્યારે વડવાનળ સમુદ્રનું પાન કરે છે, ત્યારે મેઘ તો ગ્રીષ્મઋતુથી વ્યાપ્ત થયેલો જગતનો સંતાપ નાશ કરવા માટે તત્પર થાય છે. આ બે ઉદાહરણો ક્ષુદ્ર અને મહાન્ પુરુષની ઓળખાણ માટે બસ છે. ૧૧૪. કહ્યું છે કે–

> कए वि अन्नस्सुवयारजाए, कुणंति जे पच्चुवयारजुग्गं ।
> न तेण तुल्लो विमलो वि चंदो, न चेव भाणू न य देवराया ॥

જેઓએ બીજાને અનેક ઉપકાર કર્યા છે તો પણ જે પુરુષો ઉપકાર કરનારને યોગ્ય પ્રત્યુપકાર કરે છે અર્થાત્ બદલો આપે છે. તેની બરોબરી નિર્મળ ચંદ્ર, સૂર્ય અને ઈંદ્ર પણ કરી શકતા નથી. અર્થાત્ ઉપકાર કરનારા પુરુષો કરતાં પ્રત્યુપકાર કરનારા પુરુષો આ દુનિયામાં ઉત્તમોત્તમ ગણાય છે અને તે ઘણાં થોડા હોય છે.

उपकारो द्विधा द्रव्यभावाभ्याम् । यथा–

> **दव्वंमि अन्नपाणाइदाणरूवो उ होइ विन्नेओ ।**
> **नेगंतिओ अणच्चंतिओ (य) जं दव्वओ तेणं ॥११५॥**
>
> **भावुवयारो सम्मत्तनाणचरणेसु जमिह संठवणं ।**
> **सयमप्पणो परस्स य, अनियाणं तं जिणा बिंति ॥११६॥**
>
> **जे उण परोवयारं, करिंसु इह केइ पुरिससद्दूला ।**
> **दिसिवलएसु विसप्पइ, तेसिं जसपडहनिग्घोसो ॥११७॥**
>
> **तम्हा सइसामत्थे, जइज्ज पुरिसो परोवयारंमि ।**
> **पसइ धम्मो कित्ती, जत्तो भुवणंमि ससिधवला ॥११८॥**

ઉપકાર દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે હોય છે તે આ પ્રમાણે છે–

શબ્દાર્થ–અન્ન અને પાણી વગેરેનું દાન કરવારૂપ હોય તેને દ્રવ્ય ઉપકાર જાણવો અને તે અનિશ્ચિત તેમજ અસ્થિર હોવાથી તેને દ્રવ્ય ઉપકાર કહેવામાં આવે છે. ૧૧૫.

કાંઈ પણ કારણ સિવાય પોતાના આત્માને અને પરને સમ્યગ્જ્ઞાન તથા ચારિત્રમાં સ્થાપન કરવો તેને શ્રીતીર્થંકરો ભાવ ઉપકાર કહે છે. ૧૧૬.

જે કોઈ પુરુષસિંહો આ જગતમાં પરોપકાર કરે છે, તેઓના યશઃરૂપ પટહનો ધ્વનિ સઘળી દિશાઓમાં ફેલાય છે. ૧૧૭.

તેટલા માટે સામર્થ્ય હોય તો મનુષ્યે પરોપકાર કરવામાં ઉદ્યમ કરવો જોઈએ. કારણ કે પરોપકાર ધર્મ કરવાથી ચંદ્ર જેવી નિર્મળ કીર્તિ દુનિયામાં પ્રસરે છે. જેમ વિક્રમરાજાની કીર્તિ ફેલાઈ હતી. ૧૧૮.

## विक्रमार्कनृपस्य कथा ।

एकदा राजा राजपाटिकाप्रत्यावृत्तो राजमार्गे कणवीणनपरं दरिद्रं दृष्ट्वा बभाण–"निअउयरपूरणे वि हु, असमत्था किमिह तेहिं जाएहिं" । इत्युक्ते रोरः- "सुसमत्थावि हु न परोवयारिणो तेहिं वि न किंपि" ततः-

तेहिंवि न किंपि भणिए, विक्कमराएणं रायराएण ।
दिन्नं मायंगसयं, जच्चसुवन्नस्स दो कोडी ॥

## વિક્રમરાજાનું દૃષ્ટાંત

આ ઠેકાણે વિક્રમરાજાનું ઉદાહરણ આ પ્રમાણે છે–

એક વખત વિક્રમરાજા રાજવાટિકાથી પાછા ફરતાં રાજમાર્ગમાં દાણા વીણવામાં તત્પર થયેલા એક દરિદ્રને જોઈ બોલ્યા કે–જેઓ પોતાના ઉદરપૂર્તિ કરવામાં પણ સમર્થ થઈ શકતા નથી તેઓનું આ જગતમાં ઉત્પન્ન થવું શા કામનું છે ?' આ પ્રમાણે રાજા તરફથી કહેવામાં આવતાં તે દરિદ્રી બોલી ઉઠ્યો કે જેઓ સારી રીતે સમર્થ છે છતાં પરોપકાર કરતા નથી તેઓનું જન્મવું પણ આ દુનિયામાં નિરુપયોગી છે. આ પ્રમાણે દરિદ્રી તરફથી કહેવામાં આવતા મહારાજા વિક્રમરાજાએ તે ભિક્ષુને સો હસ્તી અને બે ક્રોડ સોનામહોર બક્ષીસ કરી.

तथा परोपकारविचारे–[ભર્તૃહરિનીતિશતક]

येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
ते मर्त्यलोके भुवि भारभूता, मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥१३॥

વળી પરોપકારનો વિચાર કરતાં કોઈએ કહ્યું છે કે–જે પુરુષોને વિદ્યા, તપસ્યા, દાન, શીલ અને પરોપકાર હોતો નથી તે પુરુષો આ મનુષ્ય લોકમાં પૃથ્વીને ભારભૂત થઈ મનુષ્યના રૂપને ધારણ કરી મૃગપણે પરિભ્રમણ કરે છે.

केनचिदुक्ते मृगः प्राह–

આ પ્રમાણે કોઈ કહે છતે હરણે ઉત્તર આપ્યો કે–

स्वरे शीर्षं जने मांसं त्वचं च ब्रह्मचारिषु ।
शृङ्गे योगीश्वरे दद्यान्मृगः स्त्रीषु स्वलोचने ॥

હરણ સ્વરને માટે મસ્તક, મનુષ્યને માંસ, બ્રહ્મચારીઓને ચર્મ, યોગીશ્વરોને શીંગડાઓ અને સ્ત્રીઓને પોતાનાં લોચન આપે છે. અર્થાત્ હરણનો કહેવાનો આશય એવો છે કે મારા શરીરના સઘળા અવયવો પરોપકારને માટે છે અને મનુષ્યનો તો એક પણ અવયવ ઉપયોગમાં આવતો નથી તો મારી સાથે મનુષ્યની સમાનતા કરવી તે બરાબર નથી.

વળી અહીંયા પરોપકારના સંબંધમાં બીજું પણ વિક્રમરાજાનું ઉદાહરણ આ પ્રમાણે છે—

## श्रीविक्रमकथा

एकदा श्रीविक्रमो वीरचर्यया नदीतटे परिसरन् ब्राह्मणं नदीपूरणापह्रियमाणं दृष्ट्वा परोपकृतिरसिकः समुत्तारयामास । ब्राह्मणेन श्रीगिरौ देवताराधनाल्लब्धा कृष्ण-चित्रवल्ली राज्ञेऽर्पिता । राजा तामादायोज्जयिनीं प्रत्यागच्छन् मार्गे दरिद्रं दृष्ट्वा कृपापरस्तस्मै दत्तवान् । ततो विप्रेण पठितम्—

यो दुर्लभां कृष्णकचित्रवल्लीं, ददौ दरिद्राय दयार्द्रचित्तः ।
कस्तेन तुल्यो भुवि विक्रमार्क !, त्वयाऽपरः स्यात्प्रवरोपकारे ॥

## વિક્રમરાજાની કથા

એક વખતે નદીના કિનારા ઉપર વીરવૃત્તિથી આમ તેમ ફરતા વિક્રમરાજાએ એક બ્રાહ્મણને નદીના પૂરમાં ખેંચાતો જોઈ પરોપકાર કરવામાં રસવાળા રાજાએ તેને પાણીમાંથી બહાર કાઢ્યો. તેના બદલામાં બ્રાહ્મણે શ્રી ગિરિનામના પર્વત ઉપર દેવતાના આરાધનથી પ્રાપ્ત થયેલી કાળી ચિત્રાવેલી રાજાને અર્પણ કરી તે લઈ ઉજ્જયિની તરફ પાછા ફરતા માર્ગમાં દરિદ્રીને જોઈ કૃપાપરાયણ થયેલા રાજાએ તે ભિક્ષુને કાળી ચિત્રાવેલી આપી દીધી. ત્યારબાદ બ્રાહ્મણે કહ્યું કે—'જે રહેમદિલના રાજાએ દુઃખેથી મેળવેલી કાળી ચિત્રાવેલી એક દરિદ્રીને આપી દીધી તેવા હે વિક્રમાદિત્ય ! પરોપકાર કરવામાં તારી બરોબરી કરનાર આ પૃથ્વી ઉપર બીજો કોણ હોઈ શકે ?' કોઈ જ નહિં.

यद्यचेतनाऽप्येवमुपकर्त्तारः-

स्थानभ्रंशखराधिरोपणशिरश्रिखिल्लसन्धारण,-
शुष्यत्पांशुनिवेशपादहनक्लेशभ्रमाद्याः क्रियाः ।
धात्रा यद्यपि चक्रिरे मृदि तथाऽप्युर्वी भवत्वादियं,
पात्रीभूय परोपकारकृतिभूर्युक्तं कुलीने ह्यदः ॥
धूलिक्षेपनखक्षतातुलतुलारोहावरोहस्फुर,-
ल्लोहोद्धट्टनपिञ्जनादिविविधक्लेशान् सहित्वाऽन्वहम् ।
जज्ञे यः परगुह्यगुप्तिकृदिह श्रित्वा गुणोल्लासितां,
कर्पासः स परोपकाररसिकेष्वाद्यः कथं नो भवेत् ? ॥

तदा सचेतसां किमुच्यते—

सव्वधम्माण परमो, परोवयारो जिणेहिं पन्नतो ।
सयलसुरासुरलच्छीसिवसुहदाणिक्ककप्पतरू ॥

सो उवयारो दुविहो, दव्वे भावे अ होइ नायव्वो ।
कायव्वो सव्वेसिं, जहजोगं धीरपुरिसेहिं ॥

दीणाणमणाहाणं, संपयरहियाण छुहियतसियाणं ।
अणुकंपं काऊणं, नियसामत्थाणुसारेण ॥

तवनियमनाणदंसणगुणदिंताणं पराइ भत्तीए ।
दव्वे असणाईणं, दाणेण परेसिमुवयरणं ॥

भावे अ नाणदंसणचरित्तसंपायणेण सत्ताणं ।
दुक्खत्ताणं परमोवयारकरणेण य विहेओ ॥

किंतु सुकुलप्पसूया, थिरगंभीरा भविस्सभद्दा य ।
परमुवयरिउं पारंति, उत्तमा परमसत्ता य ॥

भावोवयारकारीण, निव्वुइ च्चिय फलं पसिद्धमिणं ।
दव्वोवयारिणोवि हु, फलमउलं भरहरन्नु व्व ॥

જુઓ, અચેતન પદાર્થો પણ નીચે બતાવ્યા પ્રમાણે ઉપકાર કરનાર હોય છે—

પોતાના સ્થાનથી બીજા સ્થાનમાં લઈ જવું, ખર ઉપર ચઢાવવું, ઉપર કાદવનું નાખવું, સૂકી ધૂળનું સ્થાપન કરવું, પગથી તાડન કરવું, ક્લેશનું આપવું, ચાક ઉપર ભમાવવું વગેરે ક્રિયાઓ જો કે કુંભકાર માટી ઉપર કરે છે તો પણ આ માટી પૃથ્વીથી ઉત્પન્ન હોવાને લીધે વાસણરૂપ થઈ પરોપકાર જ કરે છે. કુલીનને આમ કરવું યુક્ત જ છે. અર્થાત્ માટીની જેમ ગમે તેવી આફત આવે તો પણ કુલીન પુરુષો પોતાના અપકારી ઉપર પણ ઉપકાર જ કરે છે.

ધૂળમાં પડવું, નખોથી છેદાવું, મોટાં ત્રાજવાં ઉપર ચઢવું, પાછું ઉતરવું, તીક્ષ્ણ-લોઢાના ચરખામાં પીલાવું અને પિંજાવું વગેરે વિવિધ પ્રકારના ક્લેશોને નિરંતર સહન કરી સુતર રૂપે થઈ જે કપાસ આ લોકમાં બીજાનાં ગુહ્યસ્થાનોને ગોપાવનારો થયો છે, તે કપાસ પરોપકાર પ્રત્યે પ્રેમ રાખનારાઓની અંદર અગ્રગામી કેમ ન થઈ શકે ?

જ્યારે માટી વગેરે અચેતન પદાર્થો બીજાના ઉપકાર માટે થાય છે, ત્યારે ચેતન યુક્ત પ્રાણીઓનું તો કહેવું જ શું ?

વળી—સંપૂર્ણ સુરાસુરની સંપત્તિ અને મોક્ષસુખ આપવામાં એક કલ્પવૃક્ષ સમાન પરોપકારને જિનેશ્વર ભગવાને સમસ્ત ધર્મોમાં ઉત્કૃષ્ટ ધર્મ કહ્યો છે.

તે પરોપકાર દ્રવ્ય અને ભાવથી બે પ્રકારનો હોય છે, એમ જાણી ધીરપુરુષોએ તે ઉપકાર સઘળા પ્રાણીઓ ઉપર યથાયોગ્ય કરવો જોઈએ.

ગરીબ, અનાથ સંપત્તિહીન, ભૂખ્યા અને તરસ્યા પ્રાણીઓ ઉપર અનુકંપા લાવી તેમજ તપ, નિયમ જ્ઞાન અને દર્શનના ગુણોનો પ્રચાર કરતાં મુનિઓને ઉત્કૃષ્ટ ભક્તિએ પોતાથી શક્તિ મુજબ અન્નાદિક આપવાથી ઉપકાર કરવો તેને દ્રવ્ય ઉપકાર કહેવામાં આવે છે. દુઃખથી રીબાતા પ્રાણીઓને જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ કરવારૂપ ઉત્તમોત્તમ ઉપકાર કરવામાં આવે તો તે ભાવથી ઉપકાર કર્યો એમ કહેવાય. પરંતુ ઉચ્ચ-કુળમાં ઉત્પન્ન થયેલા, ધીર તેમજ ગંભીર પ્રકૃતિવાળા, ભવિષ્યમાં કલ્યાણને મેળવનારા અને મહાસામર્થ્યવાળા ઉત્તમ પ્રાણીઓ જ બીજાને ઉપકાર કરવા માટે સમર્થ થાય છે. ભાવ ઉપકાર કરનારાઓને તો નિશ્ચયથી મોક્ષરૂપ ફળ પ્રાપ્ત થાય છે એ પ્રસિદ્ધ છે. તેવી રીતે દ્રવ્ય ઉપકાર કરનારાઓને પણ ભરત રાજાની જેમ નિશ્ચયથી (આ લોક અને પરલોક સંબંધી) અતુલ ફળની પ્રાપ્તિ થાય છે. દ્રવ્યોપકાર કરનાર ભરત રાજાનું કથાનક આ મુજબ છે.

## भरतनृपकथा

इह भोगवती स्वस्तिमती पूर्यास्ति विश्रुता । भास्वत्पुरुषरत्नौघशालिनी श्रीविशालिनी ॥१॥

सच्चक्रावर्जकः शश्वत्, सश्रीको दानवासनः । यत्र लोकः समग्रोऽपि, प्रायेण पुरुषोत्तमः ॥२॥

तत्र श्रीभरतः कीर्तिपूरिताखिलभारतः । राजा समजनि प्राज्यराज्यलक्ष्मीलताम्बुदः ॥३॥

परोपकारैकरसः प्रसर्पदौदार्यलीलाजितकल्पवृक्षः ।
योऽवार्यधैर्याभ्युदयावदाती-कृताखिलक्षोणितलो बभूव ॥४॥

तस्यासीद्रूपतो दासीकृतस्वर्गविलासिनी । सर्वान्तःपुरसारश्रीः, प्रिया नाम्ना सुलोचना ॥५॥

महीकुमुदिनीचन्द्रो, महीचन्द्रोऽभिधानतः । तयोर्नयोर्जितो जज्ञे, तनयो विनयोज्ज्वलः ॥६॥

अथाऽन्यदा मुदा व्याप्तचेताः श्रीभरतोऽवदत् । भूयलाद्यान् समाकार्य, कार्यवित्सचिवानिति ॥७॥

एष युष्माभिरायुष्मान् महीचन्द्रो ममात्मजः । सदा प्रमाणीकर्तव्यः कर्त्तव्यष्वखिलेष्वपि ॥८॥

सहानेन सहायेन, वोढव्यः प्रौढविक्रमैः । सर्वोऽप्ययं राज्यभारो, भवद्भिः शुभशालिना ॥९॥

अहं पुनरदीनश्रीर्दीनानाथाङ्गिसन्ततेः । परोपकारं कुर्वाणः, सुखं स्थास्यामि सर्वदा ॥१०॥ यतः–

याचमानजनमानसवृत्तेः, पूरणाय बत जन्म न यस्य ।
तेन भूमिरिह भारवतीयं, न द्रुमैर्न गिरिभिर्न समुद्रैः ॥

परोपकारः कर्तव्यः, प्राणैरपि धनैरपि । परोपकारजं पुण्यं, न स्यात् क्रतुशतैरपि ॥११॥

एवं सञ्चिन्त्य चित्तान्तर्न्यस्तराज्यधुरः सुते । उपकारपरः शश्वत्, स विश्वे समभून्नृपः ॥१२॥

अन्यदा विविधैराधिव्याधिभिर्बाधितान् जनान् । प्रत्यहं मृत्युपञ्चास्यग्रस्यमानाननेकधा ॥१३॥

सम्प्रेक्ष्य हृदि सङ्क्रान्ततद्दुःखभरदुःखितः । स प्रवृत्तः कृपावित्तश्चित्तान्तरिति चिन्तितुम् ॥१४॥ युग्मम् ॥

जातोऽहं नरनायकोऽत्र विकसत्पुण्यैः पुरोपार्जितै-र्गर्जत्कुञ्जरवाजिराजिविलसद्राज्यर्द्धिसंवर्द्धितः ।
सामर्थ्यं न पुनर्मनागपि महादुःखार्त्तिसंवर्त्तित-प्राणित्राणकृते ममास्ति विरलीभूतत्रिवर्गश्रियः ॥१५॥
तस्माद्दुःखार्त्तिजन्तूनां, दुःखापनयनं विना । साम्राज्यप्राज्यलीलेयमकृतार्था हि मानिनः ॥१६॥
रक्षाक्षमो दुःखितानां, यो न स्यादिह भूमिपः । हीनतामश्नुते नूनं, स चञ्चापुरुषादपि ॥१७॥
ध्यायन्नेवं गलितनिखिलाखर्वगर्वो नरेन्द्रो यावद्रात्रौ शयनवसतौ सुप्तयेऽसौ जगाम ।
तावद्दिव्याकृतिधरमिह प्राप्तनिद्रं विनिद्रो-ऽद्राक्षीदेकं पुरुषमतुले सौवशय्याप्रदेशे ॥१८॥
तस्यापश्यच्च पार्श्वस्थां, जात्यजाम्बूनदात्मिकाम् । ज्योतिर्विद्योतितावासभूमिकां गुटिकामसौ ॥१९॥
यावत्तां विस्मयस्मेरमानसो मानसोज्ज्वलः । गृह्णाति स्म करेणासौ, वासौकःशायिनो नरात् ॥२०॥
तावत्स गतनिद्रो द्राक्, सम्भ्रमादूर्द्ध्वमुत्पतत् । पश्चात् पपात भीतात्मा, तस्थौ च नृपतिः क्षणात् ॥२१॥
ततो भूमिभृताऽभाणि, स प्राणत्राणतत्परः । कस्त्वं कुतः समायातः, किमिदं ते विचेष्टितम् ॥२२॥
स प्राह साहसी स्वामिन् !, कृपाकूपारमध्यगः । अनङ्गकेतुर्नाम्नाऽहं, गुटिकासिद्धिसंयुतः ॥२३॥
श्रीपर्वतं व्रजन् राजन् !, दूरेण गमनाध्वना । सुखशय्यामिमां शून्यां, प्रेक्ष्य प्रेक्षापराङ्मुखः ॥२४॥
मार्गश्रमापनोदाय, विश्राम्यन् रम्यमानसः । निद्रामुपागतो यावत्तावद्युष्माकमागमः ॥२५॥ युग्मम् ॥
अतः परं जीवदानं, लभे युष्मत्प्रसादतः । ततः प्राणिहितां वाणीमभाणीद्धरणीधवः ॥२६॥
महाभाग ! सुखं निद्रामविद्राणमनाः कुरु । वायुमायुष्मतः कुर्वे, पार्श्वस्थोऽहं पुनस्तव ॥२७॥
इत्युक्त्या नृपतेः प्रीतः, प्रणिपत्य पदौ मुदा । स जगौ जगदाधार !, नमस्यस्त्वं सुरैरपि ॥२८॥
गुणानां मौलिमाणिक्यमुपकारगुणः स्मृतः । स सीमां त्वयि सम्प्राप्य, जागर्त्ति जगति त्रये ॥२९॥
राजकाधीशितुर्यावज्जीवं जीवनदायिनः । कथं तव स्यादनृणः, तृणमात्रमयं जनः ॥३०॥
ततस्तद्विनयोक्तेन, राजा रञ्जितमानसः । अदात्तां गुटिकामस्मै, विस्मयाद्वैतदायिनीम् ॥३१॥
राजन् ! प्रसादं कृत्वैनां, गृहाणानुगृहाण माम् । इति सिद्धे वदत्याह, भूमीशः पुनरप्यदः ॥३२॥
कृतज्ञोत्तंस ! कस्यापि न, गृह्णामि किमप्यहम् । परमेषैकका सिद्ध !, तव ग्राह्या कथं मया ? ॥३३॥
परमेषा विशेषज्ञ !, महीयो महिमाद्भुता । दुष्प्रापा प्राप्यते कुत्र, वदैतद्वदतांवर ! ॥३४॥
सोऽभणत् शृणु भूपाल !, मौलिमौलीयितक्रम ! । अस्ति दक्षिणदिग्वर्त्ती, पर्वतो मलयाचलः ॥३५॥
शृङ्गे तस्य समुत्तुङ्गे, सर्वर्त्तुविकसद्वने । रामशेखरदेवस्य, भवनं भुवनाद्भुतम् ॥३६॥
देवस्नात्रजलं तत्र, ज्वलज्ज्वलनसंनिभम् । स्वहस्ते निपतद्धत्ते, षण्मासीं यो हि साहसी ॥३७॥
स सत्त्वसेवधिर्देवप्रसादाल्लभते पुमान् । इमामेवंविधां शुद्धविधिज्ञो धरणीधव ! ॥३८॥
एतदर्थं पुनस्तत्रायान्त्यनेके मनस्विनः । तेषु प्राप्नोति पुण्यात्मा, कश्चिदेको महाशयः ॥३९॥
श्रुत्वेति वचनं तस्य, प्रशस्यं विस्मिताशयः । विससर्ज प्रजापालस्तं सिद्धं बहुमानतः ॥४०॥
नृपोऽपि शयने तत्र, पवित्रः सुखनिद्रया । अर्द्धरात्रं व्यतिक्रम्य, समुत्तस्थौ स्थिराशयः ॥४१॥

कृतवेषपरावर्त्तो, परावर्त्त्य पराक्रमः । खड्गव्यग्रकरो भद्रङ्करो गुरुगतिक्रमः ॥४२॥

अविज्ञातः परीवारविज्ञैरपि समन्ततः । स राजद्राजभवनान्निर्ययौ राजकुञ्जरः ॥४३॥ युग्मम् ॥

अतुच्छोत्साहतो मार्गे, गच्छन्नच्छिन्नवेगतः । उल्ललङ्घे स जङ्घालुः, श्रेयसा भूयसीं भुवम् ॥४४॥
दिनैः कतिपयैः प्राप, तापव्यापव्यपोहकम् । मलयाचलचूडायाश्चूडारत्नायितस्थिति ॥४५॥
चञ्चच्चन्दनमन्दारतरुराजिविराजितम् । रामशेखरदेवस्य, भवनं प्राप भूपतिः ॥४६॥ युग्मम् ॥

पुष्करिण्या जलैः क्लृप्तमज्जन्नः सज्जनप्रियः । गृहीतकमलो मुक्तमलस्तत्राविशद्वशी ॥४७॥

पूजोपचारं निर्माय, निर्मायविधिनोज्ज्वलः । आदातुं यतते यावत्, स्नात्राम्भो दम्भवर्जितः ॥४८॥

पर्यटन्तो रटन्तश्चाभितः स्नात्रजलं जनाः । बहवस्तावदायाता, दृग्मार्गं मार्गवीक्षिणः ॥४९॥

यूयं कियन्त इत्युक्ते, राज्ञा कौतुकतस्ततः । तेऽप्याहुर्बाहुमुत्पाट्य, वयमष्टोत्तरं शतम् ॥५०॥

इत्थं न कार्यसंसिद्धि-रिति जल्पन् स सत्वरः । दध्रे कराम्बुजे स्नात्रजलं ज्वलनसंनिभम् ॥५१॥

अच्छिन्नधारं तद्वारि, धारिणः पाणिपङ्कजे । तस्य साहसिनो नैव, रोममात्रं प्रकम्पितम् ॥५२॥

निःसीमसत्त्वतः प्रीतश्चित्ते दत्ते स्म देवराट् । नृपाय तत्क्षणादेव, गुटिकारत्नमुत्तमम् ॥५३॥ तदुक्तम्–

रथस्यैकं चक्रं भुजगदमिताः सप्ततुरगा
निरालम्बो मार्गश्चरणविकलः सारथिरपि ।
रविर्यात्येवान्तं प्रतिदिनमपारस्य नभसः
क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥

एतेष्वथाप्राप्तमनोरथेषु, कथं गृहीत्वाऽहमिमां प्रयामि ।
इत्थं विभाव्यैकपरोपकारव्रती ददावेकतमाय तां द्राक् ॥५४॥

पुनरप्यात्मनो हेतोर्विधिना पूर्ववत्कृती । बिभ्रत्तदम्भस्तां प्राप, द्वितीयां भाग्ययोगतः ॥५५॥

परोपकृतिनिर्माणेष्वतृप्तात्मा महाशयः । तामप्यदाद् द्वितीयस्मायद्वितीयः कृपालुषु ॥५६॥

सर्वेषां युगपत्तेषामिष्टसिद्धिविधित्सया । तृतीयवारं तत्स्नात्रतप्ताम्भो बिभ्रतः करे ॥५७॥

दन्दह्यमानाखिलकोमलाङ्गुलेर्दाहातिरेकादविकम्प्रचेतसः ।
महीभृतः सातिशयैकसाहसात्, श्रीरामदेवः प्रकटीबभूव सः ॥५८॥ युग्मम्

प्रीतचेता गतौपम्यतद्रम्यौदार्यलीलया । जजल्पानल्पवात्सल्यकल्पद्रू रामशेखरः ॥५९॥

षण्मासनिर्मितोपास्तेरपि प्रायः प्रजाप्रिय ! । साधकस्य न कस्यापि, यच्छामि गुटिकामिमाम् ॥६०॥

तुभ्यमेकदिनेऽदायि, मया तु गुटिकाद्वयम् । त्वया हि लीलयाऽन्येभ्योऽथादायि तदिहोत्तम ! ॥६१॥

अहो ! धीरधुराधुर्य !, तवौदार्यमजर्यरुक् । ततस्तुष्टोऽस्मि कथय, यदिष्टं तत्करोमि ते ॥६२॥

विनयाद्वामनीभूय, भूयो भूपतिरभ्यधात् । क्व विश्वसेव्यो देवस्त्वं, तृणमात्रमहं क्व च ॥६३॥

परं त्वद्दर्शनादेष, सफलो मे भवोऽभवत् । तथाऽपि प्रार्थनां नाथ !, ममैकां कर्त्तुमर्हसि ॥६४॥

सदा मनःकामितकामकुम्भो, यदाश्रितानां विदितस्त्वमेव ।
प्रपद्य सद्यस्तदिमान् मनीषिन् !, ममानुवृत्त्या कुरु पूर्णकामान् ॥६५॥

ततः प्रार्थनया राज्ञः, प्रीणितस्तांश्च भूपतीन् । विससर्ज वितीर्याशु, गुटिकाः स सुरोत्तमः ॥६६॥

भरतोऽपि नृपः प्राप्य, देवात्तां गुटिकां पुनः । कृतकृत्यो नमस्कृत्य, श्रीरामं विनयान्वितः ॥६७॥

गच्छन् स्वच्छमना व्योम्ना, क्षणमात्रादतुच्छधीः । पुरं रिष्टपुरं प्रापत्, महाराष्ट्रविभूषणम् ॥६८॥ युग्मम् ॥

तस्योद्याने भविकनिकरे धर्ममार्गं दिशन्तं, स्वात्मारामारचितरतिभिः सेव्यमानं मुनीन्द्रैः ।
भास्वद्ज्ञानातिशयमरुजं सूरिराजं स राजा ऽपश्यन्नश्यन्निखिलदुरितं दूरसंस्थं प्रमोदात् ॥६९॥

ततः कौतुकतस्तत्र, गत्वा सत्त्वाश्रयः सुधीः । प्रकृत्या भद्रकः सूरीन्, प्रणम्योपाविशन्नृपः ॥७०॥

योग्योपदेशः प्रादायि, गुरुणाऽपि सगौरवम् । तस्मै विस्मेरितास्तोकलोकसुश्लोकशालिना ॥७१॥

तथा हि–

चिन्तारत्नं मणीनामिव, दिविजकरी सिन्धुराणां ग्रहाणा,-
मिन्दुः कल्लोलिनीनां सुरसरिदमरक्ष्माधरः पर्वतानाम् ।
कल्पद्रुः पादपानां, हरिरमृतभुजां, चक्रवर्ती नराणां,
धर्माणामन्यजन्तूपकृतिरपि तथा राजते ह्युत्तमत्वे ॥

निशम्येति गुरोरिष्टोपदेशं तुष्टमानसः । यथोचितोपकारादिधर्मं जग्राह साग्रहः ॥७२॥

तदनु पुरवरेऽस्मिन् सञ्चरन् वीरचर्या-चरणचतुरचेता, भूमिनेता स साक्षात् ।
प्रवरवपुषमेकं, मानुषं वध्यभूमौ नृपतिसुभटवर्गैर्नीयमानं ददर्श ॥७३॥

अहह कथमिहायं हन्यते पश्यतो मे मे गतदयमिति जातागण्यकारुण्यपुण्यः ।
तमुरुतरकरेणादाय तेषां समेषां गगनमपथमुपेतः पश्यतां सत्वरं सः ॥७४॥

क्षणादक्षूण्णसामर्थ्यः, प्रार्थ्यमानसमागमः । अलञ्चक्रे स्वपुर्यन्तरावासं सप्तभूमिकम् ॥७५॥

ततो ज्ञातागमोल्लासिपरिवारपरीवृतः । विधत्ते यावतास्थानभोजनादिक्रियां नृपः ॥७६॥

तावता मिलितैः सर्वैर्युवराजविराजितैः । सामन्तैरुल्लसद्धर्षसागरैर्नागरैरपि ॥७७॥

नतः प्रणयतो भूमीसमीभूतोत्तमाङ्गकैः । बहुमानपुरः पृष्टः, कुशलोदन्तमोदितैः ॥७८॥ त्रिभिर्विशेषकम् ॥

एवं हर्षोत्सवे जायमानेऽवसरमाप्य च । योजिताञ्जलयः प्रोचुः, सचिवाः शुचिवृत्तयः ॥७९॥

इयत्कालं कृतेऽर्थस्य, कस्य का दिग्पवित्रिता ? । प्रमोदवृद्धये देव !, प्रसद्यैतन्निगद्यताम् ॥८०॥

भूनाथः कथमात्मीयगुणग्रहणपातकम् । कार्यं मयेति लज्जालुर्यावन्मौनमधिष्ठितः ॥८१॥

तावन्नरः स्फुरद्रूपधरः, कोऽपि पुरस्सरः । राज्ञे मुक्तामयं हारं, महसारमथार्पयत् ॥८२॥

ततः कस्त्वं ? निमित्तं किं ?, मम हारसमर्पणे । वदैतद्व्यक्तितः सद्य, इत्यप्रच्छि स भूभुजा ॥८३॥

सोऽप्यवोचन्महाराज !, राजमानगुणश्रियः । हारस्यार्पणहेत्वादिस्वरूपमवधारय ॥८४॥

अथास्ति सिंहलद्वीपे, पुरे रत्नपुरे नृपः । रत्नप्रभाभिधः शुद्धगुणरत्नमहाकरः ॥८५॥

तस्याभवद्भवानीव, विलसद्विजयोज्ज्वला । नाम्ना रत्नवती शीलोन्मीलद्रत्नवती प्रिया ॥८६॥
अष्टापदमहातीर्थे, माहात्म्यं देववन्दने । गुरोः पार्श्वेऽन्यदा मोदात्साऽशृणोन्मसृणाशया ॥८७॥
ततो विवेकाम्रशुकी जिनेन्द्रनमश्चिकीर्निश्चयमेकचित्ता ।
चकार यात्रावधि भोज्यसारा, सा राजपत्नी विकृतीर्ग्रहीतुम् ॥८८॥
विद्यावतां दिविषदां, गतिरष्टापदाचले । प्रवर्त्ते मनुष्याणां, न पुनर्भूमिचारिणाम् ॥८९॥
प्रतीज्ञातप्रतिज्ञाया, दुष्पूर्त्तिं राजवल्लभा । मन्यमाना मनस्येवं प्रजजल्प पुनः पुनः ॥९०॥
विद्याधराः सुराश्चापि, धन्यास्ते व्योमगामिनः । ये सदा स्वं प्रकुर्वन्ति, पवित्रं तीर्थयात्रया ॥९१॥
अहं पुनरधन्यात्मा, तीर्थयात्रा विना कृता । सा राज्ञी चिन्तयत्येवं खिद्यतेऽनुदिनं ततः ॥९२॥
भूजानिरपि सञ्जज्ञे, तस्या दुःखेन दुःखितः । यात्रासिद्धिः कथं राज्ञ्याः, भवित्रीति विचिन्तयन् ॥९३॥
सचिवैरौच्यत ज्ञात्वा, चिन्तामेतां क्षमापतेः । मा खेदमेदुरो भूप !, भूयास्त्वं कार्यसिद्धये ॥९४॥
ततश्च मन्त्रिभिः प्रोचे, श्रुत्वा माहात्म्यमद्भुतम् । रामशेखरदेवस्य, गुटिकादानसम्भवम् ॥९५॥
अथारोप्य महामात्ये, राज्यभारं समुत्सुकः । स राजग्रामणीस्तत्र, जगाम गुटिकाकृते ॥९६॥
इतस्तत्रागतः कश्चित्पुरुषः पौरुषालयः । परोपकृतिनिर्माणे, जागरुकः प्रजापतिः ॥९७॥
तेन निस्समनिस्सीमसत्त्वलीलाविलासिना । गुटिकैकदिनेनैव, लेभे सुकृतशालिना ॥९८॥
रत्नप्रभनरेन्द्रस्य, साऽस्माकं स्वामिनस्तदा । सद्यः समर्पिता दानवीराणां धुरि तिष्ठता ॥९९॥
ततस्तत्क्षणमेवागात्, कृतार्थः स्वपुरं पुनः । सिद्धे कार्ये न हि क्वापि, विलम्बं क्षमते सुधीः ॥१००॥
अष्टापदमहातीर्थयात्रासिद्धिरजायत । रत्नवत्या महासत्या, गुटिकायाः प्रभावतः ॥१०१॥
तदा मुदाढ्य विकसन्त्रिवर्गो, बभूव तस्यां पुरि पौरवर्गः ।
निर्मापयामास च धर्मवर्द्धापनानि निर्मायमनःप्रवृत्तिः ॥१०२॥
विना व्योमगतिं नृणां, दुष्पूरोऽयमभिग्रहः । इति ध्यात्वा ततो राज्ञा, रत्नवत्या पुराद्बहिः ॥१०३॥
अष्टापदावताराख्यः, स्फुरद्वारचतुष्टयः । वर्णमानादिभिर्वर्ण्यैर्जिनबिम्बैरलङ्कृतः ॥१०४॥
यात्रासिद्धिकृते भूमिगामिनां व्योममार्गगः ।
प्रासादः कारयामास, जगदानन्ददायकः ॥१०५॥ त्रिभिर्विशेषकम् ॥
अन्येद्युर्द्योविहारेण, चारणाः श्रमणोत्तमाः । अष्टापदे तत्र देवान्, विवन्दिषव ऐयरुः ॥१०६॥
अपृच्छद्विनयान्नत्वा, तानस्मन्नृपतिर्मुनीन् । यथाप्रस्तावमायोज्य, पाणी प्राणिहितप्रदान् ॥१०७॥
निर्निमित्तं तदा विश्वे, सदाऽभ्युदयदायिना । मुनीन्द्रा रामभवने, केनोपकृतिकारिणा ॥१०८॥
निस्सीमव्योमगमने, शक्तिव्यक्तिविधायिनी । अदायि विस्मयाधायिविभवा गुटिका मम ॥१०९॥
राजेन्द्र ! भवतस्तत्र, चरित्रमतिचित्रकृत् । मुनीन्द्रैर्जनितानन्दं, यथास्थितमकथ्यत ॥११०॥
तत्सकर्णः समाकर्ण्य, सत्कारेण नरेश्वर ! । विषापहममुं हारं, प्राभृतीकृतवान् मुदा ॥१११॥

तत्प्रसादपरो भूत्वा, भूसत्त्वानन्दकृत् प्रभो ! । अमुं हारं महाराज !, गृहाणास्मदनुग्रहात् ॥११२॥

भरतोऽपि नृपस्तस्य, सनयोपचितं वचः । निशम्यैवं जगादोद्यद्बहुमानं सभान्तरे ॥११३॥

अहो ! कृतज्ञता राज्ञस्तस्य लोकोत्तरस्थितिः । यत्परोपकृतिस्वल्पामपि मेरोर्गरीयसीम् ॥११४॥

मन्यमानः स्वयं हारमिमं महिममन्दिरम् । मनस्वी प्रेषयामास, विशेषज्ञशिरोमणिः ॥११५॥ युग्मम् ॥

उपकृत्य परं प्रत्युपकारं यः प्रतीच्छति ।
निस्सत्त्वपङ्क्तावात्मानं निवेशयति स क्षणात् ॥११६॥ उक्तं च–

इयमुच्चधियामलौकिकी, महती काऽपि कठोरचित्तता ।
उपकृत्य भवन्ति दूरतः, परतः प्रत्युपकारशङ्कया ॥

तदेनं न ग्रहीष्यामि, हारं पुरुषपुङ्गव ! । एवमाभाष्य सन्तोष्य, स पश्चात्प्रैषि भूभुजा ॥११७॥

अन्यदा यः समुत्पाट्यानीतोऽरिष्टपुरात् पुरा ।
स्वयं स भूभृता पृष्टः, प्राहेति चरितं निजम् ॥११८॥ तथा हि–

कथकोऽहं कथाख्यानाज्जीवको राजसेवकः । पाराशराख्यो विख्यातो, नैकशास्त्रविशारदः ॥११९॥

देवतादेशतो यद्यत्, कथयामि कथानकम् । तत्तत्तथा भवेन्नूनमन्यूनाश्चर्यकारकम् ॥१२०॥

नृपसूनोः समुद्भूतरोगस्यारोग्यहेतवे । मन्त्रोपचारः प्रारब्धो, मया राजाज्ञयैकदा ॥१२१॥

परं दुर्लङ्घ्यदुष्कर्मगते राजात्मजः क्षणात् । विपेदे मे समुत्पेदेऽपवादश्च जने ततः ॥१२२॥

अमारि यदनेनैव, कुमारोऽयमिति क्रुधा । समर्पितो भटेभ्योऽहं, मारणार्थं महीभुजा ॥१२३॥

तेभ्यो विमोच्य युष्माभिरिहानीतः कृपालुभिः । अतः परं त्वदायत्तजीवितव्यमवेहि माम् ॥१२४॥

इत्युक्त्वा विरते तस्मिन्, जगौ राजा सगौरवम् । तं प्रति त्वं ममाख्याहि, किमप्याख्यानमद्भुतम् ॥१२५॥

राज्ञा समनुज्ञातः स, विज्ञाततदाशयः । सुस्थितोऽकथयत्तथ्यां, कथामेवं नृपाग्रतः ॥१२६॥ तथा हि–

गन्धारपुरमाधारे, श्रीणां गन्धारमण्डले । आसीद्दासीकृतस्वर्गं, वर्द्धमानसमृद्धिभिः ॥१२७॥

विरोचनाभिधः कश्चित्तत्राभूत्कुलपुत्रकः । जगदम्बेव शम्बेति, नाम्ना तस्य प्रियाऽभवत् ॥१२८॥

परस्परं तयोः प्रेमाप्रमेयोदधिमग्नयोः । कालः कियान् ययौ राजसेवावृत्तिपरात्मनोः ॥१२९॥

विरोचनोऽन्यदा चौरैर्मारितः सन् द्विजात्मजः । जज्ञे दामोदरो नाम्ना, नन्दिग्रामे मनोरमे ॥१३०॥

तस्य सूत्रप्रदानादेर्जायमाने महेऽन्यदा । प्रवाह्य भर्त्तुरस्थीनि, सा शम्बा गाङ्गवारिणि ॥१३१॥

भ्रमन्ती भोजनाद्यर्थं, तत्रागाद्दैवयोगतः । दामोदरस्तयाऽदर्शि, ब्राह्मणैः कृतमङ्गलः ॥१३२॥

तेनाऽपि सा तथाभूतेत्येवमन्योन्यदर्शने । तयोरुदलसत्वपूर्वभवस्नेहो निरर्गलः ॥१३३॥ उक्तं च–

यं दृष्ट्वा वर्द्धते स्नेहः, क्रोधश्च परिहीयते ।
स विज्ञेयो मनुष्येण, एष मे पूर्वबान्धवः ॥२९॥ [સૂક્તમુક્તાવલી પૃ. ૨૨૯]

अथोहापोहतो जातिस्मृतिमाप्योपलक्ष्य च । तदेकचित्तस्तत्पृष्टिं, नामुचन्मोचितोऽपि सः ॥१३४॥

संसर्गोऽस्याः कलङ्काय, कुलेऽस्येति द्विजन्मभिः । निष्कासिता ततः शम्बा, बम्बारवपरायणा ॥१३५॥
तद्वियोगाग्निदग्धात्मोद्विग्नो दामोदरोऽपि हि । मृत्वा मृगार्भकः क्वापि, विपिनान्तरजायत ॥१३६॥
शम्बां मृगस्तथाऽवस्थां, भ्राम्यन्तीं तत्र दृष्टवान् । पूर्वप्रेमवशादाविरासीत्प्रीतिस्तयोस्तथा ॥१३७॥
तत्पृष्ठिलग्नः सर्वत्र, भ्राम्यन्नत्रस्तमानसः । विपद्यार्तिपरः क्रूरमारितो वानरोऽजनि ॥१३८॥
तत्रापि दर्शने तस्याः, स्नेहः पूर्वमिवाभवत् । फलादीनि ददच्चास्याः, पञ्चत्वं प्राप लोकतः ॥१३९॥
ततो वाणारसीसीमासन्नग्रामे द्विजाङ्गजः । नाम्ना दिन्नः समुत्पन्नो, वेदविद्याविशारदः ॥१४०॥
आगच्छद्दक्षिणाद्यर्थं, वाणारस्यामथैकदा । तत्रात्तानशनां शम्बां, जर्जराङ्गीं निरीक्ष्य सः ॥१४१॥
उज्जाग्रत्प्रेमतो भद्रे !, काऽसि त्वमिति पृष्टवान् ।
तयाऽपि सकलः पूर्वसम्बन्धो जगदे निजः ॥१४२॥ युग्मम् ॥
श्रुतपूर्वी स्ववृत्तान्तं, तथाभूतं तयोदितम् । स्वजातिमस्मरद्दिन्नः, पूर्वां वैराग्यकारिणीम् ॥१४३॥
भवात्त्रस्तस्ततो लात्वा, तत्रैवानशनं सुधीः । अक्षोभ्यः स्वजनैः कालं, कृत्वाऽभूस्त्वं नरेश्वरः ॥१४४॥
इति पाराशरप्रोक्तान्, प्राक्तनानात्मनो भवान् । स राजकुञ्जरः सर्वानस्मार्षीद्विस्मयावहान् ॥१४५॥
रङ्गत्परमसंवेगामृतमग्नमनास्ततः । संसारासारतां पश्यन्, सम्यग्धर्मार्थमुद्यतः ॥१४६॥
कैलाशसोदरैर्जैनमन्दिरैः परिमण्डितम् । सोऽचीकरत्स्फुरद्धर्षः, सर्वं जनपदं निजम् ॥१४७॥ युग्मम् ॥
दुःखितानाथदीनादिदुःखं विक्षिप्य दूरतः । निर्निदानैर्महादानैः, यथौचित्यप्रवर्त्तितैः ॥१४८॥
परमार्थगुरुं पाराशरं कथकपुङ्गवम् । समृद्धिभिरनेकाभिरानन्दि बहुमानतः ॥१४९॥
महीचन्द्रसुतं प्रौढोत्सवै राज्ये निवेश्य च । युगमन्धरसूरीन्द्रसंनिधौ व्रतमग्रहीत् ॥१५०॥
अतिचरणवियुक्तैः संयुतः संयतेन्द्र-श्चरणकरणयोगैः साधितात्मस्वरूपः ।
सुखमरणमवाप्तः प्राप्तवान् द्वादशेऽसौ दिवि दिविजसुखर्द्धिं शक्रतुल्याखिलश्रीः ॥१५१॥
ततश्च्युत्वा महाराजक्षमाधरगुरुश्रियम् । द्विधा प्राप्य क्रमाद्भावी, श्रीमान् सिद्धिवधूवरः ॥१५२॥

इति परोपकारे श्रीभरतकथा ॥

## પરોપકાર વિષે ભરતરાજાનું કથાનક

આ ભરતક્ષેત્રમાં તેજસ્વી પુરુષો રૂપ રત્નોના સમૂહથી શોભતી લક્ષ્મીથી પરિપૂર્ણ અને પ્રસિદ્ધ થયેલી **ભોગવતી** નામે નગરી હતી. જે નગરીમાં સજ્જનના સમૂહને આકર્ષણ કરનાર નિરંતર લક્ષ્મીથી અવિયુક્ત અને દાનની વાસનાવાળો સમગ્ર નાગરિક લોક ઘણું કરી પુરુષોત્તમ (વિષ્ણુ) જેવો હતો. તે નગરીમાં પોતાની કીર્તિથી સમગ્ર ભારતવર્ષને ભરી દેનાર મોટી રાજ્ય લક્ષ્મીરૂપ લતાને પુષ્ટ કરવા માટે મેઘસમાન, પરોપકાર કરવામાં રસિક, અત્યંત ઉદારતાથી કલ્પવૃક્ષને પણ જીતી લેનાર અને નિશ્ચલ ધૈર્ય તેમજ અભ્યુદયથી સમગ્ર પૃથ્વીમંડળને ઉજ્જ્વળ કરનાર **ભરત** નામે રાજા રાજ્ય

કરતો હતો. તે રાજાને પોતાના રૂપથી દેવાંગનાઓનો તિરસ્કાર કરનારી અને સઘળા અંતઃપુરમાં શ્રેષ્ઠતા ભોગવનારી **સુલોચના** નામની પ્રિયા (ભાર્યા) હતી. તે દંપતિને પૃથ્વીરૂપ કમલિનીને આનંદ આપવામાં ચંદ્ર સમાન, નીતિસંપન્ન અને વિનયવાન્ **મહીચંદ્ર** નામે પુત્ર હતો.

કેટલોક કાળ ગયા પછી એક વખત હર્ષિત થયેલા શ્રી ભરત રાજાએ ભૂયલ પ્રમુખ કાર્યદક્ષ મંત્રીઓને બોલાવીને કહ્યું કે—તમારે હંમેશાં ચિરંજીવી મહીચંદ્ર નામના આ મારા પુત્રને સઘળા કાર્યોમાં પ્રમાણ તરીકે સ્વીકારવો. અર્થાત્ તેની સલાહ સિવાય કોઈ પણ રાજ્યકાર્ય કરવું નહીં. તેમજ અસાધારણ પરાક્રમવાળા આપ લોકોએ પણ આ પુણ્યશાળી પુત્રની સહાયતાથી સઘળો રાજ્ય કારભાર ચલાવવો. હું પોતે ઘણી સંપત્તિવાળો હોવાથી દીન તેમજ અનાથ પ્રાણીઓના સમુદાયને પરોપકાર કરતો હમેશાં સુખપૂર્વક રહીશ.' કહ્યું છે કે—

**ખરેખર જેનો જન્મ યાચક લોકોની મનોવૃત્તિને તૃપ્ત કરવા માટે નથી તેનાથી આ પૃથ્વી ભારવાળી છે. પરંતુ વૃક્ષો, પર્વતો કે સમુદ્રો તેણીને બોજારૂપ નથી. અર્થાત્ સામર્થ્ય છતાં યાચકવર્ગના મનોરથો પૂર્ણ નહીં કરનાર મનુષ્યો પૃથ્વીને બોજારૂપ થાય છે.**

પૈસાથી અથવા તો પ્રાણોથી પણ પરને ઉપકાર કરવો જ જોઈએ. પરોપકારથી ઉપાર્જન કરેલું પુણ્ય સેંકડો યજ્ઞોથી પણ થઈ શકતું નથી એ પ્રમાણે હૃદયમાં વિચાર કરી રાજ્યની ધુરા પુત્ર ઉપર મૂકી તે રાજા વિશ્વમાં નિરંતર ઉપકાર કરવામાં તત્પર થયો.

એક વખત અનેક પ્રકારની આધિવ્યાધિથી પીડાયેલાં તેમજ અનેક પ્રકારે નિરંતર મૃત્યુરૂપ સિંહથી ગળી જવાતા મનુષ્યોને જોઈ હૃદયની અંદર સંક્રમણ થયેલા તેમના દુઃખથી દુઃખી થયેલો તે કૃપાળુ રાજા મનમાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો કે—હું પૂર્વે ઉપાર્જન કરેલા પવિત્ર પુણ્યથી ગર્જના કરતા ગજ અને અશ્વોની શ્રેણીથી વિલાસવાળી રાજ્યસંપત્તિથી વૃદ્ધિ પામેલો આ લોકમાં નરપતિ થયો છું, છતાં અત્યંત દુઃખથી પીડાતા પ્રાણીઓનું રક્ષણ કરવા માટે મારામાં લેશ માત્ર પણ સામર્થ્ય નથી ત્યારે મારી ત્રણ વર્ગની લક્ષ્મી નિષ્ફળ જેવી જ છે. કારણ કે દુઃખથી પીડાતા પ્રાણીઓના દુઃખને દૂર કર્યા સિવાય માની પુરુષો સામ્રાજ્યના મોટા વિલાસોને પણ નકામા ગણે છે. વળી જે રાજા આ દુનિયામાં દુઃખી પ્રાણીઓનું રક્ષણ કરવામાં સમર્થ નથી, તે ખરેખર ચંચા પુરુષથી પણ હલકાઈને પામે છે.

એ પ્રમાણે વિચાર કરતાં બિલકુલ ગર્વરહિત થયેલો તે રાજા રાત્રે શયન ઘરમાં જેટલામાં સુવા માટે જાય છે, તેટલામાં સાવધાન થયેલા રાજાએ પોતાની વિશાળ શય્યામાં નિદ્રાવશ થયેલા અને દિવ્ય આકૃતિવાળા એક પુરુષને જોયો. તેમજ ઊંચા સુવર્ણની અને જ્યોતિથી વાસભૂમિને પ્રકાશ કરનારી એક ગુટિકા તેના પડખામાં પડેલી

રાજાના જોવામાં આવી. તે જોતાં જ આશ્ચર્ય પામેલો અને નિર્મલ હૃદયવાળો રાજા વાસભુવનમાં સૂતેલા પુરુષ પાસેથી તે ગુટિકાને જેટલામાં લેવાની તૈયારી કરે છે તેટલામાં એકદમ જાગી ઉઠેલો તે પુરુષ સંભ્રમથી ઊંચો આકાશમાં ઉડી તરત જ પાછો પડ્યો અને ભયભીત થયેલો ક્ષણવાર ઊભો રહ્યો.

તે પછી પ્રાણીઓનું રક્ષણ કરવામાં તત્પર ભરત રાજાએ તે પુરુષને પૂછ્યું કે–'તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? તારું આચરણ આવું કેમ છે ?'

તેના ઉત્તરમાં તે સાહસિક પુરુષે જણાવ્યું કે–'હે સ્વામિન્ ! કૃપારૂપ સમુદ્રના મધ્યમાં રહેનાર અર્થાત્ દયા કરવા લાયક હું અનંગકેતુ નામનો પુરુષ ગુટિકાની સિદ્ધિ થવાથી આકાશમાર્ગે શ્રીપર્વત તરફ જતાં હે રાજન્ ! બુદ્ધિહીન થયેલા પરંતુ સુંદર હૃદયવાળા મેં આ ખાલી સુખશય્યા જોઈ. માર્ગનો ખેદ દૂર કરવા માટે આ શય્યામાં વિશ્રામ લેતાં જેટલામાં હું નિદ્રાવશ થયો ! તેટલામાં તમારું આગમન થયું. હવે પછી તમારા પ્રસાદથી હું જીવિતદાન મેળવીશ.'

ત્યારબાદ નરપતિએ પ્રાણીઓને હિતકારી વાણીથી કહ્યું કે–'હે મહાભાગ્ય-શાળી ! તું નિશ્ચિંત હૃદયવાળો થઈ સુખેથી નિદ્રા લે, જેથી હું તારી પાસે રહી ઘણા કાળ સુધી જીવિતને ધારણ કરનાર એવા તને પવન નાંખું.' એ પ્રમાણે નરપતિના બોલવાથી ખુશી થયેલો રાજાના ચરણમાં પ્રણામ કરી તે સિદ્ધપુરુષ બોલ્યો કે–'હે વિશ્વને આધારભૂત ! તું દેવતાઓને પણ નમસ્કાર કરવા લાયક છે તેમજ ઉપકારગુણ સઘળા ગુણોમાં શિરોમણિ ગણાય છે તે ઉપકાર તારામાં સીમારૂપે પ્રાપ્ત થઈ ત્રણ જગતની અંદર જાગરૂક થયો છે. એવા રાજાઓના અધિપતિ અને મને આયુષ્યપર્યંત જીવિતદાન આપનાર તારા ઋણથી આ તૃણ જેવો મનુષ્ય કેવી રીતે મુક્ત થવાનો ?'

તે પછી તેના વિનયગર્ભિત વચનોથી સ્નેહયુક્ત હૃદયવાળા રાજાએ અસાધારણ આશ્ચર્ય આપનારી ગુટિકા તે સિદ્ધપુરુષને સ્વાધીન કર્યાની સાથે જ–'હે રાજન્ ! મારા ઉપર પ્રસન્ન થઈ આ ગુટિકાને ગ્રહણ કરી મને અનુગૃહીતકરો' એ પ્રમાણે સિદ્ધપુરુષે કહ્યું ત્યારે રાજા બીજી વખત આ પ્રમાણે બોલ્યો–'હે કૃતજ્ઞશિરોમણિ ! હું કોઈનું કંઈપણ ગ્રહણ કરતો નથી તો હે સિદ્ધપુરુષ ! તારી આ ગુટિકા મારાથી કેવી રીતે ગ્રહણ કરી શકાય ?' પરંતુ હે પંડિત પુરુષ ! ઘણા મોટા મહિમાથી આશ્ચર્ય આપનારી અને દુઃખેથી પ્રાપ્ત થનારી આ ગુટિકા ક્યાંથી મેળવી શકાય છે. તે હકીકત હે પ્રાજ્ઞ પુરુષ ! મને કહી સંભળાવ.'

આ પ્રમાણે રાજાની વિનંતીથી તે સિદ્ધપુરુષ બોલ્યો કે–'હે રાજાઓના મસ્તકોથી મુકુટાયમાન ચરણ ! તમે સાંભળો. દક્ષિણ દિશામાં અસ્તિ ધરાવતો મલયાચલ નામે એક

પર્વત છે તેના અતિ ઊંચા અને સર્વ ઋતુમાં પ્રફુલ્લિત થનાર વનવાળા શિખર ઉપર **રામશેખરદેવ**નું જગતમાં આશ્ચર્યજનક એક મંદિર છે. ત્યાં ખાળમાંથી પડતું અને બળતા અગ્નિ જેવું દેવતાનું સ્નાનજળ જે સાહસિક પુરુષ પોતાના હાથમાં છ મહિના સુધી ધારણ કરે છે તે પરાક્રમના ખજાનારૂપ તેમજ શુદ્ધવિધિનો જાણકાર પુરુષ દેવની પ્રસન્નતાથી હે રાજન્ ! આવા પ્રકારની ગુટિકાને મેળવી શકે છે. વળી આ ગુટિકા માટે અનેક પ્રાજ્ઞ પુરુષો તે સ્થાને આવે છે પરંતુ કોઈક જ પુણ્યાત્મા ગુટીકાને પ્રાપ્ત કરી શકે છે.'

આ પ્રમાણે તે સિદ્ધપુરુષનું મનોહર વચન સાંભળી હૃદયમાં વિસ્મિત થયેલા રાજાએ તે સિદ્ધપુરુષને ઘણા બહુમાનપૂર્વક ત્યાંથી રવાના કરી તે જ શય્યામાં પવિત્ર અને નિશ્ચિત હૃદયવાળો રાજા સુખરૂપ નિદ્રાથી અર્ધરાત્રિનું ઉલ્લંઘન કરી શય્યામાંથી ઉઠી તરત જ વેશ બદલાવી અત્યંત પરાક્રમી, હાથમાં તરવાર ધારણ કરનાર, કલ્યાણ કરનાર, મહાન્ પુરુષોની ગતિને અનુસરનાર અને ચારે તરફથી નિપુણ પરિવારથી પણ નહીં જાણવામાં આવેલો તેમજ રાજાઓની અંદર હસ્તિસમાન તે ભરતરાજા પોતાના દેદીપ્યમાન રાજભવનમાંથી બહાર નીકળી ગયો. ત્યારબાદ અત્યંત ઉત્સાહ અને નિરંતર ગતિથી માર્ગમાં ચાલતાં તે વેગવાળા રાજાએ નિર્વિઘ્નપણે ઘણી પૃથ્વીનું ઉલ્લંઘન કર્યું, તેમ કરતાં કેટલાક દિવસો પછી રાજા તાપની આપત્તિ દૂર કરનાર મલયાચલના શિખરને રત્નના મુકુટસમાન અને હાલતા ચંદન તેમજ કલ્પવૃક્ષની શ્રેણીથી શોભનાર એવા રામશેખરદેવના મંદિરે આવ્યો.

ત્યાં પુષ્કરિણીના જળથી સ્નાન કરી નિર્મળ થયેલો, સજ્જનોને પ્રીતિ ઉત્પાદક અને ઇંદ્રિયોને વશ કરનાર તે રાજાએ કમળોને લઈ મંદિરમાં પ્રવેશ કર્યો અને ત્યાં નિષ્કપટ અનુષ્ઠાને કરી પવિત્ર થયેલા રાજાએ રામશેખરદેવની પૂજા કર્યા બાદ તે નિષ્કપટ રાજા જેટલામાં સ્નાત્રનું પાણી ગ્રહણ કરવા માટે પ્રયત્ન કરે છે તેટલામાં સ્નાત્રના પાણીની ચારે તરફ પરિભ્રમણ કરતા, કોલાહલ કરતા અને માર્ગનું અવલોકન કરનારા ઘણા મનુષ્યો તેના જોવામાં આવ્યા. તે પછી કુતુહલથી રાજાએ 'તમે કેટલા છો' એવો પ્રશ્ન કર્યો ત્યારે તેઓએ હાથ ઊંચો કરીને જણાવ્યું કે—'અમે એક સો અને આઠ છીએ' આવી રીતે વાતો કરવાથી કાંઈ કાર્યસિદ્ધિ થવાની નથી એ પ્રમાણે મુખેથી બોલતા રાજાએ એકદમ અગ્નિના જેવું ઉષ્ણ સ્નાત્રનું પાણી કરકમળમાં ધારણ કર્યું પરંતુ તે પાણીની આંતરા વગર પડતી ધારાને કરકમળમાં ધારણ કરનાર તે સાહસિક રાજાનું એક રોમમાત્ર પણ કંપ્યું નહીં અને તેના નિઃસીમ પરાક્રમથી અંતઃકરણમાં પ્રસન્ન થયેલા દેવે તત્કાલ એક ઉત્તમ ગુટિકારત્ન રાજાને અર્પણ કર્યું. તે માટે કહ્યું છે કે—

**એક પૈડાનો રથ, સર્પથી વશ કરેલા સાત ઘોડાઓ, આલંબન વગરનો રસ્તો અને પગ વિનાનો સારથી છે તો પણ સૂર્ય હંમેશાં મર્યાદા વગરના આકાશનો છેડો લાવે છે.**

**તેથી સ્પષ્ટ જણાઈ આવે છે કે મહાપુરુષોની કાર્યસિદ્ધિ પરાક્રમમાં વાસ કરે છે ન કે સાધનમાં. અર્થાત્ જો કે સૂર્યનાં સાધનો નિર્બલ છે તો પણ પોતાના પરાક્રમથી સૂર્ય આકાશનો અંત લાવે છે. તેમ સત્ત્વવાળા પુરુષોએ પોતાના સત્ત્વથી જ ધારેલા કાર્યની સિદ્ધિ કરવી જોઈએ. સાધનો તો કેવળ નિમિત્ત માત્ર જ હોય છે. સત્ત્વ વિનાનો પુરુષ ગમે તેટલા સાધન યુક્ત હોય, તો પણ જ્યારે કાર્ય આવી પડે છે ત્યારે તે સાધનો તેને બોજારૂપ થઈ પડે છે અને કાર્યસિદ્ધિ કરી શકતો નથી. ખરી રીતે વિચાર કરીએ તો કાર્યસિદ્ધિ સત્ત્વમાં જ રહેલી છે.**

વળી ગુટિકા માટે આવેલા આ લોકોના મનોરથો અધૂરા રહ્યા છતાં પરાક્રમથી મેળવેલી આ ગુટિકાને ગ્રહણ કરી હું કેવી રીતે ચાલ્યો જઉં ? એ પ્રમાણે વિચાર કરી પરોપકાર કરવાના વ્રતવાળા રાજાએ એકદમ તે ગુટિકા તેમાંના કોઈ એક પુરુષને આપી દીધી. વળી બીજી વખત પોતાના માટે પૂર્વની જેમ વિધિપૂર્વક તે પાણીને ધારણ કરતાં પુણ્યવાન્ રાજાએ તેવી બીજી ગુટિકા પુણ્યથી પ્રાપ્ત કરી કે તરત જ પરોપકાર કરવામાં અતૃપ્ત થયેલા અને કૃપાળુ પુરુષોની અંદર અસાધારણ તે મહાશય રાજાએ બીજા કોઈ પુરુષને તે ગુટિકા આપી દીધી.

હવે તે સઘળા મનુષ્યોની એક સાથે ઈષ્ટસિદ્ધિ કરવાની ઇચ્છાથી ત્રીજી વખત પણ તે સ્નાત્રના પાણીને હાથમાં ધારણ કરનારા અને પ્રથમ બે વખત ઉષ્ણ જળ ધારણ કરવાથી તેની સઘળી આંગળીઓ બળી જવાને લીધે આ વખતે ઘણો જ બળે છે તો પણ અત્યંત સ્થિર ચિત્તવાળા રાજાના સર્વોત્તમ સાહસથી તેમજ તેની ઉપમારહિત ઔદાર્યતાની લીલાથી હૃદયમાં પ્રસન્ન થયેલો અને અતુલ્ય વાત્સલ્ય કરવામાં કલ્પવૃક્ષ સમાન રામશેખરદેવ પ્રકટ થઈ બોલ્યો કે—'હે પ્રજાપ્રિય ! ઘણું કરીને છ મહિના સુધી ઉપાસના કરનાર એવા કોઈ એક સાધક પુરુષને પણ જ્યારે આ ગુટિકા આપતો નથી ત્યારે મેં તને એક દિવસમાં બે ગુટિકાઓ અર્પણ કરી પરંતુ હે ઉત્તમ પુરુષ ! તેં તો તે બે ગુટિકાઓ લીલા માત્રમાં જ બીજાઓને આપી દીધી, માટે હે ધીરપુરુષની ધુરાને ધારણ કરનાર શ્રેષ્ઠ પુરુષ ! તારી ઔદાર્યતાની દોસ્તીનો પ્રકાશ આશ્ચર્યજનક છે તેથી હું તારી ઉપર તુષ્ટ થયો છું માટે જે તને ઈષ્ટ હોય તે કહી દે એટલે તે હું કરી દઉં.'

દેવનાં આવા વચનો સાંભળી વિનયથી નમી પડેલા રાજાએ કહ્યું કે—'તું જગતને પૂજનિક દેવ ક્યાં ? અને તૃણ જેવો હું ક્યાં ? અર્થાત્ તારી અને મારી સરખામણી થઈ શકે જ નહીં. તારા દર્શનથી મારો આ જન્મ સફળ થયો છે તો પણ હે સ્વામિન્ ! મારી એક પ્રાર્થના સફળ કરવાને તું યોગ્ય છે અને હંમેશાં તારે શરણે આવેલા મનુષ્યોનું મનોવાંછિત પૂર્ણ કરવામાં કામકુંભ જેવો તું જ પ્રસિદ્ધ થયેલો છે. તે માટે હે વિબુધ ! જલદી પ્રસન્ન થઈ મારી સેવાથી આ લોકોની કામના પૂર્ણ કર.'

રાજાની આવી પ્રાર્થનાથી ખુશી થયેલા તે રામશેખર દેવે તે લોકોને અને રાજાને તત્કાળ ગુટિકાઓ આપીને વિસર્જન કર્યા. ભરતરાજા પણ દેવથી મેળવેલી ગુટિકાને લઈ, વળી વિનયપૂર્વક રામશેખરદેવને નમસ્કાર કરી કૃતાર્થ થયેલો, પવિત્ર-મનવાળો અને વિશાળ બુદ્ધિવાળો રાજા આકાશમાર્ગથી જતાં મહારાષ્ટ્ર દેશમાં અલંકારરૂપ રિષ્ટપુર નામના નગરે આવ્યો.

**તે નગરના ઉદ્યાનમાં ભવ્ય પ્રાણીઓના સમૂહને ધર્મમાર્ગનો ઉપદેશ કરતા, આત્મરમણતામાં પ્રીતિ કરનારા, મુનીંદ્રોથી સેવાતા પ્રકાશ કરનાર ઉત્તમજ્ઞાન યુક્ત, રોગરહિત, સંપૂર્ણ પાપોનો નાશ કરનાર અને દૂર રહેલા સૂરીશ્વરને તે ભરતરાજાએ હર્ષપૂર્વક જોયા.**

ત્યારબાદ કુતૂહળથી તે સ્થાનમાં જઈ પ્રાણીઓને આધારભૂત, સારો વિચાર કરનાર અને પ્રકૃતિથી ભદ્રકપરિણતિવાળા તે રાજા સૂરિને નમસ્કાર કરી ઉચિત સ્થાનમાં બેઠા. તે અવસરે વિસ્મિત થયેલા ઘણા લોકોની શ્લાઘા યુક્ત સૂરીશ્વરે પણ રાજાને ઉચિત ઉપદેશ આપ્યો તે આ પ્રમાણે છે–

**મણીઓમાં ચિંતામણિરત્ન, હાથીઓમાં ઐરાવણહાથી, ગ્રહોમાં ચંદ્રમા, નદીઓમાં ગંગાનદી, પર્વતોમાં મેરુ પર્વત, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, દેવતાઓમાં વિષ્ણુ અને મનુષ્યોમાં ચક્રવર્તી જેમ ઉત્તમપણે શોભે છે તેમ સમગ્ર ધર્મોમાં પરોપકાર ધર્મ પણ ખરેખર ઉત્તમોત્તમપણે શોભે છે.**

આ પ્રમાણે આચાર્યનો ઇષ્ટ ઉપદેશ શ્રવણ કરી પ્રસન્ન મનવાળા રાજાએ આગ્રહપૂર્વક યથોચિત ઉપકાર કરવારૂપ ધર્મને ગ્રહણ કર્યો. તે પછી રિષ્ટપુર નામના નગરમાં પરિભ્રમણ કરતાં વીરવૃત્તિનું આચરણ કરવામાં નિપુણ હૃદયવાળા તે ભૂપતિએ સાક્ષાત્ ઉત્તમ શરીરવાળા અને રાજાના સુભટ સમુદાયથી વધ્યભૂમિ પ્રત્યે લઈ જવાતા એક મનુષ્યને જોઈ વિચાર કર્યો કે ખરેખર ખેદ કરવા જેવું છે કે મારા જોતાં આ પુરુષને નિર્દયપણે કેવી રીતે મારે છે ? એ મારે જોવાનું છે.

એમ વિચાર કરતાં અત્યંત કરુણાયુક્ત થયેલા રાજાએ તે સઘળા સુભટોનાં દેખતાં જ તે પુરુષને પ્રબળ હાથથી ઉપાડી એકદમ આકાશમાં ચાલ્યો ગયો અને બીજાથી ન જિતાય એવા પરાક્રમવાળા તેમજ જેના આગમનની પ્રાર્થના કરાય છે તેવા રાજાએ ક્ષણવારમાં સાતમાળવાળું પોતાની નગરીમાં રહેલું વાસભવન ભૂષિત કર્યું. તે પછી રાજાનું આગમન થયેલું જાણી ઉલ્લાસવાળા પરિવારથી વીંટાયેલો રાજા જેટલામાં સભાભોજન વગેરે ક્રિયાને કરવા તત્પર થાય છે તેટલામાં યુવરાજની સાથે ભેગા થયેલા સઘળા સામંતો અને જાણે હર્ષથી ઉલ્લાસ પામેલા સમુદ્રો ન હોય ? તેવા નગરના લોકોએ પણ મસ્તકને પૃથ્વી સાથે મેળવી પ્રેમપૂર્વક રાજાને નમસ્કાર કર્યો અને બહુમાન પૂર્વક કુશળવાર્તા પૂછી.

આ પ્રમાણે આનંદોત્સવ થઈ રહ્યો છે તે વખતે અવસરપામી પવિત્ર વર્તનવાળા મંત્રીઓએ બે હાથ જોડી વિનંતી કરી કે હે દેવ ! ક્યા કાર્ય માટે આટલાકાળ સુધી કઈ દિશાને આપે પવિત્ર કરી ? તે અમારા આનંદની વૃદ્ધિ માટે પ્રસન્ન થઈ અમોને કહી સંભળાવો' આ સાંભળી મારે આત્માના ગુણ ગ્રહણ કરવા રૂપ પાપ કેમ કરવું જોઈએ ? એમ વિચાર કરી લજ્જાવાળો રાજા જેટલામાં મૌન ધારણ કરે છે તેટલામાં રાજાની આગળ ઊભેલા કોઈ એક રૂપવાન્ પુરુષે પ્રધાન કાન્તિવાળો મોતીનો હાર રાજાને અર્પણ કર્યો. એટલે રાજાએ પૂછ્યું કે—'તું કોણ છે ? મને હાર આપવામાં શું કારણ છે ? તે એકદમ પ્રગટપણે કહી દે' આ પ્રમાણે આદેશ થતાં તે પુરુષે જણાવ્યું કે 'હે મહારાજ ! ગુણરૂપ લક્ષ્મીથી શોભનારા આ હારને અર્પણ કરવાનું કારણ હું કહું છું. તે તમે ધારણ કરો.' એ પ્રમાણે કહી વૃત્તાંત શરૂ કર્યું.

સિંહલદ્વીપમાં રત્નપુર નામે નગરમાં પવિત્ર ગુણરૂપ રત્નોને આધારભૂત રત્નપ્રભ નામે રાજા છે, અને તેને વિલાસ કરતી વિજયરૂપી ઉજ્જવળ તેમજ વિકાસ પામતા શીલરૂપ રત્નને ધારણ કરનારી પાર્વતી જેવી રત્નવતી નામે ભાર્યા છે, કોમળ હૃદયવાળી તેણીએ કોઈક અવસરે હર્ષપૂર્વક ગુરુ મહારાજ પાસે અષ્ટાપદ ઉપર દેવવંદન કરવાનો મહિમા સાંભળી વિવેકરૂપ આમ્રવૃક્ષ પ્રત્યે મેના જેવી, શ્રીજિનેંદ્રોને નમસ્કાર કરવાની ઇચ્છાવાળી અને દૃઢ નિશ્ચયવાળી રત્નવતીએ જ્યાં સુધી યાત્રા ન થાય ત્યાં સુધી ભોજનમાં સારભૂત ઘી વગેરે વિગઈઓ નહી લેવા નિશ્ચય કર્યો. અષ્ટાપદ પર્વત ઉપર વિદ્યાધરો અને દેવતાઓની ગતિ છે, પરંતુ ભૂમિચાર મનુષ્યોની ગતિ નથી, તેથી અંગીકાર કરેલી પ્રતિજ્ઞા પૂર્ણ થવી ઘણી મુશ્કેલ છે. એમ અંતઃકરણમાં માનતી રાજવલ્લભા વારંવાર આ પ્રમાણે બોલવા લાગી કે—આકાશમાં ગમન કરવાવાળા તે વિદ્યાધરો અને દેવતાઓને ધન્ય છે કે, જેઓ હંમેશાં તીર્થયાત્રા વડે પોતાના આત્માને પવિત્ર કરે છે. તીર્થયાત્રા કર્યા સિવાય મારો આત્મા તો અકૃતાર્થ છે.

આ પ્રમાણે નિરંતર વિચાર કરતી તે રાણી અત્યંત ખેદ કરવા લાગી. તે જોઈ રાજા પણ તેણીના દુઃખથી દુઃખી થયેલો આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો કે મારી પ્રિયાની યાત્રાસિદ્ધિ કેવી રીતે થશે ? એવી રાજાની ચિંતાને જાણીને મંત્રીઓએ કહ્યું કે 'હે રાજન્ ! આ કાર્યસિદ્ધિ માટે તમે ઘણા ખેદવાળાં ન થાવ.' તે પછી મંત્રીઓએ કહેલું રામશેખર દેવની ગુટિકાનું આશ્ચર્યજનક માહાત્મ્ય સાંભળી મુખ્યમંત્રી ઉપર રાજ્યભાર આરોપણ કરી ગુટિકા માટે ઉત્સુક થયેલો અને રાજાઓમાં અગ્રગામી તે રાજા રામશેખરદેવના ભવન પ્રત્યે ચાલ્યો ગયો, તેટલામાં હે પ્રજાપતિ ! પરાક્રમના સ્થાનભૂત અને પરોપકાર કરવામાં જાગરૂક થયેલો કોઈ એક પુરુષ ત્યાં આવી પહોંચ્યો.

તે વખતે તત્કાળ આવેલા તે પુણ્યશાળી અને અસાધારણ પરાક્રમરૂપ ક્રીડામાં

વિલાસ કરનારા ઉત્તમ પુરુષે એક જ દિવસમાં તે ગુટિકા પ્રાપ્ત કરી અને તેજ વખતે દાનેશ્વરીમાં પ્રધાનપદ ભોગવતા તે મહાપુરુષે અમારા સ્વામી રત્નપ્રભનરેંદ્રને તે ગુટિકા અર્પણ કરી. તે લઈને તત્કાળ કૃતાર્થ થયેલો અમારો સ્વામી પોતાના નગર તરફ પાછો આવ્યો કેમકે કાર્યની સિદ્ધિ થતાં ઉત્તમ વિચારવાળો પુરુષ ખરેખર કોઈ પણ ઠેકાણે વિલંબ કરી શકતો નથી. પછી તે ગુટિકાના પ્રભાવથી મહાસતી રત્નાવતીનો અષ્ટાપદ મહાતીર્થ સંબંધી યાત્રાનો મનોરથ પરિપૂર્ણ થયો. તેથી તે અવસરે ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગથી વિકાસ પામતો તે નગરીનો સઘળો જનસમુદાય આનંદિત થયો, અને તે માટે નિષ્કપટ મનોવૃત્તિથી નગરમાં ધર્મ સંબંધી વધામણાં કરાવ્યાં.

ત્યારબાદ આકાશ માર્ગમાં ગમન કરવાની શક્તિ સિવાય આવો અભિગ્રહ પૂર્ણ થવો ઘણો મુશ્કેલ છે. એ પ્રમાણે રત્નવતીએ વિચાર કરી નગરની બહાર ચળકતા ચાર દ્વારવાળો, રંગ અને પ્રમાણ વગેરેથી વર્ણન કરવા લાયક એવી શ્રી જિનેશ્વરની પ્રતિમાઓથી ભૂષિત, અત્યંત ઊંચો અને જગતના લોકોને આનંદદાયક અષ્ટાપદાવતાર નામનો એક પ્રાસાદ મનુષ્યોની યાત્રાસિદ્ધિ માટે રાજા પાસે કરાવ્યો.

કોઈક દિવસે આકાશમાં વિહાર કરનારા ઉત્તમ ચારણ સાધુઓ તે અષ્ટાપદમાં દેવોને વંદન કરવાની ઇચ્છાવાળા નીચે ઉતર્યા. પ્રાણીઓને હિત કરનારા તે મુનિઓને અમારા રાજાએ વિનય પૂર્વક નમસ્કાર કરી અવસર મળતાં હાથ જોડી પ્રશ્ન પૂછ્યો કે— હે મુનીશ્વર ! વિશ્વમાં હંમેશાં ઉન્નતિ કરનારા અને પરોપકાર કરનારા ક્યા ઉત્તમ પુરુષે કારણ સિવાય રામશેખરના મંદિરમાં આશ્ચર્ય કરનારી અને આકાશ માર્ગે ગમન કરવામાં અસાધારણ શક્તિને પ્રગટ કરનારી ગુટિકા મને અર્પણ કરી ?'

આ પ્રશ્નના ઉત્તરમાં અતિ આશ્ચર્યકારક, આનંદજનક અને યથાર્થ એવું હે ભરતભૂપતિ ! તમારું ચરિત્ર મુનીશ્વરોએ કહી સંભળાવ્યું તે સત્કાર પૂર્વક અમારા રાજાએ સાંભળીને હે રાજેંદ્ર ! ઝેરને દૂર કરનાર આ હાર આપને ભેટણા તરીકે આનંદપૂર્વક મોકલાવ્યો છે. તેથી હે જગતના પ્રાણીઓને આનંદ આપનાર ! હે મહારાજ ! પ્રસન્ન થઈ અમારા અનુગ્રહ માટે આ હારને ગ્રહણ કરો.'

ભરતરાજા તેનું વિનયયુક્ત વચન સાંભળી સભાની અંદર બહુમાન પૂર્વક આ પ્રમાણે બોલ્યો કે—અહો ! તે રાજાની કૃતજ્ઞતા ! અહો ! તેની લોકોત્તર સ્થિતિ ! જે મારા સ્વલ્પ પરોપકારને મેરુપર્વતથી પણ મોટો માની તે પ્રાજ્ઞ અને શિષ્ટશિરોમણિ રાજાએ મહિમાના સ્થાનભૂત આ હારને પોતે મોકલાવ્યો છે. પરંતુ જે પુરુષ બીજાને ઉપકાર કરી તેના પ્રત્યુપકારની ઇચ્છા રાખે છે તે પુરુષ ક્ષણવારમાં પોતાના આત્માને નિઃસત્ત્વ પુરુષોની પંક્તિમાં સ્થાપન કરે છે. તે માટે કહ્યું છે કે—

**ઉન્નત બુદ્ધિવાળા પુરુષોની આ ચિત્ત કઠોરતા મોટી અને કાંઈ વિલક્ષણ જ જણાય છે કેમકે પોતે ઉપકાર કરી બીજાના પ્રત્યુપકારની શંકાથી દૂર થઈ જાય છે. અર્થાત્ મેં જેના ઉપર ઉપકાર કર્યો છે, તે પુરુષ મને તેનો બદલો આપશે એવા ભયથી ફરીથી તેના સમાગમમાં આવતો નથી.**

તે કારણથી હે ઉત્તમ પુરુષ ! આ હારને હું ગ્રહણ નહીં કરું. એ પ્રમાણે તેની સાથે સંભાષણ કરી અને સંતોષ પમાડી તે હારસહિત પુરુષને રાજાએ પાછો મોકલ્યો.

હવે અવસરે અરિષ્ટપુરથી જે પુરુષને ઉપાડી લાવ્યા હતા તે પુરુષને રાજાએ પૂછ્યું એટલે તેણે પોતાનું ચરિત્ર કહી સંભળાવ્યું તે આ પ્રમાણે છે–

કથા કરવાથી આજીવિકા ચલાવનાર, રાજાનો સેવક અને અનેક શાસ્ત્રનો જાણકાર પારાશર નામનો પ્રસિદ્ધિ પામેલો હું કથક છું. દેવતાના આદેશથી જે જે હું કથાનક કહું છું તે તે કથાનક અત્યંત આશ્ચર્યકરવાવાળું અને ખરેખર તેવું જ હોય છે અર્થાત્ સત્યભૂત હોય છે. કોઈક વખતે રાજાની આજ્ઞાથી રોગગ્રસ્ત થયેલા રાજપુત્રના આરોગ્ય માટે મેં મંત્રોપચારનો પ્રારંભ કર્યો પરંતુ દુષ્ટ કર્મોની ગતિ વિચિત્ર હોવાથી રાજાનો પુત્ર ક્ષણવારમાં મરણ પામ્યો તેથી લોકોમાં મારો અપયશ થયો.

તે સાંભળી આ પુરુષે જ કુમારને મારી નાંખ્યો છે એમ ધારી કુપિત થયેલા રાજાએ મને મારવા માટે સુભટોને સોંપી દીધો. આપ કૃપાળુ તે સુભટો પાસેથી છોડાવી મને અહીં લાવ્યા છો તો હવે પછી મારું જીવિત તમારા સ્વાધીન છે. એ પ્રમાણે બોલી તે મૌન થતાં રાજાએ ગૌરવપૂર્વક તેના પ્રત્યે કહ્યું કે, 'તું કોઈક આશ્ચર્યજકન કથા મને કહી સંભળાવ.' રાજાનો આદેશ થતાં રાજાના આશયને સમજનાર તે પારાશર નામના પુરુષે સાવધાન થઈ રાજાને યથાર્થ કથા કહેવા લાગ્યો તે કથા આ પ્રમાણે છે–

લક્ષ્મીને આધારભૂત ગાંધારદેશમાં વૃદ્ધિ પામતી સંપત્તિથી સ્વર્ગને પણ સેવક બનાવનારું ગંધારનામનું નગર હતું. ત્યાં વિરોચન નામનો કોઈક કુલપુત્ર હતો તેને જગતની અંબા જેવી શંબા નામની ભાર્યા હતી. એકબીજાના અત્યંત પ્રેમરૂપ સમુદ્રમાં નિમગ્ન થયેલા અને રાજસેવાથી પરાધીન વૃત્તિવાળા તે બન્નેનો કેટલોક કાળ પસાર થયો.

એકવાર વિરોચનને ચોરોએ મારી નાંખ્યો, મરીને તે મનોહર નંદિગ્રામમાં દામોદર નામના બ્રાહ્મણના પુત્રપણે ઉત્પન્ન થયો. એક દિવસ તે દામોદરને જનોઈ દેવાનો મહોત્સવ થઈ રહ્યો છે તેવામાં તેની પૂર્વભવની ભાર્યા શંબા પોતાના પતિના હાડકાં ગંગાના પ્રવાહમાં પધરાવી ભોજન વગેરેને માટે પરિભ્રમણ કરતી દૈવયોગથી ત્યાં જ આવી. તેણીએ બ્રાહ્મણોથી મંગળભૂત બનાવેલા દામોદરને જોયો, દામોદરે પણ તેવી

જ રીતે તેણીને જોઈ. આ પ્રમાણે પરસ્પર જોવાથી તે બન્નેનો પૂર્વભવ સંબંધી અસ્ખલિત પ્રેમ ઉલ્લાસ પામ્યો. તે માટે કહ્યું છે કે—

**જેને દેખીને સ્નેહ વૃદ્ધિ પામે અને ક્રોધ નાશ પામે તે પુરુષને મનુષ્યે જાણવો જોઈએ કે એ મારો પૂર્વભવનો સંબંધી છે અગર સ્વજન છે.**

વળી ઉહાપોહ કરવાથી અર્થાત્ વિચાર કરવાથી દામોદરને જાતિસ્મૃતિજ્ઞાન ઉત્પન્ન થયું તેનાથી શંબાને ઓળખી લીધી અને તેનામાં એક ચિત્ત થયેલો તેની દૃષ્ટિ બ્રાહ્મણો મૂકાવે છે પણ મૂકતો નથી. આ સ્ત્રીનો સંસર્ગ દામોદરના કુળને કલંકભૂત છે એમ વિચાર કરી બ્રાહ્મણોએ બુંબારાવ કરતી શંબાને ત્યાંથી કાઢી મૂકી. તે પછી તેના વિયોગરૂપ અગ્નિથી સંતપ્ત થયેલો અને ઉદ્વેગ પામેલો દામોદર પણ મરણ પામી કોઈ એક વનની અંદર હરણપણે ઉત્પન્ન થયો, તે વનમાં તેવી જ અવસ્થાવાળી શંબાને પરિભ્રમણ કરતી હરણે જોઈ, ત્યાં પણ પૂર્વના પ્રેમથી તે બન્નેને પાછી તેવી જ પ્રીતિ પ્રગટ થઈ આવી, તે પછી સર્વ ઠેકાણે તેની પછવાડે ભ્રમણ કરતાં અને નિર્ભય મનવાળા હરણને ક્રૂરે મારવાથી દુઃખ ભોગવી મરણ પામી વાંદરો થયો. તે ઠેકાણે પણ તે શંબાને જોઈ પૂર્વની જેમ સ્નેહ ઉત્પન્ન થયો તેથી તેણીને ફલ વગેરે લાવીને આપતાં તેને લોકોએ મારી નાંખ્યો.

તે પછી વાણારસીની સીમા પાસેના ગ્રામમાં વેદવિદ્યામાં નિપુણ દિન્ન નામે બ્રાહ્મણનો પુત્ર થયો. તેને કોઈક દિવસે દક્ષિણા માટે વાણારસી તરફ જતાં ત્યાં રસ્તામાં અનશનવાળી અને જીર્ણ શરીરવાળી શંબાને જોઈ તે દિન્ન બ્રાહ્મણે કહ્યું કે હે ભદ્રે ! તું કોણ છે ? એ પ્રમાણે પ્રશ્ન કર્યો એટલે તેણીએ પણ પ્રથમનું સઘળું પોતાનું વૃત્તાંત કહી સંભળાવ્યું. તેણીએ કહેલું તેવા પ્રકારનું પોતાનું વૃત્તાંત જાણે પહેલા સાંભળ્યું ન હોય તેમ તે દિન્ન નામના બ્રાહ્મણને વૈરાગ્યને ઉત્પન્ન કરનારી પોતાના પૂર્વભવની જાતિસ્મૃતિ ઉત્પન્ન થઈ. તે પછી સંસારથી ભય પામેલા, ઉત્તમ વિચાર કરનારા અને સ્વજનોથી ક્ષોભ નહી પામનાર તે દિન્ન નામના બ્રાહ્મણે તેજ ઠેકાણે અનશન ગ્રહણ કરી અનુક્રમે મરણ પામી તું અહીં રાજાપણે ઉત્પન્ન થયો છે.

આ પ્રમાણે પારાશરના કહેલા પોતાના પૂર્વભવ સંબંધી વિસ્મયને આપનારા સઘળા ભવો રાજાના સ્મરણમાં આવ્યા. અર્થાત્ જાતિસ્મૃતિ જ્ઞાનથી સાક્ષાત્પણે જોયા. તે પછી સંસારની અસારતા જોતાં ઉત્કૃષ્ટ સંવેગરૂપ અમૃતમાં નિમગ્ન થયેલા, શ્રેષ્ઠ ધર્મ કરવા માટે ઉદ્યુક્ત થયેલા અને અત્યંત હર્ષિત થયેલા તે રાજાએ પોતાના સંપૂર્ણ દેશને કૈલાશ જેવા જિનમંદિરોથી ભૂષિત કર્યો. તેમજ નિદાન વગરના એટલે આ દાનથી ભવાંતરમાં અમુક ફળ મને પ્રાપ્ત થાઓ, એવી ઈચ્છા વગરના અને યોગ્યતા પ્રમાણે પ્રવર્તાવેલા મહાદાનથી દુઃખી, અનાથ, અને દીન પુરુષોના દુઃખને દૂર કરી, પરમાર્થથી

ગુરુરૂપ પારાશર નામના કથકપુંગવને ઘણા માનપૂર્વક વિવિધ પ્રકારની સમૃદ્ધિથી આનંદિત કરી, મહીચંદ્ર નામના પોતાના પુત્રને મોટા મહોત્સવપૂર્વક રાજ્ય ઉપર સ્થાપન કરી, શ્રી યુગમંધર સૂરીશ્વરની પાસે રાજાએ દીક્ષા ગ્રહણ કરી.

અતિચારથી વિમુખ થયેલા સાધુઓની સાથે ચરણસિત્તરી, કરણસિત્તરી અને મન, વચન, કાયાના યોગોથી આત્મસ્વરૂપને સાધન કરતાં સમાધિપૂર્વક મરણ પામી બારમા દેવલોકમાં આ ભરત રાજર્ષિ ઇંદ્ર સમાન ઋદ્ધિવાળો થઈ દેવતા સંબંધી સુખસમૃદ્ધિ પ્રાપ્ત કરી, ત્યાંથી ચ્યવી બે પ્રકારે મોટા રાજ્યની પૃથ્વીને ધારણ કરવારૂપ મહાન્ લક્ષ્મીને અથવા તો સાધુઓની ક્ષમા (શાંતિ) ને ધારણ કરવારૂપ મોટી લક્ષ્મીને પ્રાપ્ત કરી અનુક્રમે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ લક્ષ્મીવાળો મોક્ષરૂપ વધૂનો સ્વામી થશે.

હવે ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગુણનો ઉપસંહાર કરતાં પરોપકારની પ્રાધાન્યતા પ્રગટ કરી પરોપકારી પુરુષ વિશેષધર્મ કરવાને યોગ્ય છે એમ બતાવે છે–

**ज्येष्ठः पुमर्थेषु सदैव धर्मो, धर्मे प्रकृष्टश्च परोपकारः ।**
**करोति यश्चैनमनन्यचेता,-स धर्मकर्मण्यखिलेऽधिकारी ॥११९॥**

**શબ્દાર્થ–ધર્મ, અર્થ અને કામરૂપ પુરુષાર્થમાં ધર્મરૂપ પુરુષાર્થ જ હંમેશાં મોટો ગણાય છે. તેમાં પણ પરોપકાર શ્રેષ્ઠ ગણાય છે, તેવો પરોપકાર એક ચિત્તવાળો થઈ જે પુરુષ કરે છે, તે પુરુષ સંપૂર્ણ ધર્મકાર્યમાં અધિકારી થાય છે. ૧૧૯.**

**इति त्रयस्त्रिंशत्तमो गुणः ॥**

● ● ●

(૩૪)

# ચોત્રીસમો ગુણ—અંતરંગશત્રુનો વિજય

હવે, કામ, ક્રોધાદિ અંતરંગશત્રુનો જય કરવા રૂપ ગુણ વર્ણવે છે—

**तथान्तरङ्गश्चासावरिषड्वर्गश्च अन्तरङ्गारिषड्वर्गः, तस्य परिहारोऽनासेवनं, तत्र परायणस्तत्परः । तत्रायुक्तितः प्रयुक्ताः । कामक्रोधलोभमानमदहर्षाः शिष्टगृहस्थानामन्तरङ्गारिषड्वर्गः । उक्तं च—**

શબ્દાર્થ—अन्तरङ्गारिषड्वर्गपरिहारपरायणः—અંતરંગારિ ષડ્વર્ગ એટલે કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ રૂપ આ છ ભાવ શત્રુઓનો પરિહાર કરવામાં એટલે તેને નહીં સેવવામાં તત્પર હોય તે પુરુષ ગૃહસ્થ ધર્મને યોગ્ય થાય છે. તેમાં યુક્તિ વગર (અપ્રશસ્ત) યોજાયેલા કામ, ક્રોધ, લોભ, માન, મદ, અને હર્ષ સારા ગૃહસ્થોને અંતરંગારિષડ્વર્ગ (છ ભાવશત્રુઓ) ગણાય છે. તેને માટે કહ્યું છે કે—

**कामः क्रोधस्तथा लोभो, हर्षो मानो मदस्तथा ।**
**षड्वर्गमुत्सृजेदेनं, तस्मिंस्त्यक्ते सुखी भवेत् ॥**

[ઉત્તરાધ્યયનવૃત્તિ-કમલસંયમી પૃ. ૨૦૫]

કામ, ક્રોધ, લોભ, હર્ષ, માન અને મદરૂપ આ ષડ્વર્ગનો ત્યાગ કરે છે તે પ્રાણી સુખી થાય છે. અર્થાત્ કામ વગેરે ભાવ શત્રુઓ જ પ્રાણી માત્રને ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણ કરાવે છે અને તે તે ગતિના ભયંકર દુઃખોનું ભાજન કરે છે માટે વિચારવંત પુરુષે આ છ શત્રુઓ ઉપર વિજય મેળવવા સતત પ્રયત્ન કરવો જોઈએ.

**तत्र परपरिगृहीतास्वनूढासु वा स्त्रीषु दुरभिसन्धिः कामः । स च रावणसाहसगतिपद्मनाभादिवद्विवेकराज्यभ्रंशनरकपातादिहेतुः । यदुक्तम्—**

શબ્દાર્થ—તેમાં પ્રથમ કામરૂપ શત્રુને વર્ણવે છે—બીજાએ અંગીકાર કરેલી અથવા તો પરણ્યા વગરની સ્ત્રીઓને પ્રત્યે દુષ્ટ આશય તેને કામ કહે છે અને તે કામ રાવણ, સાહસગતિ અને પદ્મનાભ વગેરેની જેમ વિવેક તેમજ રાજ્યનો નાશ કરવામાં અને નરકમાં પાડવા વગેરેમાં કારણભૂત થાય છે. કહ્યું છે કે—

**तावन्महत्त्वं पाण्डित्यं, कुलीनत्वं विवेकिता ।**
**यावज्ज्वलति चित्तान्तर्न पापः कामपावकः ॥**

**મોટાઈ, પંડિતપણું, કુલીનપણું અને વિવેક ત્યાં સુધી જોવામાં આવે છે કે જ્યાં સુધી અંતઃકરણમાં પાપયુક્ત કામરૂપ અગ્નિ પ્રદીપ્ત થયો નથી. અર્થાત્ અંતઃકરણમાં કામાગ્નિનો પ્રવેશ થતાં મહત્વ વગેરે ગુણગણને બાળીને ભસ્મ કરે છે માટે આવા કટ્ટરશત્રુને હૃદયમાં દાખલ થતાં પહેલાં તેનાથી થતી ખરાબી વગેરેનો વિચાર કરી શમ, દમ રૂપ જલના પ્રવાહથી તેને શાંત કરવો જોઈએ. ૧.**

**दृश्यं वस्तु परं न पश्यति जगत्यन्धः पुरोऽवस्थितं**
**कामान्धस्तु यदस्ति तत्परिहरन् यन्नास्ति तत्पश्यति ।**
**कुन्देन्दीवरपूर्णचन्द्र-कलशश्रीमल्लतापल्लवा-**
**नारोप्याशुचिराशिषु प्रियतमागात्रेषु यन्मोदते ॥** [આચારાંગસૂત્રવૃત્તિ પૃ.૯૦]

**શબ્દાર્થ–જગતની અંદર અંધ પુરુષ પોતાની આગળ રહેલી દેખાય એવી વસ્તુને પણ જોઈ શકતો નથી, જ્યારે કામાંધ પુરુષ તો જે વસ્તુ હોય છે તેનો ત્યાગ કરી જે વસ્તુ ન હોય તેને જુવે છે. જેમકે કામાંધ પુરુષ અશુચિના ઢગલા રૂપ પોતાની ભાર્યાના શરીરની અંદર મોગરાનું ફૂલ, કમળ, પૂર્ણચંદ્ર, કળશ અને શોભાવાળી લતાઓના પાંદડાઓનો આરોપ કરી ખુશ થાય છે.**

**ભાવાર્થ**–યથાર્થ વિચાર કરવાથી જણાય છે કે અંધ પુરુષ કર્મના ઉદયથી અંધ હોવાથી પોતાની પાસે રહેલી વસ્તુઓને જોઈ ન શકે એ બનવા જોગ છે અને તે નહીં જોયેલી વસ્તુઓને સ્પર્શનારા ગમે તેવા રૂપમાં તેનું વર્ણન કરે પરંતુ તે હાંસીને પાત્ર થતો નથી. કામાંધપુરુષ તો પોતાની ચક્ષુઇંદ્રિય દ્વારા દરેક વસ્તુઓને તેના ગુણ દોષોની સાથે જોઈ શકે છે. છતાં જેના શરીરના બાર દ્વારોથી નિરંતર નગરના ખાળની જેમ અશુચિનો પ્રવાહ વહ્યા કરે છે, તેવી સ્ત્રીઓ અશુચિની ખાણરૂપ હોવાથી હંમેશાં અપવિત્ર છે તેને પવિત્રપણે દેખનારા કામાંધ પુરુષો જેનો એક પણ અવયવ પવિત્ર નથી છતાં સ્ત્રીઓના નેત્રોને કમળની, મુખને પૂર્ણિમાના ચંદ્રની, લલાટને અર્ધચંદ્રની, કીકીને તારાની, ભ્રુકુટીને ધનુષ્યની, મુખના શ્વાસને કમળની સુગંધીની, વાણીને અમૃતની, સ્તનને કળશની, જંઘાઓને કેળની અને ગતિને ગજની ઉપમા આપે છે.

વાસ્તવિકમાં જેની ઉપમા આપવામાં આવે છે, તેના ગુણોનો લેશ પણ સ્ત્રીઓના અવયવોમાં હોતો નથી, છતાં મોહ પરવશ થયેલા કામી પુરુષો તેણીમાં શ્રેષ્ઠ પદાર્થોનો આરોપ કરી અપવિત્રને પવિત્ર માની આનંદ માનનારાઓને જન્માંધથી પણ હલકો માનવામાં કોઈ પણ દોષ નથી. કારણ કે જેઓ અનંતા આત્મિક સુખને ભૂલી જઈ થોડા સુખને માટે અસત્કલ્પનાઓ કરી પોતાના પવિત્ર આત્માને કર્મદ્વારા મલીન કરે છે, તેવા કામાંધથી બીજો વધારે અંધ કોણ હોઈ શકે !

नान्यः कुतनयादाधिर्व्याधिर्नान्यः क्षयामयात् ।
नान्यः सेवकतो दुःखी, नान्यः कामुकतोऽन्धलः ॥

ખરાબ વર્તનવાળા પુત્ર જેવો બીજો આધિ (માનસિક પીડા) નથી, ક્ષયરોગ જેવો બીજો રોગ નથી, સેવક જેવો બીજો દુઃખી નથી અને કામી પુરુષ જેવો બીજો અંધ નથી.

**परस्यात्मनो वापायमविचार्य कोपकरणं क्रोधः । स न युक्तो दुर्गतिहेतुत्वाच्चण्डकौशिकादीनामिति कृत्वा महात्मनाम् । यतः—**

શબ્દાર્થ—હવે ક્રોધનું સ્વરૂપ બતાવે છે. બીજાના અથવા તો પોતાના કષ્ટનો વિચાર કર્યા વગર કોપ કરવો તેને ક્રોધ કહે છે અને તે ચંડકૌશિક વગેરેની જેમ દુર્ગતિનું કારણ હોવાથી મહાત્મા પુરુષોને ક્રોધ કરવો યુક્ત નથી. તે માટે કહ્યું છે કે—

सन्तापं तनुते भिनत्ति विनयं सौहार्दमुच्छादय-
त्युद्वेगं जनयत्यवद्यवचनं सूते विधत्ते कलिम् ।
कीर्तिं कृन्तति दुर्मतिं वितरति व्याहन्ति पुण्योदयं,
दत्ते यः कुगतिं स हातुमुचितो रोषः सदोषः सताम् ॥

જે ક્રોધ સંતાપને વિસ્તારે છે, વિનયનો નાશ કરે છે, મિત્રતાને દૂર કરે છે, ઉદ્વેગને ઉત્પન્ન કરે છે, પાપયુક્ત વચનને પેદા કરે છે, ક્લેશને ધારણ કરે છે, કીર્તિને કાપે છે, દુર્મતિને આપે છે, પુણ્યના ઉદયને હણે છે અને કુગતિને અર્પણ કરે છે, તેવો દોષયુક્ત ક્રોધ સત્પુરુષોને ત્યાગ કરવા લાયક છે.

**अपनेयमुदेतुमिच्छता, तिमिरं रोषमयं धिया पुरः ।**
**अविभिद्य निशाकृतं तमः, प्रभया नांशुमताऽप्युदीयते ॥१२०॥**

શબ્દાર્થ—પોતાના અભ્યુદયની ઈચ્છા રાખનાર પુરુષે પ્રથમ ક્રોધરૂપ અંધકારને બુદ્ધિ વડે દૂર કરવો જોઈએ. કેમકે રાત્રિએ કરેલા અંધકારનો પ્રભાથી નાશ કર્યા સિવાય સૂર્ય પણ ઉદય પામતો નથી. અર્થાત્ જેમ અંધકારથી ઢંકાયેલા દરેક પદાર્થો પ્રકાશમાં આવી શકતાં નથી તેમ જે પુરુષ ક્રોધરૂપ અંધકારથી છવાયેલો છે તે પુરુષ કોઈ વખત પણ પોતાના ગુણો અથવા તો પોતાને પ્રકાશમાં લાવવા શક્તિમાન થઈ શકતો નથી માટે આત્મગુણ પ્રગટ કરવાની ઈચ્છાવાળાએ ક્રોધનું કારણ હોય તો પણ કોપના ભયંકર પરિણામનો વિચાર કરી ક્ષમા દ્વારા તેને શાંત કરવો જોઈએ, કે જેથી કોપરૂપ અંધકારનો પડદો ખસી જતાં પવિત્ર આત્મગુણો સહેલાઈથી પ્રકાશમાં આવશે. ૧૨૦.

**जितरोषरया महाधियः, सपदि क्रोधजितो लघुर्जनः ।**
**विजितेन जितस्य दुर्मतेर्मतिमद्भिः सह का विरोधिता ॥१२१॥**

શબ્દાર્થ—જ્યારે વિશાળ બુદ્ધિવાળા પુરુષો એકદમ કોપના વેગને જીતી લે છે, અર્થાત્ કોપને પોતાના બુદ્ધિબળવડે દબાવી દે છે, ત્યારે તુચ્છ પુરુષને અર્થાત્ નિર્બળ-બુદ્ધિના મનુષ્યને ક્રોધ જીતી લે છે અર્થાત્ પરાભવ કરે છે, ખરું છે કે વિજેતા એટલે બળવાન્ સાથે મંદમતિનો એટલે નિર્બળ હૃદયવાળા પુરુષનો અને બુદ્ધિમાન્ એટલે ઈંદ્રિયો ઉપર કાબૂ રાખી શકનારાઓ સાથે પરાભવ પામેલાનો એટલે નિર્બળનો વિરોધ શી રીતે હોઈ શકે ? તાત્પર્ય કે—ક્રોધ બુદ્ધિમાન્ મનુષ્યના વિચારબળ સામે ટકી શકતો નથી. પરાભવ જ પામે છે, જ્યારે તે જ ક્રોધ નિર્બળ મનના માણસ સામે ફાવી જાય છે. વિરોધ તો સરખા બળવાળાનો ટકી શકે. ન્યૂનાધિક બળવાળાનો વિરોધ વધારે વખત ટકી શકતો નથી. જે બળવાન્ હોય તે જિતે અને નિર્બળ હારી જાય. ૧૨૧.

**द्रुमोद्भवं हन्ति विषं न हि द्रुमं, न वा भुजङ्गप्रभवं भुजङ्गमम् ।**
**अदः समुत्पत्तिपदं दहत्यहो ! हंहोल्बणं क्रोधहलाहलं पुनः ॥१२२॥**

શબ્દાર્થ—વૃક્ષથી ઉત્પન્ન થયેલું ઝેર વૃક્ષનો નાશ કરતું નથી, સર્પથી પેદા થયેલું ઝેર સર્પનો નાશ કરતું નથી. પરંતુ આ ક્રોધરૂપ ઉત્કટ હલાહલ તો જેનાથી ઉત્પન્ન થાય છે, તેને પહેલા જ બાળી નાંખે છે બીજાને બાળે કે ન બાળે તે નક્કી હોતું નથી એ કેવું ખેદજનક આશ્ચર્ય છે ! ૧૨૨.

दानार्हेषु स्वधनाप्रदानं निष्कारणं परधनग्रहणं वा लोभः । लोभमूलानि पापानि लोभनन्द्यादीनामिति श्रुत्वा सकलपापमूलमेषः । एतेन व्याकुलिता एवं विचेष्टन्ते—

શબ્દાર્થ—હવે લોભનું વર્ણન કરે છે—દાન દેવા લાયક પુરુષોને વિષે પોતાના પૈસાનો વ્યય નહીં કરવો તેમજ કારણ સિવાય બીજાના ધનને લઈ લેવું તેને લોભ કહે છે. વળી પાપોનું મૂળ પણ લોભ જ ગણાય છે. લોભનંદી વગેરે વાણીયાને સઘળા પાપનું મૂળ આ લોભ જ થયો હતો. એ પ્રમાણે સાંભળી લોભ નહીં કરતાં સંતોષ રાખવો જોઈએ. લોભથી યુક્ત બનેલા મનુષ્યો આ પ્રમાણે ચેષ્ટા કરે છે—

### लोभयुक्तनरस्य चेष्टा

लोभः सदा विचिन्त्यो, लुब्धेभ्यः सर्वदा भयं दृष्टम् ।
कार्याकार्यविवेको, द्रविणविलुब्धेषु नास्त्येव ॥१॥

मायाविनिमयनिह्नवविभ्रमवैचित्यकूटकपटानाम् ।
सञ्चयदुर्गपिशाचः, सर्वहरो मूलकारणं लोभः ॥२॥

क्रयविक्रयकूटतुलालाघवनिक्षेपभक्षणव्याजैः ।
एते हि दिवसचौरा, मुष्णन्ति महाजने वणिजः ॥३॥

हृत्वा धनं जनानां दिनमखिलं विविधवचनरचनाभिः ।
वितरति गृहे किराटः, कष्टेन वराटिकात्रितयं ॥४॥

आख्यायिकानुरागी, व्रजति सदा पुण्यपुस्तकं श्रोतुम् ।
दष्ट इव कृष्णसर्पैः, पलायते दानधर्मेभ्यः ॥५॥

न ददाति प्रतिवचनं, विक्रयकाले शठो वणिग् मौनी ।
निक्षेपशब्दमात्रं, श्रुत्वा सम्भाषणं कुरुते ॥६॥

उत्तिष्ठति नमति वणिग्, पृच्छति कुशलं ददाति च स्थानम् ।
निक्षेपपाणिमात्रं, दृष्ट्वा धर्म्याः कथाः कुरुते ॥७॥

त्वदधीनं स्थानमिदं, किं तु चिरं न्यासपालनं कष्टम् ।
विषमौ च देशकालौ, साधो ! तव तदपि दासोऽहम् ॥८॥

भद्रा न दूषितैषा, निक्षेपे क्षेमकारिणी शस्ता ।
इत्यनुभूतं बहुशः, कार्यज्ञैस्त्वं न जानासि ॥९॥

इत्यादिमुग्धबुद्धेरसमञ्जसवर्णनां मिथः कृत्वा ।
गृह्णाति कनकनिकरं, नृत्यन्नन्तर्मनोरथैः पापः ॥१०॥

तत्सञ्चूर्णनजातक्रयविक्रयलाभराशिभिरनन्तैः ।
भाण्डपतिर्भाण्डचयैरुपहसति धनादिनाथं सः ॥११॥

दानोपभोगविरहितहिरण्यरक्षाकृतक्षणाः सततम् ।
संसारजीर्णमन्दिरविषममहामूषकाः कृपणाः ॥१२॥

अथ पुरुषः स दिगन्तं, भ्रान्त्वा केनापि दैवयोगेन ।
नष्टधनो जनरहितः, प्राप्तः सुचिरान्निजं देशम् ॥१३॥

पृच्छति कमपि सशङ्कः स, किराटः क्व नु गतो महासत्त्वः ।
समुपेत्य वदति कश्चित्तस्याद्य विभूतिरन्यैव ॥१४॥

श्रुत्वैतदतुलविस्मयलोलितमौलिः स तद्गृहं गत्वा ।
द्वारि स्थगितस्तिष्ठति, निष्प्रतिभो जीर्णकर्पटः सुचिरम् ॥१५॥

उपसृत्य मन्दमन्दं, कथमपि सम्प्राप्तनिर्जनावसरः ।
तं याचते स पुरुषः, स्वद्रविणं प्रकटिताभिज्ञः ॥१६॥

तं वदति सोऽन्यदृष्टिः, सभ्रूभङ्गं विधूतहस्ताग्रः ।
वञ्चकवदनः पापो, वृत्तिक्षीणः कुतोऽयमायातः ॥१७॥

कस्त्वं कस्य सुतो, वा दर्शनमपि न स्मरामि किं कथनैः ।
अहह कदा कुत्र कथं, वद केन किमर्पितं कस्य ॥१८॥

तदपि सतताभिशङ्की, प्रत्याय्योऽयं जनः सदा महताम् ।
कथय दिनं तद्दिवसे, लिखितं सर्वं स्वयं पश्य ॥१९॥

वृद्धोऽहं न्यस्तभरः पुत्रे, सर्वं स वेत्ति लिखितं मे ।
इति तेन विनष्टधृतिः, स विसृष्टस्तत्सुतान्तिकं याति ॥२०॥

तातो जानाति धनं पुत्रो, जानाति लिखितमखिलं यत् ।
इति तस्य भवति सुचिरं, गतागतं कन्दुकस्येव ॥२१॥

एवं राजकुलव्यवहारेऽपि म्रियते परं वित्तलेशमपि न दत्ते । एवं न विमृशति–

कस्य न दयितं वित्तं, चित्तं ह्रियते न कस्य वित्तेन ।
किं तु यशोधनलुब्धा, वाञ्छन्ति न दुष्कृतैरर्थान् ॥

उत्सृज्य साधुवृत्तं, कुटिलधिया वञ्चितः परो येन ।
आत्मैव मूढमतिना, हतसुकृतो वञ्चितस्तेन ॥

नीचस्यापि चिरं चटूनि रचयन्त्यायान्ति नीचैर्गतिं,
शत्रोरप्यगुणात्मनोऽपि विदधत्युच्चैर्गुणोत्कीर्त्तनम् ।
निर्वेदं न विदन्ति किञ्चिदकृतज्ञस्यापि सेवाकृते,
कष्टं किं न मनस्विनोऽपि मनुजाः कुर्वन्ति वित्तार्थिनः ॥

प्रीतिं न प्रकटीकरोति सुहृदि द्रव्यव्ययाशङ्कया,
भीतः प्रत्युपकारकारणभयान्नो गृह्यते सेवया ।
मिथ्या जल्पति वित्तमार्गणधिया स्तुत्याऽपि न प्रीयते,
कीनाशो विभवव्ययव्यतिकरत्रस्तः कथं प्राणिति ॥

महीयसाऽपि लोभेन, न लोभः परिभूयते ।
मात्रासमधिकः कुत्र, मात्राहीनेन जीयते ॥

## લોભી મનુષ્યની ચેષ્ટાઓ

લોભ હંમેશાં ચિંતન કરવા લાયક છે, પરંતુ લોભી પુરુષોથી તો સર્વકાળમાં ભય દેખાય છે. કેમકે લક્ષ્મીમાં લુબ્ધ થયેલા પુરુષોમાં કાર્યાકાર્યનો વિવેક હોતો જ નથી, તેથી લોભવશ થઈ બીજાનું અહિત કરે એ બનવા જોગ છે.

**માયા, વસ્તુની અદલાબદલી, અપલાપ, ભ્રાંતિ, તપાસ એ કૂડકપટ કરવાનું મૂળ કારણભૂત, સંગ્રહ કરવામાં દુષ્ટ પિશાચરૂપ અને સર્વનું હરણ કરનાર લોભ જ છે.**

**લેવડદેવડમાં ખોટાં ત્રાજવા, લાઘવ ક્રિયા, ફેકવું અને ખાવાના બાનાથી ખરેખર દિવસના ચોરો આ વાણીયાઓ મહાજન છતાં પણ ચોરી કરે છે.**

**અનેક પ્રકારના વચનોની રચનાથી આખા દિવસમાં લોકોના ધનનું હરણ કરી તે કૃપણ ઘરકાર્યમાં ત્રણ કોડીઓ મુશ્કેલથી આપે છે.**

**અને તે કથા સાંભળવામાં રાગી હોવાથી હંમેશાં પવિત્ર પુસ્તક સાંભળવા જાય છે, પરંતુ કાળા સર્પથી ડંસાયેલાની જેમ દાનધર્મથી દૂર ભાગે છે.**

વળી વસ્તુના વેચાણ વખતે મૌન ધારણ કરનાર તે ધૂર્ત વાણીયો કોઈને ઉત્તર આપતો નથી, પંરતુ થાપણ મૂકવી એવા શબ્દ માત્રને સાંભળી તેની સાથે સારી રીતે આલાપસંલાપ કરે છે, ઊભો થાય છે, પ્રણામ કરે છે, કુશળ પૂછે છે અને સ્થાન આપે છે, તેમજ હાથમાં કેવળ થાપણને જોઈ વાણીયો ધર્મ સંબંધી કથાઓ કરવા લાગે છે. આ સ્થાન તમારે સ્વાધીન છે, પરંતુ ઘણા કાળ સુધી થાપણનું પાલન કરવું મુશ્કેલ છે, દેશકાળ વિષમ છે તો પણ હે શ્રેષ્ઠ પુરુષ ! તારો હું દાસ છું, થાપણનું પાલન કરનાર અને પ્રશંસા કરવા લાયક આ ઉત્તમ દુકાન કોઈ વખત કલંકિત થઈ નથી, એ પ્રમાણે કાર્યના જાણ પુરુષોએ ઘણી વખત અનુભવ કર્યો છે એ વાત તું જાણતો નથી. વગેરે મંદમતિની પાસે પરસ્પર અસમંજસ વર્ણન કરી આંતરિક મનોરથોથી ખુશી થતો તે પાપી સુવર્ણના સમૂહને ગ્રહણ કરે છે. તે પછી તે થાપણ પચાવવાથી ઉત્પન્ન થયેલ લેવડદેવડમાં અપરિમિત લાભ થવાથી અને કરિયાણાના સમૂહથી તે વેપારી કુબેરની હાંસી કરે છે, અને સંસારરૂપ જીર્ણ મંદિરમાં ઉત્પન્ન થયેલા ભયંકર મોટા ઉંદરો જેવા તે કૃપણપુરુષો દાન તથા ઉપભોગથી રહિત એવા દ્રવ્યની રક્ષા કરવામાં હંમેશાં આનંદ માને છે.

હવે તે થાપણ મૂકનાર પુરુષ દિશાઓમાં પરિભ્રમણ કરી ભવિતવ્યતાના યોગથી કોઈ પણ રીતે ધનથી અને જનથી રહિત થયેલો ઘણા લાંબા કાલે પોતાના દેશમાં આવે છે. ત્યાં શંકાયુક્ત થયેલા તે કૃપણ પુરુષે કોઈને પૂછ્યું કે તે મહાપુરુષ ક્યાં ગયો ? તે સાંભળી કોઈ એક પુરુષ તેની પાસે આવી બોલ્યો કે તે મહાપુરુષની વિભૂતિ તો આજકાલ કાંઈક જુદી જ દેખાય છે. તે આ પ્રમાણે સાંભળી અત્યંત વિસ્મયથી મસ્તકને ધુણાવતો તે તેના ઘરે ગયો, ત્યાં દ્વારમાં રોકાયેલો તે નિર્બુદ્ધિ અને જીર્ણ કપડાંવાળો ઘણા કાળ સુધી ત્યાં જ બેસી રહ્યો. પછી કોઈ પણ પ્રકારે ધીમે ધીમે ઘરમાં જઈ એકાંત મળતાં નામ, નિશાની પ્રકટ કરી તે પુરુષે પોતાનું થાપણ મૂકેલું દ્રવ્ય તે શેઠીયા પાસે માગ્યું એટલે તે શેઠીયો ભ્રૂભંગ પૂર્વક હાથને કંપાવતો બીજા ઉપર દૃષ્ટિ રાખી તેના તરફ કહેવા લાગ્યો કે, 'ઠગ, પાપી અને આજીવિકા રહિત આ પુરુષ ક્યાંથી આવ્યો છે. તું

કોણ છે ? અથવા કોનો પુત્ર છે ? તારું દર્શન પણ યાદ આવતું નથી તો બોલવાની વાત જ શી ? અહો ! ઘણો ખેદ છે કે ક્યારે ? ક્યા સ્થાનમાં ? કેવી રીતે ? ક્યા પુરુષે કોણે શું આપ્યું હતું તે તું કહી દે ? તો પણ નિરંતર શંકાશીલ થયેલા પુરુષે મોટા પુરુષોની અંદર આ જનને પ્રતીતિ કરાવી તે દિવસ કહી દે અને તે દિવસે ચોપડામાં લખેલું સઘળું તું પોતે જોઈ લે ! હું વૃદ્ધ થયો છું. દુકાનનો બોજો પુત્ર ઉપર નાંખ્યો છે, માટે મારું લખેલું સઘળું તે જાણે છે.

એ પ્રમાણે તે શેઠીયાએ વિસર્જન કરેલો તે ધીરજ વગરનો પુરુષ તેના પુત્ર પાસે જાય છે. પુત્ર તરફથી ઉત્તર મળે છે કે ધનની વાત પિતા જાણે. પુત્ર તો સઘળું લખેલું જાણે. એ પ્રમાણે તે પુરુષનું દડાની જેમ ઘણા કાળ સુધી ગમનાગમન થાય છે. આ પ્રમાણે રાજકુળમાં અને વ્યાપારમાં વાણીયો મરણ પામે છે, પરંતુ ધનનો લેશ પણ આપતો નથી, તેમજ આ પ્રમાણે વિચાર પણ કરતો નથી.

દ્રવ્ય કોને પ્રિય હોતું નથી ? દ્રવ્યથી કોનું હૃદય લોભાતું નથી ? પરંતુ યશરૂપ ધનમાં લુબ્ધ થયેલા પુરુષો દુષ્ટ કાર્યોથી દ્રવ્યની ઇચ્છા રાખતા નથી. જે પુરુષો પોતાના શ્રેષ્ઠ આચારનો ત્યાગ કરી, કુટિલ બુદ્ધિથી બીજાને ઠગે છે તે મૂઢમતિ પુણ્ય વગરના પોતાના આત્માને જ ઠગે છે. ઘણા ખેદની વાત છે કે દ્રવ્યના અર્થી ડાહ્યા પુરુષો પણ શું કરતા નથી ? અર્થાત્ ન કરવાના સઘળાં કાર્યો કરે છે. નીચ પુરુષની ઘણા કાળ સુધી ખુશામત કરે છે. શત્રુને પણ પ્રણામ કરે છે. નિર્ગુણી પુરુષના પણ ગુણગાન કરે છે. પરોપકારને ભૂલી જનાર કૃતઘ્ન પુરુષની સેવા કરવામાં પણ લેશ માત્ર ખેદ અનુભવતા નથી. દ્રવ્યના ખરચની શંકાથી મિત્રમાં પ્રીતિ પ્રગટ કરતા નથી. બદલો આપવો પડશે એવા કારણથી ભય પામેલા સેવાથી ખુશ થતા નથી. અર્થાત્ સેવા કરાવતા નથી, મારી પાસે દ્રવ્ય માંગશે એવી બુદ્ધિથી અસત્ય ભાષણ કરે છે અને સ્તુતિ કરવાથી પણ ખુશ થતા નથી, તો લક્ષ્મીનો ખરચ કરવાની વાતથી ત્રાસ પામેલો કૃપણ કેવી રીતે જીવી શકે ? મોટા લાભથી પણ લોભ પરાભવ પામતો નથી, કારણ કે જે માત્રાથી અધિક હોય તે માત્રાહીનથી કેવી રીતે જીતી શકાય ?

**दुरभिनिवेशामोक्षो युक्तोक्ताग्रहणं वा मानः । अविचारिततत्त्वातत्त्वानां कदाग्रहिणां दुर्योधनादीनामेवायं भवति । यतः–**

**શબ્દાર્થ–અત્યંત આગ્રહનો ત્યાગ નહી કરવો અથવા તો વ્યાજબી કહેલું ગ્રહણ ન કરવું તેને માન કહે છે. તત્ત્વાતત્ત્વનો વિચાર નહીં કરનાર કદાગ્રહી પુરુષોની દુર્યોધન વગેરેની જેમ આ માન ઘણી ખાનાખરાબી કરે છે માટે માન શત્રુના સંસર્ગથી દૂર રહેવું જોઈએ. કહ્યું છે કે–**

आग्रही बत निनीषति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्तिर्यत्र तत्र मतिरेति निवेशम् ॥

જે આગ્રહી પુરુષની મતિ જે ઠેકાણે રહેલી હોય તે ઠેકાણે આગ્રહી પુરુષ યુક્તિને લઈ જવાને ઇચ્છે છે. પરંતુ પક્ષપાત રહિત પુરુષની મતિ તો જે ઠેકાણે યુક્તિ હોય છે તે ઠેકાણે વાસ કરે છે. અર્થાત્ આગ્રહી પુરુષનો જે પદાર્થમાં આગ્રહ થયો હોય, ત્યાં યુક્તિને બલાત્કારથી પણ બંધ બેસાડે છે અને અપક્ષપાતી પુરુષ તો જે વસ્તુ સ્વરૂપ યુક્તિ પુરસ્સર હોય ત્યાં મતિને લઈ જાય છે. વળી–

**औचित्याचरणं विलुम्पति पयोवाहं नभस्वानिव,**
**प्रध्वंसं विनयं नयत्यहिरिव प्राणस्पृशां जीवितम् ।**
**कीर्तिं कैरविणी मतङ्गज इव प्रोन्मूलयत्यञ्जसा,**
**मानो नीच इवोपकारनिवहं हन्ति त्रिवर्गं नृणाम् ॥१२३॥**

શબ્દાર્થ–અહંકાર પવનની જેમ મેઘરૂપ ઉચિત આચરણાનો લોપ કરે છે. સર્પની જેમ પ્રાણીઓના જીવિતરૂપ વિનયને નાશ પમાડે છે. હાથીની જેમ કીર્તિરૂપ કમલિનીને એકદમ મૂળથી ઉખાડી નાંખે છે અને નીચની જેમ મનુષ્યોના ત્રિવર્ગરૂપ ઉપકારના સમૂહનો નાશ કરે છે. અર્થાત્ અહંકાર રૂપ કટ્ટર શત્રુ જેના અંતઃકરણમાં નિરંતર વાસ કરી રહ્યો હોય તેવા પુરુષના હૃદયમાંથી વિનય પ્રમુખ ગુણો પલાયન કરી જાય છે. આ વાત વાસ્તવિક છે. કારણ કે એક સ્થાન માટે હંમેશાં જ્યાં કટોકટી થઈ હોય તેવા સ્થાનનો સજ્જન પુરુષો પણ ક્ષણવારમાં ત્યાગ કરી નિરૂપાધિસ્થાનનો આશ્રય લે છે. ૧૨૩.

**दृग्भ्यां विलोकते नोर्ध्वं, सप्ताङ्गैश्च प्रतिष्ठितः ।**
**स्तब्धदेहः सदा सोष्मा, मान एव महागजः ॥१२४॥**

શબ્દાર્થ–સાતે અંગોથી સ્થિર થયેલો, અક્કડ શરીરવાળો અને હંમેશાં ગરમીથી ભરેલો અહંકાર રૂપ મદોન્મત્ત હાથી નેત્રો વડે ઉંચું પણ જોઈ શકતો નથી. અર્થાત્ જેમ હાથી, પગ, છાતી વગેરે સાત અંગોથી સ્થિર થયેલો હોવાથી તેમજ અક્કડ શરીર હોવાને લીધે ઊંચું જોઈ શકતો નથી, તેમ માની પુરુષ પણ જાતિ, કુળ, રૂપ, ઐશ્વર્ય વગેરે મદોથી ઘેરાયેલો હોવાથી તેમજ અક્કડ શરીર અને અભિમાનની ગરમીને કારણે દૃષ્ટિ વડે ઊંચું જોઈ શકતો નથી. ૧૨૪.

## मदवर्णनम्

एतत्परित्याग एव केवलोत्पत्तिर्बाहुबलेरिव ४ ॥ बलकुलैश्वर्यरूपविद्यादिभिरहङ्कारकरणं परप्रधर्षनिबन्धनं वा मदः । यतः–

एकः सकलजनानां, हृदयेषु कृतास्पदो मदः शत्रुः ।
येनाविष्टशरीरो, न शृणोति न पश्यति स्तब्धः ॥

मौनं वदनविकूणनमूर्ध्वेक्षणमतिनिमीलनं चाक्ष्णोः ।
गात्रविमोटनवेष्टनमग्र्यं रूपं मदस्यैतत् ॥

शौर्यमदो रूपमदः, शृङ्गारमदः कुलोन्नतिमदश्च ।
विभवमदमूलजाता, मदवृक्षा देहिनामेते ॥

शौर्यमदो भुजदर्शी, रूपमदो दर्पणादिदर्शी च ।
काममदः स्त्रीदर्शी, विभवमदस्त्वेष जात्यन्धः ॥

अन्तः सुखरसमूर्छामीलितनयनः समाहितध्यानः ।
धनमद एव नराणामात्मारामोपमः कोऽपि ॥

सततं भ्रकुटीकरालः, परुषाक्रोशी हठाभिघातपरः ।
अधिकारमदः पुंसां, सर्वाशी राक्षसः क्रूरः ॥

पूर्वपुरुषप्रतापप्रसृतकथो विस्मृतान्यनिजकृत्यः ।
कुलमद एकः पुंसामदीर्घदर्शी महाज्ञानः ॥

सावधयः सर्वमदा, निजनिजमूलक्षयैर्विनश्यन्ति ।
गुरुमद एकः कुटिलो, विजृम्भते निरवधिर्भोगी ॥

मौने सामन्तानां, निःस्पन्ददृशि प्रवृद्धविभवानाम् ।
भ्रूभङ्गमुखविकारे, धनिकानां भ्रूयुगे विटादीनाम् ॥

जिह्वासु दूतविदुषां, रूपवतां दशनकेशवेशेषु ।
वैद्यानामोष्ठपुटे ग्रीवायां गुरुनियोगिगणकानाम् ॥

स्कन्धतटे सुभटानां हृदये वणिजां करेषु शिल्पवताम् ।
........................................................स्तनतटेषु तरुणीनाम् ॥

उदरे श्राद्धार्हाणां, जङ्घासु च लेखहारकपटानाम् ।
गण्डेषु कुञ्जराणां, बर्हे शिखिनां गतेषु हंसानाम् ॥

**न युक्तश्चैष सर्वथा, महोन्नतचेतसाम् । यतः—**

માનનો ત્યાગ થવાથી જ બાહુબલી મહર્ષિની જેમ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. માટે આત્મહિતની ઇચ્છા રાખનાર વિવેકી પુરુષે માનનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

હવે મદનું વર્ણન કરે છે—બળ, કુળ, ઐશ્વર્ય, રૂપ અને વિદ્યા વગેરેથી અહંકાર કરવો અથવા બીજાને દબાવવાને કારણભૂત હોય તેને મદ કહેવામાં આવે છે. તે માટે કહ્યું છે કે :-

સઘળા મનુષ્યોના હૃદયમાં સ્થાન કરનાર એક મદરૂપ શત્રુ છે. કારણ કે જેનાથી આવેશવાળો થયેલો મનુષ્ય સાંભળી શકતો નથી, જોઈ શકતો નથી, અને અક્કડ રહે છે. અર્થાત્ ખરી વાત સાંભળવામાં અને યથાર્થ વસ્તુ જોવામાં પ્રતિબંધક હોવાથી મનુષ્ય માટે ખરો દુશ્મન માન જ છે. મૌન ધારણ કરવું, મુખને બીજાની તરફથી ફેરવી દેવું, ઉપર જોવું, નેત્રોનું બંધ કરવું, શરીરનું મરડવું અને વીંટવું આ સઘળું અહંકારનું પ્રાથમિક રૂપ ગણાય છે. એટલે ઉપર જણાવેલી ચેષ્ટાઓથી અભિમાની મનુષ્ય એકદમ ઓળખાઈ આવે છે બળમદ, રૂપમદ, શૃંગારમદ અને ઉચ્ચકુળનો મદ, આ સઘળા મદરૂપ વૃક્ષો મનુષ્યોના વિભવરૂપ મદથી જ ઉત્પન્ન થયેલા છે. બળમદ ભુજાને, રૂપમદ અરીસા વગેરેને અને કામમદ સ્ત્રીને જુએ છે. પરંતુ આ વિભવમદ તો જાત્યંધ હોવાથી કાંઈ જોઈ શકતો નથી. અર્થાત્ પ્રથમના મદો જ્યારે એકેક વસ્તુ તરફ મનુષ્યોનું ધ્યાન ખેંચાવે છે, ત્યારે ધનમદ તો મનુષ્યોને તદ્દન આંધળો જ બનાવી દે છે.

મનુષ્યોનો ધનમદ તો કાંઈ આત્મારામ (આત્માનંદ) જેવો જ જણાય છે. કારણ કે જેમ આત્માનંદથી મનુષ્ય આંતરિક સુખના આનંદથી નેત્રો બંધ કરી લે છે અને ધ્યાનારૂઢ થઈ જાય છે તેમ ધનમદથી પણ આંખો મીચે છે અને જાણે એકાગ્રતાપૂર્વક સમાધિ ચઢાવી ન હોય તેમ સમાધિમાં લીન થઈ જાય છે.

મનુષ્યોનો અધિકારમદ હંમેશાં ભ્રકુટી ચઢાવવાવાળો હોવાથી વિકરાળ, કઠોરભાષણ કરાવનાર, હઠપૂર્વક તાડના કરનાર અને સર્વ ભક્ષણ કરનાર ક્રૂર રાક્ષસ જેવો ગણાય છે.

પુરુષોનો એક કુળમદ તો પોતાના પૂર્વજના પ્રતાપની મોટી મોટી વાતો કરનાર, પોતાનાં બીજા કાર્યોને ભૂલી જનાર, દીર્ઘદર્શીપણાનો અને જ્ઞાનનો નાશ કરનાર હોય છે. સઘળા મદો અવધિવાળા હોવાથી પોતપોતાનાં કારણોનો અભાવ થવાથી નાશ પામે છે, **પરંતુ એક ગુરુમદ અર્થાત્ મોટાઈનો મદ સર્પના જેવો વાંકો અપરિમિત કાળ સુધી સ્ફુરે છે અર્થાત્ ઘણા લાંબા કાળ સુધી રહી શકે છે.**

સામંતોનો મૌન ધારણ કરવામાં, વૃદ્ધિ પામતા ધનાઢ્યોનો નિશ્ચલદષ્ટિમાં, ધનવાળાઓનો ભ્રૂભંગ અને મુખના વિકારમાં, વિટ વગેરેનો બે ભ્રમરોમાં, દૂત અને પંડિતોનો જિહ્વામાં, રૂપવાળાઓનો દાંત, કેશ અને વેષમાં, વૈદ્યોનો હોઠમાં, મોટા અધિકારીઓ અને જ્યોતિષિઓનો ગળામાં, સુભટોનો સ્કંધમાં, વાણીયાઓનો હૃદયમાં, કારીગરોનો હાથોમાં,.......તરુણ સ્ત્રીઓનો સ્તનતટમાં, બ્રાહ્મણોનો ઉદરમાં, ચતુર કાસદિયાઓનો જંઘાઓમાં, હાથીઓનો ગંડસ્થળમાં, મયૂરોનો પિચ્છામાં અને હંસોનો ગતિની અંદર મદ (અહંકાર) રહેલો છે. વિશાળ હૃદયવાળા મનુષ્યોને સર્વથા આવો મદ કરવો યોગ્ય નથી. કહ્યું છે કે—

नो निर्जित्य जरां स्वभावमधुरं तारुण्यमास्वादितं,
नो निर्जित्य यमं कृता निजतनुः कल्पान्तसंस्थायिनी ।
नो दारिद्र्यभुजङ्गमाज्जगदिदं स्वैश्वर्यतो मोचितं,
किं माद्यन्ति विपश्चितोऽपि हि मुधा विद्यालवाद्यैर्गुणैः ॥

જ્યારે વિદ્વાન પુરુષોએ ઘડપણને જીતી સ્વભાવથી મનોહર યૌવનનો આસ્વાદ પ્રાપ્ત કર્યો નથી, યમને જીતી લઈ પોતાના શરીરને કલ્પાંત સુધી સ્થિર કર્યું નથી અને પોતાના વૈભવથી આ જગતને દરિદ્રરૂપ સર્પના મુખમાંથી પણ છોડાવ્યું નથી, ત્યારે તેઓ વિદ્યા વગરે સ્વલ્પ ગુણોથી શા માટે અહંકાર કરતા હશે ? તાત્પર્ય કે અભિમાન કરવા જેવું એક પણ કાર્ય કરી શકતા નથી, છતાં લોકો મિથ્યાભિમાન કરે છે.

दिग्वासाश्चन्द्रमौलिर्वहति रविरयं वाहवैषम्यकष्टं
राहोरिन्दुश्च शङ्कां निवहति गरुडान्नागलोकश्च भीतः ।
रत्नानां धाम सिन्दु, कनकगिरिरयं वर्त्ततेऽद्यापि मेरुः,
किं दत्तं ? रक्षितं किं ? ननु किमिह जगत्यर्जितं येन गर्वः ॥

મહાદેવ દિશારૂપી કપડાંને ધારણ કરે છે. આ સૂર્ય અશ્વોના વિષમ (એકીને વિષમ કહે છે) પણાનું દુઃખ ભોગવે છે, ચંદ્ર રાહુની શંકાને વહન કરે છે, નાગલોક ગરુડથી ભય પામે છે, સમુદ્ર રત્નોનું ગૃહ છે, અને આ મેરુપર્વત પણ હજુ સુધી સોનાના પર્વતરૂપ વિદ્યમાન છે તો પછી હે મનુષ્યો તમોએ શું કાંઈ દાન આપ્યું છે ? શું કોઈનું રક્ષણ કર્યું છે ? શું આ જગતમાં કાંઈ ઉપાર્જન કર્યું છે ? કે જેને લઈને અહંકાર ધારણ કરાય છે. વળી [ ભર્તૃહરિએ ] કહ્યું છે કે–

पातालान्न समुद्धृतो बत बलिर्नीतो न मृत्युः क्षयं,
नोन्मृष्टं शशिलाञ्छनस्य मलिनं नोन्मूलिता व्याधयः ।
शेषस्यापि धरां विधृत्य न कृतो भारावतारः क्षणम्,
चेतः सत्पुरुषाभिमानगणनां मिथ्या वहल्लज्जसे ॥

ખેદ છે કે પાતાલથી બલિરાજાને ઉદ્ધર્યો નથી, મરણનો નાશ કર્યો નથી, ચંદ્રનું મલિન લાંછન ભૂસ્યું નથી, રોગોને ઉખેડી ફેંકી દીધા નથી અને પૃથ્વીને ક્ષણવાર ધારણ કરી શેષનાગનો પણ ભાર ઉતાર્યો નથી. તો હે ચિત્ત ! તું સત્પુરુષોના અભિમાનની ગણનાને વહન કરતું નકામું લજ્જા પામે છે.

**निर्निमित्तं परदुःखोत्पादनेन स्वस्य पापर्द्धिद्यूताद्यनर्थसंश्रयेण वा मनः प्रमोदो हर्षः । अयं च दुर्ध्यानानुगतचित्तानामधमाधमानामेव सुलभः । यतः–**

હવે હર્ષનું વર્ણન કરે છે–પ્રયોજન વિના બીજાને દુઃખી કરવાથી અથવા તો શિકાર અને જુગાર વગેરે અનાચારનું સેવન કરવાથી અંતઃકરણમાં પ્રમોદ ઉત્પન્ન થાય

તેને હર્ષ કહેવામાં આવે છે અને આ હર્ષ દુર્ધ્યાનયુક્ત હૃદયવાળા અધમ પુરુષોને જ સુલભ હોય છે, અર્થાત્ ઉત્તમ પુરુષોને તો કર્મબંધનના કારણભૂત કાર્યમાં કોઈ વખત પણ હર્ષ કરવો યોગ્ય નથી. પાપ કાર્યમાં આનંદ માનવાથી નિકાચિત કર્મનો બંધ થાય છે અને તેનું ફળ ભોગવ્યા વિના છૂટકારો થતો નથી. અનાચારમાં આનંદ માનવો એ અધમ પુરુષનું જ કામ છે તે માટે કહ્યું છે કે—

**परवसणं अभिनंदइ, निरवक्खो निद्दओ निरणुतावो ।**
**हरिसिज्जइ कयपावो, रुद्दज्झाणोवगयचित्तो ॥**

**પાપ વગેરેની અપેક્ષા નહી રાખનાર અને પશ્ચાતાપ નહીં કરનાર નિર્દય પુરુષ બીજાના કષ્ટને સારું માને છે અને રૌદ્રધ્યાન યુક્ત ચિત્તવાળો પાપ કરીને ખુશી થાય છે.**

**तुष्यन्ति भोजनैर्विप्राः, मयूरा घनगर्जितैः ।**
**साधवः परकल्याणैः, खलाः परविपत्तिभिः ॥७७॥ [ बृहदाह्निक पूर्वभाग ]**

**બ્રાહ્મણો ભોજન વડે, મયૂરો મેઘની ગર્જનાથી, સજ્જન પુરુષો બીજાના કલ્યાણથી અને દુર્જનો (નાલાયક) બીજાની આપત્તિ (દુઃખ)થી ખુશી થાય છે. અર્થાત્ બીજાને દુઃખી દેખી આનંદ માને છે.**

**एतेषां च परिहार्यत्वमिह विवेकिजननिन्द्यत्वादयशोऽनर्थहेतुत्वात्परत्र दुर्गति-कारणत्वाच्चेति ॥**

આ લોકમાં વિવેકી પુરુષોને નિંદનીક હોવાથી, અપયશ, તેમજ અનર્થોનું કારણ હોવાથી અને પરલોકમાં દુર્ગતિના હેતુ હોવાથી ઉપર જણાવેલા કામાદિ અંતરંગ શત્રુઓ તજવા યોગ્ય કહેલા છે.

હવે ગ્રંથકાર મહર્ષિ પ્રસ્તુત ગુણની સમાપ્તિ કરતાં અંતરંગશત્રુનો ત્યાગ કરનારને મુખ્ય ફળ દેખાડે છે—

**आन्तरं षडरिवर्गमुदग्रं, यस्त्यजेदिह विवेकमहीयान् ।**
**धर्मकर्मसुयश-सुखशोभाः, सोऽधिगच्छति गृहाश्रमसंस्थः ॥१२५॥**

**શબ્દાર્થ—જે મોટા વિવેકવાળો પુરુષ પ્રચંડ આંતરિક ષડ્‌રિપુવર્ગનો આ લોકમાં ત્યાગ કરે છે તે પુરુષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં પણ ધર્મ કાર્ય, સુકીર્તિ, સુખ અને શોભા પ્રાપ્ત કરે છે. અર્થાત્ જે માનસિક દુર્વૃત્તિઓથી બચ્યો છે, તે સર્વત્ર પ્રતિષ્ઠા પામી આ લોક અને પરલોકમાં સુખી થાય છે. ૧૨૫.**

**इति श्री चतुस्त्रिंशत्तमो गुणः ॥**

●●●

# ૩૫

# પાંત્રીસમો ગુણ—જિતેન્દ્રિયત્વ

હવે, ઇન્દ્રિયોનું ગુલામીપણું દૂર કરીને જિતેન્દ્રિય બનવા રૂપ પાંત્રીસમો ગુણ વર્ણવે છે.

**तथा वशीकृतः स्वच्छन्दतां त्याजित इन्द्रियग्रामो येन स तथा । अत्यन्तासक्ति-परिहारेण स्पर्शनेन्द्रियादिविकारनिरोधकः । इन्द्रियजयो हि पुंसां परमसम्पद्धेतुः । यतः—**

**શબ્દાર્થ—'वशीकृतेन्द्रियग्रामः'—વળી જેણે ઈંદ્રિયોના સમૂહને વશ કર્યો છે એટલે ઈંદ્રિયોને સ્વચ્છંદપણે પ્રવૃત્તિ કરતાં રોકે છે તે વશીકૃતેન્દ્રિયગ્રામ કહેવાય છે એટલે અત્યંત આસક્તિનો પરિત્યાગ કરી સ્પર્શનાદિ ઈંદ્રિયોના વિકારોનો રોધ કરનાર હોય છે અને તે જ ગૃહસ્થ ધર્મને લાયક ગણાય છે. ખરેખર ઈંદ્રિયોનો જય કરવો, તેજ પુરુષોને ઉત્કૃષ્ટ સંપત્તિનું કારણ છે. તેને માટે [યોગશાસ્ત્રમાં] કહ્યું છે કે—**

आपदां कथितः पन्था, इन्द्रियाणामसंयमः ।
तज्जयः संपदां मार्गो, येनेष्टं तेन गम्यताम् ॥

**ઈંદ્રિયોનું સ્વતંત્રપણું તે આપત્તિનો માર્ગ છે અને ઈંદ્રિયોનો જય કરવો તે સંપત્તિનો માર્ગ છે એમ વિદ્વાનોનું કહેવું છે, માટે જે રસ્તે જવું ઇષ્ટ હોય તે રસ્તે ગમન કરવું.**

**इन्द्रियाण्येव तत्सर्वं, यत्स्वर्गनरकावुभौ ।**
**निगृहीतविसृष्टानि, स्वर्गाय नरकाय च ॥** [યોગશાસ્ત્ર પૃ. ૫૬]

**સ્વર્ગ અને નરક એ બન્ને જે કહેવાય છે, તે સર્વ ઈંદ્રિયો જ છે. કારણ કે ઈંદ્રિયો વશ કરવાથી અને છૂટી મૂકવાથી અનુક્રમે સ્વર્ગ અને નરકને માટે થાય છે. અર્થાત્ જે જિતેન્દ્રિય હોય છે, તે પુરુષ અવશ્ય સ્વર્ગમાં જાય છે અને જે ઈંદ્રિયોને સ્વતંત્રપણે પ્રવૃત્તિ કરાવે છે તે મરણ પામી નરકમાં જાય છે અને ત્યાં ભયંકર દુઃખોને ભોગવે છે.**

**जितेन्द्रियत्वं विनयस्य कारणं, गुणप्रकर्षो विनयादवाप्यते ।**
**गुणानुरागेण जनोऽनुरज्यते, जनानुरागः प्रभवा हि संपदः ॥३८॥**

[કિરાતાર્જુનીય સર્ગ-૧]

જિતેંદ્રિયપણું વિનયનું કારણ છે, વિનયથી ગુણોનો પ્રકર્ષ પ્રાપ્ત કરાય છે.

ગુણાનુરાગથી લોક રાગી થાય છે અને લોકોના અનુરાગથી ઉત્પન્ન થનારી સંપદાઓ પ્રાપ્ત થાય છે.

रणजयादपीन्द्रियजयो महान् । यथा—

शतेषु जायते शूरः, सहस्त्रेषु च पण्डितः ।
वक्ता शतसहस्त्रेषु, दाता भवति वा न वा ॥६०॥

न रणे निर्जिते शूरो, विद्यया न च पण्डितः ।
न वक्ता वाक्पटुत्वेन, न दाता धनदायकः ॥६१॥

इन्द्रियाणां जये शूरो, धर्मं चरति पण्डितः ।
सत्यवादी भवेद्वक्ता, दाता भीताभयप्रदः ॥६२॥ [ वेदस्मृति अ० ४ ]

इन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छत्यसंशयम् ।
संनियम्य तु तान्येव ततः सिद्धिमवाप्नुते ॥४॥ [યોગશાસ્ત્ર]

रथः शरीरं पुरुषस्य सृष्टमात्मा, नियन्तेन्द्रियाण्यस्य चाश्वाः ।
तैरप्रमत्तः कुशलैः सदश्वैर्दान्तः, सुखी याति पथीव धीरः ॥

સંગ્રામમાં મેળવેલા જયથી પણ ઈંદ્રિયોનો જય મોટો ગણાય છે, એટલે ઈંદ્રિયોનો જય મેળવવો ઘણો મુશ્કેલ છે. તે આ પ્રમાણે છે—

સો મનુષ્યોમાં એક શૂરવીર, હજારમાં એક પંડિત અને લાખોમાં એક વક્તા હોય છે, પરંતુ દાનેશ્વરી તો હોય ખરો અથવા ન પણ હોય, અર્થાત્ દાનેશ્વરી દુર્લભ હોય છે.

યુદ્ધમાં જય મેળવવાથી શૂરવીર, વિદ્યાથી પંડિત, વાક્ચાતુર્યથી વક્તા અને ધન દેવાથી કાંઈ દાતાર કહેવાતો નથી, પરંતુ

ઈંદ્રિયોને જિતવાથી શૂરવીર, ધર્મનું આસેવન કરવાથી પંડિત, સત્ય ભાષણ કરનાર વક્તા અને ભય પામેલ જંતુઓને અભયદાન આપનાર દાનેશ્વરી ગણાય છે.

ઈંદ્રિયોના નિમિત્તે જ મનુષ્ય અવશ્ય દોષ સેવે છે અને તે જ ઈંદ્રિયોને વશ કરવાથી મનુષ્ય અનુક્રમે સિદ્ધિ મેળવે છે.

પુરુષનું શરીર તે રથ છે, આત્મા નિયંતા (સારથી) છે. આ રથના ઘોડા ઈંદ્રિયો છે તે ઈંદ્રિયરૂપ શ્રેષ્ઠ અને કુશળ ઘોડાઓને સાવધાન થઈ દમનાર પુરુષ સુખેથી ધીર પુરુષની જેમ ઇચ્છિત સ્થાનમાં પહોંચે છે.

चक्षुरिन्द्रियजये श्रीलक्ष्मणः । सीतायाः कुण्डलादिप्रश्नो लक्ष्मणवचः—

कुण्डले नाभिजानामि, नाभिजानानि कङ्कणे ।
नूपूरे त्वभिजानामि, नित्यं पादाब्जवन्दनात् ॥१॥ [ पद्मपुराणे ]

ચક્ષુ ઈન્દ્રિયનો વિજય મેળવવામાં લક્ષ્મણનું દૃષ્ટાંત છે, તે આ પ્રમાણે છે સીતાને કુંડલ, કંકણ વગેરે છે ઈત્યાદિ પ્રશ્ન થતાં લક્ષ્મણે જવાબ આપ્યો કે હું કુંડલોને કે કંકણને જાણતો નથી પરંતુ હંમેશાં તેમના ચરણ કમળમાં વંદન કરતો હોવાથી ઝાંઝરો તેમના છે, તે હું જાણું છું.

**तथा सकलेन्द्रियजयमूलकारणं रसनेन्द्रियजयः । तज्जयस्तु तादृगाहार-व्याहारव्यवस्थया कार्यः । आहारोऽनिन्द्यकर्मसम्पन्नपरिमितः कुशलक्रियाप्रवृत्त्यर्थमाहारयितव्यः । यतः—**

વળી સંપૂર્ણ ઈંદ્રિયોના જયનું મૂળ કારણ જીભ ઈંદ્રિયનો જય છે અને તે જીભ ઈંદ્રિયનો જય કરવો તે તો તેવા પ્રકારના ઉચિત આહાર અને સત્યવચનથી કરવો જોઈએ. નિંદા નહીં કરવા લાયક કર્મથી પ્રાપ્ત થયેલો તેમજ પ્રમાણોપેત અને શ્રેષ્ઠ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરવા માટે જ આહાર કરવો ઉચિત ગણાય છે. તે માટે કહ્યું છે કે—

आहारार्थं कर्म कुर्यादनिन्द्यं, भोज्यं कार्यं प्राणसन्धारणाय ।
प्राणा धार्यास्तत्त्वजिज्ञासनाय, तत्त्वं ज्ञेयं येन भूयो न भूयात् ॥

આહાર માટે અનિંદ્ય કર્મ કરવું, પ્રાણોને ધારણ કરી રાખવા માટે ભોજન કરવું; તત્ત્વોની જિજ્ઞાસા માટે જ પ્રાણોને ધારણ કરી રાખવા અને તત્ત્વને જાણવું કે જેથી ફરી જન્મ લેવો જ ન પડે.

**अत्याहारेण नवनवमनोरथप्रवृद्धिः प्रबलनिद्रोदयः, सतताशुचिता, देहावयवगौरवम्, समग्रक्रियोपरमः, प्रायः सरोगता चेति कृत्वा निरन्तरमतृप्तमेव स्थाप्यं रसनेन्द्रियम् । अस्मिन्नतृप्तेऽपराणि सर्वाणि तृप्तान्येव स्वस्वविषयप्रवृत्तेः । यतः—**

પ્રમાણથી અધિક આહાર લેવાથી નવા નવા મનોરથોની વૃદ્ધિ, પ્રબળ નિદ્રાનો ઉદય, નિરંતર અશુચિપણું, શરીરના અવયવોમાં ગુરુતા, સઘળી ક્રિયાઓનો ત્યાગ અને ઘણું કરી રોગોથી પીડિત થાય છે, તેટલા માટે હંમેશાં રસનેંદ્રિયને અતૃપ્ત જ રાખવી. રસનેંદ્રિય અતૃપ્ત હોય તો બીજી સઘળી ઇંદ્રિયો પોતપોતાના વિષયમાં પ્રવૃત્તિ કરવાથી તૃપ્ત થયેલી જ ગણાય છે. તે માટે કહ્યું છે કે—

यत्तत्क्रिया हि काव्येन, काव्यं गीतेन बाध्यते ।
गीतं च स्त्रीविलासेन, स्त्रीविलासो बुभुक्षया ॥

જે તે ક્રિયા કાવ્યથી, કાવ્ય ગીતથી, ગીત સ્ત્રીઓના વિલાસથી અને સ્ત્રીઓનો વિલાસ ભૂખથી દબાઈ જાય છે. અર્થાત્ ઉત્તરોત્તર એક એકથી બલવંત હોવાથી પૂર્વનું બળ નકામું થાય છે.

तृप्ते च सर्वाण्यतृप्तान्येव स्वविषयप्रकृत्यौत्सुक्यदर्शनात् । वचन-व्यवस्थाऽपि-

રસનેન્દ્રિય તૃપ્ત હોય તો બીજી સઘળી ઇંદ્રિયો પોતાના વિષયની પ્રવૃત્તિમાં ઉત્સુકતાવાળી જોવામાં આવે છે તેથી અતૃપ્ત જ ગણાય છે. વચનની વ્યવસ્થાનું પણ નિયમિતપણું હોવું જોઈએ તે માટે કહ્યું છે કે—

महुरं निउणं थोवं, कज्जावडियं अगव्वियमतुच्छं ।
पुव्वमइसंकलियं, भणन्ति जं धम्मसंजुत्तं ॥

મધુર, નિપુણતાવાળું, થોડું, કાર્યને લગતું, અહંકાર વગરનું, તુચ્છતા વિનાનું, અને પ્રથમ વિચાર કરેલું જે બોલાય છે, તે જ ધર્મયુક્ત ગણાય છે.

इत्यादियुक्त्या आहारस्थितेर्वचनस्थितिरधिका । आहारस्तु विकृतिं गतोऽपि भेषजादिप्रयोगतो निवर्त्तते । वचनविकारस्तु आजन्मावधि हृदयान्नोत्तरति । अत्रोक्तम्—

શબ્દાર્થ—ઈત્યાદિ યુક્તિથી આહારની મર્યાદા કરતાં વચનની મર્યાદા અધિક ગણાય છે, કારણ કે વિકારને પ્રાપ્ત થયેલા આહાર તો ઔષધાદિકના પ્રયોગથી દૂર કરી શકાય છે, પરંતુ વચનનો વિકાર તો સંપૂર્ણજન્મ સુધી હૃદયથી દૂર કરી શકાતો નથી. તેથી કહ્યું છે કે—

जिह्वां प्रमाणं जानीहि, भोजने वचने तथा ।
अतिमुक्तमतीवोक्तं, प्राणिनां प्राणनाशकम् ॥ [વિવેકવિલાસ]

ભોજન કરવામાં અને બોલવામાં જીભને જ પ્રમાણ જાણવી. કારણ કે અત્યંત ખાધેલું અને અત્યંત બોલાયેલું પ્રાણીઓના પ્રાણોનો નાશ કરનારું થાય છે.

जितेन्द्रियो हि पुमान् न कुतोऽपि बिभेति । यतः—

ખરેખર જિતેંદ્રિય પુરુષ કોઈથી પણ ભય પામતો નથી. કહ્યું છે કે—

यस्य हस्तौ च पादौ च, जिह्वा च सुनियंत्रिता ।
इन्द्रियाणि सुगुप्तानि, रुष्टो राजा करोति किम् ॥

જેના હાથ, પગ અને જીભ સારી રીતે વશ થયેલી છે, તેમજ ઈંદ્રિયો કાબૂમાં છે તેને કુપિત થયેલો રાજા પણ શું કરી શકવાનો ?

હવે ગ્રંથકારમહર્ષિ પ્રસ્તુત ગુણનો ઉપસંહાર કરતાં ફળ બતાવે છે—

**एवं जितेन्द्रियो मर्त्यो, मान्यो मानवतां भवेत् ।**
**सर्वत्रास्खलितो धर्मकर्मणे चापि कल्पते ॥१२६॥**

શબ્દાર્થ–ઉપર પ્રમાણે જિતેંદ્રિય મનુષ્ય માનવાળા મનુષ્યોને પણ માનનીય થાય છે અને સર્વત્ર સ્ખલના પામ્યા સિવાય ધર્મકાર્યમાં પણ યોગ્ય થાય છે. ૧૨૬.

॥ इति पञ्चत्रिंशत्तमो गुणः ॥

હવે ગ્રંથકારમહર્ષિ શ્રાદ્ધગુણવિવરણ ગ્રંથનો ઉપસંહાર કરતાં કાંઈક વિશેષ બતાવે છે–

સર્વ પ્રકારે ઈંદ્રિયોનો નિરોધ કરવો તે તો મુનિઓનો ધર્મ છે. આ સ્થળે તો શ્રાવકધર્મને ઉચિત ગૃહસ્થના સ્વરૂપનો અધિકાર હોવાથી ઉપર જણાવ્યા પ્રમાણે કહેવામાં આવ્યું છે એવા પ્રકારના વિશેષ ધર્મની શોભાને પુષ્ટિ કરનાર સામાન્ય ગુણો (ન્યાયસંપન્ન વિભવાદિ)થી વધેલો મનુષ્ય અવશ્ય ગૃહસ્થધર્મને એટલે સમ્યક્ત્વ મૂળ બાર વ્રતરૂપ વિશેષ ધર્મને માટે કલ્પાય છે. અર્થાત્ અધિકારી ગણાય છે. ('गृहिधर्माय कल्पते' આ પદ દરેક ગુણની સાથે સંબંધ ધરાવે છે, માટે જ્યાં ન હોય ત્યાં પણ જોડી લેવું.)

य एवं सेवन्ते सुकृतरतयः शुद्धमतयो,<br>
विशेषश्रीधर्माभ्युदयदमिमं सद्गुणगणम् ।<br>
ससम्यक्त्वं धर्मं व्रतपरिगतं प्राप्य विशदं<br>
श्रयन्ते ते श्रेयःपदमुदयदैश्वर्यसुभगाः ॥१२७॥

શબ્દાર્થ–પુણ્યમાં પ્રીતિ રાખનાર અને શુદ્ધ બુદ્ધિવાળા જે મનુષ્યો વિશેષધર્મના અભ્યુદયને દેનાર આ (ઉપર જણાવેલા ૩૫) શ્રેષ્ઠ ગુણસમૂહને ઉપર જણાવ્યા પ્રમાણે સેવે છે, તે અભ્યુદય આપનાર ઐશ્વર્યથી સારા નસીબવાળા પુરષો સમ્યક્ત્વ સહિત નિર્મળ બારવ્રતરૂપ શ્રાવકધર્મને પ્રાપ્ત કરી મોક્ષપદને મેળવે છે. ૧૨૭.

● ● ●

# ॥ अथ प्रशस्तिः ॥

प्रथमे त्रिजगत्पूज्या, ज्यायो ज्ञानक्रियावताम् ।
अजायन्त तपागच्छे, श्रीजगच्चन्द्रसूरयः ॥१॥
श्रीदेवेन्द्रगुरुस्तेषां, पट्टेऽभूद् गौतमप्रभः ।
विद्यानन्दगुरुस्तस्मादाविरासीद्युगोत्तमः ॥२॥
श्रीधर्मघोषसूरीन्द्रस्ततोऽभूद्भुवनाद्भुतः ।
श्रीसोमप्रभ इत्यासीत्तस्मात्सूरिवराग्रणीः ॥३॥
श्रीसोमतिलकः श्रीमान्, गुरुः कल्पतरुः सताम् ।
सूरिर्भूरियशा जज्ञे, ततः श्रीदेवसुन्दरः ॥४॥
युगोत्तमसमस्तस्य, शिष्योऽभूत्क्षितिविश्रुतः ।
विश्वातिशायिसौभाग्यसूरिः श्रीसोमसुन्दरः ॥५॥
श्रीजिनमण्डनस्तस्य, विनेयः श्रुतभक्तितः ।
व्यधात् श्राद्धगुणश्रेणिसङ्ग्रहं ग्रन्थमात्मवित् ॥६॥
अणहिलपत्तननगरे, नानाविधशास्त्रसारमादाय ।
मनुनन्दाष्टकवर्षे, ग्रन्थोऽयं निर्मितश्चिरं नन्द्यात् ॥७॥

તપાગચ્છની આદિમાં ત્રણ જગતના પૂજ્ય અને પ્રશસ્ત જ્ઞાન તથા ક્રિયા-વાળાઓની મધ્યે અગ્રગણ્ય શ્રીજગચ્ચંદ્રસૂરિ થયા. ૧.

તેમની પાટ ઉપર શ્રીગૌતમસ્વામિ જેવા પ્રભાવવાળા શ્રી **દેવેંદ્રસૂરિ** થયા, તેમના પછી યુગની અંદર ઉત્તમ શ્રી **વિદ્યાનંદ** ગુરુ પ્રગટ થયા. ૨.

ત્યારબાદ જગતને વિસ્મય પમાડનાર શ્રી **ધર્મઘોષસૂરિ** થયા, તેમની પાટે સૂરિવરોમાં પ્રધાન શ્રી **સોમપ્રભસૂરિ** થયા. ૩.

તે પછી સત્પુરુષોને કલ્પવૃક્ષ સમાન અને જ્ઞાનરૂપ લક્ષ્મીવાળા શ્રી સોમતિલક ગુરુ થયા, ત્યારબાદ ઘણી કીર્તિવાળા શ્રી **દેવસુંદરસૂરિ** થયા. ૪.

તેમના શિષ્ય યુગમાં ઉત્તમ, પૃથ્વીમાં પ્રસિદ્ધ થયેલા અને જગતમાં અત્યંત સૌભાગ્યવાળા શ્રી **સોમસુંદરસૂરિ** થયા. ૫.

તેમના આત્મજ્ઞશિષ્ય શ્રી **જિનમંડનગણિએ** શ્રુતની ભક્તિથી શ્રાવકના ગુણોની શ્રેણિના સંગ્રહરૂપ ગ્રંથને બનાવ્યો. છે.

અણહિલ્લપુર પાટણમાં અનેક પ્રકારના શાસ્ત્રોનો સાર ગ્રહણ કરી ચૌદશો અઠ્ઠાણું (૧૪૯૮)ની સાલમાં બનાવેલો આ ગ્રંથ ચિરકાળ સુધી વૃદ્ધિ પામો. ૭.

**इतिश्रीतपागच्छनायकश्रीसोमसुन्दरसूरिशिष्य-**
**श्रीजिनमण्डनगणिमहोपाध्यायविरचित-**
**श्राद्धगुणविवरणसभावानुवादसमाप्तम् ।**

● ● ●

# परिशिष्ट-१

**मग्गाणुसारिपणतीसगुणजुत्तो धम्मकम्मसंजुत्तो ।**
**ववहारदव्वओ सो, विण्णेओ सुगुरुपयसेवी ॥३०॥**
मार्गानुसारिपञ्चत्रिंशद्गुणयुक्तो धर्मकर्मसंयुक्तः ।
व्यवहारद्रव्यतः स, विज्ञेयः सुगुरुपदसेवी ॥३०॥............१०३५

**नयसंपुण्णधणोहो, सिट्ठायारप्पसंसओ सययं ।**
**नियकुलसीलेहिं समं, सगुत्तवज्जं कयवीवाहो ॥३१॥**
नयसंपूर्णधनौघः, शिष्टाचारप्रशंसकः सततम् ।
निजकुलशीलैः समं, सगोत्रवर्जं कृतविवाहः ॥३१॥..........१०३६

**पावाणुविक्खकारी, विसिट्ठजणवयसुकिच्चकारिल्लो ।**
**कत्थ वि न अवण्णवाइ, विसेसगुरुजणाईणं ॥३२॥**
पापानामुपेक्षाकारी, विशिष्टजनपदसुकृत्यकारी ।
कुत्रापि नावर्णवादी, विशेषगुरुजनादीनाम् ॥३२॥...........१०३७

**नो अणतिगुत्तगेहो, सुसंगकारी न गेहबहुदारो ।**
**कयसुविहियमुणिसंगो, अम्मापियराइभत्तिरओ ॥३३॥**
नोऽनतिगुप्तगृहः, सुसङ्गकारी न गृहबहुद्वारः ।
कृतसुविहितमुनिसङ्गोऽम्बापित्रादिभक्तिरतः ॥३३॥..........१०३८

**विद्दवट्ठाणच्चाइ निंदियवावारकरणनिव्वित्ती ।**
**लाहुच्चियवयकत्ता, उब्भडवेसो न कइया वि ॥३४॥**
विद्रवस्थानत्यागी, निन्दितव्यापारकरणनिवृत्तिः ।
लाभोचितव्ययकर्ता, उद्भटवेषो न कदापि ॥३४॥............१०३९

**सुस्सूसाइधीगुणजुत्तो जिणधम्ममसइ सुणमाणो ।**
**काले भोयण रुइओ, संतोसे दाणगुणजुत्तो ॥३५॥**
शुश्रूषादिधीगुणयुक्तो, जिनधर्ममसकृत् शृण्वन् ।
काले भोजनं रुचितः, संतोषे दानगुणयुक्तः ॥३५॥............१०४०

**साहियतिवग्गरयणो, अणोण्णमवाहकालवत्थूहि ।**
**कयपडिवत्तिपवित्ती, साहुअतिहिदीणपमुहाणं ॥३६॥**
साधितत्रिवर्गरत्नोऽन्योऽन्यमबाधकालवस्तुभिः ।
कृतप्रतिपत्तिप्रवृत्तिः, साध्वतिथिदीनप्रमुखाणाम् ॥३६॥.........१०४१

**न य कुग्गहियचित्तो, सुगुणो गुणपक्खवायतत्तिल्लो ।**
**तह देसकालचरियाइ, चरमाणो बलाबलं जाणे ॥३७॥**
न च कुग्रहीतचित्तः, सुगुणो गुणपक्षपाततत्परः ।
तथा देशकालचर्यया, चरन् बलाबलं जानन् ॥३७॥............१०४२

**णिच्चं सुदीहदंसी, विसेसदक्खो कयन्नू सव्वत्थ ।**
**सदओ वुड्ढजणाणं, पूयाकडपेसपोसय उ ॥३८॥**
नित्यं सुदीर्घदर्शी, विशेषदक्षः कृतज्ञः सर्वत्र ।
सदयो वृद्धजनानां, पूजाकृतः पोष्यपोषकस्तु ॥३८॥............१०४३

**जणवल्लहो सलज्जो, सोमो य परोवयारनिरओ य ।**
**मग्गाणुसारिगुणगणसहिओ सहिओ कुडुंबेहि ॥३९॥**
जनवल्लभः सलज्जः, सौम्यश्च परोपकारनिरतश्च ।
मार्गानुसारिगुणगणसहितः सहितः कुटुम्बैः ॥३९॥............१०४४

**ગાથાર્થ**–૧. ન્યાયથી પૂર્ણ ધનસમૂહવાળો (=ન્યાયથી ધન મેળવનાર), ૨. સતત શિષ્ટાચારોની પ્રશંસા કરનાર, ૩. ભિન્ન ગોત્રવાળા અને સમાન કુલાચારવાળા સાથે વિવાહ કરનાર, ૪. પાપોની ઉપેક્ષા કરનાર, અર્થાત્ પાપભીરુ, ૫. દેશસંબંધી વિશિષ્ટ સુકૃત્યોને કરનાર, અર્થાત્ દૃઢ થયેલા અને શિષ્ટ પુરુષોને માન્ય દેશસંબંધી સદાચારોને પાળનાર, ૬. કોઈના ય અવર્ણવાદ ન બોલનાર, ગુરુજન આદિના અવર્ણવાદ તો ખાસ ન બોલનાર, ૭. અતિશય ગુપ્ત રહે તેવા (જ્યાં કોઈનું ય ગમનાગમન ન હોય તેવા એકાંત) સ્થાનમાં અને ઘણાં બારણાંવાળું ઘર ન રાખનાર, ૮. સત્પુરુષોનો **અને** આચારસંપન્ન સુસાધુઓનો સંગ કરનાર, ૯. માતા-પિતા વગેરેની (ઉપકારીઓની તથા જ્ઞાનીઓની) ભક્તિમાં તત્પર, ૧૦. (સ્વરાજ્ય આદિથી કે મરકી આદિથી થનારા), ઉપદ્રવવાળા સ્થાનો ત્યાગ કરનાર, ૧૧. (મદિરાપાન આદિ) નિંદનીય પ્રવૃત્તિ ન કરનાર, ૧૨. આવક પ્રમાણે ધનવ્યય કરનાર, ૧૩. ક્યારે પણ ઉદ્ભટ વેષ ન પહેરનાર, ૧૪. બુદ્ધિના શુશ્રૂષા વગેરે આઠ ગુણોથી યુક્ત, ૧૫. વારંવાર જિનધર્મને સાંભળનાર, ૧૬. યોગ્ય કાળે (ભૂખ લાગે ત્યારે) ભોજન કરનાર, ૧૭. સંતોષમાં રુચિવાળો, ૧૮. દાનગુણથી યુક્ત, ૧૯. એકબીજાને બાધા ન પહોંચે તે રીતે તેવા કાળે અને તેવી વસ્તુઓથી (=સાધનોથી) ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ સાધનાર, ૨૦. સાધુ, અતિથિ, દીન વગેરેની (યથાયોગ્ય) ભક્તિ કરનાર, ૨૧. કદાગ્રહથી રહિત, ૨૨. સદ્ગુણી, ૨૩. ગુણોમાં પક્ષપાત રાખનાર, ૨૪. દેશ-કાળને ઉચિત આચરનાર, અર્થાત્ અદેશમાં=અનુચિત સ્થાનોમાં અને અકાળ ગમનાગમન ન કરનાર, ૨૫. બળ-અબળને જાણનાર, અર્થાત્ પોતાની શક્તિ અને

અશક્તિને જાણીને તે પ્રમાણે કાર્ય કરનાર, ૨૬. સદા દીર્ઘદષ્ટિવાળો, ૨૭. વિશેષ નિપુણ, ૨૮. સર્વસ્થળે કૃતજ્ઞ, ૨૯. દયાળુ, ૩૦. (વ્રત, નિયમધારી અને જ્ઞાની એવા) વૃદ્ધજનોની પૂજા કરનાર, ૩૧. પોષવા યોગ્યનું પોષણ કરનાર, ૩૨. લોકપ્રિય ૩૩. લજ્જાળુ, ૩૪. સૌમ્ય અને ૩૫. પરોપકાર કરવામાં તત્પર. આ માર્ગાનુસારી મનુષ્યના પાંત્રીશ ગુણોથી યુક્ત [1]શ્રાવક દ્રવ્યથી શ્રાવક છે. તથા શ્રાવક કુટુંબથી સહિત હોવો જોઈએ, અર્થાત્ શ્રાવકે સંયુક્ત કુટુંબમાં રહેવું જોઈએ. (૩૧-૩૨-૩૩-૩૪-૩૫-૩૬-૩૭-૩૮-૩૯) **દ્રવ્ય શ્રાવકના ૩૫ ગુણો સંબોધપ્રકરણમાંથી સાભાર**

• • •

---

૧. પૂર્વે ૨૧ ગુણોથી યુક્ત દ્રવ્ય શ્રાવક છે એમ કહ્યું અને અહીં પણ ૩૫ ગુણોથી યુક્ત દ્રવ્ય શ્રાવક છે એમ કહ્યું. અહીં બંને સ્થળે જૈન કુળમાં જન્મ વગેરેથી યુક્ત હોય અને સમ્યગ્દર્શન ન પામ્યો હોય તેવો શ્રાવક સમજવો. અહીં દ્રવ્ય શબ્દ યોગ્યતા અર્થમાં છે. અર્થાત્ આવો જીવ ભાવશ્રાવક બનવા માટે યોગ્ય છે. અભયકુમારને ફસાવનારી વેશ્યા દ્રવ્ય શ્રાવિકા હતી. અહીં દ્રવ્ય શબ્દનો અર્થ ભાવ શ્રાવક બનવાની યોગ્યતાથી રહિત એવો છે.

# परिशिष्ट-२

## ग्रन्थगतमूलश्लोकानामकारादिः


| | |
|---|---|
| अग्निहोत्रं गवालम्भं, संन्यासं पलपैतृकम् ॥८०॥ | १२८ |
| अर्थादधिकनेपथ्यो, वेषहीनोऽधिकं धनी ॥२९॥ | ८५ |
| अतो विवेकज्ञजनेन शिष्टा-चारप्रशंसाप्रवणेन भाव्यम् ॥२४॥ | ६० |
| अन्योन्याबाधया शुद्धोपधयाराधयन् सुधीः ॥८९॥ | १७५ |
| अन्नहा अफलं होइ, जं जं किच्चं तु सो करे ॥१०॥ | २९ |
| अन्नाएण विढत्तं, दव्वमसुद्ध असुद्धदव्वेणं ॥१२॥ | ३९ |
| अन्नाएण विढत्तं, दव्वमसुद्ध असुद्धदव्वेणं ॥९४॥ | २०४ |
| अपथ्यसेवको रोगी, सद्वेषो हितवादिषु ॥३१॥ | ८६ |
| अपनेयमुदेतुमिच्छता, तिमिरं रोषमयं धिया पुरः ॥१२०॥ | २९१ |
| आम्रे निम्बे सुतीर्थे कचवरनिचये, शुक्तिमध्येऽहिवक्त्रे ॥७॥ | ७ |
| आन्तरं षडरिवर्गमुदग्रं, यस्त्यजेदिह विवेकमहीयान् ॥१२५॥ | ३०१ |
| आस्तामौपाधिको दोषः, सहजोऽपि सुसङ्गतः ॥६८॥ | १०५ |
| आस्तां सचेतसां सङ्गात्सदसत्स्यात्तरोरपि ॥६६॥ | १०५ |
| आरामे च नदीतीरे, सभायां चत्वरे पथि ॥९५॥ | २०४ |
| आत्मश्लाघा परनिन्दा, मत्सरो महतां गुणे ॥४६॥ | ८९ |
| इत्यम्बिकावदिहकन्दलमत्सरादीन् ॥६२॥ | १०४ |
| इत्यागमश्रवणसादरमानसस्य, वृत्तं निशम्य वणिजोऽस्य सुदर्शनस्य ॥८६॥ | १६३ |
| इत्थं सदा निन्द्यमवर्णवादं, त्यजन्परेषां श्रवणं च तस्य ॥५२॥ | ९४ |
| इत्थं न्यायोपगतविभवः पुण्यकार्याण्यनेका- ॥२२॥ | २२ |
| इत्थं पुमर्थेषु विशुद्धबुद्धि,-गुणैः समेतः सुविचारसारम् ॥८५॥ | १५५ |
| इत्थं गृही दानविधौ विधिज्ञो, न्यायार्जितार्थः शुभपात्रपोषी ॥९॥ | २१ |
| इहैव निन्द्यते शिष्टैर्व्यसनासक्तमानसः ॥१०८॥ | २४१ |
| उपद्रुतं वैरविरोधमारि-स्वचक्रमुख्यैर्नगरादि यत्स्यात् ॥७९॥ | १२७ |
| एकमातृपितृत्वेऽपि, श्रूयते शुकयोर्द्वयोः ॥६९॥ | १०६ |
| एको न गच्छेत्पन्थानं, नैकः सुप्तेषु जागृयात् ॥९७॥ | २०४ |
| एवं सौम्यः सुखासेव्यः, सुखप्रज्ञाप्य एव च ॥११२॥ | २६५ |
| एवं यः पोषयेत्पोष्यान्, न्यायवृत्तिपरायणः ॥१०२॥ | २१९ |
| एवं वितन्वन् विभवानुसारिवेषोपचारं रुचिरं विवेकी ॥८३॥ | १५० |
| एवं जितेन्द्रियो मर्त्यो, मान्यो मानवतां भवेत् ॥१२६॥ | ३०५ |

| | |
|---|---|
| एवं दयारसोल्लासि,-धर्मसाम्राज्यशालिनः ॥१११॥ | २५९ |
| एवं दुःखनिवेशं येऽभिनिवेशं त्यजन्ति ऋजुहृदयाः ॥९१॥ | २०० |
| एवं गृहस्थः सुकलत्रयोगाज्जनेषु शोभां लभते सुखी च ॥२६॥ | ७९ |
| एवं गृहस्थोऽतिथ्यादिप्रतिपत्तिपरायणः ॥९०॥ | १९८ |
| एवं गृहस्थे विभवानुरूपं, व्ययं वितन्वन् लभते प्रतिष्ठाम् ॥८२॥ | १४८ |
| एवंविधान् विशेषान् यो, विज्ञायात्र प्रवर्त्तते ॥१०४॥ | २३२ |
| औचित्याचरणं विलुम्पति पयोवाहं नभस्वानिव, ॥१२३॥ | २९७ |
| कम्पते देवता यत्र, अचलं चलते यदा ॥७६॥ | १२७ |
| कश्चिदूचे पुरोभागे, वटः श्लाघ्य उदुम्बरः ॥५६॥ | ९६ |
| का वा परेसि गणणा, मुणिणो परिचत्तसव्वसंगाऽवि ॥४२॥ | ८८ |
| कुब्जिकेन कुमित्रेण, राजदूतेन वा सह ॥९६॥ | २०४ |
| कुर्यात्तत्रार्थसम्बन्धमिच्छेद्यत्र न सौहृदम् ॥१५॥ | ४० |
| कुलं च शीलं च सनाथता च, विद्या च वित्तं च वपुर्वयश्च ॥२५॥ | ६३ |
| कृतज्ञतामात्मनि संविधातुं, मनस्विना धर्ममहत्वहेतोः ॥७४॥ | १२३ |
| क्रयाणकेष्वदृष्टेषु, न सत्यङ्कारमर्पयेत् ॥१४॥ | ४० |
| क्षुद्रा सन्ति सहस्रशः स्वभरणव्यापारमात्रोद्यताः, ॥११४॥ | २६७ |
| खर्जूरी दाडिमी रम्भा, कर्कन्धू बीजपूरिका ॥५४॥ | ९६ |
| गवाशनानां स गिरः शृणोति, अहं च राजन् ! मुनिपुङ्गवानाम् ॥७१॥ | १०६ |
| गिरिसिर १ पणाल २ मरुथल ३, कसिणावनि ४ जलहिसुत्ति ५ ॥८॥ | ८ |
| चारुप्रियोऽन्यदारार्थी, सिद्धेऽन्ने गमनादिकृत् ॥३४॥ | ८६ |
| चौर्याद्यैर्बद्धवित्ताशः, सदुपायेषु संशयी ॥३०॥ | ८५ |
| जयश्रीसिद्धिदः साध्यो, गुरूक्तशुद्धमन्त्रवत् ॥२॥ | २ |
| जितरोषरया महाधियः, सपदि क्रोधजितो लघुर्जनः ॥१२१॥ | २९१ |
| जुग्गजियाणं विहिणा, जुग्गेहि गुरूहिं देसिओ सम्मं ॥६॥ | ६ |
| जे उण परोवयारं, करिंसु इह केइ पुरिससद्दूला ॥११७॥ | २६८ |
| ज्येष्ठः पुमर्थेषु सदैव धर्मो, धर्मे प्रकृष्टश्च परोपकारः ॥११९॥ | २८८ |
| ज्ञातदोषजनश्लाघी, गुणिनां गुणनिन्दकः ॥३६॥ | ८६ |
| ज्ञानवन्तः सुवृत्तस्था, यतः सद्बुद्धिदायिनः ॥१००॥ | २१४ |
| तथा कृतं परोपकृतं जानाति मन्यते न निह्नुते कृतज्ञः ॥१०५॥ | २३३ |
| तम्हा सइसामत्थे, जइज्ज पुरिसो परोवयारंमि ॥११८॥ | २६८ |
| तिन्निसया तेसट्ठा, पासंडीणं सठाणपरितुट्ठा ॥४१॥ | ८८ |
| ते तावत्कृतिनः परार्थनिरताः स्वार्थाविरोधेन ये, ॥११३॥ | २६७ |

| | |
|---|---|
| दव्वंमि अन्नपाणाइदाणरूवो उ होइ विन्नेओ ॥११५॥ | २६८ |
| दीप्यते दीपको यत्र, पालनं यत्र रोगिणाम् ॥६१॥ | १०० |
| दूषणं मतिरुपैति नौत्तमी, माध्यमी स्पृशति भाषते न वा ॥४९॥ | ८९ |
| देशजातिकुलगर्हितकर्माण्यादरात्परिहरन् गृहमेधी ॥८१॥ | १४० |
| देहेण असुद्धेणं, जं जं किज्जइ कयावि सुहकिच्चं ॥१३॥ | ३९ |
| द्रुमोद्भवं हन्ति विषं न हि द्रुमं, न वा भुजङ्गप्रभवं भुजङ्गमम् ॥१२२॥ | २९२ |
| द्वौ मूद्धौं बालके कर्णाश्चत्वारो नयनान्यपि ॥७९॥ | १२७ |
| दृग्भ्यां विलोकते नोर्ध्वं, सप्ताङ्गैश्च प्रतिष्ठितः ॥१२४॥ | २९७ |
| धनं यच्चार्ज्यते किञ्चित्कूटमानतुलादिभिः ॥१९॥ | ४० |
| धम्मखिंसं कुणंताणं, अप्पणो अपरस्स य ॥११॥ | २९ |
| धर्मार्थं स्वात्मनां श्रेयोऽभिवाञ्छन् स्थैर्यभृत्सदा ॥९८॥ | २०७ |
| धर्मबाधाकरं यच्च, यच्च स्यादयशस्करम् ॥१८॥ | ४० |
| धातुवादे धनप्लोषी, रसिकश्च रसायने ॥३५॥ | ८६ |
| नटे पण्याङ्गनायां च, द्यूतकारे विटे तथा ॥१७॥ | ४० |
| न दोषो यत्र वेधादिर्नवं यत्राखिलं दलम् ॥५८॥ | ९९ |
| नयविनयविवेकच्छेकताद्यैर्गुणौघैः, ॥१०९॥ | २४९ |
| निर्बुद्धिः कार्यसिद्ध्यर्थी, दुःखी सुखमनोरथः ॥३३॥ | ८६ |
| निःस्वोऽपि सङ्गतः साधुर्वरमृद्धोऽपि नाधमः ॥६७॥ | १०५ |
| परनिन्दा महापापं, परपापान्यहो ! यतः ॥५१॥ | ९० |
| परलोअहियं सम्मं, जो जिणवयणं सुणेइ उवउत्तो ॥३॥ | ३ |
| परिवादात्खरो भावी, श्वा वै भवति निन्दकः ॥४७॥ | ८९ |
| परेषामात्मनश्चैवं, सुधीर्जानन् बलाबलम् ॥९९॥ | २११ |
| परेषां सद्गुणोल्लासकारिणो ये मनीषिणः ॥९२॥ | २०३ |
| पश्य सत्सङ्गमाहात्म्यं, स्पर्शपाषाणयोगतः ॥६४॥ | १०५ |
| पूज्यते देवता यत्र, यत्राभ्युत्क्षणमादरात् ॥५९॥ | ९९ |
| पोष्यपोषक भावेन, गृहिणः परिजनः सुखी ॥१०१॥ | २१८ |
| पौरोहित्यं रजनिचरिता ग्रामणीत्वं नियोगो, ॥१०७॥ | २४१ |
| प्रणम्य श्रीमहावीरं, केवलज्ञानभास्करम् ॥१॥ | १ |
| प्रथमान्त्ययामवर्जं, द्वित्रिप्रहरसम्भवा ॥५३॥ | ९६ |
| प्रभाकरस्यैव समीक्ष्य साक्षात्फलानि सङ्गात्सदसज्जनानाम् ॥७३॥ | ११६ |
| बद्धवध्याश्रये द्यूतस्थाने परिभवास्पदे ॥३८॥ | ८६ |
| बद्धवध्याश्रये द्यूतस्थाने परिभवास्पदे ॥९३॥ | २०४ |

| | |
|---|---|
| बहुजणविरुद्धसंगो, देसादायारलंघणं चेव ॥४३॥ | ८८ |
| भवितव्यं सदा पापभीरुणा गृहमेधिना ॥२७॥ | ८१ |
| भावुवयारो सम्मत्तनाणचरणेसु जमिह संठवणं ॥११६॥ | २६८ |
| भाव्यं प्रतिभुवा नैव, दाक्षिण्येन न साक्षिणा ॥२०॥ | ४० |
| मनस्विनः प्रत्युपकारमेकोपकारिणो लक्षगुणं सृजन्तः ॥१०६॥ | २३९ |
| महिषाणां खराणां च, धेनूनां चाधिरोहणम् ॥३७॥ | ८६ |
| माताऽप्येका पिताऽप्येको, मम तस्य च पक्षिणः ॥७०॥ | १०६ |
| मुण्डरुण्डादिकं जातं, नारीणां च चतुष्पदम् ॥७८॥ | १२७ |
| य एवं सेवन्ते सुकृतरतयः शुद्धमतयो, ॥१२७॥ | ३०६ |
| यत्र ज्येष्ठकनिष्ठादिव्यवस्था सुप्रतिष्ठिता ॥६०॥ | १०० |
| यो द्यूतधातुवादादिसम्बन्धाद्धनमीहते ॥२१॥ | ४० |
| रक्तपानं नदी यत्र, कदाचिद्वहते तथा ॥७७॥ | १२७ |
| लक्ष्मीनाशकरः क्षीरी, कण्टकी शत्रुभीप्रदः ॥५५॥ | ९६ |
| लोओ जणुत्ति वुच्चइ, पवाहरूवेण सासयसरूवो ॥३९॥ | ८७ |
| लोकापवादभीरुत्वं, दीनाभ्युद्धरणादरः ॥२३॥ | ४७ |
| लोयायारविरुद्धं कुणमाणो लहु लहुत्तणं लहइ ॥४०॥ | ८७ |
| वर्जयेदर्हतः पृष्ठं, दृष्टिं चण्डीशसूर्ययोः ॥५७॥ | ९७ |
| विकाराय भवत्येव, कुलजोऽपि कुसङ्गतः ॥६५॥ | १०५ |
| विमलवदिति यः स्यात्पापभीरुप्रवृत्तिः, ॥२८॥ | ८४ |
| विधिनैवं विशुद्धात्मा, विदधानः सुभोजनम् ॥८८॥ | १७२ |
| विशेषकारणैरेवमभोजनपरायणः ॥८७॥ | १६५ |
| व्यापारिभिश्च विप्रैश्च, सायुधैश्च वणिग्वरः ॥१६॥ | ४० |
| शुल्कदोऽपथगामी च, भुक्तिकाले प्रकोपवान् ॥३२॥ | ८६ |
| शुश्रुषा १ श्रवणं २ चैव, ग्रहणं ३ धारणं ४ तथा ॥८४॥ | १५१ |
| श्रद्धालुतां श्राति शृणोति शासनं, धनं वपेदाशु वृणोति दर्शनम् ॥३॥ | ४ |
| श्रवन्ति यस्य पापानि, पूर्वबद्धान्यनेकशः ॥५॥ | ५ |
| सन्तोऽप्यसन्तोऽप्यपरस्य दोषा, नोक्ता श्रुता वा गुणमावहन्ति ॥४८॥ | ८९ |
| समाचरन् शिष्टमतस्वदेशाचारं यथौचित्यवशेन लोके ॥४५॥ | ८८ |
| सर्वकार्येषु यो दीर्घदर्शी स्याद्धनवन्नरः ॥१०३॥ | २२३ |
| सङ्कटेऽपि महति प्रतिपन्नं, लज्जया त्यजति यन्न मनस्वी ॥११०॥ | २५३ |
| सङ्गः सर्वात्मना त्याज्यः, स चेत्त्यक्तुं न शक्यते ॥६३॥ | १०५ |
| साहुवसणंमि तोसो, सइ सामत्थंमि अपडिआरो य ॥४४॥ | ८८ |
| सुसङ्गस्योपदेशोऽपि, लभ्यते न यथा तथा ॥७२॥ | १०७ |
| स्वगुणं परदोषं च, वक्तुं याचयितुं परम् ॥५०॥ | ८९ |

# परिशिष्ट-३

## ग्रन्थकारनिर्दिष्टग्रन्थगताधारः

| | આધાર | ગુણ/પેજનંબર |
|---|---|---|
| ૧. | અન્યત્ર | ૧૯/183 |
| ૨. | આગમ | ૧/27, ૩/71, ૪/40, ૯/119, ૧૬/165, ૧૯/184 |
| ૩. | નીતિ | ૩/61, ૨૨/204 |
| ૪. | ભાગવત | ૨૪/212 |
| ૫. | મનુ | ૯/118, ૨૪/215 |
| ૬. | વિવેકવિલાસ | ૭/101 |
| ૭. | શ્રાદ્ધસામાચારી | ૧૯/177 |
| ૮. | શ્રીહરિભદ્રસૂરિ | ૨૯/240 |
| ૯. | શ્રીહેમચન્દ્રસૂરિ | ૧/12 |

• • •

# પરિશિષ્ટ-૪

## ग्रन्थगतश्लोकानां संशोधिताधारस्थानानि

| અનુ. | આધાર | ગુણનંબર/પેજનંબર |
|---|---|---|
| ૧. | આચારાંગસૂત્ર | ૧૧/139 |
| ૨. | આચારાંગસૂત્ર વૃત્તિ | ૩૪/290 |
| ૩. | ઈતિહાસ | ૧૯/180 |
| ૪. | ઉત્તરાધ્યયન સૂત્રવૃત્તિ | ૩૪/289 |
| ૫. | ઉપદેશ તરંગિણી | ૧/30, ૩/63, ૧૯/179, ૩૧/254, ૩૨/262, ૩૩/271, |
| ૬. | ઉપદેશ પ્રાસાદ | ૧/30, ૧/37, ૧૧/134, |
| ૭. | ઉપદેશમાળા | ૧/43 |
| ૮. | કલ્પસૂત્ર | ૧૯/192, ૩૧/263 |
| ૯. | કિરાતાર્જુનીયમ્ | ૩૫/302 |
| ૧૦. | કુમારપાળપ્રબંધ | ૪/80 |
| ૧૧. | જયવીયરાયસૂત્ર | ૧૫/160 |
| ૧૨. | જૈનેતર રામાયણ | ૧૧/131, ૧૯/180 |
| ૧૩. | જ્ઞાન શતક | ૩૧/256 |
| ૧૪. | દ્રવ્યસપ્તતિકા | ૧/34 |
| ૧૫. | ધર્મકલ્પદ્રુમ | ૩/65/66 |
| ૧૬. | ધર્મબિન્દુવૃત્તિ | ૨/48, ૮/105, ૧૮/175, ૨૪/218 |
| ૧૭. | ધર્મરત્નપ્રકરણ | ૧૯/176 |
| ૧૮. | પંચતંત્ર | ૧/35 |
| ૧૯. | પદ્મપુરાણ | ૧૯/180, ૩૫/303 |
| ૨૦. | પાર્શ્વનાથ ચરિત્ર ગદ્ય | ૩૩/266 |
| ૨૧. | પાર્શ્વનાથ ચરિત્ર પદ્ય | ૧૯/197, ૩૧/255 |
| ૨૨. | પ્રશમરતિ પ્રકરણ | ૫/85 |
| ૨૩. | બૃહદાહ્નિક પૂર્વભાગ | ૩૪/301 |
| ૨૪. | ભર્તૃહરિ | ૩૪/314 |

| | | |
|---|---|---|
| ૨૫. | ભર્તૃહરિ નીતિ શતક | ૨/51, ૧૧/133, ૩૩/269 |
| ૨૬. | મનુસ્મૃતિ | ૧૧/134 |
| ૨૭. | મહાભારત પ્રભાસપુરાણ | ૧૧/134 |
| ૨૮. | મહાભારત શાંતિપર્વ | ૧૧/134, ૧૭/168 |
| ૨૯. | માર્કંડ પુરાણ | ૧૭/168 |
| ૩૦. | યોગદષ્ટિસમુચ્ચય | ૧૫/158 |
| ૩૧. | યોગબિંદુ | ૯/122, ૧૪/151 |
| ૩૨. | યોગવાસિષ્ઠ | ૧/34 |
| ૩૩. | યોગશાસ્ત્ર | ૧/16/30, ૨/54, ૧૨/141,147, ૧૮/173, ૧૯/176, ૨૭/224, ૩૫/302, 303 |
| ૩૪. | યોગસાર | ૨૪/219 |
| ૩૫. | લૌકિકશાસ્ત્ર | ૩/62 |
| ૩૬. | વંદિત્તાસૂત્ર | ૪/82 |
| ૩૭. | વાલ્મિકી રામાયણ | ૧/43 |
| ૩૮. | વિવેકવિલાસ | ૧/23/33 ૩/63 ૯/100 ૧૩/148 ૧૬/164/165 ૧૭/166, 167, 168, 172 ૩૫/305 |
| ૩૯. | વિષ્ણુપુરાણ | ૧/23 |
| ૪૦. | વૃદ્ધ ચાણક્યનીતિ | ૧૧/132, ૧૪/153 |
| ૪૧. | વેદ વ્યાસ સ્મૃતિ | ૩૫/303 |
| ૪૨. | શંગસ્મૃતિ | ૩૧/256 |
| ૪૩. | શાંતિનાથ ચરિત્ર પદ્ય | ૧૧/134 |
| ૪૪. | શ્રાદ્ધદિન કૃત્યવૃતિ | ૧/37 |
| ૪૫. | શ્રાદ્ધવિધિ | ૧૯/183, ૨૭/227 |
| ૪૬. | સપ્તવ્યસન કથા સમુચ્ચય | ૨૯/240 |
| ૪૭. | સંબોધ પ્રકરણ | ૧/37 |
| ૪૮. | સમ્યક્ત્વ સપ્તતિ | ૧૫/158 |
| ૪૯. | સિન્દૂર પ્રકર | ૨૭/236 |
| ૫૦. | સૂક્તમુક્તાવલી | ૩૩/277 |
| ૫૧. | સૂત્રકૃતાંગ વૃત્તિ | ૩૦/250 |
| ૫૨. | હિતોપદેશ સુહૃદ્ભેદ | ૧૧/129 ૨૩/207 |


ગુજરાતી અંક ગુણનંબર બતાવે છે. અને અંગ્રેજી અંક પેજ નંબર બતાવે છે.

# પરિશિષ્ટ-૫

## ग्रन्थगतविशेषनामानामकारादिः


| અનુ. | નામ | પેજનંબર |
|---|---|---|
| ૧. | અનુપમાદેવી | ૭૪/૭૫ |
| ૨. | અભયકુમારમંત્રી | ૨૪૨ |
| ૩. | અંબિકા | ૧૦૨ |
| ૪. | આમરાજા | ૨૧૮ |
| ૫. | આંબડ | ૭૦ |
| ૬. | આંબડદેવ | ૨૫૯ |
| ૭. | આરોગ્યદ્વિજ | ૧૩૪ |
| ૮. | આર્યરક્ષિત | ૧૨૧ |
| ૯. | ઉદાયનમંત્રી | ૭૦ |
| ૧૦. | ઋષભદત્ત | ૧૨૧ |
| ૧૧. | કદર્યશેઠ | ૧૪૪ |
| ૧૨. | કપર્દિશેઠ | ૨૧૯ |
| ૧૩. | કમલશેઠ | ૪૧ |
| ૧૪. | કર્ણદેવ | ૧૫૧ |
| ૧૫. | કાકુત્સ્થ | ૧૮૭ |
| ૧૬. | કુમારદેવ | ૨૧૪ |
| ૧૭. | કુમારપાળ | ૧૭૦/૨૧૮ |
| ૧૮. | કૃતપુણ્યશેઠ | ૮૧ |
| ૧૯. | કેસરિધ્વજ | ૧૮૬ |
| ૨૦. | કોણિક | ૬૧ |
| ૨૧. | ક્ષીરકદંબક પાઠક | ૧૫૫ |
| ૨૨. | ગાંગેય | ૧૨૨ |
| ૨૩. | ગાંગેય ભીષ્મપિતામહ | ૧૨૮ |
| ૨૪. | ગોશાળો | ૪૯ |
| ૨૫. | ગૌતમસ્વામી | ૨૨ |
| ૨૬. | ચિતાલીપુત્ર | ૧૦ |
| ૨૭. | જાવડશા | ૬૯ |
| ૨૮. | જિતારીરાજા | ૨૩૫ |
| ૨૯. | તેજપાલ | ૭૫/૧૪૯ |
| ૩૦. | તોસલીપુત્રાચાર્ય | ૧૨૨ |
| ૩૧. | દશરથ | ૮૧ |
| ૩૨. | દુર્યોધન | ૨૦૬ |
| ૩૩. | દેવાનંદા | ૧૨૦ |
| ૩૪. | દ્રૌપદી | ૭૫ |
| ૩૫. | ધનશેઠ | ૪૩/૨૨૬ |
| ૩૬. | ધર્મપાલ | ૫૭ |
| ૩૭. | નંદમણિકાર | ૧૫૮ |
| ૩૮. | નંદિષેણ રાજકુમાર | ૧૭ |
| ૩૯. | નલરાજા | ૮૧ |
| ૪૦. | નાગાર્જુન | ૨૧૪ |
| ૪૧. | નારદ | ૧૫૫ |
| ૪૨. | નિર્વિચારકરાજા | ૧૨૬ |
| ૪૩. | પદ્મનાભ | ૩૦૩ |
| ૪૪. | પર્વતક | ૧૫૫ |
| ૪૫. | પાંડવો | ૮૧ |
| ૪૬. | પાદલિપ્તસૂરિ | ૨૧૪ |
| ૪૭. | પ્રભાકરમંત્રી | ૧૦૮ |
| ૪૮. | બપ્પભટ્ટીસૂરિ | ૨૦૬ |
| ૪૯. | બલિરાજા | ૩૧૪ |
| ૫૦. | બાહડ | ૭૦ |
| ૫૧. | બાહુબલી | ૩૧૧ |
| ૫૨. | બે પોપટ | ૧૦૭ |
| ૫૩. | ભરતરાજા | ૨૮૦ |

| | | |
|---|---|---|
| ૫૪. | ભાવડશા | ૭૦ |
| ૫૫. | મદનરેખા | ૭૪ |
| ૫૬. | મદનસુંદરી | ૭૫ |
| ૫૭. | મમ્મણશેઠ | ૨૨ |
| ૫૮. | મહાપદ્મચક્રી | ૧૮૯ |
| ૫૯. | મહાવીરસ્વામી | ૧૦ |
| ૬૦. | માસતુષમુનિ | ૪૧ |
| ૬૧. | રંકશેઠ | ૨૪/૫૦ |
| ૬૨. | રામશેખરદેવ | ૨૮૩/૨૯૪ |
| ૬૩. | રામચન્દ્રજી | ૨૦૧/૨૬૯ |
| ૬૪. | રાવણ | ૮૧/૨૦૩/૨૬૯/૩૦૩ |
| ૬૫. | રૂક્મિણી | ૭૫ |
| ૬૬. | રોહિણી | ૪૯ |
| ૬૭. | લક્ષ્મણજી | ૨૦૭ |
| ૬૮. | લક્ષ્મણસેન | ૨૭૭ |
| ૬૯. | લીલાવતી | ૭૪ |
| ૭૦. | લોભનંદીવણિક્ | ૩૧૪ |
| ૭૧. | વંચક શેઠ | ૩૦ |
| ૭૨. | વસુપાળ | ૫૭ |
| ૭૩. | વસુરાજા | ૧૫૫ |
| ૭૪. | વહુની જઠરપીડાશામક ચૂર્ણ કરનાર શેઠ | ૨૩૫ |
| ૭૫. | વિક્રમરાજા | ૨૭/૧૨૭ ૨૬૪/૨૭૭ ૨૭૮ |
| ૭૬. | વિભીષણ | ૨૦૬/૨૬૯ |
| ૭૭. | વિમલ | ૮૧ |
| ૭૮. | વીરધવલરાજા | ૨૬૯ |
| ૭૯. | વૃદ્ધબ્રાહ્મણ | ૯૧ |
| ૮૦. | વૈવસ્વતરાજા | ૧૮૬ |
| ૮૧. | શાલિભદ્ર-સંગમ | ૧૦૨ |
| ૮૨. | શાલિવાહનરાજા | ૨૦૨ |
| ૮૩. | શિવસાવિત્રી | ૭૬ |
| ૮૪. | શીલવતી | ૭૪ |
| ૮૫. | શ્રીકૃષ્ણ | ૮૧ |
| ૮૬. | શ્રેણિક | ૭૭/૮૧ |
| ૮૭. | સંગમ-શાલિભદ્ર | ૧૦૨ |
| ૮૮. | સંપ્રતિરાજા | ૧૭૦ |
| ૮૯. | સાગરશેઠ | ૨૨૨ |
| ૯૦. | સાગરદત્તમંત્રી | ૨૩૫ |
| ૯૧. | સાહસગતિ | ૩૦૩ |
| ૯૨. | સીતાજી | ૯૩ |
| ૯૩. | સુગ્રીવ | ૨૬૯ |
| ૯૪. | સુદર્શનશેઠ | ૧૬૨ |
| ૯૫. | સુધનશેઠ | ૧૮૪ |
| ૯૬. | સુબુદ્ધિમંત્રી | ૨૩૨ |
| ૯૭. | સુભદ્રાસતી | ૬૭ |
| ૯૮. | સોમવસુબ્રાહ્મણ | ૧૦ |
| ૯૯. | હનુમાન | ૨૬૯ |
| ૧૦૦. | હરિષેણ | ૧૮૯ |
| ૧૦૧. | હેમચન્દ્રાચાર્ય | ૪૨/૨૧૮ |

• • •

## જિનવાણી સ્તવના

नित्यं हेतूपपत्तिप्रतिहतकुमतप्रोद्धतध्वान्तबन्धा–
ऽपापायाऽऽसाद्यमानाऽमदन ! तव सुधासारहृद्या हितानि ।
वाणी निर्वाणमार्गप्रणयिपरिगता तीर्थनाथ ! क्रियान् मे-
ऽपापायासाद्यमानामदनत ! वसुधासार ! हृद्याहितानि ॥ ४७ ॥

**જિન-વાણીનું સ્વરૂપ :** '' મદન - રહિત (વીતરાગ) ! હે તીર્થંકર ! ગયેલાં છે. પાપ, પ્રયત્ન ઈત્યાદિ જેમનાં એવા (અથવા તિલાંજલિ આપી છે. પાપારમ્ભોને જેમણે એવા) તેમજ નાશ કર્યો છે માન અને મદનો જેમણે એવા (જીવો) વડે વન્દિત (તીર્થ-પતિ) ! હે પૃથ્વીને વિષે સાપભૂત (તીર્થ-રાજ) ! સર્વદા હેતુઓ અને યુક્તિઓ વડે (અથવા (વસ્તુ સિદ્ધ કરનારા) લિંગોની યુક્તિઓ વડે) નિરાકરણ કર્યું છે, કુદર્શનરૂપી અત્યન્ત ઉગ્ર અંધકારનાબંધનું જેણે એવી, વળી દૂર કર્યો છે ક્લેશ જેણે એવી તેમજ (તને) પ્રાપ્ત થયેલી (અર્થાત્ તારે આશ્રય લીધેલી) એવી (અથવા નષ્ટ થયો છે ક્લેશ જેનો એવા (જીવો) એ પ્રાપ્ત કરેલી (અર્થાત્ શ્રવણ-ગોચર થયેલી) એવી, તથા અમૃતની વેગવતી વૃષ્ટિના જેવી મનોહર એવી તેમજ વળી (સમ્યગ્-જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ) મુક્તિ-માર્ગના અનુરાગીઓએ અંગીકાર કરેલી એવી(હે જિનેશ્વર!) તારી વાણી મારા હૃદયમાં સ્થાપન કરેલાં મારા હિતને મારાં મનોવાંછિતોને સદા પૂર્ણ કરો.'' — ૪૭ ॥૩॥

—સ્તુતિચતુર્વિંશતિકા. શ્રીવાસુપૂજ્ય સ્વામી સ્તુતિ

सूरिमन्त्रपञ्चप्रस्थानसमाराधक ग्रन्थ श्रेणि: क्रमांक - ९३



# श्रीश्राद्धगुणविवरण

(સટીક ભાવાનુવાદ)

શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન - અમદાવાદ.

VARDHMAN PUSTAK PRAKASHAN